/૧૯૯૯૬/

● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૧ ● ● તા. ૧૬-૧-૯૯ ●

Licence to post without prepayment No. 37
● Regd. No. MH / MBI-South / 54 / 98

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નિદ્રાદેવીનું અકળ આવાગમન

નિદ્રાદેવીની લીલા અપરંપાર છે. એનું આવાગમન, વિશેષતઃ ાગમન કેટલીયે વાર અકળ રહે છે. તે ભલભલા મોટા મોટા ભક્તને પણ અકાળે અકળ રીતે વિવશ કરી ઉપહાસમય બનાવી દઇ શકે છે અને અપ્રસન્ન થાય ત્યારે ભક્તને લાંબા સમય સુધી દર્શન ન આપીને ક્રૂરતાપૂર્વક અકળાવી મારે છે, તરફડિયાં મરાવડાવે છે, અરે ક્યારેક તો આપઘાત પણ કરાવે છે.

નિદ્રાદેવીનો પ્રભાવ એવો અકળ છે કે એનો પ્રસાદ પામનાર કોઇપણ ભક્ત 'હવે હું ઊંઘી ગયો છું' એવું કહેવા માટે પણ જાગતો રહી શકતો નથી.

દેવીઓમાં એક નિદ્રાદેવી એવી છે કે જે પધારવા માટે નિમંત્રણ નળવા છતાં કેટલાયે ભક્તો પાસે જલદી જતી નથી, તો બીજી બાજુ વગર નિમંત્રણે કેટલાયની પાસે પહોંચી જાય છે. ન પધારવા માટે ભક્તની આજીજીભરી વિનંતીનો અનાદર કરીને પણ તે પોતાના ભક્તને શરણાધીન બનાવી દે છે.

બીજાં દેવદેવીઓમાં માણસ શ્રદ્ધા ધરાવે કે ન ધરાવે, આ દેવી પ્રત્યે માણસને શ્રદ્ધા હોય કે ન હોય, એનું શરણું લીધા વગર છૂટકો નથી. નિદ્રાદેવીના સામ્રાજ્યનો ક્યારેય કાયમનો અંત આવવાનો નથી. એનું આસન ચલાયમાન થવાનું નથી. પરંતુ ભિખારી હોય કે શહેનશાહ, સૌના આસન સ્થિર કરી દઇને એની પ્રતિષ્ઠાને એ ચલાયમાન કરી દઇ શકે એમ છે.

કેટલાક સમય પહેલાં ભારતનાં કેટલાંક રાજ્યોમાં ચૂંટણીપ્રચારનું કાર્ય જોરશોરથી ચાલ્યું હતું. ઠેરઠેર સભાઓ યોજાઇ હતી. કેટલાક રાજદ્વારી નેતાઓ ચૂંટણી પ્રચાર માટે એક સ્થળેથી બીજે સ્થળે ભાષણ કરવા પહોંચી જતા. વિલંબને કારણે સ્થાનિક કાર્યકર્તાઓને અને શ્રોતાઓને રાતના બાર-એક વાગ્યા સુધી બેસી રહેવું પડતું. એવી સભાનાં દશ્યો વિડિયો-પત્રકારો ઝડપી લેવા લાગ્યા હતા. આવી સભા ચાલતી હોય એમાં કેટલાયે શ્રોતાજનો ઊંઘતા હોય એ તો જાણે સમજાય, પણ મંચ પર બેઠેલા મોટા મોટા રાજદ્વારી નેતાઓને પણ ઊંઘતા બતાવાયા હતા. થાક અને ઉજાગરાને લીધે, ઊંઘવું ન હોય છતાં ઊંઘ આવી ગઇ હોય એવાં લાક્ષણિક દશ્યો ટી.વી. પર બતાવવાથી એવા મોટા નેતાઓની પ્રતિભા ઝાંખી પડી ગઇ હતી. મોટા માણસ થયા એટલે ઊંઘ ન આવે એવું નથી. ઊંઘ એ તો શરીરનો ધર્મ છે.

આપણા એક ભૂતપૂર્વ વડાપ્રધાન એક આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ઊંઘી ગયા હતા. કેમેરામાં ઝડપાઇ ગયેલા એ દશ્યે દુનિયાભરમાં ઘણી રમૂજ ફેલાવી હતી. પોતે આંખો મીંચી ધ્યાનથી સાંભળે છે એવો કોઇનો પણ સ્વબચાવ તદ્દન જૂઠો છે એવું એની લાક્ષણિક રીતે નમી પડેલી ડોક પુરવાર કરી આપે છે.

ઝોકાં ખાવાની પ્રવૃત્તિ અનાદિકાળથી ચાલી આવે છે. મહાભારતની કથામાં અર્જૂનની પત્ની સુભદ્રા સગર્ભા હોય છે ત્યારે પોતાના ભાઇ શ્રીકૃષ્ણ પાસેથી યુદ્ધના કોઠા(વ્યૂહ)ની વાત સાંભળતાં સાંભળતાં ઝોકું ખાઇ લે છે ત્યારે ઉદરમાં રહેલો અભિમન્યુનો જીવ હોંકારો ભણે છે. તે કળી જઈને શ્રી કૃષ્ણ આગળ સમજાવવાનું બંધ કરે છે. એક ઝોકાંથી પરિસ્થિતિ કેટલી પલટાઇ જાય છે તે મહાભારતમાં જોવા મળે છે.

વિડિયો ફિલ્મની શોધ પછી કેટલાયે માણસોને અજાણતાં ઊંઘતા ઝડપી લઇ શકાય છે. માણસને પોતાને ખ્યાલ પણ ન હોય કે દૂર ખૂણામાં રહેલો કોઇક કેમરા પોતાના ચહેરા પર ફરી વળ્યો છે. 'ક્લોઝ અપ' દ્વારા કેમેરા ચહેરો, આંખો, હાથપગના આંગળા ઉપર કેન્દ્રિત થઇ જાય છે. ઝોકાં ખાતાં, બગાસું ખાતાં, છીંક ખાતાં, ખાનગી ગુસપુસ કે ઈશારા કરતાં કે મોંમાં કંઇક ચૂપચાપ નાખતાં તમને તે પકડી પાડે છે અને તમારી એ લાક્ષણિક વિચિત્ર મુદ્રા કે ક્રિયા ટી.વી. દ્વારા અનેક પ્રેક્ષકો સુધી પહોંચાડે છે. જાહેર જીવનમાં પડેલા માણસોએ કેમેરાથી વધુ સાવધ રહેવાનો વખત આવી ગયો છે.

ઊંઘવું બિલકુલ ન હોય, છતાં ક્યારે પોતાની આંખ ઢળી પડી છે તેની ખબર પણ ન પડે એવા અનુભવો બધાને થતા હોય છે. અચાનક ઝોકું આવવાનાં ઘણાં કારણો છે. ઉજાગરો હોય, થાક લાગ્યો હોય, ભારે ભોજન લીધું હોય, નીરસ વાતો કે કંટાળાજનક ભાષણ સાંભળવાનો પ્રસંગ હોય, દારૂનો કે માદક દ્રવ્યનો નશો ચડ્યો હોય, ભારે દવાની અસર થઇ હોય, Jet-lag (જેટ-લેગ) હોય, કશું કરવાપણું ન હોય, લયબદ્ધ ચાલતા વાહનમાં બેઠાં હોય કે એવાં બીજાં અનેક કારણોને લીધે માણસે ઈચ્છા ન કરી હોય, બલ્કે જાગૃત રહેવાનો હેતુપૂર્વકનો ભારે પુરુષાર્થ કર્યો હોય છતાં આંખો ઘેરાવા લાગે છે. ટ્રેનમાં, બસમાં, વિમાનમાં, થિયેટરમાં, સભા મંડપમાં, અધ્યાપકના વર્ગમાં, સેમિનારમાં, સંમેલનોમાં, ધ્યાન માટેની શિબિરોમાં માણસને અચાનક ઝોકું આવવાનાં, આગન્તુકી નિદ્રાનાં દશ્યો હવે સામાન્ય બની ગયાં છે.

દુનિયાભરમાં હવે રાત્રિની જાગૃતિ વધતી ચાલી છે. રાતપાળી કરતાં કારખાનાંઓની સંખ્યા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી રહી છે. હવાઇ મથકો, રેલવે સ્ટેશનો, પંચતારક હોટેલો, હોસ્પિટલો, લશ્કરી કેન્દ્રો, પોલીસ મથકો, જુગારખાનાંઓ, કૂટણખાનાંઓ વગેરે વિવિધ ક્ષેત્રોમાં રાત્રે જાગતા, પોતાની ફરજ બજાવતા, મોજમઝા માણતા કે ચોરી-ડાકુગીરી કરતા માણસો સર્વત્ર જોવા મળશે. વિદ્યુતશક્તિના અજવાળાએ તે માટે ઘણી સગવડ કરી આપી છે. એટલે ઉજાગરા કરનારા માણસોને કસમયે ઝોકું આવી જાય એની નવાઇ નથી.

વીજળીના દીવાની શોધ થઇ તે પહેલાં માણસનું જીવન બહુધા નિયમિત હતું. Early to bed and early to rise કે 'રાત્રે નિદ્રા, દિવસે કામ' કે 'પરોઢિયે નિત્ય ઊઠીને' કે 'રાત્રે વહેલો સૂઇને વહેલો ઊઠે વીર' જેવાં ડાહ્યાં વચનો ચરિતાર્થ થતાં. ત્યારે કુદરતી અંધારું વધારે રહેતું. ચાંદની રાતનું ત્યારે ઘણું મહત્ત્વ ગણાતું. પૂનમની રાત એટલે ઉત્સવપૂર્વક જાગરણ કરવાની રાત. પરંતુ વીજળીના દીવાઓના પ્રકાશે પૃથ્વી પરથી અંધારાનું પ્રમાણ ઓછું કરી નાખ્યું છે. એથી ઊંઘની નિયમિતતા દુનિયાભરમાંથી ઓછી થઇ ગઇ છે. પર્યાવરણવાદીઓએ પૃથ્વી ઉપર અંધકારના ઘટેલા પ્રમાણ માટે હજુ બૂમરાણ મચાવી નથી.

આંતરરાષ્ટ્રીય વિમાન વ્યવહાર વધતાં દુનિયાના એક ખંડમાંથી બીજા ખંડમાં, એક ગોળાર્ધમાંથી બીજા ગોળાર્ધમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓ રોજ સહેજે પચાસ લાખ કરતાં વધુ હશે. તેઓ પોતાના સ્થાનિક સમયે નીકળી બીજે સ્થળે પહોંચે ત્યારે એ બે દેશો વચ્ચે સમયનું અંતર હોય છે. ભારતમાં સવાર હોય ત્યારે અમેરિકામાં રાત્રિ હોય. લંડનમાં સવાર હોય ત્યારે જાપાન કે ઓસ્ટ્રેલિયામાં રાત્રિ હોય, એટલે પ્રવાસીઓ પોતાના દેશમાંથી સવારે નીકળી બાર કલાકે બીજા દેશમાં પહોંચે ત્યારે તે દેશના સ્થાનિક સમય પ્રમાણે ત્યાં સવાર પડી ગઈ હોય. એટલે મુસાફરને દિવસને અંતે દિવસ મળે, રાત્રિ ન મળે. આ સમયાન્તરની-Time Differenceની-અસરને જેટ વિમાનોને કારણે જેટ-લેગ (Jet-lag) કહેવામાં આવે છે. આવા લાખો પ્રવાસીઓ રોજે રોજ બીજા દેશમાં જઇને દિવસે ઊંઘતા હોય છે અને રાત્રે જાગતા હોય છે. એમની ઊંઘ અને જાગૃતિનું ચક્ર અનિયમિત થઇ જાય છે. પછી દિવસે અનિચ્છાએ એમને ઝોકાં આવે એમાં એમનો વાંક નથી.

દુનિયામાં પીડાશામક દવાઓનો વપરાશ વધતો ચાલ્યો છે. એવી દવાઓથી બેહોશી આવી જાય છે. જુદા જુદા રોગો પરની ભારે દવાઓ પણ નિંદર લાવી દે છે. દવાઓના પેકિંગમાં આ ચેતવણી લખેલી જ હોય છે. વળી માનસિક તનાવને કારણે અશાન્ત બનેલા માણસોને જે શાન્તિકારક દવાઓ અપાય છે તે તરત ઊંઘ લાવે છે. દિવસ હોય કે રાત, એવી દવાઓ લેતાં થોડીવારમાં જ એની અસર ચાલુ થાય છે. સમગ્ર દુનિયામાં આવી દવાઓનો વપરાશ ઘણો જ વધી ગયો છે. એટલે અકાળે ઊંઘ આવવાની ઘટનાઓ પણ એટલી જ બનવા લાગી છે.

બીજાની નીરસ વાત લાંબી ચાલે અને તે ફરજિયાત સાંભળવી પડે જ એવી સ્થિતિ હોય તો શ્રોતાનું થાકેલું ચિત્ત આંખોને ઝીણી બનાવી દે છે અને પછી ચિત્ત પણ નિદ્રાદેવીની સ્તુતિમાં લાગી જાય છે. હોંકારો ભણતા જવું અને વચ્ચે વચ્ચે ઝોકાં ખાઇ લેવાં એવી સ્થિતિનો અનુભવ કેટલાયને થયો હશે!

ક્યારેક સભાગૃહોમાં ભિન્નભિન્ન વક્તાઓના વક્તવ્યની ઝડી વરસતી હોય, ભોજનનો સમય વીતી ચૂક્યો હોય અને કાર્યક્રમ હજુ અધવચ્ચે પહોંચ્યો હોય ત્યારે ભૂખ્યા પેટે શ્રવણ કરનારાઓની પડખે આવીને નિદ્રાદેવી ક્યારે બેસી જાય છે તેની ખબર પડતી નથી.

કોઈકને પ્રશ્ન થાય કે ધાર્મિક વ્યાખ્યાનોમાં માણસોને ઝોકાં કેમ આવતાં હશે? એ માટે કોઈક કવિએ કલ્પના કરી છે કે જેને ઉઠાડવા માટે ઢોલનગારાં વગાડવાં પડતાં, જેના નાકમાં સાપ ફેરવવા પડતા એવા ઊંઘણશી કુંભકર્ણની મહારાણી તરીકે નિદ્રાને ઓળખાવવામાં આવે છે. રાવણ સાથેના યુદ્ધ દરમિયાન ભગવાન રામના હાથે થયેલા કુંભકર્ણના મૃત્યુ પછી એની પ્રિય રાણી નિદ્રા વિધવા થઇ. એટલે તે પોતાના વૈધવ્યના દિવસો પસાર કરવા ધર્મકથાઓ સાંભળવા જવા લાગી. પોતે ઓળખાય નહિ એ માટે તે ત્યાં કેટલાક શ્રોતાઓના ચિત્તમાં જઇને બેસી જવા લાગી છે.

निद्राप्रियो यः खलु कुंभकर्णो हतः समीके स रघूत्तमेन ।
वैधव्यमापद्यततस्य कांता श्रोतुं समायाति कथापुराणम् ॥

જો કે આ નિદ્રાપ્રિયા પણ સમયે સમયે આધુનિક બનતી રહી છે અને હવે તો તે મોટી પ્રચારસભાઓના મંચ પર કે આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં પણ ભાગ લેવા લાગી છે.

એક સમારંભમાં કાર્યક્રમ બહુ દીર્ઘસૂત્રી બની ગયો અને મધ્યાહ્નના ભોજનનો સમય થયો છતાં વક્તાઓનાં વક્તવ્યો ચાલુ રહ્યાં. એ સમયે થાકેલા શ્રોતાગણમાં એક વડીલની આંખો ઘેરાવા લાગી. થોડી વારમાં તો તેઓ બેઠાં બેઠાં ઘસઘસાટ ઊંઘવા લાગ્યા. કેટલીક વાર પછી આ પરિસ્થિતિ સહન ન થતાં બાજુમાં બેઠેલી એક યુવતીએ વડીલને હડબડાવીને કહ્યું, 'એય કાકા, કેટલું ઊંઘો છો?'

આંખો ચોળતાં કાકાએ કહ્યું, 'બહેન માફ કરજો. એક તો મારે કાલનો ઉજાગરો છે અને એમાં આ વક્તાનું લાંબું લચક ભાષણ, એટલે ઊંઘ ચડી ગઇ...પણ બહેન, તમે આટલા બધા રોષભર્યા અવાજે મને હડબડાવ્યો, તો હું એમ પૂછી શકું કે મારી બેઠકમાં હું ઊંઘતો હોઉં તો તમે તે સામે કાયદેસર કંઇ વાંધો લઇ શકો? શું મને ઊંઘવાનો અધિકાર નથી?'

'કાકા, તમે ઊંઘો એનો વાંધો નથી લેતી, પણ તમે આ જોરશોરથી નસકોરાં બોલાવો છો એનો વાંધો છે.'

'ઓહ, માફ કરજો બહેન, મારાં નસકોરાંથી તમને સાંભળવામાં ખલેલ પહોંચી. મને ખબર નહિ કે તમને વક્તાના ભાષણમાં આટલો બધો રસ હશે!'

'મને વક્તાના ભાષણમાં જરા પણ રસ નથી, કાકા! પણ તમારા આ જોરશોરથી બોલતાં નસકોરાંથી મારી ઊંઘમાં ખલેલ પહોંચે છે. તમને તમારી બેઠકમાં ઊંઘવાનો અધિકાર છે, તો મને પણ અધિકાર છે.'

જાહેરમાં, સમુદાયમાં ઝોકાં ખાવાને લીધે ઝઘડા વારંવાર થતા રહે છે.

ભર ઉનાળામાં બપોરે પેટ ભરીને કેરીનો રસ કે અન્ય ભારે ભોજન લીધા પછી માણસની, વિશેષતઃ પ્રૌઢો-વૃદ્ધોની આંખ ન ઘેરાય એવું બને નહિ. ઠંડા દેશોમાં એવું ઓછું બને. એક વખત જાપાનથી મારા એક મિત્ર ઉનાળામાં ભારત આવેલા. એમણે મને પ્રશ્ન કર્યો, 'ડૉ. શાહ, ઇન્ડિયામાં કેટલાક લોકો બપોરે જમીને સૂઇ જાય છે એ સાચી વાત છે?'

'હા, કેમ?'

'પણ દિવસે ઊંઘ આવે કેવી રીતે? અમારા જાપાનમાં દિવસે લોકો સૂતા નથી.'

'એનું કારણ આબોહવા છે. માત્ર ભારતમાં જ નહિ યુરોપમાં સ્પેન, પોર્ટુગલ વગેરેમાં તથા લેટિન અમેરિકામાં લોકો બપોરે સૂઇ જાય છે. એને 'SIESTA' (છઠ્ઠા કલાકનો આરામ) કહે છે.'

બપોરે ઊંઘવાની વાતથી એમને બહુ આશ્ચર્ય થયું. અમે એમને કેનેરીની બૌદ્ધ ગુફાઓ જોવા લઇ ગયા હતા. ત્યાંથી બોરીવલીમાં એક મિત્રને ત્યાં રસપૂરીનું ભોજન લઇ અમે પાછા ફર્યા. એ જાપાનીઝ મિત્રે આખે રસ્તે ઊંઘ્યા કર્યું. હોટેલ આવી ત્યારે એમને જગાડ્યા. એમણે કહ્યું, 'ભારતમાં લોકો બપોરે કેમ સૂઇ જાય છે તેનો હવે મને જાત અનુભવ થઇ ગયો.'

કેટલાક લોકોને મન રાતની ઊંઘ કરતાં બપોરની ઊંઘનું મહત્ત્વ વધારે હોય છે. કોઇક લેખકે કહ્યું છે : 'There is more refreshment and stimulation in a nap, even of the briefest, than in all the alcohol ever distiiied.'

કેટલાક માણસોને ઊંઘમાંથી જગાડીએ તો ગમે છે અને કેટલાકને ગમતું નથી. કેટલાક વિફરે પણ છે.

કેવા પ્રકારના સૂતેલા માણસોને જગાડવાનું આપણું કર્તવ્ય છે અને કેવા પ્રકારના જીવોને ન જગાડવામાં ડહાપણ રહેલું છે તે વિશે 'ચાણક્યનીતિ'માં કહ્યું છે :

विद्यार्थी सेवकः पान्थः क्षुधार्तो भयकातर ।
भांडारी प्रतिहारश्च सप्त सुप्तान् प्रबोधयेत् ॥

(વિદ્યાર્થી, સેવક, પથિક, ભૂખથી પીડિત, ભયથી ડરપોક થયેલો, ભંડારી અને દ્વારપાળ એ સાત સૂતેલા હોય તો તેમને જગાડવા.)

अहिं नृपं च शार्दूलं किटिं च बालकं तथा ।
परश्वानं च मूर्खं च सप्त सुप्तान् न बोधयेत् ॥

(સાપ, રાજા, વાઘ, બાળક, ભૂંડ, બીજાનો પાળેલો કૂતરો અને મૂર્ખ એ સાત સૂતા હોય તો તેમને જગાડવા નહિ.)

કેટલાક લોકોનું જીવન જ રાત્રે ચાલુ થાય છે. અમુક વ્યવસાયવાળા, જુગારસટ્ટો રમવાવાળા, ચોરી લૂંટફાટ કરનારા, નાઈટ ક્લબોમાં રખડનારા એવા અનેક લોકો રાત પડે એટલે રાજા જેવા બની જાય છે. રાતના ઉજાગરા પછી દિવસે પણ કાર્ય કરવાનું આવે તો તેવા માણસો અચાનક ઊંઘનો શિકાર બની જાય છે.

નીરસ કાર્ય પરાણે કરવાનું આવે તો પણ ઊંઘ આવે છે. વિદ્યાર્થીઓને એનો બહોળો અનુભવ હોય છે. ધનાઢ્ય દેશોમાં વિશાળ હાઇવે પર ગાડી ચલાવાતી હોય, સામેથી કોઇ વાહન કે વ્યક્તિ આવવાની કોઇ સંભાવના ન હોય, સવાસો-દોઢસો કિલોમિટરની ગતિ હોય, રસ્તો સળંગ સીધો હોય ત્યારે નીરસપણે ગાડી ચલાવતાં ચલાવતાં દિવસે પણ ઝોકું આવી જવાનો સંભવ રહે છે. આથી જ રસ્તામાં થોડે થોડે અંતરે વિવિધ નિશાનીઓ, બોર્ડ વગેરે આવે છે, જેથી ચિત્ત નવરું ન પડે. વળી ચલાવનાર પણ સંગીત વગેરેની કેસેટ સાંભળવાનું રાખે છે.

ભારતમાં મોટરકારના અકસ્માતો ઘણા થાય છે. એમાંથી બહુધા રાતના-અડધી રાતે થાય છે કે જ્યારે ઉજાગરાને લીધે કે નશો કરવાને લીધે અથવા ડ્રાઇવિંગની કંટાળાજનક એકવિધતાને લીધે કે ઠંડકને લીધે મગજ વિચારશૂન્ય બનતાં આંખો થોડીક ક્ષણ માટે ઘેરાઇ જાય છે અને તે જ વખતે અકસ્માત થાય છે.

જાણીને આશ્ચર્ય થશે પણ એ વાત સાચી છે કે લાંબા અંતરનાં વિમાન ચલાવનાર પાઇલોટો વિમાન ચલાવતાં ચલાવતાં કોકપિટમાં ઝોકાં ખાઇ લે છે. વિમાન આકાશમાં ઉપર એની ઊંચાઇએ પહોંચી ગયા પછી અને દિશાની ડિગ્રી મેળવી લીધા પછી બહુ કરવાનું રહેતું નથી. જાણે પોતે નિષ્ક્રિય બેઠા હોય એવો અનુભવ ઘણા પાઇલોટને થાય છે. એવા નીરસ કલાકોમાં તેઓ માંહોમાંહે વાતચીત કરતા રહે છે, પણ એથી પણ કંટાળી જાય છે ત્યારે ઝોકું આવી જાય છે. આવા બનાવોનું NASA કે AVA દ્વારા વખતોવખત જે સર્વેક્ષણ થાય છે એ પ્રમાણે એની ટકાવારી ઉત્તરોત્તર વધતી જાય છે.

કેટલાક સમય પહેલાં, ૧૯૯૭ના નવેમ્બરમાં અમેરિકામાં યુનાઇટેડ એરલાઇન્સના એક માલવાહક વિમાનમાં ફક્ત બે પાઇલોટ જ હતા. એક હવાઇ મથકેથી બીજા દૂરના લોસ એન્જલસના હવાઇ મથકે માલવાહક વિમાનને ઉતારવાનું જ એમનું કામ હતું. પ્રવાસીઓ અને એરહોસ્ટેસ તથા અન્ય કર્મચારીઓવાળાં વિમાનો સતત પ્રવૃત્તિશીલ હોય છે. પણ માલવાહક વિમાનને સીધી ગતિએ ઊડવા સિવાય બીજું કશું કરવાનું નહોતું. આથી બંને પાઇલોટોને ઊંઘ ચડી ગઇ. નીચે જમીન પર કોઇ આવી રીતે ચાલતું વાહન હોય તો ક્યાંક ભટકાઇ પડે. આકાશમાં એવું જવલ્લે જ બને. એટલે એ વિમાન એની મેળે પેસિફિક મહાસાગર પર ગતિ કરતું રહ્યું. પોતાનું માલવાહક વિમાન કેમ આવ્યું નહિ એની તપાસ ચાલુ થઇ અને નક્કી થયું કે વિમાન આગળ નીકળી ગયું છે. પાયલોટોને જગાડવા માટે વાયરલેસ સંદેશાઓ સતત મોકલાતા રહ્યા. છેવટે પાયલોટ જાગ્યા. પણ ત્યારે તો તે વિમાન એક કલાક જેટલું-પાંચસો છસો માઇલ જેટલું આગળ નીકળી ગયું હતું. વિમાનને ત્યાંથી પાછું વાળવામાં આવ્યું. પ્રમાદને માટે બંને પાયલોટને શિક્ષા થઇ.

માણસ અવાજથી, સ્પર્શ થવાથી, તીવ્ર વિચિત્ર દુર્ગંધથી, શ્વાસ રૂંધાવાથી, ભૂખ, તરસ, શૌચાદિની શંકાથી, વિલક્ષણ કે ભયંકર સ્વપ્નથી અચાનક જાગી જાય છે. અન્યથા ઊંઘ પૂરી થતાં કુદરતી રીતે એની આંખ ઊઘડી જાય છે.

વીસમી સદીના આરંભકાળમાં જ્યારે માઇક વગર મુંબઇમાં નાટકો ભજવાતાં હતાં અને રાત્રે નવ વાગ્યાથી પરોઢિયે ત્રણચાર વાગ્યા સુધી ચાલતાં, ત્યારે એમ મજાકમાં કહેવાતું કે નાટક કંપનીના માલિકને કોઇ નવા નાટકલેખકે પોતાનું નાટક પસંદ કરવા માટે આપ્યું હોય ત્યારે માલિક છેલ્લો અંક પહેલાં વાંચતા અને છેલ્લાં એક બે દશ્યોમાં વીજળીના કડાકા, બંદૂકના ધડાકા, યુદ્ધની રણભેરી, તલવારના અવાજો, ઢોલનગારાં વાગવાં વગેરે મોટા શોરબકોરની ઘટના ન હોય તો નાટક પસંદ કરતા નહિ, કારણ કે જો એવું કોઇ દશ્ય નાટકમાં છેલ્લે ન હોય તો થિયેટરમાં ઊંઘી ગયેલા શ્રોતાઓને એક પછી એક ઉઠાડીને રવાના કરવામાં તેઓને ઘણો શ્રમ પડતો.

થાક ઉતારવા માટે, શારીરિક સ્ફૂર્તિ અને ચિત્તની પ્રસન્નતા માટે યોગ્ય પ્રમાણમાં ઊંઘ દરેક જીવને જરૂરી છે. ઊંઘ અને અનિદ્રાની શરીર પર કેવી સારી અને માઠી અસર થાય છે એ વિશે કહ્યું છે :

निद्रायत्तं सुखं दुःखं पुष्टिकार्श्यं बलाबलम् ।
वृषताऽकलीबता ज्ञानमज्ञानं जीवितं न च ॥

(સુખપૂર્વકની સારી ઊંઘથી શરીરની પુષ્ટિ, બલ, વીર્યની વૃદ્ધિ, જ્ઞાન અને સારું આયુષ્ય પ્રાપ્ત થાય છે. અનિદ્રાથી રોગ, નિર્બળતા, નપુંસકતા, અજ્ઞાન, અલ્પાયુ પ્રાપ્ત થાય છે.)

ઊંઘ ન આવતી હોય તો તે રોગરૂપ મનાય છે. શેક્સપિયરના મેકબેથની જેમ કેટલાકને અનિદ્રાનો રોગ થાય છે, વૃદ્ધાવસ્થામાં તે સવિશેષ થાય છે. ઊંઘ માટે તેઓ તરફડે છે, પડખાં ફેરવે છે. એમ કરતાં પરોઢિયે માંડ કલાક-બે કલાકની ઊંઘ આવે છે. કેટલાકની ઊંઘ વૃદ્ધાવસ્થામાં કુદરતી રીતે ઓછી થઇ જાય છે. ત્યાગી સંત મહાત્માઓને બેત્રણ કલાકની ઊંઘ પૂરતી લાગે છે. રાતના તેઓ સૂતાં સૂતાં કે બેઠાં બેઠાં ધ્યાન ધરતા હોય છે, શુભ ચિંતન-આત્મચિંતન કરતા હોય છે કે જાપ જપતા હોય છે. પોતાનાં ત્યાગ અને સંયમને કારણે તેઓ દિવસ-રાત સતત પ્રસન્ન અને સ્ફૂર્તિવાળા રહે છે. એટલે જ કહેવાયું છે કે या निशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी। સ્થૂલ દષ્ટિએ એ જેટલું સાચું છે તેથી વિશેષ સાચું સૂક્ષ્મ દષ્ટિએ છે

સામાન્ય રીતે સંધ્યા પછી રાત્રિની શરૂઆતથી બીજા દિવસની સવાર સુધીના કલાકોને રાત્રિના ચાર પ્રહરમાં વહેંચવામાં આવે છે. એમાં પહેલા પ્રહરે સૌ કોઇ જાગતા હોય છે, બીજા પ્રહરે ભોગીઓ જાગતા રહે છે, ત્રીજા પ્રહરે ચોરો જાગે છે અને ચોથા પ્રહરે યોગીઓ જાગી જાય છે. ઊંઘનું પ્રમાણ બાળકોમાં સૌથી વધારે, યુવાનોમાં મધ્યમ અને વૃદ્ધોમાં અલ્પ હોય છે. બીજી બાજુ ઝોકાં યુવાનો કરતાં બાળકોને અને તેમના કરતાં વૃદ્ધોને વધુ આવતાં હોય છે.

કુંભકર્ણ અને રિપ વેન વિંકલની ઘોર નિદ્રાનાં ઉદાહરણો જેમ જાણીતાં છે તેમ સતત જાગૃતિપૂર્વકની નિદ્રા તરીકે શ્વાનનિદ્રા જાણીતી છે. કૂતરું જાગતું-ઊંઘતું પ્રાણી છે. ગમે તેવી નિદ્રા આવતી હોય, પણ અચાનક મોટો ભય આવી પડે તો માણસની ઊંઘ હરામ થઇ જાય છે. ધરતીકંપ, આગ, ઘરમાં ચોર ઘૂસ્યા હોય તો માણસની

ઊંઘ ઊડી જાય છે. ઘરમાં સાપ ક્યાંક ભરાઇ ગયો છે એવી ખબર પડ્યા પછી કયો માણસ ઘરમાં નિરાંતે ઊંઘી જાય ? યુદ્ધના મોરચે અડધી રાતે ગોળીઓ છૂટતી હોય ત્યાં કયા સૈનિકને ઊંઘ આવે ?

આયુર્વેદની દૃષ્ટિએ કફની પ્રકૃતિના માણસને વધુ ઊંઘ આવે છે, કારણ કે કફનું સ્થાન મસ્તક છે. ભારે ભોજન પછી લોહીમાં ચરબીનું પ્રમાણ વધી જતાં માણસને તરત સૂવાનું ગમે છે. ન સૂવે તો બેઠાં બેઠાં ઝોકાં આવે છે.

આયુર્વેદમાં નિદ્રાનાં કારણો બતાવવામાં આવ્યાં છે. 'ચરકસંહિતા'માં કહ્યું છે :

तमोभवा श्लेष्मसमुद्भवा च मनः शरीरश्रमसंभवा च ।
आगन्तुकी व्याध्यनुवर्तिनी च रात्रिस्वभावप्रभवा च निद्रा ॥

ઊંઘ છ પ્રકારની છે : (૧) તમોભવ-મૃત્યુ સમીપ આવી રહ્યું હોય તે સમયની નિદ્રા, (૨) શ્લેષ્મ અર્થાત્ કફની વૃદ્ધિથી આવતી નિદ્રા, (૩) મન અને શરીરના પરિશ્રમથી સંભવતી નિદ્રા, (૪) અચાનક આવી ચડતી નિદ્રા, (૫) વ્યાધિને કારણે આવતી નિદ્રા અને (૬) રાત પડતાં કુદરતી રીતે આવતી નિદ્રા.

જૈન ધર્મમાં દર્શનાવરણીય કર્મના ઉદય રૂપે આવતી નિદ્રાના પાંચ પ્રકાર નીચે પ્રમાણે બતાવવામાં આવ્યા છે :

निद्दा तहेव पयला निद्दानिद्दा पयलापयला च ।
तत्तो य थिणगिद्दी उ पंचमा होइ नायव्वा ॥

નિદ્રાના પાંચ પ્રકાર આ પ્રમાણે છે : (૧) નિદ્રા, (૨) પ્રચલા એટલે કે બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં ઊંઘ લેવી, (૩) નિદ્રા-નિદ્રા એટલે કે પ્રગાઢ નિદ્રા, (૪) પ્રચલા-પ્રચલા અને (૫) સ્ત્યાનગૃદ્ધિ અથવા 'થિણદ્ધિ'. આ પાંચમા પ્રકારની નિદ્રા એટલી ભારે હોય છે કે વચ્ચે જાગીને માણસ કશુંક કામ કરી લે, બહાર જઇને પાછો આવી જાય તો પણ એને એ કશું યાદ નથી હોતું. SOMNAMBULISTના પ્રકારના આવા માણસોમાં ગજબની શારીરિક તાકાત હોય છે.

આહાર, નિદ્રા, ભય, મૈથુન અને પરિગ્રહ એ જીવ માત્રની સંજ્ઞા તરીકે ઓળખાવાય છે. અનાદિકાળના આ સંસ્કાર છે. એમાં નિદ્રાને પણ ગણાવવામાં આવે છે. જીવે આ સંજ્ઞાઓ ઉપર વિજય મેળવવો જોઇએ, જો એણે આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવી હોય તો. એટલે નિદ્રા ઉપર પણ એનું પ્રભુત્વ હોવું જોઇએ. મહાત્માઓ, સ્વસ્થ નીરોગી માણસો સૂતાંની સાથે જ ઘસઘસાટ ઊંઘી જાય છે અને નિશ્ચિત સમયે એમની આંખ ઊઘડી જાય છે; જાણે કે એમના મગજમાં ઊંઘનું 'ટાઇમર' મૂક્યું ન હોય !

અધ્યાત્મશાસ્ત્રીઓ કહે છે કે જ્યાં નિદ્રા છે ત્યાં પ્રમાદ છે અને જ્યાં પ્રમાદ છે ત્યાં મૃત્યુ છે. મૃત્યુ એટલે ચિરનિદ્રા. નિદ્રા એટલે મૃત્યુનો અભિનય, Death's Counterfeit. એટલે જ ક્યારેક ઊંઘતા માણસ અને તરતના મૃત્યુ પામેલા માણસ વચ્ચેનો ભેદ કળવો મુશ્કેલ થઇ જાય છે. ઊંઘવાની ગોળી વધારે પડતી લેવાથી માણસ નિદ્રામાંથી ચિરનિદ્રામાં સરી પડે છે.

ઊંઘની વિલક્ષણતા કેવી છે તે તો જુઓ ! જ્યારે બધા જાગતા હોય ત્યારે તે બધાંને માટે દૃશ્યમાન એવું ફક્ત એક જ જગત હોય છે અને તે પ્રમાણે જ વ્યવહાર થાય છે, પરંતુ માણસો જ્યારે ઊંઘી જાય છે ત્યારે દરેકનું પોતપોતાનું જગત-સ્વપ્નજગત ચાલુ થાય છે. બે સ્વપ્નજગત ક્યારેય એકસરખાં હોતાં નથી. બીજી બાજુ ઊંઘની બીજી વિલક્ષણતા એ છે કે માણસ જ્યારે જાગતો હોય છે ત્યારે સ્વતંત્ર વ્યક્તિ રૂપે-વૈયક્તિક સ્વરૂપે હોય છે. મનુષ્ય અને મનુષ્ય વચ્ચે પાર વગરની ભિન્નતા હોય છે, પણ માણસો ઊંઘી ગયા હોય છે ત્યારે રાજા હોય કે રંક, બધા એકસરખા બની જાય છે. પોતાનાં ધનવૈભવ, હોદ્દો, સત્તા, શિક્ષણ વગેરે કશું જ ઊંઘમાં યાદ નથી રહેતું. વળી, ચિરનિદ્રામાં તો કશો જ ફરક રહેતો નથી.

એમ કહેવાય છે કે ઊંઘ અને આહાર વધાર્યાં વધે અને ઘટાડ્યાં ઘટે. એટલે વધારે ઊંઘવાથી ઊંઘ પૂરી થાય છે એવું નથી, પણ વધુ ને વધુ ઊંઘવાની ટેવ પડે છે. એટલે જ કહેવાયું છે કે न स्वप्नेन जयेन्निद्रां । સ્વપ્ન અર્થાત્ ઊંઘ દ્વારા ઊંઘ પર વિજય મેળવવાનો પ્રયત્ન ન કરવો જોઇએ.

નિદ્રાદેવીનું જેમ અકાળે અકળઆગમન થાય છે તેમ બીજી બાજુ ઘણી આજીજી, કાલાંવાલાં કરવા છતાં નિદ્રાદેવી પધારતી નથી...એટલે નિદ્રાદેવીને પ્રસન્ન કરવાના વિવિધ પ્રયોગો થાય છે. એવો એક પ્રયોગ તે ઘેટાં ગણવાનો છે. એક ઘેટું, બે ઘેટાં, ત્રણ ઘેટાં એમ બોલતા જવાથી મગજ થાકી જાય છે અને ઊંઘ આવી જાય છે. એક દર્દીએ દાક્તરને કહ્યું, 'ગઇ કાલે રાત્રે મેં કેટલાં ઘેટાં ગણ્યાં, ખબર છે ? બે લાખ અને સાત હજાર.' દાક્તરે કહ્યું, 'ભલેને એટલાંબધાં ગણ્યાં, પણ છેવટે તો ઊંઘ આવી ગઇ ને ?' દર્દીએ કહ્યું, 'ના, ત્યારપછી સવાર પડી ગઇ, એટલે ગણવાનો કોઇ અર્થ નહોતો.'

કેટલાકને ઊંઘ લાવવા માટે કંઇક વાંચવું પડે છે. કેટલાકને કંઇક ખાવું પડે છે; ભૂખ્યા પેટે ઊંઘ નથી આવતી. કેટલાકને ભરેલા પેટે ઊંઘ નથી આવતી. કેટલાકને આંટા મારવા પડે છે. કેટલાક નવકાર મંત્ર કે અન્ય કોઇ મંત્રની માળા ફેરવે છે, કેટલાક કોઇ સ્તોત્રનું પઠન કરે છે. કોઇક દીર્ઘ શ્વાસ લેતા જઇ તેના આવાગમનનું અવલોકન (અનાપાન) કરે છે. કેટલાકને ઊંઘની ગોળી નિયમિત લેવી પડે છે.

પ્રાચીન સમયમાં જે જુદી જુદી ગુપ્ત રહસ્યમય વિદ્યાઓ હતી એમાંની એક તે 'અવસ્વાપિની વિદ્યા' હતી કે જેના પાઠ-પ્રયોગથી ધાર્યું હોય તે માણસોને ઘેન ચડાવી ઊંઘાડી દેવાય. આજના ક્લોરોફોર્મ જેવી અસર એમાં થાય છે. પ્રભવ ચોરે જંબુકુમારના ઘરમાં ચોરી કરવા દાખલ થતાં પહેલાં આ વિદ્યાનો પ્રયોગ કર્યો હતો, પણ તે નિષ્ફળ થયો હતો કારણ કે જંબુકુમાર ઊંચી કોટિના સાધક હતા. (જંબુકુમારે ત્યાર પછી સ્તંભિની વિદ્યાનો પ્રયોગ કર્યો હતો કે જેથી ચોરો પોતાના સ્થાને એવા ચીટકી ગયા, સ્તંભ જેવા અક્કડ થઇ ગયા કે ત્યાંથી જરા પણ ચસકી ન શક્યા.)

યોગ્ય સમયે યોગ્ય પ્રમાણમાં સારી મીઠી ગાઢ ઊંઘ આવે એ સૌને માટે મનગમતી વાત છે. એટલે નિદ્રાદેવીનું યોગ્ય સમયે આગમન આવકાર્ય છે. કવિ કોલરિજની જેમ સહુ કોઇ કહી શકે કે-

Oh, Sleep ! it is a gentle thing,
Beloved from pole to ploe
To Mary Queen the praise be given !
She sent the gentle sleep from Heaven.

નિદ્રાની જીવનમાં આટલી બધી આવશ્યકતા હોવા છતાં પણ મૂલ્ય તો જાગૃતિનું જ ગણાયું છે. શાસ્ત્રકારોએ જાગતા રહેવાનો જ બોધ આપ્યો છે. 'બૃહત્કલ્પભાષ્ય'માં કહ્યું છે :

जागरह । नरा णिच्चं, जागरमाणस्स वड्ढते बुद्धी । जो सुवति न सो सुहितो, जो जग्गति सो सया सुहितो । सुवति सुवंतस्स सुयं, थिरपरिचितमप्पमत्तस्स ।

(હે મનુષ્યો, નિત્ય જાગતા રહો. જાગવાવાળાની બુદ્ધિ વધે છે. જે સૂઇ જાય છે તે સુખી થતા નથી. જે જાગે છે તે સદા સુખી રહે છે. સૂતા રહેનારનું શ્રુત-જ્ઞાન સૂઇ જાય છે. અપ્રમત્તનું શ્રુતજ્ઞાન સદા સ્થિર અને પરિચિત રહે છે.)

☐ રમણલાલ ચી. શાહ

# 'આનંદમાં છું'

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

ગુજરાતમાં વસીને 'સવાઇ ગુજરાતી' થઇ ગયેલ કેટલીક દક્ષિણી વિભૂતિઓએ ગુજરાત રાજ્યના વિવિધ ક્ષેત્રે જે અપૂર્વ સેવા બજાવી છે તેમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ, દાદા માવલંકર, કાકાસાહેબ કાલેલકર, રંગ અવધૂતજી અને જાણીતા હરિજન સેવક નાનાસાહેબ ફડકે જેવાનાં શુભ નામ લઇ શકાય. વિનોબાજીનું કાર્યક્ષેત્ર વિશાળ હતું, પણ એમણેય તે ગુજરાતની યત્કિંચિત સેવા બજાવી છે. વિદ્યાર્થીકાળ દરમિયાન હું ઉપર્યુક્ત દક્ષિણી વિભૂતિઓનાં નામ અને કામથી થોડોક પરિચિત હતો પણ તાજેતરમાં 'શ્રી રંગ પત્રમંજૂષા' (પૂ.શ્રીનું સમગ્ર પત્ર સાહિત્ય) નામે ગ્રંથ મારા પરમ સ્નેહી પ્રો. સુભાષ મ. દવે (જે રંગ અવધૂતજીના અનુયાયી છે) એ મને વાંચવા આપ્યો એટલે ભૂતકાળ જીવંત બન્યો.

પૂ. રંગ અવધૂતજી 'દીવાને સાગર'ના કર્તા સાગર મહારાજના મિત્ર હતા અને 'સાગર' મહારાજના પુત્ર ડૉ. યોગેન્દ્ર ત્રિપાઠી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં મારી સાથે અધ્યાપક હતા અને સાગર મહારાજના પૌત્ર ડૉ. અનિલ ત્રિપાઠી મારા વિદ્યાર્થી હતા એટલે એમને પ્રતાપે મને રંગ અવધૂતજીના દર્શનનો લાભ મળેલો. એટલું જ નહીં પણ મેં એમની પત્રિકામાં પૂ. શ્રી સંબંધે બે કાવ્યો પણ લખેલાં. વિદ્યાર્થીકાળમાં ટૉલ્સટોયના 'What shall we do then' એ અંગ્રેજી પુસ્તકનો રંગ અવધૂતજીએ કરેલો અનુવાદ-'ત્યારે કરીશું શું ?' મેં રસપૂર્વક વાંચેલો. પૂ.શ્રીના નારેશ્વરના આશ્રમનો થોડાક સમય માટે વહીવટ કરવામાં મારા વિદ્યાર્થી પ્રો. નારણભાઇ રેવનદાસ પટેલનો ફાળો હતો અને એમણે પૂ. શ્રી સંબંધે અને આશ્રમ સંબંધે લખેલ કેટલાંક પુસ્તકોથી હું પરિચિત હતો.

પૂ. રંગ અવધૂતજી કયા પ્રકારના સાધુ-સંત હતા તે સ્પષ્ટ કરવા માટે અહીં કવિવર રવીન્દ્રનાથનો એક કિસ્સો ટાંકવાનું મન થાય છે. કવિને એક સંન્યાસીનો કો'ક ગામમાં ભેટો થયો. કવિએ સંન્યાસીને કહ્યું : 'ગામમાં દુષ્કર્મ કરનાર, દુઃખી, પીડિત, વ્યાધિગ્રસ્ત જેઓ છે તેમને માટે તમે લોકો કેમ કશું કરતા નથી ?' કવિનો આ પ્રશ્ન સાંભળી સંન્યાસી નવાઇ પામ્યા અને ચીડાઇને જવાબ આપ્યો: 'શું ? જેઓ સંસારના મોહમાં સપડાયેલા છે, તેની ચિંતા મારે કરવાની ? હું તો સાધક રહ્યો. વિશુદ્ધ આનંદને ખાતર એ સંસારનો ત્યાગ કરીને આવ્યો છું અને હવે પાછો તેની જંજાળમાં પડું ?' આવા મુક્તિકામીઓ સંસારાસક્તની પરવા કરતા નથી, પણ એવા ઉદાસીનોને ટાગોર કટાક્ષમાં પ્રશ્ન પૂછે છે : 'તમારા ગોળમટોળ દેહની સુંવાળી ચકચકિત કાંતિ કોને આભારી છે ?' મતલબ કે તેઓ જેમની ઉપેક્ષા કરે છે તે સંસારી લોકોએ જ એમને અન્નપાણી પૂરાં પાડ્યાં છે. આપણે ત્યાં વર્ષો સુધી સંન્યસ્તની આ બે વિચારધારાઓ પ્રચલિત હતી. સ્વામી વિવેકાનંદ અને પૂ. ગાંધીજીના ભગીરથ પુરુષાર્થને પ્રતાપે કવિવર ટાગોરને અભિપ્રેત દરિદ્રનારાયણોની સેવાનો વિધેયાત્મક અભિગમ દેશમાં કાર્યાન્વિત બન્યો. પૂ. રંગ અવધૂતજી, વ્યક્તિગત મોક્ષના કામી નહીં પણ વિવેકાનંદ-ગાંધીજીના જેવા લોકકલ્યાણ અને વિશ્વ-શાંતિના હામી હતા.

તેમના આ સમગ્ર પત્ર સાહિત્યમાંથી તેમની આવી વિરલ વિભૂતિનું દર્શન થાય છે. મારી શક્તિ અનુસાર, હું સમજ્યો છું તે પ્રમાણે 'શ્રી રંગ પત્રમંજૂષા' નું મૂલ્ય ને મહત્ત્વ મારે મન પંચવિધ છે.

(૧) વિદ્યાર્થી તરીકે તેઓ હાઇસ્કૂલ, કૉલેજ કે વિદ્યાપીઠમાં, ગોધરા, વડોદરા કે અમદાવાદમાં ભણતા ત્યારે તેઓ આદર્શવાદી, સેવાભાવી, તેજસ્વી ને ટીખળી વ્યક્તિત્વ ધરાવે છે. ગાંધીજીની પૂર્વે તેઓ લોકમાન્ય તિલક મહારાજના પ્રભાવ નીચે આવેલા લાગે છે ને તિલકની નિર્ભયતા, દેશભક્તિ અને વિદ્વત્તાને માટે તેમને વિદ્યાર્થીકાળથી જ અહોભાવ છે. લોકમાન્યના અવસાન ટાણે, વડોદરા તા. ૩-૮-૧૯૨૦ના એમના મિત્ર શ્રી અંબાલાલ વ્યાસ પરના પત્રમાં લખે છે : 'લોકમાન્ય ગયા ને આપણે પણ જઇશું ! લોકમાન્યને માટે આખું હિંદુસ્તાન રોયું. સમાચાર સાંભળી હું તો આભો જ બની ગયો.' (પત્ર નં. ૨૯, પૃ. ૨૪) એ પછી બરોડા કોલેજમાં શોકસભા ભરવાની પરવાનગી ન મળે તો, ગાંધીજીની જેમ અસહકાર કરવાની વાત કરે છે. સમાજસેવા અને દેશસેવાના આ સંસ્કાર ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા જાય છે. પત્રકારત્વ અને શિક્ષણક્ષેત્રનું એમનું વિશેષ પ્રદાન આ વાતની ગવાહી પૂરે છે. કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ અને અન્ય મિત્રોએ, પૂ. બાપુની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા કરવાની ખૂબ ખૂબ મથામણ અને પેરવીઓ કરી પણ એમનો અધ્યાત્મનો રંગ અને છંદ એમને જીવનના અન્ય મોડ પર દોરી ગયો.

(૨) કંચન, કામિની અને કીર્તિની વાસનાને આપણાં શાસ્ત્રોએ અનુક્રમે વિત્તૈષણા, પુત્રૈષણા અને લોકૈષણાના અભિધાને ઓળખાવી છે. પોતાના ન્હાનાભાઇ અને માતાના યોગક્ષેમ પૂરતા, પ્રામાણિક અર્થના ઉપાર્જન પૂરતી તેમણે શરૂમાં પ્રવૃત્તિ કરી પણ એ જવાબદારી પૂર્ણ થતાં સત્વરે, સાધકની સાધના દરમિયાન કે સિદ્ધિ બાદ એમણે દ્રવ્યને સ્પર્શ કર્યો નથી. કેવળ અકિંચન અને અનિકેતન સ્થિતિમાં રહ્યા છે અને આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનું અતંદ્રજાગ્રતિપૂર્વક પાલન કર્યું છે. વધુ પડતી કીર્તિથી એ સાવ ઉબાઇ ગયેલા ને કીર્તિ માટે એ લખે છે : 'પ્રસિદ્ધિ-સૂકરી વિષ્ટાનો ક્ષણે ક્ષણે અનુભવ થાય છે.' જગતમાં આવા સંતો કેટલા ? હાથે કંકણ ને આરસીમાં શું જોવું ?

(૩) રંગ અવધૂતજીના જીવનમાં ક્યારેય પ્રતારણાને સ્થાન નહોતું. નિર્ભેળ નિખાલસતા એમના વિરલ વ્યક્તિત્વનું વ્યાવર્તક લક્ષણ છે. એ લખે છે : 'સર્વ સમર્થ પરમાત્માના દ્વારે ટૂકડા માટે ભસતા કૂતરાં કરતાં હું કાંઇ જ વિશેષ નથી...આવું જાણીને જેઓ મારા ભાગ્યમાં ભાગ લેવાનું ઇચ્છે છે તેઓ બધા જ આવકારપાત્ર છે; પણ જેઓ મારી પાસે શાસ્ત્રોના, વિજ્ઞાનના વાર્તાલાપો સ્વરૂપ કોયલના મીઠા ટહુકારની ઉચ્ચ અભિલાષા સેવતા હોય તો મને બીક છે કે તેઓ અત્યંત નિરાશ થશે' (પૃ. ૨૫૧). એમના આ વિધાન સાથે હું સર્વથા સંમત થતો નથી. આ પત્રો વાંચ્યા બાદ પ્રતીતિ તો એવી થાય છે કે વાત એમના વિધાનથી વિપરીત છે. રંગ અવધૂતજી સંસ્કૃત, હિંદી અને ગુજરાતીના સારા સંત કવિ તો છે જ પણ આપણાં શાસ્ત્રોને પચાવી જીવી જનાર અને ક્યાંક ક્યાંક મૌલિક અર્થઘટન કરનાર શુષ્ક નહીં પણ રસિક-પંડિત પણ છે. આના સમર્થનમાં ડઝનેક પત્રોમાંથી અવતરણો આપી શકાય તેમ છે. ગુજરાતી ઉપરાંત સંસ્કૃત ને અંગ્રેજીમાં લખાયેલા પત્રોમાંથી પણ, એની પ્રતીતિ થાય છે. વિનોબાજી અને કાલેલકર પછી ચિંતનની પરિપાટીને ઉચ્ચ સ્તરે જાળવી રાખવામાં રંગ અવધૂતજીનું પ્રદાન વિશિષ્ટ છે એમ હું સમજ્યો છું. એમના અનેક ગ્રંથોનું પરિશીલન કરતાં આ વિધાનના સત્યની પ્રતીતિ થશે જ. વડોદરાની વિદ્વત્સભા સમક્ષ કરેલું એમનું સંસ્કૃત-પ્રવચન એમના સંસ્કૃત ભાષા-સાહિત્યના જ્ઞાનની અને વિદ્વત્તાની પ્રતીતિ કરાવે છે.

(૪) આ પત્રો વાંચતાં રંગ અવધૂતની સંવેદનાનો વ્યાપ કેવડા મોટા ફલક પર વિસ્તરેલો છે તેની ઝાંખી થાય છે. એક બાજુ

અવધૂતી મસ્તીને બેપરાઇ અને બીજી બાજુ ભક્તિભાવ ભીના પચરંગી આર્ત ભક્તો પ્રત્યેની અસીમ આર્દ્રકરુણાનું યુગપદ દર્શન થાય છે. બે પત્રો જોઇએ : 'પ્રવાસમાંથી તબિયત બગાડીને પાછો આવ્યો કે તરત જ કાશીબેનનું ઠેકાણે આવેલું ભેજું ફરી ચસકેલું તેના વિચારમાં પડ્યો. દેવે તેમનું ઠેકાણે પાડ્યું કે મોટીબાની ભાંજગડમાં પડવું પડ્યું. એમનું માંડ ઠેકાણે પડે છે ત્યાં વેળુ ગામના છગન પટેલના દીકરીના ભેજાની ઉપાધિ આવી તે પણ ટૂંકમાં પતી. એટલામાં મૂળીબહેનની બાનો વારો આવ્યો. એક દિવસ તો પૂન (પુણ્ય) કરાવવાની પણ તૈયારી કરેલી. બધે સોજા આવી ગયેલા. તદ્દન પથારીવશ હતાં. એમના કાકા વડોદરે આ જાણીને ગાપચુ મારી ગયેલા. કાકી કે કોઇ ફરકી મારે નહીં. પરમ દિવસે એમને ઠીક છે એવી ખબર આવી ત્યાં બપોરે જશભાઇ રડતો ચતુરભાઇની ગંભીર માંદગીની ખબર લઇ આવ્યો. મહિના ઉપર સોજા વગેરે આવી ગયેલા. દાક્તરી દવાની ટેકી ન લાગી. મેં ગોમૂતર લેવાનું સૂચવ્યું. થોડી શક્તિ આવી. ગયે ગુરુવારે દર્શન માટે આવેલા પણ સ્હેજ લથડી ગયેલા...' આ પત્ર તો ઠીક ઠીક લાંબો છે જેમાં નિજાનંદી મસ્તીમાં ગુલતાન રહેનાર એક અવધૂતની સાંસારિક કરુણાનું દર્શન થાય છે તો બીજા પત્રમાં કોઇ સ્થિતપ્રજ્ઞની સમતા. ભાથામાંથી બાણ નીકળી ચૂક્યું છે એ પહેલી સ્થિતિ; પછી ધનુષ્ય સાથે જોડાઇ દોરી આકર્ણ ખેંચાઇ છે એ બીજી સ્થિતિ છે. બાણ ધનુષ્ય સાથે જોડાઇ છૂટી ચૂક્યું છે, એ ત્રીજી સ્થિતિ છે. આને જ કોઇ નિવાર્ય, દુનિવાર્ય ને અનિવાર્ય પ્રારબ્ધ કહે છે. નિવાર્ય સ્વપ્રયત્ને વારી શકાય, દુર્નિવાર્ય પ્રભુનો લાડીલો કોઇ વિરલ સંત મહાત્મા વારે, પણ અનિવાર્ય તો ભોગવ્યે જ છૂટકો. માટીમાંથી મૈડ ને મૈડમાંથી પથ્થર બને છે તેમ અનિવાર્ય એ નિવાર્યનો જ પરિપાક છે. બાણ ધનુષ્યથી છૂટ્યું નથી ત્યાં સુધી જ પ્રયત્ન, પછી તો 'પ્રાદીપ્તે ભવને તુ કુપ ખનનમ્ ।' (પ્રત્યુદ્યમઃ કી દશઃ) (પત્ર નં. ૧૯૧, પૃ. ૧૬૯).

(૫) સમગ્રતયા જોતાં, પૂર્વાવસ્થાના વળામે, પાંડુરંગ, 'આનંદ લહરી' અને અવધૂતી જીવન સ્વીકાર્યા બાદ મહારાજ કે રંગ અવધૂતના નામે તેમના શાળા ને કોલેજકાળના બે તેજસ્વી આદર્શવાદી ને સેવાભાવી સહાધ્યાયીઓ શ્રી અંબાલાલ વ્યાસ અને શ્રી મોદીને લખાયેલા આ પત્રો, રંક ગુજરાતી પત્ર-સાહિત્યનું એક નજરાણું છે. આમાંથી શ્રી રંગ અવધૂતના વ્યક્તિત્વનાં અનેક પાસાંનો સુપેરે પરિચય થાય છે. એમનું વિશાળ વાંચન, તેજસ્વી અધ્યયન, મર્માળુ હાસ્ય, આયુર્વેદ અને મુદ્રણશાસ્ત્રનું સારું એવું જ્ઞાન, એમનાં તપ, ત્યાગ, તિતિક્ષા અને લોકકલ્યાણ તથા માનવસેવાની લગનનું અનેક પત્રોમાં દર્શન થાય છે. પૂ. ગાંધીજીને જ્યારે યુવાન પાંડુરંગ વળામે મળ્યા ત્યારે ગાંધીજીએ કહેલું કે મારી પાસે વળામે જેવા, સો નવલોહિયા યુવકો હોય તો સ્વરાજ ઢુકડું આવે. શ્રી મેઘાણીભાઇએ 'નર્મદાને તીરે' નામે ઊર્મિ અને નવરચનામાં વર્ષો પૂર્વે લખેલું : 'નારેશ્વર નામના તટ ધામ પર હમણાં એક રંગ અવધૂત નામના પુરુષે નવું તીર્થ ગાજતું કર્યું છે. આ નૂતન તીર્થના દર્શન બાદ રંગ અવધૂતના એકવારના સહાધ્યાયી શ્રી અંબાલાલ વ્યાસે લખેલું : 'પૂ. મહારાજશ્રીના નારેશ્વરના વસવાટ દરમિયાન એ પ્રદેશની પ્રજાને ખૂબ તાલીમ આપી છે. અનાયાસે સ્વાભાવિકપણે જ હિંદુ સંગઠનનું કામ પણ થઇ રહ્યું છે. પ્રજાની ધાર્મિક ભાવનાને પોષણ તથા યોગ્ય માર્ગદર્શન પણ મળી રહ્યું છે. રાય ને રંક, અમલદાર ને રૈયત, પંડિત ને નિરક્ષર, બધા જ પૂ. મહારાજશ્રી તરફ ને સ્થાન તરફ ખેંચાઇ આવ્યા છે ને ગુરુકૃપાથી એમની જીવનશુદ્ધિ તથા સંસ્કાર-શુદ્ધિ થઇ રહી છે.' (પૃ. ૨૩૯-૪૦) રંગ અવધૂત સારા વક્તા હતા ને સારા ગદ્યકાર પણ. 'નારેશ્વરનો નાદ' નામના એમના એક પ્રેરક પ્રવચનનો આ નમૂનો મારા વિધાનને યથાર્થ ઠેરવશે.

વ્હાલાં આત્મસંતાનો,

હરેક પળે, હરેક સ્થળે, હરેક અવસ્થામાં પરમ કારુણિક પરમાત્માની ઉપસ્થિતિ અનુભવો. હરતાં ફરતાં, ઊંઘતાં-જાગતાં, ઊઠતાં બેસતાં કે કામ કરતાં એના સાન્નિધ્યનો સાક્ષાત્કાર કરો. શ્વાસે શ્વાસે એની હસ્તીનું અનુસ્મરણ કરો, નસેનસમાં એનો અનાહત પદધ્વનિ સાંભળો.

રામ કહો કે રહેમાન કહો, ઇષ્ટ કહો કે ક્રાઇષ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઇશ્વર કહો કે અલ્લા કહો, જિન કહો કે જિર્ણવાહ કહો, ગોડ કહો કે ગણેશ કહો, અઉ-ર્મઝદ કહો કે આત્મમસ્ત કહો, પરબ્રહ્મ કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે પીવ કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ભગવતી કહો, મેરી કહો, મરિયમ કહો કે માતા કહો કે બીજું કાંઇ કહો, પુલિંગી, સ્ત્રીલિંગી કે નપુસકલિંગી ફાવે તે નામથી એને પોકારો. જે કાંઇ છે તે એ જ છે. અનંત નામોમાં એ એક જ અખિલાધાર અનામી રહેલો છે. અનન્તરૂપમાં એ એક જ અરૂપી લપાએલો છે.

પર્વતોમાં એનું સ્થાણુત્વ નિહાળો, નદીઓમાં એની દયાર્દ્રતા અનુભવો, સૂર્યતારાનક્ષત્રોમાં એના ક્ષણે ક્ષણે નવીનતાભર્યા સૌંદર્યની ઝાંખી કરો. પ્રાણીમાત્રમાં એ હરતાં-ફરતાં 'સત્ય શિવં સુન્દરમ્'ને પિછાનો. જાતિજાતિમાં (Species) એ અજાતને જોતાં શીખો. તમારું સર્વ વાસ્તુ-રોમરોમ-એનાથી ભરી દો. તમારું બધું જીવન એના અસ્તિત્વથી ઓતપ્રોત બનાવો. તદ્રૂપ થાઓ, તન્મય બનો. હાથથી એના મંગલ કાર્યમાં સાથ દો. પગથી એના આશીર્ધામમાં ડગ માંડો. મુખથી એનું પુણ્ય નામ ઉચ્ચારો. શબ્દેશબ્દમાં એનો રણકાર સાંભળો. ત્વચાથી સર્વત્ર એની મૃદુતાનો સ્પર્શ કરો.

એક શબ્દ પણ એવો ન ઉચ્ચારો જેથી એના વિશ્વસંગીતમાં ક્ષોભ ઉત્પન્ન થાય. એક કદમ પણ એવું ન ઊઠાવો-એક કર્મ પણ એવું ન કરો જે એની સમક્ષ ન કરી શકો. એક વિચાર પણ એવો ન ઊઠવા દો-એક શ્વાસ પણ એવો ન લો, જેથી એની વિશ્વશાંતિમાં તલપુર પણ વિક્ષેપ ઊભો થાય.

અહંનો અંચળો ફેંકી દઇ એક નિર્દોષ, નિરપેક્ષ, નગ્ન બાળકની માફક, નિર્દંભ, દિગંબર ડિંભની જેમ એની સમક્ષ ઊભો રહો. માગણની માફક હરગીઝ નહિ. 'આ આપ' 'તે આપ'ની વૃત્તિથી કદી નહિ. નશ્વર જગતમાં એ નાટકી નટવરની રમતનું રમકડું થઇને રહો ને જુઓ શી મઝા આવે છે. એના પગનો ફૂટબોલ થઇને ઉછળોને જુઓ કે એના અનંત ઐશ્વર્ય-આકાશમાં તમે કેવા ઊડો છો! બાળકે ખાધું પીધું કે નહિ, એ ઉઘાડું છે કે ઢાંકેલું, સ્વચ્છ છે કે ગંદુ, બીમાર છે કે તંદુરસ્ત-એ બધાયની ચિંતા એની માને છે, બાપને છે. બાળક થઇને રહો અને એની અમર હુંફ અનુભવો. જગત કે જગદીશ કોઇની પાસે માગણની કશી જ કિંમત નથી. કદાચ બટકું મળે તો પણ તિરસ્કારથી, પરાયાની બુદ્ધિથી. પણ નિર્દોષ બાળકને જોતાં જ દુશ્મનમાં પણ આત્મીયભાવ પ્રગટ થાય છે, એ ખૂબ યાદ રાખો. વિશ્વ-બાપની અનંત સમૃદ્ધિના વારસ હોવા છતાં, કોઇ અશરણ અનાથની માફક ભિખારીવેડા શેં આચરો છો? ઊઠો, જાગો ને તમારે સ્વયંભૂ હકની જાણ સાથે એ અનાદિહકની-વિશ્વભંર પરમાત્માની અનંત ઐશ્વર્યભરી છાયામાં વિનમ્ર થઇ બાળભાવે બાંગ પુકારો ને એની અખંડ યાદમાં નિર્ભય નચિંત થઇ મસ્ત વિચારોને તમારો જન્મજાત અને બાદશાહતનો ઉપભોગ લો.

સર્વે વૈરવિનિર્મુક્તાઃ પરસ્પરહિતૈષિણ : ।
સ્વસ્થા : શાન્તાં : સમૃદ્ધાશ્ચ સર્વે સન્યાકુતોભયા : ॥
ૐ શાન્તિ : । શાન્તિ : । શાન્તિ : ।

(લગભગ મોટા ભાગના પત્રોમાં 'હું આનંદમાં છું' એવું ધ્રુવપદ આવે છે એટલે આ લેખનું શીર્ષક એ મતલબનું રાખ્યું છે.)

# સ્મૃતિની પાંખે

☐ પ્રો. ચી. ના. પટેલ

'પાસપોર્ટની પાંખે'માં સંગ્રહીત પ્રવાસનિબંધોના લેખક ડૉ. રમણલાલ શાહને 'પાસપોર્ટની પાંખે' પ્રવાસો કરતાં જે જે અનુભવો થયા હતાં તે તે અનુભવો તેમણે પોતાની 'સ્મૃતિની પાખે' જોવા તાદશ પુનર્જીવિત કર્યા છે કે એ પ્રવાસનિબંધોના વાચકોને થશે કે જાણે પોતે એ પ્રવાસોમાં ડૉ. શાહના સહપ્રવાસી હતા, તે એ કારણે કે આ પ્રવાસનિબંધો પણ માત્ર દસ્તાવેજી દિનવારી જેવા નથી પણ લલિત નિબંધો જેવા છે. દરેકેદરેક પ્રવાસનિબંધમાં વાચક ડૉ. શાહના વિશિષ્ટ વ્યક્તિત્વનો સ્પર્શ અનુભવે છે અને જુએ છે કે 'દલપતકાવ્ય'ના ગુજરાતી મંગળાચરણમાં આપણા જાગૃતિકાળના એ કવિ જે આશ્ચર્યભાવથી લખે છે, 'વિચિત્ર આ નાટક વિશ્વનામ' એવા જ આશ્ચર્યભાવથી ડૉ. શાહે પોતાને થયેલા કેટલાક અનુભવોનું વર્ણન કર્યું છે.

વળી રમણલાલ આપણા પ્રખર મનીષી ગોવર્ધનરામ ત્રિપાઠીના માનસપુત્ર સરસ્વતીચંદ્રના સુવર્ણપુરમાં નવીનચંદ્ર નામધારી અવતારના જેવા 'અનુભવાર્થી' પણ છે. અને એ 'અનુભવાર્થી'એ જે જે પ્રવાસો કર્યા છે તે સર્વ પ્રવાસો પોતાની આંખો ઉઘાડી રાખીને અને પોતાના કાન સરવા રાખીને કર્યા છે. એ રીતે પ્રવાસો કરવાનું પરિણામ એ આવ્યું છે કે ડૉ. શાહે જે જે દેશોમાં કે પ્રદેશોમાં પ્રવાસ કર્યા છે તે તે દેશો કે પ્રદેશોની પોતે જોયેલી અથવા જાણેલી કે એ પ્રવાસોમાં તેમના માર્ગદર્શકો અથવા માર્ગદર્શિકાઓ પાસેથી સાંભળેલી ભૌગોલિક લાક્ષણિકતાઓ અને/અથવા એ દેશો કે પ્રદેશોને લગતી ઐતિહાસિક માહિતી તેઓ પોતાની સ્મૃતિમાં નોંધી રાખી શક્યા છે અને આ પ્રવાસનિબંધોમાંથી કેટલાકમાં એવી ભૌગોલિક લાક્ષણિકતાઓનું સવિગત વર્ણન કરી શક્યા છે. અને એવી ઐતિહાસિક માહિતી વાચકોને યથાવત્ આપી શક્યા છે.

હિંદી મહાસાગરમાં આવેલા મોરિશિયસ નામના ટાપુને, ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં આવેલા આઇસલેન્ડ નામના ટાપુને, મલાયાના પિનાંગ ટાપુને, ઉત્તર અમેરિકા અને કેનેડાની સરહદે આવેલી સેન્ટ લોરેન્સ નામની નદીમાં આવેલા સહસ્રદ્વીપ નામના ટાપુને, દક્ષિણ અલાસ્કાના વાલ્ડિઝ નામના બંદરને, અલાસ્કાના દેનાલી પાર્ક નામના ઉદ્યાનને, સોવિયેત યુનિયન અંતર્ગત જ્યોર્જિયા નામના પ્રદેશના પાટનગર તિબિલિસીને અને ઉઝબેકિસ્તાન નામના પ્રદેશના પાટનગર તાશ્કંદને અને એ જ પ્રદેશની પ્રાચીન નગરી સમરકંદને, પ્રાચીન મિસરની લગભગ ૨૫૦૦ કિલોમિટર લાંબી નદી નાઇલને અને વ્હેલ નામના સૌથી પણ વધારે ફૂટ લાંબા અને સૌથી પણ વધારે ટન વજનના જળચર પ્રાણીને લગતી ડૉ. શાહે તે તે પ્રવાસનિબંધોમાં જે જે ભૌગોલિક અને/અથવા ઐતિહાસિક માહિતી આપી છે તે વિશે પ્રવાસનિબંધોના વાચકોમાંથી ભાગ્યે જ કોઇ જાણતા હશે.

જાપાનના તોબા નામના શહેરનો પ્રવાસ કરતા ડૉ. રમણલાલે ઓઇસ્ટર નામની એક પ્રકારની માછલીમાંથી સાચાં મોતી મેળવતાં અને એ જ પ્રકારની માછલી ઉપર પ્રયોગો કરીને બનાવટી મોતી ઉત્પન્ન કરવાની પ્રક્રિયામાં જે હિંસા થતી જોઇ તેથી દુઃખી થઇને જૈન ધર્મની અહિંસા જેમને સ્વભાવગત છે એવા રમણલાલ લખે છેઃ 'હું વિચારે ચડી ગયો. મોતીને માટે જાપાનમાં રોજની કરોડો માછલીઓ મારી નાખવામાં આવતી હશે ! દુનિયાભરના મોતીના ઉત્પાદનનો વિચાર તો અહિંસાવાદીઓને કમકમાવી મૂકે એવો છે... મોતીના આ વેપારમાં અહિંસામાં માનવાવાળા જૈનો મોટી સંખ્યામાં પડ્યા છે એ વળી બીજી કરુણતા નથી ?'

આ પ્રવાસનિબંધો માહિતીસભર છે તે સાથે તેમના વિષયોનું વૈવિધ્ય પણ નોંધપાત્ર છે. 'મેવાસિંગનો બેટો', 'કિએવનો ગાઇડ વિક્ટર', 'સહસ્ર દ્વીપના પ્રદેશમાં', 'કુમામોટો', 'માઉન્ટ આબૂન' ને 'દેનાલી નેશનલ પાર્ક', 'રોટોરુઆ', 'વાલ્ડિઝ', 'વાઇકિંગના વારસદારો', 'સુવામાં નવું વર્ષ', 'કવાઇ નદીના કિનારે' અને 'વ્હેલદર્શન' એ પ્રવાસનિબંધમાં સારી ટૂંકી વાર્તામાં હોય એવું આશ્ચર્યતત્ત્વ છે, તો 'રેક્યાવિક પહોંચતા', 'તાશ્કંદમાં', 'ઇજિપ્તના વિસા' અને 'રિજેન્સબર્ગમાં રાતવાસો' એ પ્રવાસનિબંધમાં કોઇ નાટ્યાત્મક પરિસ્થિતિનું આલેખન છે.

વળી 'નિસ્બત' પ્રવાસનિબંધમાં રમણલાલને અને તારાબહેનને તેમનાં પુત્ર ચિ. અમિતાભ અને પુત્રવધૂ અ. સૌ. સુરભિ સાથે અમેરિકામાં બોસ્ટન નામના શહેરના એક્ટન નામના પરામાં ગ્રેટરોડ ઉપર આવેલા નાશોબા વેલી એપાર્ટમેન્ટસ સંકુલમાં રહેતાં આજના ઔદ્યોગિક સમાજોમાં ક્યાંક ક્યાંક જોવા મળે છે એવા સ્વકેન્દ્રી માનસનો અનુભવ થયો હતો તેનું વર્ણન છે, તો 'લેસ્ટરમાં અડધી રાતે' એ પ્રવાસનિબંધમાં રમણલાલનાં સાસુજીની સૂચનાથી 'વાટકી વ્યવહાર'નો અહિંસક પ્રયોગ કરીને એક આશુરોષ અંગ્રેજનો રોષ શમાવ્યાના પ્રસંગનું આલેખન છે.

'દ્યૂતનગર લાસ વિગાસ' એ પ્રવાસનિબંધમાં જુગારીઓની મનોવૃત્તિનું જરા રમૂજી નિરૂપણ છે. એ પ્રવાસનિબંધના વાચકોને એ જાણીને આશ્ચર્ય થશે કે રમણલાલ અને તારાબહેન જે હોટલમાં ઉતર્યા હતા એ હોટલના મેનેજરનું માન રાખવા તેમણે પણ એ દ્યૂતનગરમાં એક સ્લોટ મશીનમાં ૧૦ ૧૦ સેન્ટના ૧૦ સિક્કાઓ નાખીને બટન દબાવ્યાં હતાં અને એ મશીને તેમની ઉપર ૨૫ ડોલર અને ૪૦ સેન્ટની કૃપા વરસાવી હતી. જો કે એ રકમમાંથી તેમણે ૧૧ ડોલર હોટલના 'બેલબોય'ને બક્ષિસ રૂપે આપી દીધા હતા અને ટેક્ષી-ડ્રાઇવરને પણ ભાડાના ૭ ડોલર ઉપરાંત ૧૫ ડોલરની બક્ષિસ આપી હતી.

આપણે ઇચ્છીએ કે ડૉ. રમણલાલ શાહ ઇશોપનિષદનો બીજો મંત્ર કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતં સમાઃ ધ્યાનમાં રાખીને ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવવાની અભિલાષા રાખે, શેષ જીવનમાં પણ પ્રવાસો કરતા રહે અને આ પુસ્તક જેવા પ્રવાસનિબંધોનાં બીજાં પાંચદશ સંગ્રહો આપે. હું તો તેમને એમ પણ સૂચવું કે તેમણે હવે ટૂંકી વાર્તાઓ અને એકાંકી નાટકો લખતા થવું.

❖ ❖ ❖


## સંઘનાં નવાં પ્રકાશનો

**ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત**

| | કિંમત |
|---|---|
| (૧) પાસપોર્ટની પાંખે (ત્રીજી આવૃત્તિ) | રૂા. ૧૫૦-૦૦ |
| (૨) પાસપોર્ટની પાંખે ઉત્તરાલેખન | રૂા. ૧૫૦-૦૦ |

મુખ્ય વિક્રેતા
આર. આર. શેઠની કંપની
મુંબઇ-અમદાવાદ

☐ પ્રત્યેક પુસ્તક સંઘના સભ્યોને રૂપિયા ૧૦૦માં આપવામાં આવશે.

☐ મંત્રીઓ

# મારો પ્રિય અલંકાર

❑ ડૉ. ગુલાબ દેઢિયા

અતિશયોક્તિ અલંકાર એ સર્વ અલંકારોમાં શ્રેષ્ઠ છે એમ કહેવામાં કદાચ અતિશયોક્તિ થઇ કહેવાય; પરંતુ અતિશયોક્તિ અલંકાર કવિતામાં વાપરવામાં મહાકવિ પ્રેમાનંદ સર્વ કવિઓમાં શ્રેષ્ઠ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

શાળાના અભ્યાસ દરમ્યાન ઘણા અલંકારો ભણાવવામાં આવે છે અને તે યોગ્ય સમયે ભુલાઇ જાય છે. એકાદ અલંકાર યાદ રહી જાય છે. મને અતિશયોક્તિ અલંકાર ગમતો હતો અને આજે પણ ગમે છે. તેથી તે સુપેરે યાદ છે.

અતિશયોક્તિ એટલે વાતને વધારીને કહેવી હોય તેમાં ઘણું ઉમેરીને વાત કરવી. જગતમાં આમેય આપણને ઘણી બધી વસ્તુઓ ઘટતી લાગે છે. ઘણા લોકો રસોઇમાં ઉપરથી વધારાનું મીઠું લે છે. આ ચડિયાતું મીઠું તે અતિશયોક્તિ. અતિશયોક્તિ મીઠાના પ્રમાણમાં જ વધારે લઇએ તો ઠીક છે. પણ એ માને કોણ !

અતિશયોક્તિ આમ તો એક પ્રકારની ઉદારતા છે. 'ઓછું છે? લો હું મારા તરફથી થોડું ઉમેરી દઉં.' જેમ સર્જક કે કલાકાર જગતને વધુ સુંદર જોવા ઇચ્છે છે, તેમ કુદરતના સર્જનમાં પોતાના તરફથી કંઇક ઉમેરણ કરીને સુંદરતા બક્ષવા પ્રયત્ન કરે છે. (ક્યારેક એનાથી અસુંદરતા વધી જાય છે એ જુદી વાત વાત છે.)

માણસની પૂર્ણતાની ઝંખના રહેવાની ત્યાં લગી અતિશયોક્તિ રહેશે. ભલે રહે.

તમે કોઇના વખાણ કરશો, ત્યારે પેલો મનોમન વધુ વખાણ માગશે. માપસરનાં વખાણ એને અલ્પોક્તિ લાગશે. વખાણમાં વિવેક ચાલતો નથી. માણસને આમેય વાસ્તવિકતા બહુ ગમતી નથી. તેથી તો તે કલ્પનાની દુનિયામાં જીવે છે. કલ્પનાની દુનિયાનો પ્રાણવાયુ અતિશયોક્તિ છે.

વખાણમાં જ શા માટે, લોકો કૂથલી, ટીકા, નિંદા અપરસમાં પણ અતિશયોક્તિ માગે છે. માફકસરની કૂથલી એ કૂથલી જ નથી. જેમ કીડી જેવા રોગ પર દવાઓનું કટક ખડું કરનાર ડૉક્ટર વધુ સારો મનાય છે તેમ અતિશયોક્તિનું સમજવું.

ઠીક ઠીક જાણીતા માણસના મૃત્યુની શોકસભામાં શ્રદ્ધાંજલિના ઘોડાપૂર આવે છે. (છે ને અતિશયોક્તિવાળું વાક્ય !) એ સભાના વક્તાઓ અંજલિનો અર્થ ખોબો નહિ પણ ટોપલો એવો કરે છે. મરનારને શ્રદ્ધાસુમન અર્પણ કરવાને બદલે અતિશયોક્તિપૂર્ણ વખાણના ટોપલા ઠાલવે છે. અફસોસ બે જ જણને હોય છે. એક તો મૃતકને અને બીજો સાંભળનારને. મૃતકનો આત્મા વિચારતો હશે હું આવો સારો મહામાનવ હતો તે વિશે મને જીવતે જીવ કોઇએ કહ્યું ય નહિ ! શ્રોતા વિચારે છે. અરેરે ! આવા યુગપુરુષનો હું કેમ કંઇ લાભ ન લઇ શક્યો ? ! અતિશયોક્તિ વગર બોલી શકાય એવી શ્રદ્ધાંજલિ સભાઓ ઓછી હોય છે.

પ્રેમપત્રો અને સન્માનપત્રો અતિશયોક્તિનું મોકળું મેદાન છે. આમેય ભાષામાં ગમે તે શબ્દ વાપરોને, ક્યાં પૈસા પડે છે ! वचनेषु किं दरिद्रता । માત્ર વિશેષણો પોતાની વિશેષતા ગુમાવી બેસે છે એટલું જ. ચાલે ચાલે, ગણિતમાં અતિશયોક્તિ ન ફાવે તેથી તો મને ગણિત નથી ફાવતું.

લગ્નના આખાય પ્રસંગમાં ખરી સુગંધ છે, ખરો મહિમા છે તે છે અતિશયોક્તિનો. લગ્નમાંથી અતિશયોક્તિ કાઢી નાખો તો પછી રહે શું ! વરરાજાને વરઘોડામાં જ ઘોડા પરથી ઊતારી દીધા જેવું થાય. માત્ર વર તો પછી રોજનો છે. લગ્ન ટાણે તો એ વરરાજા છે! સગાઇ નક્કી થાય છે ત્યારે જ ખરું કામ અતિશયોક્તિ કરી જાય છે. ભાવિ વર-વધૂનાં રૂપ, ગુણ, ખાનદાન, વૈભવ, કુશળતાનાં જે વખાણ કરવામાં આવે છે તે તો માણવાં જેવાં હોય છે. સગાઇ ટાણે જ મુગ્ધ કન્યાને બત્રીસ શાક ને છત્રીસ ભોજન રાંધતાં આવડતાં જ હોય છે ! મીઠાઇનો પૂરો થાળ એણે જ સર્જ્યો (એટલે ગોઠવ્યો) હોય છે ! રસભરી મધુર મીઠાઇ કોનું મન મોહી ન લે. શહેરનો પેલો કંદોઇ જ બધું સમજે છે. ખરેખર તો એણે જાહેરાત કરવી જોઇએ : 'આ શહેરની સારાં સારાં કુટુંબની કન્યાઓ અમારી મીઠાઇઓના જોરે સારાં સારાં કુટુંબોની ગૃહલક્ષ્મી બની છે.' ના, એ સમજુ છે. કોઇનો મોહભંગ નથી કરવા માંગતો. એ જાણે છે કે પેલો વરરાજા નર્યો વર બનશે ત્યારે જ વહુરાણીની પાકકળાનો અસલ સ્વાદ માણશે.

લગ્ન જ શા માટે, પ્રેમીજનોનાં સપનામાં, પ્રેમાલાપમાં મધુર ચાંદની તો અતિશયોક્તિની જ હોય છે. 'હું તારા વગર જીવી નહિ શકું.' આ વાક્યનો અર્થ બોલનાર ને સાંભળનાર બન્ને જાણે છે. છતાં મજા લે છે. સપનાનાં સ્વર્ગમાં મહાલે છે.

ખરેખર તો સ્વર્ગ પોતે જ અતિશયોક્તિની એક ઊંચી છલાંગ છે.

રાજા-મહારાજાઓની ગાથાઓમાં વધારીને કરેલી વાતો બાદ કરીએ તો ! રાજાઓનાં ઇલકાબો, સ્તુતિઓ, બધું જ ભરમારવાળું. આજ સુધી રાજાઓ ગયા તો પણ પ્રજાના મનમાંથી રાજાની આભા ગઇ નથી. અહોભાવ ઓછો નથી થયો.

સાહિત્યના બધા રસ, એકાદ શાંત રસને છોડીને અતિશયોક્તિથી જ શોભે છે. કરુણ, વીર, અદ્‌ભુત વગેરેમાંથી અતિશયોક્તિ કાઢી કે રસ નીરસ બની જશે. તેથી જ શાંત રસ પ્રજાને ઓછો ગમે છે. શાંત રસ તો માને છે-અતિ સર્વત્ર વર્જયેત. લોકોને રંગોમાં પણ શ્વેત સૌથી ઓછો ગમે છે કારણ કે તે શાંત રંગ છે.

વાસ્તવિકતા કઠણ હોય છે, કલ્પના રંગીન, મૃદુ હોય છે. સત્ય સૂર્ય જેવું છે. જેની સામે આંખ ન માંડી શકાય. લોકોને ગમે છે ચાંદની. અને તેમાં જ અતિશયોક્તિ ચાલી શકે છે. બધું મનોરમ ભાસે છે. ભરતી ઓટ ચંદ્રને જ આભારી છે. ઉપકારી ભલે સૂર્ય છે, પણ આનંદદાતા તો ચંદ્ર જ છે. યથાર્થ આપણી નિયતિ છે. અતિશયોક્તિ આપણું મનોરાજ્ય છે. જ્યાંના આપણે રાજા છીએ. (રાજાપણું આવ્યું ને !)

અરે ! શાપ અને આશીર્વાદને જ જુઓ. તેમાં અંતર્ગત શું છે? અતિશયોક્તિ જ વળી ! એના વગર શાપ કે આશીર્વાદ બન્ને ફીક્કાં.

જાહેરખબરો શું છે ? ઉત્પાદનની લોભામણી અતિયુક્તિ. જાહેર ખબર પહેલાં જ સુખ દઇ દે છે. વસ્તુ કદાચ દે ન દે. પ્રકૃતિને અતિશયોક્તિ વગર ચાલશે, માનવીને નહિ. કુદરતમે કંઇ વેચવું નથી, માનવીને તો કંઇક ખપાવવું છે. બોર વેચવા માટે બોલવું પડશે. બોરમાં છે એટલું જ નહિ, નથી તેના પણ વખાણ કરવા પડશે.

બધું જ ક્ષણભંગુર-નાશવંત છે. છતાં સંસારીઓને તો પોતાની શ્રેષ્ઠતા, યાવત્‌ચંદ્ર દીવાકરૌ સુધી પોતાનું નામ રાખવાનો અભરખો છે. બધું બદલાય છે. નામ નથી રહેતું. કીર્તિ કેરાં કોટડાંય નથી રહેતાં. જબ તક સૂરજ ચાંદ રહેગા તબ તક અતિશયોક્તિની ટેવ તો રહેશે જ. અતિશયોક્તિ વિશે કંઇ પણ કહેવામાં અતિશયોક્તિ નથી.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઇ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઇ-૪૦૦ ૦૨૭.

● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૨-૩ ● ● તા. ૧૬-૩-૯૯ ● Licence to post without prepayment No. 37 ● Regd. No. MH / MBI-South / 54 / 99

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## कालें कालं समायरे ।

—ભગવાન મહાવીર

## [ યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરી લેવું ]

ભગવાન મહાવીર સ્વામીએ સાધુઓને પોતાના આચાર-પાલનમાં કાળનો પૂરેપૂરો ખ્યાલ રાખવા માટે કહ્યું છે કે જે કાર્ય જે સમયે કરવાનું હોય તે કાર્ય તે સમયે જ કરી લેવું જોઇએ. ઊઠવું, બેસવું, સૂવું, ગોચરી વહોરવી, આહાર લેવો, તથા પ્રતિલેખન, પ્રતિક્રમણ ઇત્યાદિ ધર્મક્રિયાઓ સમયસર કરી લેવી જોઇએ. કસમયે એ કરવાથી ઘણી ક્ષતિઓ થવાનો સંભવ છે, ક્યારેક પશ્ચાત્તાપ કરવાનો વખત આવે છે અને ધારેલું પરિણામ આવતું નથી. એથી સાધુ જીવનના ગૌરવને હાનિ પહોંચે છે.

મનુષ્યના જીવન ઉપર જે જુદાં જુદાં તત્ત્વોનો પ્રભાવ પડે છે એમાં સૌથી વધુ પ્રભાવ કાળનો પડે છે. કાળ સતત વહેતો રહે છે. કાળ એટલો સૂક્ષ્મ છે કે એને પકડી શકાતો નથી. વર્તમાન કાળ ક્ષણ માત્રમાં ભૂતકાળમાં સરી પડે છે. ભવિષ્યકાળ ક્યારેય ખતમ થવાનો નથી. ભૂતકાળની શરૂઆત ક્યારે થઇ તે કોઇ કહી શકે નહિ. એટલે કે એ અનાદિ છે. ભવિષ્યકાળ અને ભૂતકાળ બંને અનંત છે, તો બીજી બાજુ વર્તમાન કાળ માત્ર એક ક્ષણ (કાળનું એક લઘુતમ એકમ જેને જૈન ધર્મ 'સમય' કહે છે) જેટલો જ છે. છતાં સામર્થ્ય વર્તમાનનું છે. કાળના સ્વરૂપની આ તે કેવી વિચિત્રતા ! માટે જ વર્તમાનનું માહાત્મ્ય છે.

કાળની અસર જડ અને ચેતન એમ બંને તત્ત્વો પર થાય છે. નાનાં બાળકો ઘડીકમાં મોટાં થઇ જાય છે. યુવાનો વૃદ્ધ થાય છે અને વૃદ્ધો પોતાનો કાળ પાકતાં સંસારમાંથી વિદાય લે છે. જન્મ-મરણનું ચક્ર દિવસરાત સતત ચાલતું રહે છે. જડ પદાર્થોમાં પણ રૂપાંતર થતાં રહે છે. આજની નવી ચીજવસ્તુ કાલે જૂની થાય છે અને વખત જતાં નષ્ટ થાય છે.

જગતમાં અનેક લોકો પોતાના જીવનને સફળ બનાવી લે છે, તો અનેક લોકોનું જીવન બરબાદ થઇ જાય છે. આમ થવાનાં ઘણાં કારણોમાંનું એક મોટું કારણ તે કાળ છે. જેમણે પોતાના જીવનને સફળ બનાવવું હોય તેમણે યોગ્ય કાળે યોગ્ય કાર્ય કરી લેવું જોઇએ. कालें कालं समायरे ।

'ઉત્તરાધ્યયન સૂત્ર'માં પ્રથમ અધ્યયનમાં ભગવાન મહાવીરે કહ્યું છે :

कालेण णिक्खमे भिक्खू कालेण य पडिक्कमे ।
अकालं च विवज्जिता काले कालं समायरे ॥

[ ભિક્ષુએ વેળાસર નીકળવું (ભિક્ષા માટે) અને વેળાસર પાછું આવી જવું. કવેળાએ કાર્ય કરવું નહિ. યોગ્ય કાળે યોગ્ય કાર્ય કરી લેવું. ]

જેમ સાધુઓએ તેમ ગૃહસ્થોએ પણ યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરી લેવું જોઇએ. કાળરૂપી આખલાને શિંગડેથી પકડીને વશ રાખવો જોઇએ. જેઓ અવસર ચૂકે છે તેમને નિરાશ થવાને વખત આવે છે. રાંડ્યા પછી ડહાપણ આવે છે.

સમયનો ત્વરિત સદુપયોગ કરી લેવા માટે ઠેઠ પ્રાચીનકાળથી બોધવચનો પ્રચલિત છે, કારણ કે સમયનો અનુભવ સર્વકાલીન છે. न कार्यकालमतिपातयेत् । (કાર્યકાળને વેડફી ન નાખો) न कालमतिवर्तन्ते महान्तः स्वेषु कर्मषु । (મહાન માણસો પોતાના કાર્યમાં કાળનું અતિક્રમણ નથી કરતા અર્થાત્ વિલંબ નથી કરતા.)

પ્રકૃતિના નિયમો છે. એ નિયમોની સતત અવગણના કરનારની પછી પ્રકૃતિ અવગણના કરે છે. અકાળે ખાવું, અકાળે જાગવું, અકાળે ઊંઘવું એ બધી વિપરીત ક્રિયાઓનાં પરિણામ મનુષ્યને ભોગવવાં પડે છે. જ્યાં કાળની બાબતમાં માણસ નિયમિત છે ત્યાં પ્રકૃતિ પણ એને સહાય કરે છે. જલ, વાયુ, પ્રકાશ વગેરેના સહારે વ્યવસાય કરનારા ખેડૂત, નાવિક વગેરેને એનો અનુભવ હોય છે. Stike when the iron is hot અથવા Make hay when the sun shines જેવી કહેવતો પ્રચલિત છે.

જે માણસ સમયની બાબતમાં સભાન છે તે પોતાનાં કાર્યોનું આયોજન વ્યવસ્થિત રીતે કરી લે છે. વિશ્વના મહાપુરુષોના જીવનનો ઇતિહાસ જોઇએ તો જણાશે કે તેઓએ પોતાના સમયને બરબાદ કર્યો નથી. જેઓ સમય બરબાદ કરે છે તેઓ જીવનમાં અપેક્ષિત સિદ્ધિઓ મેળવી શકતા નથી. તેઓ મહાન બની શકતા નથી.

કાળ ધસમસતો જાય છે. એને અટકાવી શકાતો નથી. Time and Tide wait for none. જે માણસે અંગત જીવનમાં સિદ્ધિ મેળવવી હોય તેણે કાળને વશ કરવો જોઇએ. જે સમય જાય છે તે પાછો આવતો નથી. સિદ્ધિની ટોચે પહોંચેલા માણસોના જીવનનો જો બરાબર અભ્યાસ કરીએ તો જોઇ શકાશે કે તેઓએ પોતાના વર્ષોનો હિસાબ બરાબર રાખેલો છે. ક્યારેક તો આશ્ચર્ય થાય કે આટલી નાની જિંદગીમાં આટલું બધું કાર્ય તેઓ કેવી રીતે કરી શક્યા હશે ! વસ્તુતઃ કાળને બરાબર પરખવાવાળા કેટલાક

મહાત્માઓ પચાસ-સાઠ વર્ષની જિંદગીમાં સો વર્ષ જેટલું કાર્ય કરી જાય છે. તેઓ સમય બગાડતા નથી એ તો ખરું જ, પણ ક્યારેક તો એક સાથે બે કે ત્રણ કામ કરતા હોય છે કે જે સાથે સાથે થઈ શકે. ગાંધીજી મુલાકાતીની સાથે વાતો કરતાં કરતાં રેંટિયો કાંતતા. એક સાથે બે કામ કરવાનો મહાવરો ઘણાંને હોય છે. અલબત્ત, એમ કરતી વખતે માણસની સ્વસ્થતા અને પ્રસન્નતા ન હણાવી જોઈએ.

જે પ્રજા પોતાના માનવ કલાકોનો બરાબર સદુપયોગ કરી લે છે તે પ્રજા શીઘ્રતાથી સમૃદ્ધિ પ્રાપ્ત કરી લે છે. સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા બરાબર ગોઠવાયેલી હોય તો મનુષ્યને પોતાના કલાકોને સાર્થક કરવાનું સૂઝે છે અને આવડે છે. સમૃદ્ધ દેશોમાં માણસો પોતાના પ્રત્યેક કલાકનો વિચાર કરે છે. નિયમિતતા અને સમયપાલનની ચુસ્તતા પર ભાર ત્યાં મૂકવામાં આવે છે. બીજાનો સમય બગાડવાનો પોતાને અધિકારી નથી એવી પ્રામાણિક સભાનતા તેઓ ધરાવે છે. પછાત, અર્ધવિકસિત દેશોમાં ઠેર ઠેર માણસો નવરા બેઠા હોય છે, ગામગપાટા મારતા હોય છે અને નિંદાકુથલીમાં કે ક્ષુદ્ર બાબતોમાં પોતાનો અને બીજાનો સમય વેડફી નાખતા હોય છે. એ વેડફાયેલા કલાકોનું સ્વૈચ્છિક આયોજન જો થાય તો પણ કેટલાંયે વિકાસ કાર્યો સહેલાઈથી થઈ શકે.

વર્તમાન વિશ્વ સમયની બાબતમાં ઉત્તરોત્તર વધુ સભાન થતું જાય છે. અવકાશ સંશોધનમાં, અણુક્ષેત્રમાં, ક્ષેપકાસ્ત્રો (Missiles) વગેરેમાં કલાક અને મિનિટ ઉપરાંત સેકન્ડની પણ વિચારણા થાય છે. રમતગમતના વિક્રમોમાં સેકન્ડનો તફાવત મહત્ત્વનો બની જાય છે. ઔદ્યોગિક ઉત્પાદનોમાં સમય કેવી રીતે ઘટાડાય કે જેથી ઉત્પાદનની પડતર કિંમત ઓછી થાય અને નફો વધુ થાય.

કાળની ગતિ સમ છે પણ મનુષ્યને એની ગતિ વિષમ લાગવાનો સંભવ છે. મિલનનો સમય ટૂંકો લાગે અને વિરહકાળ દીર્ઘ લાગે. દુઃખમાં દહાડા લાંબા લાગે.

કેટલીક ઘટનાઓ વર્તમાનમાં જેટલી મોટી લાગતી હોય તે થોડો કાળ વીત્યા પછી કેવી ગૌણ કે ક્ષુદ્ર બની જાય છે ! ક્યારેક તો વહી ગયેલો કાળ જ નવી પરિસ્થિતિનો સાચો વાસ્તવિક ખ્યાલ આપે છે. એ પરિસ્થિતિની પહેલેથી ખબર હોત તો પોતે જે કાર્ય કર્યું તે ન કર્યું હોત. વળી એટલો સમય બરબાદ ન કર્યો હોત. ભૂતકાળ પર નજર ફેરવતાં દરેક વ્યક્તિને થોડુંઘણું એવું લાગવાનું જ કે પોતાનો અમુક સમય ખોટી રીતે બગડી ગયો.

સમયની બાબતમાં સભાન રહેવું એનો અર્થ એ નથી કે સમય સાચવવા સતત ચિંતિત રહેવું. સમયની બાબતમાં સમજણપૂર્વક સભાન હોવું તે એક વાત છે અને ઉતાવળિયા થવું, રઘવાટ કરવો, તંગ થઈ જવું, ચિંતિત થઈ જવું તે બીજી વાત છે. માણસે સમયને દાસ બનાવવો જોઈએ. એના પોતે ગુલામ ન બનવું જોઈએ. કેટલાક લોકો સમય સાચવે છે, ઘડિયાળના ટકોરે બધું કરે છે, પણ એમના જીવનમાં કોઈ પ્રગતિ કે શાન્તિ દેખાતી નથી. વર્તમાન જગતમાં Time Stress ઘણા માણસો અનુભવે છે અને એથી હૃદયની બીમારીના કે માનસિક તનાવના, ડિપ્રેશનના ભોગ બની જાય છે. જેમ સમયની સભાનતાની જરૂર છે તેમ નિરાંતની પણ એટલી જ જરૂર છે. કહ્યું છે :

What is this life full of care,<br>
If there is no time to stand and stare.

એટલા માટે જ એક લેખકે કહ્યું છે કે To do great work a man must be idle as well as very industrious. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્વસ્થતા, સંયમ, ધીરજ, ધૈર્ય વગેરે સદ્ગુણો કાળના સ્વરૂપને સમજવામાં અને એનો વધુમાં વધુ લાભ લેવામાં ઉપયોગી નીવડે છે.

આપણે જોઈએ છીએ કે દંભી માણસો પોતાની મોટાઈ બતાવવા માટે બીજાની સાથે સરખી વાત કરતા નથી. સમય વિશેની તેમની કૃત્રિમ સભાનતામાં એમનું મિથ્યાભિમાન ડોકિયાં કરતું હોય છે. પોતાને જરા પણ ફૂરસદ નથી એવું બતાવીને ભાગનારા પછી સમય પસાર કરવા માટે વલખાં મારતા હોય છે. માણસ સમયની બાબતમાં સતત સભાન હોય અને છતાં એની સભાનતા બીજાને કળાતી ન હોય અને એના વર્તનને જરા પણ કૃત્રિમ ન બનાવતી હોય તેવા માણસોએ કાળના મર્મને પચાવ્યો છે એમ કહી શકાય.

કાંડે ઘડિયાળ પહેરી હોય છતાં અનેક માણસો પોતાનો કિંમતી સમય વેડફી નાખે છે. જાણે કેટલો સમય વેડફાઈ ગયો એ જાણવા માટે જ ઘડિયાળ ન પહેરી હોય ! જો કે એ જાણવાની દરકાર પણ કેટલાને હોય છે ? વસ્તુતઃ સમયને પારખવા માટે પોતાની પાસે ઘડિયાળ હોવી જરૂરી નથી. અનેક અપરિગ્રહી સાધુસંતો પાસે ઘડિયાળ નથી હોતી, પરંતુ સમયનો ખ્યાલ આપણા કરતાં તેમને વધુ હોય છે. સમય એમની આસપાસ સતત રમતો હોય છે. કોઈક મહાત્માઓને તો એવો મહાવરો થઈ ગયો હોય છે કે તેઓ કહે તે સમય સાચો જ હોય. કદાચ ઘડિયાળ ખોટી પડે, પણ તેઓ ખોટા ન પડે.

જીવનમાં ભૌતિક સિદ્ધિઓમાં કાળનું મહત્ત્વ હોય કે ન હોય, આધ્યાત્મિક સિદ્ધિઓ માટે કાળનું મહત્ત્વ અનિવાર્ય છે. એક ક્ષણનો પણ પ્રમાદ જીવને દુર્ગતિમાં લઈ જાય છે. મેળવેલી આધ્યાત્મિક સિદ્ધિઓને સ્થિર રાખવા માટે નિરંતર અપ્રમત્તાવસ્થા જરૂરી છે. એટલા માટે જ ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને વારંવાર કહ્યું હતું કે હે ગૌતમ ! 'સમય' માત્રનો પ્રમાદ ન કરશો. समयं गोयम मा पमायए ।

કાળ સાપેક્ષ છે. સૂર્યચંદ્ર ફરે છે માટે કાળ ફરતો દેખાય છે, પણ અંતરીક્ષમાં એવાં પણ સ્થળો છે કે જ્યાં કાળ થંભી ગયેલો લાગે. જેઓની આત્મસ્વભાવમાં રમણતા છે ત્યાં કાળ જાણે સ્થિર થઈ ગયો હોય એવી સૂક્ષ્માનુભૂતિ થાય છે. જ્યાં ત્રિકાળ જ્ઞાન છે, કેવળજ્ઞાન છે ત્યાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળનું જ્ઞાન એકરૂપ હોય છે, યુગપદ્ હોય છે.

☐ રમણલાલ ચી. શાહ


## પ્રબુદ્ધ જીવન

(રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ના અન્વયે)
(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ -૪૦૦૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ : | દર મહિનાની સોળમી તારીખ. |
| ૩. મુદ્રકનું નામ : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૪. પ્રકાશકનું નામ : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૫. તંત્રીનું નામ : | ડૉ. રમણલાલ ચી. શાહ |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામું : | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૯૯ રમણલાલ ચી. શાહ

# 'કવિસમય' - એક અવલોકન

□ પ્રો. અરુણ જોષી

આચાર્યશ્રી મમ્મટે પોતાના સંસ્કૃત ભાષામાં બનાવેલા ગ્રંથ 'કાવ્યપ્રકાશ'માં જેને વિલક્ષણ૧ (છેલ્લે પાને જુઓ પાદટીપ) કહી છે તેવી કાવ્યસૃષ્ટિના સર્જક બ્રહ્મા તરીકે એક માત્ર કવિનું નામ લઈ શકાય. આ કાવ્યસૃષ્ટિ બ્રહ્માની સૃષ્ટિ કરતાં નિરાળી હોવાથી જ મમ્મટાચાર્યે તેને વિલક્ષણ ગણી છે. કાવ્યસર્જન કરતી વખતે કવિઓ પરંપરાગત પ્રચલિત માન્યતાઓને વળગી રહે છે અને એ રીતે પોતાની પહેલાં સંભવેલા કવિઓ પ્રત્યે આદરભાવ વ્યક્ત કરે છે. પોતાની પહેલાં થઇ ગયેલા કવિઓએ જે અમુક પ્રકારની અલૌકિક બાબતો રજૂ કરી હોય તેને યથાતથ રીતે વળગી રહેવાની આ ભાવનાને 'કવિસમય'નું અનુકરણ કર્યું એમ કહેવામાં આવે છે. 'કવિસમય' એ શાસ્ત્રીય પરંપરાનો શબ્દ છે અને તેનો અર્થ 'કવિઓની પરંપરાગત પ્રચલિત માન્યતાઓ' એવો થાય. આ વિષય અંગે દસમી સદી પહેલાં ખાસ કંઇ વિચારણા થઇ હોય એવી માહિતી મળતી નથી.૨ દસમી સદીમાં થઇ ગયેલા કવિરાજ તરીકે ઓળખાતા આચાર્યશ્રી રાજશેખરે પોતાના 'કાવ્યમીમાંસા નામના સંસ્કૃત ગ્રંથના અઢાર અધ્યાયોમાંથી ચૌદમા, પંદરમા અને સોળમા-એમ ત્રણ અધ્યાયોમાં આ 'કવિસમય' અંગે સરસ છણાવટ કરી છે.૩ રાજશેખર પહેલાં આવિર્ભાવ પામેલા ભામહ, દંડી કે વામન જેવા આચાર્યોએ આ વિષય બાબત કંઇ વિવેચન ન કરેલ હોવાથી 'કવિસમય'નું વ્યવસ્થિત અને વિસ્તૃત વર્ણન કરનાર સર્વપ્રથમ આલંકારિક તરીકેનું માન રાજશેખરને ફાળે જાય છે.

રાજશેખરે ઉપર જણાવ્યું તેમ ત્રણ અધ્યાયોમાં આ વિષયની છણાવટ કરી અને વ્યવસ્થિત રજૂઆત દ્વારા કવિસમય૪ અંગે માંડેલા મનમાન્યા નિરૂપણને અટકાવી દીધું હતું. કવિઓની આ પરંપરાગત માન્યતાઓ અવૈજ્ઞાનિક છે તેથી ભામહ, દંડી અને વામન જેવા આચાર્યો મુજબ તો અશાસ્ત્રીય અને અલૌકિક વર્ણનને દોષ ગણાય પણ રાજશેખર કવિસમયને દોષ ન ગણતાં કવિમાર્ગ માટે અનુગ્રાહી૬ ગણે છે. વિસ્તૃત અને વ્યવસ્થિત રીતે કવિસમયનો ખ્યાલ મળી રહે તે ખાતર રાજશેખરે તેના નીચે મુજબ ત્રણ પ્રકારો પાડ્યા છે.

(૧) ભૌમ, (૨) પાતાલીય, (૩) સ્વર્ગ્ય. આ ત્રણે પ્રકારોમાં ભૌમ કવિસમયનું ક્ષેત્ર વધુ વ્યાપક૭ હોવાથી બાકીના બે કરતાં તેને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. અત્રે એ બાબત નોંધનીય છે કે બારમી સદીમાં થઇ ગયેલા આચાર્યશ્રી હેમચંદ્રે આ બધા પ્રકારોને માન્ય ગણેલ છે.

ભૌમ કવિસમયની વિસ્તૃત ચર્ચા કરતી વખતે જગતના પદાર્થો જાતિવાચક, દ્રવ્યવાચક, ગુણવાચક અને ક્રિયાવાચક હોય છે તે બાબતનો રાજશેખરે ખ્યાલ રાખ્યો છે અને આ ચારેયના ત્રણ ત્રણ પેટા વિભાગો પાડતી વખતે જણાવ્યું છે કે કવિઓ ક્યારેક અસત્‌નો ઉલ્લેખ કરે છે, ક્યારેક સત્‌નો અનુલ્લેખ કરે છે અને ક્યારેક નિયમ બનાવી કાઢે છે. આ પેટા પ્રકારો અંગે સમજાવતાં રાજશેખર કહે છે કે કવિઓ ક્યારેક જે પદાર્થ શાસ્ત્રમાં કે લોકમાં સાંભળવા ન મળે તેનો કાવ્યરચનામાં ઉલ્લેખ કરે છે તેને કહેવાય : (૧) અસત્‌નો ઉલ્લેખ. શાસ્ત્ર કે લોકમાં જે પદાર્થ વર્ણિત હોય છતાં કાવ્યરચનામાં તેનો ઉલ્લેખ ન કરવો તેને કહેવાય : (૨) સત્‌નો અનુલ્લેખ. શાસ્ત્ર અને લોકના નિયમોથી નિયંત્રિત અને અનેક વાર વ્યવહારી બાબતો અંગે કવિઓ નિયમ બનાવી કાઢે છે તે ત્રીજો પ્રકાર થયો. આ ત્રણે જાતિ, દ્રવ્ય, ગુણ અને ક્રિયામાં જોવા મળે તેથી કવિસમયમાં કુલ બાર પ્રકારો થાય. આ બારેય પ્રકારોની વિસ્તૃત છણાવટ રાજશેખરે નીચે મુજબ કરી છે :

(૧) જાતિવાચક શબ્દમાં અસત્‌નો ઉલ્લેખ : નદીઓમાં કમળ ઉત્પન્ન થતાં નથી, બધાં જળાશયોને કાંઠે હંસ વગેરે પંખીઓ જોવા નથી મળતાં તેમજ બધા પર્વતો ઉપર સુવર્ણ, રત્નની હાજરી નથી હોતી છતાં કવિઓ તો આ વૈજ્ઞાનિક બાબતનો ખ્યાલ રાખતા નથી. મહાકવિ કાલિદાસે 'મેઘદૂત'ના શ્લોક ૩૧માં શિપ્રા નદીમાં કમળનો સંભવ વ્યક્ત કર્યો છે.

(૨) જાતિવાચક શબ્દમાં સત્‌નો અનુલ્લેખ : કવિઓના નિરૂપણ અનુસાર વસંતમાં માલતીનો સંભવ ન હોય, ચંદનને પુષ્પ અને ફળ ન હોય અને અશોકવૃક્ષને ફળ ન હોય. પરંતુ આપણો અનુભવ છે કે વસંતમાં માલતીનો સંભવ હોય છે, ચંદનના વૃક્ષમાં પુષ્પ અને ફળ હોય છે અને અશોક ફળ સમન્વિત હોય છે.

(૩) જાતિવાચક શબ્દમાં નિયમ : મગરનો માત્ર સમુદ્રમાં જ હોય, તામ્રપાણી નામની નદીમાં જ મોતીની ઉત્પત્તિ થાય એવો કવિઓએ નિયમ બાંધી લીધો હોય છે. મગર તો નદીમાં પણ હોય અને મોતી અન્યત્ર પણ સંભવે એ આપણો અનુભવ છે.

(૪) દ્રવ્યવાચક શબ્દોમાં અસત્‌નો ઉલ્લેખ : કવિઓ અંધકારનું વર્ણન કરતાં જણાવે છે કે અંધકારને મૂઠીમાં ગ્રહી શકાય છે, તેને સોયથી વિંધી શકાય છે અથવા તો ચંદ્રના પ્રકાશને ઘરમાં પૂરી શકાય છે. ખરેખર આમ ન બને છતાં કવિઓની દુનિયામાં આવું બનતું હોય છે.

(૫) દ્રવ્યવાચક શબ્દોમાં સત્‌નો અનુલ્લેખ : કૃષ્ણપક્ષમાં ચંદ્રનો પ્રકાશ અમુક સમયે જોવા મળે છે છતાં કવિઓ તો કૃષ્ણપક્ષમાં ચાંદનીનો અભાવ જ વ્યક્ત કરે છે. તે રીતે શુકલપક્ષમાં અમુક સમયે અંધકાર જોવા મળતો હોય છે છતાં કવિઓ અન્યથા આલેખન કરવાના મતના છે.

(૬) દ્રવ્યવાચક શબ્દોમાં નિયમ : ભૂર્જપત્ર માત્ર હિમાલયમાંથી પ્રાપ્ત થાય. ચંદનની ઉત્પતિ માત્ર મલય પર્વતમાંથી જ થાય એવો કવિઓએ નિયમ બનાવી લીધો છે. વળી કવિઓ સાગર અને મહાસાગરને એક જ માની લે છે. ક્ષીરસાગર અને ક્ષારસાગરને પણ એક જ માનવા જોઇએ એવું આલેખન કરે છે.

(૭) ગુણવાચક શબ્દોમાં અસત્‌નો ઉલ્લેખ : સંસારના વ્યવહાર મુજબ યશ કે હાસ્યને કોઇ રૂપ રંગ નથી. અયશ કે પાપને પણ નથી. ક્રોધ, અનુરાગ વગેરે પણ રંગહીન છે છતાં કવિઓની દષ્ટિએ યશ અને હાસ્ય ધવલ છે, અયશ અને પાપ કાળા રંગના છે. ક્રોધ અને અનુરાગનો રંગ લાલ છે.

(૮) ગુણવાચક શબ્દોમાં સત્‌નો અનુલ્લેખ : કુન્દ પુષ્પની કળીઓ લાલ છે, કમલ મુકુલ લીલા રંગનાં હોય છે અને પ્રિયંગુ પુષ્પ પીળાં હોય છે છતાં કવિઓ આમ નથી હોતું એમ વર્ણવે છે.

(૯) ગુણવાચક શબ્દોમાં નિયમ : સાધારણ રીતે કવિઓએ નિયમ બાંધી લીધો હોય છે કે માણેક લાલ રંગના જ હોય, પુષ્પો શ્વેત જ હોય, મેઘનો રંગ કાળો જ હોય. વળી, કૃષ્ણ અને નીલ, પીત અને રક્ત, શુકલ અને ગૌર વર્ણોમાં કવિઓ કોઇ ભેદ ઘણીવાર પાડતા નથી.

(૧૦) ક્રિયાવાચક શબ્દોમાં અસત્‌નો ઉલ્લેખ : કવિઓનાં વર્ણનમાં રાત્રિ દરમ્યાન ચક્રવાકદંપતી જળાશયના જુદા જુદા કિનારાનો આશ્રય લઇ વિરહમાં ઝૂરે છે એવી વાતનું નિરૂપણ હોય છે. ચકોર પક્ષી ચંદ્રિકાનું પાન કરે છે એમ કવિ વર્ણવે છે પણ આવું ખરેખર હોતું નથી.

(૧૧) ક્રિયાવાચક શબ્દોમાં સત્‌નો અનુલ્લેખ : દિવસે નીલકમળને આપણે વિકસતું જોઇએ છીએ. દિવસે શેફાલિકાના ફૂલો નીચે પડે છે છતાં કવિઓ આમ નથી બનતું એમ વર્ણવતા હોય છે.

(૧૨) ક્રિયાવાચક શબ્દોમાં નિયમ : ગ્રીષ્મ અને વર્ષા-આ બંને ઋતુઓમાં કોયલ ટહૂકા કરે છે પણ કવિઓ તો માત્ર વસંતમાં જ કોયલ ટહૂકા કરે એમ માનતા હોય છે. મયૂર માત્ર વર્ષાઋતુમાં જ નૃત્ય કરે એમ કવિઓએ નિયમ બાંધી લીધો હોય છે. જો કે મયૂરનું નૃત્ય તો વર્ષ દરમ્યાન બધી ઋતુઓમાં જોવા મળે છે. (અત્રે એ નોંધવું જોઇએ કે ખરેખર નર કોયલ ટહૂકે છે, માદા નહિ, એટલે કોયલ ટહૂક્યો એમ કહેવું જોઇએ પણ બધા કવિઓ કોયલ ટહૂકી એમ જ કહેતા હોય છે.)

આ રીતે ભૌમ કવિસમયના બાર પ્રકારો રજૂ કર્યા બાદ રાજશેખર પાતાલીય કવિસમય અંગે ચર્ચા કરે છે.

(૧) પાતાલગત નાગરાજ વાસુકિ અને શિવની શોભા વધારનાર સર્પ એક જ છે એમ કવિઓના વર્ણન ઉપરથી જાણવા મળે છે.

(૨) પાતાલગત દૈત્ય, દાનવ અને અસુરો ભિન્ન ભિન્ન જાતિના છે છતાં કવિઓ વર્ણન કરે છે ત્યારે એવો કોઈ ભેદ લક્ષમાં રાખતા નથી. ખરેખર વર્ણન કરવું હોય તો (૧) હિરણ્યાસ, હિરણ્યકશિપુ, પ્રહ્‌લાદ, વિરોચન અને બલી વગેરેને દૈત્ય ગણવા જોઇએ. (૨) વિપ્રચિત્તિ, શંબર, નપુચિ અને પુલોપને દાનવો ગણવા જોઇએ અને (૩) બલ, વૃત્ર અને વૃષપર્વાને અસુર ગણવા જોઇએ.

ત્યારબાદ સ્વર્ગ્ય કવિસમયની ચર્ચા કરતાં રાજશેખર જણાવે છે કે :

(૧) ચંદ્રમામાં સસલું કે હરણ હોય છે.

(૨) કામદેવના ધ્વજનું ચિહ્‌ન 'મકર' છે એમ કવિઓ ક્યારેક કહે છે તો ક્યારેક 'મત્સ્ય'ને ચિહ્‌ન માને છે.

(૩) પુરાણોમાં ચંદ્રની ઉત્પત્તિ ક્યારેક અત્રીઋષિની આંખમાંથી માનવામાં આવી છે તો ક્યારેક તેનો આવિર્ભાવ સમુદ્રમાંથી માનવામાં આવ્યો છે.

(૪) અનંતકાળથી ઉત્પન્ન શિવના મસ્તક ઉપર રહેલા બીજના ચંદ્રમાં ક્યારેય વધઘટ થતી નથી.

(૫) કામદેવ અમૂર્ત છે છતાં તે મૂર્ત છે એવું વર્ણન જોવા મળે છે.

(૬) પુરાણોમાં સૂર્યની સંખ્યા ૧૨ની છે પણ કવિઓ એક સૂર્યને જ માને છે.

(૭) લક્ષ્મીને સમુદ્રમાંથી ઉત્પન્ન થતી માનવામાં આવેલ છે.

(૮) દામોદર, શેષ અને કૂર્મ ભિન્ન હોવા છતાં કવિઓએ તેમાં એકત્વ નિહાળ્યું છે.

આ રીતે રાજશેખરે કવિઓ પરંપરાગત માન્યતાઓ અનુસાર રજૂઆત કર્યે રાખે છે એમ જણાવ્યું છે. કવિઓની આ રજૂઆતમાં વૈજ્ઞાનિકતાનો અભાવ છે અને ગતાનુગતિકતા છે. આમ થવા પાછળ રાજશેખરે જે કારણ આપ્યું છે તે નીચે મુજબ છે :

પૂર્વે થઇ ગયેલા વિદ્વાનોએ સહસ્ર શાખાવાળા સાંગ વેદોનું અધ્યયન કરીને જે જે વસ્તુનું જ્ઞાન મેળવ્યું તેને કવિઓએ પછીથી પોતાના કાવ્યોમાં વ્યક્ત કર્યું. વર્ષો વીતતાં દેશ, કાળ, આદિ પરિવર્તન પામ્યાં પછી તે જ્ઞાન અવિકૃત રૂપમાં વર્ણવાતું રહ્યું.

રાજશેખરે આપેલ આ ખુલાસો કવિઓનો પાંગળો બચાવ કરનારો લાગે છે. ખરેખર તો કવિઓએ જે અવૈજ્ઞાનિક રજૂઆતો કરી છે તેમાં તેઓની નિરીક્ષણ શક્તિનો અભાવ છે. કાવ્યદોષની ચર્ચા કરનારા આચાર્યો જેવા કે ભામહ, વામન, મમ્મટ વગેરેએ કવિઓના આવાં વર્ણનોને ખામી રૂપ ગણ્યાં નથી. ખરેખર તો જેનાથી રસભંગ થાય તેને જ ખામી ગણવી જોઈએ. કવિઓનો લૂલો બચાવ રાજશેખરે ભલે કર્યો પણ રાજશેખર પછી બે સદી બાદ જન્મેલા આચાર્યશ્રી મમ્મટે કવિઓની આ પ્રકારની રજૂઆતનો સરસ રીતે બચાવ કરીને જણાવ્યું છે કે કાવ્યસૃષ્ટિ તો નિયતિકૃત-નિયમરહિત્ છે એટલે તેને બ્રહ્માની સૃષ્ટિ સાથે ચુસ્ત રીતે બંધબેસતી ન જ માની શકાય અને વળી કહેવું હોય તો એમ પણ કહી શકાય કે કાલ્પનિક જગતમાં વિહરનારા આ કવિઓ વૈજ્ઞાનિકો નથી.

પાદટીપ :

૧. एतद्विलक्षणा कविवाङ्निर्मितिः । 'કાવ્યપ્રકાશ' પ્રથમ કારિકા ઉપરની વૃત્તિ.

૨. सौर्ज्य कवीनां समयः काव्ये सुप्त इय स्थितः ।
स साम्प्रतमिहास्मामिर्यथाबुद्धिः विबोधितः । કાવ્યમીમાંસા અધ્યાય ૧૬.

૩. Rajshekhar alone took up this subject to be treeted off in detail : C. D. Dalal.

૪. દૃષ્ટવ્ય : 'કાવ્યાલોચન'માં સ્વ. પ્રા. રતિલાલ જાનીનો 'કવિસમય' અંગેનો લેખ.

૫. દૃષ્ટવ્ય : भामहकृत काव्यालंकार (૪,૨), दंडी कृत काव्यादर्श (૪,૩), वामनकृत काव्यालंकारसूत्रवृत्ति २.२३.२४.

૬. कविमार्गानुग्राही कथमेष दोषः । રાજશેખર કાવ્યમીમાંસા અધ્યાય : ૧૪.

૭. सहि महाविषयकः રાજશેખર કાવ્યમીમાંસા અધ્યાય ૧૪.

૮. વામન નામના આચાર્યે 'काव्यालंकार सूत्रवृत्ति'માં પ્રયોજેલો શબ્દ 'કાવ્યસમય' 'કવિસયમ' કરતાં સાવ ભિન્ન છે. કાવ્યસમય અંતર્ગત તો રજૂઆત કરતી વખતે કવિઓએ શો ખ્યાલ રાખવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

## સંઘ સમાચાર

### નેત્ર-યજ્ઞ

સંઘના ઉપક્રમે અને ચિખોદરાની આંખની હૉસ્પિટલના સહયોગથી સ્વ. જ્યોત્સનાબેન ભૂપેન્દ્રભાઇના સ્મરણાર્થે એક નેત્ર-યજ્ઞનું આયોજન રવિવાર તા. ૧૭મી જાન્યુઆરીના રોજ ભરૂચ જિલ્લામાં નર્મદાને કિનારે નારેશ્વરમાં શ્રી રંગ અવધૂતન આશ્રમમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોદ્દેદારો અને સમિતિના સભ્યો મળીને એમ કુલ દસ સભ્યોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમ માટે ડૉ. રમણીકલાલ દોશી અને ચિખોદરા હૉસ્પિટલના સ્ટાફના વિનયી સભ્યોએ વડોદરાથી નારેશ્વર તથા અન્ય સ્થળોએ જવા આવવાની સરસ વ્યવસ્થા કરી આપી હતી જે માટે એમના આભારી છીએ.

### વિદ્યાસત્ર

સંઘના ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આ વર્ષે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતાના સ્મરણાર્થે વિદ્યાસત્રનું આયોજન શનિવાર તા. ૩૦મી જાન્યુઆરીના રોજ સંઘના કાર્યાલયમાં કરવામાં આવ્યું હતું. એમાં સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે આનંદઘનજીનાં બે સ્તવનો ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમના સંયોજક પ્રો. તારાબેન ર. શાહ હતાં.

આ કાર્યક્રમની સફળ પૂર્ણાહુતિ નિમિત્તે મંગળવાર તા. ૨જી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ સ્વ. મંગળજીભાઇના પૌત્ર શ્રી અજયભાઇ જોરમલભાઇ મહેતા તરફથી સમિતિના સભ્યો માટે સ્નેહભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વ્યાખ્યાન

સંઘના ઉપક્રમે તા. ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ સંઘના કાર્યાલયમાં ડૉ. રમણલાલ ચી. શાહનું ઉદયરત્નજી મહારાજનાં બે સ્તવનો વિષે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

# ઓસિયાં તીર્થ

☐ ડૉ. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)

રાજસ્થાનના જોધપુર જિલ્લાના જોધપુર-જેસલમેર માર્ગ પર આવેલા ઓસિયાં કસ્બાનાં જૈન મંદિર નિજી અદ્‌ભુત શિલ્પ સૌન્દર્ય અને બારીક કલાકોતરણીને લીધે દેશ-વિદેશમાં ધર્મ પ્રત્યે આસ્થા ને શ્રદ્ધા રાખનાર તેમજ અન્ય કલાશોખીન પર્યટકો માટે આકર્ષણરૂપ કેન્દ્ર બન્યાં છે. જોધપુરથી ૬૫ કિલોમિટરના અંતરે આવેલા આ મંદિરોએ એમની શિલ્પસમૃદ્ધિને લીધે ઓસિયાંને 'રાજસ્થાનના ખજુરાહો'નું બિરુદ અપાવ્યું છે. પ્રસ્તુત મંદિરો સાથે ઓસવાલ જૈન સમાજના પાદુર્ભાવનો ઇતિહાસ રહેલો છે. ઓસિયાં પ્રાચીનકાળમાં મારવાડ રાજ્યનું મુખ્ય ઔદ્યોગિક ને સાંસ્કૃતિક કેન્દ્ર હતું.

આમ તો ઓસિયામાં ઘણાં દેવાલયો છે પણ ત્યાંના 'સાચ્ચિયાય માતા' અને મહાવીર પ્રભુના મંદિરોને લીધે એ સ્થળ ભારતભરમાં પ્રખ્યાત છે. આ મંદિરો ભવ્ય શિલ્પસૌન્દર્યના ઉત્કૃષ્ટ ઉદાહરણ-નમૂના છે. એનું સ્થાપત્ય નાગર શૈલીમાં છે. જો કે એ મંદિરો આકારની દૃષ્ટિએ દક્ષિણ ભારતીય મંદિરોથી પ્રમાણમાં નાનાં છે, પણ સંરચનાની વિવિધતા ને શિલ્પકૌશલના વૈભવે એમને જે સૌન્દર્ય બક્ષ્યું છે તે અન્યત્ર દુર્લભ જ છે.

ઓસિયાં કસ્બાની પૂર્વ દિશા તરફ સુરમ્ય પહાડ પર સાચ્ચિયાય માતાનું મંદિર આવેલું છે. એ મંદિર મારવાડનું મુખ્ય તીર્થ છે અને ત્યાં માત્ર ઓસવાલ જૈનો જ નહિ, પણ અન્ય ધર્મસમાજના લોકોની પણ દર્શન માટે ઠઠ જામે છે. એ મંદિર સુધી પહોંચવા માટે કેટલાંય પગથિયાં ચઢવા પડે છે. પણ એનાં પરના આકર્ષક તોરણો અત્યંત મનમોહક છે. એની બંને તરફ પથ્થરની નાની દિવાલો છે ને ત્યાં પણ નાનાં દેવળોનું નિર્માણ થયું છે.

સચ્ચિયાય માતાના મંદિરે પહોંચતાં પહેલાં એક દ્વાર-મંડપ આવે છે. એની બંને બાજુએ ચમ્મર નાખતી સેવિકાઓની પ્રતિમાઓ સરસ કંડારાઇ છે. એથી આગળ જઇએ તો ઉત્કૃષ્ટ કોટિના સ્થાપત્ય-શિલ્પ વૈભવની અનુપમ છટા ધરાવતું સાચ્ચિયાય દેવીનું મંદિર આવે છે. એમાં શ્યામવર્ણી સાચ્ચિયાય દેવીની પથ્થરની પ્રતિમા પ્રતિષ્ઠિત છે. એને મહિષાસુર મર્દિનીનું સ્વરૂપ માનવામાં આવે છે.

આ પ્રતિમા અંગે લોકમાન્યતા પ્રવર્તે છે કે એ મહિષાસુર મર્દિની જ છે. વામનપુરાણમાં એ દેવીએ કરેલ મહિષાસુરના વધનું વર્ણન મળે છે. દેવો મહિષાસુરના અત્યાચારોથી ત્રાસી જઇને વ્યથિત હૃદયે વિષ્ણુ ભગવાન પાસે જાય છે. એ વખતે ત્યાં હાજર સઘળા દેવોના શરીરમાંથી જ્યોતિ પ્રગટ થઇ પર્વતાકાર ધારણ કરે છે ને તેમાંથી કાત્યાયની દેવી પ્રગટ થાય છે. ત્યારે સઘળા દેવો પોતપોતાનાં શસ્ત્રો એ દેવીને સુપ્રત કરે છે. આ રીતે બધા દેવોથી સન્માનિત થયેલી એ દેવી હિમાલયવાસિની બને છે. મહિષાસુર પોતાની જબરજસ્ત રાક્ષસસેના લઇને કાત્યાયની દેવી સાથે યુદ્ધ કરવા હિમાલય તરફ કુચ કરી જાય છે. એ ઘમસાણ યુદ્ધમાં મહિષાસુરના સેનાપતિ ચિક્ષુર અને ચામર માર્યા જાય છે ને આખી સેના નાશ પામે છે. એટલે છેવટે ખુદ મહિષાસુર દેવી સાથે લડવા આગળ આવ્યો. એ વખતે દેવીએ ઊછળીને મહિષાસુરને પોતાના પગ નીચે કચડી નાખી ત્રિશુલ વડે તેનો સંહાર કર્યો. આમ, મહિષાસુર મર્દન થયાનું આલેખન માર્કંડેય પુરાણમાં મળે છે. એ મહિષાસુર મર્દિની દેવીની પ્રતિમા આ સ્થળે પ્રતિષ્ઠિત થયેલી છે.

ઓસિયાંથી ઓસવાલ જૈનની ઉત્પત્તિ થયાની બાબતમાં ય રોચક કિંવદંતી પ્રવર્તે છે. લોકમાન્યતા મુજબ જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીના નિર્વાણ બાદ બાવન વર્ષે એટલે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે એ નગરીની વસતી ત્રણ લાખ જેટલી હતી. રાજપૂત કુટુંબોવાળી એ નગરીનો રાજા ઉત્પલદેવ હતો . ત્યાંના રાજપૂતો ત્યારે માંસ ને શરાબનું સેવન કરતા હતા. એ અરસામાં એક વાર ત્યાં જૈનાચાર્ય રત્નપ્રભસૂરિની તેમના પાંચસો શિષ્યો સાથે પધરામણી થઇ. એ ટાણે એમના એક શિષ્યને કોઇકે ગોચરીમાં માંસ વહોરાવી દીધું. એટલે શિષ્યે આપેલા શાપને લીધે રાજા ઉત્પલદેવના પુત્રને સાપે ડંખ માર્યો. તેથી તેનું મરણ થવાથી રાજા ઘણો દુ:ખી થયો અને તેણે જૈનાચાર્યને પોતાના પુત્રને પુનર્જીવિત કરવા માટે વિનમ્રભાવે વિનવણી કરી. એ વખતે એ જૈનાચાર્યે કહ્યું : 'જો આ નગરના સઘલા લોકો માંસ ને મદિરાનું સેવન બંધ કરી જીવ-હિંસાનો ત્યાગ કરે તો પોતે એ પુત્રને સજીવન કરશે.' એટલે રાજાએ આખા નગરમાં માંસ-મદિરાના સેવન પર સખ્ત પ્રતિબંધ મૂકી દીધો. તેથી જૈનાચાર્યે રાજાના પુત્રને મંત્રશક્તિથી સજીવન કરી દીધો. પરિણામે ત્યાંની સમગ્ર પ્રજાએ જૈનધર્મ અંગીકાર કર્યો. આમ, રાજા ઉત્પલદેવે ત્યાં ઔસલ કર્યાથી તે સ્થળ 'ઓસિયાં' કહેવાયું. એ પછી ત્યાંના લોકોએ પોતાની કુળદેવીને માંસ-મદિરા પ્રસાદી રૂપે ધરાવવાનું બંધ કરી દીધું અને તેથી જૈનાચાર્યે એને 'સાચ્ચિયાય માતા'નું અભિયાન આપ્યું. આમ, એ માતા ઓસવાલ જૈન સમાજની કુળદેવી રૂપે છે. પાછળથી બધા ઓસવાલ કુટુંબો એ નગરમાંથી આજીવિકા અર્થે અન્યત્ર ચાલ્યા ગયા, તેથી આજે ત્યાં એક પણ ઓસવાલ જૈન કુટુંબ નિવાસ કરતું નથી. પરંતુ આ સાચ્ચિયાય માતા'ના દર્શન માટે માત્ર ઓસવાલ જૈનો જ નહિ, પણ અન્ય સંપ્રદાયના લોકો પણ મોટી સંખ્યામાં શ્રદ્ધા-આસ્થાથી આવતા હોય છે.

'ઓસિયાંવાલા' પરથી 'ઓસવાલ' શબ્દ આવ્યો. 'ઓસિયાં'થી 'ઓસવાલ' જૈન કુટુંબો ચાલ્યા ગયાની બાબતમાં ય એક લોકમાન્યતા પ્રચલિત છે. એ મુજબ જ્યારે ત્યાંના લોકોએ ઓસવાલ જૈન ધર્મ અંગીકાર કર્યો ત્યારે ત્યાંના રાજા ઉત્પલદેવનો પ્રધાન ઊહડ એ નગરમાં શ્રીકૃષ્ણ મંદિરનું નિર્માણ કરાવી રહ્યો હતો. ત્યારે કહેવાય છે કે મંદિરનો જેટલો ભાગ દિવસમાં નિર્માણ થતો તેટલો રાતના ઢળી પડતો હતો. જૈનાચાર્ય રત્નપ્રભસૂરિજીની આજ્ઞા ને ઇચ્છાથી ત્યાં તે સ્થળે મહાવીર સ્વામીનું મંદિર બનાવાઇ રહ્યું હતું અને થોડા સમયમાં તો એ મંદિર બની પણ ગયું. પ્રધાન ઊહડની એક ગાયના સ્તનમાંથી નગરના કોઇ ચોક્કસ સ્થળે આપોઆપ દૂધ નીકળીને વહેતું દેખાયું. પ્રધાન ઊહડે આ ઘટના જૈનાચાર્યને જણાવ્યાથી તેમણે એ સ્થળે ખોદકામ કરવા જણાવ્યું. એમ કર્યાથી ત્યાંથી એક મૂર્તિ પ્રાપ્ત થઇ, પણ મુહૂર્ત પહેલાં મૂર્તિને જમીનમાંથી બહાર કાઢવાને કારણે મૂર્તિ પર બે ગાંઠ રહી ગઇ. કાળાંતરે લોકોએ એ ગાંઠો દૂર કરવા વિચાર્યું. તે માટે તેમણે એક શિલ્પીને બોલાવ્યો. તેણે એ ગાંઠો કાપી નાંખ્યાથી તેમાંથી લોહી વહેવા લાગ્યું ને તે શિલ્પી મૃત્યુ પામ્યો. પછી અડધી રાતે દેવીએ નગરજનોને સ્વપ્નમાં તાબડતોબ નગર ખાલી કરીને છોડી જવા જણાવ્યું. એટલે દેવીના શાપના ભયથી બધા નગરવાસીઓ નગર છોડીને અન્યત્ર જઇને વસ્યા. ત્યારથી કોઇ ઓસવાલ જૈન કુટુંબ ત્યાં રહેતું નથી.

'સાચ્ચિયાય માતા મંદિર'ની નજીકમાં સૂર્ય મંદિર, વિષ્ણુ મંદિર અને સત્યનારાયણ મંદિર આદિ મંદિરો આવેલાં છે. આ મંદિરોના દરવાજાના ચોકઠાં સરળ છતાં કલાત્મક છે. ઉંબરના મધ્ય ભાગમાં કલ્પવૃક્ષ છે તથા એની પાસે પૂર્ણઘટ અને કીર્તિમુખ બનેલાં છે. એ મંદિરોની નીચેના ભાગમાં શ્રીકૃષ્ણલીલા, ગંગા-યમુના વગેરેની પ્રતિમાઓ ઉત્કીર્ણ થયેલી છે. કેટલીક જગ્યાએ ગંગા-યમુના અને દાસીઓ સિવાય ચક્રપુરુષ પણ કંડારાયેલ જોવા મળે છે.

દેવી માતાના મંદિરથી થોડા અંતરે શિલ્પસૌન્દર્યની અનુપમ છટા ધરાવતું ભગવાન મહાવીરનું મંદિર નિર્માણ થયેલું નજરે પડે છે. એ મંદિરના શિખર પરની બારીક કલાકોતરણી શિલ્પકલાના સર્વોત્કૃષ્ટ નમૂનારૂપ છે. મંદિરના નીચલા ભાગમાં વિભિન્ન મુદ્રાઓમાં દેવ-પ્રતિમાઓ ઉત્કીર્ણ થયેલ છે. શિલ્પીઓએ એ મંદિરની ઇંચેઇંચ પથ્થરની જગામાં પોતાની સર્વોત્તમ શિલ્પકલાની નિપુણતા દાખવીને જાણે મંદિરને જીવતું જાગતું ને વિશિષ્ટ બનાવ્યું છે. આવું છે અનુપમ પુનિત જૈન તીર્થ ઓસિયાંનું મંદિર.

# વસિયતનામા (વિલ) વિશે થોડુંક

☐ વી. આર. ઘેલાણી

૧. કોઇપણ પુખ્ત વયની વ્યક્તિ પોતે જાતે કમાયેલી અને/અથવા પોતાની સ્વતંત્ર માલિકીની સ્થાવર-જંગમ મિલકતોનું વસિયતનામું અથવા વિલ બનાવી શકે છે.

૨. પતિ-પત્ની, સગીર સંતાનો તથા મા-બાપનો ભરણપોષણનો હક્ક હોવાથી વસિયતનામામાં તેવી વ્યક્તિઓના ભરણ પોષણ તથા દીકરી કુંવારી હોય તો તેના લગ્ન-ખર્ચનો પણ વિચાર કરી, તેને માટે જરૂરી રકમ અલગ ફાળવ્યા પછી બાકી રહેતી સ્થાવર-જંગમ મિલ્કતોનું વસિયતનામા દ્વારા પોતાને મન-પસંદ વ્યક્તિઓમાં યોગ્ય લાગે તે રીતે વિતરણ તેમજ નિકાલ કરી શકાય છે.

૩. હિંદુઓ, મુસલમાનો, પારસીઓ તથા ખ્રિસ્તીઓનું વસિયતનામું તેમને લગતા અલગ કાયદા અનુસાર જ કરી શકાય. દા. ત. મુસલમાનો વસિયતનામા દ્વારા પોતાની બધી જ મિલ્કત આપી શકતા નથી. મિલ્કતના ફક્ત અમુક ટકા જ વિલથી આપી શકે છે. જ્યારે હિંદુઓ કે જેમાં જૈન, શીખ, બૌદ્ધનો પણ સમાવેશ થાય છે તેઓ પોતાની બધી જ મિલ્કત વસિયતનામા દ્વારા પોતાની મન-પસંદ વ્યક્તિને કે દાનમાં ઉપરોક્ત કલમ નં. ૨ને આધીન રહીને આપી શકે છે.

૪. વસિયતનામું કરવા માટે સ્ટેમ્પ પેપરની જરૂર રહેતી નથી, કોઇપણ કોરા કાગળ ઉપર પોતાને આવડતી ભાષામાં પોતે સ્વ-હસ્તે લખીને કે બીજા પાસે લખાવી કે ટાઇપ કરાવીને વસિયતનામું બનાવી શકાય છે. એમ કરનારે ઓછામાં ઓછી બે પુખ્ત વયની વ્યક્તિની હાજરીમાં વસિયતનામામાં સહી કરવાની રહે છે. તથા તે બે વ્યક્તિઓએ તેમાં સાક્ષીઓ તરીકે પોતાની સહી કરી પોતાના પૂરાં નામ તથા સરનામા લખવા જરૂરી છે. જે વ્યક્તિને વિલની રૂએ કંઇપણ મિલ્કત મળવાની હોય તેવી વ્યક્તિ વિલમાં સાક્ષી તરીકે સહી કરી ન શકે, અને જો કરે તો તેને વિલમાં લખેલ મિલ્કત મળે નહીં.

૫. વિલ રજીસ્ટર્ડ કરાવવું ફરજિયાત નથી. મોટી ઉંમરની વ્યક્તિઓએ પોતાનું વિલ ગેરવલ્લે ન જાય અથવા તેમની સહીને શંકા કરી કોર્ટમાં કોઇ પડકારી શકે નહીં માટે તેમણે વિલ રજીસ્ટર્ડ કરાવવું હિતાવહ છે. વિલને સીલ-બંધ કવરમાં આપીને અથવા બીજા દસ્તાવેજની જેમ ખુલ્લું રાખીને એમ બેમાંથી કોઇપણ રીતે રજીસ્ટર્ડ કરાવી શકાય છે.

૬. વિલ કરનારની ઉંમર, તેનો ધર્મ, દા.ત. હિંદુ, મુસ્લિમ વગેરે, તેમનું રહેઠાણ, તથા તેમના કુટુંબના સભ્યોનાં નામો વિલમાં સ્પષ્ટ રીતે લખવાં જોઇએ. વિલ કરતી વખતે વિલ કરનારનું ચિત્ત, તબિયત તથા ભાન બરાબર હોવાં જરૂરી છે.

૭. વિલમાં મિલ્કતની વ્યવસ્થા અને નિકાલ કરવા માટે વહીવટકાર અને ટ્રસ્ટી (Executor and Trustee) તરીકે કોઇપણ એક અથવા વધુ વ્યક્તિઓની નિમણૂંક કરવી જરૂરી છે.

૮. વિલમાં એક્ઝીક્યૂટીવ અને ટ્રસ્ટી તરીકે ફક્ત મહિલા/મહિલાઓની નિમણૂંક કરેલ હોય તો મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રોબેટ ફી માફ છે. બને ત્યાં સુધી જે વ્યક્તિને મોટા ભાગની મિલ્કત વિલથી પ્રાપ્ત થવાની હોય તેવી વ્યક્તિની નિમણૂંક કરવી હિતાવહ છે. કારણ કે અન્ય વ્યક્તિની એક્ઝીક્યૂટર અને ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરી હોય તો તે મિલ્કતની વહેંચણી એક વર્ષ સુધી રોકી શકે છે અને બધી જ મિલ્કતનો વહીવટ (Control) વર્ષો સુધી તેમના હાથમાં જતો રહેવાની શક્યતા રહે છે.

૯. વિલમાં એક્ઝીક્યૂટર અને ટ્રસ્ટીની નિમણૂક તેમની સંમતિ લીધા વગર કરી હોય તો તેવી વ્યક્તિને વિલ કરનારના મૃત્યુ બાદ ખબર પડે ત્યારે પોતે આ કામ માથે લેવા માંગે છે કે કેમ તે તેણે નક્કી કરી લેવું પડે છે. એક વખત એક્ઝીક્યૂટર અને ટ્રસ્ટી તરીકે કાર્ય ચાલુ કર્યા પછી કોર્ટની મંજૂરી સિવાય તે જવાબદારીમાંથી છટકી શકાતું નથી.

૧૦. વિલનું પ્રોબેટ મેળવવાથી વિલ કોર્ટમાં સાબિત થયેલું ગણાય છે. મુંબઇ તથા અમુક મોટા શહેરોમાં ખાસ કરીને મરનારની સ્થાવર મિલ્કત હોય તો તેનું પ્રોબેટ લેવું કાયદેસર જરૂરી છે. અન્યથા મરનારના વારસદારોને વિલમાં લખેલ બધું કબૂલ હોય, અને મરનારની કોઇ સ્થાવર મિલ્કત ન હોય તો, આપસમાં સમજૂતી હોવાથી પ્રોબેટ લેવાની જરૂર રહેતી નથી.

૧૧. હિંદુ અવિભક્ત કુટુંબ (H.U.F.)માં વિલ કરનાર વ્યક્તિ કો-પાર્સનર હોય તો તે પોતાનો હિસ્સો વિલથી મનપસંદ વ્યક્તિને આપી શકે છે.

૧૨. લશ્કરમાં ફરજ બજાવતાં સૈનિકો તેમના સાથીદારને અથવા અન્ય વ્યક્તિને મૌખિક રીતે જણાવી પોતાનું વિલ કરી શકે છે. તથા સાદા કાગળ ઉપર તેમણે પોતાની મિલ્કત બાબત જે કાંઇ લખ્યું હોય તેમાં તેની સહી કરવાની રહી ગઇ હોય અથવા તેમાં કોઇ સાક્ષીની સહી ન હોય તો પણ તેવા કાગળ ઉપરના લખાણને વિલ તરીકે કાયદેસર માન્યતા મળી શકે છે.

૧૩. વિલ કરવાથી વ્યક્તિ પોતાની મનપસંદ વ્યક્તિને પોતે ઇચ્છે તે પ્રમાણે પોતાની મિલ્કત આપી શકે છે, જ્યારે વિલ ન કરવાથી વ્યક્તિની મિલ્કત તેમના કાયદેસરના જે કોઇ વારસદારો થતા હોય તે તમામને કાયદેસર રીતે થતા તેમના હિસ્સા મુજબ આપવાની રહે છે. જેમાં મરનારની ઇચ્છા ન હોય તેવી વ્યક્તિને પણ તેનો વારસો મળવાની શક્યતા રહે છે. માટે દરેક પુખ્ત વ્યક્તિએ પોતાનું વિલ સમયસર બનાવી લેવું જોઇએ અને તેને સંજોગો પ્રમાણે બદલતા રહેવું જોઇએ.

૧૪. સારા વકીલની સલાહ મુજબ સમયસર પોતાનું વિલ બનાવી મિલ્કતનું ટેક્ષ પ્લાનિંગ કરી, ભવિષ્યમાં ટેક્ષની બચત તથા કુટુંબના સભ્યો વચ્ચેના સંભવિત ઝઘડાઓ નિવારી શકાય છે. અને દાનમાં તથા જરૂરતમંદ વ્યક્તિઓને પોતાની મિલ્કતનો અમુક ભાગ આપી મિલ્કતનો સદુપયોગ પણ કરી શકાય છે.

૧૫. વિલની ગેરહાજરીમાં હિન્દુઓને લગતા કાયદા મુજબ અવસાન પામનાર પુરુષની પત્ની, દીકરા-દીકરીઓ (પરણીને જુદા રહેતા હોય તો પણ) તથા તેમના માતુશ્રી હયાત હોય તો તેમને દરેકને મિલ્કતમાં સરખે હિસ્સે ભાગ આપવાનો રહે છે. અને સ્ત્રીની મિલ્કતમાં તેમના પતિ તથા દીકરા-દીકરીઓ (પરણેલા હોય તો પણ) તેનો સરખે હિસ્સે ભાગ લાગે છે. માટે દરેક પુખ્ત વયની વ્યક્તિએ પોતપોતાનું વિલ સમયસર બનાવવું હિતાવહ છે.

## સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો આ અંક ફેબ્રુઆરી અને માર્ચ ૧૯૯૯ના સંયુક્ત અંક તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે.

☐ તંત્રી

# લોકસ્વાસ્થ્ય મંડળને આર્થિક સહાયનો કાર્યક્રમ

☐ નિરુબહેન એસ. શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન કોઇપણ એક સંસ્થાને આર્થિક સહાય કરવા માટે શ્રોતાઓને અરજ કરવામાં આવે છે. ગામડાંઓમાં સેવાકાર્ય કરતી કોઇક સંસ્થાને સહાય કરવાનો પ્રોજેક્ટ છેલ્લાં દસ વર્ષથી પર્યુષણ પર્વ દરમ્યાન નિયમિતપણે હાથ ધરવામાં આવે છે અને અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે અમારી આ યોજના માટે શ્રોતાઓ તરફથી ઘણો સારો પ્રતિસાદ સાંપડતો રહ્યો છે.

૧૯૯૮ના પર્યુષણ પર્વ દરમ્યાન અમે ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં તબીબી સેવા અને લોકશિક્ષણનું કાર્ય કરતી શિવરાજપુરની સંસ્થા 'લોકસ્વાસ્થ્ય મંડળ' (Trust for Reaching the Unreached)ને આર્થિક સહાય કરવાનું ઠરાવ્યું હતું. એ માટે સંઘની પ્રણાલિકા અનુસાર અમે કેટલાક હોદ્દેદારો અને સમિતિના સભ્યોએ આ સંસ્થાની મુલાકાત લીધી હતી અને શિવરાજપુર અને આસપાસ આદિવાસી વિસ્તારોમાં સંસ્થાની ચાલતી સેવાની પ્રવૃત્તિઓ નજરે નિહાળી હતી અને એથી અમને સંતોષ થયો હતો. સંસ્થાના મુખ્ય કાર્યકર્તાઓ ડૉ. અશ્વિનભાઇ પટેલ અને શ્રી નિમિત્તાબેન ભટ્ટે અમને સંસ્થાની વિવિધ પ્રકારની કામગીરીથી માહિતગાર કર્યા હતા.

પર્યુષણ પર્વ દરમ્યાન શિવરાજપુરની સંસ્થા લોકસ્વાસ્થ્ય મંડળને આર્થિક સહાય કરવા માટે અરજ કરવામાં આવી હતી. આ પ્રસંગે નિમિત્તાબેન ભટ્ટે પણ પોતાની સંસ્થાના સેવાકાર્યનો પરિચય કરાવ્યો હતો અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે પર્યુષણના આઠ દિવસ દરમિયાન લોકસ્વાસ્થ્ય મંડળ માટે રૂપિયા દસ લાખ પંચોતેર હજારની રકમ દાતાઓ તરફથી લખાવવામાં આવી હતી. શ્રી મુંબઇ જૈન યુવક સંઘને આ રીતે દાતાઓ તરફથી અગાઉના વરસોની જેમ આ વરસે પણ ઘણો જ સારો સહકાર સાંપડ્યો હતો.

આ રીતે એકત્ર થયેલી રકમ લોકસ્વાસ્થ્ય મંડળને અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવાર તા. ૧૦મી જાન્યુઆરી ૧૯૯૯ના રોજ શિવરાજપુર મુકામે ચિખોદરાના ડૉ. રમણીકલાલ દોશીના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. મુંબઇથી લગભગ ત્રીસેક સભ્યો શનિવાર તા. ૯મી જાન્યુઆરી રાત્રે ટ્રેનમાં નીકળી રવિવાર તા. ૧૦મીએ વડોદરા સ્ટેશને પહોંચ્યા હતા. સ્ટેશન પર નિમિત્તાબેન ભટ્ટ, ડૉ. અશ્વિનભાઇ પટેલ વગેરેએ અમારું સ્વાગત કર્યું હતું. વડોદરામાં સ્નાનાદિ તથા ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને તે પછી બસ દ્વારા અમે સૌ રસ્તામાં વચ્ચે આવતા પાવાગઢ તીર્થના નૂતન જિન મંદિરમાં દર્શન કરી શિવરાજપુર પહોંચ્યાં હતાં. ત્યાં પણ અમારા માટે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. શિવરાજપુરના લોક-સ્વાસ્થ્ય મંડળ તરફથી નવી બાંધવામાં આવેલી હૉસ્પિટલની અમે મુલાકાત લીધી હતી. અને ત્યાર પછી ત્યાં નિધિ અર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. રમણીકલાલ દોશી, સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઇ શાહ તથા વડોદરા અને શિવરાજપુરના ડૉક્ટરો, સરપંચ તથા અન્ય કાર્યકર્તાઓએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી નિમિત્તાબેન ભટ્ટે કર્યું હતું. આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે જુદા જુદા વિસ્તારના કેટલાંક આદિવાસી ભાઇબહેનોને બોલવા માટે નિમિત્તાબેને તૈયાર કર્યાં હતાં અને તેઓ દરેકે ટૂંકું મુદ્દાસર અને સચોટ વક્તવ્ય રજૂ કર્યું હતું.

આ પ્રસંગે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી રૂપિયા દસ લાખ પંચોતેર હજારનો ચેક ડૉ. દોશીકાકાના હસ્તે લોકસ્વાસ્થ્ય મંડળને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંઘ તરફથી શ્રી ભૂપેન્દ્રભાઇ ઝવેરી (ખજાનચી), સહમંત્રી શ્રી વર્ષાબેન રાજુભાઇ શાહ તથા કાર્યવાહક સમિતિના સભ્યો શ્રી ઉષાબેન શાહ, શ્રી રમાબેન મહેતા, શ્રી રમાબેન વોરા, શ્રી કુસુમબેન ભાઉ, શ્રી નટુભાઇ પટેલ, શ્રી મીનાબેન શાહ, શ્રી પુષ્પાબેન અને ચંદ્રકાંત પરીખ, તથા અન્ય સભ્યોએ પણ ઉપસ્થિત રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો.

ભોજન બાદ અમે આસપાસના આદિવાસી વિસ્તારોની સમયની અનુકૂળતા પ્રમાણે મુલાકાત લીધી હતી અને પાછા ફરતાં શ્રી અનુબેન ઠક્કરના મુનિસેવા આશ્રમની મુલાકાત પણ લીધી હતી. શ્રી અનુબેન ઠક્કરે અમારા સૌનું હર્ષોલ્લાસપૂર્વક સ્વાગત કર્યું હતું. એમના આશ્રમની ચાલતી જુદી જુદી પ્રવૃત્તિઓ અમે નજરે નિહાળી હતી. આશ્રમમાં ભોજન બાદ કેટલાંક ભક્તિ-ગીતો ગાઇને અમે વડોદરા સ્ટેશન તરફ પ્રયાણ કર્યું હતું. વડોદરાથી રાત્રે ટ્રેન પકડી બીજે દિવસે સવારે અમે સૌ મુંબઇ પાછા ફર્યાં હતાં.

---

# સ્વ. પ્રવીણભાઇ મંગળદાસ

☐ રમણલાલ ચી. શાહ

સંઘના આજીવન સભ્ય અને એક સક્રિય કાર્યકર્તા શ્રી પ્રવીણભાઇ મંગળદાસ ટોપીવાલાનું થોડા સમય પહેલાં ૮૪ વર્ષની ઉંમરે અવસાન થતાં સંઘે પોતાના એક સંનિષ્ઠ સેવાભાવી કાર્યકરને ગુમાવ્યા છે.

આજીવન ખાદીધારી પ્રવીણભાઇ યુવાન વયે સંઘમાં જોડાયા હતા અને આરંભથી જ સક્રિય બન્યા હતા. તેથી તેઓ કાર્યવાહક સમિતિના સભ્યપદે પણ ચૂંટાયા હતા. આ રીતે સળંગ ચાર દાયકાથી વધુ સમય સુધી તેઓ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે સેવા આપતા રહ્યા હતા. સ્વ. પ્રવીણભાઇને ગુજરાતી, અંગ્રેજી સાહિત્યના વાંચનનો સારો શોખ હતો, એટલું જ નહિ ગ્રંથવિક્રેતાઓને ત્યાં જઇને પોતે પ્રકાશિત થયેલા નવા નવા ગ્રંથો ખરીદીને વસાવતા. આ રીતે તેમની અંગત લાયબ્રેરી ઘણી સમૃદ્ધ હતી. પ્રવીણભાઇનો વ્યવસાય રૂનો વ્યાપાર કરતી એક કંપનીમાં મેનેજર તરીકે કામ કરવાનો હતો. પરંતુ તેઓ સાહિત્યના વિષયમાં પણ એટલો જ રસ ધરાવતા હતા અને ગુજરાતી તથા અંગ્રેજીમાં પ્રગટ થતાં પુસ્તકો તેઓ પોતાના સ્વાધ્યાય માટે વસાવતા અને મિત્રોને, અધ્યાપકોને વાંચવા માટે આપતા. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ હસ્તક ચાલતાં મણિલાલ મોકમચંદ શાહ વાંચનાલય અને ગ્રંથાલયના મંત્રી તરીકે તેમણે ઘણા વરસો સુધી સેવા બજાવી હતી.

૧૯૮૩માં સંઘ દ્વારા હાડકાંના દરદીઓ માટે ડૉ. જમશેદ પીઠાવાલાની સેવાનો લાભ લઇ અસ્થિ સારવાર કેન્દ્રની સ્થાપના કરવામાં આવી ત્યારે એના સંયોજક અને નિરીક્ષક તરીકે પ્રવીણભાઇએ લાગલગાટ આઠ વરસો સુધી સેવા આપી હતી અને વર્ષના પ્રત્યેક રવિવારે તેઓ સવારે નવથી એક વાગ્યા સુધી નિયમિતપણે કાર્યાલયમાં અચૂક હાજર રહેતા. આમ સ્વ. પ્રવીણભાઇએ સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપ્યું છે.

પ્રવીણભાઇને સંગીતનો પણ એટલો જ ઊંડો રસ હતો. ભારતીય અને પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં તેઓ ઘણીવાર ઉપસ્થિત રહેતા અને સંગીતની સૂક્ષ્મ સમજ ધરાવતા. ભારતીય અને પાશ્ચાત્ય સંગીતની અનેક કેસેટ અને રેકૉર્ડ તેમણે પોતાના ઘરે વસાવેલી હતી. પોતે નવરા પડે ત્યારે સંગીતનું શ્રવણ કરવું એ એમની મનગમતી પ્રવૃત્તિ હતી.

ગાંધીજીના પ્રભાવ નીચે ઉછરેલા પ્રવીણભાઇએ High Thinking and Plain Livingનો મંત્ર પોતાના જીવનમાં અપનાવ્યો હતો. ખાદીનું પહેરણ, ધોતિયું અને ટોપી એ એમનો સાદો પહેરવેશ જીવનપર્યંત રહ્યો હતો. તેઓ એક અધ્યાપક જેટલી જાણકારી સાહિત્ય અને સંગીતના વિષયમાં ધરાવતા હતા. તેઓ ધર્મ અને રાજકારણના વિષયમાં પણ એટલો જ રસ લેતા. તેઓ બુદ્ધિવાદી અને નિખાલસ સ્વભાવના હતા.

સંજોગવશાત્ તળ મુંબઇમાં સંઘના કાર્યાલયની નજીકમાં આવેલું ઘર છોડીને દૂર પરામાં તેમને છેલ્લાં કેટલાંક વરસથી રહેવા જવું પડ્યું હતું અને તેથી સંઘની સમિતિમાંથી તેઓ નિવૃત્ત થયા હતા. તેમ છતાં સંઘ સાથેનો આત્મીય સંબંધ તેમણે જીવનના અંત સુધી જાળવી રાખ્યો હતો.

છેલ્લા કેટલાક વરસથી પ્રવીણભાઇની તબિયત અસ્વસ્થ રહેતી હતી. પોતાનો અંતકાળ નજીક આવી રહ્યો છે તેવું તેમને સ્પષ્ટ સમજાઇ ગયું હતું અને એ વાત એમણે પોતાનાં પત્ની ચંદ્રકળાબેન તથા બન્ને પુત્રીઓ મીરા તથા દક્ષાને કહી રાખી હતી.

સ્વ. પ્રવીણભાઇના અવસાનથી સંઘને એક ઉમદા કાર્યકર્તાની અને અંગત રીતે મને એક પરમ મિત્રની ખોટ પડી છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પો !

# ધન્ય થઈ ગયાં

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

લગભગ છ-દાયકા પુરાણા મારા પરમ સુહૃદ સદ્ગત પ્રો. ડૉ. ભોગીલાલ સાંડેસરાના દુઃખદ અવસાન-કાળે (જન્મ-૧૯૧૭, અવસાન-૧૯૯૫) 'બુદ્ધિપ્રકાશ' માસિકે ડૉ. સાંડેસરાના જીવન-કાર્યને બિરદાવતો એક ખાસ અંક પ્રગટ કરેલો (માર્ચ-એપ્રિલ-૧૯૯૫) જેમાં પ્રો. જયંત કોઠારીનો, 'સુચિંતિત અને સદ્ધર કામ કરનારા' એ શીર્ષકવાળો લેખ વાંચતાં, અતીતને બદલે સાંપ્રતમાં ઉપર્યુક્ત બંનેય યથાર્થ વિશેષણોને સર્વથા ચરિતાર્થ કરનાર ડૉ. કોઠારીનું સુખદ સ્મરણ થયેલું. પ્રો. કોઠારીને હું કેવળ વિદ્વાન જ માનતો નથી પણ વિદ્વાન-ચિંતકની કોટિમાં મૂકું છું. એ લેખમાં પ્રો. સાંડેસરાના યશસ્વી અને ચિરંજીવી કાર્યની ખાસ નોંધ લેતાં તેઓ લખે છે : 'સાંડેસરાનાં સઘળાં વિદ્યાકાર્યોનો મેં પરિચય કર્યો નથી, પણ મને લાગે છે કે 'પ્રાચીન ગૂર્જર ગ્રંથમાલા' એ એમનું કદાચ સર્વોત્કૃષ્ટ અને 'ચિરંજીવ' પ્રદાન હશે. અન્ય કોઈ યુનિવર્સિટી-વિભાગોએ આવું સુચિંતિત ને સદ્ધર કામ કર્યું હોય એવું જાણમાં નથી. આ તો સાંડેસરાની નક્કર વિદ્વત્તા, આયોજનશક્તિ ને વ્યવહારદૃષ્ટિની જ એક મોંઘેરી નીપજ કહેવાય...પાઠની આટલી અધિકૃતતા અને શબ્દકોશની આવી સમૃદ્ધિ આપણે કેટલાં મધ્યકાલીન સંપાદનોમાં બતાવી શકીશું ? મારી એવી લાગણી છે કે આ ગ્રન્થમાલાની આપણે પૂરી કદર બૂઝી શક્યા નથી, એની યોગ્ય નોંધ આપણે લઈ શક્યા નથી ને મધ્યકાલીન સાહિત્યના આપણા અભ્યાસમાં એનો ઉઠાવવો જોઈતો લાભ આપણે ઉઠાવી શક્યા નથી.'

ડૉ. સાંડેસરાના ખાસ્સા બે દાયકાના વિદ્યાતપના ફલ-સ્વરૂપે પ્રગટેલ 'પ્રાચીન ગૂર્જર ગ્રંથમાલા'નો હું પ્રત્યક્ષ સાક્ષી છું એટલે પ્રો. કોઠારીના મર્મજ્ઞ-રસજ્ઞ-દીર્ઘદર્શી, સર્વથા યથાર્થ ઉપર્યુક્ત અભિપ્રાયને હું અત્યંત વજનદાર ને મૂલ્યવાન લેખું છું અને કહી શકું કે ફટાકિયાં મોતી અને પાણીદાર મોતીની સાચી કદર તો સાચો ઝવેરી-ઝવેરાત-પારખું જ કરી શકે. વળી, આ અવતરણ ટાંકવા પાછળનો મારો બીજો ઉદ્દેશ એ વસ્તુ દર્શાવી...પ્રતિપાદિત કરવાનો કે જૈન 'ગૂર્જર કવિઓ'નું મહાભારત ભગીરથ-કાર્ય પણ 'પ્રા.ગુ. ગ્રંથમાલા' કરતાં કોઈપણ રીતે કમ નથી. બલ્કે કેવળ જ્ઞાનદૃષ્ટિએ જોઈએ તો એકબીજાનાં પૂરક-પોષક છે જેની પ્રતીતિ પ્રો. કોઠારીના આ વિધાનથી થાય છે. 'મને આનંદ છે કે આ ગ્રંથમાલાના ('પ્રાચીન ગૂર્જર ગ્રંથમાલા'ના) શબ્દકોશોને મેં મારા 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ'માં સમાવી લઈને સાંડેસરાએ આ સંપાદનોને આધારે મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ રચવાની જે ઈચ્છા સેવેલી તેની કંઈક પૂર્તિ કરી છે. આને હું સાંડેસરાને મારું તર્પણ સમજું છું.'

ગમે તેમ પણ, ખાસ કરીને લલિતેતર કરતાં લલિત સાહિત્યના કેટલાક સર્જકો, કટાક્ષ ને કરડાકીમાં, જૂની હસ્તપ્રતોમાં પડેલા અપૂજ, સમૃદ્ધ સાહિત્યધનનો, અતિ ઝીણવટ અને અથાક પરિશ્રમપૂર્વક ઉદ્ધાર કરનાર વિરલ સંશોધક-સંપાદકોને એ 'ધૂળધોયાનો ધંધો કરનાર' કે 'પશુશ્રમ કરનાર' તરીકે નિંદ્ય રૂપે બિરદાવે છે પણ એ લોકોને ખબર હોય કે ન હોય પણ એ વસ્તુ તો દીવા જેવી સ્પષ્ટ જ છે કે 'રઢિયાળી સર્જનકલા'ની જેમ સંશોધન-સંપાદનનું પણ ચુસ્ત ને નિરાળું શાસ્ત્ર છે ને શુદ્ધ સાહિત્યપ્રીતિ અને સંશોધન પરત્વેની સત્યનિષ્ઠા વિના એમાં કોઈનો ગજ વાગતો નથી ને મૌલિક સાહિત્ય સર્જનનો દાવો કરનાર એમાં ચંચુપાત પણ કરી શકતા નથી-કેટલાક અપવાદ સિવાય-એ એમની અશક્તિ છે...બાકી સાચા સર્જકો તો એ કાચી વિરલ સામગ્રીનો પણ વિધેયાત્મક વિનિયોગ કરી મૌલિક કૃતિઓ સર્જી શકતા હોય છે. આવો ચમત્કાર સર્જનાર કાજે એ કહેવાતો 'પશુશ્રમ સાચા અર્થમાં પશુપતિનો 'જ્ઞાનયજ્ઞ' બની જતો હોય છે, અને શિવનો એક અર્થ 'વેદ' પણ થાય છે જે પરમ જ્ઞાનનો પર્યાય છે.

લગભગ સાડા ત્રણ દાયકાના, 'આસનસેં મત ડોલ રે'-એવા સંત કબીર-ગાયા, શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈના અખંડ વિદ્યા-તપના ફલસ્વરૂપે 'સાતસો વર્ષના સાહિત્યનો વિશાળ વિગત પ્રચૂર અને આંખ ઉઘાડનારો, દસ્તાવેજ રજૂ કરતો, મહામૂલો મહાભારત સંદર્ભગ્રંથ 'જૈન ગૂર્જર કવિઓ' પ્રગટ થયો ત્યારે-આવા આકરગ્રંથનું અવલોકન લખવું એ મારા જેવાના સામર્થ્યની બહાર છે'-એમ કહેનાર, ગુજરાતી સાહિત્યના ભીષ્મ પિતામહ જેવા સાક્ષર કવિ શ્રી નરસિંહરાવ ભો. દિવેટિયા, સઘન વિદ્વત્તાના અવતાર જેવા સાક્ષરવર્ય શ્રી કેશવલાલ હ. ધ્રુવ, 'મોર્ડન રીવ્યૂ'માં વર્ષો સુધી ગુજરાતી ભાષાસાહિત્યના ગ્રંથોની અંગ્રેજીમાં સમીક્ષા લખનાર દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી, બહુમુખી પ્રતિભા-સંપન્ન રસજ્ઞ વિદ્વાનસર્જક પ્રો. રામનારાયણ પાઠક અને જૂની હસ્તપ્રતો સાથે કામ પાડનાર ને પ્રાચીન ગ્રંથોનું સંપાદન કરનાર શ્રી અંબાલાલ જાની અને ડૉ. મંજુલાલ ર. મજમુદાર જેવા અનેક વિદ્વાનોનો ઉમળકા ને અહોભાવભર્યો પ્રતિભાવ સાંપડેલો-એ ધન્યતાને હું ઐતિહાસિક લેખું છું; અને જ્યારે સાક્ષરવર્ય શ્રી કે. હ. ધ્રુવ, તુલનાત્મક દૃષ્ટિએ આવું વિધાન કરે ત્યારે તો ખાસ. 'તમે જૈન ગુજરાતી સાહિત્યની જેવી સેવા બજાવી છે તેવી જૈનેતર ગુજરાતી સાહિત્યની સેવા બજાવનાર કોઈ નથી.'

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યથી લઈને તે લગભગ ઓગણીસમી સદી સુધીના ભારતીય આર્ય-ભાષાઓમાં વધુમાં વધુ સમૃદ્ધ એવા પ્રાચીન-મધ્યકાલીન, જૈન તેમજ કેટલેક અંશે જૈનેતર પણ-ગુજરાતી સાહિત્યની હસ્તપ્રતોના વિરલ ધનનું અતિ જતનપૂર્વક સંગોપન કોઈએ પણ કર્યું હોય તો તે જૈન આચાર્યોએ અને જૈન જ્ઞાન ભંડારોએ. શ્રી દેસાઈ સાહેબે તન, મન, ધનની બધી જ શક્તિઓને એક જ ધ્રુવ-આદર્શની સિદ્ધિ કાજે કેન્દ્રિત કરી, ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ગુજરાતને માતબર હિસાબ આપી દીધો. પણ એ પછી તો લગભગ અર્ધી-સદીનાં વહાણાં વાઈ ગયાં ! કેળવણીનો વ્યાપ વધ્યો, કૉલેજો અને યુનિવર્સિટીઓની સંખ્યા પણ વધી, કિન્તુ શ્રી દેસાઈ સાહેબના પાયાના કામમાં કેટલી વૃદ્ધિ-સમૃદ્ધિ થઈ ? ગુજરાતી ભાષાસાહિત્યના અધ્યાપકોમાંથી કેટલાયે આ વિષયમાં દિલચસ્પી દાખવી? અને એ દિશામાં ગતિ-પ્રગતિ કરી ? સરવૈયું કાઢવા જેવું ખરું. ઝાઝા ટકાની આશા રાખી શકાય તેમ નથી. પણ એવી નિરાશા વચ્ચે જ્યારે આપણે પ્રો. જયંતભાઈ કોઠારીના, 'જૈન ગૂર્જર કવિઓ'ની બીજી આવૃત્તિનું કેવળ પુનર્મુદ્રણ નહીં પણ એમાં સામગ્રીની પુનર્વ્યવસ્થા અને સંશોધન પણ થયેલું જોઈએ છીએ ત્યારે સાત કોઠા વીંધનાર મહાભારતના વીર અભિમન્યુ અને સમુદ્ર પાર કરી લંકાપ્રવેશ કરનાર રામભક્ત હનુમાનનું સ્મરણ થાય છે. ડૉ. કોઠારી જેવા જ્ઞાનવીરો જ આવું રઢિયાળું 'કપૂરનું વૈતરું' કરી શકે. એમની સજ્જતા ને વ્યુત્પત્તિને સર્વથા અનુરૂપ એ કાર્ય છે. સંશોધન સંપાદન અને વિવેચનનાં લગભગ ત્રણેક ડઝન પ્રકાશનો-અને તેય તલસ્પર્શી અભ્યાસપૂર્ણ કેટલાંક અતિ મૌલિક-કરનારની પ્રૌઢબુદ્ધિ અને કસાયેલી કલમનો લાખેણો પ્રસાદ, 'જૈન ગૂર્જર કવિઓ'ના સંપાદનના દશ ભાગને પણ સ્વાભાવિક રીતે મળ્યો છે. એમની વિશિષ્ટ કાર્યપદ્ધતિનો ખ્યાલ મેળવવા માટે અને સામગ્રીની પુનર્વ્યવસ્થા કરવામાં તેઓ ક્યાં સુધી ગયા છે તેનો સાચો અંદાજ મેળવવા માટે ભાગ ૮, ૯, ૧૦માંનાં સંપાદકીય નિવેદનો જોવાં ઘટે અને ભાગ-૮ના બે વિભાગમાં-આરંભેનું નિવેદન તેમજ ભાગ-૯માં જુદી જુદી ગુરુ પટ્ટાવલીઓને આરંભે આવેલું લખાણ જોવું જોઈએ. ભાગ-૭માં પણ જુદી જુદી અનુક્રમણિકાઓને આરંભેની નોંધો ખ્યાલમાં રાખવી જોઈએ. સંપાદકના પરિશ્રમ સાથે, અતંદ્ર જાગ્રતિ દાખવનાર વિવેચકની મૂળગામી ચિકિત્સક દૃષ્ટિનો સુભગ સંવાદ સધાતાં જે પરિણામ આવે તેનું જીવંત દૃષ્ટાંત 'જૈન ગૂર્જર કવિઓ' છે.

૪૭૪૮ પૃષ્ઠમાં અંકિત થયેલું આ સાહિત્યધન, સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈના તપની અક્ષર-સંપદા છે. એમના જીવનભરના કાર્યને ફરીથી ઉજળું કરી આપનાર પ્રા. કોઠારીનો એકાદ દાયકાનો અવિરત પુરુષાર્થ દાદ માગી લે તેવો છે.

મને લાગે છે કે આ આકર-ગ્રંથના પ્રકાશનથી, લેખક શ્રી દેસાઈ સાહેબ, પ્રો. જયંતભાઈ કોઠારી, પ્રકાશક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, સમગ્ર જૈન સમાજ, આર્થિક મદદ કરનાર અને સરવાળે ગુજરાતી સાહિત્ય ધન્ય થઈ ગયાં !

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૪ ● ● તા. ૧૬-૪-૯૯ ● Licence to post without prepayment No. 37 ● Regd. No. MH / MBI-South / 54 / 99

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## જૈન ધર્મ વૈશ્વિક સ્તરે

જૈન ધર્મની ભૌગોલિક સીમાઓ ઉત્તરોત્તર વિસ્તરતી અને વિકસતી જાય છે. એશિયા, આફ્રિકા, યુરોપ અને અમેરિકાના દેશોમાં જાતે ફરીએ તો ખ્યાલ આવે કે 'અહો, જૈનો ક્યાં ક્યાં જઇને વસ્યાં છે !' જૈનોની વૈશ્યવૃત્તિ એમને વખતોવખત સ્થળાંતર કરાવતી રહે છે. બીજી બાજુ એમનામાં રહેલા ધર્મસંસ્કારે એમને પોતાનું અનોખું વ્યક્તિત્વ જાળવી રાખવામાં સહાય કર્યા કરી છે. વિદેશોમાં વસતા જૈનો બહુધા સાધનસંપન્ન હોવાથી છેલ્લા ત્રણ-ચાર દાયકાથી તેઓ પોતાના ધર્મસંસ્કારની જાળવણી માટે વધુ સક્રિયપણે જાગૃત બન્યા છે. વિદેશમાં રહેવાથી ધર્મસંસ્કારો ભુંસાઇ જાય છે એ ખ્યાલ હવે કાલગ્રસ્ત બની ગયો છે.

કેટલાક સમય પહેલાં રાજકોટમાં લંડનના ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી અને રાજકોટની જૈન એકેડેમીના સંયુક્ત ઉપક્રમે મુ. શ્રી રતિલાલ ચંદરયાના પ્રમુખસ્થાને એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં બ્રિટન ખાતેના ભૂતપૂર્વ હાઈ કમિશ્નર, જૈન ધર્મના નામાંકિત વિદ્વાન, પ્રખર ધારાશાસ્ત્રી અને હાલ રાજ્યસભાના સભ્ય ડૉ. એલ. એમ. સિંઘવીનું 'આધુનિક સમાજ અને જૈન જીવનદર્શન' વિશે પ્રવચન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીના સંયોજકો શ્રી નેમુભાઇ ચંદરિયા અને ડૉ. કુમારપાળ દેસાઇ તથા જૈન એકેડેમી(રાજકોટ)ના પ્રમુખ શ્રી પ્રવીણભાઇ પુંજાણીના નિમંત્રણથી મને અને મારાં પત્નીને ત્યાં ઉપસ્થિત રહેવાનો અવસર સાંપડ્યો હતો.

ડૉ. એલ. એમ. સિંઘવીએ પોતાના વક્તવ્યમાં ભારતમાં અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જૈન સમાજજીવન અને તત્ત્વવિચારણા વિશેના કેટલાક મુદ્દાઓની સરસ છણાવટ કરી હતી.

આ પ્રસંગે ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીના ચેરમેન મુ. શ્રી રતિલાલ ચંદરયાએ પોતાના વક્તવ્યમાં ૧૯૭૭માં મેં લંડનમાં ઇન્સ્ટિટ્યૂટનું બીજ વાવેલું એ વાતનો સાભાર નિર્દેશ કર્યો એ મારે માટે હર્ષની વાત હતી. એમના વડીલ બંધુ સ્વર્ગસ્થ મુ. શ્રી દેવચંદભાઇ ચંદરયાએ મને અને મારાં પત્ની તારાબહેનને જૈન ધર્મ વિશે ઇંગ્લંડમાં પ્રવચનો આપવા માટે ૧૯૭૭માં નિમંત્રણ આપેલું. છ અઠવાડિયાંના અમારા કાર્યક્રમ દરમિયાન મુ. શ્રી દેવચંદભાઇ અને શ્રી કપુરભાઇ ચંદરયા સાથે ચર્ચા-વિચારણા કરતાં જૈન ધર્મના વ્યવસ્થિત પ્રચાર માટે એક સંસ્થાની સ્થાપનાની આવશ્યકતા સમજાઇ હતી. એ અંગે સવિગત વિચારણા કરીને મેં એ માટે બંધારણ ઘડી આપ્યું હતું. પરંતુ દુર્ભાગ્યે બીજું વર્ષ આવે તે પહેલાં દેવચંદભાઇનું અકાળ અવસાન થયું અને એ વાત ત્યાં અટકી પડી. પરંતુ ત્યારપછી કેટલેક વર્ષે મુ. શ્રી રતિલાલ ચંદરયા સિંગાપુરથી ઇંગ્લંડમાં આવીને વસ્યા અને એમણે એ સંસ્થાની સ્થાપનાના કાર્યમાં સક્રિય રસ લીધો, આર્થિક ભંડોળની જવાબદારી લીધી અને એમ કરતાં બીજા મિત્રો અને કાર્યકરોનો સુંદર સહકાર મળતાં ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. લંડનમાં સ્થપાયેલી ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી નામની આ સંસ્થા છેલ્લા લગભગ બે દાયકાથી જૈન ધર્મના પ્રચાર અને પ્રસાર માટે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કરી રહી છે. 'જૈન ડેકલેરેશન ઓન નેચર', 'તત્ત્વાર્થસૂત્ર'નો અંગ્રેજી અનુવાદ, શિકાગોની વિશ્વધર્મ પરિષદના શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવો, તથા સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીના પુસ્તકોનું પ્રકાશન કરવું, વેટિકનમાં નામદાર પોપની મુલાકાત લઇ એમને તથા એમના સમુદાયના સભ્યોને જૈન ધર્મથી પરિચિત કરવા અને એમની સાથે ધર્મચર્ચા કરવી, લંડનના વિક્ટોરિયા મ્યુઝિયમે પ્રાચીન જૈન શિલ્પાદિ પરંપરાની કલાકૃતિઓ વિશે યોજેલા પ્રદર્શનમાં સહયોગ આપવો, જૈન હસ્તપ્રતોનાં સૂચિપત્રો તૈયાર કરાવવાં, વિદ્વાનોને સંશોધન માટે શિષ્યવૃત્તિઓ આપવી ઇત્યાદિ બહુવિધ પ્રકારની યશસ્વી પ્રવૃત્તિઓ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા થઇ છે અને તેના અહેવાલો વખતોવખત પત્ર-પત્રિકાઓમાં પ્રગટ થતા રહ્યા છે.

ઇંગ્લંડ અને ભારતમાં યુનિવર્સિટીઓને આર્થિક સહયોગ આપી જૈન ધર્મના વિષયના અભ્યાસક્રમ માટે આયોજન કરવામાં ઇંગ્લંડ અને ભારતની જૈન એકેડેમી દ્વારા ડૉ. નટુભાઇ શાહ, શ્રી સી. એન. સંઘવી વગેરેએ છેલ્લા એક દાયકામાં સંગીન કાર્ય કર્યું છે.

આમ ઇન્સ્ટિટ્યૂટ અને એકેડેમીના સંયુક્ત સહકારથી દેશ-વિદેશમાં જૈન ધર્મના અભ્યાસ માટે મહત્ત્વનું કાર્ય થઇ રહ્યું છે. અમેરિકામાં JAINA દ્વારા પણ સારું કામ ચાલી રહ્યું છે અને હવે તેના તરફથી જૈન એન્સાઇક્લોપીડિયાનું મોટું કામ ઉપાડવામાં આવ્યું છે.

અહિંસા, અપરિગ્રહ, અનેકાન્ત ઇત્યાદિના સર્વસ્વીકાર્ય તત્ત્વોને કારણે વૈશ્વિક ધર્મ બનવાની ક્ષમતા ધરાવનાર જૈન ધર્મનો વૈશ્વિક સ્તરે હવે ઠીક ઠીક પ્રચાર થઇ રહ્યો છે. સહકાર, સંવાદિતા, સહિષ્ણુતા, સંયમ અને શાન્તિમાં માનનાર જૈન ધર્મ સૌ કોઇને વહાલો લાગે એવો છે.

ઇંગ્લંડમાં હાલ જૈનોની જે વસતિ છે એમાંની મુખ્ય આફ્રિકાના યુગાન્ડા, કેનિયા અને ટાન્ઝાનિયાથી આવેલી છે. એમનાં સંતાનોની નવી સુશિક્ષિત પેઢી પણ તૈયાર થઇ ગઇ છે. અમેરિકામાં બીજા વિશ્વયુદ્ધ પછી અભ્યાસાર્થે ગયેલા અને પછી ત્યાં સ્થિર થઇ ગયેલા

જૈનોનું પ્રમાણ સૌથી વિશેષ છે. આફ્રિકા, ઈંગ્લંડ અને અમેરિકામાં વસતા જૈનોમાં થોડો કક્ષાભેદ જણાશે. આફ્રિકામાં ગયેલા જૈનો નોકરી-ધંધા માટે ગયેલા, મહાજન રચીને રહેલા છે. ભારતની જેવી જ રહેણીકરણી ત્યાં લાગે. રહેવાનું પણ પાસે પાસે. શિખરબંધી જિનાલય, મોટી મહાજનવાડી વગેરે ભારતની યાદ અપાવે. ઈંગ્લંડમાં જૂની નવી પેઢીનું સંમિશ્રણ છે. આફ્રિકાથી સ્થળાંતર કરીને આવેલી જૂની પેઢીને સ્થિર થવા માટે ભારે પુરુષાર્થ કરવો પડ્યો. ત્યાં જન્મેલી અને ઉછરેલી નવી પેઢી વધુ તેજસ્વી છે.

અમેરિકામાં વિદ્યાભ્યાસ માટે ગયેલો વર્ગ સુશિક્ષિત છે. એમનું જીવનધોરણ ઉચ્ચ છે. રહેવાનું દૂર દૂર છે. મોટરકાર વગર પહોંચાય નહિ. નવી પેઢી વધુ તેજસ્વી છે, પણ એને ધર્મ તરફ વાળવા માટે મહેનત લેવી પડે એમ છે.

આમ ભારત બહાર વસતા જૈનોની પોતાની સ્થાનિક કેટલીક સમસ્યાઓ છે. વિદેશમાં વસતા માત્ર જૈનો જ નહિ, વિદેશીઓ માટે પણ ધર્મપ્રચારનું સંગીન કાર્ય શ્રી ચિત્રભાનુજી ત્રણ દાયકાથી કરતા રહ્યા છે. અનેક અમેરિકનોને એમણે શાકાહારી બનાવ્યા છે. શ્રી સુશીલમુનિજીએ પણ લગભગ બે દાયકા જેટલો સમય રહીને ત્યાં ધર્મજાગૃતિ આણવાનું અને સંગઠનો તૈયાર કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું છે. હવે ત્યાં ધર્મપ્રચારાર્થે એટલા બધા મહાનુભાવો જવા લાગ્યા છે કે તે દરેકનો વ્યક્તિગત નામોલ્લેખ કરવાનો અહીં અવકાશ નથી.

પ્રાચીન કાળમાં જ્યારે બૌદ્ધ ધર્મે ભારત બહાર પોતાના ફેલાવા માટે રાજ્યાશ્રય મેળવીને અને તે વગર પણ જે પ્રચંડ ઝુંબેશ આદરી હતી તેવું કંઇ જૈન ધર્મે કર્યું હોય એમ જાણવામાં નથી. જૈન ધર્મ ભારતમાં જ સીમિત રહ્યો. સમુદ્રની પાર જવાનું એણે વિચાર્યું જ નહિ. એને મુખ્ય ભય એ હતો કે સમુદ્રની પેલે પાર પ્રચાર કરવા જવાથી ધર્મ એના મૂળ સ્વરૂપમાં રહેશે નહિ. કેટલાંયે સમાધાનો કરવાં પડશે. એનો એ ભય સાચો હતો. આ મુદ્દા ઉપર પણ બૌદ્ધ ધર્મમાં મતભેદો ઊભા થયા હતા અને એથી જ મૂળ સ્વરૂપના બૌદ્ધ ધર્મને અનુસરનાર હીનયાન પંથવાળા કહેવાયા અને થોડીઘણી છૂટછાટ સાથે બૌદ્ધ ધર્મનો ભારત બહાર પ્રચાર કરવામાં માનવાવાળા મહાયાન પંથના કહેવાયા.

બૌદ્ધ ધર્મમાં માંસાહાર અને મદ્યપાન નહોતાં. પણ એશિયાઇ દેશોમાં ઠેઠ ચીન, કોરિયા અને જાપાન સુધી ત્યાંની માંસાહારી અને મદ્યપાન કરનારી પ્રજામાં બૌદ્ધ ધર્મ ફેલાયો, પરંતુ એ પ્રજાઓ માંસાહાર ને મદ્યપાન કરતી રહી. એટલે બૌદ્ધ ધર્મ ત્યાં એના મૂળ સ્વરૂપમાં રહ્યો નહિ.

બૌદ્ધ, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મે લોકોને સમજાવીને, રાજ્યાશ્રય મેળવીને તે દ્વારા, શસ્ત્રના જોરે કે ગરીબોને ખોરાક, કપડાં, દવા વગેરે દ્વારા ફોસલાવીને જે રીતે ધર્મપ્રચાર કરીને પોતાના ધર્મના લોકોની સંખ્યા વધારવાનું ધ્યેય રાખ્યું હતું અને હજુ પણ કેટલેક અંશે રખાય છે એવી રીતે જૈન ધર્મે પોતાની સંખ્યા વધારવાનું ધ્યેય રાખ્યું નથી. જૈન ધર્મ વિશ્વના ઘણાં દેશોમાં હાલ જે ફેલાયો છે તે ત્યાંની સ્થાનિક પ્રજાએ ધર્માંતર કરવાથી નહિ, પણ જૈનો મોટી સંખ્યામાં વિદેશોમાં ઠેર ઠેર જઇને વસ્યા છે એટલા માટે છે. એટલું સ્પષ્ટ સમજી લેવું જોઇએ કે ધર્માંતરની પ્રવૃત્તિ દ્વારા કૃત્રિમ રીતે પોતાની સંખ્યા વધારવામાં જૈન ધર્મ માનતો નથી. આથી જ જૈન ધર્મ દુનિયાનો એક પ્રાચીન ધર્મ હોવા છતાં એનું પાલન કરનારાઓની સંખ્યા દુનિયાની વસતિના અડધા ટકા જેટલી પણ નથી.

સો-દોઢસો વર્ષ પહેલાં જૈનો ભારત બહાર જવા લાગ્યા હતા. મુખ્યત્વે દરિયાઇ માર્ગે તેઓ જતા. શેઠ મોતીશાહનાં વહાણો આ બાજુ બહરીન અને ઝાંઝીબાર સુધી અને પૂર્વમાં બ્રહ્મદેશ, મલાયા, સુમાત્રા અને ચીન સુધી જતાં. એન્જિનથી ચાલતી સ્ટીમરો આવ્યા પછી એડન, કેન્યા, ટાન્ઝાનિયા, માડાગસ્કર સુધી હિંદીઓનો વ્યવહાર વધી ગયો અને તેમાં જૈનો પણ ત્યાં જવા અને વસવાટ કરવા લાગ્યા હતા. જૂના વખતમાં પૂર્વ આફ્રિકા કરતાં બર્મા, મલાયા તરફ જૈનો વધુ જતા. ત્યાર પછી યુગાન્ડા, કેનિયા, તાન્ઝાનિયામાં ઘણા જૈનો જઇને રહ્યા. આ પ્રદેશોની આબોહવા લગભગ ભારત જેવી, શિયાળામાં ત્યાં અતિશય ઠંડી નહિ અને બરફ પડે નહિ. એટલે રહેણીકરણી પણ ભારત જેવી રહી હતી. કેટલેક સ્થળે જૈનોએ સંઘની સ્થાપના કરી અને મંદિર, ઉપાશ્રય વગેરે ધર્મસ્થાનકોની પણ સ્થાપના કરી હતી. પોતાનાં સંતાનોને ગુજરાતી શીખવા મળે અને ભારતીય સંસ્કાર સચવાઇ રહે એટલા માટે તેઓએ કેટલેક સ્થળે પોતાની અલગ શાળાઓ પણ ચાલુ કરી હતી.

દોઢસો-બસો વર્ષ પહેલાં પાશ્ચાત્ય વિદ્વાનોમાં એવી ગેરસમજ હતી કે બૌદ્ધ ધર્મ એ જ જૈન ધર્મ છે. બંનેના અહિંસાના સિદ્ધાન્તને કારણે તથા અન્ય કેટલીક સમાન બાબતોને કારણે આમ બનવું સ્વાભાવિક હતું. પરંતુ જેમ જેમ પાશ્ચાત્ય વિદ્વાનો વધુ અભ્યાસ કરતા ગયા અને હર્મન જેકોબી, ગ્લાસેનાપ, હર્બર્ટ વોરન વગેરેએ જૈન ધર્મ વિશેનાં પુસ્તકો લખ્યાં તે પછી યુરોપમાં જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ એ બે જુદા સ્વતંત્ર ધર્મો છે એવી ગણના થવા લાગી. જો કે જૈન ધર્મ નામનો એક ધર્મ છે એવી માહિતી ચીન, રશિયા સહિત દુનિયાની પોણા ભાગ કરતાં વધુ વસતિને પહુ પણ નથી.

વિદેશમાં વસતા જૈનોનો એક મોટો પ્રશ્ન શાકાહારનો છે. ત્યાં વસતા કોઈક જૈનો શુદ્ધ શાકાહારી નથી રહ્યા એ વાતનો પ્રામાણિકપણે સ્વીકાર કરવો જોઇએ. જૂની પેઢી કરતાં ત્યાં જન્મેલી નવી પેઢીમાં માંસાહારનું પ્રમાણ થોડું વધારે છે એવું પણ સાંભળ્યું છે. માંસાહાર કરતાં પણ મદિરાપાનનું પ્રમાણ વધુ છે અને મદિરાપાન કરતાં કાંદા, બટાટા, લસણ વગેરે અનંતકાય-અભક્ષ્યનું પ્રમાણ વધુ છે. એવા બધા લોકો પ્રત્યે એકદમ તિરસ્કારની લાગણી ધરાવવી યોગ્ય નથી. સહાનુભૂતિપૂર્વક એમની પરિસ્થિતિનો અભ્યાસ થવો જોઇએ. કેટલીક જાગૃતિ આવી છે તેની અનુમોદના કરવી જોઇએ. કોઇપણ ધર્મની પ્રજા વ્યવસાયાર્થે જ્યારે સ્થળાંતર કરે છે ત્યારે સ્થાનિક વાતાવરણનો એના પર પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. ભગવાન બુદ્ધે માંસાહાર અને મદિરાપાન ન કરવાની ભલામણ કરી હતી, પરંતુ એ ધર્મનો પ્રચાર ઘણો બધો થયો હોવા છતાં સમગ્ર એશિયામાં બૌદ્ધધર્મી પ્રજા ઘણુંખરું માંસાહારી અને મદિરાપાન કરનારી રહી છે. એમની સરખામણીમાં જૈનોની સ્થિતિ ઘણી જ સારી છે અને છેલ્લા બે દાયકામાં શાકાહાર માટે સભાનતા વધી છે. વિદેશમાં વસતા કેટલાયે જૈનો શુદ્ધ શાકાહારી છે, મદિરાપાન કરતા નથી, એટલું જ નહિ ચોવિહાર કરે છે, ઉપવાસ આયંબિલ કરે છે, પર્યુષણમાં ઉપવાસ, અઠ્ઠમ, અઠ્ઠાઇ વગેરે તપશ્ચર્યા કરે છે. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ પણ કરે છે. ધાર્મિક શિક્ષણના ત્યાં વર્ગો પણ ચાલે છે અને ધ્યાનની શિબિરો પણ યોજાય છે.

પર્યાવરણ એક એવી બાબત છે કે જેની સાચવણીમાં જૈન ધર્મનું યોગદાન ઠેઠ પ્રાચીન સમયથી વર્તમાન સમય સુધી સૌથી વિશેષ રહ્યું છે. ઓછામાં ઓછું પાણી વાપરવું, અનાજનો બગાડ ન થવા દેવો, વૃક્ષો કાપવાં નહિ, વાહનનો મર્યાદિત ઉપયોગ કરવો, નાનાં જીવજંતુઓની પણ હિંસા ન થવા દેવી, રહેણીકરણીમાં અપરિગ્રહ કે અલ્પ પરિગ્રહના વ્રતને લીધે સંયમમાં રહેવું, કુદરતી શક્તિઓનો વિનાશ ન કરવો વગેરે દ્વારા જૈન ધર્મ પ્રાકૃતિક નૈસર્ગિક વાતાવરણમાં ઓછામાં ઓછો હસ્તક્ષેપ કરે છે. જૈન સાધુઓ અને તેમાં પણ દિગંબર મુનિઓ તો પર્યાવરણની જાળવણીમાં આદર્શરૂપ ગણાય. જૈન સાધુ જેવું જીવન દુનિયામાં અન્ય કોઇ ધર્મમાં નથી.

જૈન ધર્મ વિશેના ગ્રંથોની વિદેશોમાં આરંભમાં જેટલી મુશ્કેલી હતી તેટલી હવે રહી નથી. ત્યાં માધ્યમ મુખ્યત્વે અંગ્રેજી ભાષાનું રહ્યું છે. ત્યાં વસેલા જૂની પેઢીના માણસો અંગ્રેજી ઉપરાંત ગુજરાતી,

હિંદી વગેરે ભાષામાં લખાયેલા ગ્રંથો વાંચી શકે છે. પરંતુ નવી પેઢીને તો અંગ્રેજીમાં જ સાહિત્ય જોઇએ. છેલ્લા ચાર-પાંચ દાયકામાં ભારતમાં અને વિદેશોમાં અંગ્રેજી ભાષામાં જૈન ધર્મ વિશે વિવિધ દૃષ્ટિબિન્દુથી લખાયેલા નાના મોટા ગ્રંથોની સંખ્યા વધતી ગઇ છે. ત્યાં કેટલાંક સેન્ટરોમાં જૈન ગ્રંથાલયો પણ થયાં છે. અને હવે તો ઇન્ટરનેટ પર ઘણી બધી માહિતી સાંપડે છે.

વિદેશોમાં ઘણાં સેન્ટરો ખાસ કરીને પર્યુષણ પર્વ દરમિયાન ભારતથી વ્યાખ્યાતાઓને નિમંત્રણ આપે છે અને તેમના જ્ઞાનનો લાભ મેળવે છે. જૂની પેઢીના માણસો પોતાના સંતાનો માટે વેળાસર જાગૃત થયા એથી આફ્રિકા, જાપાન ઉપરાંત ઈંગ્લંડ, અમેરિકા, બેલ્જિયમ, સિંગાપોર, મલેશિયા, દુબઇ, હોંગકોંગ વગેરે ઘણે સ્થળે જૈનત્વની હવા સારા પ્રમાણમાં પ્રસરેલી છે. જૈન સંઘો, જૈન સેન્ટરો, જૈન એસોસિએશનો, જૈન સ્ટડી સર્કલો, જૈન સમાજ, જૈન વર્લ્ડ, યંગ જૈન્સ વગેરે જુદા જુદા નામથી ઘણી સંસ્થાઓ અને એનાં ફેડરેશનો સક્રિયપણે કાર્ય કરવા લાગ્યાં છે અને કેટલાંકનાં તો વર્ષે બે વર્ષે મોટા પાયા પર અધિવેશનો પણ યોજવા લાગ્યાં છે. મંદિરોમાં પ્રતિષ્ઠાના પ્રસંગો, સાલગીરી વગેરે પણ યોજાય છે. આવા કોઇ પ્રસંગે ત્યાં ઉપસ્થિત હોઇએ તો ત્યાં કેવું વાતાવરણ જામે છે એનો પ્રત્યક્ષ અનુભવ થાય.

ધર્મના પ્રચારમાં મહત્ત્વની વાતને બે વિભાગમાં વહેંચી શકાય. એક તો એના તત્ત્વજ્ઞાનના અને નીતિધર્મના સિદ્ધાન્તો અને બીજું એનો આચારધર્મ. તત્ત્વજ્ઞાન અને નીતિધર્મના સિદ્ધાન્તો પોતાના ક્ષેત્રની બહાર પણ સાચવી શકાય છે, જો એના પુરસ્કર્તાઓ સમર્થ જ્ઞાની મહાત્માઓ હોય તો. આચારધર્મના પાલનમાં પ્રાદેશિક આબોહવા તથા ઉપલબ્ધ સામગ્રી અનુસાર ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થાય છે. ભારતની આબોહવા એકંદરે એવી છે કે વધુમાં વધુ ઠંડી અને વધુમાં વધુ ગરમીમાં, બહાર ખુલ્લામાં ઉઘાડા પગે અને નગ્ન શરીરે દિગંબર મુનિ મહાત્માઓ વિહાર કરી શકે છે. પરંતુ તેઓને માટે આ રીતે ઈંગ્લંડ, યુરોપ, અમેરિકા, કેનેડા, જાપાનમાં વિચરવું અશક્ય છે. એટલે તેઓ જાય નહિ, અને જાય તો આચારધર્મમાં છૂટછાટ લેવી પડે. શ્વેતામ્બર સાધુઓ માટે પણ આ વાત એટલી જ સાચી છે. ભારતમાં ગ્રામ, નગર, આવાસ એટલાં નજીક નજીક છે કે એક સ્થળેથી બીજે સ્થળે પાદવિહાર કરી શકાય. યુરોપ, અમેરિકામાં વાહનનો ઉપયોગ કર્યા વગર છૂટકો નથી. ગોચરી-આહારના નિયમો ત્યાં ન જ સચવાઇ શકે.

જ્યાં સાધુ-સાધ્વીનો યોગ ન હોય એવા પ્રદેશોમાં, વિદેશોમાં તેમજ ભારતમાં, લોકોના ધર્મપાલનમાં શિથિલતા કે પ્રમાદ આવે અને પ્રત્યક્ષ માર્ગદર્શનના અભાવે અન્ય ધર્મ તરફ વળી જવાનું મન થાય. વિદેશોમાં ધર્મપ્રચારની આ એક મોટી મર્યાદા છે. ગૃહસ્થ પંડિતો અને વ્યાખ્યાતાઓનો સાધુ-સાધ્વી જેટલો પ્રભાવ ન જ પડે એ દેખીતું છે. વિદેશોમાં ભૌતિક પ્રલોભનો એટલાં બધાં હોય છે કે સાધુ-સાધ્વી હોય તો તેમની પણ કસોટી થાય. હવે સાધુ અને ગૃહસ્થ વચ્ચે શ્રમણ-શ્રમણીનો વર્ગ તૈયાર થયો છે અને તેમના દ્વારા સારું કાર્ય થઇ રહ્યું છે. પણ હજુ વિશેષ પ્રયાસની આવશ્યકતા છે.

દરેક ધર્મમાં એના તત્ત્વસિદ્ધાન્તો અને આચાર-નિયમો સામાન્ય રીતે પરસ્પર સંલગ્ન હોય છે. સિદ્ધાન્તોના આધારે આચારના નિયમો ઘડાતા હોય છે. એમાં કેટલાક નિયમો મોટા અને પ્રાણવાન હોય છે અને કેટલાક દેશકાળાનુસાર પરિવર્તનશીલ હોય છે. જૈન ધર્મમાં એના તત્ત્વસિદ્ધાન્તની સાથે આચારધર્મના નિયમો ઘણી ગાઢ રીતે સંકળાયેલા છે. આથી જ ધર્મપ્રચાર કરવા જતાં આચારનો સદંતર લોપ થાય તે ઇષ્ટ મનાયું નથી.

વિદેશોમાં જ્યાં જૈનો વસ્યા છે ત્યાં ભોગસામગ્રીની વિપુલતા છે તથા વિવિધ પ્રકારનાં સાધનસગવડ છે. ઇન્દ્રિયાર્થ પદાર્થો એટલા બધા ત્યાં છે કે તે ભોગવવા મન લલચાય એ સ્વાભાવિક છે. એવા વાતાવરણમાં સરેરાશ મનુષ્યોમાં ધર્મનો રંગ અમુક હદ સુધી જ જીવનમાં ઊતરે એ સ્વાભાવિક છે. ધર્મના નીતિનિયમો ત્યાં સચવાય, પણ આત્મતત્ત્વની ઊંડી સાધના બહુ જૂજ લોકો કરી શકે. જેમણે એવી આધ્યાત્મિક સાધના કરવી છે તે તો દુનિયાના કોઇપણ ખૂણામાં રહીને કરી શકે છે. એકાંત અને અસંગપણું ભારે પુરુષાર્થ માગી લે છે.

જૈન ધર્મ આત્મલક્ષી ધર્મ છે. આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર, સમ્યદર્શન દ્વારા પોતાના જ આત્માને મોક્ષગતિમાં પહોંચાડવા માટેનો ધર્મ છે. લોકોનાં ભૌતિક સુખસગવડ વધે એ એનું મુખ્ય ધ્યેય જ નથી. ત્યાગ, વૈરાગ્ય, સંયમ, જ્ઞાન-ધ્યાન, કષાયમુક્તિ ઇત્યાદિમાં માનવાવાળો જૈન ધર્મ હોવાથી, ધર્મપ્રચાર કરી સંખ્યા વધારવાનું લક્ષ એણે રાખ્યું નથી. આથીજ જૈન ધર્મના આચારપાલનમાં કેટલાંક પરિવર્તનો વખતોવખત આવ્યાં તેમ છતાં એણે પોતાનું મૂળ તાત્ત્વિક સ્વરૂપ સાચવી રાખ્યું છે.

જૈન ધર્મના વૈશ્વિક સ્તર વિશેના કેટલાક મુદ્દાઓની અહીં સાધારણ છણાવટ કરવામાં આવી છે. સમગ્ર વિષયનો અભ્યાસ તો વિવિધ દૃષ્ટિકોણથી આંકડાઓ સાથે થઇ શકે.

એક અવાસ્તવિક તર્ક કરવામાં આવે છે કે ધારો કે દુનિયાની તમામ પ્રજા જૈન ધર્મ પાળતી હોય અને જૈન ધર્મના આગમગ્રંથો-શાસ્ત્રગ્રંથો નષ્ટ થઇ ગયા હોય એવી એક સ્થિતિ હોય અને બીજી બાજુ દુનિયામાં એક પણ માણસ જૈન ન હોય છતાં એના આગમગ્રંથો-શાસ્ત્રગ્રંથો સચવાયા હોય એવી બીજી સ્થિતિ હોય તો આ બે સ્થિતિમાંથી કઇ સ્થિતિને ઇષ્ટ ગણવી ? મને લાગે છે કે શાસ્ત્રગ્રંથો નહિ હોય તો ત્રીજી ચોથી પેઢીએ જૈનત્વનો લોપ થવા લાગશે, પરંતુ શાસ્ત્રગ્રંથો બચી ગયા હશે તો મોડો વહેલો ફરી જૈન ધર્મનો ઉદય અવશ્ય થશે.

જૈન ધર્મ જાતને ગુમાવીને જગતને મેળવવામાં માનતો નથી.

☐ રમણલાલ ચી. શાહ


## સંઘનાં નવાં પ્રકાશનો

**ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત**

| | | કિંમત |
|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે (ત્રીજી આવૃત્તિ) | રૂા. ૧૫૦-૦૦ |
| (૨) | પાસપોર્ટની પાંખે ઉત્તરાલેખન | રૂા. ૧૫૦-૦૦ |

મુખ્ય વિક્રેતા :
આર. આર. શેઠની કું.
મુંબઈ-અમદાવાદ

પ્રત્યેક પુસ્તક સંઘના સભ્યોને રૂપિયા ૧૦૦માં આપવામાં આવશે.

☐ મંત્રીઓ

# મંત્ર અને તેનું સ્વરૂપ

□ ડૉ. કવિન શાહ

જીવનમાં આવતી ઉપાધિને દૂર કરવા અને ભૌતિક સુખસમૃદ્ધિ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે જ્ઞાન-ભક્તિ અને કર્મનો આશ્રય લેવામાં આવે છે. તેમ છતાં મંત્રની ઉપાસના-જાપ કરીને અનેકવિધ લાભ મેળવવાની મનોવૃત્તિ જનસાધારણમાં વિશેષ પ્રચલિત છે. મંત્રથી ઇચ્છિત ફળપ્રાપ્તિ થાય તે માટે મંત્રનો જાપ કરવામાં આવે છે. આ મંત્ર વિશેની તાત્ત્વિક માહિતી જાણીએ તો તેને સિદ્ધ કરી શકાય. વર્તમાન સમયમાં ગ્રહપીડા, લગ્નજીવન, લક્ષ્મીપ્રાપ્તિ, પુત્ર-સંતાન, ધંધો સારો ચાલે, મહાસંકટ, જેલવાસથી બચી જવાય, ચૂંટણીમાં વિજય મળે, મોટો હોદ્દો સત્તા મળે અને સત્તા પર સ્થિર થવાય, લાંબા કાળ પર્યંત સત્તા ભોગવી શકાય આવા હેતુથી મંત્રોપાસનાનું પ્રમાણ દિનપ્રતિદિન મોટા પ્રમાણમાં વૃદ્ધિ પામ્યું છે. ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ હશે કે જેણે જીવનમાં એક પણ વખત મંત્રનો આશ્રય લીધો ન હોય. મંત્ર શાસ્ત્ર છે કે વિજ્ઞાન તે અંગે ઊંડા ન ઊતરીએ તો પણ તેને શાસ્ત્ર માનીને શાસ્ત્રોક્ત માહિતી જાણીએ તો સાચા અર્થમાં મંત્ર એ મંત્રરૂપે કલ્યાણકારી બને છે.

નિરુક્તકાર યાસ્કમુનિ તેનો અર્થ કરે છે : 'મન્ત્રો મનનાત્' એટલે કે મનન કરવા યોગ્ય હોય તે મંત્ર છે. તાંત્રિકોના મતે મંત્રનો અર્થ છે : 'મનનાત્ ત્રાયત્રે ઇતિ'—જેનું મનન કરવાથી રક્ષણ થાય છે તે મંત્ર છે.

મંત્રને સાચો અર્થ તો એ છે કે મનન દ્વારા પરમ તત્ત્વનો બોધ થાય અને તેમાં સ્થિરતા આવે.

યોગીઓ, સંન્યાસીઓ અને અવધૂતોની સાધનાનું લક્ષ્ય પરમ તત્ત્વની પ્રાપ્તિ છે.

મંત્ર વિશે બીજો મત પણ પ્રચલિત છે કે જેના મનનથી આંતરમનની ગૂઢ શક્તિ જાગ્રત થાય. આત્મસ્ફૂરણા થાય અને અંતે સંસારનો ક્ષય થાય. જરા અને મૃત્યુના અનાદિકાળના બંધનથી મુક્ત થવાય. આ પ્રકારનું ફળ મળે તો મંત્રસિદ્ધિ સાર્થક થાય છે.

શ્રી અભયદેવસૂરિ મંત્ર વિશે જણાવે છે કે :

'મન્ત્રો દેવાધિષ્ઠિતોઽસાવક્ષરરચનાવિશેષઃ।'

(પંચાશકસૂત્ર-ટીકા)

દેવથી અધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોની રચના એ મંત્ર છે.

પંચકલ્પ ભાષ્યમાં જણાવ્યું છે કે 'મંત્રો પુણ હોઈ પઢિય સિદ્ધો.'

જે પાઠ સિદ્ધ હોય તે મંત્ર કહેવાય છે.

મંત્ર વ્યાકરણમાં એવો ઉલ્લેખ છે કે જે મંત્રવિદો વડે ગુપ્તપણે બોલાય છે તે મંત્ર છે.

મન્ત્રિ-ધાતુ પરથી મંત્ર શબ્દ રચાયો છે. તેનો અર્થ છે ગુપ્ત ભાષણ-મનન કરવું તે.

મંત્ર વિષેના ઉપરોક્ત વિચારોને આધારે એમ ફલિત થાય છે કે મંત્ર દ્વારા ભૌતિક અને આધ્યાત્મિક સિદ્ધિ મેળવવાનું લક્ષ્ય રહેલું છે. ભૌતિક લક્ષ માત્ર આ જન્મ પૂરતું જ ઉપયોગી છે, જ્યારે આધ્યાત્મિક રીતે તેના સંસ્કારો ભવાંતરમાં પણ આત્માને ઉપકારક નીવડે છે. મતલબ કે જ્યાં સુધી આત્મા મુક્તિ સુખ પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી આધ્યાત્મિક હેતુથી મંત્ર સાધના કરે તે જ ઇષ્ટ છે. અન્યથા નહિ.

ભારતીય સંસ્કૃતિની પરંપરામાં મંત્ર કે દીક્ષા માટે ગુરુ-શિષ્યના સંબંધમાં ગુરુ-શિષ્યને યોગ્ય જાણીને કાનમાં ગુપ્ત રીતે મંત્ર સંભળાવે છે. ત્યારપછી શિષ્ય તેનું મનન કરે છે-જાપ કરે છે. આ પરંપરા એ મંત્ર મેળવવાની યોગ્યતા-લાયકાતને મહત્ત્વ આપે છે. ગમે તે વ્યક્તિ મંત્રને લાયક નથી. કુપાત્રને પ્રાપ્ત થયેલો મંત્ર નિષ્ફળ છે.

મંત્રરચનાનો વિચાર કરીએ તો તેમાં સૌ પ્રથમ બીજાક્ષર સ્થાન ધરાવે છે. 'બીજ' એ મંત્રનું મૂળભૂત અંગ છે. બીજાક્ષરમાં રહેલી અખૂટ શક્તિ મંત્રની સફળતામાં ખૂબ જ ઉપયોગી નીવડે છે. જૈન અને જૈનેતર ધર્મોમાં પણ બીજાક્ષરનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પ્રથમ બીજાક્ષર અને ત્યાર પછી મંત્રાક્ષરોનો સમાવેશ થાય છે. બીજમંત્રને વિવિધ પર્યાયવાચી શબ્દોથી ઓળખવામાં આવે છે. તેજસ્, ભક્તિ, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, કમલ, અગ્નિ, ધ્રુવ, આકાશ. તદુપરાંત શક્તિ, બિંદુ, ત્રિદૈવત, સત્ય, મન્ત્રાદ્ય, સાવિત્રી, ત્રિકૂટ, ગાયત્રીબીજ, વેદસાર, વેદબીજ, પંચરશ્મિ વગેરે સંજ્ઞાથી તે ઓળખાય છે.

બીજમંત્રમાં માત્ર બીજાક્ષર હોય છે. ૐ એ બીજમંત્ર તરીકે સર્વ દર્શનશાસ્ત્રોમાં માન્ય છે. જો કે તેનું અર્થઘટન સાંપ્રદાયિક દૃષ્ટિએ જુદું હોવા છતાં બીજમંત્ર તરીકે કોઈ ભેદ નથી.

બીજ પછી હેતુપૂર્ણ અર્થગંભીર રહસ્યયુક્ત અક્ષરોનો આશ્રય લઈને મંત્ર રચના કરવામાં આવે છે.

દા. ત. ૐ હ્રીં અર્હમ્ નમઃ આ મંત્રમાં ૐ બીજમંત્ર છે. હ્રીં માયા તત્ત્વ-શક્તિસૂચક છે. તેને બીજમંત્ર સાથે જોડવામાં આવ્યો છે. ત્યારપછી ઇષ્ટદેવ અરિહંત માટે અર્હમ્ મૂકીને નમસ્કાર કરવામાં આવ્યા છે. મંત્રમાં નમઃ શબ્દપ્રયોગ શોધન અને અર્ચનના પ્રયોજનથી થાય છે.

આ રીતે મંત્રરચના કરવામાં આવે છે.

અનેક જાતના મંત્રો રચાયેલા ઉપલબ્ધ થાય છે. પૂર્વકાલીન ઋષિ-મુનિઓએ મંત્રોની સાધના કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. પરિણામે એમની પાસે વચનસિદ્ધિ હતી. તેના ચમત્કારથી લોકો ઋષિ-મુનિઓની પૂજા-ભક્તિ કરતા હતા.

મંત્રના પ્રકારોનો વિચાર કરીએ તો તેમાં પણ વિવિધતા જોવા મળે છે.

બીજમંત્ર અને નામમંત્ર--બીજમંત્રમાં ૐ હ્રીં નમઃ જેવા બીજાક્ષરો રહેલા છે, જ્યારે નામમંત્રમાં ઇષ્ટદેવનું નામ જોડવામાં આવે છે.

'પ્રયોગસાર' નામના ગ્રંથમાં જણાવ્યું છે કે નવ અક્ષરના બીજમંત્રો છે અને વીસ અક્ષરના મંત્રો છે. તેથી વધારે અક્ષરવાળા માલા મંત્રો છે. મંત્રના પ્રકાશમાં અક્ષરસંખ્યા પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

મુનિલાલજી સ્વામી મંત્રના ત્રણ પ્રકાર દર્શાવે છે.

સિદ્ધમંત્ર—જેનો અનુભવ કરીને સિદ્ધ કરવામાં આવે છે તેવો મંત્ર. આવો મંત્ર અન્ય વ્યક્તિઓને આપવામાં આવે છે. સાધકની કુંડલિની શક્તિ જાગ્રત થાય છે ત્યારે પરમેશ્વરના અનુભવથી સિદ્ધમંત્રો સ્વયં સ્ફૂરે છે. સિદ્ધગુરુના અનુગ્રહથી પણ આવા મંત્રો પ્રાપ્ત થાય છે.

સાધારણ મંત્ર—ગુરુમુખેથી મંત્ર ગ્રહણ કરીને શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે જાપ કરવામાં આવે છે. આ પ્રકારનાં મંત્રોની સાધના મોટી સંખ્યામાં થાય છે.

નિર્બીજ મંત્ર—પુસ્તક વાંચીને ગ્રહણ કરેલા મંત્રો શક્તિરહિત છે. તેનાથી કોઈ લાભ નથી.

અન્ય રીતે તેના બીજા ત્રણ પ્રકાર સાત્ત્વિક, રાજસી અને તામસિક છે.

સાત્ત્વિક મંત્રો—આત્મશુદ્ધિ-આત્મસ્વરૂપાનુસંધાન માટે છે.

રાજસી--યશ, સમૃદ્ધિ અને ભોગવિલાસ માટે છે.

તામસિક—મારણ-શત્રુવશ કરવા માટે હોય છે.

તાંત્રિકોના મતે એક અક્ષરનો મંત્ર પિંડ છે. બે અક્ષરનો મંત્ર કર્તકી છે. ત્રણથી નવ અક્ષરના બીજમંત્રો છે. ૧૦ અક્ષરથી ૨૦ અને વધુ અક્ષરવાળા માલામંત્ર છે.

શ્રી દામોદર શાસ્ત્રી મંત્રના નૈગમિક, પૌરાણિક આગમ, શાબર અને પ્રકીર્ણક એમ પાંચ ભેદ જણાવે છે.

નૈગમિક એટલે વંદનાના આધારે રચાયેલા મંત્રો.

પૌરાણિક-પુરાણોના સંદર્ભથી રચાયેલા મંત્રો

આગમ-તંત્રને આધારે રચાયેલા મંત્રો.

શાબર-ભીલ કે નીચ જાતિના પ્રચલિત મંત્રો.

પ્રકીર્ણક-જૈન, બૌદ્ધ, ઇસ્લામ જેવા ધર્મ અને અન્ય મત કે સંપ્રદાયના મંત્રો.

આ રીતે મંત્રના પ્રકારો વિશે માહિતી ઉપલબ્ધ થાય છે. મંત્રોના વર્ગીકરણ વિશેની માહિતીની સાથે વિવિધ પ્રકારની મનુષ્યની મહત્ત્વાકાંક્ષા-ઇચ્છાઓ સિદ્ધ (ફળીભૂત) થાય તે માટે પણ મંત્રો પ્રચલિત છે. આવા મંત્રો માટે ભાગે 'રાજસી' પ્રકારના છે. પુત્રની પ્રાપ્તિ, વિવાહ સંબંધ થવો, ધંધો સારો ચાલે, કોર્ટમાં કેસ જીતી જવો, ચૂંટણીમાં વિજય મેળવવો, પરીક્ષામાં પાસ થવું, લક્ષ્મી પ્રાપ્ત થાય, સરસ્વતી પ્રસન્ન થાય, સંકટ ઉપાધિ દૂર થાય, રોગમુક્તિ થાય, સ્ત્રી-પુરુષ વશ કરવા, કુદરતી આપત્તિમાંથી બચી જવાય, રાજભય, ચોરી, પાણી, અગ્નિ, વિષ, વિષધર, ગ્રહની પીડા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, રાક્ષસથી બચી જવાય, હિંસક પ્રાણીઓથી રક્ષણ, નડતર રૂપે ભૂત-પ્રેત-પિશાચ-ઝેંડ-ડાકણ આદિના ત્રાસમાંથી મુક્ત થવું, સત્તા કે હોદ્દો મેળવવો, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી, મુસાફરીમાં સફળતા મેળવવી, મનોવાંછિત પૂર્ણ થવું વગેરે માટે વિવિધ મંત્રો મોટા પ્રમાણમાં પ્રચલિત છે. આ બધા મંત્રો ઐહિક સુખ લાલસાને પોષનારા છે. તેનાથી દુ:ખમય સંસારમાં ક્ષણિક શાંતિનો શ્વાસ લેવાય પણ અંતે તો તે સંસારમાં પરિભ્રમણ કરાવનારા છે. એટલે મંત્રની સાચી સાધના દ્વારા તો આત્મશુદ્ધિ-ચૈતન્યશક્તિના પ્રગટીકરણમાં, આત્માનુભવ સ્વસ્વરૂપની પ્રાપ્તિમાં નવી ક્ષિતિજ ઉઘાડીને પૂર્ણત્વને પામવા માટેનો હેતુ જ ઇષ્ટ છે એ વાત તરફ લક્ષ આપવું જોઇએ. જો મંત્રને આધારે કહેવાતું સુખ મળે તો જન્મમરણ તો છૂટે જ નહિ. પછી શી સ્થિતિ થવાની ? તેનો ગંભીરતાથી વિચાર કરીને મંત્ર- સાધનામાં જોડાવું જોઇએ. વળી મંત્રસાધનાની સાથે કર્મવાદનો પ્રશ્ન પણ ઉદ્ભવે છે કે પૂર્વસંચિત શુભાશુભ કર્મથી જીવનમાં સુખ, સમૃદ્ધિ, સૌભાગ્ય, દુ:ખ, દારિદ્ર અને દુર્ભાગ્ય મળે છે તો મંત્રો કર્મસત્તાના ઉદયથી પ્રાપ્ત થતા દુ:ખને નિર્મૂળ કરી શકે ખરા ? આ પ્રશ્ન તાત્ત્વિક દૃષ્ટિએ વિચારવો જોઇએ. માત્ર મંત્ર સાધના માનસિક શાંતિ આપે ને દુ:ખના ઉદયમાં આર્તધ્યાન-રૌદ્રધ્યાનથી નવાં કર્મબંધમાં પછડાઈ જવાય નહિ તેવી માનસિક ભૂમિકા આપી શકે તેમ છે. હકીકતમાં તો મંત્ર એ નિમિત્ત છે. લાભાલાભ એ કર્મફળ છે. ધર્મપ્રિય લોકોની શ્રદ્ધા પ્રબળ હોવાને કારણ કે મંત્રના નિમિત્તથી સુખ મળ્યું છે એમ માને છે. પણ એ તો કર્મજન્ય છે તે વાત નિર્વિવાદ છે.

મંત્રનો પરિચય મેળવ્યા પછી તેના પ્રકાર, રચના અને મંત્ર-સાધના-સિદ્ધિ વિશેની કેટલીક માહિતી નીચે મુજબ છે : મંત્રના બે પ્રકાર આગ્નેય અને સૌમ્ય છે.

પૃથવી, આકાશ અને અગ્નિવાળા મંત્રો આગ્નેય છે. જળ અને વાયુ તત્ત્વવાળા મંત્રો સૌમ્ય છે. ફટ્ શબ્દ પ્રયોગ થાય તો તે આગ્નેય મંત્ર બની જાય છે અને મંત્રના અંતે 'નમ:' શબ્દ આવે તો તે મંત્ર સૌમ્ય બને છે.

તાંત્રિકોના મતે સૌર મંત્ર અને સૌમ્ય મંત્ર એમ બે પ્રકાર છે. સૌર મંત્ર પુરુષ દેવતાઓના અને સૌમ્ય મંત્ર સ્ત્રી દેવતાના છે.

આગ્નેય મંત્રો મારણ, ઉચ્ચાટન માટે ઉપયોગી છે. જ્યારે સૌમ્ય મંત્રો શાંતિ અને પુષ્ટિ માટે છે.

ઘણાં અક્ષરોવાળો મંત્ર 'કૂટ' કહેવાય છે અને બાકીના બીજા મંત્રો 'અકૂટ' કહેવાય છે.

મંત્રની બે અવસ્થા છે સ્વાપ અને સુપ્ત.

સ્વાપ અવસ્થામાં મંત્ર સિદ્ધ થાય છે. ફળદાયી બને છે. સુપ્ત અવસ્થામાં મંત્ર નિષ્ફળ છે.

મંત્ર રચના કરવા માટે સ્વર અને વ્યંજનનો આધાર લેવામાં આવે છે.

દા. ત.

ૐ—અ-ઉ-અને મ્ એમાં ત્રણ વર્ણોના સંયોજનથી રચાયો છે.

હ્રીં—હ, ર, ઈ અને મ્ ચાર વર્ણના સંયોજનથી મંત્ર રચાયેલો છે.

અકારથી શરૂ કરીને હકાર સુધીના જે વર્ણો છે તે સર્વ મંત્ર રચનામાં સ્થાન પામી શકે છે.

વેરના વમળમાં યાને મંત્ર યંત્રાદિ મંજુષા ગ્રંથમાં મંત્રના વિવિધ પ્રકારોનો ઉલ્લેખ છે તે અત્રે ઉદાહરણ રૂપે નોંધવામાં આવે છે.

૧. નમસ્કાર મહામંત્રના આધારે નવ મંત્રો રચાયા છે તેમાંનો એક મંત્ર નીચે પ્રમાણે છે.

ॐ ह्राँ श्रीँ, अर्हं अ, सि, आ, उ, सा नमः ।

૨. ચોવીશ તીર્થંકરોના મંત્રો

શ્રી શાંતિનાથનો મંત્ર નીચે મુજબ છે :

ॐ नमो मगवओ अरहओ शांति जिणस्स सिज्जउ
मे मगवइ महई, संति पसंति उवसंति सव्वपावं
पसमेहि स्वाहा.

૩. ઋષિ મંડલનો મંત્ર

ॐ ह्राँ ह्रीँ हुँ हूँ ह्रैं ह्रैँ ह्राँ ह्रूँः असिआउसा
सम्यग्दर्शन ज्ञानचारित्रेभ्यो नमः

આ સત્તાવીશ અક્ષરના મૂળમંત્રમાં પ્રથમ નવ બીજાક્ષરો છે. બાકીના અઢાર વિદ્યાક્ષરો છે.

વર્ધમાનવિદ્યા, સૂરિમંત્ર, ઉવસગ્ગહરંસ્તોત્ર, ભક્તામર સ્તોત્ર સંતિકરં સ્તોત્ર, નમિઉણસ્તોત્રના મંત્રો, ચક્રેશ્વરી, પદ્માવતી, સરસ્વતી, લક્ષ્મીદેવીનાં મંત્રો, ઘંટાકર્ણ મહાવીર, માણિભદ્ર, ક્ષેત્રપાલ, પંચાંગુલીદેવી, ગ્રહોની શાંતિ વગેરે મંત્રોનો સમાવેશ થાય છે.

મંત્ર સાધનામાં મુદ્રાનો પણ સમાવેશ થાય છે. હાથની આંગળીઓની વિશિષ્ટ રચનાને મુદ્રા કહેવામાં આવે છે. 'નિર્વાણ કલિકા' અને 'વિધિપ્રથા' ગ્રંથમાં વિવિધ પ્રકારની મુદ્રાઓનો ઉલ્લેખ થયેલો છે. શરીરનાં અંગોપાંગની રક્ષા કરવા માટેના મંત્રમાં સૌ પ્રથમ આત્મરક્ષા મંત્ર બોલતી વખતે શરીરના અંગોપાંગ સંબંધી મુદ્રાઓ દ્વારા મંત્રોચ્ચાર થાય છે. મંત્રમાં પ્રયોજાયેલા કેટલાક શબ્દોનો અર્થ જાણવાથી મંત્ર સાધના વધુ સાર્થક બને છે. મંત્રમાં 'સ્વાહા' શબ્દ એ હોમબીજ રૂપે છે. 'ક્લીં' રત્નયુગ્મકબીજ છે. 'હા:' નિરોધબીજ છે. 'ઠ:' સ્તંભન બીજ છે. 'નમ:' સાધન અને અર્ચન બીજ સમાન છે. 'સ્વધા' પૌષ્ટિક બીજ છે. 'ફટ્' સૌમ્યતાનું બીજ છે.

શ્રી આનંદઘનજીએ નેમિનાથના સ્તવનમાં મંત્ર સાધના વિશેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે-

મુદ્રા બીજ ધારણા, અક્ષરન્યાસઅરથ વિનિયોગે રે
જે ધ્યાવે તે નવિ વંચિજે, ક્રિયા અવંચક યોગે રે.

મુદ્રા, મંત્રબીજની ધારણા, મંત્રાક્ષરોનો ન્યાસ અને તેના હેતુ પ્રમાણે અર્થની ભાવનાપૂર્વક જે જિનેશ્વરનું ધ્યાન કરે છે કે કદી પણ ફળથી વંચિત રહેતો નથી, કારણ કે તે યોગ સાધનામાં ક્રિયા અવંચક છે.

ૐ ઈ, મં, હ્રીં ને મંત્રમાં જોડવાથી શીઘ્ર ફળદાયી બને છે.

મંત્રાક્ષરોનો પરિચય સાધકની પોતાની સાધનામાં તેના ગુપ્ત રહસ્યને પામવા માટે પૂરક બનીને ચૈતન્યશક્તિ પ્રદાન કરે છે.

હ્રાઁ—રૂપ-કીર્તિ-પુણ્ય, જ્ઞાન-જાપ વગેરેનું પ્રભવસ્થાન છે.

હ્રીઁ—દુ:ખ દૂર કરનારો, સિદ્ધવિદ્યાના બીજ સમાન છે.

હ્રૂઁ—શત્રુ નાશ કરી વિજય આપનારો-રક્ષણ કરનારો છે.

હ્રૂઁ:—શત્રુઓની ચાલબાજી ફૂટ-યોજનાનો નાશક છે.

ય:—સર્વ અકલ્યાણીનો નાશ કરનારો છે.

ક્ષ:—ભૂત-પિશાચ-શાકિની તથા ગ્રહોની પીડાનું શમન કરનારો છે. ઉપરોક્ત મંત્રાક્ષરોનો અર્થબોધ મંત્રના ગૂઢ રહસ્યને પામવા માટે આવશ્યક છે.

મંત્ર સાધવા માટે સ્થળ, સમય, દિશા, આચાર આદિનો પણ વિશેષ રીતે આધાર રહેલો છે.

દેવાલય, ગૌશાળા, નદી કિનારો, એકાંત સ્થળ જેવાં સ્થાનો વધુ આવકારદાયક છે. આવાં સ્થાનો ઉચ્ચ કોટિનાં હોવાથી તેનો પ્રભાવ પણ વધુ પડે છે.

સાધકના આચારવિચારને મંત્રસિદ્ધિમાં મહત્ત્વનું માનવામાં આવે છે. વ્રતપાલન, સદાચાર, સાત્ત્વિકતા, બ્રહ્મચર્યનું પાલન, મંત્રસિદ્ધિમાં યોગદાન કરે છે.

વશીકરણ કરવા માટે પૂર્વદિશાભિમુખ, મારણ માટે દક્ષિણ દિશા, ધર્મપ્રાપ્તિ માટે પશ્ચિમ દિશા, શાંતિ અને તુષ્ટિપુષ્ટિ માટે ઉત્તર દિશાભિમુખ મંત્ર જાપ કરવો જોઇએ.

શાંતિ કે પુષ્ટિ માટે શ્વેત માળા સ્ફટિક-ચાંદીની વાપરવી જોઇએ. આકર્ષણ માટે લાલ રંગની માળાનો ઉપયોગ કરવો જોઇએ. ગ્રહોની પીડાથી મુક્ત થવા માટે ગ્રહના નામથી, તીર્થંકર ભગવાનના નામથી અથવા નવકારપદના સંદર્ભમાં માળા ગણવાની હોય છે. દા. ત. સૂર્યના ગ્રહ માટે ૐ સૂર્યાય નમઃ, ૐ હ્રીં પદ્મપ્રભ સ્વામિને નમઃ, ૐ હ્રીં નમો સિદ્ધાણં આ ત્રણમાંથી કોઇ રીતે જાપ થઇ શકે છે. કોઇપણ પ્રકારના મંત્રની સાધના પૂર્વે સૌ પ્રથમ નમસ્કાર મહામંત્રની બાંધી નવકારવાળી ગણવી. ત્યારપછી જે તે મંત્રનો જાપ કરવો જોઇએ. ગ્રહશાંતિ સ્તોત્રમાં આ પ્રકારનો ઉલ્લેખ છે.

લાકડાની પાટ કે પાટલા પર ગરમ વસ્ત્રને આસન તરીકે મૂકીને જાપ કરવો જોઇએ. એકાગ્રતા, ચિત્તની પ્રસન્નતા અને શ્રદ્ધાપૂર્વક જાપ કરવાથી અવશ્ય ઇષ્ટફળ પ્રાપ્તિ થાય છે. જાપ કરતી વખતે સુખાસન-પદ્માસનમાં બેસવું જોઇએ.

મૌન જાપ શ્રેયસ્કર છે. જાપ વખતે વાતચીત કે અન્ય વચનો બોલવાં નહિ. એકાંત સ્થળે જાપ કરવો. જાપ વખતે ઉચ્ચારશુદ્ધિ અને મંત્રાક્ષરોનો જે ક્રમ હોય તે મુજબ જાપ કરવો જોઇએ.

મંત્ર જાપ માટે સમય અંગેની માહિતી પણ ધ્યાનમાં લેવી જોઇએ. પ્રાતઃકાળમાં સ્નાન કરીને શુદ્ધ વસ્ત્ર ધારણ કરી જાપ કરવો જોઇએ. શુદ્ધ સાત્ત્વિક મંત્રો માટે ત્રિકાલનો સમય ઉત્તમ છે. સૂર્યોદય પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી, મધ્યાહ્ન પહેલાં અને પછીની એક ઘડી, સૂર્યાસ્ત પહેલાં અને પછીની એક ઘડીનો જાપ માટે નિષેધ કરેલો છે. એટલે આ સમયે જાપ કરવો નહિ.

તાંત્રિકોના મતે વશીકરણ, સ્તંભન, આકર્ષણ માટે સવારના ૬ થી ૧૨ સુધી જાપ કરવો. 'શાંતિ માટે' મધ્યરાત્રિએ જાપ કરવો. રવિવાર અને અમાવાસ્યા જાપ માટે ઇષ્ટ નથી. મંત્રનો અર્થ અને રહસ્ય જાણવાથી તેની સિદ્ધિમાં વધુ સરળતાથી પ્રગતિ થાય છે. મંત્રાર્થ અને રહસ્યની ભૂમિકાઓ સાત છે. પ્રકટ અર્થ, ગુપ્ત અર્થ, ગુપ્તતર રહસ્ય, સંપ્રદાય રહસ્ય, કુલ રહસ્ય, નિગર્ભ રહસ્ય, પરાપર રહસ્ય. આમાં પહેલી બે અર્થ ભૂમિકા છે. બાકીની પાંચ મંત્રના રહસ્યની ભૂમિકા છે.

મંત્ર એ વાચક છે અને વાચ્યમંત્ર દેવતા છે. આ બંને એકબીજા સાથે સંલગ્ન છે. મંત્ર ન હોય તો મંત્ર દેવતા નથી. તેના અક્ષરોમાં દેવતાનો વાસ છે એટલે મંત્રાર્થ જાણવો અત્યંત જરૂરી છે. મંત્ર શ્રદ્ધાથી ફળે છે પણ અર્થ જાણવાથી વધું ફળદાયી બને છે. મંત્રાર્થ જાણવા માટે ગુરુસંપર્ક, કોષ-વ્યાકરણની મદદ અને સાંપ્રદાયિક સંદર્ભ ઉપયોગી છે.

❖ ❖ ❖

# 'પંચતંત્ર'

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

શ્રી રામનારાયણ પાઠકે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ડૉ. ભોગીલાલ સાંડેસરાને 'પંચતંત્ર'નો અનુવાદ કરવાનું સૂચન કર્યું. કેમ કે એમનો ખ્યાલ એવો ખરો કે જુદા જુદા બાલસાહિત્યના લેખકો પાસે આવું સાહિત્ય લખાવી પ્રસિદ્ધ કરવા કરતાં, બીજી ધંધાદારી પ્રકાશન સંસ્થા જે કામ હાથમાં ન લે તેવું કંઇક લઇ તેનું પ્રામાણિક ભાષાન્તર કરાવી, તેનું શાસ્ત્રીય પદ્ધતિએ સંશોધન પણ કરાવવું. આવું એક પુસ્તક તે 'પંચતંત્ર' છે, જેની દુનિયાના સાહિત્યમાં અનન્ય પ્રતિષ્ઠા છે, અને જેનાં ભાષાન્તરો પ્રાચીનકાલથી અનેક ભાષામાં થતાં આવ્યાં છે.

ડૉ. સાંડેસરાએ શ્રી પાઠક સાહેબનું આ સૂચન સહર્ષ સ્વીકારી તો લીધું પણ એ વખતે એમના મનમાં આ કાર્ય અંગે કૈંક આવો જ ખ્યાલ કે કથાગ્રંથનો શાસ્ત્રીય અનુવાદ આપવો, આવશ્યક હોય ત્યાં પાઠાન્તર આદિની ચર્ચા કરવી તથા એ વિષયના અભ્યાસલેખરૂપ એક 'ઉપોદ્‌ઘાત' લખવો. શ્રી પાઠક સાહેબની અપેક્ષા પણ આવી ને આટલી જ હતી...પણ જેમ જેમ ડૉ. સાંડેસરા એમના કામમાં આગળ વધતા ગયા તેમ તેમ તેમને આ કાર્યની ગંભીરતા અને વ્યાપકતા સમજાતી ગઇ અને પરિણામે તેઓ વિષયને બને તેટલો સર્વગ્રાહી રીતે અને વિશદતાથી રજૂ કરવા પ્રયત્નશીલ બન્યા, આમ કરવું સાવ સ્વાભાવિક હતું...કેમ જે મૂળ 'પંચતંત્ર' તો વિદ્યમાન છે જ નહીં. આજ 'પંચતંત્ર' નામે ઓળખાય છે તે તો 'પંચતંત્ર'ની પશ્ચિમ ભારતીય પરંપરા છે. આથી પંચતંત્રની અન્ય પ્રાચીન પરંપરાઓનો તુલનાત્મક અભ્યાસ આવશ્યક બન્યો. વિદ્યમાન પ્રાચીન પાઠપરંપરાઓ ઉપરથી ડૉ. એગર્ટને મૂળ 'પંચતંત્ર'નું પુનર્ઘટન અથવા પુનઃકલ્પન (Reconstruction) કરવાનો પ્રયત્ન કર્યો છે અને સં. ૧૨૫૫ જેટલા જૂના સમયમાં 'પંચતંત્ર'ના ભ્રષ્ટ પાઠોનું પોતાની રીત શોધન કરનાર પૂર્ણભદ્ર મુનિના 'પંચાખ્યાન'નો આધાર લઇ પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર'ની વિવિધ વાચનાઓ તથા સંસ્કરણોમાંના પાઠોનો તુલનાત્મક અભ્યાસ ડૉ. સાંડેસરાએ કર્યો છે. આ ઉપરાંત પણ તેમણે ભ્રષ્ટ પાઠોને શુદ્ધતર અને સુસંગત બનાવવા, પાટણના શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાન-મંદિરમાંની એક સં. ૧૪૭૫ની ને બીજી લખ્યા સાલ વિનાની મુનિશ્રી પુણ્યવિજયજી પાસેની સં. ૧૫૩૨ની હસ્તલિખિત પ્રતનો પણ ઉપયોગ કર્યો છે.

'પંચતંત્ર'ની પ્રાચીન સંસ્કૃત પાઠપરંપરાઓ આઠ છે. (૧) તંત્રાખ્યાયિકા, (૨) દક્ષિણ ભારતીય 'પંચતંત્ર', (૩) નેપાલી 'પંચતંત્ર', (૪) હિતોપદેશ, (૫) કથાસરિત્સાગર અંતર્ગત 'પંચતંત્ર', (૬) 'બૃહત્કથામંજરી'-અંતર્ગત 'પંચતંત્ર', (૭) પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર' અને (૮) પૂર્ણભદ્રનું 'પંચાખ્યાન'.

આ પુસ્તકના પ્રથમ વિભાગમાંનો પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર'નો અનુવાદ એ પાઠપરંપરાની अ વાચના પ્રમાણેનો એટલે કે 'બૉમ્બે સંસ્કૃત સિરીઝ'ના સંસ્કરણનો છે. અનુવાદમાં, ટિપ્પણોમાં તથા વધારાની કથાઓમાં (જે પુસ્તકના બીજા વિભાગમાં આપી છે) જે પાઠપરંપરાઓ તથા જે સંસ્કરણોનો ઉપયોગ કર્યો છે એવી નવેકનો ઉલ્લેખ 'પ્રાસ્તાવિક' પર વિગતે કર્યો છે, અને 'પંચતંત્ર'ની પ્રાચીન સંસ્કૃત આઠ પાઠપરંપરાઓની વિગતે વિશદચર્ચા, 'ઉપોદ્‌ઘાત'નાં પૃ. ૯થી ૨૮માં કરી છે. લગભગ ત્રીસેક પૃષ્ઠની આ ચર્ચાને અંતે પ્રાચીન પાઠપરંપરાઓના તેમણે ચાર પ્રવાહો તારવ્યા છે.

(૧) પહેલવી પાઠપરંપરા. મૂળ સંસ્કૃતમાંથી છઠ્ઠી સદીમાં થયેલા અનુવાદમાં જળવાયેલી આ પાઠપરંપરાનું સ્વરૂપ આપણને પહેલવીમાંથી થયેલા અરબી અને જૂના સીરિયાઇ અનુવાદમાં જોવા મળે છે. (૨) 'તંત્રાખ્યાયિકા'-પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર' અને પૂર્ણભદ્રનું 'પંચાખ્યાન', (૩) દક્ષિણ ભારતીય 'પંચતંત્ર', નેપાલી

'પંચતંત્ર' અને 'હિતોપદેશ', (૪) 'બૃહત્કથા'ની કાશ્મીરી વાચનામાંથી 'પંચતંત્ર'ની પાઠપરંપરાને જાળવી રાખતી કૃતિઓ-ક્ષેમેન્દ્રકૃત 'બૃહત્કથામંજરી' અને સોમદેવકૃત 'કથાસરિત્સાગર'. એમાં પણ ક્ષેમેન્દ્ર ઉપર 'તંત્રાખ્યાયિકા'ની અસર છે.

આ ચારેય પ્રવાહો એક જ મૂળમાંથી – મૂળ 'પંચતંત્ર'માંથી નીકળેલા છે. આ પછી લેખક, પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર'ની શાખા-પ્રશાખાઓનો પણ ખ્યાલ આપે છે અને ખાસ કરીને ગુજરાતને તથા ગુજરાતીમાં થયેલા અનુવાદોને લક્ષ્યમાં રાખી ચર્ચા કરે છે, કેમ જે પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર' ગુજરાતમાં રચાયેલું છે અને એની અનુવાદાત્મક વાચનાઓ પણ સૌથી વિશેષ ગુજરાતમાં થઈ છે. લેખકે 'ઉપોદ્ઘાત'માં 'પંચતંત્ર'ના કેટલાંક જૂનાં ગુજરાતી ભાષાન્તરો, 'પંચતંત્ર'-વિષયક પ્રકીર્ણ રચનાઓ અને અર્વાચીન ગુજરાતીમાં થયેલા 'પંચતંત્ર'ના અનુવાદોનો પણ ખ્યાલ આપ્યો છે. એ પછી વિધવિધ દૃષ્ટિએ ખાસ્સાં ૪૦ પૃષ્ઠોમાં 'પંચતંત્ર'ની વસ્તુસંકલના, હિન્દમાં પ્રાણીકથા, 'પંચતંત્ર' અને 'ઈસપનીતિ', 'પંચતંત્ર' અને 'પાલિજાતક', 'પંચતંત્ર' અને 'જૈન-સાહિત્ય', 'પંચતંત્ર' અને 'મહાભારત', 'પંચતંત્ર'-રાજનૈતિક દૃષ્ટિએ, 'પંચતંત્ર' 'અર્થશાસ્ત્ર' અને પ્રિન્સ, પંચતંત્ર-આચારશાસ્ત્રની દૃષ્ટિએ, 'પંચતંત્ર'-સાહિત્યિક દૃષ્ટિએ અને અંતમાં 'પંચતંત્ર'નું ચિરંજીવિત્વ-વગેરે આવશ્યક અભ્યાસ-વિષયક મુદ્દાઓનો સમાસ કર્યો છે.

પુસ્તકના બીજા વિભાગમાં વધારાની ૯૪ વાર્તાઓ આપી છે અને 'પરિશિષ્ટ-૧'માં 'પંચતંત્ર' અને પાલિજાતકવિષયક અભ્યાસલેખ અને 'પરિશિષ્ટ-નં. ૨માં, ડૉ. એગર્ટનના પુનર્ઘટિત 'પંચતંત્ર'નો કથાનુક્રમ દર્શાવ્યો છે.

'પંચતંત્ર'ના આ અનુવાદ-સંપાદન અંગે શ્રી રામનારાયણ પાઠક 'પુરોવચન'માં લખે છે : 'હિન્દમાં સંસ્કૃતમાંથી ઉત્પન્ન થતી ભાષાઓમાં, આટલી શાસ્ત્રીય અને વિશાળ દૃષ્ટિ'થી 'પંચતંત્ર'નું આ પહેલું જ સંપાદન થાય છે.' ઈ.સ. ૨-૧૨-૪૮માં આ પીઢ-પ્રાજ્ઞ વિવેચકનો અધિકારપૂર્વક દર્શાવેલો અભિપ્રાય પ્રાયઃ આજે પણ એટલો જ યથાર્થ લાગે છે. લગભગ ત્રણેક દાયકા બાદ, માર્ચ-૧૯૭૯માં એની બીજી આવૃત્તિ પ્રગટ થઈ, જેમાં અનુવાદનું પરિમાર્જન કર્યું છે તથા ટિપ્પણ અને 'ઉપોદ્ઘાત'માં થોડોક ફેરફાર કર્યો છે.

'પંચતંત્ર'નો આ અનુવાદ રસાળ અને સ્પષ્ટ અર્થબોધ કરાવનાર છે. એમણે જે જે પાઠાન્તરો સ્વીકાર્યાં છે તે તે સર્વથા યોગ્ય અને તર્કબદ્ધ છે. એમની ઝીણવટ, ચોકસાઈ અને વિદ્વત્તાનું દર્શન તો આ ગ્રન્થમાં અનેક સ્થળે મૂકેલી પાદટીપોમાં જોવા મળે છે.

એક જ દૃષ્ટાન્ત જોઈએ, બૉમ્બે સંસ્કૃત સિરીઝની વાચનામાં આ શ્લોકનું ચોથું ચરણ निजधर्मोऽयं किरातानाम् । એ પ્રમાણે છે. કિરાતની સમજૂતી 'પંચતંત્ર'ના સર્વ અનુવાદકો અને ટિપ્પણકારોએ 'એક જંગલી જાતિ' તરીકે જ આપી છે, પણ અહીં તે અર્થ સંદર્ભમાં બંધબેસતો નથી. પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર'ના મુનિશ્રી પુણ્યવિજયજી પાસેના સં. ૧૫૩૨માં લખાયેલ ગુટકામાં આ સ્થળે निजधर्मोऽयं किराटानाम् પાઠ છે જ્યારે પાટણના શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિરની સંવત ૧૪૭૫માં લખાયેલી હસ્તપ્રતમાં प्रकृतिरियं स्याद्वणिजानाम् પાઠ છે. એ ઉપરથી किराट અને वणिक એ બે સમાનાર્થ શબ્દો હોવાની કલ્પના થાય છે. પૂર્ણભદ્રના 'પંચાખ્યાન'માં આ પાંચમા તંત્રનો ૨૧મો શ્લોક છે તેમાં પણ स्वभावरूपं किराटानाम् છે: કહ્લણ કૃત 'રાજતરંગિણી'માં પણ 'છેતરપિંડી કરનાર વણિક'ના અર્થમાં આ શબ્દ છે. એ પછી સંપાદક આ અર્થના સમર્થનમાં આઠમા સૈકાના શીલાંકદેવની કૃતિનો, ભાગવતનો વગેરેનો આધાર ટાંકી જણાવે છે કે પ્રાચીનકાળમાં 'લુચ્ચા વેપારી'ને માટે किराट શબ્દ સુપ્રચલિત હતો. किराट શબ્દ પણ किरात ઉપરથી જ આવેલો હશે, અને કિરાત જેવી જંગલી જાતિઓનું ચૌરકર્મ અને વેપારીઓની છેતરપિંડી વચ્ચેના સામ્યને પરિણામે આ અર્થફેર નિષ્પન્ન થયો હશે વગેરે.

આ વિષય પર લેખકે એમના લેખસંગ્રહ 'અન્વેષણા'માં સ્વતંત્ર લેખ પણ લખ્યો છે.

શ્રી રામનારાયણ પાઠકે 'શાસ્ત્રીય' અને 'વિશાળ દૃષ્ટિથી'-નો ખાસ ઉલ્લેખ કર્યો છે. આપણે ઉપર શાસ્ત્રીય ઝીણવટની વાત જોઈ તો 'પંચતંત્ર'ને વિશાળ દૃષ્ટિથી જોઈ, વિશાળ ફલક ઉપર મૂકવાની પ્રતીતિ એમણે અનેક ગ્રંથો સાથે 'પંચતંત્ર'ની તુલના કરી છે અને સામ્ય-વૈષમ્ય દર્શાવ્યા છે ત્યાં થાય છે, 'ઉપોદ્ઘાત'માં 'પંચતંત્ર' અને 'મહાભારત'વાળો વિભાગ વાંચતાં આ સત્યની પણ પ્રતીતિ થશે જ.

વિદ્વાન સંપાદકે 'પંચતંત્ર'ની સાહિત્યિક દૃષ્ટિએ પણ સુંદર આલોચના કરી છે. 'પંચતંત્ર' એ લોકકથાઓનો સંગ્રહ છે ખરો પણ કલાકારને હસ્તે સંપાદિત થયેલો સંગ્રહ છે. વાર્તામાં આવતી વાર્તા-જેવી વસ્તુયોજના, વ્યવહારજ્ઞાન આપવા માટે વચ્ચે આવતાં સુભાષિતો એ વાર્તાનો ભાગ નથી છતાંયે 'પંચતંત્ર'નો એ આવશ્યક ભાગ બની રહે છે. એની ભાષા સાદી છતાં શિષ્ટ અને છટાદાર છે. મહાકવિઓમાં જ જોવા મળતું પોતાનાં પાત્રો માટેનું તાટસ્થ્ય 'પંચતંત્ર'માં સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

તો 'પંચતંત્ર'નું ચિરંજીવિત્વ શેમાં રહેલું છે ? આપણાં દેશમાં ઉપનિષદો તથા 'રામાયણ' અને 'મહાભારત'ની સાથે ઉદ્બોધક-ગ્રન્થ તરીકે 'પંચતંત્ર' અને 'હિતોપદેશ'ને ગણાવવામાં આવે છે. 'પંચતંત્ર'માં योगः कर्मसुकौशलम् ।–અવિરત પુરુષાર્થ, નિર્વ્યાજ પ્રેમ-નિર્ભર મૈત્રી, અતંદ્ર જાગ્રતિ, સંપત્તિનો સમાન ઉપભોગ, ધારણાશક્તિ વગેરે સદગુણો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. વ્યાવહારિક વિવેકબુદ્ધિએ 'પંચતંત્ર'નો કેન્દ્રસ્થ બોધ છે પણ એ ઉપદેશની સાથે એક વિશિષ્ટ કુતૂહલનું તત્ત્વ સાદ્યાન્ત અનુસ્યૂત રહે છે, જે વિષયને જીવંત ને રસપ્રદ તથા ચેતનભર્યો બનાવે છે. 'ઉપોદ્ઘાત'ના અંતમાં લેખક કહે છે : 'દુનિયાના બીજા કોઈ દેશના વ્યવહારબોધક ગ્રન્થનું સાહિત્ય-સ્વરૂપ આ પ્રકારનું નથી, અને એ વસ્તુએ 'પંચતંત્ર'ના બહોળા પ્રચારમાં અને તેની ચિરંજીવિતામાં મોટો ફાળો આપ્યો છે એ ચોક્કસ છે.'

ઈ. સ. ૧૯૮૮ના ઓગસ્ટમાં, આકાશવાણી-અમદાવાદ-વડોદરા પરથી ડૉ. ભોગીલાલ સાંડેસરાની એક કલાકની 'સ્મરણયાત્રા' પ્રસારિત થયેલી. એમની મુલાકાત લેતાં મેં એમને એક પ્રશ્ન પૂછેલો : 'સંપાદન, સંશોધન, વિવેચન અને અનુવાદ-એમાંથી તમારી કઈ કૃતિ માટે તમને વિશેષ પક્ષપાત છે?' પ્રત્યુત્તરમાં ડૉ. સાંડેસરાએ કહેલું : 'છેલ્લાં સત્તાવન વર્ષોમાં મેં સેંકડો ગુજરાતી-અંગ્રેજી લેખો લખ્યા છે તથા સંખ્યાબંધ ગ્રન્થો, સંપાદનો અને લેખસંગ્રહો પ્રગટ કર્યા છે, પરન્તુ મને સૌથી વિશેષ આનંદ 'પંચતંત્ર'નો અનુવાદ અને સંશોધન-સંપાદન કરતાં થયો છે.' ખૂબ જ તટસ્થ ભાવે ને નિરપેક્ષ દૃષ્ટિએ અપાયેલા એમના આ પ્રત્યુત્તરથી વિશેષ આનંદ તો મને થયેલો કેમ જે મારા અભિપ્રાયને મળતો એમનો પ્રતિભાવ હતો અને 'પંચતંત્ર'ના સહૃદયી ભાવકોને પણ એવો જ અનુભવ થવાનો એની મને શ્રદ્ધા છે.

❖ ❖ ❖

# ઘોડે ચડીને મસાણે ન જવાય

□ ડૉ. ગુલાબ દેઢિયા

ભાષા શબ્દોથી બને છે. શબ્દો અર્થના માદળિયાં પહેરીને ફરે છે. અર્થ શબ્દને એવો વળગે છે કે શબ્દ એનાથી છૂટી નથી શકતો. ગળું સોરાય પણ માદળિયું ન છૂટે. જે શબ્દને ગુણવાળો અર્થ મળી ગયો તે ગુણથી જ ઓળખાય. જેને હીન અર્થ મળ્યો તે કાયમનો હીન, આપણી વર્ણપ્રથાની જેમ જ.

શબ્દને અર્થની જેમ લય પણ મળ્યો છે. શબ્દની છાપ ઉપસાવવા લય મોટો ભાગ ભજવે છે. ડાઘુ શબ્દ બોલો. 'ઘ'નો તીવ્ર અવાજ તમને ડાઘુ સમક્ષ ખડો કરી દે છે. ડાઘુ સમક્ષ ખડા થવા કરતાં સૂઈ જવાનું વધુ બને છે.

ડાઘુ, ડાઘિયો કે ડાકુ એક સાથે યાદ આવે એવા શબ્દો છે. આ શબ્દોના ઉચ્ચાર-અર્થ બંને ભયંકર, લાગણીહીન, જડ, લોંઠકા એવાં ચિત્રો મન સામે લાવે છે. ડાઘુ એટલે ખાંધિયો.

ખરેખર તો ડાઘુ બનવું એ શા માટે ભયંકર છે ? ડાઘુ હીન નથી. ડાઘુ તો જેવો છે તેવો છે. જે છે તે જુએ છે. ડાઘુ દંભ ન કરે. ડાઘુ પરિસ્થિતિને જાણે છે. વાસ્તવિકતાને સમજે છે. તે વેવલો લગારે નથી. તેથી જ તે શબને કસકસાવીને બાંધે છે. તે રડકુ નથી. તેને સ્મશાન વૈરાગ્ય પણ નથી. ત્યાં રડવું ને ઘરે આવી ભૂલી જવું એ ડાઘુ પાસે નથી. 'વર્તમાનમાં જીવો'-એમ કહે તો ઘણાં છે, પણ જીવે છે એક ડાઘુ.

સ્મશાને જનારા ઘણાં હોય છે, પણ સાચા ડાઘુ તેમાંથી ઓછા. એ તો અનુભવી, જમાનાનો ખાધેલ અને અગ્નિ સંસ્કાર ક્રિયાનો જાણતલ હોય છે.

અમારા ગામની એક મુખ્ય સામાજિક સંસ્થાનો વહીવટ મુંબઇથી ચલાવવાનું મુંબઇવાળા ગામાઇઓએ ઠરાવ્યું. મુંબઇની સભાઓમાં સર્વાનુમતે નક્કી થયું. પછી ગામમાં સભા થઇ. છેલ્લી પાટલીએ બેઠેલા એક પીઢ ડાઘુએ નિર્મમપણે બીડીનો ધુમાડો કાઢતાં એટલું જ પૂછ્યું, 'અહીં ગામમાં વસતાં તમારાં ઘરડાં માવતર જે વારે ગામતરે જાશે તે વારે તમારું મુંબઇ મા'જન મસાણે આવશે ?' આ સવાલનો કોઇ કને જવાબ નહોતો.

લગ્નના જાનૈયાઓને તો રીતસર નોતરાં મળે, કોઇ ઘરે આવી કહી જાય. હવે નીકળજો, જાન ઊપડવાની તૈયારીમાં છે. તમારી વાટ જોવાય છે. જ્યારે ડાઘુને તો એકાદ સાદ મળ્યો નથી, કોઇ ટેણિયાએ ડસ દીધો નથી કે એ હાજર. ન માન, ન પાન, ન ખાન, ન જાન, ન શાન, કશી તમા નહિ. મૈયતને કોઇ કમૂરતા, સમૂરતા હોતાં નથી. ન તિથિ ન વાર, ન ટેમ જોવાય. એમાં તો જવાનું જ.

ઘરવાળા ડઘાઇ ગયા હોય, સ્વજનના વિરહથી હતપ્રભ થઇ ગયા હોય ત્યારે આ વડીલ ડાઘુ સઘળું સંભાળી લે છે. ડગે નહિ તે ડાઘુ.

લગ્નમાં વાંધાવચકા ને રીસામણાં મનામણાં હોય. ત્યાં મોં જોઇને ટીલાં કરાય. ખીસા ખાલી ને ભભકા ભારી હોય. ચાલવાનું થોડું ને મહાલવાનું વધુ હોય. ચકલી નાની ને ફૈડકો મોટો હોય. મૈયતમાં તો મૌનનો મહિમા થાય. ઇશારે કામ થાય. વાસ્તવિકતાનો ન છૂટકે સ્વીકાર કર્યે જ છૂટકો.

મેં અમારા ગામના દે'રાજ બાપાને જોયેલા. પીઢ ડાઘુ હતા. ચિતાની ઝાળમાં તપ્ત થયેલો એમનો તાંબાવરણો ચહેરો યાદ છે. એમના ચારેક ચેલા પાકા. દે'રાજ ડાઘુનો પડ્યો બોલ ઝીલી લે. ખરેખર તો બોલે ઇ બીજા, ડાઘુ નહિ. મૈયતના સરસામાનથી માંડી ચેહ સુધી બધું જ વ્યવસ્થિત. સૂસવાતો પવન, ભીનાં લાકડાં, વરસાદની ઝડી, ઘોર અંધારી રાત, પોષની હાડ ગાળી દે એવી કાતિલ ઠંડી અને ક્યારેક જનારના ઘરની એથીય કાતિલ ગરીબી. ડાઘુઓ બધું સાચવી લે. ડાઘુ તો દાઘ દેવડાવે. અગ્નિને ખોળે સોંપવાના સંસ્કાર પૂરા વિધિવિધાન સાથે પાર પડે તે જુએ.

મસાણે જવાની રીતભાત વિશે એક વારતા છે. ગામમાં કોઇ કારણ બને ત્યારે એક મિજાજી માણસ મસાણે જવા ઘોડ ચડીને આવે. લોકો જોઇ રહે, કાંઇ ન બોલે. જ્યારે એ ઘોડાવાળાની મા મરી ગઇ ત્યારે બધા ડાઘુઓ પોતાનો કે ઉછીનો ઘોડો લાવીને આવ્યા. બધાને ઘોડ ચડી આવેલા જોઇ પેલા તુંડમિજાજીને સમજાઇ ગયું. હાથેપગે પડ્યો, માફી માગી. સ્મશાને જતાં બધાં સ્ટેટસ ઊતારવાં પડે છે.

નદીના સૂકા પટમાં ચિતા ભડભડ સળગી ચૂકી હોય, પવનની દિશા મળી ગઇ હોય. અર્ધુંએક કામ પૂરું થવા આવ્યું હોય, હવે કોઇ વિઘન ન હોય એમ જાણી ડાઘુ પોતાના ભેરુઓ અને જુવાન ચેલાઓ સાથે નદીની રેતમાં પગ વાળીને બેસે છે, બીડી સળગાવે છે, વાતે વળગે છે.

ચિતાની ઝાળ અને ધુમાડાની ઝાંય વચ્ચે મૃગજળ જેવું દેખાય છે. તેને તાકીને ડાઘુ મરનાર વિશે બે-ચાર બોલ ઉચ્ચારે છે. કદાચ અંતરમાંથી આવતી શ્રદ્ધાંજલિ જેવા એ સાચા હોય છે. જનાર પ્રત્યે એના મનમાં પણ દિલસોજી હોય છે. ડાઘુ મર્યાદાનો માણસ છે. લાગણી દેખાડે, લાગણીવેડા નહિ.

ચેલાઓને ઘડે છે, કામ ચીંધે છે, ખસી ગયેલાં લાકડાં સરખાં કરવા મોકલે છે. તાપ વધુ હોય છે. પોતે વધુ નજીક જઇ જરાતરા ફેરફાર કરે છે.

વીતી ગયેલા અનેક પ્રસંગોની વાતો નીકળે છે. વખત થાય છે, પાછા ફરવાનું હોય છે. જેટલા પડછાયા મસાણે ગયેલા તે બધા પાછા ફરે છે. એક પડછાયો ઓછો પડે છે.

સૌ મરનારને બારણે આવે છે. ઓટલે એક છાણું સળગતું મૂક્યું હોય છે. એને સૌ અડે છે. જનારના સ્વજનોને ખભે હાથ મૂકી સધિયારો દે છે. પછી ઘરે જાય છે.

દે'રાજ બાપાનું ઘર ખરું પણ ઘરવાળી નહિ. એકલો જીવ. એમણે જીવનભર ચૂલાના અગ્નિ અને મસાણના અગ્નિ વચ્ચે મેળ પાડ્યો. એ ગયા ત્યારે ચૂલાનો અગ્નિ તો ઠરી ગયો, પણ મસાણનો અગ્નિ ઠારનાર કોઇ નહોતું.

✣ ✣ ✣

## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી.પી.રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪, ફોન : ૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાંના દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા — સંયોજક

નિરુબેન એસ શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
માનદ્ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૫ ● ● તા. ૧૬-૫-૯૯ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અમરગઢ(જીંથરી)ની ટી. બી. હોસ્પિટલ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ઠરાવ્યું છે તે પ્રમાણે આગામી પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા દરમિયાન અમરગઢ(જીંથરી)ની ટી. બી. હોસ્પિટલને આર્થિક સહાય કરવા માટે ફંડ એકત્રિત કરવામાં આવશે.

દર વર્ષે પર્યુષણ પર્વના દિવસોમાં સંઘ તરફથી લોકસેવાનું કાર્ય કરતી મુંબઈ બહારની કોઈ એક સંસ્થાને આર્થિક સહાય કરવા માટેનો કાર્યક્રમ અપનાવવામાં આવે છે વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતાઓને તે માટે અનુરોધ કરવામાં આવે છે. અને એ માટે ઘણો સારો પ્રતિસાદ સાંપડે છે. છેલ્લાં બારેક વર્ષથી સંઘ તરફથી આ રીતે ગુજરાતની વિવિધ સંસ્થાઓને આર્થિક સહાય થતી રહે છે.

આ વર્ષે અમરગઢની ટી.બી. હોસ્પિટલને આર્થિક સહાય કરવાનું ઠરાવાયું છે. આ માટે મુરબ્બી શ્રી મફતલાલ મહેતા(મફતકાકા)ની ખાસ ભલામણ છે, એટલે પછી બીજું કશું વિચારવાનું રહે જ નહિ, કારણ કે મુ. કાકા તો લોકસેવાનાં ક્ષેત્રે કામ કરતી વિવિધ સંસ્થાઓની પ્રવૃત્તિઓની ઝીણવટભરી નજરે ચકાસણી કરતા હોય છે.

અમરગઢ(જીંથરી)ની હોસ્પિટલ જે યોગ્ય રીતે જ 'શ્રી ખુશાલદાસ જે. મહેતા ટી. બી. હોસ્પિટલ' તરીકે ઓળખાય છે તે આ વર્ષે પચાસ વર્ષ પૂરાં કરે છે. એટલે એના સુવર્ણ મહોત્સવ પ્રસંગે એની સાથે સંલગ્ન થવાનો અવસર શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયો છે એ પણ એક શુભ સંકેત છે.

સંઘની પ્રણાલિકા અનુસાર જે સંસ્થાને આર્થિક સહાય કરવાની હોય તે સંસ્થાની મુલાકાત હોદેદારો અને સમિતિના કેટલાક સભ્યો પહેલાં લે છે અને પોતાને સંતોષકારક લાગે તો જ તેની ભલામણ કાર્યવાહક સમિતિમાં કરવામાં આવે છે. સંઘની સમિતિના સભ્યોએ એ પ્રમાણે થોડાક મહિના પહેલાં અમરગઢની હોસ્પિટલની મુલાકાત લીધી હતી. એ પ્રસંગે ભાવનગરના સેવાભાવી કર્મઠ કાર્યકર્તા શ્રી મનુભાઈ શેઠે બધી વ્યવસ્થા સંભાળી લીધી હતી. હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને અન્ય કાર્યકર્તાઓ શ્રી મનસુખલાલ મહેતા, શ્રી મણિલાલ ગાંધી, શ્રી ગુણવંતભાઈ વડોદરિયા, શ્રી વિજયરાજસિંહ ગોહિલ, ડૉ. ઠક્કર, ડૉ. મધુરિકાબહેન વગેરેએ અમારું ભાવભર્યું સ્વાગત કર્યું હતું અને હોસ્પિટલના એકે એક વિભાગની મુલાકાત લઈ ત્યાંની કામગીરી સમજાવી હતી. સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ મહેતા અને ઉપપ્રમુખ શ્રી દુલેરાયભાઈ મહેતા સંજોગવશાત્ આવી શક્યા નહોતા, પરંતુ અમારી મુલાકાત માટે બધી વ્યવસ્થાની એમણે ભલામણ કરી હતી.

આ હોસ્પિટલ અમારામાંથી કેટલાકે અગાઉ નિહાળી હતી, પણ આ વખતે જુદા જ દષ્ટિકોણથી તે નિહાળવાની હતી અને અમને જણાવતાં આનંદ થાય છે કે હોસ્પિટલની મુલાકાતથી અમને પૂરો સંતોષ થયો છે અને ખાતરી થઈ છે કે હોસ્પિટલને આર્થિક સહાય કરવાની ઘણી આવશ્યકતા છે.

સૌરાષ્ટ્રમાં સોનગઢ પાસે જીંથરી-અમરગઢમાં આવેલી આ હોસ્પિટલ મશહૂર છે. કોઈપણ એક દર્દ માટે સાતસોથી વધુ પથારી ધરાવતી આ હોસ્પિટલ છે. એ દષ્ટિએ માત્ર ભારતમાં જ નહિ, સમગ્ર એશિયામાં ક્ષયરોગની આ એક મોટામાં મોટી હોસ્પિટલ છે. એનું આંકડાની દષ્ટિએ પ્રાપ્ત થયેલું મહત્ત્વ જેમ શોભાસ્પદ છે તેમ ગરીબોને કશી પણ ફી લીધા વગર મફત સેવા આપવાનું એનું અનુકંપાશીલ કાર્ય પણ એટલું જ પ્રશસ્ય છે. આ એક નાનીસૂની સિદ્ધિ નથી. અત્યાર સુધીનાં પચાસ વર્ષમાં આઠ લાખ જેટલા દર્દીઓને સારવાર અપાઈ છે.

આ હોસ્પિટલનો ઉદ્ભવ કોઈ સરસ શુભ ચોઘડિયે થયો હશે કે પચાસ વર્ષ સુધીમાં આટલું બધું સંગીન કાર્ય એણે કર્યું છે.

જૂના ભાવનગર રાજ્યના મહારાજા સર કૃષ્ણકુમારસિંહજી [આઝાદી પછી જેમની મદ્રાસ (તામીલનાડુ) રાજ્યના ગવર્નર તરીકે નિમણૂક થઈ હતી] ને ક્ષયરોગ માટે એક હોસ્પિટલનું નિર્માણ કરવાનો શુભ ભાવ સ્ફૂર્યો હતો .ત્યારે આ રોગ વિશે આટલાં બધાં સંશોધનો થયાં નહોતાં. સૌરાષ્ટ્રમાં અપોષણ અને એને કારણે થતા ક્ષયરોગથી મરતા માણસોનું પ્રમાણ ઘણું વધુ હતું. મહારાજાના આ શુભ કાર્યને તરત સહકાર મળ્યો ભાવનગર રાજ્યના તળાજાના વતની દાનવીર શેઠ શ્રી ખુશાલદાસ જે. મહેતાનો. મહારાજાશ્રીએ આ હોસ્પિટલના આયોજન માટે પોતાના રાજ્યમાં સોનગઢ પાસે જીંથરી ગામની આસપાસની સો એકર જેટલી જગ્યા આપી અને એક લાખ રૂપિયાની રકમ. શેઠશ્રી ખુશાલદાસ જે. મહેતાએ એક લાખ ને પાંસઠ હજારની રકમ હોસ્પિટલ માટે દાનમાં આપી. આ રીતે વિશાળ જમીન અને માતબર રકમથી શરૂઆત થઈ.

જીંથરીની સૂકી હવા ક્ષય રોગના દર્દીઓ માટે ઘણી અનુકૂળ લાગી. ક્ષયના દર્દીઓ અહીં મરવા નહિ સારાસાજા થઈ ઘરે પાછા ફરવા આવશે એટલા માટે આ જગ્યાનું નામ 'અમરગઢ' રાખવામાં આવ્યું. મહારાજાની ઉદારતા તો જુઓ કે આટલી મોટી સખાવત કરવા છતાં એમણે હોસ્પિટલને પોતાનું નામ ન આપતાં (એ જમાનામાં કેટલાક રાજવીઓ કશું આપ્યા કર્યા વગર પોતાના રાજ્યમાં સંસ્થાને પોતાનું નામ અપાય એવો આગ્રહ રાખતા) શેઠશ્રી ખુશાલદાસ મહેતાનું નામ આપવાનો આગ્રહ રાખ્યો. સો એકરની જમીનમાં

ઉત્તરોત્તર વધારો થતો ગયો અને હાલ ૧૮૫ એકર જેટલી અત્યંત વિશાળ જગ્યા આ હોસ્પિટલ ધરાવે છે.

આ હોસ્પિટલનો શિલાન્યાસવિધિ આઝાદી પૂર્વે ૧૨મી એપ્રિલ ૧૯૪૫ના શુભ દિવસે થયો હતો. એના બાંધકામને ચાર વર્ષ લાગ્યાં. આ બાંધકામ માટે ટી.બી.ની હોસ્પિટલના તે સમયના નિષ્ણાત ડૉ. બેન્જામિનની સલાહ લેવામાં આવી હતી. બાંધકામ પૂર્ણ થતાં ૧૩મી એપ્રિલ ૧૯૪૯માં એની ઉદ્‌ઘાટનવિધિ તે સમયના સૌરાષ્ટ્ર રાજ્યના રાજપ્રમુખ નવાગામના શ્રી જામસાહેબના વરદ્ હસ્તે થઇ હતી. જામસાહેબે જીંથરીની આ જગ્યાને 'અમરગઢ' નામ અપાય એવું સૂચન પોતાના વક્તવ્યમાં કર્યું હતું. તે સમયે ફક્ત ૪૮ પથારીથી આ હોસ્પિટલની શરૂઆત કરવામાં આવી, પરંતુ એની ઉપયોગિતા અને લોકપ્રિયતાને કારણે દર્દીઓનો ધસારો વધતો જ ગયો અને એમ કરતાં ઉત્તરોત્તર નવાં બાંધકામ થતાં ગયાં અને પથારીઓની સંખ્યા વધતી ગઇ અને તે જંબો જેટલી એટલે કે ૭૪૭ સુધી પહોંચી ગઇ છે. પરંતુ વિશેષ આનંદની વાત તો એ છે આ પથારીઓમાંથી ૬૨૮ જેટલી પથારીઓ જનરલ વોર્ડમાં છે, જેમાં નેવુંથી વધુ ટકા દર્દીઓને વિનામૂલ્યે, રક્તદાન અને ઓપરેશન સહિત સારવાર અપાય છે. સામાજિક દૃષ્ટિએ સંસ્થાનું આ યોગદાન ઘણું જ મોટું છે. એ માટે સંસ્થાનાં સ્થાપકો, ટ્રસ્ટીઓ અને વહીવટકર્તાઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

જે દર્દીઓને કંઇક પરવડે એવું હોય અને સારવાર લાંબા સમયની હોવાથી જેઓ પોતાના પરિવાર સાથે રહેવા ઇચ્છતા હોય તેઓને માટે જુદી જુદી કક્ષાના એવા ૧૧૯ કોટેજ બાંધવામાં આવ્યા છે. ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાંથી દર્દીઓની અવરજવર સતત રહે છે કે જેથી દર્દીઓથી હોસ્પિટલ કાયમ ભરેલી રહે છે.

હોસ્પિટલમાં ઓપરેશન થિયેટર, પેથોલોજિકલ લેબોરેટરી, કલ્ચર લેબોરેટરી, એક્સ-રે વિભાગ, વગેરેની અદ્યતન સગવડો છે. ઓપરેશન થિયેટરમાં છાતીના તમામ પ્રકારના ઓપરેશનની સગવડ છે અને એ માટે નિષ્ણાત દાક્તરો છે. એના પેથોલોજિકલ વિભાગમાં ઓટો એનાલાઇઝર, ઇનોક્યુલેશન હૂડ વગેરેની સગવડ છે. લોહી, બળગમ (બળખો-ગળફો), મળમૂત્ર વગેરેના નમૂનાઓની તપાસ થાય છે. દર વર્ષે સરેરાશ ત્રણ લાખ જેટલા જુદા જુદા નમૂનાઓની તપાસ આ પેથોલોજિકલ લેબોરેટરીમાં થાય છે. લેબોરેટરીમાં સાથે સાથે સંશોધનકાર્ય પણ થાય છે અને તબીબી વિદ્યાર્થીઓને તાલીમ પણ અપાય છે.

હોસ્પિટલમાં રિસર્ચ સેન્ટરની સ્થાપના પછી ક્ષયરોગના આ વિષયમાં તબીબી અભ્યાસ ક્રમ ઇન્ડિયન કાઉન્સિલના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવ્યો છે અને ભાવનગર યુનિવર્સિટીએ ડિપ્લોમા કોર્સ તરીકે એને માન્યતા આપેલી છે. અનેક વિદ્યાર્થીઓએ આ ડિપ્લોમા પાસ કર્યો છે, અને તેઓ પોતાના વ્યવસાયમાં સ્થિર થયા છે. આ રીતે તબીબી શૈક્ષણિક ક્ષેત્રે પણ આ હોસ્પિટલે સારું યોગદાન આપ્યું છે. શોધછાત્રો પ્રતિ વર્ષ જે શોધનિબંધો તૈયાર કરે છે એવા કેટલાક શોધલેખો એ વિષયના આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં પણ રજૂ થયા છે.

ટી.બી. હોસ્પિટલમાં આધુનિક સાધનો સહિત કલ્ચર લેબોરેટરી ગુજરાતમાં આવી ફક્ત આ એક જ છે. એમાં બળગમનું કલ્ચર કરીને સેન્સિટિવિટી ટેસ્ટ કરવામાં આવે છે અને એને આધારે દર્દીઓને સારવાર આપવામાં આવે છે. સંસ્થા પાસે અદ્યતન એક્સ-રે મશીન છે અને દર વર્ષે સરેરાશ સાઠ હજાર જેટલા એક્સ-રે લેવાય છે.

સંસ્થામાં આઉટડોર પેશન્ટ વિભાગમાં બહારથી તપાસ માટે આવતા દર્દીઓને કશી ફી લીધા વગર તપાસવામાં આવે છે. દર વર્ષે સરેરાશ પચાસ હજાર દર્દીઓને તપાસવામાં આવે છે.

આ આંકડાઓ પરથી ખ્યાલ આવશે કે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ક્ષયરોગનું પ્રમાણ કેટલું બધું છે. આવનાર દર્દીઓ મુખ્યત્વે ગરીબ કે સામાન્ય વર્ગના હોય છે. પોષણનો અભાવ, ચેપ લાગવો, તમાકુ, બીડી, પાનમસાલા વગેરેનાં વ્યસનોને લીધે ગુજરાતમાં આ સંખ્યા ઘણી મોટી રહે છે. ગુજરાત, સૌરાષ્ટ્રમાં અન્યત્ર પણ ક્ષયરોગની જુદી હોસ્પિટલો છે અને બીજી જનરલ હોસ્પિટલોમાં ક્ષયરોગના દર્દીઓને સારવાર અપાય છે. એ દૃષ્ટિએ ગુજરાત સરકારે આ બાબતમાં વિશેષ જાગૃત થવાની જરૂર છે અને સામાજિક સંસ્થાઓએ પણ ક્ષયવિરોધી અભિયાનો ચાલુ કરવાની આવશ્યકતા છે. કેટલાંક અભિયાન જરૂર ચાલે છે અને એનું પરિણામ સારું આવે છે, તો પણ આ દિશામાં હજુ વધુ કરવાનું બાકી રહે છે.

હોસ્પિટલે પોતાની સ્થાપનાના પચીસેક વર્ષ પછી પોતાના અનુભવોને આધારે પ્રવૃત્તિઓનો વ્યાપ વધાર્યો છે. ગામડાના અનેક દર્દીઓ પાસે હોસ્પિટલ સુધી પહોંચવાના પણ પૈસા ન હોવાને કારણે અથવા પરિવારમાં કોઇ દેખરેખ રાખનાર ન હોવાને લીધે કશી દવા કે સારવાર વગર જ જીવન પૂરું કરતા હોય છે. આ સંજોગોમાં તેમની પાસે જઇને તેમના દર્દનું નિદાન કરવું જોઇએ. એ માટે સંસ્થાએ એક મોબાઇલ વાન, એક્સ-રે મશીન સાથે ગામડાંઓમાં ફેરવવાનું ચાલુ કર્યું અને જે દર્દીઓની તબિયત નાજુક હોય તેઓને હોસ્પિટલમાં લઇ આવીને સારવાર આપવાનું શરૂ કર્યું. તદુપરાંત ગામડાંઓમાં ક્ષયરોગ નિદાન કેમ્પોનું આયોજન પણ સંસ્થા તરફથી ચાલુ થયું છે અને અત્યાર સુધીમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં લગભગ ૬૦૦ જેટલા નિદાન કેમ્પો યોજવામાં આવ્ય છે અને આ પ્રવૃત્તિ સતત ચાલતી રહી છે.

ક્ષયરોગ એક એવો રોગ છે કે જો ધ્યાન ન રાખવામાં ન આવે તો ફરી ઊથલો મારે. આ માટે ઘરે ગયેલ દર્દીને દવાઓ આપીને સારવાર ચાલુ રાખવાનું સમજાવવું પડે છે. સંસ્થા તરફથી આ રીતે પ્રતિવર્ષ સેંકડો દર્દીઓને ઘેર બેઠાં સારવાર અપાય છે. આ રીતે ૧૯૭૯માં આ યોજના શરૂ થઇ ત્યારથી અત્યાર સુધીમાં કુલ સિત્તેર લાખ રૂપિયાની દવાઓ દર્દીઓને મફત આપવામાં આવી છે.

આ ટી.બી. હોસ્પિટલનું એ સદ્‌ભાગ્ય રહ્યું છે કે એના આરંભકાળથી ગુજરાત રાજ્યના ઘણાખરા મુખ્યમંત્રીઓએ પોતાના શાસનકાળ દરમિયાન એની મુલાકાત લીધી છે. આરોગ્યમંત્રીઓએ પણ મુલાકાત લઇ એના કાર્યમાં રસ દાખવ્યો છે. રવિશંકર મહારાજ, દરબાર ગોપાળદાસ, ઢેબરભાઇ, રમણલાલ વસંતલાલ દેસાઇ, મોરારજી દેસાઇ, કવિ દુલા કાગ, એચ. એમ. પટેલ, વૈકુંઠભાઇ મહેતા, ચીમનલાલ ચકુભાઇ શાહ, ડૉ. કરણસિંઘ, પૂ. યશોદેવસૂરિ, કૃષ્ણશંકર શાસ્ત્રી, પ્રમુખસ્વામી મહારાજ, સ્વામી માધવપ્રિયદાસ, મોરારી બાપુ, શ્રી દીપચંદ ગાર્ડી, શ્રી મફતલાલ મહેતા વગેરે અનેક મહાનુભાવોએ સંસ્થાની મુલાકાત લઇ પોતાનો ઉત્સાહભર્યો પ્રેરક પ્રતિભાવ વ્યક્ત કર્યો છે.

ટ્રસ્ટીઓની દેખરેખ, વહીવટકર્તાઓની અને દાક્તરોની ચીવટ, પ્રેમ, ઉત્સાહ, સહકાર, સેવા, દર્દીઓ પ્રત્યે સ્ટાફનો વિનયી, માયાળુ વર્તાવ ઇત્યાદિને લીધે સંસ્થાએ પચાસ વર્ષમાં સારી સુવાસ પ્રસરાવી છે અને એકધારી સારી પ્રગતિ સાધીને એક હોસ્પિટલ તરીકે મોટું નામ કાઢ્યું છે.

સમૃદ્ધ દેશોમાં ક્ષયરોગ લગભગ નિર્મૂળ જેવો છે, પરંતુ એશિયા -આફ્રિકાના ગીચ વસ્તીવાળા ગરીબ પ્રદેશોમાં પૂરતા પોષણના અભાવે, અજ્ઞાનને કારણે તમાકુ અને પાનમસાલાનાં વ્યસનોને લીધે તથા નજક નજીક રહેવાને લીધે ચેપને કારણે આ રોગનું પ્રમાણ ઘણું છે. એમાં પણ ભારતમાં એકંદરે ક્ષયરોગના દર્દીઓની સંખ્યા વધુ છે. આધુનિક સારવારને કારણે રાજરોગ ગણાતો આ રોગ હવે જીવલેણ રહ્યો નથી. તો પણ ખર્ચાળ તો જરૂર છે.

ક્ષયરોગ જેવો જ ભયંકર રોગ તે એઈડ્સ છે. સમૃદ્ધ દેશોમાં પણ એ છે અને ગરીબ દેશોમાં પણ એ છે. એ ઉત્તરોત્તર ફેલાતો જાય છે. પરંતુ હાલના તબક્કે ભારતમાં ક્ષયરોગના જેટલું વ્યાપક પ્રમાણ એનું નથી. એ અંગે પણ પ્રજા અને સરકારે વેળાસર સચેત થવાની જરૂર છે. એઈડ્સ પણ ચેપી રોગ છે, પણ તે અપોષણને કારણે થતો રોગ નથી પણ વ્યભિચારનો રોગ છે. ચેપી ક્ષયરોગ મુખ્યત્વે અપોષણનો રોગ છે. ભારત જેવા દેશમાં જ્યાં કરોડો લોકો ગરીબીની રેખા નીચે જીવે છે ત્યાં હાલ તો ક્ષયરોગની ચિંતા જ વધુ કરવા જેવી છે. અલબત્ત, એઈડ્સ પ્રત્યે બેદરકાર રહેવાય નહિ, કારણ કે એ પણ ચેપી રોગ છે.

ગુજરાતમાં ગામડે ગામડે અને મોટા શહેરોમાં પાનના ગલ્લા, લારીઓ અને બીજી દુકાનોમાં પાનમસાલાના પડીકાં લટકતાં રહે છે. એ તોરણો શોભારૂપ નહિ, કલંકરૂપ છે. કાયદાથી એને અટકાવી શકાતાં નથી, એટલે એ માટે તો સામાજિક બહિષ્કારની હવા ઊભી કરવાની બહુ જરૂર છે. સરકાર એ જેટલું કરી શકશે તેના કરતાં સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ એ વધુ કરી શકશે. પોસ્ટરો, સ્લોગનો, સરઘસો, સ્પર્ધાઓ ઇત્યાદિના આયોજન દ્વારા એ કાર્ય સારું થઈ શકે. ગુજરાતને આ વિષપાનમાંથી સવેળા બચાવવાની જરૂર છે. અમેરિકા જેવા દેશે સિગરેટ ઉપર વિજય મેળવ્યો તો ભારત પાનમસાલા પર કેમ વિજય ન મેળવી શકે ? અમેરિકામાં સિગરેટ પીનાર પ્રત્યે લોકો ધૃણાની નજરે જુએ છે. આપણે પણ પાન- મસાલા ખાનાર પ્રત્યે ધૃણાની નજરે જોવાની જરૂર છે.

અમરગઢ(જીંથરી)ની આ હોસ્પિટલને રાજ્ય સરકાર તરફથી અને કેન્દ્ર સરકાર તરફથી આર્થિક મદદ મળે છે, તો પછી એણે ફંડફાળા કરવાની જરૂર શી ? એવો પ્રશ્ન કદાચ કોઇને થાય તો નવાઈ નહિ. પરંતુ એ જે રકમ મળે છે તે આટલી મોટી હોસ્પિટલના પ્રમાણમાં નહિ જેવી જ ગણાય. સંસ્થા દરદીઓને નિ:શુલ્ક સારવાર આપે છે તેને બદલે ફી દાખલ કરે તો આ નાણાંનો પ્રશ્ન ન ઉકલી શકે ? એવો પ્રશ્ન કોઇકને થાય. પરંતુ એમ કરવાથી ઘણાં ગરીબ દર્દીઓ આવતા અટકી જશે એટલું જ. સંસ્થાની મૂળભૂત જે ઉચ્ચ ભાવના છે કે ગરીબ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવી એ સાચવવાની જરૂર આપણા દેશમાં હજુ પણ છે.

આટલી મોટી હોસ્પિટલ હોય એટલે એનું નિભાવ ખર્ચ પણ ખાસ્સું મોટું હોય. સ્થાયી ફંડોની વ્યાજની આવક વર્ષોથી એટલી ને એટલી જ રહે છે અને જીવનનિર્વાહનો આંક પ્રતિવર્ષ ઊંચો ને ઊંચો જતો હોય છે. એટલે સંસ્થાને વખતોવખત સહાય માટે અપીલ કરવાની જરૂર પડે છે.

પચાસ વર્ષથી એકધારું સેવાકાર્ય કરતી જીંથરીની હોસ્પિટલ ગરીબોને મફત સારવાર આપવાની ભાવનાથી કામ કરતી રહી છે. આપણા દેશની આર્થિક સ્થિતિ થોડી સુધરી છે એ સાચું, પણ એ પણ એટલું જ સાચું છે કે ગુજરાતમાં અને સમગ્ર દેશમાં લાખો-કરોડો માણસો હજુ ગરીબીની રેખા નીચે જીવે છે. એવા દરિદ્રનારાયણોની સેવા કરવી એ સમાજનું એટલે આપણાં સૌનું કર્તવ્ય છે.

ભારત વિકાસશીલ દેશ છે. સરકારને સર્વાંગીણ વિકાસકાર્યો કરવાનાં છે. એટલે હજુ બીજાં પચાસ કે સો વર્ષ સુધી સેવાભાવી સંસ્થાઓએ અને વ્યક્તિઓએ ઉદારતાથી માનવતાનું આ કાર્ય ઉપાડી લેવાની આવશ્યકતા રહેશે.

જે નાગરિક સુખી છે, સાધનસંપન્ન છે તે પોતાના દુ:ખી દેશબાંધવોના દુ:ખમાં યથાશક્તિ-રુચિ સહભાગી થતો નથી તે સાચા નાગરિકત્વનો અધિકારી નથી.

(અમરગઢની હોસ્પિટલને સહાય કરવા માટે સંઘની યોજના હવે પછી પ્રસિદ્ધ થશે.)

□ રમણલાલ ચી. શાહ

## ક્વિટ મુંબઇ !

□ ડૉ. મહેરવાન ભમગરા

'ક્વિટ ઇન્ડીઆ'ના નારા લગાવી-લગાવીને અંગ્રેજોને જાકારો આપી ભારત છોડાવ્યાની ઐતિહાસિક ઘટનાને તો પાંચ દાયકા ઉપરાંતનો સમય થઇ ગયો ! હવે 'ક્વિટ મુંબઇ !'નું શીર્ષક બાંધીને લેખ લખવો પડે એવી જરૂર શા કારણે ઊભી થઇ એવો પ્રશ્ન વાચકના મનમાં ઊઠે તે સ્વાભાવિક છે. પરંતુ વરવી વાસ્તવિકતા એ છે કે મુંબઇ જ નહિ, કલકત્તા, ચેન્નાઈ, પૂના, કે દિલ્હી, કે અમદાવાદ, કે સુરત, કે કોઇપણ મહાકાય પ્રદૂષિત શહેરમાં હવે રહેવું જ હોય, તો નિરોગી નહિ રહી શકાય એમ જાણીને જ રહેવું પડશે ! જે કોઇ મુંબઇ છોડીને કોઇ નાની, ઓછી માનવ-વસ્તી અને ઓછી મોટર-વાહન-વસ્તી ધરાવતી નગરીમાં જઇને વસી શકતાં હોય તેમણે આ મોહમયી મહા-નગરીથી છૂટકારો મેળવી લેવો જોઇએ, એમ હું માનું છું. એક કરોડ ઉપરાંતની વસ્તી ધરાવતાં શહેરમાંથી કામ-ધંધો-રોજગાર કે સગાં-સંબંધીને છોડીને, વીજળી, પાણી, ટ્રેન-બસના વાહનોની સુવિધા છોડીને અન્ય જગ્યાએ સ્થળાંતર કરવા માટે ભાગ્યે જ (સદ્ભાગ્યેજ !) કોઇ તૈયાર થશે, એ જાણવા છતાં દાક્તરી ફરજરૂપે મારી ભલામણ છે. મેં પોતે મુંબઇ છોડી દીધું છે.

માર્ચ મહિનાની શરૂઆતથી મુંબઇના ડઝનેક ટ્રાફીક જંકશનો આગળ કેટલાક વૈજ્ઞાનિકો અને એમના મદદનીશો સવારે છ વાગ્યાથી રાતે નવ વાગ્યા સુધી હવાના પ્રદૂષણનો બારીકાઈથી અભ્યાસ કરી રહ્યા છે. ઇન્ડીઅન સોસાયટી ઓફ એન્વાયરમેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી તરફથી ખાસ કરીને વાહનોમાં વપરાતાં પેટ્રોલ અને ડીઝલના એક્ઝોસ્ટમાંથી હવામાં ફેંકાતાં હાનિકારક રસાયણોની ચકાસણી થનાર છે. વિશેષ કરીને કારબન મોનોક્ષાઇડ અને સીસું બે તત્ત્વોનો માનવ-સ્વાસ્થ્ય પર હાનિકારક પ્રભાવ શો પડે છે તેનો અભ્યાસ કરાશે. ડીઝલથી ચાલતી ટ્રક્સ અને નાની ગાડીઓના ધૂમાડા દેખી શકાય છે, પરંતુ કારબન મોનોક્ષાઇડ વાયુ અણદીઠ હોય છે; એટલું જ નહિ, એની કોઇ ગંધ પણ હોતી નથી. આ પરીક્ષણના મુખ્ય અધિકારી વૈજ્ઞાનિક ડૉ. શ્રી કે. એ. ખાસગીવાલે છે. એમનું કહેવું છે કે મુંબઇ શહેરમાં દ્વિ-ચક્રી, ત્રિ-ચક્રી ઉપરાંત ચાર યા વધુ પૈડાવાળાં હજારો વાહનો રોજનો ૧૫૩૮ ટન જેટલો હવાઇ કચરો વાતાવરણમાં ફેંકે છે, જે ધૂમાડા સ્વરૂપે દેખાય તેવો હોય અને દશ્યમાન ન પણ હોય. મોટરવાહનોના આ વિષાક્ત વાયુઓમાં નાઇટ્રોજનના કે ગંધકના ઓક્ષાઇડસ, હાઇડ્રોકાર્બન્સ, સીસાંના દહનથી બનેલ ઓક્ષાઇડસ, કાર્બન ડાયોક્ષાઇડ, વગેરે તત્ત્વોની હાજરીથી સૌથી વધુ નુકસાન ટ્રાફીકના પોલીસો, ટ્રાફીક જંક્શન આગળ રહેતા નાગરિકો, કાર કે બસ કે અન્ય મોટર વાહનોના ડ્રાઇવરો, મુસાફરો, વગેરેને થાય છે. ઇન્ટરનલ કમ્બશ્ચન એન્જીનોથી ચાલતાં આ વાહનો હજી એવાં સક્ષમ નથી બન્યાં કે પેટ્રોલ યા ડીઝલનું એમાં થતું કમ્બશ્ચન સો ટકા સંપૂર્ણ થાય, અને આપણા સ્વાસ્થ્યને હાનિકર્તા કોઇપણ ગેસ એમાંથી બહાર પડે જ

નહિ. ઉપરોક્ત સ્વાસ્થ્યહર પદાર્થો ઉપરાંત સૌથી વધુ ખતરનાક ગેસ જે આવાં અધુરાં કમ્બશ્ચન વાહનોમાંથી હવામાં ભળે છે, તે છે કારબન મોનોક્ષાઇડ. નાઇટ્રોજન, સલ્ફર કે સીસાંના વાયુઓ કરતાં પણ કારબન મોનોક્ષાઇડ આપણાં સ્વાસ્થ્ય માટે અનેકગણો વધુ ખતરનાક છે.

ડૉ. ખાસગીવાલે કહે છે કે આપણાં લોહીમાં જે હેમોગ્લોબિન હોય છે તે જ લોહ-યુક્ત તત્ત્વ શરીરનો બધાં અંગો, ગ્રંથિઓ, અવયવો, વગેરેના પ્રત્યેક કોષ સુધી ઓક્સીજન પહોંચાડવાનું કાર્ય કરે છે. પરંતુ જો એ હેમોગ્લોબિન ઓક્સીજનને બદલે કારબન મોનોક્ષાઇડના સંપર્કમાં આવે તો કારબોક્ષી હેમોગ્લોબિન બની જાય છે, અને આ કારબન અને હેમોગ્લોબીનનું સંયોજન આપણા શરીરના દરેક પ્રકારના કોષોને જોઇતા પરમ આવશ્યક પ્રાણવાયુ (ઓક્સજિન)થી વંચિત રાખી આપણો પ્રાણ હરી લે એટલી હદે નુકશાન કરી શકે છે. આત્મહત્યા કરનારા કેટલીક વેળા પોતાના પ્રાણ લેવા માટે આ કારબન મોનોક્ષાઇડનો જ ઉપયોગ કરતા હોય છે. ઉદાહરણાર્થ, એક બંધ ગેરેજ હોય, જેમાં હવાની આવજાની શક્યતા નહિ જેવી હોય, તેમાં કોઇ આત્મહત્યા કરવા ઇચ્છતી વ્યક્તિ મોટર વાહનમાં બેસી એન્જીન ચાલુ કરી દે, તો થોડી મિનીટમાં એ વ્યક્તિ બેહોશ થઇ જાય, અને કલાકેકમાં ઓક્સીજન-સ્ટારવેશનથી એનું મૃત્યુ થઇ શકે.

જ્યાં ઊંચી જાતનાં, ઓછાં હાનિકારક પેટ્રોલ અને ડીઝલ વપરાય છે, પરંતુ જ્યાં માથાદીઠ દરેક નાગરિક પાસે એક મોટર વાહન હોય છે એવાં જાપાનનાં મોટાં શહેરો ટોકયો, ક્યોટો, વગેરેમાં ટ્રાફીક પોલીસને પોતાના નાક પર ગેસ-માસ્ક પહેરીને જ ટ્રાફીકનું સંચાલન કરવું પડે છે. આ ગેસ-માસ્ક પણ એને પૂરી શુદ્ધ હવા નથી આપી શકતો જે કારણે દર બે કલાકે એ નજીકની ચોકી પર જઇ ત્યાં રાખેલા ઓકસીજનના બાટલામાંથી પ્રાણવાયુનું સેવન કરી શરીરના પ્રદૂષિત કોષોને પાછા શુદ્ધ કરે છે. હવાના પ્રદૂષણ પ્રત્યે સજાગ એવા દેશમાં, જ્યાં મોટર વાહનોનું બળતણ પ્રમાણમાં ઘણું સ્વચ્છ છે, ત્યાં જો આટલી હદે વાયુ-પ્રદૂષણ સામે રક્ષણાત્મક ઉપાયો અજમાવવામાં આવતા હોય, તો આપણે ત્યાં તો લેડ અને નેફથાયુક્ત ઇંધન વપરાતાં હોય છે તે સંજોગોમાં હવાની શુદ્ધિ માટે આપણે કેટલી વધારે તકેદારી રાખવાની જરૂર પડે !

રક્તમાંનું હેમોગ્લોબિન જો કારબન મોનોક્ષાઇડને કારણે કારબોક્ષી હેમોગ્લોબિન બની જાય તો એ ઝેરી કારબનથી એને મુક્ત કરવાની શુદ્ધિક્રિયા ઘણી જટીલ અને ખર્ચાળ છે; એટલું જ નહિ, મોટે ભાગે એમાં ડાક્ટરોને સફળતા મળતી નથી. મોટર-સાઇકલો, સ્કુટરો, ઓટોરીક્ષાઓ, લારીઓ, ટ્રક્સ વગેરે વાહનોથી માલની હેરાફેરી વગેરે ભલે સરળ બન્યાં છે, પરંતુ માનવીના આરોગ્યને ભોગે આ સરળતા મળી રહી છે એ આપણે યાદ રાખવાનો મુદ્દો છે. ખાસ કરીને ખાનગી મોટર વાહનોની સંખ્યામાં જે ભયાનક વધારો આપણી સરકારે મુક્ત-વ્યાપારને નામે કરી દીધો છે તે આપણે માટે જીવલેણ પુરવાર થશે એવી ચેતવણી ડાક્ટરો આપી રહ્યા છે. તેની અવગણના કરવાથી આપણી તંદુરસ્તી બગડવાની જ એ ચોક્કસ ભવિષ્યવાણી છે; મહારોગોના ભોગ આપણે બનીશું જ !

આ મહિને શરૂ થયેલું નિરીક્ષણ એક વર્ષ ચાલનાર છે; એનું તારણ શું આવશે તે તો આજે પણ આપણે ભાખી શકીએ છીએ. પ્રામાણિક વૈજ્ઞાનિકો તો આજે જ કહી રહ્યા છે કે વાહનોની સંખ્યા ઘટાડો; ખાનગી ગાડીઓને રસ્તા પર ઓછી આવવા દો; પબ્લિક ટ્રાન્સપોર્ટ (બસ, ટ્રેન, ટ્રામ, ટ્રોલી, વગેરે)ની સુવિધા વધારો. સર્વેના એક વૈજ્ઞાનિક શ્રી સારનાથન કહે છે કે ઠેર ઠેર બંધાઇ રહેલા ફ્લાય-ઓવરથી હવાનાં પ્રદૂષણનો ઉકેલ નહિ આવે. બીજા એક વૈજ્ઞાનિક રાકેશકુમાર કહે છે કે જેમનાં હૃદય નબળાં હોય તેમને કારબોક્સી હેમોગ્લોબિનને કારણે વધુ રીબાવું પડશે. ગયા વર્ષનાં એક સર્વેક્ષણમાં કહેવાઇ ચૂક્યું છે કે આપણે ત્યાં વધુ સંખ્યામાં બાળકો પેદા કરનાર નીચલા સ્તરની માતાઓમાં હેમોગ્લોબિન આમ પણ ઓછું હોય છે. વળી એ માતાઓની કુખે જન્મનાર બાળકોમાં પણ હેમોગ્લોબિન ઓછું જ હોય છે. આવી જનનીઓ અને બાળકોને જે બીમારીઓ થશે તે અસાધ્ય પ્રકારની ગંભીર કે જીવલેણ હોવાની શક્યતા રહેશે, કારણ કે એ લોકો સામાન્ય રીતે ગંદી હવા, ઉપરાંત ગંદા પાણીથી થતા રોગો તેમજ કુપોષણ કે અપોષણથી પણ માંદલા, રક્તાલ્પતા-ગ્રસ્ત અને અશક્ત હોવાના છે; અને ચેપી રોગોના શિકાર પણ બની શકે છે. લોહીના રિપોર્ટમાં આવી માતાઓ અને આવાં બાળકોનું હેમોગ્લોબિન ડેસીલિટર દીઠ છ કે સાત ગ્રામ જેટલું જ હોય છે, જે તેરથી ચૌદ ગ્રામ જેટલું હોવું જોઇએ.

આટલું જાણ્યા પછી પણ, આજનો મુંબઇકર પોતાની નગરીના મોહપાશને છોડી ન શકે એ વાસ્તવિકતાને સ્વીકારીને વાત કરીએ તો પણ જેટલી જાણકારી આપણને છે તેને આધારે આ હવાઇ પ્રદૂષણનો આંશિક ઉકેલ તો આપણે લાવી જ શકીએ. દા. ત. સરકાર પર દબાણ લાવી સ્વચ્છ ઇંધન, ભેળસેળ વિનાના પેટ્રોલ અને ડીઝલ માટે વ્યવસ્થા કરાવી શકીએ. પંદર વર્ષથી વધુ વપરાયેલા વાહનોને જરૂર લાગે તો 'નોટ રોડવર્ધી' ગણીને ભંગારમાં કાઢી નાખવાનો કાયદો ઘડાવી શકીએ. લિક્વીડ પેટ્રોલીયમ ગેસ નહિ, પરંતુ કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ જે હવાને પ્રદૂષિત ઓછા પ્રમાણમાં કરે તેને વાહનોમાં વાપરવાનો કાયદો કરાવી શકીએ. વીજળીથી ચાલતા વાહનોનાં પ્રોટોટાઇપ આપણે ત્યાં તૈયાર થઇ ચૂક્યાં છે, જે જાતનાં વાહનો મોટે પાયે બનાવવાનાં કારખાનાં ઊભાં કરાવી શકીએ. નિષ્ણાતો કહે છે કે હવે ધરતીનાં પાતાળમાંથી પેટ્રોલ આપણને બીજાં પચાસેક વર્ષથી વધુ મળનાર નથી ! તેથી વીજળી કે સોલર એનર્જી એટલે સૌર્ય-ઉર્જાથી ચાલે એવાં પ્રદૂષણ-મુક્ત વાહનો અમેરિકા, ઓસ્ટ્રેલિયા વગેરે અનેક દેશોમાં હજારોની સંખ્યામાં રસ્તા પર દોડવા માંડ્યાં છે જ. પેટ્રોલ કે ડીઝલનો વપરાશ કરી હવામાં ઝેર ઓકતાં વાહનો આપણને ઓક્સીજનને અભાવે ગુંગળાવીને મારી નાખે તે પહેલાં આપણે પોતાને માટે નહીં તો ભાવી પેઢી માટે ચાંપતા ઉપાય સત્વરે કરવા જ પડશે ! મોટરકાર આપણાં મોતનું વાહન ન બને એ માટે શીઘ્ર પગલાં લેવાં જરૂરી છે. અને એ પગલાં લેવાની શરૂઆત આપણા પગથી મંડાતાં પગલાંથી જ કરીએ તો કેમ ? યાને મોટર-કાર, સ્કુટર વગેરે છોડીને શક્ય હોય ત્યાં, યથાશક્તિ ચાલીને જઇએ તો કેમ ? બીજી, મોટર વિનાની સાદી બાઇસીકલનો વાહન તરીકે ઉપયોગ કરીએ તો કેમ ? કસરતની કસરત ! અને વાતાવરણને સ્વચ્છ રાખવામાં યોગદાન !

❖❖❖

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા મંગળવાર, તા. ૭મી સપ્ટેમ્બર ૧૯૯૯થી મંગળવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી એમ આઠ દિવસ માટે યોજવામાં આવશે.

બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટીમાં જો રિનોવેશનનું કામ ચાલુ હશે તો વ્યાખ્યાનમાળા અન્યત્ર યોજવામાં આવશે.

વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ ઓગસ્ટના અંકમાં આપવામાં આવશે.

☐ મંત્રીઓ

# તરણાની તોલે થવું છે

❑ ડૉ. ગુલાબ દેઢિયા

આપણી નજર તરત ભેદ પારખી બતાવે છે. આ કિંમતી ને આ તુચ્છ. આ ભારે ને આ હલકું. તારવણીની રીત સહેલી છે. રૂપિયા પૈસામાં જેની કિંમત નહિ તે તુચ્છ. કુદરતમાં સહજ મળી આવે તે સામાન્ય. સર્વસુલભ છે તે સાધારણ. વિપુલ માત્રામાં છે એ નગણ્ય. નજર સામે છે એ તો જાણે સમજ્યા, ઠીક. ચૂપ રહે તે પાછલી હરોળનું. નાનકડું તે મામૂલી. હવા, પાણી, જીવજંતુ, વનસ્પતિ, માટી, ચંદ્ર, સૂર્ય, આકાશ, શાંતિ વગેરે કેટકેટલું આપણી નજરે ઊતરતી કક્ષાનું.

જેનો ખપ થોડો ને ચળકાટ વધુ, જે થોડાક જણ પાસે જ છે તે દુર્લભ, જેમાં આપણું સ્વામિત્વ તે શ્રેષ્ઠ.

એક તરણાની તોલે; બીજું મોંઘા મોલે. જોયું ! તરણાની તોલે એટલે કશી વિસાતમાં ન હોય તેવું. ઘણા માણસોને આપણે તણખલાની તોલે ગણીએ છીએ. તણખલું આપણી નજરે તિરસ્કારપાત્ર. મગતરા જેવું. મામૂલી.

કોઇને તરણાની તોલે કરવું સહેલું છે પણ તરણાની તોલે થવું અઘરું છે. તૃણની નમ્રતા ક્યાંથી લાવવી ? જેમ ધરતી ખમી ખાય તેમ ધરતીના જાયા ઘાસમાં તરલતા ને નમ્રતાનો વિરલ સંગમ જોવા મળે. ધરતી લગોલગ રહે તેને નમ્ર થવું પરવડે.

જ્ઞાનીઓ કહે છે : સંસાર સાગરરૂપ છે. ધર્મ હોડીરૂપ છે. સંસાર- સાગરને તરી જવાનું સમ્યક્ સાધન ધર્મ છે. તેથી ધર્મ તરણોપાય છે. વિદ્વાનો તરણનો ઉપાય એવો ષષ્ઠી તત્પુરુષનો સમાસ કરે. ઘાસઘેલાં તો એવો અર્થ શોધે કે તરણું એ જ ઉપાય. તરણું તરી શકે છે. તૃણ જેવા થઇએ તો આપણે તરી શકીએ. તૃણ જીવે છે અને આપણને જીવાડે છે. નમી જતાં આવડે તો ઊભાં થતાં આવડે. વામન ઘાસ તાકે છે તો આભને જ. ઝૂકે, પણ પાછું ઉન્નત મસ્તક કરીને બિનધાસ્ત ઊભું થઇ જાય. વા વંટોળ વાવાઝોડું પામર તૃણનો વાળ વાંકો ન કરી શકે. ફૂંકાતા, ફંફાડતા બધું ફંગોળતા ચક્રવાતી ઝંઝાવાત વચ્ચે મોજથી માથું ડોલન શૈલીમાં ડોલાવી શકે તે તૃણ.

પ્રાચીન કાળની એક દુર્લભ વસ્તુ હજી આપણને સાવ સુલભ છે તે કુશ. યજ્ઞસામગ્રીમાં ઘાસની પણ ગણતરી હતી. કુશ કેવું બ્લેડ જેવું ધારદાર કે તોડતાં ન આવડે તો આંગળાંને લાલ પરચો દેખાડી દે એવું ઘાસ. એના દર્ભ નામમાં તો મને દર્પનો પડઘો સંભાળાય છે.

અમારે ત્યાં કચ્છમાં માંડવી તરફ દરિયા કિનારે એક જગાનું નામ છે દરભડી. એ નામ દર્ભ પરથી આવ્યું હોવું જોઇએ. અહીં લોકો તારણું કરવા આવે છે. શ્રાદ્ધમાં દર્ભ વપરાય. ગ્રહણની અસર ન લાગે માટે દર્ભને ઉપયોગમાં લે છે. કચ્છમાં મુન્દ્રાની પાસે એક નાનકડા ગામનું નામ ધ્રબ છે. એ પણ દર્ભનો જ પ્રતાપ હશે. કચ્છમાં હજુ એક ગામનું નામ ઘાસ પરથી હોય એમ લાગે છે. ચીયો નામના ઘાસ પરથી ચીયાસર ગામ.

દર્ભ આપણા જીવનમાં કેવું વણાઇ ગયું છે ! દર્ભનું આસન વપરાય અને જીવનયાત્રા પૂરી કરીએ ત્યારે પથારી પણ દર્ભની કે ઘાસની મળે. ન કોઇ દોર, ન દમામ. લાલચ વગર સૂઇ જવાનું. સાથરાનો બોધ એ જ હશે ને ! જીવતાં સાદડી પર બેઠા હોઇએ તો સાથરે સૂતાં ભય ન લાગે.

ઘાસ આપણાથી કેટલું નિકટ ને કેટલું દૂર ! ઘાસનો આપણા વ્યક્તિનામોમાં સમાવેશ છે ખરો ? સમ ખાવા પૂરતો એક દાખલો છે. સીતાપુત્ર કુશ; વનવાસ, પર્ણકુટિ અને યજ્ઞના દર્ભના સંગનો રંગ લાગ્યો હશે. અયોધ્યાના રાજમહેલમાં આ નામ મળત !

કુશ ઘાસનો અગ્ર ભાગ તીવ્ર અણીદાર. તેથી તો ઝીણી તીવ્ર બુદ્ધિવાળાને કુશાગ્ર બુદ્ધિશાળી કહ્યો છે. થયો ને તરણાને તોલે. ઘાસ કાપવું એ તો ફાલતુ કામ મનાયું પણ કુશ કાપી શકે તે કુશળ કહેવાયો. એ કુશળ હોંશિયાર, કલ્યાણકારી ને પ્રવીણ પણ કહેવાય. ઘાસને શું સમજો છો !

કૂતરા માંદા પડે ત્યારે સીમમાં જઇ થોડું ઘાસ ખાઇ આવે છે. ઘાસ એટલે ખડ. ખડ ખાવું એટલે મૂર્ખાઈ કરવી. ગફલતમાં રહેવું. પરંતુ ખડ ખાઇને કૂતરા તો નરવા થાય છે. આપણે ક્યારેક દવાઓ ખાઇને માંદા પડીએ ત્યારે જવારાનો રસ પીવો જોઇએ. એ પણ ખડ ખાવું જ છે. હા, તૃણસેવનની કોઇ આડઅસર નથી. લીલાછમ થઇએ એટલું જ.

મોંમાં તરણું કોણે નહિ લીધું હોય ? સીમશેઢે, મેદાનમાં, ખેતરવાડીમાં નિરાંતે બેઠા હો વાતો કરતાં કરતાં, વિચારતાં વિચારતાં માણસ સહજ ભાવે જ મોંમાં એકાદ તૃણ લે છે. તૃણને મોઢામાં લઇને રમે છે. કેવી નિર્દોષ ક્રીડા છે ! આબાલવૃદ્ધ સૌ એકાદ સળી લઇને રમાડે છે. ફેરવે છે. તૃણ સાથે ગેલ કરતાં આપણે બાળક હતા તે પ્રતીત થાય છે. પરંતુ ડાહ્યાજનો તો જુદું જ વિચારે ને ! એમણે કહ્યું : 'મોંમાં તરણું લેવું એટલે તમારી ગાય છું એમ કહી દીનતા બતાવવી. નમી પડી શરણ માગવું. માફી માગવી. તરણાની નમ્રતાને આપણે દીનતા માની બેઠા. તૃણ દીન થોડું છે ? એ તો દીનદયાળ છે. જેને નરપતિ, ભૂપતિ, રાજાધિરાજ, રાજેન્દ્ર, મહેન્દ્ર કે સરકાર માઇબાપ રોટલો ન દઇ શકે તેને આ દીનદયાળ તૃણ ધાન્ય દે છે, અન્ન દે છે. પશુને ચારો, મનુષ્યને અન્ન અને પંખીને માળો દેનાર તૃણ સાથે આપણને જૂનો ઋણાનુબંધ છે. તૃણનું આપણા પર ઘણું ઋણ છે.

ધીરા ભગતે અવળવાણીમાં ભલે ગાયું, 'તરણા ઓથે ડુંગર, ડુંગર કોઇ દેખે નહિ.' ત્યાં તો એવો ભાવ છે કે નાની, તુચ્છ વસ્તુની આડમાં મોટી વસ્તુ નજરે ચડતી નથી. આપણી નાની તૃષ્ણાઓમાં પરમ તત્ત્વને વિસારી દઇએ છીએ. અવળવાણીનો શબ્દાર્થ પણ ખોટો નથી. ખરી તૃણપ્રીતિ હોય તો તૃણદર્શન થાય. પછી ડુંગરાને જુએ પણ કોણ ? ડુંગરાને રોમેરોમ લીલો રંગ ભરતું, એને લીલોછમ વરણાગી કરી દેતું, એના ઘડપણને, બોડાપણાને ઢાંકી દેતું એ તરણું જ છે ને ! ડુંગરને ઝરણું ને તરણું બન્ને વ્હાલાં. ડુંગર પર ઊભા રહી દૂરસુદૂર વિસ્તરેલાં તૃણાંગણો નીરખ્યાં છે. એ ખેતરો, મેદાનો પર લીલા રંગની લીલા આંખ માટે ઓચ્છવ બની રહે છે. લીલા રંગની કેટકેટલી ઝાંય ! એને કેટકેટલા નોખા ખાનામાં મૂકવો ! પ્રત્યેક લીલો રંગ અનોખો ! ઘાસના ઢાળ, ઘાસની ખીણ, ઘાસની નદી, ઘાસના ક્યારા, ઘાસની જાજમ, ઘાસના ગાલીચા. આ તૃણનો મેળો મહાલીએ તો મોટાઇનો ગરવ ઊતરી જાય. તૃણ મેળામાં ખોવાઇએ તો પોતાને જઇ મળીએ.

ઘાસ એ વનમાળી કૃષ્ણ છે અને એમાંથી પસાર થતી વાંકીચૂંકી કેડી એ ભૂલી પડેલી રાધા છે.

ડાહ્યું ડમરું દેખાતું ઘાસ ભારે તોફાની છે. ઝપ ભીંતે ચડી જાય; ટપ છાપરે બેસી જાય. કિલ્લાની રાંગ પર લીલી પતાકા ફરકાવી દે. શાહ સિકંદરની કબર પર ચડી બેસે. એને શું, એ તો વહાણ પર ચડી બેસે! અપૂજ મંદિરના શિખરે આંટો મારી આવે. નદીએ નહાવા જાય ને રણદ્વીપમાંય દેખા દે. માણસબાંધી સરહદ ઓળંગતાં એને કોણ રોકી શકે? વાડના કાંટા એને ન વાગે.

ગ્રામ સંસ્કૃતિમાં ગોચર જમીન એ માણસની સંયમ વૃત્તિનું ઉત્તમ ઉદાહરણ છે. ગાયની જેમ થોડુંક લેવું તે સાધુવૃત્તિ. એટલે ભિક્ષાને ગોચરી કહી.

આપણા વડવા પર્યાવરણના પીર હતા. પ્રકૃતિને તહેવારોમાં સ્થાન આપ્યું. ગંગાસ્નાનથી નદીનો મહિમા કર્યો. ધનતેરસે ગાયની પૂજા કરી. વટસાવિત્રીએ વૃક્ષનો અને નાગ પંચમીએ નાગનો આદર કર્યો. તો ઘાસને કેમ ભૂલે? ભાદરવા સુદ આઠમને ધરો આઠમ કહી. ધરો એટલે દૂર્વા. વ્રત કેવાં કૃષિજીવનની લગોલગ છે. તે દિવસે લીલું ઘાસ કોઇ ન કાપે. સ્ત્રીઓ પ્રાર્થના કરે: ધરોની જેમ અમારા કુળનો વંશવેલો વધજો. ગણનાયક ગણપતિએ ગંધરહિત, પુષ્પરહિત, લોકનજરે ક્ષુલ્લક એવી દૂર્વા પર તુષ્ટમાન થઇ પૂજાની સામગ્રી તરીકે એને સ્વીકારી. દૂર્વાની ત્રણ પાંદડીમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશની કલ્પના કરી. એ ત્રણે વિભૂતિ જેવું સામર્થ્ય જેમાં છે એવા વિનાયકને દૂર્વા ચડાવી. આપણી સંસ્કૃતિએ કલ્પેલાં પ્રતીકોનો વિચાર કરીએ તો અદ્‌ભુત અદ્‌ભુત પોકારી ઊઠીએ. હા, ઘાસ પૂજનીય છે. નાનાને નાના ન ગણવા એ જ મોટાની મોટાઇ છે.

ઝપટી એ રમતિયાળ ઘાસ છે. એનું લીલું કણસલું ઝપ કરતું આપણાં કપડાં પર ચોંટી રહે છે. ખમીસની બાંય, ઓઢણી કે પછેડી, ચોફાળ જ્યાં મજા પડે ત્યાં ઝપટી ઝૂલી ઊઠે. લીલું લીલું હસ્યા કરે. અમે બચપણમાં ઝપટી ચોંટાડી હસ્યા છીએ. કોમળ અંકોડાવાળી ઝપટીનો ન ભાર કે ન એની ધાર. ક્યારેક ઝપડી કપડાં પર એવી ભાત રચી દે કે કોઇએ ભરત ન ભર્યું હોય! ઝપટી પર ટેરવાં ફેરવ્યાનું યાદ છે. કરકરી કોમળતા. શિશુના ટકામુંડા જેવો જ સ્પર્શ. હમણાં હું ટેરવામાં એ ઝપટીસ્પર્શને માણું છું.

રાત મોંઘા મોતી મુઠ્ઠીઓ ભરીને બીડમાં વેરતી જાય છે. ચંદ્ર અને તારા વરણાગી ઘાસને બચી ભરે છે. સૂરજ ભાઇબંધ ઘાસ સાથે જુહાર જુહાર કરે છે. ઝીણાં સુંવાળાં રેશમી પડછાયાની ભેટ બાંધીને આદિકાળથી ઊભું છે ઘાસ. એ બચુકડું પણ સ્વાવલંબી છે. પોતાના પગ પર ઊભા રહેવું એ એનો સ્વભાવ છે. ઘાસ ધરતીનું પહેલા ખોળાનું સંતાન. ક્યારેક ઘાસ વચ્ચે વાટ છે તો ક્યારેક વાટ વચ્ચે ઘાસ છે.

વરસાદનું પ્રથમ સુફળ છે ઘાસ અને ઘાસ એટલે સુકાળ.

દેવના ઉત્સવનો શુભારંભ થાય છે જવારારોપણથી. જવારા વધે, ઉત્સવ વધે, લીલપ વધે.

તૃણતૃષ્ણા રાખીએ એ મૃગતૃષ્ણામાંથી ઉગારશે.

લાવ, તૃણનામસ્મરણ કરું. કેટલા તૃણનામ યાદ છે? કુશ, દૂર્વા, લાંપડી, ચીય, લૂણી, સોસમરી, કાસ, ઝપટી, બરલો, (બરુ) ઘામોડી, લોલર, ધ્રામાઉ, લંભ (લાંબું ઘાસ જેમાંથી સાવરણી બને), વિદળ, છબ્બર, બિકન, શંખાવલી, બારમાસી, ઉન, રોયસ, પરાળ, માંધાણો, રાપતરી, પહાડવેલા, નાંગરવો, સામો, લયકો.

જેમનું બાળપણ ગામડામાં વીત્યું છે એવા એક વયસ્ક મિત્રને મેં ઘાસનાં નામ પૂછ્યાં. તો મિત્ર વિચારમાં ગરક થઇ ગયા. થોડી વાર થંભીને ગળગળા ભર્યા સાદે કહે: 'અરે! મને તો તમે મારી માતા સંભારી દીધી! મને એમ કે હમણાં જ માતાને પૂછીને કહીશ. મા ગયાં તેને યુગો વીતી ગયાં. હું ભૂલી ગયો.'

મા સંભારી દે તે ઘા(સ).

❖ ❖ ❖

# કલાદષ્ટિ અને શબ્દસૃષ્ટિનો વિરલ સંયોગ

□ પન્નાલાલ ર. શાહ

શાલિભદ્રના પૂર્વભવની કથા પ્રત્યેક જૈનને હૈયાસરસી હોય તે સ્વાભાવિક છે. ગોવાળ-બાળ પોતાના ગોઠિયાઓ સાથે રમવા ગયો છે. રમતાં રમતાં વાત નીકળી કે બધાં શું શું ખાઇ-પીને આવ્યા છે? ગોપ બાળકોએ ખીર ખાધાનો આનંદ-ઓડકાર વ્યક્ત કર્યો, પણ એક જ બાળકે ગઇ કાલની ખીચડી ખાધાનો એકરાર કર્યો. એટલે બાળસહજ ઠઠ્ઠામશ્કરી થઇ. રમત અધૂરી મૂકી તે છોકરો ઘરે આવ્યો. ખીર ખાવાની હઠ પકડી. ઘર ઘરનાં કામ કરી દીકરાનું ને પોતાનું પેટ ભરતી માતા અસહાય બની રડી પડી. પડોશણોએ દૂધ, ચોખા, ખાંડ આપ્યાં. ખીર બની. દીકરાને તે પીરસી, મા કૂવે પાણી ભરવા ગઇ.

થાળીમાંની ખીર ઠંડી પડે ને પોતે ઝટપટ તે આરોગી લે એવી તાલાવેલીમાં છોકરો બેઠો છે. ત્યાં સાધુ ગોચરી અર્થે પધારે છે. છોકરો પોતાની થાળીની ખીર વહોરાવવા તૈયાર થાય છે. કહે છે, 'બધી નહીં વહોરાવું. અડધી તમારી, અડધી મારી'. બાળસુલભ ચેષ્ટાથી થાળી વચ્ચે લીટી દોરી બે ભાગ પાડે છે. પછી થાળી ઉપાડી સાધુના પાત્રમાં ખીર વહોરાવે છે. નરમ ખીર બધી જ પાત્રમાં રેડાઇ જાય છે. સાધુ પૂછે છે: 'હવે તું કજિયો તો નહિ કરે ને?'

'ના, ના.'

સાધુ જાય છે. છોકરો થાળીમાં જરાતરા રહેલ ખીર ચાટે છે. સાધુને ખીર વહોરાવી દીધાનો અફસોસ નથી. માતા આવી ઠામમાં રહેલ થોડી ખીર ફરી પીરસે છે. બીજીવાર રાંધવાની વાત જ ક્યાંથી હોય? છોકરાને મનથી સંતોષ છે. તે જ રાત્રે પેટમાં દુઃખાવો થતાં છોકરો મરી જાય છે, પણ બાળકને છેલ્લે સુધી આજનો દિવસ સફળ ગયાનો આનંદ છે, નરી પ્રસન્નતા છે.

મિત્રો વચ્ચે અપમાનિત છોકરાનો લજ્જિત ચહેરો, મા પાસે કજિયો કરતા છોકરાનું રડમસ મોં, ખીર ઠરે એની પ્રતીક્ષા કરતું એનું પ્રસન્ન મુખારવિંદ, સાધુને ખીર વહોરાવતાં બધી ખીર પાત્રમાં પડી છતાં એનો આનંદિત મનોભાવ, પછી એ પ્રસન્નતા મૃત્યુ સુધી મોં પર લીંપાયેલી રહી. એ ક્ષણોને ચિરંજીવ કરવી હોય તો? રસાળ કથા અથવા શબ્દચિત્ર તો ખરું જ. પણ વધુ સમર્થ માધ્યમ તો ચિત્રકલા છે. ચિત્રકાર અને/અથવા શિલ્પકાર એ ચહેરા પર કેવા રૂડાં ભાવ પાથરી શકે!

જૈન ધર્મમાં ચાર અનુયોગ છે: દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગ. જૈન આગમ ગ્રંથમાળામાં દ્વાદશાંગીમાં આચારાંગ, સૂત્ર-કૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ,

ભગવતી સૂત્ર અને જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર-એ રીતે કથાનુયોગનો ક્રમ છઠ્ઠો છે.

જ્ઞાતાધર્મકથામાં બે શ્રુતસ્કંધ છે. તેમાં ઓગણીસ અધ્યયન છે. તેમાં કથિત કથાઓ બે પ્રકારની છે : ચરિત્ર (બનેલી) અને કલ્પિત. આ ધર્મકથાઓમાં દસ વર્ગ છે. એક એક ધર્મકથામાં પાંચસો પાંચસો આખ્યાયિકાઓ છે; એક એક આખ્યાયિકામાં પાંચસો ઉપાખ્યાયિકાઓ છે અને એક એક ઉપાખ્યાયિકામાં પાંચસો પાંચસો આખ્યાયિકા-ઉપાખ્યાયિકાઓ છે. આ રીતે પૂર્વાપરના વિચારપૂર્વક ગણતરી કરતાં તેમાં પુનરુક્તિ વિનાની સાડા ત્રણ કરોડ કથાઓ છે.

આવી પુનરુક્તિ વિનાની સાડા ત્રણ કરોડ કથાઓનું ચિત્રાંકન થાય ત્યારે ખરું. પરંતુ જ્ઞાતાધર્મકથામાંથી કેટલીક ચરિત્ર એટલે કે બનેલી અને કેટલાંક તત્પશ્ચાત્ ઐતિહાસિક ચરિત્રોમાંથી ૧૦૮ ચરિત્રો તાજેતરમાં પ્રકાશિત 'જિનશાસનની કીર્તિગાથા'માં બહુરંગી ચિત્રો દ્વારા ઝીલાયાં છે. નાનકડી બારી ખોલીએ અને આખુંય આકાશ આંખો સામે ઝળહળાં થાય એ રીતે તેમાં જૈન ધર્મના ભવ્ય અને ગરિમામય ભૂતકાળની થોડીક ઝલક રજૂ થઇ છે. વિશ્વના કોઇપણ ધર્મ પાસે ન હોય તેવી અણિશુદ્ધ અને કડીબદ્ધ જિનશાસનની તવારીખમાં નીરખવા મળતી વિભૂતિઓ કે વીરપુરુષોના ચરિત્રોમાં ધર્મસંસ્કાર અને જીવનપ્રવૃત્તિનો મનોરમ સુમેળ સધાયો છે. આ માત્ર ચરિત્રો નથી, ફક્ત જીવનગાથા નથી, ઘટનાઓની ગવાહી નથી, પરંતુ સ્વજીવનમાં ઉદાત્ત ભાવનાઓ પ્રગટાવનારા સાધુ ભગવંતો, વિદુષી સાધ્વીજીઓ, તેજસ્વી શ્રાવકો અને ચારિત્રશીલ શ્રાવિકાઓના જીવંત, કર્તવ્યનિષ્ઠ અને ધર્મપરાયણ જીવનની વાસ્તવિક તસવીર છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રત્યેક ચરિત્રની સામેની બાજુએ નાયકના જીવનના લાઘવ આલેખનને અનુરૂપ બહુરંગી ચિત્રો દ્વારા શ્રી અશોક શહા (પદ્મપુત્ર) અને શ્રીમતી પ્રાર્થના શહાની કલાકાર બેલડીએ ચરિત્રનાયકની સાદ્યંત જીવંતસૃષ્ટિ સર્જી છે. અહીં કલાકાર યુગલે પ્રથમ પોતાના ચિત્તતંત્રમાં સૈકાઓ પૂર્વે બનેલી ઘટના પોતાના માનસચક્ષુઓની મદદથી અને પરંપરાના માધ્યમથી પોતાના કર્ણપટને લાધેલી જે તે ઘટનાને તાદશ્ય અનુભવી, તેમાંના પાત્રો તથા પાત્રોની બાહ્યાંતર ચહલપહલ સાથે પૂરું તાદાત્મ્ય કેળવ્યું છે અને પછી તેમની પીંછીમાંથી જે ટપક્યું છે તેમાં ચિત્રને સાર્થકતા અને જીવતંતા બક્ષનારું પ્રાણતત્ત્વ ધબકતું અનુભવાય છે, જેમકે, ચંડરુદ્રાચાર્યને ખભે બેસાડીને વિહાર કરતા નૂતન મુનિની વિવિધ મુખમુદ્રાઓમાં વિલસતો વિનયરસ્યો અહોભાવ અને ચંડરુદ્રાચાર્યની આંખો વાટે ટપકતો ક્રોધ; કપિલના પ્રસંગમાં ઉપવનમાં વૃક્ષ તળે વિચારમગ્ન દશામાં કપિલની લોભવૃત્તિની ચાડી ખાતું મોં અને એ જ ચિત્રના અન્ય દશ્યમાં ચોરો, અને તેમની સાથે નૃત્યલીન બનેલા કપિલ : કેવો અજબ લય પ્રગટે છે એ નૃત્યમાંથી ! તો ક્ષુલ્લક મુનિના ચિત્રફલકમાં નૃત્ય કરતાં કરતાં થાકી ગયેલી નર્તકીની અંગડાઇ કે આહાર આરોગતા કૂરગડુ મુનિના મોં પર ઊભરાતી આત્મગ્લાનિની ભાવાભિવ્યક્તિ.

ચિત્રનો આંતરપ્રાણ ભાવ છે તો બાહ્ય અલંકરણ છે લાવણ્ય. લાવણ્યનું ગૂંફન આંતરભાવોને વાચા આપનારા પૂરક પોષક તત્ત્વ તરીકે અહીં સિદ્ધ થયેલું છે, જેમકે, શ્રી માનતુંગસૂરિને વરદાન આપવા અવતરતા ચક્રેશ્વરી દેવી; આચાર્ય બપ્પભટ્ટીની કસોટી કરવા આવેલી રૂપાંગના; કે પછી 'સિદ્ધહૈમ'ની શોભાયાત્રામાં રાજા સિદ્ધરાજ સાથે ચાલતા ધીરગંભીર હેમચંદ્રાચાર્ય : એક-એકની ભાવભંગિમાં કે મુદ્રામાંથી અનુપમ સૌંદર્ય નિખરે છે. અને તે ભાવકના અનુભૂતિવિશ્વને સમૃદ્ધ બનાવનારાં સ્પંદનો જગાડી જાય છે.

પ્રસ્તુત ગ્રંથના ચિત્રોમાં ઉત્કૃષ્ટ રંગ-સંયોજન થયું છે. જેમકે, શય્યંભવભટ્ટની યજ્ઞવેદીમાંથી ઊગતો ધુમાડો; ચંડરુદ્રાચાર્યના રાત્રિવિહારનું અંધારમઢ્યું અને ઊબડખાબડ ભૂમિવાળું દશ્ય કે અભયદેવસૂરિના પ્રસંગમાં નદીનું તથા શ્રી ધર્મઘોષસૂરિના પ્રસંગમાં ઊછળતા સમુદ્રનું ચિત્રાંકન : મનભાવન રંગ-સંયોજન માટે કલાકારોની પીંછીની ક્ષમતાનો હૃદયંગમ પરચો મળે છે. આમ 'વિષ્ણુ ધર્મોત્તર પુરાણ'ના 'ચિત્રસૂત્ર' પ્રકરણમાં દર્શાવેલાં સર્વાંગપૂર્ણ ચિત્રના છ અંગો-રૂપભેદ, પ્રમાણ, ભાવ, લાવણ્ય, સાદશ્ય અને રંગ-સંયોજનની દષ્ટિએ પ્રસ્તુત ગ્રંથના ચિત્રો રસ અને આનંદના અદ્વૈતનું સિંચન કરી જાય છે. તેમાં નૈસર્ગિક અને હૃદયસ્પર્શી-સ્વાનુભવસંવેદ્ય સાક્ષાત્કારની ઝલક ગોચર થાય છે.

આ ગ્રંથમાં દષ્ટિગોચર થતું પ્રત્યેક ચિત્ર એક વિરાટ જીવન-કથાનું સંક્ષિપ્ત અને કલામય નિદર્શન છે તો તે સાથે લાઘવતાથી પ્રાસાદિક શૈલીમાં રજૂ થયેલ જીવન પરિચય તે તે જીવનકથાનું સુરેખ શબ્દચિત્ર છે. આ શબ્દકથાને સાદી, સરળ શબ્દ-ગૂંથણી અને લોકભોગ્ય અભિવ્યક્તિ દ્વારા સાદ્યંત જીવંત બનાવી છે. જૈન દર્શન અને તેના સાહિત્યમાં ધરબાયેલી વ્યાપક લોકોપકારતાનો સરસ અનુબંધ જ્ઞાનપિપાસુઓની જિજ્ઞાસાને સંતોષે એ રીતે ડૉ. કુમારપાળ દેસાઇએ રચ્યો છે, પછી એ અનાથી મુનિની કથા હોય કે સિદ્ધસેન દિવાકરની, હેમચંદ્રાચાર્યની ગાથા હોય કે હીરવિજયસૂરિની, ત્રિશલા માતાની વાત હોય કે કોશાની, પુણિયા શ્રાવકનું કથાબીજ હોય કે રોહિણિયાની. દરેક ગાથાનો અનેરો ઇતિહાસ છે. જિન શાસનની ગરિમા અને જૈન દર્શનની ઉચ્ચતાનો આ વિશિષ્ટ આલેખ છે. એમની સહજ રસપૂર્ણ લેખિની ભાવકને ભાવતરબોળ કરીને સાચા ધર્મનો રાહ બતાવે એવું સામર્થ્ય ધરાવતી અને ચમત્કૃતિપૂર્ણ છે.

પ્રસ્તુત ગ્રંથની વિશિષ્ટ મર્યાદા છે. પાલિતાણા-શ્રી શત્રુંજય-ગિરિની પાવન ગોદમાં (તળેટી)માં આવેલું સમવસરણ મંદિર. એના સ્થાપત્યના સોનાને કલાની સુંગધથી છલકાવી દેતાં ૧૦૮ ઐતિહાસિક ચિત્રો. એ કાલખંડોને સમાવિષ્ટ કરતા આ પુસ્તકને વૈકલ્પિક પસંદગીનો, કે વિશાળ દષ્ટિ કે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યનો અવકાશ રહ્યો નથી. જૈન ધર્મના ચોક્કસ ફિરકાને સ્પર્શતા આ પુસ્તકમાં સમગ્ર જૈન ધર્મના સાહિત્ય, કલા અને ઇતિહાસની ઝીણી નજરે જોનારની અપેક્ષા સંતોષાય તેમ નથી. ક્રમાનુસાર કાલખંડમાંથી મધ્યયુગમાં હીરવિજયસૂરિજી, ઉપાધ્યાય યશોવિજયજી અને ઉદયરત્નજી બાદ અર્વાચીન યુગમાંથી શાસનસમ્રાટ વિજય નેમિસૂરિજીનો પરિચય આપવામાં આવ્યો છે. શાસનસમ્રાટની પ્રતિભા વિશે બેમત નથી. પણ છેલ્લા બે સૈકા જેટલા સમયમાં એથી વધુ પ્રભાવશાળી અને જિનશાસનની કીર્તિગાથા વધારનારા અન્ય પૂર્વસૂરિઓ થયા છે ત્યારે ગ્રંથના પ્રેરણાદાતા આચાર્યોના દાદાગુરુ હોવાના નાતે શાસન સમ્રાટનો સમાવેશ કર્યો હોવાનો મને વહેમ જાગે છે. ગુરુ પ્રત્યેના પ્રશસ્ત રાગનું એ પ્રમાણ કે પરિણામ હોઇ શકે. આટલી અવિશિષ્ટ મર્યાદા સાથે આ ગ્રંથનું અવતરણ એક આનંદદાયક ઘટના છે.

❖❖❖

# ત્રણ વૈષ્ણવજન

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

તા. ૩૦-૧-૯૯, શનિવારના રોજ, પૂ. ગાંધી બાપુના એકાવનમાં નિર્વાણ દિને વહેલી સવારે આકાશવાણીના રાષ્ટ્રીય પ્રસારણ કાર્યક્રમમાં, લતા મંગેશકરના કંઠે ને અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી કુ. મધુરીબેન (મથુરીબેન) ખરેના કંઠે પૂ. બાપુનું પ્રિયભજન-'વૈષ્ણવ જન તો તેને કહીએ'-સાંભળ્યું અને મારા મનમાં અનેક વિચાર ઊભરાયા.

પ્રથમ વિચાર તો ઋગ્વેદના અનેક દેવો જેવા કે અગ્નિ, વરુણ, ઇન્દ્ર, હિરણ્યગર્ભ, વિશ્વકર્મા, પ્રજાપતિ, સૂર્ય, અશ્વિનૌ, યમ, રુદ્ર, પર્જન્યની સાથે વિષ્ણુનો અને એ સર્વ દેવોના પ્રભાવનો...પછી 'વિષ્ણુ' શબ્દમાં રહેલ મૂળ ધાતુનો ને એની સાથે જોડાયેલ બૃહદ્ વ્યાપક, સર્વદર્શી પરમ તત્ત્વનો. ઋગ્વેદથી નરસિંહ મહેતાના કાળ સુધીમાં વિષ્ણુ દેવતાના અનુયાયીઓ-વૈષ્ણવ ધર્મના આચાર્યો અને ઉપાસકોનો વિચાર પણ ચિત્તમાં ઝબકી ગયો. કેટકેટલા સંસ્કારના પુટથી પુષ્ટ થઇ નરસિંહે એક આદર્શ વૈષ્ણવ-જનની છબિ રચી આપી છે ! આમ જુઓ તો, શુદ્ધ કવિતાની દૃષ્ટિએ અને ઉચ્ચ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ, નરસિંહ મહેતાના આ વૈષ્ણવજનના ભજન કરતાં એનાં અન્ય અનેક પદો- ભજનો, પ્રભાતિયાં સારાં ને ઉચ્ચ કોટિનાં છે...પણ નરસિંહ જેવા બીજા એક વૈષ્ણવ-જને એટલે કે પૂ. ગાંધી બાપુએ-નરસિંહના એ કાવ્યમાં વર્ણવેલા લગભગ સર્વ ગુણોને માનવદેહે જીવી બતાવ્યા અને તેથી નરસિંહનું એ કાવ્ય ગુજરાતની સીમાઓ વટાવી દેશવ્યાપી બની ગયું...અને નરસિંહના કાવ્યનો પ્રભાવ ઝીલી, એના સંસ્કારરૂપે, ભક્તકવિ દયારામે પણ એ ભાવના અનુરાગન જેવાં બે કાવ્યો 'વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે' અને 'તાદશ જન તેને જાણીએ રે'-લખ્યાં :

શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી ઇ.સ.૧૮૮૭ની સાલમાં મેટ્રીક થયા...એમની ઇચ્છા તો વકીલ-બેરીસ્ટર થવાની નહીં પણ દાકતર બનવાની હતી...જ્યારે એમણે એમના મોટા ભાઇ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે 'મને દાકતરી ધંધો શીખવા ન મોકલાય ?' ત્યારે ભાઇએ કહ્યું : 'એ તો બાપુજીને ન ગમતું છે, તારી વાતો કરતાં જ તેઓ કહેતા કે આપણે વૈષ્ણવ હાડમાંસ ચૂંથવાનું કામ ન કરીએ. બાપુજીનો વિચાર તો તને વકીલ બનાવવાનો જ હતો.' પિતાની ઇચ્છા પ્રમાણે ને ગાંધી-કુટુંબના મિત્ર-સલાહકાર શ્રી માવજી દવેની સલાહ અનુસાર તથા ભાઇની ઉદાર મદદથી તેઓ બેરીસ્ટર તો થયા પણ 'આપણે વૈષ્ણવ હાડમાંસ ચૂંથવાનું કામ ન કરીએ' એવા બોધને ન ગણકારી, આ પરમ વૈષ્ણવે પીડ પરાઇ જાણીને, કુષ્ઠ-રોગી પરચુરે શાસ્ત્રીની સેવા કરી-'પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે'-એ ભાવ ને ભાવના સાથે-પરમ વૈષ્ણવજનની સર્વ ગુણસંપદા-સમેત.

કવિ-બ્રહ્મા કાવ્યસૃષ્ટિ રચે છે, સહૃદય ભાવકના રસકોષને એ પુષ્ટ કરે છે, વિષ્ણુની જેમ પોષે છે ને સમતોલ, ગુણદોષદર્શી વિવેચક ક્વચિત્ શિવ તો ક્વચિત્ રુદ્ર પણ બને છે. આદ્યકવિ નરસિંહ મહેતાએ-કવિ બ્રહ્માએ કાવ્ય રચ્યું, સહૃદય ભાવક જેવા પૂ. બાપુનો રસકવિ એથી પોષણ પામી પુષ્ટ થયો ને ત્રીજા એક વૈષ્ણવજન વિવેચક શિવે—-પૂ. વિનોબાજીએ એની મીમાંસા કરી. તે આ રીતે-

૭મી જૂન, ૧૯૧૬ને દિવસે કોચરબ આશ્રમમાં વિનોબાજી ગાંધીજીને પ્રથમવાર મળે છે ને એમને ગાંધીજીમાં પોતાને અભિપ્રેત ક્રાન્તિ અને શાંતિનાં યુગપદ્ દર્શન થતાં એમના શિષ્ય તરીકે આશ્રમવાસી બને છે. અહર્નિશ એ બાપુની નાની મોટી પ્રવૃત્તિઓ, નખશિખ દિનચર્યાને, અતંદ્ર જાગ્રતિપૂર્વક, ઝીણા વિવેકપૂર્વક નિહાળે છે. આ ત્રીજા વૈષ્ણવજનના શબ્દોમાં જ આપણે પરમ વૈષ્ણવ ગાંધીજીના વિરાટ વ્યક્તિત્વને પામીએ.

'ઘણાં વરસ પહેલાં સાબરમતી આશ્રમમાં હતો ત્યારની વાત છે. તે વખતે 'વૈષ્ણવજન તો તેને કહીએ' ભજન અવારનવાર ગવાતું, તેમાં ભક્તનાં લક્ષણ બતાવ્યાં છે. એમાંનાં કયાં કયાં લક્ષણ કેટલી હદે મને લાગુ પડે છે, તેનો હું મનોમન વિચાર કરતો રહેતો, વળી મારી આંખ આગળ બાપુનું જીવન હતું. એટલે એમના જીવનમાં આ લક્ષણો કેવી રીતે અને ક્યાં દૃષ્ટિગોચર થાય છે તેના વિચારો પણ મારા મનમાં આવ્યા કરતા. બીજાના મનની તપાસ ન કરવી જોઇએ, પોતાના મનની તપાસ જ ઉન્નતિમાં સહાયક બને છે. પરંતુ બાપુ મારે મન જુદા નહોતા, કોઇ પારકી વ્યક્તિ નહોતા. તેથી આ લક્ષણો એમનામાં કેવાં છે, તે જોવાનો-ચાહે અનધિકાર કહો-હું મનોમન પ્રયત્ન કરતો, અને ત્યારે મારા ધ્યાનમાં આવતું કે લગભગ બધાં લક્ષણો બાપુને લાગુ પડે છે, પણ 'રામનામ શું તાળી લાગી' એ લક્ષણ કંઇક ઓછું લાગુ પડે છે. ('ગાંધી: જેવા જોયા-જાણ્યા' પૃ. ૧૫૩)

નરસિંહ મહેતાના આદર્શ વૈષ્ણવજનની જેમ, ગીતાના ગાનારે પણ આદર્શ 'સ્થિત-પ્રજ્ઞ'ની માનસમૂર્તિ સમર્થ શબ્દોમાં કંડારી છે. તત્સંબંધે વિનોબાજી લખે છે. 'હું બાપુને મળ્યો' અને એમના ઉપર મુગ્ધ થઇ ગયો, તે એમની આંતરબાહ્ય એકતાની અવસ્થા ઉપર. વળી, કર્મયોગની દીક્ષા મને બાપુ પાસેથી મળી. ગીતામાં તો એ કહ્યું જ હતું પણ સાક્ષાત્ થયું બાપુના જીવનમાં. ગીતાના કર્મયોગનું પ્રત્યક્ષ આચરણ મેં બાપુમાં જોયું. ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો આવે છે. એ વર્ણન જેને લાગુ પડે એવો સ્થિતપ્રજ્ઞ શરીરધારી ભાગ્યે જ શોધ્યો જડે...પણ એ લક્ષણોની બહુ નજીક પહોંચી ચૂકેલા મહાપુરુષને (ગાંધીજીને) મેં મારી સગી આંખે જોયા' (ગાંધી જેવા જોયા જાણ્યા-પૃ. ૪).

પરમ વૈષ્ણવ ભક્ત કવિ નરસિંહ મહેતાના ભજનમાં દર્શાવેલ આદર્શ ભક્તના લક્ષણોમાંથી વિનોબાજીને ગાંધીજીમાં 'રામનામ શું તાળી લાગી'ની ન્યૂનતા લાગેલી પણ એ દિશામાં ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ થતાં, એ જ પુસ્તકમાં વિનોબાજી લખે છે : 'લગભગ ૧૯૨૦ના અરસાની વાત છે, પરંતુ એ પછી તેઓ (ગાંધીજી) એટલી ઝડપથી આગળ વધતા ગયા કે જોતજોતામાં તેઓ રામનામમાં તન્મય થઇ ગયા, ને આખરમાં તો જાણે એમણે રામનામની રટ જ લીધી હતી-ત્રણસો-સાડા ત્રણસો વરસ પહેલાં તુલસીદાસ અને તુકારામે જેવી રટ લગાવી હતી તેવી જ. અને છેવટે એ જ નામ લઇને તેઓ ગયા!'

કવિના શબ્દબ્રહ્મમાં કેવી ગજવેલ જેવી તાકાત હોય છે ને કાવ્યમાં નિરૂપિત એ શબ્દબ્રહ્મને જીવનમાં મૂર્ત કરનાર માનવ કેવો અતિમાનવ બની શકે છે તેની પ્રતીતિ આ ત્રણ વૈષ્ણવજનનાં વાણી, કર્મ ને મીમાંસા દ્વારા થાય છે.

❖ ❖ ❖

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઇ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઇ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૬ ● ● તા. ૧૬-૬-૯૯ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## મંગલ, અષ્ટમંગલ, મહામંગલ

માનવજાતિ ગમે તેટલો બૌદ્ધિક વિકાસ સાધે અને વૈજ્ઞાનિક પદ્ધતિથી તર્કયુક્ત વાત જ સ્વીકારવાનો આગ્રહ રાખે, તો પણ સંસારમાં વખતોવખત એવી ઘટનાઓ બનતી રહે છે કે જે કેટલાક લોકોને શ્રદ્ધાના ક્ષેત્ર તરફ વાળે છે. જ્યારે પોતાના જીવનમાં જ એવી ઘટનાઓનો અનુભવ થાય છે ત્યારે કેટલાયે બૌદ્ધિકો પણ શ્રદ્ધાનું આલંબન લેવા લાગે છે. દરેક વખતે આવી શ્રદ્ધા તે સાચી શ્રદ્ધા નથી હોતી. ક્યારેક એમાં અંધશ્રદ્ધા, વહેમ, અજ્ઞાન, ગતાનુગતિકતા, લાચારી પણ જોવા મળે છે.

ઇષ્ટ ફલની પ્રાપ્તિ અને અનિષ્ટનો વિયોગ એ સામાન્ય માણસની બે મુખ્ય ઝંખના હોય છે. જ્યારે પોતાની બધી જ ગણતરી ઊંધી પડે અને પરિણામ અણધાર્યું જુદું જ આવે ત્યારે માણસ વિચાર કરતો થઇ જાય છે. અતિશય લાચારીનો પ્રસંગ જ્યારે આવી પડે છે ત્યારે માણસ શ્રદ્ધાપ્રેરિત થઇ ગમે તે વસ્તુ કરવા તત્પર થઇ જાય છે.

જીવનમાં સામાન્ય ક્રમે કે અણધારી રીતે બનતી સારીનરસી મોટી ઘટનાઓનું અવલોકન કરતાં કરતાં માનવજાતે તેની સાથે સંકળાયેલા કેટલાક શુભાશુભ સંકેતોની વિચારણા કરી છે. આપણે ત્યાં જ્યોતિષશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, શુકનશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર ઇત્યાદિ એ રીતે રચાયાં હતાં.

માણસ નવું ઘર કરાવતો હોય, નવી દુકાન લેતો હોય, નવો ધંધો ચાલુ કરતો હોય, દીકરા-દીકરીની સગાઇ કે લગ્નનો પ્રસંગ હોય, પ્રવાસે કે તીર્થયાત્રાએ જતો હોય, કોઇ વિદ્યાર્થી પરીક્ષા આપવા જતો હોય, કન્યા સાસરે જતી હોય, વહુ પ્રસૂતિ માટે પિયર જતી હોય, મંદિરનો શિલાન્યાસ કે અન્ય ઉત્સવ હોય, સાધુ-સાધ્વીના વિહાર હોય-એવાં બધાં કાર્યો નિર્વિઘ્ને અને ખૂબ સારી રીતે પાર પડે એમ સૌ ઇચ્છતા હોય છે. એ માટે દિવસ, પ્રહર, ચોઘડિયું જોવાય છે અને તે વખતે થતા શુભ શુકનનો વિચાર પણ થાય છે. એવે વખતે કોઇ શુભ, પવિત્ર વ્યક્તિ કે વસ્તુનાં દર્શન થાય તો પોતાનું કાર્ય સારી રીતે સિદ્ધ થશે એવી શ્રદ્ધા બંધાય છે. 'શુકન જોઇને રે સંચરજો' જેવી પંક્તિઓ ક્યારેક સમૂહમાં ગવાય છે.

પોતાની ધારેલી ઇચ્છાઓ, વિચારેલી યોજનાઓ કે સેવેલા સંકલ્પો પાર ન પડે ત્યારે માણસ અત્યંત મૂંઝાય છે, બેબાકળો અને નિરાશ થઇ જાય છે. પોતાના કાર્યમાં વિઘ્ન, અંતરાય, મુશ્કેલી, આપત્તિ ઈત્યાદિ ન આવે એ માટે માણસ સાવધ, સચિંત રહે છે. બીજી બાજુ પોતાની ઇચ્છા પ્રમાણે કે ધાર્યા કરતાં વધારે સારી રીતે પોતાનું કાર્ય પાર પડે છે ત્યારે માણસ આનંદથી ગદગદિત થઇ જાય છે. સફળતા કે નિષ્ફળતાની આવી ઘટનાઓ જ્યારે બને છે ત્યારે તેની સાથે કશીક સાંકેતિક વસ્તુઓ કે ઘટનાઓને જોડી દેવાનું મન કેટલાક મનુષ્યને થાય એ કુદરતી છે. આવા સંકેતો માટે 'મંગળ' કે 'અમંગળ' શબ્દ પ્રાચીન કાળથી પ્રયોજાતો આવ્યો છે. અનેક પેઢીઓના લાંબા સમયના એકસરખા અનુભવને આધારે કેટલીક વસ્તુઓ 'મંગળ' કે 'અમંગળ' તરીકે ગણાવા લાગે છે અને પછી એની પરંપરા ચાલુ થાય છે.

શુભ પ્રસંગે ગોળ, ધાણા કે ગોળમિશ્રિત ધાણા, દહીં, કંસાર, લાપસી, સુખડી, પેંડા, કોપરું વગેરે ખાવા-ખવડાવવાનો રિવાજ છે. આ બધાં ખાદ્ય-દ્રવ્યોને મંગલમય માનવામાં આવે છે. એની વહેંચણીમાં ઉત્સાહનું, આનંદોલ્લાસનું વાતાવરણ પ્રસરી રહે છે. પોતાનું કાર્ય પાર પડ્યાનો, કાર્યમાં ફતેહ મેળવ્યાનો એમાં સંકેત રહેલો હોય છે. આવાં મંગલોને દ્રવ્યમંગલ કહેવામાં આવે છે. એવા પ્રસંગે જે મંગલમય સ્તુતિ કરવામાં આવે છે, નવકાર મંત્ર વગેરે બોલવામાં આવે છે તેને ભાવમંગલ કહેવામાં આવે છે.

મંગલ ગણાતી વસ્તુઓનું કે તેવા જીવોનું પોતાના કાર્યના શુભારંભે અનાયાસ સાક્ષાત્ દર્શન કરવું સૌથી ઉત્તમ ગણાયું છે. એવું મંગલદર્શન અનાયાસ શક્ય ન હોય તો તેને સામેથી યોજનાપૂર્વક મંગાવીને જોવું તે પણ સારું ગણાય છે. પરંતુ એવી પણ જ્યાં શક્યતા ન હોય ત્યાં છેવટે તેની આકૃતિનું દર્શન કરવું આવશ્યક અને ઇષ્ટ મનાય છે. ઉદાહરણ તરીકે માણસ કોઇ શુભ કાર્ય માટે ઘરેથી પ્રસ્થાન કરતો હોય તે વખતે જ બરાબર અચાનક સામેથી ગાય આવતી હોય કે હાથી આવતો હોય તો તે સારા શુકન ગણાય. ગાય કે હાથી અનાયાસ અચાનક ન આવતાં હોય, પણ કોઇ સ્વજને કે મિત્રે એવી ગોઠવણ કરી રાખી હોય અથવા પોતે જાતે એવી ગોઠવણ કરાવી હોય કે બરાબર તે જ વખતે સામેથી ગાય કે હાથી લઇ આવવામાં આવે અને પોતાને સારા શુકન થયા એમ માણસ માને અને મનાવે તેવું પણ બનતું આવ્યું છે. આવી પણ જ્યારે શક્યતા ન હોય ત્યારે ફોટા કે ચિત્રમાં ગાય કે હાથી કે અન્ય મંગલ વસ્તુનાં દર્શન કરી માણસ સંતોષ મેળવે છે અને પ્રસ્થાન કરે છે. શુભ મંગળ શુકન માટે દરેક માણસની શ્રદ્ધા એકસરખી ન હોય. કોઇક શ્રદ્ધાળુઓ ભગવાનના કે દેવદેવીના કે પોતાના વડીલો કે સ્વજનોના ફોટાનાં દર્શન કરે છે. ક્યારેક ફોટો કે આકૃતિ ન હોય ત્યારે તેમના નામનો જયજયકાર ઉચ્ચારાય છે.

શુભ પ્રસંગ કે શુભ કાર્યની વાત ન હોય તો પણ કેટલાક લોકોને મંગળ આકૃતિઓનું રોજેરોજ સવારના ઊઠીને કે અન્ય સમયે નિયમિત દર્શન કરવાનો રિવાજ હોય છે કે જેથી દિવસ સારો જાય.

મહાભારતના દ્રોણપર્વમાં લખ્યું છે કે રાજ દરબારમાં જતાં પહેલાં મહારાજા યુધિષ્ઠિર સ્વસ્તિક, વર્ધમાન, નંદ્યાવર્ત, જળપૂર્ણ કુંભ, અગ્નિ, માળી, હાર, કુંકુમ, દહીં, ઘી, મધ, માલા, કન્યા વગેરે માંગલિક દ્રવ્યોનાં કે વ્યક્તિનાં દર્શન કરી લેતા.

જુદા જુદા વારે કોઇ જુદી જુદી વસ્તુ મંગલરૂપ ગણાય છે એને માટે હિંદી ભાષાની એક લોકોક્તિ ઘણાં વર્ષો પહેલાં સાંભળી હતી, જેમકે અમુક વારે દહીં, અમુક વારે ધાણા, અમુક વારે ગોળ, અમુક વારે હળદરનાં દર્શન મંગળમય મનાય છે.

લોકજીવનમાં આવી વિવિધ પ્રકારની માન્યતાઓ રહેલી છે. ક્યાંક એની સાથે ધર્મને સાંકળવામાં પણ આવ્યો છે.

'મંગળ' શબ્દનો સાદો અર્થ થાય છે શુભ, પવિત્ર, પાપરહિત, વિઘ્નરહિત. 'મંગલ' શબ્દમાં મં, ગ અને લ એ ત્રણ અક્ષરો છે. એ અક્ષરોને અનુલક્ષીને 'મંગળ' શબ્દના જુદી જુદી રીતે અર્થ કરાય છે.

મંગલ અથવા માંગલ્ય શબ્દ જુદીજુદી રીતે વ્યુત્પન્ન કરવામાં આવ્યો છે. એ શબ્દમાં 'મ', 'મા,' 'ગલ', 'ગાલ' જેવા શબ્દો રહેલા બતાવવામાં આવે છે અને તે પ્રમાણે અર્થઘટન કરવામાં આવે છે. આવી ભિન્નભિન્ન વ્યાખ્યાઓમાંથી નીચેની કેટલીક વ્યાખ્યાઓ જુઓ :

मं गालयइ भवाओ मंगलमिहेवमाइ नेरुत्ता ।

(મં અથવા મા એટલે કે પાપને જે ગાળી નાખે છે તે મંગલ કહેવાય છે.)

'વિશેષાવશ્યક ભાષ્ય'માં 'મંગલ' શબ્દ સમજાવતાં કહ્યું છે :

मां गालयति भवादिति मंगलं संसारादपनयतीत्यर्थः ।

अथवा मा भूत शास्त्रस्य गलो विघ्नो अस्मादिति ॥

[મને ભવથી એટલે કે સંસારથી દૂર કરે છે એટલા માટે તે મંગલ છે. અથવા ગલ એટલે વિઘ્ન. શાસ્ત્રના અધ્યયનના પ્રારંભમાં અમને વિઘ્ન ન હો માટે મંગલ.]

વળી 'વિશેષાવશ્યક ભાષ્ય'માં કહ્યું છે :

मंगिज्जएऽधिगम्मइ जेण हियं तेण मंगलं होई ।

अहवा मंगो धम्मो तं लाइ तयं समादत्ते ॥

[જેના દ્વારા હિતની માગણી કરવામાં આવે છે અને પ્રાપ્તિ થાય છે તે મંગલ કહેવાય છે. અથવા 'મંગલ'નો અર્થ ધર્મ થાય છે અને એ જે ધર્મ પ્રાપ્ત કરે છે તે મંગલ કહેવાય છે.]

'મંગલ' શબ્દની બીજી કેટલીક વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :

मा गलो भूदिति मंगलम् ।

[જે ગલ અર્થાત્ વિઘ્નનો નાશ કરે છે તે મંગલ.]

मद्यान्ति हृष्यन्ति अनेनेति मंगलम् ।

[જે પ્રસન્ન કરે તે મંગલ.]

मह्यन्ते पूज्यन्तेऽनेनेति मंगलम् ।

[જેના વડે પૂજા થાય છે તે મંગલ.]

લોકજીવનમાં આવી માંગલિક વસ્તુઓની વિભાવના અત્યંત પ્રાચીન કાળથી જોવા મળે છે. સમય જતાં એને ધર્મકાર્યોમાં પણ સ્થાન મળ્યું. મોટા ધાર્મિક પ્રસંગોમાં માંગલિક વસ્તુઓનાં દર્શન અનિવાર્ય મનાયાં. વૈદિક, જૈન અને બૌદ્ધ પ્રાચીન ધર્મગ્રંથોમાં એના ઉલ્લેખો મળે છે.

જૈન ધર્મમાં ચોવીસે તીર્થંકર ભગવાનનાં લાંછનો, તેમનાં પ્રાતિહાર્યો, તીર્થંકર ભગવાનની માતાને આવતાં ચૌદ (અથવા સોળ) સ્વપ્નો, દેવ-દેવીઓનાં આયુધો, ઉપકરણો, વાહનો વગેરે મંગળમય મનાય છે. તે તે વસ્તુનું પોતાનું કે તેની આકૃતિનું દર્શન શુકનવંતુ અને ઇષ્ટ ફલની પ્રાપ્તિ કરાવનાર મનાય છે. આમ મંગલ ગણાતી વસ્તુઓની યાદી ઘણી મોટી થાય છે. જૈન, બૌદ્ધ અને વૈદિક પરંપરાની-એમ ત્રણે પરંપરાની કુલ વસ્તુઓની સંખ્યા તો એથી પણ વધી જાય છે. મંગલ વસ્તુના દર્શનમાં શ્રદ્ધા દુનિયાના અન્ય ધર્મોમાં અને આદિવાસી જાતિઓમાં પણ જોવા મળે છે.

આ બધી માંગલિક વસ્તુઓમાં જે વધુ વ્યાપક રીતે પ્રચલિત રહી છે એમાંની થોડીક આ પ્રમાણે છે : સ્વસ્તિક, નંદ્યાવર્ત, કળશ, વર્ધમાનક (શરાવ-શકોરું), દીપક, ધૂપ, દર્પણ, ચામર, છત્ર, અક્ષતપાત્ર, રત્નપાત્ર, ધ્વજ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, ભદ્રાસન, મત્સ્યયુગલ, ગજ, ગાય, વૃષભ, સિંહ, અશ્વ, કમળ, પુષ્પ, માળા, અંકુશ, ધનુષ્ય-બાણ, ગોળ, દહીં, મધ, વૃક્ષ, કુંભ, અગ્નિની જ્વાળા, કન્યા, રોચના (તિલક કરવાની સામગ્રી), કંકુ, શ્રીફળ, નાડાછડી, ઘી, હાર (રુચક), અમુક પક્ષી અને તેનો અવાજ, અક્ષત, ફળ, ઘંટનાદ, બીજની ચંદ્રકલા, લાડુ, લાડુનું પાત્ર (મોદકપાત્ર), વાછરડા સાથે ગાય, બાળક સાથે માતા, શંખ, ચક્ર, રુદ્રાક્ષ ઇત્યાદિ મંગલમય મનાય છે. આ યાદી હજુ પણ મોટી થઈ શકે. મંગલ-માન્યતામાં જુદા જુદા ધર્મો વચ્ચે ધાર્મિક સંકુચિતતા રહી નથી. તેઓમાં પરસ્પર આદાનપ્રદાન થતું રહ્યું છે.

સાક્ષાત્ મંગલ વસ્તુઓનાં દર્શન કરવાં એ એક વાત છે અને ઝીણી નજરે જોઇને કોઇક રેખાઓમાં મંગળ આકૃતિઓનો મેળ બેસાડવો એ બીજી વાત છે. આકાશનાં વાદળાંઓમાં, પાણીના તરંગોમાં, વૃક્ષના પાંદડાંઓમાં, માટીના ઢગલાઓમાં, આરસ વગેરે પથ્થરના પડમાં, કાપેલા હાથીદાંતમાં, હાથપગની રેખાઓમાં શંખ, ચક્ર, કળશ, સ્વસ્તિક, દીપક, નંદ્યાવર્ત ઇત્યાદિ શુભ આકૃતિઓ માણસ શોધી કાઢે છે. જૈન ધર્મની માન્યતા પ્રમાણે તીર્થંકર પરમાત્માના અંગાગોની રેખાઓમાં આવી આકૃતિઓ જોવા મળે છે. તેમના દેહમાંથી નીકળતા પુદ્ગલ પરમાણુઓ દ્વારા આવી આકૃતિઓ રચાય છે.

બૌદ્ધ ગ્રંથ 'લલિતવિસ્તરા'માં વર્ણન છે કે તથાગત ભગવાન બુદ્ધ માટે સુજાતા જ્યારે ખીર બનાવવા દૂધ ઉકાળતી હતી ત્યારે દૂધના ઊંચે આવતા ઊભરામાં એને શ્રીવત્સ, સ્વસ્તિક, નંદ્યાવર્ત, પદ્મ વગેરે મંગલ આકૃતિઓ નિહાળવા મળી હતી.

तस्मिन खल्वपि क्षीरं श्रीवत्स स्वस्तिक

नन्द्यावर्तपद्म वर्द्धमानादिनी मंगल्यानि संदृश्यते स्म ।

મનુષ્યના શરીરમાં જુદી જુદી રેખાઓની આકૃતિઓ જોવા મળે છે. પુરુષના શરીરમાં ૩૨ ઉત્તમ લક્ષણો (વ્યંજન) હોય છે અને ૮૦ નાનાં લક્ષણો (અનુવ્યંજન) હોય છે. આ લક્ષણો મંગલરૂપ મનાય છે એટલે એની દોરેલી આકૃતિનાં દર્શન પણ મંગળરૂપ કહેવાય છે. જૈન ધર્મગ્રંથ 'સ્થાનાંગસૂત્ર'માં તથા બૌદ્ધ ધર્મગ્રંથ 'મહાવસ્તુ', 'મહાવ્યુત્પત્તિ', 'અર્થવિનિશ્ચયસૂત્રનિબંધન' 'લલિતવિસ્તરા' વગેરે ગ્રંથોમાં આ બધાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે.

આટલી બધી મંગળ વસ્તુઓ હોય તો વખત જતાં એમાં પસંદગી કરવાના પ્રસંગો પણ ઊભા થાય. કઇ મંગળ વસ્તુ કરતાં કઇ મંગળ વસ્તુ ચડિયાતી છે એનો નિર્ણય તો લોકો પોતે જ અનુભવ દ્વારા કરતા રહે છે. વખત જતાં આઠ મંગલ વસ્તુઓનું માહાત્મ્ય વધી ગયું. આ આઠની સંખ્યાને સ્થિર કરવામાં જૈન ધર્મે મહત્ત્વનો ફાળો આપ્યો છે. અલબત્ત, આઠની સંખ્યા જ શા માટે ? વધુ કે ઓછી કેમ નહિ ?--એ વિશે જુદા જુદા તર્ક થઇ શકે, પણ નિશ્ચિત કારણ

જાણવા મળતું નથી. પૂર્વકાળના લોકોના અનુભવે જ એમાં મહત્ત્વનું કાર્ય કર્યું હશે ! અથવા એક માન્યતા પ્રમાણે દેવોએ જ આ આઠનું નિર્માણ કર્યું હશે.

જૈન ધર્મમાં ઔપપાતિકસૂત્ર, રાયપસેણિયસૂત્ર, આચારદિનકર ઇત્યાદિ પ્રાચીન ગ્રંથોમાં અષ્ટ મંગલનો જે પ્રમાણે નિર્દેશ મળે છે તે અનુક્રમે આ પ્રમાણે છે : (૧) સ્વસ્તિક, (૨) શ્રીવત્સ, (૩) નંદ્યાવર્ત, (૪) વર્ધમાનક, (૫) ભદ્રાસન, (૬) કળશ, (૭) દર્પણ અને (૮) મત્સ્યયુગલ.

'સુશ્રુતસૂત્રસ્થાન'માં દસ પ્રકારનાં મંગલ દર્શાવવામાં આવ્યાં છેઃ

स्त्रीपुत्रिणी सवत्सागो वर्द्धमानं अलंकृता ।

कन्या मत्स्याः फलं चामं स्वस्तिकान् मोदकाः दधिः ॥

આ દસ મંગલ છે : (૧) બાળક સાથે માતા, (૨) વાછરડા સાથે ગાય, (૩) વર્ધમાન, (૪) અલંકૃતા એટલે શણગારેલી કન્યા, (૫) મીનયુગલ, (૬) ફળ, (૭) ચામર, (૮) સ્વસ્તિક, (૯) લાડુ અને (૧૦) દહીં.

'વિષ્ણુસ્મૃતિ'માં 'અષ્ટમંગલ'નો નિર્દેશ છે અને એમાં આઠ મંગલ આ પ્રમાણે ગણાવવામાં આવ્યાં છે : (૧) પૂર્ણકુંભ, (૨) આદર્શ એટલે કે દર્પણ, (૩) છત્ર, (૪) ધ્વજ, (૫) પતાકા, (૬) શ્રીવૃક્ષ અથવા શ્રીવત્સ, (૭) વર્ધમાન અને (૮) નંદ્યાવર્ત.

માત્ર ધર્મગ્રંથોમાં જ નહિ, ચિત્રશિલ્પાદિ કલાઓમાં પણ અષ્ટમંગલને સ્થાન મળ્યું હતું. જૈન ધર્મમાં પ્રાચીન અવશેષોમાં કે કલાકૃતિઓમાં અષ્ટમંગલનું રેખાંકન જોવા મળે છે. મથુરાના કંકાલી ટીલામાંથી મળેલા જૈન આયાગપટ્ટોમાં અષ્ટમંગલની આકૃતિ છે. એટલે આશરે બે હજાર વર્ષ પૂર્વે અષ્ટમંગલને જૈન ધર્મમાં તથા શિલ્પાદિ કલામાં વ્યવસ્થિત રીતે મહત્ત્વનું સ્થાન મળી ચૂક્યું હતું. કોઇક આયાગપટ્ટમાં અષ્ટમંગલની વચ્ચે તીર્થંકર ભગવાનની આકૃતિ કોતરવામાં આવી છે. આબુ દેલવાડા, ખજુરાહો વગેરે ઘણાં પ્રાચીન જૈન મંદિરોમાં અષ્ટમંગલની આકૃતિની કોતરણી થયેલી છે. પ્રાચીન જૈન હસ્તપ્રતોમાં પણ અષ્ટમંગલનું ચિત્રાંકન જોવા મળે છે. અષ્ટમંગલનો મહિમા જૈન ધર્મમાં સૌથી વિશેષ છે. પ્રત્યેક તીર્થંકરના સમયમાં આઠ પ્રતિહાર્યની જેમ અષ્ટમંગલ હોય જ એમ મનાય છે.

મંગલ વસ્તુઓ તો અનેક હોય. શુભ પ્રસંગે માણસે કેટલી વસ્તુઓનાં દર્શન કરવાં જોઇએ ? માણસે જેમ એ વિષયમાં વિસ્તાર કર્યો તેમ સંક્ષેપ પણ કર્યો. એમ કરતાં કરતાં આઠ વસ્તુઓ પર તે સ્થિર થયો. એ આઠ વસ્તુઓનાં સાક્ષાત્ દર્શનમાં પણ વાર લાગે. એટલે એક જ સ્થળે એક સાથે આઠે વસ્તુઓની આકૃતિ આવી જાય એવી યોજના થઇ. એ વ્યવહારુ અને સરળ બની. આરંભમાં કદાચ માણસ આઠે આકૃતિઓ સ્વહસ્તે દોરતો કે બીજા પાસે દોરાવતો હશે. પણ પછીથી તો કોતરેલી કે દોરેલી આકૃતિવાળા તૈયાર મળતા પાટલા કે પાટલીનો ઉપયોગ માણસ કરવા લાગ્યો.

જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ પરંપરાની કેટલીક કલાકૃતિઓમાં એક અથવા વધુ માંગલિક આકૃતિઓ કોતરવામાં આવેલી જોવા મળે છે. પરંતુ આ બધી માંગલિક આકૃતિઓમાંથી ફક્ત આઠની જ પસંદગી કરીને એને 'અષ્ટમંગલ' તરીકે પ્રચલિત કરવામાં અને એને પૂજનીય ગણવામાં જૈન ધર્મનો સૌથી વધુ ફાળો છે. પ્રાચીન કાળથી અષ્ટમંગલની આ પરંપરા જૈન ધર્મમાં વર્તમાન સમય સુધી જીવંત અને પ્રચલિત રહી છે અને આજે પણ જૈન મંદિરોમાં 'અષ્ટમંગલ'ની ધાતુની પાટલીની પૂજા થાય છે. તીર્થંકર ભગવાનની પૂજા કર્યા પછી અંતે અષ્ટમંગલની પૂજા કરવાનો રિવાજ છે. પ્રત્યેક શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન મંદિરમાં અષ્ટમંગલની પાટલી અવશ્ય હોય જ છે. મોટાં પૂજનો વખતે પણ પાટલાપૂજનમાં એક પાટલા પર અષ્ટમંગલની આઠ આકૃતિઓ ચાંદીના પતરામાં દોરેલી હોય છે અને એનું પૂજન કરવામાં આવે છે.

બ્રાહ્મણ પરંપરા કરતાં જૈન અને બૌદ્ધ પરંપરામાં મંગલ વસ્તુઓની આઠની સંખ્યા સવિશેષ સ્થિર થયેલી છે. આઠનો સંખ્યાંક એટલો બધો દઢ થઇ ગયો કે ક્યાંક સાત કે નવ કે અગિયાર મંગલ આકૃતિઓ દોરવામાં કે કોતરવામાં આવી હોય તો પણ તે 'અષ્ટમંગલ' તરીકે જ ઓળખાતી રહી. સાંચીના બૌદ્ધ અવશેષોમાંના એક સ્તંભના તોરણો પર પથ્થરમાં કોતરેલી લટકતી માળાઓ જોવા મળે છે. એ માળાઓમાં કોઇકમાં નવ મણકા છે, તો કોઇકમાં અગિયાર કે સાત છે. દરેક મણકા ઉપર એક એક મંગલની આકૃતિ કોતરવામાં આવી છે. ઉ. ત. એક માળામાં ખડ્ગ, પરશુ, શ્રીવત્સ, મત્સ્યયુગલ, કમળ, ભદ્રાસન, અંકુશ, દર્પણ અને વૃક્ષ એમ નવ આકૃતિઓ છે, બીજી એક માળામાં વૃક્ષ, પુષ્પ, માળા, પરશુ, મત્સ્યયુગલ, કમળ, ભદ્રાસન, શ્રીવત્સ, ખડ્ગ, દર્પણ અને અંકુશ એમ અગિયાર આકૃતિઓ છે, તો ત્રીજી એક માળામાં વચલા મોટા મણકામાં કમળના આકારે નંદ્યાવર્ત છે, અને એક બાજુના ત્રણ મણકામાં મત્સ્યયુગલ, અંકુશ તથા ભદ્રાસન છે અને બીજી બાજુના ત્રણ મણકામાં ખડ્ગ, દર્પણ અને ભદ્રાસન છે. આમ સાત મણકાની આ માળા 'અષ્ટમંગલ માળા' તરીકે ઓળખાય છે. વળી એમાં ભદ્રાસન બંને બાજુ છે.

સારનાથ અને મથુરામાંથી કુશાનયુગના મળેલા અવશેષોમાં ભગવાન બુદ્ધની પ્રતિમાની ઉપર રાખવામાં આવતા ચોરસ અથવા વર્તુળાકાર છત્રમાં માંગલિક ચિહ્નો કોતરવામાં આવેલા જોઇ શકાય છે. આમાંના વર્તુળાકાર છત્રમાં ઘડિયાળના આંકડાની જેમ બાર આકૃતિઓ વર્તુળાકારે કોતરવામાં આવી છે. એમાં સ્વસ્તિક, શંખ, કળશ, શ્રીવત્સ, મત્સ્યયુગલ, નંદ્યાવર્ત, અક્ષતપાત્ર, વર્ધમાન એ આઠ ઉપરાંત ચાર ફૂલપાંદડી છે. મથુરાના ચોરસ છત્રમાં શંખ, વર્ધમાનક, કળશ, શ્રીવત્સ, અક્ષતપાત્ર, સ્વસ્તિક, મત્સ્યયુગલ અને નંદ્યાવર્ત એમ આઠ આકૃતિઓ છે.

જેમણે પોતાના સિક્કાઓ પર અષ્ટમંગલ કોતરાવ્યાં હોય એવા રાજાઓમાં દક્ષિણના જૈનધર્મી પાંડ્ય રાજાઓ છે. આશ્ચર્યની વાત તો એ છે કે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પાસે આવેલી બાબા પ્યારાની ગુફામાં જે ક્રમમાં અષ્ટમંગલ જોવા મળે છે એ જ ક્રમમાં દક્ષિણ ભારતના આ સિક્કાઓ ઉપર અષ્ટમંગલ જોવા મળે છે . એ સમયે રૂઢ થયેલા ક્રમ અનુસાર સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, દર્પણ અને મત્સ્યયુગલ એ પ્રમાણે અષ્ટમંગલ છે.

પ્રાચીન સમયમાં માત્ર ધર્મસ્થાનકોમાં અષ્ટમંગલ કોતરવાનો રિવાજ અનુક્રમે ઘરોમાં પણ પ્રવેશ્યો હતો. ઘરના પ્રવેશદ્વાર પર અષ્ટમંગલ કોતરાતાં કે ચીતરાતાં હતાં. માણસો પોતાની પ્રિય કિંમતી વસ્તુ પર અષ્ટમંગલ કોતરાવતા. બે હજાર વર્ષથી વધુ પ્રાચીન એવી એક તલવાર મળી છે કે જેની મૂઠ પર અષ્ટમંગલની આઠ આકૃતિઓ દોરવામાં આવી છે. (અલાહાબાદના સંગ્રહસ્થાનમાં આ તલવાર છે.) તક્ષશીલામાંથી મળેલી સોનાની એક પ્રાચીન વીંટી ઉપર પણ નવ મંગલ કોતરવામાં આવ્યાં છે, જેમાં નંદ્યાવર્ત બે વાર છે.

બૌદ્ધ ધર્મ જ્યાં ફેલાયો એવા દેશોમાં પણ અષ્ટમંગલનો પ્રચાર થયો છે. અષ્ટમંગલની તાંત્રિક ઉપાસના તિબેટમાં હજુ સુધી પ્રચલિત છે. ભૂટાનના રાજાએ પોતાના સિક્કા પર અષ્ટમંગલમાંથી કેટલીક આકૃતિઓ કોતરાવી હતી.

અષ્ટમંગલની આઠ આકૃતિઓ પ્રતીકરૂપ છે. પ્રતીક તરીકે જેની ગણના થાય તેનું અર્થઘટન જુદા જુદા દૃષ્ટિકોણથી જુદી જુદી રીતે

થઇ શકે. આથી જૈન, બૌદ્ધ અને હિંદુ ધર્મમાં આ પ્રતીકોનાં અર્થઘટન જુદી જુદી રીતે થાય એ સંભવિત છે.

છેલ્લા કેટલાક સમયથી શ્વેતામ્બર જૈન પરંપરામાં અષ્ટમંગલનો ક્રમ આ પ્રમાણે રૂઢ થયો છે. (૧) સ્વસ્તિક, (૨) શ્રીવત્સ, (૩) નંદ્યાવર્ત, (૪) વર્ધમાનક, (૫) કળશ, (૬) સિંહાસન, (૭) મીનયુગ્મ અને (૮) દર્પણ. આ આઠ આકૃતિઓને કલાકારો વિવિધ કલાત્મક રીતે રચતા હોય છે.

જૈન દિગંબર પરંપરામાં પ્રાચીન સમયમાં બે જુદા જુદા પ્રવાહો જોવા મળે છે. એક પ્રમાણે અષ્ટમંગલ છે : છત્ર, ચામર, ધ્વજ, સ્વસ્તિક, દર્પણ, કળશ, વર્ધમાનક અને સિંહાસન. બીજા પ્રમાણે અષ્ટમંગલ છે : સુવર્ણકળશ, વર્ધમાનક, દર્પણ, વીંઝણો (પંખો), ધ્વજ, છત્ર, ચામર, સ્વસ્તિક.

વર્તમાન સમયમાં શ્વેતામ્બર પરંપરામાં ચાર ચારની જોડીમાં ઉપર નીચે એમ આઠ મંગલ આલેખવામાં આવ્યાં હોય છે. એવી અષ્ટમંગલની પાટલીમાં ઉપરની હારમાં સ્વસ્તિક, શ્રીવત્સ, કળશ અને ભદ્રાસન અને નીચેની હારમાં નંદ્યાવર્ત, વર્ધમાન, મીનયુગલ અને દર્પણ જોવા મળે છે.

વડોદરાના એક શ્વેતામ્બર જૈન મંદિરની જૂના વખતની અષ્ટમંગલની પાટલીમાં આ ક્રમ જુદો છે. એમાં ઉપરની હારમાં દર્પણ, ભદ્રાસન, કળશ અને વર્ધમાનક છે અને નીચેની હારમાં મીનયુગલ, શ્રીવત્સ, સ્વસ્તિક અને નંદ્યાવર્ત છે. (આનો ફોટો 'જૈન આર્ટ એન્ડ આર્કિટેક્ચર ખંડ- ૩માં છપાયો છે.)

જૈન શ્વેતાંબર પરંપરામાં અષ્ટમંગલના ક્રમમાં ક્યારેક ફેરફાર અજાણતાં થતો રહ્યો છે, પરંતુ આઠ મંગલ આકૃતિઓ બે-અઢી હજાર વર્ષથી એટલે કે ભગવાન મહાવીર સ્વામીના સમયથી એની એ જ રહી છે. આ આઠ મંગલના વિશેષાર્થ વિશે આપણે જોઇએઃ

**સ્વસ્તિક :**

અષ્ટમંગલમાં સૌ પ્રથમ સ્વસ્તિક હોય છે. સ્વસ્તિક (એના ઉપરથી શબ્દ આવ્યો છે સાથિયો) એક ઉત્તમ મંગલ તરીકે હજારો વર્ષથી મનાય છે. જૈન, બૌદ્ધ અને વૈદિક એ ત્રણે પરંપરામાં અર્થાત્ સમગ્ર ભારતીય સંસ્કૃતિમાં સ્વસ્તિકનું સ્થાન ગૌરવવંતુ રહ્યું છે. સ્વસ્તિક એટલે શુભ, મંગલ અને કલ્યાણકારી. જે સ્વસ્તિ અર્થાત્ ભલું, આશીર્વાદરૂપ કરે તે સ્વસ્તિક. સ્વસ્તિકની આકૃતિ સરલ, રમણીય અને આહ્લાદક છે. સાથિયો કરવાનું નાના બાળકને પણ આવડે એવું છે. સ્વસ્તિક શુભેચ્છાનું, સ્વાગતનું પ્રતીક છે. સ્વસ્તિક સુપાર્શ્વનાથનું લાંછન છે.

સ્વસ્તિકમાં પ્રથમ સીધી ઊભી લીટી અને પછી અધવચ્ચેથી સીધી આડી લીટી હોય છે. એ વત્તાની એટલે કે વૃદ્ધિની નિશાની છે. આ ઊભી-આડી-મળીને ચાર થયેલી લીટીને છેડે ચાર પાંખિયાં દોરવામાં આવે છે. એટલે કોઇપણ ચાર વસ્તુના પ્રતિનિધિ તરીકે એને ઘટાવી શકાય. વૈદિક પરંપરામાં સ્વસ્તિક ચાર પુરુષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પ્રતીક તરીકે અથવા ચાર યુગ-સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિના પ્રતીક તરીકે ગણવામાં આવે છે. સ્વસ્તિક શાંતિ અને સુખનું પ્રતીક છે.

જૈન પરંપરામાં સ્વસ્તિકને દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ગતિના પ્રતીકરૂપે પણ માનવામાં આવે છે. જિન મંદિરોમાં તીર્થંકર ભગવાનની દ્રવ્યપૂજામાં ચોખાનો સાથિયો કરવામાં આવે છે. સાથિયા ઉપર ત્રણ ઢગલી કરવામાં આવે છે. ત્રણ ઢગલી તે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી ત્રણ રત્નો છે. એની ઉપર અર્ધચંદ્રાકાર આકૃતિ કરાય છે તે સિદ્ધશિલા છે અને તેની ઉપર નાની ઢગલી તે સિદ્ધ ભગવંતો છે. જીવે એ ચારગતિમાંથી ત્રણ રત્નો વડે નીકળી મોક્ષગતિ પ્રાપ્ત કરી સિદ્ધશિલા પર પહોંચી ત્યાં અનંત કાળ માટે વિશુદ્ધ આત્મસ્વરૂપે સ્થિર થવાનું છે.

સ્વસ્તિકમાં પ્રત્યેક લીટીનું પાંખિયું જમણી બાજુ વળે એ સીધો સ્વસ્તિક છે અને તે મંગળરૂપ છે. પાંખિયાં ડાબી બાજુ વળે તો એ ઊંધો સ્વસ્તિક બને છે અને તે અમંગળરૂપ ગણાય છે. (હિટલરે આ ઊંધો સ્વસ્તિક પોતાના ચિહ્ન તરીકે સ્વીકાર્યો હતો.)

**શ્રીવત્સ :**

સંસ્કૃત શબ્દ 'શ્રીવત્સ' એટલે પુરુષની છાતીનો મધ્યભાગ. પુરુષને છાતીના મધ્યભાગમાં, નાના ખાડા જેવા ભાગમાં જ્યાં થોડા વાંકડિયા વાળ ઊગે છે એ અંગને 'શ્રીવત્સ' કહેવામાં આવે છે. સામાન્ય માણસો કરતાં મહાપુરુષોનું શ્રીવત્સ શોભાયમાન અને પૌરુષ તથા પુરુષાર્થનું પ્રતીક મનાય છે. તીર્થંકરોની પ્રતિમામાં આ શ્રીવત્સ ચોકટ આકારે કલાત્મક રીતે ઉપસાવવામાં આવ્યું હોય છે. હિંદુ પરંપરામાં ભગવાન શ્રી વિષ્ણુના છાતીના એ મધ્ય ભાગને શ્રીવત્સ કહેવામાં આવે છે એટલું જ નહિ, શ્રીવત્સ વિષ્ણુના 'લક્ષણ' તરીકે પણ ઓળખાય છે. શ્રીવત્સ શીતલનાથનું લાંછન છે.

છાતીમાં હૃદય રહેલું છે. તીર્થંકર ભગવાનની દેશના એમના હૃદયમાંથી સ્ફુરે છે. એટલે હૃદય અથવા એના પ્રતીક તરીકે શ્રીવત્સ દેશનાનું ઉદ્‌ગમસ્થાન છે. આથી આ પવિત્ર અંગને મંગળમય માનવામાં આવે છે.

ચોકટ કે હીરા જેવી આકૃતિને કલાત્મક રીતે શિલ્પીઓ અને ચિત્રકારો વિકસાવતા ગયા અને સમય જતાં એને કમળ કે અન્ય ફૂલ કે પાંદડીના જેવી આકૃતિ અપાઇ. એક નાની અને એક મોટી લાંબી પાંદડી જેવી આકૃતિ પણ બનાવાઇ છે અને પરાગયુક્ત પુષ્પ જેવી આકૃતિ પણ થઇ છે. લાંબા, ટૂંકા કિરણો સહિત સૂર્ય જેવી આકૃતિ પણ દોરાઇ છે. વસ્તુતઃ કલાકારોએ એને જુદી જુદી રીતે વિકસાવી અને પછી એની પરંપરા ચાલી. ક્યારેક તો આ શ્રીવત્સ છે એમ ઓળખી પણ ન શકાય એવી અટપટી આકૃતિઓ દોરાઇ છે. 'શ્રીવત્સ' એ મનુષ્યના એક શુભ અંગલક્ષણ તરીકે મનાય છે. એટલે મંગલ વસ્તુઓમાં એની ગણના થવા લાગી, એટલું જ નહિ, વખત જતાં અષ્ટમંગલમાં પણ એને સ્થાન મળ્યું છે.

**નંદ્યાવર્ત :**

નંદ્યાવર્ત એ સ્વસ્તિકનું જ વધુ વિકસિત અને કલાત્મક સ્વરૂપ છે. નંદ્યાવર્તની આકૃતિ બૌદ્ધ અને જૈન પરંપરામાં જેટલી જોવા મળે છે એટલી બ્રાહ્મણ (હિંદુ) પરંપરામાં જોવા મળતી નથી. બૌદ્ધ પરંપરા કરતાં જૈન પરંપરામાં તે વિશેષ જોવા મળે છે. જૈન પરંપરામાં તે સુનિશ્ચિતપણે, અનિવાર્યરૂપે અદ્યાપિ પર્યંત સતત જોવા મળે છે. અરનાથ ભગવાનનું એ લાંછન છે.

નંદ અથવા નંદિ સાથે આવર્ત શબ્દ જોડાતાં નંદાવર્ત અથવા નંદ્યાવર્ત શબ્દ થાય છે. નંદ અથવા નંદિ શબ્દ આનંદના અર્થમાં છે. આવર્ત શબ્દના વળાંક, વર્તુળ, વમળ, ફરીથી આવવું ઇત્યાદિ અર્થો થાય છે. નંદ્યાવર્ત સુખના આવર્તનરૂપે છે.

સાથિયો ચાર ગતિનો સૂચક છે તેમ નંદ્યાવર્ત પણ ચાર ગતિનો સૂચક છે. નંદ્યાવર્તમાં પ્રત્યેક ગતિનું પાંખિયું અંદર વળાંક લઇ પછી બહાર નીકળે છે. ચાર ગતિરૂપ સંસાર આવર્ત એટલે કે વમળોથી ભરેલો છે. એમાંથી નીકળવું દુષ્કર છે. નદી કે સમુદ્રના પાણીમાં વમળમાં ફસાયેલો માણસ ડૂબી જાય છે. કોઇક જ ભારે બળ વાપરી એમાંથી બહાર નીકળી શકે છે. તેવી રીતે સંસારના આ વમળોમાં ન ફસાતાં સાવધાન બની બહાર રહેવું જોઇએ અને જો ફસાયા તો જબરો પુરુષાર્થ અને પરાક્રમ કરી એમાંથી બહાર નીકળવું જોઇએ.

નંદ્યાવર્તનો અર્થ બીજી રીતે પણ ઘટાવાય છે. નંદ્યાવર્તમાં પ્રત્યેક લીટી કેન્દ્રથી બહાર નીકળે ત્યાં સુધીમાં એમાં નવ ખૂણા આવે છે. નવનો આંક નવ નિધિનો સૂચક છે. નવનો આંક અક્ષય મનાય છે કારણ કે એને ગમે તેટલાથી ગુણવામાં આવે તો આવેલા જવાબનો સરવાળો ફરી

નવ થઇ જાય છે. આથી નંદ્યાવર્તને અક્ષય નિધિના પ્રતીક તરીકે પણ માનવામાં આવે છે. નંદ્યાવર્ત સુખસમૃદ્ધિના આવાસ તરીકે પણ ઓળખાય છે. નંદ્યાવર્તની આકૃતિને 'સર્વતોભદ્ર' પણ કહેવામાં આવે છે. ચારે બાજુથી એક સરખી સુંદર કલાત્મક આ મંગલ આકૃતિ ગમી જાય છે.

**વર્ધમાનક-શરાવસંપુટ :**

'અષ્ટમંગલ'માં એક મંગલ તે વર્ધમાન અથવા વર્ધમાનક છે. એનો અર્થ થાય છે કે જે વૃદ્ધિ પામે છે અથવા જે વૃદ્ધિ કરે છે તે. વર્ધમાનક એટલે નાના કે મોટા કોડિયા જેવું માટીનું વાસણ (પછીથી એ ધાતુનું પણ થયું). એને માટે બીજો સંસ્કૃત શબ્દ છે 'શરાવ'. આ શરાવના ખાડામાં ચીજવસ્તુઓ, ખાદ્યપદાર્થો મૂકી શકાય. જો ખાનારને મોડું થાય તો શરાવ પર બીજું શરાવ ઢાંકવા માટે વપરાય છે. આમ, એક શરાવ ઉપર બીજું શરાવ ગોઠવવામાં આવે છે ત્યારે તે શરાવસંપુટ બને છે. ક્યારેક 'શરાવ સંપુટ'ને બદલે ફક્ત 'સંપુટ' શબ્દ વપરાય છે. સંપુટ થવાથી વસ્તુ સુરક્ષિત બને છે. ઉપર નીચે એમ બંને બાજુથી એને રક્ષણ મળે છે.

ઉપર નીચેના શરાવ ખસી ન જાય એટલા માટે એને નાડાછડીથી બાંધવામાં આવે છે. (શરાવ પરથી 'સાવલાં' શબ્દ આવેલા છે.) લગ્નવિધિમાં શરાવ સંપુટનો ઉપયોગ મંગલક્રિયા તરીકે થાય છે.

વર્ધમાનકની યંત્રમાં દોરેલી આકૃતિ તંત્રવિદ્યાની સાધનામાં પણ ઉપયોગી મનાય છે.

**કળશ :**

ભારતીય સંસ્કૃતિમાં કળશનું મહત્ત્વ ઠેઠ પ્રાચીન કાળથી જોવા મળે છે. કુંભ મલ્લિનાથ ભગવાનનું લાંછન છે. જળથી ભરેલો કુંભ એ જીવનની પૂર્ણતાનું પ્રતીક છે. જળ જીવનનિર્વાહનું મહત્ત્વનું સાધન છે. ઘરે ઘરે કુંભ હોય છે. જળને જીવન તરીકે ઓળખાવવામાં આવે છે. જળ શુદ્ધિનું પણ પ્રતીક છે. જળસ્નાનથી માણસ વિશુદ્ધ બને છે. બેડું ભરીને સામેથી આવતી પનિહારી શુકનવંતી મનાય છે. તીર્થંકર ભગવાનના જન્મ સમયે સ્નાત્રમહોત્સવ દેવો કરે છે, ત્યારે તેઓ વિવિધ જાતિના કળશ ભરીને ભગવાનને મેરુ શિખર પર સ્નાન કરાવે છે. આમ કળશ એ પરિપૂર્ણતાનું પ્રતીક છે. કોઇપણ કાર્ય પૂર્ણ થાય એટલે કળશની સ્થાપના કરવામાં આવે છે. મંદિરનું શિખર બંધાઇ રહે ત્યારે એના પર કળશ ચડાવવામાં આવે છે. જૂના વખતમાં લહિયાઓ પોથી (હસ્તપ્રત) પૂરી લખાઇ જાય ત્યારે છેલ્લે કળશની આકૃતિ દોરતા. કળશ એ પૂર્ણાહુતિનું પણ પ્રતીક છે. આથી કળશને અષ્ટમંગલમાં સ્થાન અવશ્ય મળે જ એ સ્વાભાવિક છે. એમાં કળશની આકૃતિ જુદી જુદી રીતે, ક્યારેક આંખો સાથે, જાણે મનુષ્યની મુખાકૃતિ હોય એવી રીતે દોરવામાં આવે છે.

શુભ પ્રસંગે સાચા કળશની સ્થાપના થાય છે. એવા કળશ ઉપર નકશીકામ થાય છે. ચાંદીના કે સોનાના કળશ પણ બનાવવામાં આવે છે. સુવર્ણ કળશ સમૃદ્ધિનું પ્રતીક બની રહે છે.

માનવદેહને ઘટ અથવા કુંભ તરીકે ઓળખાવાય છે. એ આત્મજ્યોતિથી સભર છે. એટલે ઘટઘટમાં અર્થાત્ રગેરગમાં ભગવાનનો વાસ છે એમ કહેવાય છે.

**ભદ્રાસન :**

તીર્થંકર પરમાત્મા સિંહાસન પર બેસી સમવસરણમાં દેશના આપે છે. સભામાં મુખ્ય આસન એ પ્રભુતાનું દ્યોતક છે. વળી આસન એ સ્થિરતાનું પ્રતીક છે. માણસ જ્યાં સુધી આસનબદ્ધ ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક પ્રગતિ સાધી શકતો નથી. આસનની સ્થિરતાથી કાયાની સ્થિરતા પ્રાપ્ત થાય છે અને કાયાની સ્થિરતાથી ધ્યાનની સ્થિરતા વધે છે. ઉચ્ચતમ ધ્યાન વડે એટલે કે શુક્લધ્યાન વડે જ જીવ કેવળજ્ઞાન પામે છે અને મોક્ષગતિ મેળવી શકે છે. આ અર્થમાં આસનનું-ભદ્રાસનનું મહત્ત્વ છે. એટલે એને અષ્ટ- મંગલમાં સ્થાન અપાયું છે. દિગંબર પરંપરા પ્રમાણે તીર્થંકરની માતાને આવતાં સ્વપ્નોમાં એક સ્વપ્ન સિંહાસનનું છે.

**મત્સ્યયુગલ :**

મીન અથવા મત્સ્ય એટલે માછલી. મત્સ્યયુગલ, મીનયુગ્મ, અથવા મીનમૈથુન એટલે બે માછલી. મંગલમાં આ બંને માછલીઓ પરસ્પર સન્મુખ હોય છે. (ક્યારેક બંને માછલી પરસ્પર વિમુખ પણ બતાવાય છે.) આ બંને માછલીઓને નર અને માદાના યુગલ તરીકે ગણવામાં આવે છે. મીનયુગલ સુખનું પ્રતીક છે.

પ્રાગૈતિહાસિક કાળથી જનજીવનમાં માછલીનું મહત્ત્વ સ્વીકારાયેલું છે. જળચરમાં તે અગ્રગણ્ય છે. પાણીમાં તરવાની અને આ કિનારાથી સામા કિનારા સુધી તરી જવાની શક્તિ એનામાં રહેલી છે. માછલીને પાણીમાં તરતી જોવી એ રસનો વિષય બની શકે છે. માછલી બુદ્ધિશાળી પ્રાણી છે. એના ઘણા પ્રયોગો આધુનિક વૈજ્ઞાનિકોએ કરેલા છે. (કોઇક માછલીઘરમાં પ્લાસ્ટિકના મોતી જેટલા નાના દડાથી માછલીઓને રમત રમતી જોઇને આશ્ચર્યમુગ્ધ થઇ જવાય છે.)

આપણી બાર રાશિઓમાં એક રાશિ તે મીન રાશિ છે. ભગવાન વિષ્ણુના અવતારોમાં એક અવતાર તે મત્સ્યાવતાર છે. અઢાર પુરાણોમાં એક પુરાણનું નામ મત્સ્યપુરાણ છે. આમ આપણાં સાંસ્કૃતિક વારસામાં મત્સ્યનું સ્થાન મહત્ત્વનું રહેલું છે. દિગંબર પરંપરા પ્રમાણે તીર્થંકરની માતાને આવતાં સ્વપ્નોમાં એક સ્વપ્ન મીનયુગલનું છે.

કામદેવને સામાન્ય રીતે 'મકરધ્વજ' તરીકે ઓળખાવવામાં આવે છે. મકર એટલે મગર. પણ કેટલીક વાર કામદેવને 'મીન-ધ્વજ' તરીકે પણ ઓળખાવવામાં આવે છે. જોકે એમાં ક્યારેક એક જ મીન (માછલી) હોય છે, તો ક્યારેક મીનયુગલ પણ હોય છે. જિનેશ્વર ભગવંત આગળ કામદેવે પોતાનો ધ્વજ નીચે મૂકી દીધો એવો અર્થ પણ આ મંગલનો ઘટાવવામાં આવે છે.

સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે શરીરના જુદાં જુદાં અંગોમાં રેખાઓની આકૃતિઓનો ભાસ થાય છે. એ રીતે માણસના હાથની છેલ્લી ટચલી આંગળીની નીચે હથેળીની કિનાર પાસે મત્સ્યની આકૃતિ હોય તો તે માણસ અત્યંત શુભ લક્ષણવાળો ભાગ્યશાળી મનાય છે. જેની બંને હથેળીમાં મત્સ્યની આકૃતિ હોય તે વળી મહાભાગ્યશાળી મનાય છે. આવી બંને હથેળી અડોઅડ રાખવામાં આવે તો મત્સ્યયુગલ જોવા મળે. આ યુગલમાં એક નર અને એક માદા જ હોય એવું અનિવાર્ય નથી; પણ યુગલ હોવાથી તેમ માનવાની પરંપરા છે.

એ લક્ષમાં રાખવાનું છે કે પાણીમાં તરતી જીવતી માછલી એ મંગળરૂપ છે. મરેલી માછલી મંગળરૂપ નથી. તે અપશુકન ગણાય છે. એટલે જ માછીમાર કે માછીમારણ રસ્તામાં સામે મળે, માછલાં સાથે કે માછલાં વગર તે અપશુકન ગણાય છે. જો કે હવે આ લોક-માન્યતા પણ ઘસાઇ જવા આવી છે.

**દર્પણ :**

અષ્ટમંગલમાં દર્પણ (અરીસો) એ પણ એક મંગળ વસ્તુ મનાય છે. કુદરતની કેવી કરામત છે કે માણસ આખી દુનિયાના માણસોના ચહેરા જોઇ શકે છે, પણ પોતાનો ચહેરો જોઇ શકતો નથી. જ્યારે કાચ કે દર્પણની શોધ નહોતી થઇ ત્યારે માણસ કૂવા કે તળાવ કે નદી સરોવરના શાંત જળમાં પોતાનું પ્રતિબિંબ જોતો. કાચ અને દર્પણના પ્રતિબિંબે માણસને પોતાની જાતને ઓળખવાનું શીખવ્યું. પોતાના હૃદયરૂપી દર્પણમાં ભગવાનના પ્રતિબિંબને માણસ નિહાળતો થયો. દર્પણમાં ભગવાનનાં દર્શન કરવાની પ્રથા જૈન અને હિંદુ મંદિરોમાં છે. જૈનોમાં દર્પણ-પૂજાનો દૂહો બોલાય છે :

પ્રભુદર્શન કરવા ભણી, દર્પણપૂજા વિશાળ;

આતમદર્પણથી જુએ, દર્શન હોય તત્કાળ.

કેટલાંક મંદિરોમાં રંગમંડપમાં કે તેની બહાર એવી રીતે વિશાળ અરીસો રાખવામાં આવે છે કે ગમે તેટલી ભીડમાં પણ ભગવાનનાં દર્શન થાય અને પાછા ફરી નીકળતી વખતે પણ થાય, દર્પણ આત્મદર્શન માટે છે. આથી દર્પણની એક મંગલમય વસ્તુ તરીકે ગણના થવા લાગી અને અષ્ટમંગલમાં એને સ્થાન મળ્યું.

દેવો જ્યારે તીર્થંકર પરમાત્માના જન્મ સમયે એમને સ્નાત્ર મહોત્સવ માટે લઇ જાય છે ત્યારે તેઓ જેમ ચામર, પંખો વગેરે ધારણ કરે છે, એનો ઉપયોગ કરે છે તેમ દર્પણનો પણ ઉપયોગ કરે છે.

જિન મંદિરોમાં અષ્ટપ્રકારી પૂજાનાં આઠ દ્રવ્યોને પણ અષ્ટમંગલ દ્રવ્ય કહેવામાં આવે છે. જલ, ચંદન, પુષ્પ, ધૂપ, અક્ષત, નૈવેદ્ય અને ફળને શ્વેતાંબર પરંપરામાં મંગલ તરીકે માનવામાં આવે છે. દિગંબર પરંપરામાં જિનમંદિરનાં અષ્ટમંગલ દ્રવ્ય તરીકે ઝારી, કળશ, દર્પણ, ચામર, છત્ર, ધ્વજા, ધૂપ તથા દીપની ગણના થાય છે. (કોઈક શંખ, વીંઝણો વગેરે સહિત એની જુદી રીતે ગણના કરે છે.) વસ્તુતઃ જિનમંદિરનાં ઉપકરણો મંગલરૂપ છે અને તે જિનપ્રતિમાના પરિવારરૂપ મનાય છે.

અષ્ટમંગલની આકૃતિઓની દ્રવ્યથી પૂજા કરવી તે દ્રવ્યપૂજા છે અને એના તાત્પર્યનું ચિંતન કરવું અને તે પ્રમાણે ભાવના ભાવવી તે ભાવપૂજા છે. અષ્ટમંગલની દ્રવ્યપૂજા માણસના વિઘ્નોનો વિનાશ કરે છે અને એને સફળતા કે વિજય અપાવે છે એ એનો વ્યવહારુ અર્થ છે. પરંતુ જરા ઊંડો વિચાર કરીએ તો જણાશે કે મનુષ્યના જીવનમાં જે કંઇ થાય છે તે એનાં શુભાશુભ કર્મોને આધારે થાય છે. અષ્ટમંગલ તો એમાં નિમિત્ત માત્ર છે. ધારો કે પરીક્ષામાં પ્રથમ નંબરે આવવા માટે બે તેજસ્વી વિદ્યાર્થીઓએ અષ્ટમંગલની પૂજા કરી, તો બેમાંથી એક જ વિદ્યાર્થી પ્રથમ નંબરે આવશે, બીજો નહિ. અદાલતમાં કેસ ચાલતો હોય અને વાદી તથા પ્રતિવાદી બંનેએ અષ્ટમંગલનાં દર્શન કર્યાં હોય તો બેમાંથી એક કેસ જીતી જશે, અને બીજો હારી જશે. એનો અર્થ એ કે અષ્ટમંગલથી ઇષ્ટ ફલની પ્રાપ્તિ થશે જ એવું અનિવાર્ય નથી. અલબત્ત, એનો અર્થ એ નથી કે અષ્ટમંગલની પૂજાની આવશ્યકતા નથી અથવા એની અવગણના કરવી, પણ અષ્ટમંગલ સર્વસ્વ છે એમ ન માનતાં એની સાથે શુભાશુભ કર્મ પણ જોડાયેલાં છે એમ સમજવું જોઇએ. છ ખંડના ધણી સુભૂમ ચક્રવર્તીએ સાતમા ખંડ ઉપર જીત મેળવવા માટે અષ્ટમંગલનાં બહુ ભાવથી દર્શન કર્યાં હતાં અને દહીં વગેરે મંગલ શુકનવંતાં દ્રવ્યો આરોગ્યાં હતાં, તેમ છતાં એ સાતમા ખંડને જીતી ન શક્યો અને સમુદ્રમાં ડૂબીને મરી ગયો અને નરકે ગયો.

આ અષ્ટમંગલની પૂજા જીવને ભૌતિક સુખો તરફ ન આકર્ષતાં, મોક્ષમાર્ગ તરફ લઇ જાય તો એની વધુ સાર્થકતા ગણાય. એટલે પ્રસ્થાન કે સફર, નિર્વિઘ્ન પૂર્ણાહુતિના પ્રતીક તરીકે એની પૂજા કરવા સાથે મોક્ષમાર્ગનું એ આલંબન બની રહે, શુદ્ધ આત્મસ્વરૂપની સન્મુખ થવામાં અને એમાં સ્થિરતા મેળવવામાં એ સહાયભૂત બને એ વધુ જરૂરી છે.

**મહામંગલ :**

'અષ્ટમંગલ'માં જે આઠ મંગલાકૃતિઓ છે તે ભૌતિક અને આધ્યાત્મિક ઉભયરૂપે સહાયભૂત છે. પરંતુ આ આઠ મંગલ કરતાં ચડિયાતાં મંગલ—મહામંગલ તે આધ્યાત્મિક મંગલ છે. એટલા માટે આ આધ્યત્મિક મંગલોને જીવનમાં વધુ ચડિયાતું સ્થાન આપવું ઘટે.

નવકારમંત્રમાં પંચ-પરમેષ્ઠિ-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરવામાં આવે છે. આ પાંચ નમસ્કારને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. પંચપરમેષ્ઠિને વંદન-નમસ્કાર એ સર્વોચ્ચ મંગલ છે. એટલે જ નવકારમંત્રનું છેલ્લું પદ છે :

મંગલાણાં ચં સવ્વેસિં પઢમં હવઇ મંગલં.

નવકારમંત્રમાં અરિહંત અને સિદ્ધ તે દેવ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ અને ચૂલિકાનાં ચાર પદ તે ધર્મ—એમ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વ રહેલાં છે. એમાં સાચી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. એ જ સર્વોત્તમ મંગલ.

ધર્મતીર્થ પ્રવર્તાવનાર, સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ, અષ્ટ પ્રાતિહાર્ય અને ચોત્રીસ અતિશયયુક્ત, સમવસરણમાં બિરાજમાન થઇ દેશના આપી અનેક જીવોને ધર્મ પમાડનાર અરિહંત ભગવાન, આઠે કર્મનો ક્ષય કરી આઠ સર્વોચ્ચ ગુણ પ્રગટાવનાર, દેહરહિત, વિશુદ્ધ આત્મસ્વરૂપ, લોકાગ્રે સિદ્ધશિલાની ઉપરના ભાગમાં અનંત કાળ માટે બિરાજમાન, નિરંતર સ્વસ્વરૂપમાં રમણ કરનાર સિદ્ધ ભગવાન, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પંચાચારનું પાલન કરનાર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરનાર, છત્રીસ ગુણોથી શોભતા, ગચ્છના નાયક એવા આચાર્ય ભગવંત, અંગ અને ઉપાંગ પોતે ભણે અને બીજાને ભણાવે તથા કરણસિત્તરી અને ચરણસિત્તરીનું પાલન કરનાર, પચ્ચીસ ગુણોથી યુક્ત એવા ઉપાધ્યાય મહારાજ અને પંચમહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કરનાર, સત્તાવીસ ગુણોથી શોભતા સાધુ મહારાજ—આ પંચપરમેષ્ઠિને હંમેશ નમસ્કાર કરવા એ સર્વોત્કૃષ્ટ ધર્મમંગલ છે. સર્વ પાપનો ક્ષય કરનાર તે મહામંગલ છે, પરમ મંગલ છે.

માણસ જો ભાવપૂર્વક માત્ર નવકારમંત્રનું જ આલંબન કે શરણ લે તો એમાં બધાં મંગલ આવી જાય છે.

નવકાર મંત્રમાં પંચ પરમેષ્ઠિને કરાતા નમસ્કારનું—નવકારમંત્રનું જુદી રીતે વર્ગીકરણ કરીને ચાર મંગલ દર્શાવવામાં આવે છે. એમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણેનો વિશાળ અર્થમાં 'સાધુ'માં સમાવેશ કરવામાં આવે છે, અને નવકારમંત્રની ચૂલિકાની ચાર પંક્તિ 'ધર્મ'ની સૂચક બને છે. આ રીતે નવકારમંત્રને ચાર મંગલમાં પણ દર્શાવી શકાય—અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ. એટલા માટે 'ચત્તારી મંગલ'ની પ્રાર્થના કરાય છે :

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલી પણ્ણતો ધમ્મો મંગલમ્ ।

વર્તમાન અવસર્પિણીને લક્ષમાં રાખી કેટલાક ચાર મંગલ નીચે પ્રમાણે બોલે છે :

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ ।<br>
મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારે મંગલનો વિશાળ અર્થમાં એકમાં જ સમાવેશ કરવો હોય તો તે ધર્મમાં જ કરવો પડશે. એટલા માટે જ કહેવાયું છે :

ધમ્મો મંગલં ઉક્કિટ્ઠો અહિંસા, સંજમો, તવો ।

આમ ઉત્કૃષ્ટ મંગલ, મહામંગલ તે ધર્મ છે. એની આરાધના અહિંસા, સંયમ અને તપ દ્વારા કરવાની છે. જીવને સંસારના પરિભ્રમણમાંથી છોડાવી મોક્ષગતિ માત્ર ધર્મ જ અપાવી શકે. એટલા માટે ધર્મને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ, સર્વોત્કૃષ્ટ મંગલ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. એનું વિસ્મરણ ન થાય એટલા માટે રોજેરોજની પ્રાર્થનામાં, ધર્મક્રિયાઓમાં શુભ અવસરે બોલાય છે :

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં;<br>
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયંતિ શાસનમ્.

□ રમણલાલ ચી. શાહ

# પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

માર્ચ ૧૯૮૩ અને જુલાઇ ૧૯૮૪માં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય જેની આવૃત્તિ થયેલી તે 'પાસપોર્ટની પાંખે'ના પ્રકાશનથી આપણા મૂર્ધન્ય સાક્ષર-વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના સ્વસ્થ-શ્રદ્ધેય અભિપ્રાય પ્રમાણે 'કલાપી , કાકા કાલેલકર, શ્રી ચંદ્રવદન ચી. મહેતા, શ્રી ઉમાશંકર જોષી, શ્રી કિશનસિંહ ચાવડા, સ્વામી આનંદ વગેરેની સાથે ભાઇ રમણલાલ હવે બેસે છે. આ ગ્રંથમાં એમનું વૈશિષ્ટ્ય એમના જીવન-અભિગમ, રુચિવિષયોમાં તથા લખાણની રીતિ-શૈલીમાં વરતાય છે.'

'પાસપોર્ટની પાંખે'માં આલેખાયેલા પંચાવન વિશિષ્ટ અને વિલક્ષણ પ્રસંગોમાં ક્યાંક ક્યાંક આપણા દિવંગત વાર્તા- નવલકથાકાર શ્રી રમણલાલ વ. દેસાઇની રહસ્ય-ગોપન-સ્ફોટ-શૈલીનું અને ગુજરાતી પ્રવાસ-સાહિત્ય-સમ્રાટ શ્રી કાકાસાહેબ કાલેલકરની શિક્ષણ-સંસ્કાર-સંસ્કૃતિ-મંડિત ભાષાભંગિનું નૈસર્ગિક આકર્ષણ અનુભવાયું છે.

'પાસપોર્ટની પાંખે'ના વધુ લખેલા પ્રસંગો છેલ્લાં ત્રણેક વર્ષથી 'નવનીત'માં પ્રગટ થતા હતા તે હવે ગ્રંથરૂપે-'પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન'ના નામથી પ્રગટ થાય છે. આ બંને ગ્રંથોના વાંચન ટાણે મને કવિવર રવીન્દ્રનાથ ટાગોરના 'વૃન્દવાદન' કાવ્યનું સ્મરણ થાય છે. કાવ્યમાં તેઓ કહે છે : 'આ વિપુલ પૃથ્વીનું હું કેટલું ઓછું જાણું છું. દેશદેશમાં કેટલાંય નગરો, રાજધાની-માણસની કેટલી કિર્તી, કેટકેટલાં નદી, ગિરિ, સિંધુ, મરુભૂમિ, કેટકેટલા અજાણ્યા જીવ, કેટકેટલાં અજાણ્યાં તરુ, અગોચર રહી ગયાં છે. એ દુઃખથી જેમાં પ્રવાસવર્ણન હોય એવા ગ્રંથો અક્ષય ઉત્સાહથી વાંચું છું.

ટાગોરનું આ કાવ્ય તો ઠીક લાંબું છે પણ ડૉ. શાહનાં આ બંને પુસ્તક વાંચતાં, મારા મનની સ્થિતિએ, કવિવર ટાગોરના મનોભાવનો જ પડઘો પાડ્યો. આપણી આપણા વિશ્વની જાણકારી કેટલી બધી મર્યાદિત છે !

ડૉ. શાહના આ ગ્રંથમાં માનવસ્વભાવનું વૈવિધ્ય અને વૈચિત્ર્ય ઠેર ઠેર જોવા મળે છે. એમાં ક્યાંક કારુણ્ય છે, તો ક્યાંક રમૂજ; ક્યાંક સ્વભાવની સંકુલતા છે, તો ક્યાંક નરી સરલતા ને સ્વાભાવિકતા. એમના વૈવિધ્ય-સભર આલેખનમાં એકંદર સંસ્પર્શ માનવકરુણાનો છે; અને એવું એક પણ પ્રકરણ નથી જેમાં પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપોનું રુદ્ર-રમ્ય-ભવ્ય આલેખન, અલંકારમંડિત રસળતી શૈલીમાં ન થયું હોય. ઘણા પ્રસંગોના આલેખનમાં એમની ભૌગોલિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, ધાર્મિક-આધ્યાત્મિક, નૃવંશશાસ્ત્રીય, રાજકીય, ભૂસ્તરવિષયક, ભાષાકીય, ખગોળશાસ્ત્રીય કે પુરાતત્ત્વ-વિષયક અભિજ્ઞાનો સુપેરે પરિચય થાય છે. એમની ઐતિહાસિક અને તુલનાત્મક અધ્યાપકીય દૃષ્ટિને કારણે મોટા ભાગનાં આલેખન તાદશ, રોચક, પ્રભાવક અને હૃદયસ્પર્શી બન્યાં છે. એમની નિર્ઝરિણીસમી ભાષામાં ક્યાંય કશે કઠે કે કષ્ટ આપે તેવી કઠોરતા કે ક્લિષ્ટતા નથી, બલ્કે પ્રમોદ પમાડે તેવી પ્રવાહિતા ને પ્રાસાદિકતા છે.

હવે ૧૯૯૯માં ડૉ. રમણલાલ શાહ લિખિત 'પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન' પ્રગટ થયું એમાં વર્ણવાયેલા વિદેશ પ્રવાસના અનુભવના વિષયોનું સંક્ષેપમાં વિહંગાવલોકન અહીં કરીશું.

'મેવાસિંગનો બેટો' એ અત્યંત વફાદાર શ્વાન રામુ અને એના વત્સલ માલિક મેવાસિંગના ઉભયપદી વિરલસ્નેહની કોઇ દિલચસ્પ નવલિકાના સાહિત્યિક-સંસ્પર્શવાળી કરુણ-રોચક કથા છે. મેવાસિંગના બેટા જેવા શ્વાન રામુ માટે લેખક કહે છે : 'અમે જોયું કે કૂતરાની આંખો કંઇક જુદી જ હતી. એમાં માણસ જેવી જ નિર્દોષતા, સરળતા, ભાવુકતા, વિનય, પ્રેમ, વફાદારી વગરે વંચાતાં...મેવાસિંગના કરતાં પણ રામુની આંખમાં અમને વિશેષ ભાવ જણાયો.'

રેક્યાવિક એ આઇસલેન્ડનું પાટનગર છે. ભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ કરેલ આઇસલેન્ડના પ્રવાસનું અત્યંત મહત્ત્વ છે, પણ 'રેક્યાવિક પહોંચતા'માં લેખકે કરમુક્ત (Duty Free) વ્હીસ્કીનો ધંધો કરનાર રીઢા સ્મગ્લરનું જે સંકેતાત્મક કરુણાન્ત નાટક આલેખ્યું છે તે સ્વાર્થની પૂર્તિ-અપૂર્તિના પ્રતિભાવો આલેખતું અવિસ્મરણીય છે.

સોવિયેટ યુનિયનનું જૂનામાં જૂનું શહેર કિએવ દ્વિતીય વિશ્વયુદ્ધ વખતે 'બહાદુર નગરી'નું બિરુદ પામેલ જેની વીસ લાખની વસતિમાં એકસો તો ઉદ્યાનો છે. એટલે 'ઉદ્યાનનગરી' તરીકે જાણીતી...એ કિએવનો હસમુખો સંસ્કારી ગાઇડ વિક્ટર, મોસ્કો યુનિવર્સિટીનો અનુસ્નાતક-રાજશાસનની અતિ સખ્તાઇને કારણે વાણી-સ્વાતંત્ર્ય ઝંખતો અને ડૉ. શાહને 'હું બહુ દુઃખી છું' એટલું જ કહેવા માટે પણ બે દિવસથી હિંમત એકઠી કરતો-એનું આબેહૂબ રેખાચિત્ર 'કિએવનો ગાઇડ વિક્ટર'માં આલેખાયું છે.

'જૈન ધર્મ અને શાકાહાર' એ વિષય ઉપર કેનેડાના મોટામાં મોટા શહેર ટોરેન્ટોમાં, 'વેજિટેરિયન એસોસિએશન' તરફથી 'વિશ્વ શાકાહાર પરિષદ' ભરાઇ તેમાં ભાષણ આપવા લેખક ગયા ત્યારે એમના મિત્ર પિટર દ્વારા સ્કેચ પેનનું ઢાંકણું બંધ કરવાનું રહી જતાં બનિયન અને શર્ટ કાળી શાહીથી ખરડાયાં-એ પરિસ્થિતિમાં ચિત્તની સ્વસ્થતા સાચવી કેવો તોડ કાઢ્યો તેનું રસિક વિગતપ્રચૂર વર્ણન 'ટોરેન્ટોમાં શાકાહાર પરિષદ' એ લેખમાં વાંચવા મળે છે.

'સહસ્ર દ્વીપના પ્રદેશ'માં અબ્રાહમ લિંકનના ખૂનનું કાવતરું કરનાર જ્હોન પાઇનની કથા, કેનેડાને બ્રિટીશ હકુમતમાંથી મુક્ત કરાવવા મથનાર બે કેનેડિયન દેશભક્તોની કથા અને બે કોટ્યાધિપતિઓએ પત્નીપ્રેમને કારણે કરોડો ડોલર ખર્ચીને બંધાવેલા રાજમહેલ જેવા પ્રાસાદો, એકની પત્ની ગુજરી જતાં ને બીજાની પત્નીને મહેલ 'રજવાડી જેલ' જેવો લાગતાં વપરાયા વિના ઉજ્જડ બની ગયા-એવી કુદરતની અકળ લીલાનું તેમજ પ્રકૃતિની રમણીયતાનું તથા ભૂતકાળના કરુણ-રોમાંચક ઇતિહાસનું રસિક આલેખન છે.

જાપાનની પ્રજા અહં-કેન્દ્રી હોવા છતાં માયાળુ, શાંતિપ્રિય, વિનયી, પ્રામાણિક અને સહકાર આપવાવાળી છે; છતાંયે ભાષાની અગવડ અને એક જ શહેરમાં નામ સામ્યને કારણે ગણતર કલાકોમાં જ લેખકને 'કુમામોટો કેસલ' અને 'બસ સેન્ટ્રલ'નો જે ગોટાળો થયો તેની હળવા હૈયાની દાસ્તાન, 'કુમામોટો' પ્રસંગમાં વાંચવા મળે છે.

ઇજિપ્તની લગભગ ૯૫% જમીન રણ છે. એમાંથી આશરે ચારથી પાંચ ટકા જેટલા પ્રદેશમાં લોકોનો વસવાટ છે. આશરે ૭૫ લાખ કિલોમિટર જેટલા વિસ્તારમાં સહરાનું રણ પથરાયેલું છે. કવિ સુંદરમ્એ સહરાના રણને પ્રણયઝંખનાના પ્રતીક તરીકે એક સુંદર મુક્તકમાં નિરૂપ્યું છે. 'સહરાના રણમાં' નામના પ્રવાસ લેખમાં અંતે લેખકે આગાહી કરી છે કે એકવીસમી સદીના અંતમાં દુનિયાની વસતિ લગભગ દશ બાર અબજની થઇ જશે, પણ જો વૈજ્ઞાનિક સંશોધનો, આર્થિક સહકાર અને રાજદ્વારી દૂરંદેશી વાપરી દુનિયાના રણપ્રદેશોને વસવાલાયક બનાવી શકાય તો અતિવસતિનો પ્રશ્ન સહજે ઉકલી જાય.

'જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું તેહને તે સમે તે જ પહોંચે' એ નરસિંહના ગાવા પ્રમાણે ખરું, પણ એક સમે લશ્કરી દૃષ્ટિએ મહત્ત્વના 'માઉન્ટ આબુન' પર જવાનું ગાઇડ લિયોનાએ જાહેર કર્યું ને પછી ત્યાંની બસ બંધ છે કહી રદ કર્યું...પણ મોંઘીદાટ ટેક્સી દ્વારા ડૉ. શાહ

સવાર-સાંજ એમ બે વાર ત્યાં જઇ આવ્યા અને ત્યાં વિશ્વશાંતિ માટે પ્રાર્થના, નવકારમંત્ર, લઘુશાંતિ, મોટી શાંતિ, ભક્તામર સ્તોત્ર અને આત્મસિદ્ધિ, ભણી આવ્યા તેનું ભાવસભર વર્ણન 'માઉન્ટ આબુન'માં માણવા મળે છે.

'ઉલૂલૂ'માં પરવાળાં (પ્રવાલ) દર્શન માટે ગયેલા લેખકને કંપનીના તાલીમબદ્ધ કર્મચારીઓનો જે અનુભવ થયો તેને માટે તેઓ લખે છે. 'આરંભમાં પ્રચારક અને ટિકીટ આપનાર તરીકે, પછી ગાઇડ તરીકે, પછી ગીત-નૃત્યકાર તરીકે, પછી બટલર તરીકે, પછી સ્ટીમર તરીકે, પછી ડ્રાઇવર તરીકે, પાછા ગાયક તરીકે અને છેલ્લે હેલ્પર તરીકે એનાં એ જ ચાર યુવક-યુવતીઓએ કામ કર્યું.' ફિજી દેશનું અર્થતંત્ર સદ્ધર નહીં હોવાથી કરકસર રૂપે આમ કરવું અનિવાર્ય હોય છે. અંતે નિજી પ્રતિભાવ દર્શાવતાં લેખક કહે છે : 'દરેક દેશ કે પ્રજાને સમયે સમયે પોતાની આગવી સમસ્યાઓ રહે છે અને તે માટે પોતાના આગવા ઉપાયો શોધતા રહેવું પડે છે. તે વિના અસ્તિત્વ ટકી જ ન શકે.'

અમેરિકાના એક આલિશાન એપાર્ટમેન્ટમાં, ૩૬ કુટુંબોની વચ્ચે માંડ વીસેક દિવસોમાં જ, જીવન-મૃત્યુ જેવા બે મંગલ-કરુણ પ્રસંગો બની ગયા છતાં ભૌતિકતાની અંધ ભીંતોએ સામુદાયિક જીવન ઉપર કશી જ અસર પડવા દીધી નહીં એવી સંવેદનશૂન્ય સ્થિતિસ્થાપકતાનું વિરોધાભાસીચિત્ર-નિરૂપણ 'નિસ્બત'માં જોવા મળે છે.

રૂબલને બદલે ડોલરમાં જ ભોજનબિલ ચૂકવવાના હોટેલ-મેનેજરના દુરાગ્રહ અને અવિનયને કારણે ભારતીય પ્રવાસીઓએ શીખંડ-પૂરી ગુલાબ-જાંબુ, બરફી, નાન, પરોઠાં, તાંદુરી રોટી, મટરપનીર, મલાઇ કોફતા, સમોસા જેવી મોઢામાં પાણી લાવી દે તેવી વાનગીઓ વિરોધરૂપે સ્વેચ્છાપૂર્વક-સ્વમાનપૂર્વક જતી કરી ઊણોદરી વ્રતની જેમ ચા-નાસ્તાથી ચલાવ્યું તેનું વિગતપ્રચૂર વર્ણન 'મોસ્કોમાં ભારતીય જમણ'માં વાંચવા મળે છે.

લગભગ સાડા સાત હજાર માઇલના વિસ્તારમાં પથરાયેલ અમેરિકાના મોટામાં મોટા રાજ્ય અલાસ્કામાં આવેલ, વાડ કે દિવાલ વિનાનો 'દેનાલી નેશનલ પાર્ક' વિવિધ પ્રાણીઓ અને પર્યાવરણની જાળવણીને કારણે વિશ્વવિખ્યાત છે. આ પ્રકરણમાં આવતું મૂઝ પ્રાણીનું વર્ણન આબેહૂબ છે, જેને જોવા બે પ્રૌઢ મહિલાઓ ત્રણ ત્રણ વાર આવેલી. ત્રીજી વાર 'મૂઝદર્શન' થતાં લેખક અંતમાં કહે છે : 'અમને અને સવિશેષ તો પેલી પ્રૌઢ મહિલાઓને આનંદ એ વાતનો હતો કે અભદ્ર દેખાતાં મૂઝનાં ભદ્ર દર્શને છેવટે અમારા પાર્ક-પ્રવાસને સુભદ્ર બનાવી દીધો હતો.'

ગુજરાતીઓના મથક જેવા લેસ્ટરમાં લેખકે છ અઠવાડિયા વિતાવ્યાં તેમાં એક વયોવૃદ્ધ મિજાજી, અસહિષ્ણુ, કચકચિયા, જબરા, ચીકણા, એકલતાવાદી, નિવૃત્ત અંગ્રેજ અમલદારને ભારતીય આતિથ્ય દ્વારા આત્મીય બનાવ્યા તેનું હૂબહૂ વર્ણન 'લેસ્ટરમાં અડધી રાતે'માં છે.

ન્યુઝીલેન્ડના 'રોટોરુઆ' (સલ્ફર સીટી) જ્વાળામુખી શહેરની દિલચસ્પ રોચકતા ત્યાંની આદિવાસી જાતિઓમાં કદાચ પ્રથમ નંબરે આવે એવા માઓરી લોકો અને એમનાં લોકનૃત્યોમાં તો ખરી પણ ડ્રાઇવર-ગાઇડ જ્હોન ક્રોસવેલ અને ત્રીસેક વર્ષની રૂપાળી ચબરાક નાયિકા પોલિન વચ્ચેના સ-હેતુક કૃતક-રોષ-સંઘર્ષ અને સાચા દિલના પ્રેમ-સંવાદમાં પણ સહી.

સ્વચ્છતા અને સુંદરતાનો સાંસ્કારિક સમન્વય જાપાની પ્રજાના લોહીમાં જોવા મળે છે. એ પ્રજાની ઉદ્યાન-પ્રીતિ અને ઉદ્યાન- આયોજન રીતિ આગવી લાક્ષણિકતાવાળી છે. લેખક એમના જાપાની મિત્ર સાકાયોરી સાથે રિત્સુરિન પાર્ક જોવા જાય છે ત્યારે પાર્ક તો સારી રીતે જુએ છે પણ મિત્રની ઊંઘમાં મોટેથી બબડવાની ટેવને લીધે અને ક્યાંય શાકાહારી ભોજન નહીં મળવાને કારણે જે પરિસ્થિતિ સર્જાય છે, તેમાં બંને મિત્રોના વ્યક્તિત્વનો અચ્છો પરિચય થાય છે, તેનું તાદશ નિરૂપણ 'તાકામત્સુ અને રિત્સુરિન પાર્ક'માં જોવા મળે છે.

આંતરરાષ્ટ્રીય વ્યવહાર વધવા સાથે વિદેશી મુદ્રાનો સત્તાવાર ને બે-કાનૂન વેપાર પણ વધતો ચાલ્યો છે. માનવીની ધનલોલુપતાને કોઇ મર્યાદા નથી. 'તાશ્કંદ'માં રૂબલ-ડોલરના ગેરકાયદેસરના વિનિમયમાં ભારતીય ગાઇડ રોશનં ખંભાતી દક્ષિણ ભારતના સુંદરમના અવિવેકી કિસ્સામાં ફસાઇ કેવી હેરાન પરેશાન થાય છે તેનું વિગતવાર વર્ણન જોવા મળે છે.

વ્યવસ્થા અને સરળ વ્યવહાર જળવાય તે કાજે કાયદા ઘડાય છે પણ જ્યારે એમાં જડતા ને સ્થિતિસ્થાપકતા પ્રવેશે ત્યારે કેવી ગુંગળામણ અનુભવાય છે ને પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જાય છે તેનું જીવંત દૃષ્ટાંત 'ટ્રિંકોમાલી' છે, તો કાયદાની લવચીકતા (Flexibility) વ્યવહારને કેવો સરળ બનાવે છે તેનું દૃષ્ટાંત પણ 'ટ્રિંકોમાલી' છે.

પાંચ બાબતો માટે પ્રખ્યાત : એક : કોલંબિયા ગ્લેશિયર, બે : સોનાની ખાણ માટે ધસારો, ત્રણ : ૧૯૬૪નો ભયંકર ધરતીકંપ, ચાર : તેલ માટે ટ્રાન્સ એલિએસ્કા પાઇપલાઇન સ્ટેશન અને પાંચ : એક્ઝોન ટેન્કરનો અકસ્માત : 'વાલ્ડિઝ'ના રોમાંચક પ્રવાસે ઉપડેલા લેખકને, પ્રવાસનો તો અદભુત લાભ મળે જ છે પણ બે અકરાંતિયા કેનેડિયન મહિલાઓ અને દશ બાર કપ કોફીના ગટગટાવી જનાર એમના ભાઇની ઊંઘણશી પ્રકૃતિનો જે અસામાન્ય અનુભવ થાય છે તેનું તાદશ વર્ણન 'વાલ્ડિઝ'માં માણવા મળે છે.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધની તે સમયની અને વર્તમાનકાલીન જન્મભૂમિ બિહાર અને અઢી હજાર વર્ષ પહેલાંના ઇટલીના રોમન લોકોની તુલનાએ અત્યારની ઇટલીની ગરીબ, કંગાળ, ઉદંડ, અસંસ્કારી પ્રજાની તુલના 'ઉદિને'માં કરી લેખક એક જ દિવસમાં થયેલા બે સારા-માઠા પ્રસંગોનું નિરૂપણ કરી ત્યાંની પ્રજા માટે પડેલી ગ્રંથિને દૂર કરે છે.

જાપાનના શહેર 'તોબા'માં જ્યાં કલ્ચર્ડ મોતી અને સાચાં મોતી પાકે છે તેનો પ્રત્યક્ષ પરિચય મેળવવા લેખક જાય છે ત્યારે ડૂબકીમાર નાની છોકરીઓની હાડમારીથી દુઃખી થાય છે ને એમની ફરજનિષ્ઠા નિહાળી, પ્રસન્ન થાય છે. 'તોબા'માં કલ્ચર્ડ મોતીની શોધે મત્સ્ય જગતમાં તોબા પોકરાવી છે એમ કહી આ ધંધામાં પડેલા જૈન વેપારીઓને માટે તે લખે છે : 'મોતીના આ વેપારમાં અહિંસામાં માનવાવાળા જૈનો મોટી સંખ્યામાં છે એ વળી બીજી કરુણતા નથી? કલ્ચર્ડ મોતીની શોધ થઇ નહોતી અને વિદેશથી આવતાં મોતીમાં માછલીની હિંસા થાય છે એવી જાણકારી જ્યારે ન હતી ત્યારે જૈનો એ વ્યવસાયમાં પડેલા, પરંતુ હવે જ્યારે જાણકારી છે ત્યારે તેઓ પોતાના કર્તવ્યનો વિચાર ન કરી શકે ?

જ્યોર્જિયાના પ્રાચીન ઐતિહાસિક પાટનગર તિબિલિસીમાં પાંચસોથી વધુ જાતની દ્રાક્ષ થાય છે અને દારૂના વ્યવસાયને કારણે દ્રાક્ષના પ્રકાર ને ગુણવત્તામાં વિકાસ થયેલો છે. દારૂ ત્યાં મૈત્રીનું પ્રતીક ગણાય છે. પંદર લાખની વસતિમાં ત્યાં લગભગ ૮૦૦ શતાયુ વ્યક્તિઓ છે એ તિબિલિસી'ના પ્રવાસના સુખદ દુઃખદ સ્મરણો અહીં લેખક આલેખે છે.

'લુક્ષેમ્બોર્ગથી જીનિવા'માં મોટા શહેરોમાં એકમાર્ગીય રસ્તા-ઓમાં દિશાફેર થતાં કેવી મુશ્કેલી સર્જાય છે તેનું હાસ્ય-કરુણતા મિશ્ર અનુભવવાળું બયાન છે. અંતમાં લેખક કહે છે : જેમ જેમ ભૌતિક સમૃદ્ધિ વધતી જાય છે, જેમ જેમ મોટા મોટા રસ્તાઓ અને ઊંચા ઊંચા મકાનો વધતાં જાય છે તેમ તેમ કદમાં એટલો ને એટલો જ રહેલો માણસ દિવસે દિવસે નાનો થતો જાય છે. દરેક નવી સિદ્ધિની સાથે નવી સમસ્યાઓ આવવાનું ક્યારે બંધ થશે ? નવી સિદ્ધિઓને વાસ્તવિકતાના સંદર્ભમાં જાગૃતિપૂર્વક ઉત્સાહથી સ્વીકારી લેવામાં સમસ્યાઓ ઓછી ન થાય ?

ઇતિહાસ, ભૂગોળ, ખગોળશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, તત્ત્વજ્ઞાન, રાજકારણ અને કવિતાના રસાયણે રસાયેલો 'સમરકંદ' વિષયક

પ્રવાસ-લેખ વારંવાર વાંચવો ગમે તેવો છે. પ્રજાઓના ઉત્થાન-પતનની ઐતિહાસિક દૃષ્ટિ કાળપ્રભુની લીલાને છતી કરે છે.

'હૃષ્ટપુષ્ટ શરીરવાળા, ગોળમટોળ, ભરાવદાર ચહેરાવાળા, હસમુખા, નિજાનંદે મસ્ત, મળતાવડા સ્વભાવવાળા, શાન્તિચાહક અને સહકારની ભાવનાવાળા એસ્કિમો લોકોની મુલાકાતનો વિરલ અને અવિસ્મરણીય ધન્ય પ્રસંગ 'એસ્કિમોની નગરી'માં વિગતે વર્ણવ્યો છે.

વધતી જતી ગુનાખોરી, ગુનેગારોની એક દેશમાંથી બીજા દેશમાં ભાગાભાગ, દાણચોરીની અને આતંકવાદીઓની ગુપ્ત પ્રવૃત્તિઓ, બે રાષ્ટ્રો વચ્ચે પરસ્પર અણબનાવ, વધતો જતો વહીવટી ખર્ચ ઇત્યાદિને કારણે જ્યાં વિસા-પદ્ધતિની જરૂર નહોતી તેવાં રાષ્ટ્રોમાં પણ તે દાખલ થઇ અને યુરોપ-અમેરિકાના નાગરિકો કરતાં ભારતીય નાગરિકો માટે એ નિયંત્રણો ઝાઝાં ને કડક છે. 'ઇજિપ્તના વિસા'માં ટૂર-કંડક્ટર શ્રી ગોન્સાલવિસની અણઆવડતને કારણે તેમને અને સહપ્રવાસીઓને કેવી મુશ્કેલીઓ પડી તેનું કરુણ-વાસ્તવિક બયાન છે.

'રિજેન્સબર્ગમાં રાતવાસો' ત્યાંની એક હોટેલમાં, ઉતારા દરમિયાન, બે ઇટાલિયન વેપારીઓ સાથે દારૂ ઢીંચતાં, જર્મન રિસેપ્શનિસ્ટ યુવતીની જે કરુણ-કફોડી સ્થિતિ સર્જાય છે ને તે તેનો સૂઝ-સમજપૂર્વકનો સફળ પ્રતિકાર કરે છે તેનું લેખક આલેખન કરે છે.

વાઇકિંગ પ્રજા મૂળે ખડતલ, સાહસિક, મહત્ત્વાકાંક્ષી અને અજાણી ધરતી આંબવા સદૈવ તત્પર, ત્યાં માતૃત્વનું ગૌરવ પણ વિશેષ. 'વાઇકિંગના વારસદારો'માં, ભય ઉપર વિજય મેળવવા માટે જાનના જોખમો વચ્ચે જીવતા એક નવજુવાનની રોમહર્ષણ કથા નિરૂપાઇ છે.

તા. ૩૧-૧૨-૭૭ના રોજ 'છોટે ભારત' એવા ફિજીના પાટનગર સુવામાં લેખક નૂતન વર્ષ કેવી મુશ્કેલ પરિસ્થિતિમાં ઉજવે છે તેનો કરુણ-રસિક હેવાલ 'સુવામાં નવું વર્ષ' એ પ્રવાસ લેખમાં વાંચવા મળે છે. ખ્રિસ્તી દેવળના બે ફાધરો પણ તે રાતે કો'ક કલબનું આમંત્રણ મળતાં ત્યાં ચાલ્યા જાય છે એવી દયનીય સ્થિતિનો ઉલ્લેખ ગ્લાનિ જન્માવે છે.

લેખકે ઇ.સ.૧૯૫૫થી ૧૯૬૦ના ગાળામાં મુંબઇમાં 'The Bridge on the River Kwai' નામનું વિખ્યાત ચિત્ર જોયું હતું. એમાં દર્શાવ્યા પ્રમાણે બીજા વિશ્વયુદ્ધમાં જાપાને સિયામમાં હજારો સૈનિકોને કેદ કર્યા છે. બર્મા તરફ કૂચ કરવા માટે રેલ્વે લાઇન, યુદ્ધને ધોરણે તૈયાર કરવા માટે હજારો યુદ્ધ કેદીઓને જાપાની સેનાપતિ કામે લગાડે છે. તેમાં હજારો યુદ્ધ કેદીઓ મૃત્યુને ભેટે છે. ટેક્સી ડ્રાઇવર, જે સારો જાણકાર ગાઇડ પણ છે તે લેખકને ક્વાઇ નદી અને તેનો ઐતિહાસિક પૂલ જોવા લઇ જાય છે પણ પ્રવાસને અંતે તે આ નદી અને પૂલ સંબંધે જે ઘટસ્ફોટ કરે છે તે લેખકના ચિત્તમાં કલા અને વાસ્તવિકતાના કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરે છે...એ ચિંતન નોંધનીય છે.

મલાયાના ટાપુ 'પિનાંગ'ના પ્રવાસે લેખક જાય છે ત્યારે પિનાંગ શહેરની બહાર ત્રણ જોવાલાયક મુખ્ય સ્થળો તે ત્યાંની પર્વતીય રેલ્વે, ત્યાંનું સર્પમંદિર અને બૌદ્ધ પેગોડા. પ્રવાસને અંતે યાદગીરી તરીકે કૈંક ખરીદવા દુકાનમાં જાય છે ત્યારે રબર-પ્લાસ્ટિકની બનાવેલી મળવિસર્જનની પ્રતિકૃતિ જોઇ પ્રત્યાઘાતરૂપે લખે છે : 'અપરસને માણવાવાળા લોકો પણ દુનિયામાં હોય છે એ જાણી આશ્ચર્ય અનુભવ્યું...દરેક પ્રજાની સંસ્કારિતાની પારાશીશી એકસરખી નથી હોતી !'

આ પુસ્તકમાંનો વૈજ્ઞાનિક વિગતોથી પ્રચૂર-શ્રદ્ધેય એક લેખ તે 'વ્હેલ-દર્શન'નો છે. વ્હેલનો ઘણો ઊંડો શાસ્ત્રીય અભ્યાસ કરેલ ગાઇડ શ્રીમતી સુઝાન કાર્પ જાણીતાં પ્રકૃતિશાસ્ત્રી હોવાથી, વ્હેલ-વિષયક ઝીણી ઝીણી જાણવાલાયક ઘણી બધી વિગતો આપી છે. લેખકે ડબકા-ગંભીરા ખાતે વર્ષો પૂર્વે એક મૃત વ્હેલ જોયેલી અને બીજી જીવંત વ્હેલ આટલેન્ટિકમાં જોઇ. બંનેય અનુભવો એમના સ્મૃતિ-પટ પર ઊંડા અંકિત થયેલા છે.

ભારતમાં ગંગા તેમ ઇજિપ્તમાં નાઇલ. ભારત અને ઇજિપ્તમાં નદીઓનું લોકમાતા તરીકેનું સ્થાન ને ગૌરવ છે. નાઇલ, એક જ નદી જે ઉત્તરાભિમુખ છે ને દુનિયામાં લાંબામાં લાંબી નદી છે. આવી નદીમાં નૌકાવિહાર કરી સંગીતની મહેફિલ માણી તેને વાગોળતાં લેખક કહે છે : 'થોડા કલાકમાં નાઇલ નદીમાં ભાવ, વિચાર, પરિસ્થિતિ ઇત્યાદિના સામ્યવૈષમ્યના કેવા ભાતીગળ અનુભવો અમને થયા !'

'સ્ટોન હેન્જ' એટલે પ્રાગૈતિહાસિક કાળના સ્થાપત્ય કળાના વિરલ અવશેષો. સ્ટોનહેન્જની આકૃતિ અજોડ છે. તે પાંચથી છ હજાર વર્ષ જૂનું પ્રાચીન છે. વેદકાલીન ભારતીય સંસ્કૃતિની સમકાલીન એ સંસ્કૃતિ હશે. સામાન્ય માણસને જ્યાં નર્યા પથરા જ પથરા દેખાય ત્યાં અનેક વિદ્યાઓમાં રસ ધરાવતા લેખકને સ્ટોનહેન્જમાં ઇંગ્લેન્ડનું ગૌરવ દેખાય છે.

સર્વકાળના સર્વજનોમાં પ્રાયઃ કામ-ક્રોધ કરતાં પણ લોભનું પ્રમાણ વિશેષ હશે ! 'અલ્પ પ્રયાસે અતિ પ્રાપ્તિની તક' એ લોભ અને જુગારનું મુખ્ય લક્ષણ છે. 'દ્યૂતનગર લાસ વેગાસ'માં લેખકે એ 'માયાનગરી', એ 'ઉલૂકનગરી'ની નાનીમોટી વિશેષતાઓ અને ખાસિયતોની ઝીણવટપૂર્વક માહિતી આપી છે ને વૈજ્ઞાનિક પદ્ધતિએ બનાવેલાં એ મશીનો સરવાળે દ્યૂત રમનારને ખંખેરી લેતાં હોય છે એવો સાર તારવ્યો છે. પાશ્ચાત્ય જગતમાં જ્યાં દ્યૂત-નિંદા ઓછી છે ત્યાં પણ સમાજ-હિતચિંતકો અને માનસશાસ્ત્રીઓએ લાલબત્તી ધરી છે.

'બ્લૂ લેગૂન અને વિડેય ટાપુ'. એમાં બ્લૂ એટલે ભૂરુ અને લેગૂન એટલે તળાવ-મતલબ કે 'ભૂરુ તળાવ'. આખા આઇસલેન્ડમાં ગંધક વગરનું પાણી જ ન મળે. સાદું પાણી એમને ન ભાવે. એ લોકોને ગંધકની એલર્જી જ નહીં. લેખક માનવસર્જિત વાદળી રંગના તળાવમાં સ્નાન કરવા જાય છે, ત્યાં કિનારા પાસે ઓછું ગરમ, આગળ જતાં વધુ ગરમ પાણી આવે. ગંધકવાળા તળાવમાં તરવાની મઝા ન આવે ને આવા ગરમ પાણીમાં ઝાઝો વખત રહે તો ચક્કર ચઢે. 'બ્લૂ લેગૂન'માં સ્નાનની મઝા માણી લેખક 'વિડેય ટાપુ' જોવા જાય છે. વચ્ચે 'પફિન ટાપુ' આવે છે. એ ટાપુ પર પફિન પક્ષીઓ સતત ઊડ્યા જ કરે છે ને આખો ટાપુ ખીચોખીચ રોકી લે છે. 'પફિન ટાપુ' એટલે પફિન પક્ષીઓ માટેનું જાણે કે જાહેર 'પ્રસૂતિ ગૃહ'. ત્યાંથી તેઓ લંબગોળ માછલીના આકાર જેવા રળિયામણા વિડેય ટાપુ પર આવે છે. ત્યાં જોવાલાયક એક જૂનું દેવળ છે જેની ઐતિહાસિકતા જ મહત્ત્વની છે. ઇસવીસનના દસમા સૈકામાં આ ટાપુ પર વસવાટ હશે એમ પુરાતત્ત્વ વિદોએ ખોદકામ કરીને મળેલા અવશેષો પરથી જણાવ્યું છે. બધા પ્રવાસીઓ દેવળના પવિત્ર ને શાંતિપ્રેરક વાતાવરણમાં આવ્યા એટલે પાદરીએ વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી. પ્રવાસીઓમાંથી કોઇને કઇ કહેવું હોય તો પાદરીએ અનુમતિ આપી એટલે આ ગ્રંથના લેખકે કહ્યું : 'અમે ભારતથી આટલે દૂર અહીં આવ્યા છીએ. અમે શાંતિની અને વિશ્વકલ્યાણની શુભેચ્છાનો સંદેશો લાવ્યા છીએ. અમે જૈન છીએ અને અહિંસામાં માનીએ છીએ. વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણ માટે અમારામાં નવકાર મંત્રની પ્રાર્થના કરાય છે. સર્વની સંમતિથી ડૉ. શાહે નવકારમંત્ર લલકાર્યો...ને છેવટે ૐ શાન્તિઃ શાન્તિઃના નાદથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું. પાદરીએ જૈન ધર્મ અંગે જિજ્ઞાસા દર્શાવી ને 'બ્લૂ લેગૂન અને વિડેય ટાપુ'નો પ્રવાસ પૂર્ણ થયો.

હિમાચ્છાદિત શિખરો, હિમ નદી (ગ્લેશિયર), મોટા મોટા ધોધ, નાનાંમોટાં સરોવરો હજાર વર્ષ જૂનાં વૃક્ષો, વિવિધ પ્રકારનાં પશુ-પક્ષીઓ, ફળદ્રુપ ખીણપ્રદેશ, અનુકૂળ આબોહવા, હિમાલયની મંદાકિની અને અલકનંદાની યાદ અપાવતી મરસદ નદી, દસ હજાર વર્ષ પ્રાચીન માનવજાતિનું પ્રિય ક્ષેત્ર, જેના વિસ્તારમાં ૬૦ કરતાં વધુ ધોધ છે-એવો, પ્રાચીનકાળના ઋષિમુનિઓ, સાધનાક્ષેત્ર તરીકે પસંદ

કરે તેવો ને જેને સુપ્રસિદ્ધ અમેરિકન પ્રવાસલેખક-ચિંતક પ્રકૃતિપ્રેમી જહોન મૂરે પ્રકૃતિના ભવ્ય મંદિર તરીકે બિરદાવેલ છે તે અમેરિકાના પશ્ચિમ વિભાગમાં આવેલ રમણીય-ભવ્ય પ્રદેશનું ઝીણી ઝીણી વિગતે રસિક આલેખન કરવામાં આવ્યું છે તે 'યોસેમિટી' પ્રદેશ વિષે ઇ.સ. ૧૮૭૧માં અમેરિકન ચિંતક ઇમર્સનને જહોન મૂર લખે છે : 'યોસેમિટી' એ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાની એક અદ્ભુત પ્રયોગશાળા છે. હું તમને 'યોસેમિટી'માં એક મહિના માટે પધારવાનું નિમંત્રણ આપું છું. એ માટે તમારે સમય આપવા સિવાય બીજું કંઇ પણ ખર્ચ કરવાનું નહિ રહે. સમયનું ખર્ચ પણ અહીં ઓછું થશે, કારણ કે ઘણોખરો વખત તમે અનંતતામાં વિહરતા હશો. કેવું બધું કાવ્યાત્મક લાગે છે આ.

લેખક, અમેરિકામાં સાન્ફ્રાન્સિસ્કોમાં હતા ત્યારે ત્યાંથી નજીક આવેલ બે સ્થળ-'રહસ્યમય સ્થળ' (Mystery Spot) અને સત્તર માઇલનો સાગર કાંઠો જોવાનું નક્કી કર્યું ! ગુરુત્વાકર્ષણનો નિયમ જ્યાં કંઇક વાંકો પ્રવર્તે છે તે 'મિસ્ટરી સ્પોટ' અને પાંચ હજાર જેટલા એકરમાં પથરાયેલી સાગરતટીય જાગીરની નાનાવિધ વિચિત્રતાઓનું દર્શન કરી એનું જે વર્ણન કર્યું છે તે વાંચતાં કાકાસાહેબ કાલેલકરનું સ્મરણ થાય છે. 'જીવદયાની ભાવનાનો વ્યાપ આમ- જનતાની કક્ષાએ (માંસાહારી) પાશ્ચાત્ય દેશોમાં વધતો જાય છે. એ પણ આશાનું મોટું કિરણ ગણાય'-આ વિધાનમાં સંવેદનશીલ જૈન-લેખકનો આત્મા ડોકાય છે. ઉત્તરમાં કેનેડાની સરહદ પાસે આવેલા ન્યૂ હેમ્પશર રાજ્યમાં માત્ર ૬૨૮૮ ફુટની ઊંચાઇ ધરાવતો પર્વત શ્વેતાચલ તરીકે ઓળખાય છે. લેખક સ-પરિવાર હિમાચ્છાદિત શિખરો ધરાવતા એ શ્વેતાચલના દર્શને જાય છે એના વર્ણનમાં અને 'મામાના બીજા ઘર'ના રહસ્યોદ્ઘાટનમાં કૌતુકસભર વાર્તારસ છે. અમેરિકાના અર્થતંત્રમાં ઉધારીના યોગદાનનું અને પરસ્પર વિશ્વાસનું નિદાન રોચક છે. ભારતની જેમ ગ્રીસની સંસ્કૃતિ પણ પ્રાચીન છે . ગ્રીસનાં પ્રાચીન નગરોમાં એથન્સ, સ્પાર્ટા, ડેલ્ફી વગેરેની ગણના થાય છે તેમાં આજે ભગ્નાવશેષ બની ગયેલું કોરિન્થ સૌથી વધુ જૂનું છે, લગભગ પાંચ હજાર વર્ષ જૂનું. લગભગ પોણા ત્રણ હજાર વર્ષ પૂર્વે ગ્રીક કવિ હોમરે એના મહાકાવ્યમાં કોરિન્થનો એક સમૃદ્ધ નગર તરીકે ઉલ્લેખ કર્યો છે. વેપારઉદ્યોગ અને વહાણવટાક્ષેત્રે કોરિન્થે ઘણી પ્રગતિ કરી હતી. ઇસ્વીસનના બીજા સૈકાથી લગભગ દસમા સૈકા સુધીમાં કોરિન્થની દશા બેઠી. ઇતિહાસ અને સંસ્કૃતિના પરિપ્રેક્ષમાં લેખકે 'કોરિન્થ'નો વિગતપ્રચુર ખ્યાલ આપ્યો છે, જેમાં ભોમિયાની પ્રસન્નતા કે અપ્રસન્નતા, વિગતોના વિતરણમાં કેવોક મહત્ત્વનો ભાગ ભજવે છે તે જૂની કહેવતને નવા સંદર્ભમાં યોજીને દર્શાવ્યું છે.

'એજિયન સમુદ્રના ટાપુઓનો ઇતિહાસ બાદ કરીએ તો ગ્રીસનો સાંસ્કૃતિક ઇતિહાસ અધૂરો રહે' એ વિધાનને કેન્દ્રમાં રાખી લેખક 'એજિયન સમુદ્રના ટાપુઓમાં' નામના લેખમાં એના સોમાંથી ત્રણેક ટાપુઓના પ્રવાસનું વર્ણન, એમની લાક્ષણિકતાઓ, વિશિષ્ટતાઓ, રસિક દંતકથાઓ સમેત કર્યું છે. એજિયન દ્વીપસમૂહને ઇતિહાસકારો 'યુરોપીય સંસ્કૃતિની જનની' તરીકે ઓળખાવે છે. કેવળ ગ્રીસની જ નહીં પણ સમગ્ર વિશ્વની સંસ્કૃતિમાં નક્કર પ્રદાન કરનાર વિશ્વ-વિખ્યાત કેટલીક વિભૂતિઓનો પ્રત્યક્ષ-પરોક્ષ સંબંધ આ ટાપુઓ સાથે જોડાયેલો છે. ભારતીય સંસ્કૃતિના રહસ્યને અનેક સંદર્ભોમાં સમજવા માટે તુલનાની દૃષ્ટિએ પણ આ ટાપુઓનો સુખદ-કરુણ ઇતિહાસ, આ 'કવિતાઇ પ્રવાસ' દ્વારા માણવા જેવો છે.

હાઇસ્કૂલમાં અમારે કેટલાંક અંગ્રેજી કાવ્યો ભણવાનાં હતાં તેમાંનાં બે હતાં 'લોટસ ઇટર્સ' અને 'યુલિસિસ'. 'લોટસ ઇટર્સ' પ્રમાદી વૃત્તિના પ્રતીકસમા ન હતા. 'યુલિસિસ' પ્રગતિ, આગેકૂચ અને જંગમવૃત્તિના પ્રતીક સમા. ડૉ. શાહનું આ પુસ્તક વાંચતાં આપણને 'લોટસ ઇટર્સ'ની સ્થાવર પ્રકૃતિ કરતાં 'યુલિસિસ'ની જંગમવૃત્તિનાં દર્શન એમનામાં વિશેષ માત્રામાં થાય છે. આ નૈસર્ગિક જંગમવૃત્તિને કારણે કેટકેટલા-કેટલા બધા દેશોનું...કેટલાકનો તો બબ્બેવાર 'પાસપોર્ટની પાંખે' અને વિવેકપૂત માનવતાની આંખે તેઓ દર્શન કરે છે.'

આ પુસ્તક વાંચતાં ચિત્ત પર બીજી છાપ પડે છે તે તેની 'ઇન્ટર ડિસિપ્લીનરી સ્કોલરશીપ'ની. આ સંકુલ વિશ્વમાં સારી રીતે જીવવા માટે એક જ વિદ્યા શીખવાથી ચાલે તેમ નથી, વિકસતા વિજ્ઞાન સાથે જ્ઞાનનો અનેક પ્રદેશમાં વિકાસ થઇ રહ્યો છે ત્યારે એક જ વસ્તુને સારી રીતે સમજવા માટે અનેક વિદ્યાશાખાઓની સજ્જતા અનિવાર્ય બની રહે છે. ગાઇડ વિક્ટરનું રાજકારણ હોય કે શાકાહારી વિશ્વ પરિષદમાં બૌદ્ધધર્મ વિષે બોલવાનું હોય, સહરાના રણ સાથે અતિ વસતિનો પ્રશ્ન વિચારવાનો હોય કે, પ્રવાસદર્શન ટાણે દેશના અર્થકારણનો પ્રશ્ન આવતો હોય, 'નિસ્બત'માં ભૌતિકતાની સંવેદનશૂન્યતા હોય કે રૂબલ-ડોલરના વિનિમયનો પ્રશ્ન હોય, દેનાલીના નેશનલ પાર્ક ટાણે પર્યાવરણનો પ્રશ્ન હોય કે આદિવાસી માઓરી લોકોના નૃવંશશાસ્ત્રનો પ્રશ્ન હોય, ભગવાન મહાવીર-બુદ્ધના બિહાર સાથે રોમનોના ઇટાલી ને સાંપ્રતકાલીન ઇટાલીના ઐતિહાસિક પ્રશ્ન હોય, કલ્ચર્ડ મોતી સાથે જૈન ધર્મની અહિંસાનો પ્રશ્ન હોય, જાતિ તરીકે એસ્કિમોનો પ્રશ્ન હોય કે વાઇકિંગના નિર્ભય વારસદારોનો પ્રશ્ન હોય, સમરકંદ અને સ્ટોનહેન્જને સમજવા માટે ઇતિહાસ, ભૂગોળ, ખગોળશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, તત્ત્વજ્ઞાનની આવશ્યકતા હોય કે 'વ્હેલ દર્શન' માણવા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણની જરૂર હોય, નદી કવાઇ, એનો પૂલ, બ્લૂ લેગૂન કે વિડેય ટાપૂ હોય આ 'બધાને સર્વાંગી રીતે માણવા માટે અનેક વિદ્યા-શાખાઓની સજ્જતા અનિવાર્ય હોય છે. અધ્યાપક ડૉ. શાહમાં એવી વ્યુત્પત્તિ અને એવી સજ્જતા છે એનું દર્શન આ ગ્રંથમાં થાય છે.

પોતાના દેશમાં કે પરદેશમાં માણસ બહાર જાય એટલે સમાજના સંસર્ગમાં તો આવવાનું થાય જ અને સમાજની વ્યક્તિઓના સંસર્ગમાં તો આવ્યા વિના છૂટકો નહીં. એટલે પ્રવાસે નીકળેલ વ્યક્તિનો આશય ચાહે તે હો પણ એ ન હોય તો પણ થોડુંક જ્ઞાન સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રનું તો મળવાનું જ. તુલનાથી જ્ઞાનવૃદ્ધિ થાય છે અને સ્વભાવમાં સમતા-સમતોલપણું આવે છે. અન્ય પ્રજાઓ પાસેથી જેમ આપણે શીખવાનું છે તેમ આપણા પ્રત્યક્ષ વ્યવહાર અને સ્વતંત્ર વિચારણા દ્વારા અન્યને શીખવવાનું પણ છે. મારા ચિત્તમાં, આ પુસ્તક વાંચતાં જે ત્રીજી છાપ પડી છે તે એ વાતની કે ડૉ. શાહે સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રની દૃષ્ટિએ અનેક દેશોની અનેક વ્યક્તિઓ સાથે પ્રસંગ પાડ્યો છે અને દરેક પ્રસંગે તેમણે એક આદર્શ વિશ્વપ્રવાસી તરીકે, જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના પુરસ્કર્તા તથા તેના જીવતાજાગતા પ્રતિનિધિ તરીકે વ્યવહાર કર્યો છે. ચિંતન અને પ્રકૃતિદર્શન-સૌંદર્યનાં અનેક અવતરણો આપી શકાય તેમ છે, એમની કથનવર્ણન-ચિંતન પ્રધાનશૈલીની ચર્ચા પણ કરી શકાય તેમ છે. એમના અલંકારો અને હાસ્યરસની સૂઝસમજ અંગે પણ લખી શકાય તેમ છે. પણ ધાર્યા કરતાં આ લેખ લાંબો થઇ જતાં, સંક્ષેપમાં એટલું જ કહું કે ડૉ. શાહના આ ગ્રંથમાં માનવ સ્વભાવનું વૈવિધ્ય અને વૈચિત્ર્ય ઠેર ઠેર જોવા મળે છે. એમાં ક્યાંક કારુણ્ય છે, તો ક્યાંક રમૂજ, ક્યાંક સ્વભાવની સંકુલતા છે તો ક્યાંક નરી સરલતા- સ્વાભાવિકતા. એમના વૈવિધ્યસભર આલેખનમાં એકંદરે સંસ્પર્શ માનવ-કરુણાનો છે. અને એવું એક પણ પ્રકરણ નથી જેમાં પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપોનું વિવિધરંગી આલેખન એમની રસળતી શૈલીમાં ન થયું હોય. એમની અનેકદેશીય વિદ્વત્તાને કારણે અને એમની ઐતિહાસિક તથા તુલનાત્મક અધ્યાપકીય દૃષ્ટિને કારણે મોટા ભાગનું આલેખન તાદૃશ , રોચક, શ્રદ્ધેય, શાસ્ત્રીય, પ્રભાવક અને હૃદયસ્પર્શી બન્યું છે. પૂર્વાર્ધ કરતાં ઉત્તરાર્ધની પ્રૌઢિ અને પક્વતા સહજ ધ્યાનાર્હ બને છે. આવા ભાતીગળ રમણીય ગ્રંથ માટે ડૉ. શાહને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં.

❖❖❖

# સ્વ. કંચનબહેન ઑલિવર દેસાઈ

□ તારાબહેન ૨. શાહ

ગઈ પેઢીના જૈન સમાજના સંનિષ્ઠ કાર્યકર્તા સ્વ. ટી. જી. શાહ અને સ્વ. ચંચળબહેનનાં સુપુત્રી, પૂ. સંતબાલજી પ્રેરિત સંસ્થા 'માતૃસમાજ'ના સક્રિય અગ્રણી કાર્યકર્તા શ્રીમતી કંચનબહેન ઑલિવર દેસાઈનું ૭૦ વર્ષની વયે મુંબઈમાં ૮મી મે ૧૯૯૯ના દિવસે દુઃખદ અવસાન થયું છે. તેમના સ્વર્ગવાસથી આપણે એક સેવાભાવી, ધર્મનિષ્ઠ, તેજસ્વી મહિલા કાર્યકર્તા ગુમાવ્યાં છે.

લગભગ ચારેક વર્ષ પહેલાં એમને લકવાનો હુમલો આવ્યો હતો, પરંતુ એ ગંભીર માંદગીમાંથી તેઓ બચી ગયાં હતાં. પરંતુ ત્યારપછી તબિયત, કોઈ ને કોઈ માંદગીના કારણે અસ્વસ્થ રહેતી. તેમ છતાં ઘરમાં રહીને પણ તેઓ 'માતૃસમાજ'ની જવાબદારી સારી રીતે અદા કરતાં હતાં.

કંચનબહેન સૌરાષ્ટ્રમાં વઢવાણના વતની શ્રી ત્રિભોવનદાસ ગોવિંદજી શાહ (જૈન સમાજ જેમને ટી. જી. શાહના નામે ઓળખે છે) અને સેવામૂર્તિ શ્રીમતી ચંચળબહેનનાં સંતાન હતાં. ટી. જી. શાહ અને ચંચળબાના એક પછી એક એમ આઠ સંતાનો ટૂંકી માંદગી ભોગવી નાની વયે જ ગુજરી ગયાં હતાં. એમનું નવમું સંતાન તે કંચનબહેન. તેઓ સદ્ભાગી કે માતાપિતાની આશા પૂરી કરવા જ ઊગરી ગયાં. તા. ૨૪ જાન્યુઆરી ૧૯૨૯માં તેમનો જન્મ થયો હતો.

ટી. જી. શાહ અને ચંચળબહેન અત્યંત ધાર્મિક, પરંતુ સુધારક વિચારો ધરાવે અને તેને અમલમાં મૂકે. આઝાદીની લડત દરમિયાન ગાંધીજીના પ્રભાવ નીચે આવવાને લીધે તથા પૂ. સંતબાલજીના સંપર્કમાં આવવાને કારણે અને પોતાના જીવનમાં સંતાનવિયોગની ઘટના વારંવાર બનવાના કારણે આ શ્રીમંત દંપતીએ જીવનપર્યંત ખાદી પહેરવાનો અને સાદાઈથી જીવન જીવવાનો નિયમ સ્વીકાર્યો હતો. આ સાદાઈ અને સેવાના સંસ્કાર તેમની પાસેથી કંચનબહેનને વારસામાં મળ્યા હતા.

ટી. જી. શાહ અને ચંચળબહેનના જીવનનું ઉજ્જવળ પાસું એ હતું કે સમાજસેવાનાં કાર્યોમાં તેઓ કાયમ તત્પર રહેતાં. તેઓ જાતે ઘસાઈને પણ ઉદારતાપૂર્વક સેવા કરતાં. ચંચળબહેન ખૂબ તપ કરતાં, માત્ર સફેદ ખાદી જ પહેરતાં, પગમાં ચંપલ પણ પહેરતાં નહિ. માતૃસમાજની વસ્તુઓનું વેચાણ સારું થાય તે માટે જરૂર પડ્યે માતૃસમાજની દુકાન પર વસ્તુઓ વેચવા માટે બેસવામાં પણ સંકોચ અનુભવતાં નહિ. તેઓ મુંબઈ જૈન યુવક સંઘના પણ આજીવન કાર્યકર્તા હતાં. સંઘની વ્યાખ્યાનમાળામાં હોલના પ્રવેશદ્વાર પાસે ઝોળી લઈને સંઘ માટે ફંડ ઉઘરાવવાની શરૂઆત પૂ. ચંચળબહેને કરી હતી. (આ પ્રથા હજુ પણ સંઘની કાર્યકર્તા બહેનોએ ચાલુ રાખી છે.) આમ સુધારક અને સાહસિક પિતા અને તપસ્વિની સેવામૂર્તિ માતાના એક માત્ર સંતાન કંચનબહેનને માતાપિતા બન્નેએ ચીવટપૂર્વક, પ્રેમથી અનેક અરમાન સાથે ઊછેર્યાં હતાં. પિતા નીડર અને શિસ્તના આગ્રહી હતા તેથી એ ગુણો કંચનબહેનમાં બાળપણથી જ વિકસ્યા હતા. તેમના બાળપણનો એક પ્રસંગ છે. કંચનબહેન ત્યારે નવેક વર્ષનાં હશે. તેમનું કુટુંબ કરાંચીમાં રહેતું. કરાંચીની શાળામાં કંચનબહેન અભ્યાસ કરતાં અને રજાઓમાં માતાની સાથે મુંબઈ આવ્યાં હતાં. કરાંચીમાં ઊઘડતી શાળાએ હાજરી આપવી જ જોઈએ એવો પિતાનો આગ્રહ હોવાથી ચંચળબહેને નવ વર્ષની નાની વયના કંચનબહેનને મુંબઈથી કરાંચી સ્ટીમરમાં એકલાં મોકલ્યાં હતાં. બંદર પર લેવા આવવાનો સંદેશો ટી. જી. શાહને સંજોગવશાત્ સમયસર નહિ મળ્યો હોય તેથી તેઓ લેવા આવ્યા નહિ. એથી કંચનબહેન ગભરાયાં નહિ. એમણે કોઈક ભાઈ સાથે ભાગમાં ઘોડાગાડી કરી અને ઘરે પહોંચી ગયાં. આવા કેટલાક પ્રસંગોના અનુભવને કારણે કંચનબહેન સ્વાવલંબી અને આત્મવિશ્વાસુ બન્યાં હતાં.

ટી. જી. શાહનો કરાંચીમાં ત્યારે વેપારધંધો ઘણો જ સારો ચાલે. સમાજના શ્રીમંતોમાં એમની ગણના થતી. પરંતુ નવાઈની વાત એ છે કે માતાપિતાનું એક માત્ર સંતાન હોવા છતાં કંચનબહેને એમની જેમ અત્યંત સાદી જિંદગી ગાળી. એમણે ક્યારેય ઘરેણાં કે રંગબેરંગી કિંમતી વસ્ત્રો પહેર્યાં નહિ. તેઓ કોંગ્રેસમાં સ્વયંસેવિકા હતાં અને સફેદ વસ્ત્રો પહેરતાં. પોતાના સમય, શક્તિ, પૈસો અને આવડતનો ઉપયોગ તેઓ ચીવટ અને ગણત્રીપૂર્વક ખૂબ ઉદારતાથી, પ્રેમથી સ્વેચ્છાએ પોતાના સ્વજનો અને અન્યજનોને સુખી કરવામાં કરતાં. પોતાને પડતી હાડમારી કે દુઃખ ક્યારેય કોઈ પાસે વ્યક્ત ન કરતાં. તેઓ હંમેશાં સ્વસ્થ, પ્રસન્ન અને ઉષ્માભર્યાં રહેતાં.

શાળાનો અભ્યાસ કંચનબહેને મુંબઈમાં જાણીતી એચ.પી.ટી. હાઈસ્કૂલમાં કર્યો હતો. ત્યાંથી મેટ્રીક પાસ થઈ તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ. થયાં. ત્યારપછી એમ.એ.નો અભ્યાસ કર્યો. તત્ત્વજ્ઞાનના વિષય સાથે તેઓ M.A. થયાં. સાથે સાથે રાષ્ટ્રભાષા કોવિદ અને સાહિત્યરત્નની ઉપાધિ પણ તેમણે મેળવી હતી. શાળા-કૉલેજના અભ્યાસ દરમિયાન વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં પણ તેઓ સક્રિયપણે ભાગ લેતાં. શાળા જીવનમાં સ્વયંસેવિકા તરીકે મુંબઈમાં ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં તેમણે ઘણું સુંદર કામ કર્યું. એનો અહેવાલ છાપાઓમાં તેમની તસ્વીર સાથે છપાયો હતો. નિષ્ઠા, હિંમત, શિસ્ત અને કુશાગ્રબુદ્ધિથી સેવિકાદળમાં તેઓ જી.ઓ.સી.ના પદ સુધી પહોંચ્યાં હતા.

શિક્ષણમાં તેમને ખૂબ રસ હતો તેથી ૧૯૫૩માં બન્ને પતિ-પત્ની (પુત્રી પૂર્ણિમા સાથે) થોડો વખત માટે પૂર્વ આફ્રિકામાં મોમ્બાસા ગયાં તો ત્યાં પણ તેમણે શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો અને સારી ખ્યાતિ મેળવી. મુંબઈમાં પણ થોડા વખત માટે 'ન્યુઈરા સ્કૂલ'માં શિક્ષક તરીકે કામ કર્યું. પોતાના કોઈ વિદ્યાર્થીને કોઈપણ અગવડ પડે તે દૂર કરતા. નબળી આર્થિક સ્થિતિવાળા વિદ્યાર્થીને કશી ફી લીધા વિના ભણાવવા, હોંશિયાર વિદ્યાર્થીને શાળા-કૉલેજમાં એડમિશન મેળવી આપવામાં મદદ કરતા. વિદ્યાર્થીને નડતી જાતજાતની મુશ્કેલીઓ દૂર કરવા તન-મન-ધનથી તે સહાય કરતા. આ રીતે આફ્રિકા અને મુંબઈમાં વિદ્યાર્થીજગતમાં તેમણે સારી ચાહના મેળવી હતી.

આજથી લગભગ સાડા ચાર દાયકા પહેલાં થયેલા કંચનબહેન અને શ્રી ઑલિવર દેસાઈનાં લગ્ન એક અસાધારણ ઘટના કહેવાય. કંચનબહેન સ્થાનકવાસી-જૈન અને ધાર્મિક રીતે ચુસ્ત માતાપિતાનાં પુત્રી અને ઑલિવરભાઈ વલસાડના ચુસ્તપણે ખ્રિસ્તી ધર્મ પાળનાર ગુજરાતી પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આલ્ફ્રેડ દેસાઈના પુત્ર. બન્નેમાં મુખ્યત્વે તો ધર્મનો ભેદ હતો. અનુસ્નાતક અભ્યાસ માટે અંધેરીની ભવન્સ કૉલેજમાં બન્ને જોડાયાં હતાં અને પોતપોતાની હોસ્ટેલમાં રહેતાં હતાં. કૉલેજના પ્રિન્સિપાલે સોંપેલું લાયબ્રેરીના વર્ગીકરણનું કામ બન્ને સાથે કરતાં. બન્નેને વ્યાયામમાં રસ એટલે બન્ને P. T. Leaders બન્યાં. સાહિત્ય અને નાટકમાં રસ હોવાને કારણે બન્નેએ કૉલેજનાં નાટકોમાં સાથે કામ કર્યું. આવાં કેટલાંક કારણને લીધે બન્ને વચ્ચે મૈત્રી બંધાઈ. એ મૈત્રી પ્રેમમાં પરિણમી. બંનેને લાગ્યું કે પોતાના ધર્મચુસ્ત માતાપિતા કોઈપણ રીતે આ લગ્ન માટે સંમતિ નહિ આપે, એટલે તેઓએ ૧૯૫૧ની સાલમાં M. A.માં ભણતાં ભણતાં જ લગ્ન કરી લીધાં. એથી બન્નેનાં માતાપિતાને ભારે આઘાત લાગ્યો. તેઓ ખૂબ અસ્વસ્થ બની ગયાં હતાં. જૈન સમાજમાં ઉહાપોહ થયો હતો. ટી. જી. શાહ અને

ચંચળબહેન બન્ને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક કમિટીનાં સભ્યો હતાં. આ વાતની જાણ થતાં યુવક સંઘના કાર્યકર્તા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, મારા પિતાશ્રી શ્રી દીપચંદ ત્રિ. શાહ વગેરેએ તેમને સારી રીતે સમજાવ્યા અને કહ્યું કે 'આ લગ્નને પ્રેમથી અને ઉદારતાથી સ્વીકારી લો. એમાં ઇશ્વરનો સંકેત હશે. ઑલિવરભાઇને પુત્રની જેમ અપનાવી લો.' ઑલિવરભાઇનાં માતાપિતાને પણ ખ્રિસ્તી ધર્મગુરુએ સમજાવ્યા. બન્નેનાં માતાપિતાના મનનું સમાધાન થયું. કંચનબહેન અને ઑલિવરભાઇએ પણ પૂરા આદર અને પૂજ્યભાવથી માતાપિતાનાં મન જીતી લીધાં.

આજથી પચાસ વર્ષ પહેલાં આવાં લગ્ન આશ્ચર્ય જન્માવે એટલું જ નહિ પણ તે નહિ જ નભે એવી કેટલાક લોકોની માન્યતા હતી. તેથી છાશવીરે વાત વહેતી ચાલતી કે બન્નેએ છૂટાછેડા લીધા છે અથવા લેવાના છે. પણ આવી અફવાઓથી વિચલિત થયા વિના, સ્વસ્થપણે પૂરા અંતઃકરણપૂર્વક બન્નેએ એકબીજાને સમર્પિત થઇને ૪૮ વર્ષનું સફળ સહજીવન વિતાવ્યું.

કંચનબહેન અને ઑલિવરભાઇએ ટી. જી. શાહ અને ચંચળબહેનના દરેક કામમાં સહકાર આપ્યો. માંદગીમાં તેમની સેવા કરી. તેમને કોઇ ખોટ પડવા ન દીધી. બન્નેની આવી સેવાથી માતાપિતાને પણ સંતોષ થયો.

કંચનબહેને પોતાનાં સ્નેહ, સેવા, સદ્‌ભાવ અને નમ્રતાથી શ્વસુરપક્ષના સર્વજન સાથે આત્મીયતા સાધી લીધી હતી. સમય જતાં તેમનું દામ્પત્ય જીવન વધુ ને વધુ ઉજ્જવળ બનતું જતું હતું. બન્નેને સાહિત્ય અને તત્ત્વજ્ઞાનમાં ઊંડો રસ હતો. બન્ને સાથે વાંચે, તેના પર વિચારે અને આનંદ મેળવે. ઑલિવરભાઇને અંગ્રેજી સાહિત્યમાં ઊંડો રસ હતો. કંચનબહેનને સંસ્કૃત સાહિત્યમાં ઘણો ઊંડો રસ હતો. તેઓ સંસ્કૃત સાહિત્યની ઉત્તમ કૃતિઓ વાંચવા પ્રયત્ન કરે. વર્ષોથી ગીતાના શ્લોક નિયમિત કંઠસ્થ કરતાં. કૉલેજમાં હતાં ત્યારે પ્રાર્થનામાં ગીતામાંના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોવાળા શ્લોકો ભાવથી, સ્પષ્ટ ઉચ્ચારે એટલી સરસ રીતે બોલતાં કે વિદ્યાર્થીઓ તેમને ટીખળમાં 'સ્થિતપ્રજ્ઞાબહેન' કહેતા. એક રીતે જોઇએ તો તેમણે સમગ્ર જીવન દરમિયાન પોતાની બુદ્ધિને સ્થિર રાખવા માટે સારો પુરુષાર્થ કરેલો. બન્ને પતિપત્ની જૈન ધર્મનાં પુસ્તકો સમજપૂર્વક વાંચતાં, તેનું હાર્દ પામવા પ્રયત્ન કરતાં. કંચનબહેન પર્યુષણના આઠ દિવસ મૌન પાળતાં. બંનેનું જીવન ધર્મમય બન્યું હતું. પત્ની તરીકે કંચનબહેને ઑલિવરભાઇની ખૂબ સંભાળ લીધી હતી. ઑલિવરભાઇ નાટકોમાં અને સિનેમામાં મહેશ દેસાઇના નામે જાણીતા છે. ઑલિવરભાઇની એક અભિનેતા તરીકેની કારકિર્દી ફિલ્મ જગતમાં અને ગુજરાતી નાટકના જગતમાં કેવી રીતે વિકાસ પામે તેની તે સતત સંભાળ રાખતાં. કંચનબહેન અને ઑલિવરભાઇ બન્ને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં સાહિત્યના, સામાજિક વિષયોના અને તત્ત્વચિંતનના પ્રશિષ્ટ ગ્રંથો વાંચતાં રહેતાં. ઑલિવરભાઇ નાટક અને સિનેમાની પોતાની વ્યવસાયિક જવાબદારીઓમાંથી જ્યારે જ્યારે મુક્ત થાય ત્યારે આવા ગ્રંથના અધ્યયનમાં લાગી જાય. બન્નેને 'વિપશ્યના' ધ્યાનમાં પણ એટલો જ રસ હતો. કંચનબહેન વારંવાર કહેતાં કે ધ્યાનની એકાગ્રતાથી પ્રાપ્ત થયેલી શક્તિ અને સ્ફૂર્તિ વડે પોતે પોતાના વ્યાવહારિક અને માતૃસમાજનાં વહીવટી કાર્યો ઘણી સારી રીતે કરી શકતાં.

કંચનબહેન અત્યંત કુટુંબવત્સલ અને અતિથિવત્સલ હતાં. વિશાળ મિત્રવર્તુળ અને બહોળા કૌટુંબિક સંબંધોને લીધે મહેમાનોની અવરજવર તેમના ઘરે સતત રહેતી. પથારીમાં બેઠાં બેઠાં પણ કંચનબહેન સૌની જરૂરિયાતોનું ધ્યાન રાખતાં. પોતાની બે દીકરી અને બે દીકરાઓ અને તે પ્રત્યેકનાં સંતાનો એમ સમગ્ર પરિવાર જ્યારે સાથે મળે ત્યારે તે સહુને કંચનબહેન અને ઑલિવરભાઇના વાત્સલ્યનો સવિશેષ અનુભવ થતો.

જેમ ચંચળબહેને પૂ. સંતબાલજીની પ્રેરિત માતૃસમાજ સંસ્થામાં પોતાના પ્રાણ રેડ્યા હતા અને જીવનના અંતિમ દિવસ સુધી એ સંસ્થા માટે કાર્યરત રહ્યાં હતાં તેવી જ રીતે તેમનાં સુપુત્રી કંચનબહેન પણ પોતાની માતાનું ઉત્તરદાયિત્વ સંભાળી લઇને પોતાના જીવનના અંત સુધી બહુમૂલ્ય સેવા આપતાં રહ્યાં હતાં. આથી જ એમના અવસાન પ્રસંગે માતૃસમાજના સર્વ કાર્યકર્તાઓએ અને કર્મચારીઓએ જાણે પોતાનાં એક સ્વજન ગુમાવ્યાં હોય એવું દુઃખ અનુભવ્યું છે.

અંગત રીતે અમારી વાત કરીએ તો અમારા વડીલોના શ્રી મુંબઇ જૈન યુવક સંઘમાંના આત્મીય સંબંધોનો વારસો અમને મળ્યો હતો અને તેથી કંચનબહેન અને ઑલિવરભાઇ સાથે અમારી મૈત્રી ચાલુ થઇ હતી. ટી. જી. શાહ અને ચંચળબહેન જ્યારે ૧૯૫૪માં મોમ્બાસા ગયાં હતાં ત્યારે ચાર મહિના ટી. જી. શાહ બિલ્ડિંગમાંનું એમનું ઘર અમને બન્નેને રહેવા આપ્યું હતું તેથી અને ટી. જી. શાહના સ્વર્ગવાસ પછી મારા પતિ ડૉ. રમણભાઇએ ટી. જી. શાહના જીવન અને કાર્યો વિશે 'જીવનદર્પણ' નામનો ગ્રંથ તૈયાર કરી પ્રકાશિત કર્યો હતો ત્યારથી એ કુટુંબ સાથે અમારો સંબંધ વધુ ઘનિષ્ઠ બન્યો હતો. છેલ્લા ત્રણેક વર્ષથી અમારા બન્નેની શારીરિક મર્યાદાને કારણે પરસ્પર મળી શકાતું નહિ પરંતુ ભાગ્યે જ એવો દિવસ ગયો હશે જ્યારે અમે બન્નેએ ફોનમાં વાત ન કરી હોય. કંચનબહેનની તબિયત અચાનક બગડી અને સ્થિતિ ગંભીર થઈ પરંતુ એ દિવસોમાં અમે બન્ને દુબઇ અને મસ્કતના પ્રવાસે હતાં એટલે સંજોગવશાત્ એમના અંતિમ સમયે અમે ઉપસ્થિત રહી ન શક્યા એનો અમને ઘણો જ રંજ રહ્યો છે. કંચનબહેનના અવસાનથી મેં મારી એક પ્રિય સખી અથવા સાચું કહીએ તો એક સગી બહેન ગુમાવ્યાનું દુઃખ તીવ્રપણે અનુભવ્યું છે.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો એ જ પ્રાર્થના.

❖❖❖

## સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો જુલાઇ અને ઓગસ્ટનો અંક સંયુક્ત અંક તરીકે ઓગસ્ટ ૧૯૯૯માં પ્રગટ થશે તેની નોંધ લેવા વિનંતી.

□ તંત્રી

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા મંગળવાર, તા. ૭મી સપ્ટેમ્બર ૧૯૯૯થી મંગળવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી એમ આઠ દિવસ માટે યોજવામાં આવશે.

બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટીમાં જો રિનોવેશનનું કામ ચાલુ હશે તો વ્યાખ્યાનમાળા અન્યત્ર યોજવામાં આવશે.

વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ ઓગસ્ટના અંકમાં આપવામાં આવશે.

□ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૮૯. મુદ્રણસ્થાન : ક્ષ્મરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૮ ● ● તા. ૧૬-૮-૯૯ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99
● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પંન્યાસ શ્રી વરસંગવિજયજી

ચારસો વર્ષ પહેલાં બનેલી આ સત્ય ઘટના છે. કોઇને એ કવિકલ્પના કે દંતકથા જેવી લાગે એવી એ વાત છે. પણ એ સાવ સાચી બનેલી ઘટના છે એ સુનિશ્ચિત છે.

આ વાત છે અકબર પ્રતિબોધક જગદ્‌ગુરુ શ્રી હીરવિજય-સૂરીશ્વરના શિષ્ય પંન્યાસ વરસંગવિજયજીની. શ્રી હીરવિજય-સૂરીશ્વરના હાથે બે હજારથી વધુ વ્યક્તિઓ દીક્ષિત થઇ હતી. એવો એમનો પ્રભાવ હતો. એમને જોતાં, તેમની વાણી સાંભળતાં, એમના પરિચયમાં આવતાં સંયમનો પંથ સ્વીકારવાનું, એમના હાથે દીક્ષિત થવાનું મન થાય એવું અદ્‌ભુત પ્રભાવશાળી એમનું વ્યક્તિત્વ હતું. મોગલ સમ્રાટ અકબરના હૃદયનું પરિવર્તન કરાવનારનું વ્યક્તિત્વ કેવું હોય !

શ્રી હીરવિજયસૂરિ સમ્રાટ અકબર બાદશાહને પ્રતિબોધ પમાડી, વિહાર કરતાં કરતાં રાજસ્થાનનાં તીર્થો જુહારીને તેઓ શિરોહી પધાર્યા હતા.

શિરોહીમાં ધર્મપ્રભાવનાની મોટી ભરતી આવી હોય એવું બન્યું. ત્યાં ઋષભદેવની ચૌમુખીની અને અજિતનાથ ભગવાનની પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો બહુ મોટો ઉત્સવ થયો. વળી પાસે આબુ પર્વતનું તીર્થ એટલે શ્રી હીરવિજયસૂરિની નિશ્રામાં આબુની તીર્થયાત્રા માટે મોટો સંઘ નીકળ્યો. આ ઘટનાથી પ્રભાવિત થયેલા શિરોહીના સુલતાને શ્રી હીરવિજયસૂરિને શિરોહીમાં ચાતુર્માસ કરવા માટે વિનંતી કરી. સુલતાનના પ્રધાન પુંજા મહેતા શ્રાવક હતા. એમણે પણ વિશેષ આગ્રહ કર્યો. શિરોહીમાં ત્યારે ઘણાં શ્રેષ્ઠીઓ વસતા હતા અને પ્રતિષ્ઠા, સંઘયાત્રા વગેરેમાં ઘણું નાણું ખર્ચાયું હતું એ તો ખરૂં જ, પણ શ્રેષ્ઠીઓ પોતે દીક્ષા લેવા તૈયાર થાય એવી ઘટનાઓ પણ બની. શ્રી હીરવિજયસૂરિની પ્રેરક વ્યાખ્યાન-વાણીનો એવો જાદુ હતો.

શ્રીવંત શાહ નામના એક શ્રેષ્ઠીએ તો પોતાના સમગ્ર પરિવારના દસ સભ્યો સહિત દીક્ષા લીધી. એનો ઉત્સવ તો હૃદયને સ્પર્શી જાય એવો હતો. શ્રીવંત શાહના ચાર દીકરા જે હીરવિજયસૂરિશ્વરના હસ્તે દીક્ષિત થયા તે આગળ જતાં ચાર મોટા આચાર્ય થયા હતા.

ચાતુર્માસ માટે આગ્રહ થતાં સમયના જાણકાર શ્રી હીરવિજય-સૂરીશ્વરે શિરોહીમાં ચાતુર્માસ કરવાનો નિર્ણય કર્યો. એમને સ્વપ્નમાં પણ એ રીતે સંકેત મળ્યો. તેમનું ચાતુર્માસ ચાલુ થયું. વ્યાખ્યાનમાં એમની વાણી સાંભળવા અનેક માણસો ઉમટવા લાગ્યા. પૂજા, પ્રતિક્રમણ, પોસહ, સામાયિક વગેરે ધર્મક્રિયા તથા આયંબિલ, ઉપવાસ, એકાસણાં વગેરેની તપશ્ચર્યા પણ વૃદ્ધિ પામવા લાગી.

આ શિરોહી નગરમાં એક નવયુવાન રહેતો હતો. એનું નામ વરસંગ. તે બાળપણથી જ ઘણો હોંશિયાર હતો. કિશોરાવસ્થામાં તો એણે પિતાની દુકાને બેસી વેપાર-ધંધો શીખવો ચાલુ કરી દીધો હતો. જોતજોતામાં તો એણે પિતાના ધંધાને બહુ વિકસાવ્યો અને શિરોહીમાં એક મોટા ધનાઢ્ય વેપારી તરીકે એનું નામ થઇ ગયું. ત્યારે હજુ માંડ વીસ વર્ષ એણે પૂરાં કર્યાં હતાં.

આવા બુદ્ધિશાળી શ્રીમંત દેખાવડા અપરિણીત યુવાન માટે કન્યાનાં માગાં પણ સારાં ઘરનાં આવે એ દેખીતું છે. શિરોહીના જ એક શ્રેષ્ઠીની સુંદર કન્યા સાથે વરસંગની સગાઇ થઇ. અને પછી લગ્ન પણ લેવાયાં.

વર અને કન્યા બંનેનાં કુટુંબો અત્યંત ધર્મપ્રિય હતાં. જિનમંદિરે જવું, ઉપાશ્રયે જઇ સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું, ગુરુવંદન કરવું, વ્યાખ્યાન સાંભળવું, ઉપવાસ-એકાસણાં કરવાં ઇત્યાદિ ધર્મક્રિયાઓ બંનેના કુટુંબમાં નિયમિત થતી હતી. તેમાં વળી શ્રી હીરવિજયસૂરિના ચાતુર્માસથી તેઓનો ઉત્સાહ વધી ગયો હતો. વરસંગ અને એની વાગ્દત્તા કન્યા બંને નિયમિત મંદિરે-ઉપાશ્રયે જતાં હતાં.

વરસંગના લગ્નની તિથિ નક્કી થઇ. લગ્નનો દિવસ નજીક આવતો ગયો. બંને પક્ષે તૈયારીઓ થવા લાગી. સ્ત્રીઓએ લગ્નનાં મંગળ ગીતો ગાવાં ચાલુ કર્યાં. જુદા જુદા દિવસના જમણવાર માટે અગાઉથી મિઠાઇઓ બનવા લાગી. ઘર અને શેરીમાં તોરણો બાંધવામાં આવ્યાં. આવા શ્રીમંત યુવાનનાં લગ્ન હોય પછી તૈયારીમાં શી કચાશ હોય ? માતાપિતાના હરખનો પાર નથી.

લગ્નોત્સુક વરસંગ લગ્નની તૈયારીમાં પડ્યો હોવા છતાં અને ધંધો સંભાળતો હોવા છતાં પોતાની નિત્યની ધર્મક્રિયા ચૂકતો નહિ. ઉપાશ્રયે જઇ સવારનું પ્રતિક્રમણ એણે કરી લીધું હતું. તેના નવકારમંત્રના જાપ બાકી હતા તે એણે ચાલુ કર્યા. આસપાસ બીજા શ્રાવકો પણ બેઠા હતા. ઠંડીના દિવસો હતા. વરસંગે પોતાની ગરમ શાલ માથે પણ ઓઢી લીધી હતી. સાધુ મહારાજની કામળી જેવી જ એ શાલ લાગતી હતી.

સવારના મંદિરે દર્શન કરવા આવેલાં સ્ત્રીપુરુષો ઉપાશ્રયમાં જઇ સાધુ ભગવંતોને વંદન કરતાં હતાં. એવામાં એક કન્યા આવી. તે સાધુ ભગવંતોને ખમાસણાં દેવાપૂર્વક વંદન કરવા લાગી. વંદન કરતી કરતી તે વરસંગ પાસે આવી. આ પણ કોઇ સાધુ મહારાજ ધ્યાનમાં બેઠા છે એમ એને લાગ્યું. કામળી માથે ઓઢેલી હોવાથી તે વરસંગને ઓળખી શકી નહિ. એણે 'ઇચ્છામિ ખમાસમણો'...કહી વિધિપૂર્વક

વરસંગને વંદન કર્યાં. શબ્દોચ્ચારથી વરસંગની આંખ ખૂલી. તેણે જોયું તો જાણ્યું કે આ તો પોતાની વાગ્દત્તા કન્યા છે. વરસંગ મનમાં હસ્યો.

કન્યા તો વંદન કરી ચાલી ગઇ, પણ પાસે બેઠેલા એક શ્રાવકે મજાકમાં વરસંગને કહ્યું, 'અલ્યા વરસંગ ! જોયું ? તારી વહુ થનારી છોકરીએ તને સાધુ તરીકે વંદન કર્યાં. એણે આડકતરી રીતે તને સંકેત કર્યો કે સંસારમાં પડવા જેવું નથી. હવે તારાથી એની સાથે લગ્ન ન થાય. બોલ, બરાબર છે ને ? '

વરસંગ વિચારમાં પડી ગયો. તેના મનમાં મંથન ચાલ્યું. એણે કહ્યું, 'હા, વડીલ, તમારી વાત સાચી છે. મારાથી હવે એની સાથે લગ્ન ન થાય. એણે મને સાધુ જાણીને વંદન કર્યાં.'

આ જવાબ સાંભળી શ્રાવક મૂંઝાયા. એમણે કહ્યું, 'અલ્યા, મેં તો તને હસવામાં કહ્યું. તારાં તો લગ્ન લેવાયાં છે. જો જે તું એવું કંઇ ગાંડપણ કરતો.'

વરસંગે કહ્યું, 'તમે ભલે મને હસવામાં કહ્યું. પણ મેં તો ગંભીરતાપૂર્વક તમને જવાબ આપ્યો છે. તમારા ઉપાલંભે મને જગાડી દીધો છે.'

ઉપાલંભ આપવા માટે શ્રાવકને પશ્ચાત્તાપ થયો, પણ વરસંગે કહ્યું કે 'તમે તો મારા પર મોટો ઉપકાર કર્યો છે.'

ઘરે આવી વરસંગે બનેલી ઘટનાની અને પોતાના નિર્ણયની માતાપિતાને વાત કહી. માતા પિતાએ કહ્યું, 'આવી વાતે ઘેલા ન થવાય. લીધેલાં લગ્ન બંધ ન રખાય.'

વરસંગે કહ્યું, 'પત્નીના ઉપાલંભથી શાલિભદ્રના બનેવી ધન્નાજીએ તરત જ ઘર છોડીને દીક્ષા નહોતી લીધી ? અને સાથે શાલિભદ્રને દીક્ષા નહોતી લેવડાવી ? તો હું કેમ ન લઇ શકું ?'

'પણ બેટા, અવસર આવે દીક્ષા લેજે. હમણાં લગ્ન કરી લે.'

'ના, મારે માટે તો આ અવસર આવી ચૂક્યો છે. મેં દેરાસરમાં જિનેશ્વર ભગવાન પાસે જઇ મનોમન પચ્ચખાણ લઇ લીધાં છે કે જો મને દીક્ષા લેવાની માતાપિતા સંમતિ નહિ આપે તો હું અનશન કરીને જીવનનો અંત આણીશ.'

વરસંગની આ ગંભીર ચેતવણીથી મા-બાપ ચોંકી ઊઠ્યાં. વાત નગરમાં પ્રસરી ગઇ. કન્યાનાં માતાપિતા તથા સગાં સંબંધીઓને બોલાવ્યાં. વરસંગને સમજાવવાના બધા પ્રયત્નો ચાલુ થયા. પણ વરસંગ માન્યો નહિ. એટલું જ નહિ, વડીલો આગ્રહ છોડવાના નથી એવું જણાતાં એણે ચારે પ્રકારના આહાર છોડીને અનશન ચાલુ કરી દીધું. હવે વાતે ગંભીર વળાંક લીધો. કાં તો દીક્ષા લેવા દેવી અને કાં તો અનશન દ્વારા દેહત્યાગ. વરસંગના એ બેમાંથી એક વિકલ્પ માતાપિતાએ પસંદ કરવાનો રહ્યો. છેવટે તેઓએ દીક્ષાની સંમતિ આપી. વરસંગનું અનશન છોડાવ્યું અને પારણું કરાવ્યું. નિરાશ થયેલાં કન્યા અને એનાં માતાપિતાએ પણ આવી ઉચ્ચ ભાવના માટે આનંદ વ્યક્ત કર્યો.

વરસંગને તો શ્રી હીરસૂરિ પાસે જ દીક્ષા લેવી હતી અને તે પણ તરત જ લેવી હતી.

શ્રી હીરસૂરિ પાસે આ વાત પહોંચી જ ગઇ હતી, કારણ કે વરસંગના દીક્ષા લેવાના સંકલ્પની વાત સમગ્ર શિરોહીમાં જાહેર ચર્ચાનો વિષય બની ગઇ હતી. વરસંગ માતાપિતા સાથે શ્રી હીરસૂરિ પાસે પહોંચ્યો. દીક્ષાનો પ્રસ્તાવ રજૂ થયો. વરસંગની ચકાસણી કરીને શ્રી હીરસૂરિએ સંમતિ આપી અને મુહૂર્ત કાઢી આપ્યું. લગ્નનો દિવસ એ જ દીક્ષાનો દિવસ નક્કી થયો.

વરસંગે શ્રી હીરસૂરિ પાસે દીક્ષા લીધી. ધામધૂમપૂર્વક બહુ મોટો ઉત્સવ થયો. કુટુંબ શ્રીમંત હતું એટલે નાણાં ખર્ચવામાં કોઇ કમી રહી નહિ. સ્વામિવાત્સલ્યો થયાં. લગ્નના જમણવારો માટે તૈયાર થયેલી મિઠાઇઓ દીક્ષાના સ્વામિવાત્સલ્યમાં વપરાઇ.

મુનિ તરીકે વરસંગનું નવું નામ અપાયું, પણ લોકો એને વરસંગમુનિ અથવા વરસંગ ઋષિ તરીકે જ ઓળખવા લગ્યા. (ત્યારે મુનિ માટે ઋષિ શબ્દ પણ પ્રચલિત હતો.) સાધુ તરીકે અપાયેલું નવું નામ લોકોમાં ભૂલાઇ ગયું. તે ક્યાંય નોંધાયેલું પણ રહ્યું નહિ.

વરસંગ મુનિને તો શ્રી હીરસૂરિના શિષ્ય બનવાનો પોતાને અપૂર્વ લાભ મળ્યો તેનો અત્યંત હર્ષ થતો. પોતાના સાધ્વાચારનું તેઓ કડક પાલન કરવા લાગ્યા. યુવાન વયે દીક્ષા લેવી અઘરી છે, પણ દીક્ષા લીધા પછી તેને દીપાવવી એ તો એથી પણ ઘણી અઘરી વાત છે. વરસંગ મુનિએ ઉગ્ર તપશ્ચર્યા અને સતત સ્વાધ્યાયમાં પોતાના ચિત્તને પરોવી દીધું. થોડા વર્ષોમાં ગુરુ મહારાજે એમની યોગ્યતા અને સજ્જતા જોઇ એમને પંન્યાસની પદવી પણ આપી. વરસંગ મુનિ હવે પંન્યાસ વરસંગવિજયજી બન્યા.

હવે પંન્યાસ વરસંગવિજયજીને વ્યાખ્યાન આપવાની અને જુદો વિહાર કરવાની પણ ગુર્વાજ્ઞા મળી ગઇ. આવા યુવાન તેજસ્વી સાધુને જોવા સાંભળવા અનેક લોકો વ્યાખ્યાનમાં આવતા. કેટલાયે એમના સાધુજીવનથી આકર્ષાતા. યુવાનોમાં તે બહુ પ્રિય બની ગયા હતા. વરસંગવિજયજીનાં વાણી અને વ્યક્તિત્વથી પ્રેરાઇને કેટલાક દીક્ષા લેવા તૈયાર થતા. જેમને દીક્ષા લેવી હોય તેની પૂરી કસોટી તેઓ કરતા અને પછી શ્રી હીરસૂરિ પાસે મોકલતા. છેવટે શ્રી હીરસૂરિ સંમતિ આપે તો હીરસૂરિના હસ્તે જ તેઓ દીક્ષા અપાવતા.

આમ પંન્યાસ વરસંગવિજયજીએ એક પછી એક એમ ૧૦૮ જણને શ્રી હીરસૂરિ પાસે દીક્ષા અપાવી હતી. દીક્ષા પછી શ્રી હીરસૂરિ નવદીક્ષિતને પંન્યાસ વરસંગવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરતા.

આ રીતે પંન્યાસ વરસંગવિજયજી ૧૦૮ શિષ્યોના ગુરુ ભગવંત બન્યા.

વરસંગવિજયજીના સમકાલીન શ્રાવક કવિ ઋષભદાસે વિ. સં. ૧૬૮૫માં 'શ્રી હીરવિજયસૂરિ રાસ'ની રચના કરી છે. એમાં એમણે પંન્યાસ શ્રી વરસંગવિજયજીનો વૃત્તાન્ત સંક્ષેપમાં વર્ણવ્યો છે. એમણે રાસમાં લખ્યું છે :

ફરી મ કહેસ્યો માત ને તાત, કે સંયમ કે આતમઘાત;<br>
મૂકી બેઠો ચારે આહાર, આપી અનુમતિ તેણી વાર,<br>
જે પકવાન વિવાહને કર્યું, તિણે પેટ સાહમીનું ઠર્યું;<br>
ખરચી ધન ને સંયમ લીધ, હીરે તેહને દીક્ષા દીધ.<br>
તે હુઓ વરસંગ ઋષિ પંન્યાસ, એકસો આઠ શિષ્ય મળીઆ તાસ.<br>
એ સહુ હીરતણો પરિવાર, હીરના ભાગ્ય તણો નહિ પાર.

પંન્યાસ શ્રી વરસંગવિજયજીના જીવન વિશે આથી વધુ માહિતી ઉપલબ્ધ નથી, પણ જે મળે છે તે પણ આશ્ચર્યમુગ્ધ કરી દે એવી પ્રેરક છે.

ખરેખર પંન્યાસ શ્રી વરસંગવિજયજીએ પોતાના જીવનને ધન્ય અને સાર્થક કરી લીધું !

□ રમણલાલ ચી. શાહ

❖❖❖

# આત્મકલ્યાણની કેડી

☐ સ્વ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

**ભવિતવ્યતાવાદનું આલંબન ક્યારે ?**

કેટલાક સાધકોને મૂંઝવતા આ પ્રશ્નનું નિરાકરણ એ છે કે, જ્યારે જ્યારે અસમાધિ થાય ત્યારે ત્યારે ભવિતવ્યતાવાદનું આલંબન લેવાથી અસમાધિ ટળી જાય છે અને આત્મા સ્વ-સ્વભાવમાં આવી જાય છે.

ભવિતવ્યતાવાદનું આ રીતનું આલંબન શાસ્ત્રવિહિત છે.

પણ કાર્યની સિદ્ધિમાં એકલી ભવિતવ્યતા કારણ નથી, પરંતુ પાંચે કારણો મળીને કાર્ય થાય છે, એવો જે જિન-સિદ્ધાંત છે, તેને આથી જરા પણ બાધા પહોંચવી ન જોઇએ. અન્યથા એ જ ભવિતવ્યતાવાદનું એકાન્ત અવલંબન જીવને પુરુષાર્થહીન અને ચિત્તવિભ્રમ કરાવનારું થાય છે.

કોઇ પણ એકાન્તવાદનું અવલંબન ચિત્ત-સ્વાસ્થ્યને અવસરે મહાન હાનિ પહોંચાડે છે, કારણ કે તે વસ્તુસ્થિતિથી વિરુદ્ધ છે.

મોક્ષમાર્ગમાં 'પુરુષકાર' એ જ અગ્રપદ ભોગવે છે, કારણ કે તે જ એક પ્રયત્નસાધ્ય છે. તે સિવાય બીજાં ચાર કારણો એ મનુષ્યને આધીન નથી, પણ શ્રદ્ધાથી માનવાના છે. જો કે એ શ્રદ્ધા પણ અત્યંત ઉપયોગી છે અને એના બળથી ચિત્તની સમતોલતા બરાબર જાળવી શકાય છે તથા જ્ઞાનીઓ ઉપર વિશ્વાસની વૃદ્ધિ થવામાં પ્રબળ નિમિત્ત બને છે. પણ તેમાંથી કોઈ એકાદના ઉપર અંતિમ કોટિએ ઢળી પડવાનું થાય તો તે માર્ગથી ભ્રષ્ટ કરાવનાર છે એમ નક્કી માનવું.

ભવિતવ્યતાવાદનું આલંબન લેવામાં જેમ વિવેકની જરૂર છે, તેમ નિર્દંભિક્તા કેળવવાનો વિચાર પણ ચિંતનપૂર્વકના વિવેક સિવાય સેવવા જેવો નથી, નહિતર તેમાંથી પણ 'જેને હું યોગ્ય નથી, તેવી ક્રિયા નહિ કરવાથી નિર્દંભિક્તા કેળવી શકાશે' એવી એક માનસિક નબળાઇ પેદા થશે. અને સાધકના જીવનપ્રવાહને છિન્નભિન્ન કરી નાખશે.

એ માનસિક નબળાઇ ઉત્પન્ન થવાનું નિમિત્ત ઊંધું તત્ત્વજ્ઞાન અને તેના ઉપર બંધાયેલો અભિનિવેશ અર્થાત્ એકાંત આગ્રહ છે.

એકાંત આગ્રહ, ભલે પછી તે ભવિતવ્યતાવાદનો હો કે સ્વભાવવાદનો હો, કર્તૃત્વવાદનો હો કે અકર્તૃત્વવાદનો હો, તેનું અંતિમ પરિણામ આવા જ પ્રકારનું હોય છે. પરદર્શનોની ઉત્પત્તિ આ રીતે જ થઇ છે અને થાય છે.

**સૌથી મોટો દોષ અસદ્આગ્રહ**

તર્કશક્તિ અને બુદ્ધિશક્તિને જેઓ વધારે પ્રાપ્ત થયેલ હોય છે તેઓ અસદ્આગ્રહમાં આવી જાય તો તેઓનું વધારે પતન થાય છે. પૂર્વ-પુરુષોએ ફરમાવ્યું છે કે-

आग्रही वत निनीषति युक्तिं, यत्र तत्र मतिरस्य निविष्टा ।

જ્યાં મતિ બેઠી છે, ત્યાં યુક્તિને લઇ જવી તે જ આગ્રહીપણાની નિશાની છે. જ્યાં યુક્તિ છે, ત્યાં મતિને લઇ જવી તે નિરાગ્રહીપણાનું ચિહ્ન છે. તેથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં 'અસદ્ગ્રહ'ને મોટો દોષ માન્યો છે. પ. પૂ. ઉપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે-

विद्या विवेको विनयो विशुद्धिः । सिद्धान्त–वाल्लभ्यमुदारता च ॥
असद्ग्रहाद्यान्ति विनाशमेते । गुणास्तृणानीव कणाद् दवाग्नेः ॥ १ ॥

અર્થ : જેમ અગ્નિના કણથી ઘાસના ગંજ બળી જાય, તેમ અસદ્ગ્રહથી વિદ્યા, વિવેક, વિનય, વિશુદ્ધિ, સિદ્ધાન્તની વલ્લભતા અને ઉદારતા આદિ ગુણો વિનાશ પામે છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી ફરમાવે છે કે :

'दुरुच्छेदः सतामपि ।'

(આ અસદ્ગ્રહને) સત્પુરુષો પણ દુઃખે કરીને દૂર કરી શકે છે. તેથી તેનાથી બહુ સંભાળ રાખવાની હોય છે.

ધર્મમાં નમ્રતા-અર્પણતાની જરૂર પડતી હોય તો તે આ જ કારણે પડે છે, પરંતુ એકાંત આગ્રહવાળાઓમાં તે નમ્રતા-સમર્પણતા કદી પણ સ્થાન પામી શકતી નથી. તેનું કારણ એ છે કે, કોઇપણ જાતના એકાન્તવાદમાં વસ્તુસ્થિતિથી વિરુદ્ધ નિરૂપણ કરવાનું હોય છે. તેથી જો તે સંપૂર્ણ સ્વચ્છંદી ન બને, તો બધાનો વિરોધ કેવી રીતે કરી શકે ? અને બધાનો વિરોધ ન કરે, તો પોતાનો મત કેવી રીતે સ્થાપી શકે ? તેથી એકાન્તવાદ એ જ મિથ્યાત્વ છે, માટે સર્વથા ત્યાજ્ય છે.

નિર્દંભતાનો સમૂળ નાશ ક્યા ગુણસ્થાનકે થઈ શકે એ હકીકત પણ ધર્મના સાધકોના ધ્યાનમાં રહેવી જોઈએ.

નિર્દંભતાનો સમૂળ નાશ ઠેઠ નવમા ગુણસ્થાનકે થાય છે.

શ્રી જિનશાસનમાં જન્મ્યા પછી સામાયિક, પ્રતિક્રમણ, જિન-પૂજાદિ છોડીને બીજી તેવી કઇ ક્રિયાઓ છે કે જે સાધકને આત્મસંતોષ પમાડી શકશે ?

જૈનકુળમાં જન્મેલ કોઇ પણ કલ્યાણકાંક્ષી જીવ, શ્રી તીર્થંકર-દેવપ્રણીત ધર્મક્રિયાઓ માટે પોતાને અયોગ્ય માનવા પ્રેરાય અથવા યોગ્ય માનતો થઇ જાય, તે પોતે સેવેલી એકાન્તિક વિચારધારાના ચિંતનનું જ પરિણામ છે. પરંતુ અસદ્ગ્રહજન્ય આ નબળાઇ જૈનકુળમાં જન્મેલા કલ્યાણવાંછુ જીવની પ્રકૃતિથી સર્વથા વિરુદ્ધ છે. એટલે જેટલા જોરથી તે ધર્મક્રિયાઓને છોડવાના વિચારને તે આજે વશ થયો છે, તેટલા જ બલ્કે તેના કરતાં અધિક જોરથી તે આવતી કાલે તેને સ્વીકારી લેવા તત્પર બન્યા સિવાય રહેવાનો જ નથી. કારણ કે કોઇપણ મનુષ્ય પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ આચરણમાં અધિક કાળ ટકી શકતો નથી. અને તે સમયે જ તેને ખરેખરો ખ્યાલ આવે છે કે, ભૂતકાળની પોતાની સમજ ખોટી હતી. જે ક્રિયા માટે પોતે પોતાને અયોગ્ય માનતો હતો, તે ક્રિયા માટે પોતે ખરેખર યોગ્ય છે એવી શુદ્ધ સમજ તેના મનમાં દૃઢ થઇ જાય છે.

ધર્મક્રિયા તરફની એકાન્તિક સૂગ પરંપરાએ કેટલી ઘાતક નીવડે છે તે પ્રત્યેક સાધકે સ્પષ્ટપણે સમજી લેવું જોઇએ.

**એકલો ભવિતવ્યતાવાદ કે સ્વભાવવાદ માનવાથી પુરુષાર્થવાદ સર્વથા ઊડી જાય છે. એકલો ક્રમબદ્ધ પર્યાયવાદ કે દ્રવ્યોનો એકાંત સ્વતંત્રવાદ માનવાથી આખો કર્મસિદ્ધાન્ત ઊડી જાય છે. કર્મ કે પુરુષકાર ઊડી ગયા પછી જીવ અને પુદ્ગલના સંયોગરૂપ જે અનાદિ સંસાર કે તેનાથી જીવનો મોક્ષ, તે પણ ઊડી જાય છે અને સંસાર તથા મોક્ષ ઊડી ગયા પછી ક્રમબદ્ધ પર્યાયનો કે ભવિતવ્યતાવાદ વગેરે વિચાર આપોઆપ ઊડી જાય છે. પછી સાધકને કેવળ શૂન્યકાર કે અંધકાર જ આવીને ઊભો રહે છે અને એમાંથી પ્રથમ ક્રિયાને છોડવાનો, પછી સત્પુરુષોની આરાધનાને છોડવાનો અને ક્રમે કરીને શુભ સંકલ્પમય સઘળી સત્ પ્રવૃત્તિઓને મૂકી દેવાનો સંક્લિષ્ટ અધ્યવસાય પ્રબળ થતો જાય છે. એનું પરિણામ પરંપરાએ કેવું અને કેટલું ભયંકર આવે એનો વિચાર સાધકે જાતે કરી લેવો. આ વિચારના પરિણામે શાસ્ત્ર-પરિભાષામાં જેને અનંતકાળની નરક અને નિગોદ કહેવાય છે, તેને શરણે અનિચ્છાએ પણ જીવાત્માને થવું પડે, તો જરા પણ ઇન્કાર કરી શકાય નહિ.**

શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ જેટલી જ તેઓશ્રીની આજ્ઞાની ભક્તિ કરવાની શુદ્ધબુદ્ધિ અને દૃઢનિષ્ઠા-એ ધર્મના સાધકની સાચી

મૂડી છે. આ મૂડી વેડફાઇ જાય તો જીવન વેડફાઇ જાય, આત્મા અધોગતિગામી બનીને અપાર યાતનાઓનો ભોગ બને.

આજ્ઞા કરનારમાં સંપૂર્ણ શ્રદ્ધા કેળવીને જીવન ઘડવું, આત્માને અજવાળવો, પરહિતને પ્રમાણવું-એ ધર્મના સાધકને ખરેખર દિલથી ગમતું થાય છે એટલે અસદ્ગ્રહનો કચરો તેના મન તેમજ હૃદયમાંથી નીકળી જ જાય છે અને તેનો આધ્યાત્મિક વિકાસ ઝડપ ધારણ કરે છે.

**ધર્મ-અધર્મ**

અહિંસા, સત્યાદિ જ ધર્મ છે અને હિંસા અસત્યાદિ અધર્મ જ છે, એમ નક્કી થયા પછી, ગૃહસ્થ પણ જો પોતાને માટે અને બીજા ગૃહસ્થો માટે સાધુની જેમ સર્વથા અહિંસા, સત્યાદિના પાલનનો આગ્રહ રાખે છે, તો તે તેનું પાલન તો કરી શકતો નથી જ, પરંતુ અધિક હિંસા અને મોટા અસત્યોના માર્ગે બળાત્કારે કે અનિચ્છાએ પણ તેને ઘસડાઇ જવાનું મન થાય છે.

જૈન શાસ્ત્રોમાં ગૃહસ્થો માટે અહિંસા, સત્યાદિ ધર્મોના પાલન અર્થે, તેમની ભૂમિકા અનુસાર જે માર્ગ યોજવામાં આવ્યો છે, તે કેટલો સુઘટિત, નિર્દંભિક અને સુશક્ય છે, તે વિચારીને તેને સારી રીતે સમજવા જેવો છે.

અહિંસા આદિના ગુણો અને હિંસા આદિના દોષો જાણ્યા પછી પણ આ પ્રકારનો વિભાગ જેઓ પાડી શક્યા નથી, તેમને અહિંસા આદિના પ્રચારના નામે જ કેટલીક વખત હિંસા આદિના પ્રચારક બની જતાં વાર લાગતી નથી.

સર્વ જીવોના પ્રાણનો વધ એ હિંસા સ્વરૂપ છે. તેથી સંપૂર્ણ અહિંસાના પાલન માટે સર્વ જીવોના પ્રાણોનો વધ વર્જ્ય છે. એ સિદ્ધાંતનો સ્વીકાર કરવા છતાં, ગૃહસ્થોને માટે જૈન શાસ્ત્રકારો નિરપરાધી ત્રસ જીવોની હિંસાનો જ ત્યાગ ફરમાવે છે.

ગૃહસ્થોએ સાધુની જેમ ઘર છોડ્યું નથી અને સાધુપણું અંગીકાર કરવા માટે ઘર ન છોડે ત્યાં સુધી તેને માથે પોતાના ઘર, કુટુંબ અને આશ્રિતોની રક્ષાની જવાબદારી રહેલી છે. એ સ્થિતિમાં જો એ અપરાધ કરનારની શિક્ષાને પણ સર્વથા વર્જ્ય માને તો અવસરે નિરપરાધી એવા પોતાના આશ્રિતોથી હિંસાને અંગીકાર કરનારો થાય છે. અર્થાત્ તે હિંસાથી તો બચી જ શકતો નથી, કિન્તુ નિરપરાધીની હિંસાનો આડકતરી રીતે ભાગીદાર બની જાય છે.

એ જ રીતે જો ગૃહસ્થ ત્રસ (હાલતા-ચાલતા) જીવોની સાથે અન્ન વગેરે સ્થાવર જીવોની હિંસાને પણ સર્વથા ત્યજનારો થાય છે, તો અન્નાદિના અભાવે પોતાનો તથા પોતાના કુટુંબનો જ નાશ કરનારો થાય છે.

આરંભાદિ માટે અનિવાર્યપણે થતી હિંસાને ન છોડી શકનાર ગૃહસ્થ પણ સાધુની જેમ સર્વ જીવોની હિંસાના ત્યાગની પ્રતિજ્ઞા પાળવા તૈયાર થાય છે, તો તેનું પાલન કરી શકતો નથી જ, કિન્તુ સ્વલ્પ હિંસાને બદલે અનલ્પ (અધિક) હિંસાને જ આચરનારો થાય છે.

જેમ અહિંસા તેમ સત્ય માટે પણ ગૃહસ્થોને સ્થૂલ અસત્ય વર્જવાનું જ વ્રત ફરમાવેલું છે.

સાધુની જેમ ગૃહસ્થ પણ જો સ્થૂલની સાથે સૂક્ષ્મ અસત્યનું વર્જન કરવાને સજ્જ થાય છે, તો તે વર્જન (ત્યાગ) કરી શકતો જ નથી, કિન્તુ સૂક્ષ્મ અસત્યને બદલે સ્થૂલતર અસત્યોને પણ બોલવાની સ્થિતિમાં મૂકાઇ જાય છે.

**ગૃહવાસ એટલે શું ?**

ગૃહવાસ એટલે જર, જમીન અને જોરૂ આ ત્રણ વસ્તુઓનો સંગ. આ ત્રણ કે ત્રણમાંથી કોઇ પણ એક વસ્તુ વિના જો ગૃહવાસ નભી શકતો જ નથી, તો આપત્તિ વખતે આ ત્રણ વસ્તુના સંરક્ષણ માટે તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ સત્યવ્રત પાળી શકે, એ વસ્તુ તેના માટે શક્ય જ નથી.

એ કારણે શાસ્ત્રકારો ગૃહસ્થોને માટે સ્થૂલ અસત્ય નહિ બોલવાનો જ નિયમ બતાવે છે.

લક્ષ્મીના લોભથી ખોટાં લખત કરવા કે પુત્ર-પુત્રીના મોહથી કબુલેલા વિવાહ આદિનો ઇન્કાર કરવો ઇત્યાદિ મોટા અસત્યો કદી પણ ન બોલવાં. તેમજ જગતમાં જેનાથી બે-વચનીપણું જાહેર થાય, એ પ્રકારનો અસત્યવાદ કદી પણ ન સેવવો એમ પણ ગૃહસ્થને પાળવાના સત્યના સંદર્ભમાં શાસ્ત્રકારો ફરમાવે છે.

ધન, સ્ત્રી અને પરિવારના મમત્વમાં રહેલો ગૃહસ્થ, ભય-લોભકે ક્રોધના આવેશમાં સૂક્ષ્મ પણ અસત્યો, ગૃહવાસમાં ન સેવે, એ સ્થિતિ શક્ય જ નથી કારણ કે તેને સ્વધન-સ્ત્રી કુટુંબાદિનું પાલન તથા સંરક્ષણ કરવાનું હોય છે. અલબત્ત, એનો અર્થ એ નથી કે તેણે સૂક્ષ્મ અસત્યોનું સેવન ઈરાદાપૂર્વક કર્યા કરવું.

ગૃહસ્થને જેઓની વચમાં રહીને ગૃહસંસાર ચલાવવાનો હોય છે, તે બધા સત્યવાદી અને નીતિમાન જ હોય એમ બનતું નથી. એ કારણે અસત્યવાદના આશરે જીવનારા માણસોના પંજામાંથી સ્વઆશ્રિત વસ્તુઓને તેમજ વ્યક્તિઓને ઉગારી લેવા માટે આફત વખતે અનિવાર્ય અસત્યનું તેને સાપેક્ષપણે સેવન કરવું પડે છે. તેનું સેવન પણ જો તે નથી કરતો, તો તે માલમિલ્કત ગુમાવનારો થાય છે અને પછી પોતાનું ઘર ચલાવવા માટે અને પેટ ભરવા માટે, અવસરે મોટાં પણ અસત્યોનો આશ્રય લેનારો બની જાય છે.

અચૌર્યના પાલન માટે ગૃહસ્થોને સ્થૂલચોરીનો નિષેધ છે. વસ્તુના માલિકની રજા સિવાય, વસ્તુને લેવી તે સ્થૂલ ચોરી છે. પરસ્પરની રાજીખુશી, કળા-કૌશલ્ય કે સાહસ, હિંમતાદિથી ધન મેળવવું એને પણ જો ચોરી કે અનીતિ તરીકે લેખી લેવામાં આવે તો, ગૃહસ્થનો સંસાર ચાલવો જ અશકય છે અને પરિણામે ગૃહવાસ ચલાવવા માટે મોટી ચોરીના ભોગ થયે જ છુટકો થાય છે.

આ જ નિયમ બ્રહ્મચર્ય ને અપરિગ્રહ વ્રત માટે છે.

જે ગૃહસ્થોથી સર્વથા બ્રહ્મચર્યનું પાલન શકય નથી, તેઓએ સ્વદારા સંતોષવ્રત અને પરદારા વર્જનવ્રત અંગીકાર કરવું એ જ શ્રેષ્ઠ છે. અન્યથા મોટા દોષો સેવન કરવાનો પ્રસંગ ઊભો થતાં વાર લાગતી નથી.

પરિગ્રહ માટે પણ પોતાનું કુળ, ઇજ્જત અને પરિસ્થિતિનો વિચાર કરી નિયમ અંગીકાર કરાય છે, તો તે યથાર્થપણે પાળી શકાય છે, અન્યથા તેનો ભંગ થાય છે. અને મોટા દોષોનું સેવન કરવાનો પ્રસંગ ઊભો થાય છે.

સાધુ-માર્ગમાં જ પાલન થવો શક્ય એવો ધર્મ ગૃહસ્થોની આગળ ધરવામાં આવે, તો તે ધર્મનું પાલન તો શક્ય નથી, કિન્તુ પરિણામે અધર્મ સેવનની જ વૃદ્ધિ થાય છે. આ કારણે જૈનશાસ્ત્રોમાં ધર્મના અધિકારી ભેદે જે બે વિભાગ પાડવામાં આવ્યા છે, તે સર્વથા સુસંગત છે. જે ગૃહસ્થો પાતાનાં સ્થૂલ વ્રતોના પાલન માટે નિષ્ઠાપૂર્વક દૃઢ મનોબળ દાખવે છે તેમનામાં કાળક્રમે સૂક્ષ્મ પાલન માટે રુચિ અને પ્રીતિ અવશ્ય જન્મે છે.

સાધુધર્મને લાયક અહિંસાદિ ધર્મોના પાલનનો આગ્રહ જેમ ગૃહસ્થોને ધર્મથી ચ્યુત કરનાર છે તેમ ગૃહસ્થ ધર્મને લાયક અહિંસાદિ ધર્મોના પાલનનો માર્ગ સાધુઓની આગળ મૂકવાથી સાધુ પણ સાધુધર્મથી ભ્રષ્ટ થાય છે, એ વાત પણ અધિકાર-ભેદના ગર્ભમાં આવી જાય છે.

સાધુ-મુનિરાજ સાધુધર્મ યથાર્થપણે પાળે અને એ સધુધર્મને આદર્શ રાખીને ગૃહસ્થ ગૃહસ્થધર્મને યથાર્થપણે પાળે તેમાં જ શ્રી સંઘ અને શાસનની પ્રભાવના સમાયેલી છે.

કક્ષા મુજબનું થતું ધર્મનું પાલન, વ્યક્તિને ઉત્તરોત્તર ચઢિયાતી કક્ષાને પાત્ર બનાવે છે. અને કક્ષાને અવગણનારો નિમ્નકક્ષામાં ધકેલાઇ જાય છે. ધર્મના વિભાગોનું આ હાર્દ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા યોગ્ય છે. જરૂરી વિભાગ કે ભેદ, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઉપકારક છે એ હંમેશા યાદ રાખવું જરૂરી છે.

✣ ✣ ✣

# સમ્યગ્દર્શન (સમકિત)નાં સોપાન

□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

આ જગત અનાદિકાલીન છે. તેમાં બે મુખ્ય પદાર્થો જેવાં કે જડ અને અને ચેતન છે. જગતના પદાર્થો કાં તો ચેતન યા જડ છે. જડ કર્મોના સંયોગથી સંસાર છે, જડના સંસર્ગોથી જીવ સર્વથા મુક્ત બને ત્યારે મુક્ત બન્યો કહેવાય. કર્મ જડ છે છતાં પણ તેનો જીવ સાથેનો સંબંધ અનાદિકાળથી છે. જડ કર્મોનો સંબંધ બંધાય છે, છૂટે છે, તેની પરંપરા અનાદિકાલીન છે. તેથી જીવને અનાદિકર્મવેષ્ટિત કહેવાને બદલે અનાદિકર્મ (સંતાન) સંવેષ્ટિત એટલે અનાદિકર્મની પરંપરાથી વિંટળાયેલો કહેવો વધુ યોગ્ય છે.

જીવ અનાદિકાળથી કર્મપરંપરાથી વેષ્ટિત છે. તેથી તેને સમ્યક્ત્વ દુર્લભ છે. છતાં પણ જીવને સમ્યક્ત્વ સુલભ બનાવ્યા વગર ચાલે તેમ નથી. તેના વગર સાચો ગૃહસ્થધર્મ કે સાધુધર્મ પામી શકતો નથી.

સમ્યકત્વ રત્નચિંતામણિથી વધારે મહત્ત્વનું છે. જેને જીવે સંસાર સાગરમાં ક્યારે પણ પ્રાપ્ત કર્યું નથી. જૈન દાર્શનિક ગ્રંથોમાં સમ્યકત્વનું વર્ણન અનેકાનેક રીતે કરાયું છે. જેમકે તે ત્યારે પ્રાપ્ત થાય જ્યારે તે પરિત્ત થયો હોય. કહ્યું છે કે :

જીનવયણે અનુસ્તા જીનવયણં કરેંતિ જાવિન ।

અમલા અસંકિલષ્ટા ભવન્તિ પરિત્તસંસારી ॥

એટલે કે રાગ અને દ્વેષરૂપી ગ્રંથિ અલ્પ, નહિંવત્ મળવાળી બની હોય, સંકલેશનો ક્ષય થયો તે જીવ પરિત્ત સંસારી કહી શકાય.

જિનશાસને ઉપદેશેલા શ્રુતધર્મ અને ચરિત્રધર્મની આંશિક આચરણા કરી રહેલા જીવો માટે કહી શકાય કે આયુષ્યકર્મ સિવાય જ્ઞાનાવરણીયાદિ સાત કર્મોની સ્થિતિ ઘણી ક્ષીણ થઇ હોય. તે પલ્યોપમના અસંખ્યાત ભાગે ઊણી એક કોટાકોટિ સાગરોપમથી અધિક ન હોવી જોઇએ. આવો જીવ શ્રુત અને ચારિત્રધર્મનું આચરણ કરતો હોઇ તે જીવ હવે ક્યારે પણ કોટાકોટિ સાગરોપમથી વધારે કર્મો સંચિત નહીં કરી શકે. તે જીવ સંસારમાં આયુષ્યકર્મ સિવાય એક પલ્યોપમના અસંખ્યાત ભાગે ઉણી એવી એક કોટાકોટિ સાગરોપમથી અધિક સ્થિતિના કર્મો ઉપાર્જિત કરી શકતો નથી.

મહાજ્ઞાની પુરુષોએ ફરમાવ્યું છે કે જ્યાં સુધી જીવ ગ્રંથિદેશે આવવા જોગ કર્મસ્થિતિની ન્યૂનતા પામતો નથી, ત્યાં સુધી તેવો જીવ નમસ્કાર મહામંત્ર કે તેનો નમો અરિહંતાણં પ્રથમ પદ પણ પામી શકતો નથી. તેથી આ મંત્રના માત્ર નમો શબ્દ પામનારનો સંસાર મર્યાદિત થઇ જાય છે. તેવો જીવ હવે પછી એક કોટાકોટિ સાગરોપમથી વધુ સંસારમાં રહેનાર હોતો નથી. તેનાં કર્મો નષ્ટ થાય તેમ વધે પણ ખરા; પરંતુ તેની મર્યાદા ક્યારે પણ એક કોટાકોટિ સાગરોપમથી વધુ નહીં હોય. કેવું સુંદર આશ્વાસન !

જૈન કુળોમાં નવકારમંત્રની પ્રાપ્તિ સુલભ ગણાય તેથી તે અંગે ઉપર વિચારણા કરી, કારણ કે ગ્રંથિદેશે આવેલા બધાં જ જીવો કે જેઓ કર્મસ્થિતિની લઘુતા પામેલા હોય તેઓ નવકારમંત્રાદિ પામેલા હોય તેવો નિયમ નથી. નિયમ તો એ છે કે જીવ જ્યાં સુધી ગ્રંથિદેશે આવવા જેવી કર્મની ન્યૂનતા ન પામે ત્યાંસુધી તે નવકારમંત્રાદિ પામી શકે જ નહીં !

ગ્રંથિદેશે આવેલો જીવ અસંખ્યાત કાળ સુધી ટકી શકે પણ તે દરમ્યાન તે આગળ ન વધે તો ફરી તે ગબડે છે.

જેને જૈનકુળ પુણ્યોદયના યોગે મળ્યું છે તે જીવો ભાગ્યશાળી કહેવાય. અહીં સુધી આવેલા જીવો કેટલાંક ચોથા અગર પાંચમા ગુણસ્થાનકે પણ હોઇ શકે. જેઓ ત્યાંસુધી ન પહોંચી શક્યા હોય તેઓ ગ્રંથિદેશે અવશ્ય આવેલા હોઇ શકે.

સંસાર સાગરમાં ઘૂમતા ઘૂમતા નદીગોળપાષાણ ન્યાયે ગ્રંથિદેશે આવેલા જીવો માટે હવે પુરુષાર્થ કરવાનો સુયોગ્ય અવસર છે. અહીં આવેલા જીવો જિનશાસને ઉપદેશેલા શ્રુત-ચારિત્રાત્મકધર્મને દ્રવ્યપણે પણ અમુક અંશે પામતા જીવો ધારે તો પુરુષાર્થને ફોરવીને સમ્યગ્દર્શનાદિ આત્મગુણો પ્રગટાવવા સમર્થ બની શકે છે.

અસંખ્યાત કાળ સુધી ટક્યા પછી તે પાછો પડે, અધિક સ્થિતિ ઉપાર્જે તે પણ શક્ય છે. પીછેહઠ પણ શક્ય છે.

ગ્રંથિદેશે પહોંચ્યા પછી સફળ થવા પહેલો પુરુષાર્થ ગ્રંથિ ભેદવાનો છે. ત્યાં સુધી ઉત્તરોત્તર પ્રગતિ શક્ય નથી. તે ભેદવામાં કાળની પરિપક્વતા અપેક્ષિત છે. ચરમાવર્તને પામેલો જીવ, જેની મુક્તિ એક પુદ્ગલાવર્ત કાળની અંદર થવાની છે તે જીવને મોક્ષ મેળવવાની ઇચ્છા થઇ શકે છે. તેનાથી વધુ કાળ સુધી જે જીવને સંસારમાં પરિભ્રમણ કરવાનું હોય છે તેને મોક્ષની ઇચ્છા જ થતી નથી ! પરંતુ મોક્ષની ઇચ્છા થતાં સાથે જ સમ્યકતાદિ પ્રાપ્ત થઇ જાય તે પણ શક્ય નથી. સંસાર-પરિભ્રમણ કરવાનો કાળ અર્ધ પુદ્ગલાવર્તથી કંઇક ન્યૂનપણાને પામી ગ્રંથિભેદ કરી તે સમ્યગ્દર્શનાદિ પામી શકે છે.

જેવી રીતે અભવ્ય કે દુર્ભવ્ય જીવોને મોક્ષની ઇચ્છા થતી નથી તેવી રીતે જાતિ ભવ્ય જીવોની વાત જ નકામી છે. કારણ કે તે જીવોમાં મોક્ષની ઇચછા પ્રગટી શકે એવી સ્વાભાવિક યોગ્યતા જરૂર છે; છતાં પણ તેઓ મોક્ષની ઇચ્છા પ્રગટે તેવી સામગ્રી પામતા જ નથી !

કેવો પુરુષાર્થ કરવો તે હવે સમજાયું હશે. ગ્રંથિદેશે આવેલા જીવોમાંથી જેઓ સમ્યગ્દર્શન પામનારા છે તેઓ ગ્રંથિને ભેદે છે; તેઓ યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે પહોંચાડનારી કર્મલઘુતાને પામે છે; તેવો જીવ જ્યારે અપૂર્વકરણવાળો બને છે ત્યારે તે તેના દ્વારા ગ્રંથિ ભેદનારો બને છે.

ગ્રંથિ એટલે ગાંઠ. રાગ અને દ્વેષ રૂપી ગાંઠને ભેદનાર પ્રગતિ કરે છે. લાકડાની ગાંઠ ભેદનારા જો ગાંઠ રૂઢ અને ગૂઢ હોય તો મહામુસીબતે તેને ચીરી શકે છે. રાગ અને દ્વેષના પરિણામરૂપી કર્મજનિત જે ગાંઠ છે તે કર્કશ, ગૂઢ અને રૂઢ હોય છે. તે ગ્રંથિ ન ભેદી શકનારા પાછા પડે છે, જ્યારે ભેદનારા પુરુષાર્થ દ્વારા તેને ભેદી અનુકૂળતા પ્રાપ્ત થતા પુરુષાર્થશીલ બની કર્મગ્રંથિને ભેદી સમ્યગ્દર્શન ગુણ પ્રગટ કર્યા વિના જંપતા નથી. તેથી કર્મગ્રંથિ ઉત્પન્ન થતી નથી પણ પ્રગટે છે. કર્મસ્થિતિ ખપનારા પરિણામને યથાપ્રવૃત્તિકરણ કહી શકાય. કર્મસ્થિતિની આટલી લઘુતા પ્રાપ્ત થયા બાદ પુરુષાર્થની આવશ્યકતા ઊભી થાય છે. અત્યાર સુધી પોતાના ખાસ પુરુષાર્થ વિના જ સામગ્રી અનુસાર યથાપ્રવૃત્તિકરણથી કર્મસ્થિતિ ખપી ગઇ. પણ તે યથાપ્રવૃત્તિકરણ પ્રગતિમાં કારણ બની શકતું નથી.

પુદ્ગલપરાવર્ત વિષે જરા સમજી લઇએ. ૧૦ ક્રોડા ક્રોડ પલ્યોપમનું એક સાગરોપમ; ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમની એક અવસર્પિણી, તેટલી જ ઉત્સર્પિણી. બે મળી એક કાળચક્ર થાય. એવાં અનેક કાળચક્રનું એક પુદ્ગલપરાવર્ત. એવાં અનેકાનેક પુદ્ગલપરાવર્ત પસાર કરી જીવ યથાપ્રવૃત્તિકરણ દ્વારા આર્યાવર્તમાં, જૈન કુળમાં, સુદઢ શરીરાદિ સંપત્તિ, સુગુરુ સમાગમ, ધર્મશ્રવણાદિ અનુષ્ઠાનો, મોક્ષાભિલાષ, તે સંબંધી સુયોગ્ય પ્રવૃત્તિ કરે તે ભાગ્યશાલીનું લક્ષણ ગણાવી શકાય.

સંસારની નિર્ગુણતાનું ભાન, ધર્મશ્રવણેચ્છા, આદિથી પરિણામની શુદ્ધિ થકી જીવને માટે પુરુષાર્થની આવશ્યકતા ઊભી થાય છે. અહીં જે આવે તે શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કરે છે. હવે તે જો ગ્રંથિને ભેદે તો જ સુંદર પ્રગતિ શક્ય બને.

હવે અપૂર્વકરણ આવે. ક્યારેય પણ ન થયો એવો આત્માનો અધ્યવસાય કે પરિણામને અપૂર્વકરણ કહેવાય. આવો શુભ અને તીવ્ર પરિણામ જીવને પૂર્વે કદી પણ પ્રગટ્યો જ ન હોય. ગ્રંથિ નજીક આવી પહોંચેલા જીવે કર્મગ્રંથિને ભેદવા અપૂર્વકરણ પેદા કરવો જ પડે છે. જીવે

પોતાના પ્રયત્નથી પેદા કર્યો છે તેથી તે શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કહેવાય. વિષય-કષાયની અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ તજવાનો ભાવ અપૂર્વકરણમાં હોય જ.

અપૂર્વકરણથી ગ્રંથિ ભેદાય છે અને અનિવૃત્તિકરણથી સમ્યગ્દર્શન પમાય છે. અપૂર્વકરણ કરનારો જીવ નિયમા સમ્યગ્દર્શનના ગુણને પામે છે. જીવ જ્યારે સમ્યકત્વના અધ્યવસાયમાં હોય ત્યારે એને મિથ્યાત્વ મોહનીયનો વિપાકોદય હોય જ નહીં. જો કારણવશાત્ તેનો વિપાકોદય થાય તો સમ્યકત્વનો અધ્યવસાય ચાલી જ જાય. ગ્રંથિ ભેદવા સજ્જ થયેલો જીવ અનિવૃત્તિકરણ દ્વારા એવી અવસ્થા પેદા કરે છે કે જેમાં કાં તો જીવને મિથ્યાત્વમોહનીયનો સર્વથા ઉદય જ ન હોય; કાં તો વિપાકોદય ન હોય. આવી અવસ્થા જીવ અપૂર્વકરણથી પેદા કરી શકતો નથી. અપૂર્વકરણ બાદ જે શુભ પરિણામ પ્રગટે તેને અનિવૃત્તિકરણ કહેવામાં આવે છે. અનિવૃત્તિકરણ એ જ સમ્યકત્વરૂપ આત્મપરિણામ પૂર્વેનો અનંતર એવો કરણ છે.

અનિવૃત્તિકરણ નામના પરિણામ દ્વારા આત્મા કેવી સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે સમજીએ. અહીં કાર્મગ્રંથિક અભિપ્રાય અને સૈદ્ધાન્તિક અભિપ્રાયોમાં મતભેદ છે, બે પ્રકારના અભિપ્રાયો છે.

કાર્મગ્રંથિક અભિપ્રાયે અનિવૃત્તિકરણના કાળ દરમ્યાન તે એવું કામ કરે છે કે તેને ત્રણ કાર્યરત ગણાવી શકાય. એક એ અંતર્મુહૂર્તમાં સ્વતઃ ઉદયમાં આવનારાં મિથ્યાત્વ મોહનીયના દલિકો ખપાવે છે. બીજું પછીના અંતર્મુહૂર્તમાં ઉદયમાં આવનારા મિથ્યાત્વ મોહનીયનાં જે દલિકોની સ્થિતિ ઘટાડી શકાય તેની સ્થિતિ ઘટાડી તેની સ્થિતિ ખપાવે છે; અને ત્રીજું પછી ઉદયમાં આવનારા દલિકોની સ્થિતિ ઘટાડી ન શકાય તો તેની સ્થિતિ વધારી દે છે.

કાર્મગ્રંથિક અભિપ્રાય પ્રમાણે સમ્યકત્વના પરિણામને પામનારા અનાદિ મિથ્યાદષ્ટિ જીવો પહેલાં ઔપશમિક સમ્યકત્વના પરિણામને જ પામે છે ત્યારે સૈદ્ધાન્તિક અભિપ્રાય પ્રમાણે બધાં જ જીવો પહેલાં ઔપશમિક સમ્યકત્વ જ પામે એવો નિયમ નથી. તેવાં જીવો તે પામ્યા વિના ક્ષાયોપશમિક સમ્યકત્વને પામે. જે જીવો ઔપશમિક સમ્યકત્વને પામનારા હોય તેઓ ઔપશમિક સમ્યકત્વ પામે પરંતુ તેઓમાં એવા જીવો પણ હોઈ શકે કે તેઓ આવું સમ્યકત્વ ન પામતાં અનિવૃત્તિકરણ દ્વારા ક્ષાયોપશમિક સમ્યકત્વ જ પામે.

બીજું સૈદ્ધાન્તિક અભિપ્રાય પ્રમાણે જે અનાદિ મિથ્યાદષ્ટિ જીવો ક્ષયોપશિક સમ્યકત્વ પામનારા હોય તેઓ અપૂર્વકરણના કાળમાં જ જેમ ગ્રંથિ ભેદ કરે છે તેમ ત્રણ પુંજ પણ અપૂર્વકરણના કાળમાં જ કરે છે. અનિવૃત્તિકરણ પછીના અંતર્મુહૂર્તને અંતકરણ કહેવાય છે. એના દ્વારા મિથ્યાત્વ મોહનીયના દળિયાનું સફાઈ કરે છે. તેમાં બધાં દળિયા શુદ્ધ થતાં નથી. કેટલાંક શુદ્ધ બને છે; કેટલાંક અર્ધશુદ્ધ બને છે અને કેટલાક અશુદ્ધ જ રહે છે. શુદ્ધ બને તેને સમ્યકત્વ મોહનીયનો પુંજ કહેવાય, અર્ધશુદ્ધ કે શુદ્ધાશુદ્ધને મિશ્રમોહનીય તથા અશુદ્ધને મિથ્યાત્વ મોહનીયનો પુંજ કહેવાય છે. અનિવૃત્તિકરણ દ્વારા જે જીવ સમ્યકત્વને પામે તે ઔપશમિક સમ્યકત્વ કહેવાય.

ઔપશમિકસમ્યકત્વના અંતર્મુહૂર્તના અંતે જો મિથ્યાત્વ પુંજના દળિયા ઉદયમાં આવે તો જીવ સમ્યકતાને વમી નાંખે છે. જો મિશ્ર મોહનીયના દળિયા ઉદયમાં આવે તો ચતુર્થગુણસ્થાનકથી હઠી જઈ તૃતીય સ્થાનવર્તી બની જાય. અને તે ત્યાંથી પહેલે ગુણસ્થાને પણ ચાલી જાય ! ફરી ચોથે આવે ખરો. જે જીવને સમ્યકત્વમોહનીયના દળિયા ઉદયમાં આવે તે જીવ ઔપશમિક સમ્યકત્વમાંથી ક્ષાયોપશમિક સમ્યકત્વને પામ્યો એમ કહેવાય. ગમે તેમ પણ મોક્ષ મેળવવા ક્ષપક શ્રેણિ અથવા ક્ષાયોપશમિક સમ્યકત્વ પામવું અત્યંત આવશ્યક છે.

અહીં શાસ્ત્રીય બીજો મત એવો છે કે મિથ્યાદષ્ટિ જીવ ઔપશમિક સમ્યકત્વ પામ્યા વિના સીધો જ ક્ષાયોશમિક સમ્યકત્વ પામી શકે છે. તે જીવ અપૂર્વકરણા દ્વારા ગ્રંથિભેદ કરી તે કાળમાં જ ત્રણ પુંજ કરે છે, પછી અનિવૃત્તિકરણ દ્વારા ત્રણ પુંજ પૈકીના શુદ્ધ પુંજના ઉદયને પામે છે, તે પામી ક્ષાયોપશમિક સમ્યકત્વના પરિણામનો સ્વામી બને છે. આ શાસ્ત્રીય માન્યતા મુજબ જીવ મિથ્યાત્વમોહનીયના દળિયાના ત્રણ પુંજ અનિવૃત્તિકરણથી નહીં પણ અપૂર્વકરણથી કરે છે.

એક શાસ્ત્રીય મત પ્રમાણે અનાદિ મિથ્યાદષ્ટિ જીવ ઔપશમિક સમ્યકત્વ પામ્યા વિના સીધો જ ક્ષાયોપશમિક સમ્યકત્વ પામી શકે છે. આ જીવ અપૂર્વકરણ દ્વારાજ ગ્રંથિભેદ કરી અપૂર્વકરણના કાળમાં જ ત્રણ પુંજ કરે છે. ત્યારપછી અનિવૃત્તિકરણ દ્વારા ત્રણ પુંજ પૈકીના શુદ્ધ પુંજના ઉદય પામી ક્ષાયોપશમિક સમ્યકત્વના પરિણામનો સ્વામી બને છે. આ મત પ્રમાણે દળિયાના ત્રણ પુંજ અનિવૃત્તિકરણથી નહીં પણ અપૂર્વકરણથી કરે છે.

જે જીવ ઔપશમિક સમ્યકત્વને પામીને કે તે વિના ક્ષાયોપશમિક સમ્યકત્વ પામી તેના પરિણામમાં સુદઢ રહે; પ્રથમ સંઘયણાદિ સામગ્રી મેળવે તો તે જીવ ક્ષપકશ્રેણિ માંડવા યોગ્ય સામગ્રીથી પરિણામ પામે. પરંતુ દર્શનમોહનીયની સાત પ્રકૃતિનો ક્ષય કરી અટકી જનારની શ્રેણિને ખંડક્ષપકશ્રેણિ કહેવાય છે.

ક્ષપકશ્રેણિ એટલે ઘાતી કર્મોની મૂળમાંથી ક્ષપણા. તેમાં દર્શનમોહનીયની સાતેય પ્રકૃતિઓ, ત્યારપછી ચારિત્રમોહનીયની ક્ષપણા. મોહનીય કર્મ ક્ષીણ થયા પછી ઘાતી કર્મો ક્ષય કરી ક્ષાયિક સમ્યકત્વ પ્રગટાવ્યા વિના ચાલતું જ નથી. તે માટે ક્ષપકશ્રેણિ માંડવી જ જોઈએ. ક્ષપકશ્રેણિ ચોથા ગુણ-સ્થાનકે રહેલો જીવ, પાંચમે, છઠ્ઠા, સાતમા ગુણ સ્થાનકે પણ માંડી શકે છે ! તે માટે પ્રથમ સંઘયણાદિ જોઈએ તેમ ચોથું ગુણ સ્થાનક પણ આવશ્યક છે.

પહેલે ગુણસ્થાનકે રહેલો અનાદિ મિથ્યાદષ્ટિ જીવ ઔપશમિકસમ્યકત્વ અગર મતાંતરે ક્ષાયોપશમિકસમ્યકત્વ પામી શકે પણ સીધો ક્ષાયિકસમ્યકત્વ પામી ન શકે. કોઈ જીવ વિશેષ અંતિમ ભવમાં, અંતિમ કાળમાં મિથ્યાત્વને ઉપશમાવે, ઉપશમ-સમ્યકત્વ પામે, ક્ષાયોપસમિક સમ્યકત્વ પામે, ક્ષપકશ્રેણિ માંડે, ક્ષાયિકસમ્યકત્વ પામે, ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓ ક્ષીણ કરી, ત્રણ બાકીનાં ઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરી આયુષ્યના અંતે શેષ ૪ અઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરી મોક્ષ પામી જાય. ટુંકાણમાં ત્રણ પ્રકારનાં જે સમ્યકત્વ છે જેવાં કે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક તેમાં ક્ષાયિક માટે ક્ષપકશ્રેણિ માંડવી જ પડે.

કાર્મગ્રંથિક અભિપ્રાય પ્રમાણે અનાદિ મિથ્યાત્વી જીવ સમ્યકત્વ પામે ત્યારે અપૂર્વકરણ દ્વારા કર્મગ્રંથિને ભેદ્યા પછી તે જીવ અનિવૃત્તિકરણ દ્વારા અંતરકરણ પેદા કરી સત્તાગત દળિયાના ત્રણ પુંજ કરી, ત્યારબાદ ત્રણ પુંજમાંથી સમ્યકત્વમોહનીય પુંજનો ઉદય થતાં ચોથા ગુણ સ્થાનકે ટકી જાય છે. તેમાંથી મિથ્યાત્વ મોહનીય પુંજનો ઉદય થતાં પહેલા ગુણસ્થાનકને પામે તથા મિશ્રમોહનીયરૂપી અર્ધશુદ્ધ પુંજનો ઉદય થતાં ત્રીજા મિશ્રગુણ સ્થાનકને પામે છે. આમ આવો જીવ પહેલાં ઔપશમિકસમ્યકત્વ જ પામે તેના કાળમાં જ ત્રણ પુંજ કરી ક્ષાયોપશમિકસમ્યકત્વ પામે, કાં તો ત્રીજા મિશ્રગુણ સ્થાનકને પામે, કાં તો ફરી મિથ્યાદષ્ટિ બને. સૈદ્ધાન્તિક મત પ્રમાણે મિથ્યાદષ્ટિ જીવ પહેલાં ઔપશમિકસમ્યકત્વ જ પામે એવો નિયમ નથી. એવો જીવ ઔપશમિકસમ્યકત્વ પામ્યા વિના સીધો જ ક્ષાયોપશમિકસમ્યકત્વ પામે. જ્યારે જે જીવ ઔપશમિકસમ્યકત્વ પામે તે કાળ રૂપી અંતરકરણ કાળ સુધી સમ્યકત્વના આસ્વાદ પામી પુનઃ મિથ્યાત્વના ઉદયને જ પામે, એટલે કે ઔપશમિક સમ્યકત્વના કાળમાં ત્રણ પુંજ કરે જ નહીં.

સમ્યકત્વ પામ્યા પછી તેનો સંસાર પરિત્ત એટલે કે પરિમિત અથવા મર્યાદિત થઈ જાય છે. સમ્યકત્વ વમે નહીં તો પુદ્ગલપરાવર્તની અંદર મોક્ષ પામે. અર્ધપુદ્ગલપરાવર્તનથી ન્યૂન સમયમાં કે ફક્ત અંતરમુહૂર્તમાં પણ મોક્ષ પામી શકાય.

તે માટે પુણ્યાત્માઓએ સમ્યકત્વના રક્ષણની કાળજી રાખવી. દિન પ્રતિદિન તે વધુ ને વધુ શુદ્ધ બને એવો પુરુષાર્થ કરવાનો છે. રાગ અને દ્વેષથી સંસાર છે. સંસારની ગાંઠરૂપી આ તીવ ગ્રંથિનો અપૂર્વકરણ દ્વારા નાશ કરી, કર્મોની જડ હચમચાવી નાંખી, આવા ભાવથી અપૂર્વ કોનો અધ્યવસાય પ્રગટે છે અને તે દ્વારા જ કર્મગ્રંથિ ભેદાય છે.

સમ્યક્ત્વ એ એકડો છે. તેના વિના સમગ્ર ધાર્મિક અનુષ્ઠાનાદિ શૂન્ય બરોબર છે. સમ્યક્ત્વરૂપી એકડો આગળ આવતાં તેની કિંમત ૧૦, ૧૦૦, હજાર, લાખ ગણી થવા પામે છે. તે વગર જ્ઞાન પણ અજ્ઞાન છે, ચારિત્ર પણ ચારિત્ર ગણાતું નથી, તપ પણ કાયકષ્ટ ગણાય છે. સમ્યક્ દર્શનને દર્શન, મુક્તિબીજ, સમ્યક્ત્વ, તત્ત્વસાધન, તત્ત્વવેદન, દુઃખાંતકૃત, સુખારંભ પણ કહેવાય છે. 'તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઇયં' એટલે જ સમ્યક્ત્વ-દઢશ્રદ્ધા તે સમ્યગ્દર્શન.

સમ્યગ્દર્શન સંસારને મર્યાદિત બનાવે છે. અર્ધપુદ્‌ગલપરાવર્તથી વધુ સંસારી જીવો સમ્યગ્દર્શન પામી શકતા નથી. રાગ-દ્વેષના ગાઢ પરિણામ જતાં તે પ્રગટે છે. સમ્યગ્દર્શન એટલે તત્ત્વરુચિ. સમ્યગ્દર્શન પામતાં અર્ધપુદ્‌ગલપરાવર્તનથી ન્યૂન સમયમાં મુક્તિ. સમ્યગ્દર્શનને ધર્મવૃક્ષના મૂળ તરીકે, ધર્મનગરના પ્રવેશદ્વાર તરીકે, ધર્મરૂપ પ્રાસાદની પીઠ તરીકે, ધર્મરૂપ જગતના આધાર તરીકે, ઉપશમરસના ભાજન તરીકે, ગુણરત્નના નિધાન તરીકે વર્ણવાયું છે. સમ્યગ્દર્શનના ૬૭ બોલ છે. તેમાંથી ગમે તેટલાં આત્મસાત્ કરનાર તેનો અધિકારી બને છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય તેનાં સોપાનો છે.

જીવ અનંત, અપાર, અગાધ સંસારસાગરમાં ચાર ગતિમાં જીવ અનંતાનંત પુદ્‌ગલપરાવર્તકાળથી ભટકતો જ રહ્યો છે છતાં પણ તેનો પાર કેમ ન આવ્યો ? જીવ સંસારરસિક રહ્યો. તે ભવાભિનંદી કે પુદ્‌ગલાનંદી હોઇ સાંસારિક સુખાદિની વાંછના કરી કે સ્વર્ગીય સુખોની સ્પૃહા કરી. ધર્મ કર્યો પણ ધર્મનો મર્મ ન સમજાયો.

તામલી તાપસે ૬૦,૦૦૦ વર્ષો સુધી ખૂબ તપશ્ચર્યા કરી તે મિથ્યાદષ્ટિ હતો તેથી તેના તપનું ફળ સમ્યગદષ્ટિના એક નવકારશી કરતાં પણ ન્યૂન હતું ને ! તો હવે કયો પુરુષાર્થ કરવો ? જે કંઇ ધાર્મિક અનુષ્ઠાન, આચરણ ક્રિયાદિ કરાય તે સમ્યક્ત્વ માટે કરીએ છીએ તેવો આત્માનો પરિણામ થવો જોઇએ. એટલે કે તપ કરો છો શા માટે ? સમ્યક્ત્વ માટે દેરાસર દર્શન, પૂજાદિ અનુષ્ઠાનો શા માટે સમકિત મેળવવા માટે, સમકિત પામવા માટે. તપ, જપાદિ શા માટે? સમકિત માટે સામાયિક, પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો શા માટે ? તો સમ્યગ્દર્શન મેળવવા માટે. બાંધી નવકારવાળી કે પ્રભુદર્શન-પૂજાદિ શા માટે તો સમકિતી થવા માટે. ચરણસિત્તરી અને કરણસિત્તરી શા માટે ? તો સમકિત પ્રાપ્ત કરવા માટે. ચૌવિહારાદિ પ્રત્યાખ્યા, અંતરાયાદિ પૂજા શા માટે ? તો સમકિત સંપાદન કરવા માટે. આ રીતનું માનસિક વલણ તૈયાર કરવાથી કીટભ્રમરીન્યાયે સમતિતમય વાતાવરણથી સમકિત વણમાંગ્યું દોડતું આવીને તમારી પ્રતીક્ષા કરશે. આવો પુરુષાર્થ કરવાથી અપૂર્વકરણ, પછી અનિવૃત્તિકરણ અને તે દ્વારા સમકિતી થવાશે જ. અનિવૃત્તિકરણ સમકિત-સમ્યગ્દર્શન તેડી લાવે છે. આ જાતની મનોદશાવાળા જીવનો સંસારકાળ પરિત્ત થયો હોય એટલે કે તે અર્ધપુદ્‌ગલાવર્તથી ન્યૂન રહ્યો હોય ત્યારે જ શક્ય બનશે. સમકિત જતું ન રહે તે માટે તેને વધુ સુદઢ, નિર્મળ બનાવતા રહેવું જોઇએ. અર્ધપુદ્‌ગલાવર્તથી ન્યૂન જેનો સંસાર રહ્યો હોય તે અંતરમુહૂર્તમાં પણ સંસારસમુદ્ર ઓળંગી શાશ્વત પરમપદનો સ્વામી બની જાય છે.

❖❖❖

# સ્વ. ચીમનલાલ જે. શાહ : એક ગુલાબી જણ

□ પૂર્ણિમા પકવાસા

'ગમતું હોય તો અલ્યા ગૂંજે ન ઘાલીએ,
ગમતાનો કરીએ ગુલાલ.'

કવિતાની આ સુંદર પંક્તિઓને સાચા અર્થમાં ચરિતાર્થ કરનારા એક જણ તે આપણા પ્રિય સર્વમિત્ર ચીમનભાઇ જે. શાહ હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ મંત્રી અને ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહનું ગયા વર્ષે પર્યુષણ પર્વ દરમ્યાન અવસાન થયું. એમના જવાથી આપણે એક ગુલાબી જણ ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું છે. ગયે વર્ષે પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા વખતે હું મુંબઇમાં ઉપસ્થિત હતી, એટલે વ્યાખ્યાનો સાંભળવાની તક મેં ઝડપી લીધેલી. આ સાથે ઘણાં વખતે જૂના સહૃદય મિત્રોને મળવાનો પણ લાભ મળ્યો હતો. શ્રી ચીમનભાઇને ત્રણે દિવસ મળી શકાયું, તેનો મને આનંદ રહ્યો હતો.

શાંતિથી સ્ટેજ પર એક ખુરશી પર બેસીને બંધ આંખે વ્યાખ્યાનરસનું પાન કરતા તેમને જોઇએ ત્યારે લાગે કે કેટલી બધી તન્મયતાથી તેઓ વ્યાખ્યાનને હૃદયસ્થ કરી રહ્યાં છે ! બે વ્યાખ્યાન વચ્ચેનાં અવકાશના ગાળામાં તેઓ પોતાના સ્થાનેથી ઊભા થઇને માઇક પર આવે, અને તેમના ધીર ગંભીર અને સ્વસ્થ અવાજથી બે મિનિટમાં શ્રોતાજનોને તે વખતની વ્યાખ્યાનમાળામાં એકત્રિત થનારા ફંડનો જે જરૂરતમંદ સંસ્થાના કાર્ય માટે ઉપયોગ થવાનો હોય, તેના વિષે ટૂંકમાં સરસ માહિતી આપે. અને પછી તરત પોતાના સ્થાને બેસી જાય. આ પ્રમાણે ક્રમ રહેતો હતો.

જ્યારે પણ મારે તેમને મળવાનું થાય અથવા ટેલિફોન પર વાત થાય ત્યારે એટલા બધાં હરખ આનંદ અને આત્મીયતાથી તેઓ વાત કરે કે આપણા દિલ દિમાગને તેમની એ ખુશાલીનો સ્પર્શ જરૂર થાય. તેઓ હંમેશા ખુશખુશાલ જ રહેતા હોય તેવું આપણને જણાય.

'ગમતાનો કરીએ ગુલાલ' એ સૂત્ર જાણે તેમનો જીવનમંત્ર બની ગયું હોય તેવું લાગ્યા વિના ન રહે. એમણે ખરેખર ગુલાબમય જીવન જીવી જાણ્યું છે. તેઓ સત્ સાહિત્યનાં ખૂબ પ્રેમી હતા. એટલે પોતે જે કાંઇ વાંચે, સાંભળે, તેમાંથી સારાસારનું દોહન કરીને તે એકત્રિત કરેલી સામગ્રીને સુંદર રીતે ગોઠવીને છપાવે. નાની નાની નમણી પુસ્તિકાઓ રૂપી આ સાહિત્યને તેમણે બહુ ઉચિત નામ આપેલું 'ગુલાબનું પડીકું'. આવા નંબરવાર 'પડીકું નં. ૧-૨-૩' એવી રીતે અનેક પડીકાંઓને પ્રગટ કરીને તેઓ મિત્રોમાં તેની લહાણી કરતા રહેતા. કેવો સુંદર વિચાર ? જે લોકો પાસે ઓછો સમય હોય તેઓને ટૂંકાણમાં પ્રગટ થયેલું સાહિત્ય વાંચવાનો લાભ મળતો, અને આ લાભ આપનાર ચીમનભાઇ ઉપર અભિનંદનની વર્ષા વરસતી.

તેમના જેવું અભિજાત વ્યક્તિત્વ બહુ ઓછું જોવા મળે છે. તેઓ જૈન યુવક સંઘ ઉપરાંત વિશાળ મિત્ર મંડળ ધરાવતા હતા. પોતાના ઉજળા જીવતરને રૂડા વિચારો થકી ભર્યુંભાદર્યું બનાવીને જીવી જાણનારા આ ગુલાબી જણના સમગ્ર વ્યક્તિત્વમાંથી જાણે 'ગુલાબી' ઝરતું હોય તેવું લાગે. તેઓ સદા પ્રસન્નમુદ્રામાં જ દેખાય.

આવા આ ગુલાબી મિત્રે વાતાવરણમાં પ્રસરાવેલો ગુલાલ સદા સ્મરણીય બની રહેશે. તેઓ શુભ પ્રસંગોએ અવારનવાર સુંદર પ્રેરણાદાયી વાક્યો નાના કાર્ડ પર અથવા 'બુક માર્ક' પર કલામય રંગીન અક્ષરોમાં છપાવીને સુંદર ગુલાબ પુષ્પ સાથે મિત્રોને મોકલતા. આવા કેટલાક કાર્ડો મેં સાચવી રાખ્યા છે. મારી વર્ષગાંઠનો દિવસ તે નવરાત્રિનો પ્રથમ દિવસ તેમણે બરાબર યાદ રાખેલો. એટલે તે પ્રસંગે દર વર્ષે સુંદર ભાવવાહી, અર્થપૂર્ણ ચિત્રવાળું કાર્ડ તેઓ મને અવશ્ય મોકલતા. એક વખત બે પોપટવાળું રંગીન સુંદર કાર્ડ તેમણે મોકલેલું. આ બધા સંભારણાંઓ તેમના સ્વભાવની મીઠપની યાદ દેવરાવતા, મારા સંગ્રહમાં સદા મહેકતા રહે છે, અને રહેશે.

આવા આપણા પરમ સ્નેહી ચીમનભાઇ હવે આપણી વચ્ચે નથી, તે વસમી વાત છે. પરંતુ તેમનો સદા હસતો પ્રસન્ન ચહેરો નજર સામે તરવરતો રહેશે.

❖❖❖

# જૈન પૂજા-સાહિત્ય

□ ડૉ. કવિન શાહ

જૈન કાવ્યપ્રકારોની વિવિધતામાં અનેરી ભાત પાડતું પૂજા સાહિત્ય ભક્તિમાર્ગની પરંપરાનું અનુસરણ કરે છે. સંસ્કૃત ભાષાના પૂજ્ ધાતુ પરથી પૂજા શબ્દ રચાયો છે. તેનો અર્થ પૂજ્યભાવ, માન, સન્માન, ભક્તિ, થાય છે. ભક્તિમાર્ગમાં તેનો અર્થ ઇષ્ટદેવ પ્રત્યે ભજન-કીર્તન દ્વારા પૂજ્યભાવ પ્રગટ કરીને મહિમા ગાવાનો છે. વ્યવહાર જીવનમાં માતા-પિતા અને વડીલો પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ કરીને ભારતીય સંસ્કૃતિની પરંપરાનું અનુસરણ થાય છે. આ સંસ્કારો ધર્મમાર્ગમાં વિશેષ રીતે પ્રગટ થયેલા જોવા મળે છે. ઇષ્ટદેવ એટલે કે પરમપદની પ્રાપ્તિ કરનાર પરમેશ્વર. એમની સાકાર ઉપાસનાનું સાહિત્ય વિવિધ પ્રકારોમાં ઉપલબ્ધ થાય છે. તેમાં પૂજા-સાહિત્યની પણ પોતાની અસ્મિતા છે.

નવધા ભક્તિમાં પૂજન, અર્ચન, સ્મરણ, કીર્તનનો સમાવેશ થાય છે. તે દષ્ટિએ વિચારીએ તો તેમાં પૂજા-સાહિત્યનું અનુસંધાન થયેલું છે. ભક્તિમાર્ગ એ માત્ર લાગણીવેડા કે દંભ નથી પણ સાકાર ઉપાસના દ્વારા મુક્તિ સહજસાધ્ય છે એમ ફલિત થાય છે. નરસિંહ, મીરાંબાઇ, સૂરદાસ, તુકારામ જેવા ભક્તો મુક્તિ કરતાં પણ ભક્તિને વધુ ઇચ્છે છે.

કવિ યશોવિજયના ઋષભદેવના સ્તવનમાં પણ ઉપરોક્ત હકીકત સ્થાન ધરાવે છે.

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી
જેહશું સબળ પ્રતિબંધ લાગો.' (૧)

કઠિન જ્ઞાનમાર્ગમાં બધાં લોકો પ્રવેશ પામી શકતા નથી. જ્યારે ભક્તિ સહજ સાધ્ય હોવાથી તેમાં વધુ લોકો વિકાસ કરે છે. એમાં ઊર્ધ્વગમન થતાં વાર લાગતી નથી. સર્વ સાધારણ જનતાને ભક્તિમાર્ગ સ્પર્શે છે તેટલો જ્ઞાન માર્ગ સ્પર્શતો નથી. છતાં કવિઓએ ભક્તિમાર્ગમાં કલમ ચલાવીને તેમાં જ્ઞાનમાર્ગનો સુયોગ કર્યો છે. ભક્તિ એટલે ઇષ્ટદેવ સાથે સીધો સંબંધ છે. ભક્ત અને ભગવાન સાથે ગુણગાન દ્વારા સાતત્ય સાધી શકાય છે. આત્મદર્શનની દીર્ઘકાલીન તિતિક્ષા તેના દ્વારા પૂર્ણ થાય છે. સ્તુતિ, સ્તવન, ગહુંલી વગેરે કાવ્ય પ્રકારો ભક્તિવિષયક છે. પૂજાસાહિત્ય પણ તેની સમાન કક્ષાએ સ્થાન ધરાવે છે.

પૂજા વિશેના શાસ્ત્રીય આધારની માહિતી નીચે પ્રમાણે છે. ઉવવાઇસૂત્ર, ભગવતી, સમવાયાંગ, જ્ઞાતાસૂત્ર, જીવાભિગમ, જંબુ દ્વીપ, પ્રજ્ઞપ્તિ જેવા આગમગ્રંથોમાં દેવો અને મનુષ્યોએ પ્રભુ પૂજા ભક્તિ કરીને જીવન સફળ કર્યું છે તેવા સંદર્ભો મળે છે. અંબડ પરિવ્રાજકે ૭૦૦ શિષ્યોના પરિવાર સાથે નિશ્ચય કર્યો હતો કે વીતરાગ સિવાય અન્ય કોઇની પૂજા ભક્તિ કરવી નહિ. ઉપાસક દશાંગ સૂત્રમાં ભગવાન મહાવીરના દશ શ્રાવકોની મહાવીર સ્વામી પ્રત્યેની ભક્તિનો ઉલ્લેખ થયેલો છે.

દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ બે પ્રકારનો સમન્વય સાધતું પૂજા સાહિત્ય ભક્તિમાર્ગમાં નવો રાહ ચીંધે છે. સત્તરમા શતકમાં ભક્તિમાર્ગનો વિશેષ પ્રચાર થયો. ભક્તિની અસરથી આ શતકમાં પૂજા સાહિત્ય ઉદ્ભવ્યું. ખરતરગચ્છના સાધુ કીર્તિકવિએ સં. ૧૬૧૮માં અને તેજ સમય દરમ્યાન સકલચંદ્ર ઉપાધ્યાયે સત્તર ભેદી પૂજાની રચના કરી હતી. મંદિરમાં પ્રભુની પૂજા કરવાના સત્તર પ્રકાર, અષ્ટ પ્રકાર, એકવીશ પ્રકાર, ચોસઠ પ્રકાર અને નવ્વાણું પ્રકાર વગેરે પૂજાઓ ક્રમશઃ રચાઇ છે. પૂજા માટે સ્તુતિ, દુહા અને ગીતો પણ મોટી સંખ્યામાં રચાયાં છે. પ્રભુના જન્માભિષેકની ઉજવણીના આધારે 'સ્નાત્રપૂજા' રચાઇ અને પાંચ કલ્યાણકના સંદર્ભથી પંચકલ્યાણક પૂજાઓ રચાઇ છે. પ્રભુનાં પાંચ કલ્યાણકોમાં જન્મકલ્યાણક વિશેષ મહત્ત્વનું ગણાય છે. તે દષ્ટિએ સ્નાત્રપૂજા વધુ લોકપ્રિય બની છે. તમામ ધાર્મિક પર્વો અને મહોત્સવોની ઉજવણી તથા વ્યવહારજીવનમાં મંગલરૂપે સ્નાત્રપૂજા જીવનમાં અંગરૂપ બની છે. કેટલાક કવિઓએ આવા સંદર્ભથી પૂજાઓ રચીને તેના વિકાસમાં યોગદાન કર્યું છે. આ સાહિત્ય દ્વારા ભક્તિમાર્ગની વિશ્વસ્તરીય ક્ષિતિજનો વિસ્તાર થયો છે.

સ્નાત્ર પૂજા, પ્રભુના જન્માભિષેકનું વર્ણન કરતી નાટ્યાત્મક અંશો ધરાવતી ભક્તિમાર્ગની કાવ્યકૃતિ છે. કવિ દેવપાલ, દેવચંદ્રજી, માણિક્યસુંદરસૂરિ, પંડિત વીરવિજયજી, આ. બુદ્ધિસાગરસૂરિ, આ. લબ્ધિસૂરિ, કવિ આત્મારામજી, વગેરેની સ્નાત્રપૂજા રચનાઓ પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં પંડિત વીરવિજયજીની સ્નાત્રપૂજા વધુ લોકપ્રિય છે. જ્યારે રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરેમાં દેવચંદ્રજીની સ્નાત્રપૂજા વધુ પ્રચલિત છે. તેમાં પ્રભુનો જન્માભિષેક કેન્દ્ર સ્થાને છે. દેવોએ મેરૂપર્વત ઉપર ભગવાનનો જન્માભિષેક ઉજવ્યો હતો તેનું અનુસરણ કરીને મૃત્યુલોકના માનવીઓ સ્નાત્રપૂજા દ્વારા જન્મોત્સવ ઉજવે છે. જિનમંદિરમાં સિંહાસનની અંદર પ્રભુની મૂર્તિની સ્થાપના કરીને મહોત્સવ ઉજવાય છે. તેની શૈલી પ્રસંગ વર્ણન દ્વારા ચિત્રાત્મક છે. વૃત્ત વૈવિધ્યથી વિશિષ્ટ કર્ણપ્રિય ધ્વનિનું શ્રવણ ભક્તિમાં એકાગ્ર કરે છે. દેવપાલ અને દેવચંદ્રજીની સ્નાત્રપૂજામાં પ્રાકૃત અને અપભ્રંશ શબ્દ પ્રયોગો વિશેષ છે. જ્યારે અન્ય કવિઓએ ગુજરાતી ભાષાનો પ્રયોગ કર્યો હોવાથી તે વધુ લોકપ્રિય બની છે. વીરવિજયજીની સ્નાત્રપૂજા પર દેવચંદ્રજીની રચનાનો વિશેષ પ્રભાવ છે. ગુજરાતી ભાષાનો પ્રયોગ કર્યો હોવાથી વીરવિજયજીની સ્નાત્રપૂજા મધુર અને રસિક બની છે. આત્મારામજીની રચનામાં સંગીતના સૂરોની લિજ્જત માણીને ભક્તિમાં તલ્લીન થવાય છે. શાસ્ત્રીય રાગના પ્રયોગ એમની કૃતિના ભક્તિ રસને સાર્થક કરે છે.

સ્નાત્રપૂજામાં તો જન્મકલ્યાણકની ઉજવણી હોય છે. તેમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીને ભગવાનના પાંચ કલ્યાણકની ઉજવણી નિમિત્તે કવિઓએ 'પંચકલ્યાણક પૂજા' રચી છે.

વિવિધ પ્રકારના પૂજા સાહિત્યની માહિતી નીચે પ્રમાણે છે :

(૧) પંચ કલ્યાણકપૂજા-પંડિત રૂપવિજયજી અને વીર વિજયજીની સં. ૧૮૮૯, ચતુરસાગરની શાસનપતિ (મહાવીર) પૂજા સં. ૧૯૬૧, આ. વલ્લભસૂરિની પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સં. ૧૯૬૩, મહાવીર સ્વામી પંચકલ્યાણક પૂજા સં. ૧૯૭૪ અને શાંતિનાથ પંચકલ્યાણકપૂજા સં. ૧૯૮૧. માણિક્યસિંહસૂરિ સં. ૧૯૭૬, આ. ધુરંધરસૂરિ આદિનાથ પંચકલ્યાણક પૂજા સં. ૨૦૦૧, આ. યશોભદ્રસૂરિ-મહાવીર જિન પંચ કલ્યાણક પૂજા ૨૦૦૬, અને આ. રાજયશસૂરિની મુનિસુવ્રત સ્વામી પૂજા સં. ૨૦૪૪.

(૨) અષ્ટ પ્રકારી પૂજા--ઉત્તમવિજયજી સં. ૧૮૧૩, કવિ દેવવિજયજી સં. ૧૮૨૧, પંડિત વીરવિજયજી સં. ૧૮૫૮, કવિ આત્મારામજી સં. ૧૯૪૩, કમલસૂરિ સં. ૧૯૭૦, આ. લબ્ધિસૂરિ સં. ૧૯૮૦, આ. વલ્લભસૂરિ સં. ૧૯૬૨ અને વિજયાનંદસૂરિ પૂજાષ્ટક, અને કુંવરવિજયજી વગેરેની પૂજાઓ પ્રાપ્ત થાય છે.

(૩) સત્તરભેદી પૂજા-સાધુ કીર્તિ સં. ૧૬૧૮ અને તે જ સમયમાં સકલચંદ્ર ઉપા. કવિ આત્મારામજી સં. ૧૯૧૯, કવિ રસિક સં. ૧૯૭૮ અને કવિ મેઘરાજની પૂજા પ્રાપ્ત થાય છે.

(૪) એકવીશ પ્રકારી પૂજા-સકલચંદ્ર ઉપા. અને આ. વલ્લભસૂરિ

(૫) નવ્વાણું પ્રકારી પૂજા-પંડિત વીરવિજયજી સં. ૧૮૮૪, આ. વલ્લભસૂરિ સં. ૧૯૬૨.

(૬) ચોસઠ પ્રકારી પૂજા-પંડિત વીર વિજયજી સં. ૧૮૭૪.

(૭) નવપદપૂજા-યશોવિજયજી ઉપા., પદ્મવિજયજી સં. ૧૮૩૮, આત્મારામજી સં. ૧૯૪૫, કવિ મનસુખલાલ સં. ૧૯૬૪, સુગુણચંદ્ર ઉપા. પંચપરમેષ્ઠિ પૂજા, પંચજ્ઞાન પૂજા પંડિત રૂપવિજયજી સં. ૧૮૯૭, ગુણચંદ્ર ઉપા. સં. ૧૯૪૦, આ. વલ્લભસૂરિ સં. ૧૯૭૮, આ લબ્ધિસૂરિ સં. ૧૯૮૧, પંચમહાવ્રત પૂજા આ. લબ્ધિસૂરિ સં. ૧૯૮૦, આ. વલ્લભસૂરિ સમ્યક્દર્શન--ચારિત્ર પૂજા સં. ૧૮૭૯, પંચતીર્થ પૂજા, આ. વલ્લભસૂરિ સં. ૧૯૭૭, અષ્ટાપદની પૂજા-કવિ દીપવિજય સં. ૧૮૯૨ અને નંદીશ્વર દ્વીપપૂજા સં. ૧૮૮૯, ગિરનાર મંડન પૂજા-કવિ હંસવિજય સં. ૧૯૭૬ અને સમેતશિખર પૂજા સં. ૧૯૮૨, અષ્ટાપદ પૂજા આ. વલ્લભસૂરિ સં. ૧૯૭૭ અને નંદીશ્વર દ્વીપ પૂજા-૧૯૬૮, તથા ધર્મચંદ્રજીની સં. ૧૮૯૬, નવતત્ત્વ પૂજા-આ લબ્ધિસૂરિ ૧૯૮૯, બારવ્રત પૂજા સં. ૧૯૮૦ તથા તત્ત્વત્રયી પૂજા સં. ૧૭૭૯, વીશસ્થાનક પૂજા-લક્ષ્મીસૂરિ સં. ૧૮૪૫. જિનહર્ષસૂરિ સં. ૧૮૭૧ અને આત્મારામજી સં. ૧૯૪૦. નીતિવિજયજી વીશ વિહરમાન પૂજા-સં. ૧૯૧૯, દાદાસાહેબની પૂજા-રામઋદ્ધિ, એકાદશ ગણધર પૂજા-આ. વલ્લભસૂરિ સં. ૧૯૦૦, વાસ્તુક પૂજા આ. બુદ્ધિસાગરસૂરિ અને માણિક્યસિંહસૂરિ. ગંભીરવિજયજીની દશયતિધર્મ પૂજા-સં. ૧૯૪૦, પિસ્તાલીશ આગમ પૂજા-પંડિત વીરવિજયજી સં. ૧૮૮૧ અને બારવ્રતની પૂજા-પંડિત વીરવિજયજી સં. ૧૮૮૭ અને આ. વલ્લભસૂરિ સં. ૧૯૬૮. રૂપવિજયજી ૪૫ આગમ પૂજા-૧૮૮૫, ઋષિમંડલ પૂજા-આ. વલ્લભસૂરિની સં. ૧૯૬૧ અને આ. વલ્લભસૂરિ ચૌદ રાજલોક પૂજા-સં. ૧૯૭૭.

ઉપરોક્ત વિગતો પૂજા સાહિત્યની વિવિધતા અને વિકાસનું દર્શન કરાવે છે. પૂજા સાહિત્ય એટલે સ્નાત્રપૂજા અને અન્ય વિષયોને સ્પર્શતી કાવ્યકૃતિઓ. પૂજા સાહિત્યના એક ભાગ રૂપે 'કલશ' રચનાઓ પણ પ્રાપ્ત થાય છે. જ્ઞાનવિમલસૂરિકૃત શાંતિજિન કલશ, વચ્છભંડારી કૃત પાર્શ્વનાથ કલશ, પદ્મવિજયનો અજિતનાથ કલશ જેવી ભવ્ય રચનાઓ પણ થઇ છે. પૂજા સાહિત્યની સમૃદ્ધિનો તેનાથી પરિચય થાય છે.

**પૂજા-સાહિત્ય : રચના-રીતિ :**

પૂજા કાવ્ય રચના ચાર વિભાગમાં વહેંચાયેલી છે. દુહા, ઢાળ, કાવ્ય અને મંત્ર એમ ચાર વિભાગમાં પૂજા રચાય છે. પૂજાનો આરંભ વસ્તુ નિર્દેશાત્મક દુહાથી થાય છે. દુહાની સંખ્યાનો કોઇ ચોક્કસ નિયમ નથી પણ એક દુહાથી આરંભ કરીને આઠ-દશ દુહામાં વસ્તુ નિર્દેશ થાય છે. નવ્વાણું પ્રકારી પૂજા (૩) એક દુહો છે.

'નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા વિમલ ગિરીંદ,
ભાવી ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણંદ.' ॥ ૧ ॥ (૨)

પાંચે ઇન્દ્રિય વશ કરે, પાળે પંચાચાર
પંચ સમિતિ સમતા રહે વંદુ તે અણગાર. ॥ ૧ ॥ (૩)

પૂજાનો બીજો વિભાગ ઢાળ છે. દુહા પછી ઢાળનો પ્રારંભ થાય છે. ઢાળ એટલે રાગમાં લયબદ્ધ ગાવું. વસ્તુ વિસ્તાર માટે ઢાળ મહત્ત્વની છે. તેમાં પ્રચલિત દેશીઓનો પ્રયોગ થાય છે. પૂર્વાચાર્યોએ રચેલાં સ્તવનની ધ્રુવપંક્તિને પણ ચાલ તરીકે સ્વીકારીને પ્રયોગ થાય છે. શાસ્ત્રીય રાગો અને છંદોનો પ્રયોગ પણ કાવ્ય રચનામાં નોંધપાત્ર સિદ્ધિ મેળવે છે. કવિ પંડિત વીરવિજયજીની પૂજાની દેશીઓનો પ્રભાવ અન્ય કવિઓ પર વિશેષ પડ્યો છે. પૂજા સાહિત્યની લોકપ્રિયતામાં વીરવિજયજીનું પ્રદાન પ્રથમ કક્ષાનું છે. કવિ લબ્ધિસૂરિ, આત્મારામજી ને વલ્લભસૂરિનું પૂજા સાહિત્ય અતિ સમૃદ્ધ છે. તેમાં શાસ્ત્રીય રાગ અને તાલનો સમન્વય સંધાયેલો હોવાથી આવી પૂજાઓ સંગીત અને કાવ્યનો સંબંધ ચરિતાર્થ કરે છે. પરિણામે પૂજા સાહિત્ય ભક્તિ માર્ગની ઉપાસનામાં આકર્ષણ જમાવે છે. કવિ આત્મારામજીની સત્તરભેદી પૂજાનું ઉદા. જોઇએ તો તેમાં નીચે પ્રમાણે નોંધ છે :

'રાગ જંગલો-તાલ-દાદરો અંગ્રેજી બાજેકી ચાલ' (૪)

અષ્ટપ્રકારી પૂજામાં શાસ્ત્રીય રાગ ઠુમરી, જિંદ કાફી, કસૂરી ધન્યાશ્રી, કાલિંગડો, પીલુ વગેરેનો પ્રયોગ કર્યો છે. સર્જકોની દુનિયામાં સમકાલીન પ્રભાવ એક મહત્ત્વનું અંગ ગણાય છે. આ. લબ્ધિસૂરિ, આત્મારામજી, દીપવિજયજી વલ્લભસૂરિ વગેરેની પૂજાઓમાં ગઝલનો પ્રયોગ થયો છે. તદ્દુપરાંત સ્વતંત્ર ગઝલો પણ રચી છે. આ. લબ્ધિસૂરિએ બાર ભાવનાની પૂજામાં 'ગઝલ' અને 'ઢાળ' એમ બે વિભાગમાં વસ્તુ વિસ્તાર કર્યો છે. ઉદા. નીચે પ્રમાણે છે.

વિનાશી આ જગત જાણો, ન સ્થિર વાસ વસવાનું,
નહીં કોઇ સાથમાં આવે, પ્રથમ એ ભાવના ભાવો. ॥૧॥ (૫)

ઢાળની દેશી-

'સફળ ભઇ મેરી આજકી ઘરીયાં એ દેશી જિણંદા પ્યારા.'(૬)

ઢાળમાં વસ્તુવિકાસ એટલે વસ્તુને અનુરૂપ માહિતીનો સંચય. ચોસઠ પ્રકારી પૂજામાં કર્મવાદના વિચારોનું પ્રતિપાદન છે. ૪૫ આગમની પૂજામાં આગમ ગ્રંથોની માહિતી, શ્લોકસંખ્યા અને નામોલ્લેખ છે. નવ્વાણું પ્રકારી પૂજામાં સિદ્ધિગિરિનો મહિમા ગાવામાં આવ્યો છે. નવપદ અને વીશ સ્થાનકની પૂજામાં પ્રત્યેક પદની મહત્તા દર્શાવી છે. તીર્થવિષયક પૂજાઓ નંદીશ્વર, અષ્ટાપદ, ગિરનાર, સમેતશિખર વગેરેમાં તીર્થ મહિમાની સાથે તીર્થંકરોનો મિતાક્ષરી પરિચય થાય છે. અષ્ટ પ્રકારી, સત્તરભેદી અને એકવીશ પ્રકારી પૂજામાં દ્રવ્ય અને ભાવ પૂજાનો સમન્વય સધાયો છે. એકાદશ ગણધર અને દાદાસાહેબની પૂજામાં અનંત ઉપકારી ગુરુનાં ગુણગાન કેન્દ્ર સ્થાને છે. ચૌદ રાજ લોકની પૂજામાં વિશ્વ સ્વરૂપનું દર્શન થાય છે. પંચ પરમેષ્ઠિ, પંચજ્ઞાન, તત્ત્વત્રયી, નવતત્ત્વ, પંચ અને બારમહાવ્રત પૂજામાં જૈન તત્ત્વજ્ઞાનના વિચારોનું નિરૂપણ થયું છે. આ પૂજા જૈન દર્શનનો પ્રાથમિક પરિચય કરાવીને તેમાં ઊંડા ઊતરી વધુ અભ્યાસ કરવામાટે ભૂમિકારૂપ છે. પૂજા સાહિત્યનું વસ્તુ ભક્તિના રંગે રંગાવાની અનેરી ક્ષણો પૂરી પાડે છે. આવી રસસ્થિતિનું શબ્દોમાં વર્ણન થઇ શકે તેમ નથી. પૂજાનું ત્રીજું અંગ 'કાવ્ય' છે. તેમાં વિષયને અનુરૂપ મિતાક્ષરી માહિતી સંસ્કૃત શ્લોકમાં પ્રગટ કરવામાં આવે છે. દરેક પૂજામાં કાવ્ય નિશ્ચિત ક્રમ પ્રમાણે હોય છે. કવિ હંસવિજયકૃત ગિરનારમંડન પૂજાનું કાવ્ય નીચે પ્રમાણે છે :

**ત્રોટકછંદ :**

કમલોદર કોમલ પાદ તલં, ગણના પરિવર્જિત બાહુબલં
પ્રણમામિ જગત્રય બોધિકરં, ગિરનાર વિભૂષણ નેમિજિનં (૭)

કવિ પંડિત વીરવિજયજીની પંચકલ્યાણ પૂજાનું ઉદા. જોઇએ તો--

ભોગી યદા લોકનતોઙપિ યોગી, બભૂવ પાતાલ પદે નિયોગી
કલ્યાણકારી દુરિતાપહારી, દશવતારી વરદઃ સપાર્શ્વઃ ॥

ભાષાંતર : યોગની એકાગ્રતાવાળો થયેલો ભોગી એટલે સર્પ પણ જેમને જોવાથી ધરણેન્દ્ર થયો એવા કલ્યાણના કરનારા, દુરિતને

હરનારા અને દશ ભવ જેના થયા છે તે પાર્શ્વનાથ પ્રભુ વાંછિતને આપનારા થાઓ.

પૂજાસ્વરૂપમાં વસ્તુ વૈવિધ્ય સમાન શ્લોકોની વિવિધતા પણ મહત્ત્વની ગણાય છે.

પૂજાનું ચોથું અંગ-મંત્ર છે. કાવ્ય સમાન મંત્રની રચના પણ સંસ્કૃત ભાષામાં થાય છે. મંત્ર, 'ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય, જન્મજરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકંયજા-મહેસ્વાહા.' (૯)

'તેમાં પ્રથમ ત્રણ મંત્રાક્ષરો છે. ૐ એટલે પંચ પરમેષ્ઠિ. હ્રીં એટલે ૨૪ તીર્થંકરો, શ્રીં એટલે સર્વ જિનેશ્વરો એમ અર્થ છે. જેઓ પરમપુરુષ છે, પરમેશ્વર છે, જન્મ, જરા અને મૃત્યુના નિવારણ કરનારા છે તેવા જિનેન્દ્રની હું જલ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ વડે અષ્ટપ્રકારી પૂજા કરું છું. (૧૦)

પ્રત્યેક પૂજામાં ૐ થી જન્મજરા મૃત્યુ નિવારણાય શબ્દો સર્વસામાન્ય છે. ત્યારપછી વિષયને અનુરૂપ શબ્દોની રચના હોય છે. આ રીતે મંત્ર રચના પૂજાના એક અંગ તરીકે લેખાય છે. પૂજાને અંતે કલશ રચના થાય છે તે પૂજાની પૂર્ણતા દર્શાવે છે. તેમાં પૂજાની પ્રેરક વ્યક્તિ, ગુરુ પરંપરા, રચના સમય, માસ, તિથિ, વાર, નગર, પૂજા મહોત્સવ, કવિનું નામ જેવી ઐતિહાસિક વિગતોનો સમાવેશ થાય છે. સમયનો ઉલ્લેખ સાંકેતિક શબ્દોથી થાય છે તો વળી પ્રત્યક્ષ રીતે પણ સમય નિર્દેશ થાય છે. 'કલશ'નું ઉદા. નીચે પ્રમાણે નોંધવામાં આવે છે.

તપગચ્છ સિંહ સૂરીશ્વર કેરા, સત્ય વિજય સત્ય પાયો.
કપૂરવિજયગુરુ ખીમાવિજય તસ, જસ વિજયો મુનિરાયો રે ॥૪॥
શ્રી શુભવિજય સુગુરુ સુપાસયે, શ્રુત ચિંતામણી પાયો.
વિજય દેવેન્દ્રસૂરીશ્વર રાજયે પૂજા અધિકાર રચાયો રે. ॥ ૫ ॥
પૂજા નવાણું પ્રકારી રચાવો, ગાવો એ ગિરિ રાયો
વિધિ યોગે ફળ પૂરણ પ્રગટે, તવ હઠનાદ હઠાયો રે. ॥ ૬ ॥
વેદ ૪, વસ્તુ ૮, ગજ ૮, ચંદ્ર-૧ સંવત્સર, ચૈત્રી પૂનમ દિન ગાયો
પંડિત વીરવિજય પ્રભુ ધ્યાને, આતમ આપ કરાયો રે. ॥ ૭ ॥(૧૧)

**પૂજા સાહિત્ય : સમીક્ષા**

ભક્તિમાર્ગની વિવિધ પ્રકારની કૃતિઓમાં પૂજા સાહિત્ય વિષય વૈવિધ્ય અને કાવ્યાત્મક અંશોથી અતિ સમૃદ્ધ છે. વિષયોની વિવિધતા જોઇએ તો પંચકલ્યાણક, પંચજ્ઞાન, પચતીર્થ, ગિરનાર, અષ્ટાપદ, સમેતશિખર, નંદીશ્વર અને સિદ્ધાચલ તીર્થ, ૪૫ આગમ, તત્ત્વત્રયી, રત્નત્રયી, નવતત્ત્વ, નવપદ, વીશ સ્થાનક, ચૌદ રાજલોક વગેરે જૈન દર્શનના વિષયો ઉપરાંત ગુરુમહિમા માટે દાદાસાહેબ અને એકાદશ ગણધર, ૨૪ તીર્થંકરોનો પરિચય આપતી ઋષિમંડલ પૂજા એમ પૂજાના વિષયો જૈન દર્શનનો લગભગ સર્વાંશે પરિચય કરાવવાની ક્ષમતા ધરાવે છે. ૪૫ આગમની પૂજા એ શુદ્ધ જ્ઞાનમાર્ગની છે. તેમાં ભક્તિરસ ઝાંખો પડે છે અને જ્ઞાનગંગોત્રી વહેતી જણાય છે. તેમ છતાં ગેય દેશીઓના પ્રયોગથી કાવ્યત્વ જળવાઇ રહ્યું છે. આ પૂજા હૃદય કરતાં બુદ્ધિને વધુ સ્પર્શે છે. વર્તમાનમાં ૪૫ આગમ છે તેમ છતાં કવિ દીપવિજયે ૬૮ આગમની પૂજા રચીને '૬૮'ની સંખ્યાને સિદ્ધ કરવા પૂજા રચી છે. પૂજામાં આ હકીકત ધ્યાન ખેંચ તેવી છે. દષ્ટિવાદ નામના બારમા અંગનો વિચ્છેદ થયો છે તેને કવિએ ગણતરીમાં લીધું છે. કવિના શબ્દોમાં તેની માહિતી જોઇએ તો-

વીર પ્રભુ નિરવાણથી, દષ્ટિવાદ ભગવંતનો
અડસઠમાં વિરહ પડ્યો, જગમાંહે રે ॥ ૨ ॥
વજ્રાઘાત પરે ઇન્દ્રને, ઉપનો મહાસંતાપ
ભરત ક્ષેત્રના સંઘનો હુઓ મોટો પરિતાપ ॥ ૩ ॥ (૧૨)

પંડિત વીરવિજયજીની આગમની પૂજા માહિતીપ્રધાન છે. ઉદા. જોઇએ તો-

'દો શ્રુત ખંધ આચારાંગ કેરા, સંખિત અણુયોગ દ્વારા રે.
સંખ્યાતી નિર્યુક્તિ કહી રે, અજઝેયણા પણે વીશ
પદની સંખ્યા સહસ અઢાર, નિત્ય ગણતા અણગાટ રે ॥૨॥(૧૩)

અષ્ટ પ્રકારી પૂજામાં જલ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ એમ ક્રમ છે. કવિ દેવવિજય અને દીપવિજયની પૂજામાં 'ફળ' સાતમી પૂજા અને નૈવેદ્ય આઠમી પૂજા એવો પ્રયોગ થયો છે. ક્રમ બદલવા પાછળનું પ્રયોજન સ્પષ્ટ રીતે સમજાતું નથી. નૈવેદ્ય દ્વારા નિર્વેદપણું પ્રાપ્ત કરવાનું અને ત્યારપછી ફળ દ્વારા મોક્ષફળ મળે એમ સંદર્ભ છે. આઠમી ફળપૂજા એ મુક્તિનું સૂચન કરે છે. ક્રમ અંગે શાસ્ત્રીય આધાર મળે તો તેનો હેતુ આત્મસાત્ થાય. ગુરુ મહિમાનું વર્ણન કરતી એકાદશ ગણધર પૂજા જૈન ધર્મના ઇતિહાસનો ક્રમ દર્શાવે છે. પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીની માહિતી જોઇએ તો--

'ગણધર નામ કરમ પર ભાવે, ગણધર ગણધર પદ ઉપજાવે
સમ ચઉરસ સંઠાણે, સોહે તિમ પહલા સંઘયણ કહાવે. ॥૧॥
ધ્રુવ,ઉત્પાદ વિગમ એ તીનો પદ અરિહંત સ્વમુખસે સુનાવે ॥૨॥(૧૪)

કવિ હંસવિજયે સમેત શિખરની પૂજામાં શાસ્ત્રીય રાગોનો પ્રયોગ કરીને કાવ્ય અને સંગીતનો સમન્વય કર્યો છે. વળી પૂજાના રાગને સારીગમના સૂર દ્વારા સ્પષ્ટ કર્યો છે. અન્ય કોઇ પૂજામાં આવી નોંધ નથી. હંસવિજયની આ પદ્ધતિ એમની શાસ્ત્રીય સંગીત અને પ્રભુ ભક્તિની તન્મયતાનું સૂચન કરે છે. શ્રી પદ્મપ્રભુની પૂજાનું દૃષ્ટાંત આ માટે નોંધવામાં આવે છે.

**રાગ દેશ ત્રિતાલ (સ્થાયી) :**

'સા નિ સા / રી-મ- / પ-નિ- / સાંનિસાં
પૂ ડ જા / સમેતશી / ખરગીરી / ઉ ડ પર
૩ ૦ ૧ x
નિધપધ / મપમપ / નિધધપ / ગરી
પ્રભુની સુખડ / રી ડ ડ ડ / રે ડ ડ ડ' (૧૫)
૩ ૦ ૧ x

સાંપ્રદાયિક વિષયવસ્તુ હોવાથી પૂજાઓમાં પારિભાષિક શબ્દપ્રયોગોની સંખ્યા વિશેષ છે. દા. ત. નવપદ, નવતત્ત્વ, ગણધર, ચૌદ રાજલોક, રત્નત્રયી, તત્ત્વત્રયી, અષ્ટાપદ, નંદીશ્વર, પંચજ્ઞાન, પંચપરમેષ્ઠિ, ઋષિમંડળ વગેરેનો પરિચય ન હોય તો પૂજા કાવ્યો સમજી શકાય નહિ. જૈન ધર્મના પ્રાથમિક જ્ઞાનને આધારે આ પૂજાના વિચારો આત્મસાત્ થઇ શકે. જૈન સાહિત્યની આ મર્યાદા ગણો કે વિશેષતા તે તો સ્વાભાવિક છે. આ પ્રકારના સાહિત્યમાં શાસ્ત્રીય દષ્ટાંતોનો સૂચક ઉલ્લેખ થયેલો છે. તેના દ્વારા શાસ્ત્રસિદ્ધાંત, તત્ત્વજ્ઞાન કે અન્ય દાર્શનિક વિચારનું સમર્થન થાય છે. સિદ્ધિગિરિનો મહિમા દર્શાવતી પંક્તિઓમાં દૃષ્ટાંત છે :

'રામ ભરત ત્રણ કોડિ શું, કોડિ મુનિ શ્રી સાર
કોડિ સાડા અઢ઼ શિવવર્યા, શાંબ પ્રદ્યુમ્નકુમાર.' (૧૬)

બારવ્રતની પૂજાનું ઉદા. જોઇએ તો--

'કાર્તિક શેઠ પામ્યા હરિ અવતાર રે
શ્રાવક દશ વીશ વર્ષે સ્વર્ગે ગયા,
પ્રેતકુમાર વિરાધક ભાવને પામ્યો રે,
દેવકુમાર વ્રત રે આરાધક થયો.' (૧૭)

ભક્તિમાર્ગની રચનાના કેન્દ્રમાં શાંત રસનું નિર્ઝર વહે છે જે સદા સર્વદા શીતળતા અર્પે છે. આ રસનો ચમત્કાર એ છે કે જનસાધારણને સહજ આકર્ષણ થતાં ભક્તિમાંથી મુક્તિમાર્ગના યાત્રી બની જવાય છે. પૂજાસાહિત્ય આત્મકલ્યાણના માર્ગમાં રસિક સૃષ્ટિ દ્વારા નિમિત્ત રૂપ બને છે. ભક્તિરસની આ બલિહારી છે. ૪૫ આગમ, ચોસઠ પ્રકારી, ચૌદ રાજલોક, નવતત્ત્વ, નવપદ વગેરેમાં વિશેષ રીતે માહિતી હોવાથી કાવ્યને અનુરૂપ મધુર પદાવલીઓ પ્રાપ્ત થતી નથી. તેમ છતાં આ પૂજાઓ જૈન દર્શનના જ્ઞાનમાર્ગના વિચારોને પદ્યમાં વ્યક્ત કરીને જ્ઞાનામૃતપાન કરવામાં ખૂબ ઉપકારક છે. પંચકલ્યાણક પૂજામાં અદ્ભુત રસ છે. મહાવીર સ્વામીનો જન્માભિષેક સુઘોષા ઘંટાનો વિશિષ્ટ રણકાર, મેરૂ પર્વત ડોલાવવો, પાર્શ્વનાથ પંચકલ્યાણકમાં બળતા નાગનો ઉદ્ધાર અને પ્રભુ પ્રતિમાની પ્રાપ્તિ, વગેરેમાં ચમત્કાર છે. દૈવીતત્ત્વનો આધાર પણ જાણી શકાય છે. ધાર્મિક સાહિત્યમાં કલ્પના અને વાસ્તવિકતા બન્ને હોય છે. અહીં કલ્પનાનો પ્રભાવ ઓછો છે. વાસ્તવિકતાનું પ્રમાણ વિશેષ છે. કવિની વર્ણનકલા, અલંકારયોજના, રસસિદ્ધિ, લયબદ્ધતા, ગેયતા દ્વારા કાવ્યતત્ત્વના અંશો પ્રગટ થાય છે. ઉપમા, રૂપક, વ્યતિરેક, સ્વાભાવોક્તિ, દષ્ટાંત, વર્ણાનુપ્રાસ જેવા અલંકારો મોટી સંખ્યામાં પ્રયોજાયા છે. પંચકલ્યાણક પૂજામાં નમૂના રૂપે પ્રકૃતિદર્શન થાય છે. પ્રકૃતિની પશ્ચાદ્ ભૂમિકામાં પ્રભુના જન્મોત્સવનું નિરૂપણ થયું છે. પુષ્પપૂજામાં વિવિધ પુષ્પોનો નામોલ્લેખ પ્રકૃતિદર્શનનો સંકેત કરાવે છે. સ્નાત્રપૂજા અને કલશનું છંદ વૈવિધ્ય કાવ્યકલાની દષ્ટિએ ઉત્તમ છે. તેમાં મધુર પદાવલીઓ લય, તાલનું સાયુજ્ય સધાયું છે. પરિણામે આ કાવ્યો વધુ હૃદયસ્પર્શી બન્યાં છે. દ્રુતવિલંબિત છંદ, વસ્તુ છંદ, આર્યા ગીતિ, કડખાની દેશી, વિવાહલાની દેશી, ધન્યાશ્રી, વસંત, સારંગ, હરિગીત, સુપનાની ઢાળ પૂર્વી, બત્રીસો છંદ, સત્તાવીશો છંદ, ગાથા ચંદ્રાવળીની દેશી વગેરેના પ્રયોગથી કાવ્યનો લયસિદ્ધ થયો છે. 'वाक्यं रसात्मकं काव्यं' પૂજા સાહિત્યને લાગુ પડે છે. પરિણામે તેમાં ઊંચી કાવ્યકલા રહેલી છે. સકલચંદ્ર ઉપા.ની પૂજા પાંડિત્યપૂર્ણ છે. એમની પૂજામાં દીપક, ગોડી, કાનડો, ધવલ, મલ્લહાર, મધુ માધન, વગેરેનો પ્રયોગ છે. પંડિત રૂપવિજય અને વીરવિજયજીની પૂજાઓ સરળ અને સુગ્રાહ્ય છે. દેશીઓનો મોટા પ્રમાણમાં પ્રયોગ હોવાથી આ પૂજા વધુ લોકભોગ્ય બની છે. પૂજા-સાહિત્યની કૃતિઓ સમૂહમાં ગાઈને ભક્તિરસ સભર થવાય તેવી છે. કેટલાક કવિઓએ ઢાળમાં દેશીને બદલે ગીતો, ગાયનો, ગરબા-ગરબીની ધ્રુવ પંક્તિઓનો આશ્રય લઈને રચના કરી છે તે દષ્ટિએ પણ પૂજા વધુ પ્રચાર પામી છે. પૂજા સાહિત્યની ભાષા શુદ્ધ ગુજરાતી હોવાની સાથે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને હિન્દી ભાષાનો પ્રભાવ પડેલો છે. ગુજરાત સિવાય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશમાં સાધુ કવિઓ વિહાર કરીને જતા હોવાથી ત્યાંની ભાષાના શબ્દોનો પ્રભાવ પડ્યો છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના અભ્યાસને કારણે તે ભાષાના શબ્દો પણ પ્રયોજાયા છે. ભાષાનો પ્રયોગ ગુજરાતી ભાષાના વિકાસની ઐતિહાસિક માહિતી આપે છે. યશોવિજયજી ઉપા. જ્ઞાનવિમલસૂરિ, વચ્છ ભંડારી વગેરેની ભાષામાં સંસ્કૃત પ્રાકૃત ભાષાનો વૈભવ છે. ત્યાર પછીના કવિઓની ભાષામાં હિન્દીનો પ્રભાવ છે. પણ ગુજરાતી ભાષાની ઉત્તમ રીતે અભિવ્યક્તિ થયેલી છે. લલિત મધુર પદાવલીઓથી તેનો રસાસ્વાદ અમૃત સમાન પાન કરાવે છે. ૧૯મી અને ૨૦મી સદીના કવિઓની પૂજામાં ગુજરાતી ભાષાનું ગૌરવ સચવાયું છે અને ભાષાની રસિકતાનો પરિચય થાય છે. 'પૂજા તો વીરવિજયજીની' એવી લોકોક્તિ છે તે વીરવિજયજીના પૂજા સાહિત્યની વિશિષ્ટતા દર્શાવે છે.

સાધક આત્માને મોક્ષ એ ધ્યેય છે. સિદ્ધિ પદને પામેલા સિદ્ધો પણ ધ્યેય જ છે. આવા મોક્ષે ગયેલા અને સિદ્ધપદને પામેલા વીતરાગ એ માનવસમૂહને માટે પૂજનીય છે. ધ્યેયપ્રાપ્તિ માટે જ્ઞાન, ધ્યાન, ચારિત્ર અને તપ જેવો અન્ય કોઈ ફળદાયક માર્ગ નથી. સર્વવિરતિ પાલક સાધુ-સાધ્વીઓ, દેશવિરતિ શ્રાવક-શ્રાવિકાઓ અને અન્ય ઉપાસકો એ ધ્યાતા છે. ધ્યેયની પૂજક વ્યક્તિ ધ્યાનમાં નિમગ્ન થાય તો જ ઈષ્ટ ફળ મળે છે. તે દષ્ટિએ વિચારીએ તો પૂજ્યની પૂજા કરવી એ પૂજકનો મહાન ધર્મ છે. પૂજા સાહિત્ય આ જ અર્થમાં ઉપયોગી ગણાય છે. આ. વલ્લભસૂરિના શબ્દોમાં આ વિચારો નીચેની પંક્તિઓ દ્વારા વ્યક્ત થયા છે.

'પૂજક પૂજનસે બને, પૂજ્ય બરાબર ધાર
પૂજા ફળ પૂજા કરે, પામે ભવોદધિ પાર.' (૧૮)

પૂજા સાહિત્ય એ દ્રવ્યપૂજા અને ભાવપૂજાનો સંયોગ છે. દ્રવ્યથી ભાવમાં જોડાવાનું મહાન નિમિત્ત પૂજા છે. પંચમ કાળમાં ભૌતિક સુખની ઘેલછામાં રઝળપાટ કરતા જીવોને શાસ્ત્રજ્ઞાન મેળવવાની ફુરસદ નથી ત્યારે સરળ શૈલીમાં સર્જાયેલું પૂજા સાહિત્યનું જ્ઞાન જીવનપાથેય તરીકે ઉપયોગી નીવડે તેમ છે. ઢાળમાં વ્યક્ત થયેલા વિચારોમાં જિનાગમની વાણીનો સંચય છે. તેના દ્વારા જ્ઞાન અને ભક્તિ માર્ગમાં આધ્યાત્મિક સફર માણી શકાય છે. આ સાહિત્ય આત્મકલ્યાણની ભાવનાનું પોષણ કરે છે. દ્રવ્યપૂજાથી ચીજ-વસ્તુઓ અર્પણ કરીને સંતોષ માનવાનો નથી પણ તેના દ્વારા વ્યક્ત થયેલા વિચારોનું ચિંતન અને મનન આત્માને ઉપકારક બને તે મહત્ત્વનું છે. પૂજા સાહિત્ય દ્વારા ભક્તિ રસની લ્હાણ જેટલા પ્રમાણમાં થઈ છે તેટલી અન્ય કાવ્યોથી થઈ નથી. પૂજાનાં દ્રવ્યો પ્રતીક સમાન છે. કેશરપૂજા-કેવળજ્ઞાન, ફળપૂજા મુક્ત-મોક્ષ, નૈવેદ્ય પૂજા-નિર્વેદ ભાવના, ધૂપપૂજા ત્યાગ અને વૈરાગ્ય, સ્વસ્તિક ચાર ગતિ, પુષ્પ સમક્તિની વિશુદ્ધિ, અક્ષતપૂજા ભવબીજ ન પાંગરે વગેરે પ્રતીકાત્મક અર્થબોધ જાણીને પૂજાની સાર્થકતા કરવી જોઈએ.

જિનાલયમાં પૂજા ભણાવાતી હોય અને સંગીતના સૂરોની રેલમછેલ થતી હોય ત્યારે ભકતોની ભીડ જામે છે અને ભક્તિ સાગરમાં જીવનનૈયા લ્હેરાય છે. આવી સ્થિતિ પરમોચ્ચ પ્રકારની હોઈ કર્મનિર્જરા અને ભાવવિશુદ્ધિમાં પૂરક બને છે.

૧૧મા શતકમાં ઉદ્‌ભવેલું પૂજા સાહિત્ય ૧૭મા શતકમાં વિકાસ પામીને અર્વાચીન સમયમાં વિશાળ પટ પર પથરાયેલું છે. સતત ૪૨૫ વર્ષ જેવા દીર્ઘકાલ સુધી વિવિધ પ્રકારની પૂજાઓ રચાઈ છે. પૂજામાં હારમોનિયમ, સિતાર જેવાં વાજિંત્રો વધુ વપરાય છે. કેટલીક પૂજાઓ નૃત્ય અને ગરબા દ્વારા નાટ્યાત્મક બનીને ભક્તિની ઊંચી કક્ષાએ પહોંચવાની અનેરી તક પૂરી પાડે છે.

પૂજા સાહિત્યનો વિસ્તાર, વિષય, વૈવિધ્ય, લયાન્વિત અભિવ્યક્તિ, અર્થઘનતા, શાસ્ત્રીયરાગ અને દેશીઓનો પ્રયોગ, પદલાલિત્ય વગેરે વિચારીએ તો તેની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. તેમાં વ્યક્ત થયેલા વિચારો જૈન ધર્મની સાંસ્કૃતિક પરંપરાનો પરિચય કરાવે છે અને ગૌરવ અનુભવી શકાય તેવી સ્થિતિએ પહોંચી શકાય છે. તેના દ્વારા નીતિમત્તા અને સંસ્કારોનું સિંચન થતાં માનવકલ્યાણની ઉદાત્ત ભાવનામાં પણ આ સાહિત્યનો સહયોગ વિશેષ છે. જૈન સાહિત્યના અન્ય કાવ્યપ્રકારોની સરખામણીમાં પૂજાકાવ્યો પણ સ્વતંત્ર રીતે સ્થાન ધરાવીને વિવિધતા દર્શાવે છે. પૂજા સાહિત્ય દ્વારા માનવતાના વિકાસ અને ભક્તિમાર્ગની પરંપરાનું અનુસંધાન થયું છે. તે પણ ગૌરવપ્રદ ઘટના છે. ટૂંકમાં કહીએ તો પૂજા સાહિત્યની પ્રસાદી એટલે સાકાર ઉપાસનામાંથી નિરાકાર ઉપાસના પ્રતિ ગતિ કરીને આત્મદર્શન આત્માનુભૂતિ કરવાનો અનન્ય માર્ગ.

❖❖❖

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મંગળવાર, તા. ૭મી સપ્ટેમ્બર ૧૯૯૯ થી મંગળવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૯ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ, બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૦૦ થી ૮-૪૫ અને ૯-૦૦ થી ૯-૪૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | નામ | વિષય |
|---|---|---|---|
| મંગળવાર | ૭-૯-૯૯ | સાધ્વીશ્રી કંચનકુમારીજી | નવકાર મહામંત્ર-વૈજ્ઞાનિક સંદર્ભમાં |
| | | ડૉ. રમણલાલ ચી. શાહ | અનિત્ય ભાવના |
| બુધવાર | ૮-૯-૯૯ | સ્વામિની શ્રી તન્મયાનંદજી | મન જીતે તે મહાવીર |
| | | શ્રી વસંતભાઇ ખોખાણી | મોક્ષમાર્ગની ચાર દુર્લભતાઓ |
| ગુરૂવાર | ૯-૯-૯૯ | ડૉ. રાજેન્દ્ર નાણાવટી | મહાભારતમાં ઉપકથાઓ |
| | | ડૉ. ગૌતમ પટેલ | भक्तिर्भवे न विभवे |
| શુક્રવાર | ૧૦-૯-૯૯ | ડૉ. બળવંત જાની | જૈન શ્રાવક પરંપરા |
| | | શ્રી નીલેશ્વરી કોઠારી | મનોરોગનો મારણયોગ |
| શનિવાર | ૧૧-૯-૯૯ | ડૉ. ગુલાબ દેઢિયા | પરિગ્રહ-પરિમાણ અને પર્યાવરણ |
| | | ડૉ. શ્રીમતી સુષમા અગ્રવાલ | सतगुरु साचा सूरमा |
| રવિવાર | ૧૨-૯-૯૯ | શ્રી હરિભાઇ કોઠારી | મૈત્રીભાવનું ઝરણું |
| | | સ્વામી શ્રી મનીષાનંદજી | अहिंसा |
| સોમવાર | ૧૩-૯-૯૯ | પં. જતીશચંદ શાસ્ત્રી | तत्त्वकौतूहली |
| | | ડૉ. ગુણવંત શાહ | માર્કેટ, મંદિર અને માણસ |
| મંગળવાર | ૧૪-૯-૯૯ | શ્રીમતી શૈલજા ચેતનભાઇ શાહ | મદજ્વર છે અતિ આકરો |
| | | શ્રી સત્યનારાયણ ગોએન્કાજી | क्षमा मांगे तो कैसे |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૧૫ થી ૭-૫૦ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતી હેમાબહેન ગાંધી (૨) શ્રીમતી દત્તાબહેન શાહ (૩) શ્રીમતી નંદાબહેન પટેલ (૪) શ્રીમતી મીતાબહેન મેવાવાલા (૫) શ્રીમતી મંદાબહેન શાહ (૬) શ્રીમતી અલકાબહેન શાહ (૭) શ્રીમતી મીરાંબહેન શાહ અને (૮) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | |
|---|---|---|
| ચંદ્રકાન્ત દીપચંદ શાહ | રસિકલાલ લહેરચંદ શાહ | નિરુબહેન એસ. શાહ |
| ઉપપ્રમુખ | પ્રમુખ | ધનવંત ટી. શાહ |
| ભૂપે-' ડી. જવેરી | | મંત્રીઓ |
| કોષાધ્યક્ષ | | |

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ક્ખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 37

● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૯ ● ● તા. ૧૬-૯-૯૯ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પોકેમોન

'પોકેમોન' (POKEMON) એટલે શું ?

દુનિયાની પોણા ભાગ કરતાં વધુ વસતિએ આ શબ્દ જ સાંભળ્યો નહિ હોય તો એને એ વિશે ક્યાંથી ખબર હોય ? પરંતુ અમેરિકા, કેનેડા, જાપાન વગેરે દેશોમાં લાખો બાળકોને ખબર છે કે 'પોકેમોન' શું છે. ખાસ કરીને અમેરિકાના બાળકોમાં તો હમણાં જાણે 'પોકેમોન'નું મોટું મોજું ફરી વળ્યું છે.

પોકેમોન જાપાની શબ્દ છે, પોકેમોન એ કાલ્પનિક અસુરો અથવા દૈત્યો (Incredible Monsters) છે. આ દરેક અસુર પાસે પોતાની આગવી શક્તિ છે. કયા અસુર કરતાં કયો અસુર ચડે અને જીતી જાય એના નિયમો છે. કયા અસુરને તાલીમ આપી વધુ શક્તિશાળી બનાવી શકાય અને તે બીજા અસુરને પરાજિત કરવાની શક્તિ ક્યારે મેળવી શકે એના પણ નિયમો છે. અસુરોના મુખ્ય સાત વિભાગ છે. તેઓની શક્તિ-પ્રવૃત્તિ અનુસાર તેઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આ સાત વર્ગ છે : ઘાસ, અગ્નિ, જળ, વિદ્યુત, રંગવિહીનતા (colourless-અદૃશ્ય રહેવાની શક્તિ), મારામારી અને માનસિક આઘાત. આ દરેક વર્ગના અસુરોમાં એના પેટા પ્રકારો છે અને તે દરેકને સ્વતંત્ર નામ આપવામાં આવ્યાં છે. આ રીતે કુલ દોઢસો દૈત્યો છે. કલ્પનાથી આ બધા દૈત્યો ઉપજાવી કાઢવામાં આવ્યા છે. અને તે દરેકની કાર્ટૂન જેવી લાક્ષણિક વૈયક્તિક આકૃતિ છે. એ આકૃતિના આધારે તે દૈત્યને ઓળખી શકાય છે.

પત્તાંની જોડની જેમ આ દરેક દૈત્યનું એક કાર્ડ એવાં દોઢસો રંગીન કાર્ડ તૈયાર કરવામાં આવ્યાં છે અને તેની જુદી જુદી રમત રમી શકાય છે. આ રીતે 'પોકેમોન' એ પાનાંની રમત પણ છે. સામાન્ય રીતે પત્તાંની રમત-લાલ, ચોકટ, કાળી અને ફુલ્લી એ દરેકનાં તેર પાનાં એમ મળીને બાવન પાનાંની રમત આખી દુનિયામાં પ્રચલિત છે. પોકેમોન એ ૧૫૦ પાનાંની રમત છે. એ રમતાં આવડે તો એમાં ઘણી મઝા પડે એમ છે. પરંતુ એ ઘણી અટપટી રમત છે. એના નિયમો માટે પુસ્તિકાઓ પ્રગટ થઇ છે. ઘણાં બાળકો 'વિડિયો ગેમ'માં એ રમત રમે છે. એથી હોંશિયારી વધે છે. બીજી બાજુ એની ટેવ પણ પડી જાય છે. પત્તાંની રમતની જેમ એનો પણ ચટકો લાગે છે.

પોકેમોનનો ઉદ્ભવ તો જાપાનમાં થયેલો મનાય છે. જાપાનમાં નાનાં છોકરાંઓથી માંડીને મોટી ઉંમરના સુધી એક જૂની પારંપારિક રમત બહુ પ્રચલિત છે. કાગળ, કાતર અને પથ્થર એ ત્રણમાં કોણ શક્તિશાળી વધારે ? કાતર કાગળને કાપે. એટલે કાગળ અને કાતરની વચ્ચે કાતર જીતે. પથ્થર કાતરને ભાંગી નાંખે. એટલે કાતર અને પથ્થરની વચ્ચે પથ્થર જીતે. પથ્થર ભારે અને નીચે પડી જાય. કાગળ હલકો અને હવામાં ઉંચે ઊડી શકે એટલે કાગળ અને પથ્થર એ બેમાં પથ્થર જીતે. કાગળ માટેની મુદ્રા તે ખુલ્લી હથેળી, કાતર માટેની મુદ્રા તે હાથની પહોળી કરેલી પહેલી બે આંગળીઓ. અને પથ્થરની મુદ્રા એટલે મૂઠી. રમવા બેઠા હોય તે બે જણે એક સાથે પોતાના મનમાં આવે તે મુદ્રા કરવાની. કોઇએ બીજાની મુદ્રા જોયા પછી પોતાની મુદ્રા કરવાની નહિ, પણ એક સાથે જ મુદ્રા કરીને ઝડપથી જમીન પર હાથ મૂકવાનો. કાગળ અને કાતર આવે તો કાતરવાળો જીતે. કાતર અને પથ્થર આવે તો પથ્થરવાળો જીતે. પથ્થર અને કાગળ આવે તો કાગળવાળો જીતે. એકસરખી બંને મુદ્રા હોય તો ફરીથી મુદ્રા કરવાની.

જેમ કાગળ, કાતર અને પથ્થરની રમત જાપાનમાં પ્રચલિત છે, તેમ એવા જ પ્રકારની પણ વધારે મોટી પોકેમોનની રમત પણ રમાય છે. જુદી જુદી શક્તિવાળા દૈત્યો અથવા અસુરોમાં અમુક પ્રકારની શક્તિવાળો દૈત્ય બીજા દૈત્યને પરાજિત કરી શકે. દૈત્યોની આ સંખ્યા એ વિષયના નિષ્ણાતોએ ધંધાદારી દૃષ્ટિએ હમણાં વધારી દીધી છે. પરંતુ જાપાન કરતાં અમેરિકામાં એનો પ્રચાર ઘણો વધી ગયો છે.

અમેરિકાની નવીનતાપ્રિય પ્રજાને થોડે થોડે વખતે કશુંક નવું જોઇએ છે. એમાં પણ ત્યાંના બાળકોની ખરીદશક્તિને (અંતે તો માતાપિતાની ખરીદશક્તિને) વટાવી લેવા માટે મોટા મોટા સ્ટોર્સ ધરાવતી કંપનીઓ વેચાણકલાના નિષ્ણાતો દ્વારા વખતોવખત નવી નવી વસ્તુઓ બનાવીને બજારમાં મૂકીને મોટો નફો રળી લે છે. તેઓ એકી સાથે ઘણાં બધા નંગ તૈયાર કરીને સમગ્ર અમેરિકામાં પહોંચી જાય છે અને છાપાં, ટી.વી. વગેરે પ્રચારમાધ્યમો દ્વારા પોતાની નવી વસ્તુ માટે હવા ઊભી કરી દે છે. નાનાં બાળકોના મન પર એમને લાયક વસ્તુઓ માટેની હવા તરત અસર કરી જાય છે. પોકેમોનના મોટાં પોસ્ટરો સ્ટોર્સમાં જોવા મળે. દૈત્યોની પ્લાસ્ટિકની રંગબેરંગી આકૃતિઓ રમકડાં તરીકે વેચાય. સામાન્ય માણસની બુદ્ધિ કામ ન કરે એવી એવી પોકેમોનના પ્રકારની કે નિશાનીવાળી વસ્તુઓથી સ્ટોર્સમાં પોકેમોનનું વાતાવરણ જામી ગયું છે.

દાયકા પહેલાં અમેરિકામાં ડાયનાસોર્સનું મોજું આવ્યું હતું. જ્યાં જુઓ ત્યાં જાતજાતના ડાયનાસોર્સ. પુસ્તકો, ચિત્રો, પોસ્ટર, રમકડાં, ટીશર્ટ, બનિયન, ટોપી બધે ડાયનાસોર્સ. ડાયનાસોર્સનું આ મોજું અમેરિકામાંથી પ્રસરતું પ્રસરતું દુનિયાના ઘણા દેશોમાં પહોંચી ગયું. હજુ પણ એ શમ્યું નથી, ત્યાં અમેરિકાની કંપનીઓએ 'પોકેમોન'નું

મોજું વહેતું કરી દીધું છે. વચમાં બાળકો માટે Beanies Babies અને Crazy Bones એ બેના વિવિધ પ્રકારના સંગ્રહની પ્રવૃત્તિનું મોજું આવ્યું, જે હજુ પણ ચાલુ છે.

અમેરિકા વેચાણકળા (Marketing)માં જબરૂં છે. યુનિવર્સિટીઓમાં એના અભ્યાસક્રમ હોય છે. ગ્રાહકનો પ્રકાર, એની ખરીદશક્તિ, એની મનોવૃત્તિ, એની આગળ રજૂ કરવાની યુક્તિપૂર્વકની લોભામણી યોજનાઓની જાહેરખબરો વગેરે ઘણી જુદી જુદી દૃષ્ટિએ વિષયના નિષ્ણાતો નવી નવી યોજનાઓ ઘડે છે. Buy one and get one free એ અમેરિકાની જાણીતી યુક્તિ છે. એમાં સરવાળે તો વેપારી કંપનીઓ જ પોતાનો માલ ઘરઘરમાં ઘુસાડીને ધૂમ કમાણી કરી લે છે. કાયદેસર વિત્તહરણ કરનારી આ કંપનીઓએ બાળકોને પણ છોડ્યાં નથી. અત્યારની તેઓની ટેકનિક એવી છે કે એક જ નવું રમકડું તૈયાર કરવાને બદલે તેના પચાસ-સો જુદા જુદા ઘાટ, ભાગ, ખંડ બનાવો જેથી બાળક એનો સંગ્રહ કરવા લલચાય. સંગ્રહ પૂરો કરનારને જંગી ઈનામો આપવાની જાહેરાત કરો, પણ તે પહેલાં કેટલાંક ઘાટના નંગ સાવ ઓછા મૂકો. બંધ પડીકામાં તે થોડા થોડા વેચો કે જેથી બાળક વધુ અને વધુ ખરીદતું રહે. અને છતાં એનો સંગ્રહ સંપૂર્ણ ન થાય. અમુક ઘાટનાં રમકડાં પાછાં ખેંચી લો અને એની જગ્યાએ નવો ઘાટ મૂકો, જૂનો ઘાટ અલભ્ય થતાં એના મોંમાગ્યા નાણાં મેળવો. બીની બેબીના અમુક ઘાટ પાંચ પંદર ડોલરે વેચાય છે અને અમુક ઘાટ તો લીલામમાં એક હજાર ડોલરે પણ વેચાયા છે. લેનારા 'મૂર્ખ' સંગ્રહશોખીન શ્રીમંત બાળકો પણ હોય છે.

પોકેમોનનાં આવાં દોઢસો જેટલાં કાર્ડ છે. આ દોઢસો કાર્ડ ક્યાં ક્યાં છે તેનો છપાયેલો એક ચાર્ટ આવે છે. એમાં નંબર પ્રમાણે પોકેમોન બતાવ્યા છે. એ દરેકના આકાર અને નામ આપવામાં આવ્યાં છે. આમ તો એ બધા દૈત્યો કાર્ટૂન જેવા છે. એમનાં રંગબેરંગી ચિત્રો આપવામાં આવ્યાં છે. બાળકો આ કાર્ડ ખરીદવા લલચાય એટલા માટે સૂત્ર આપ્યું છે 'Gotta catch them all'-આ બધા દૈત્યોને પકડો.

આ બધા દોઢસો કાર્ડ એક જ વખતે તમારે ખરીદવાનાં હોય તો? તો ન મળે. દસબાર કાર્ડનું એક સીલબંધ પડીકું આવે તે ખરીદતા રહેવાનું. એમાંથી જે કાર્ડ નીકળે તે નંબર પ્રમાણે ગોઠવતા જાઓ.

ચળકતા સરસ રંગીન કાગળવાળા પડીકામાં દસથી બાર કાર્ડ હોય એમાં કેટલાંક કાર્ડ પોતાના સંગ્રહ માટે નવાં હોય અને કેટલાંક જૂનાં હોય. જૂનાં આવી ગયેલાં કાર્ડ સંગ્રહ માટે કામનાં ન હોય. એ વધારાના કાર્ડનો ઉપયોગ શો કરવો ? કાં તો બીજા કોઈ મિત્ર સાથે અદલાબદલી કરી શકાય. કાં તો દુકાનદારને પાછાં આપી શકાય, કાં તો ઘરમાં પડ્યાં રહે અને કાં તો કચરામાં નાખી દેવાનાં રહે. અદલાબદલી માટે બહુ મિત્રો મળે નહિ, અને અમુક સંખ્યાએ પહોંચ્યા પછી અદલાબદલીનો અવકાશ પણ ખાસ ન રહે. દુકાનદાર એ પાછું લે. પણ પાંત્રીસ-ચાલીસ સેન્ટમાં લીધેલા એ કાર્ડ માટે પાંચ સેન્ટ મળે. એટલે કાર્ડ દીઠ પચીસ-ત્રીસ સેન્ટનું નુકસાન કરવાનું રહે. વળી એટલા માટે દુકાન સુધી ધક્કો કોણ ખાય ? પગે ચાલીને થોડું ત્યાં જઈ શકાય છે ?

દોઢસો કાર્ડમાંથી સંગ્રહ માટે ચાલીસ પચાસ કાર્ડ થઈ ગયા પછી દરેક પડીકામાંથી એકાદ કાર્ડ કામનું નીકળે તો નીકળે. જેવું નસીબ. ૭૫ કાર્ડ સુધી એટલે કે સંગ્રહની પ્રવૃત્તિમાં અડધે પહોંચતાં સુધીમાં તો કેટલાયે ડોલરનો ખર્ચ થઈ જાય. એનો કોણ હિસાબ રાખે? ત્યાં સુધીમાં સેંકડો કાર્ડ નકામાં નીકળે તે પડ્યાં રહે. પછી કચરામાં નાખી દેવાનાં પરંતુ કંપનીને તો મોટા નફા સાથે એની કિંમત મળી જાય.

આટલું હોય તે પણ કંપની માટે પૂરતું નથી. ધંધાદારી કંપનીઓ એથી ધરાતી નથી. કંપનીઓ ૧૫૦ કાર્ડમાંથી કેટલાંક કાર્ડ આ પડીકાઓમાં છૂટથી મૂકતી નથી. એટલે કેટલાંયે બાળકોનો ૧૫૦નો સંગ્રહ પૂરો થતો નથી. માનો કે કોઈ બાળકને ૧૫૦ કાર્ડ પૂરાં કરવામાં પાંચ સાત કાર્ડ ખૂટે છે. તો છૂટું એક એક કાર્ડ તે વેચાતું લઈ શકે છે. તો એવા એક કાર્ડના દુકાનદારો પંદર પચીસ ડોલરનો ભાવ પડાવી લે છે. આ ઘણો બધો ભાવ કહેવાય. જે એક કાર્ડ પાછું આપતાં કંપની પાંચ સેન્ટ આપે છે એ કાર્ડ છૂટું વેચાતું જોઈતું હોય તો કંપની પચીસ પચાસ ડોલર લઈ લે છે. જેવી એની અલભ્યતા. આમ છતાં અમેરિકામાં એવાં બાળકો છે કે જે પચાસ ડોલર ખર્ચીને પણ કાર્ડ ખરીદી લે છે. આમ, પણ અમેરિકા અત્યંત સમૃદ્ધ દેશ છે અને અમેરિકાના બાળકોમાં કરકસરનો ગુણ જરા પણ જોવા મળતો નથી. તથા નાણાંની ગણતરીની એકંદરે તેમને સૂઝ ઓછી હોય છે. હિસાબ કરતાં આવડતું નથી એટલે કંપનીવાળાઓ બાળકોના ભોળપણનો લાભ ઉઠાવી અઢળક નાણાં કમાઈ લે છે.

ધારો કે કોઈ બાળકે ૧૫૦ કાર્ડ એકત્ર કરી લીધાં, તો ત્યાં સુધીમાં કંપનીવાળાઓ બેચાર કાર્ડને Retire કરે છે. એટલે કે પાછાં ખેંચી લે છે. અને એની જગ્યાએ નવાં કાર્ડ મૂકી દે છે. એટલે સંગ્રહ પૂરો કરવાનું ચક્ર તો અધૂરું જ રહ્યા કરે છે. રમકડાં-કંપનીઓની આ લુચ્ચાઈ છે.

દોઢસો કાર્ડ એકઠાં કરવાનો આ સંઘ કાશીએ ક્યારે પહોંચશે એ વિચારવાની શક્તિ અને ફુરસદ કોને છે ? નોકરી કરતાં થાકેલાં મા-બાપને પણ ફુરસદ ક્યાં છે ? એટલે બાળકો પડીકાં લીધે જ રાખે છે અને ચાર્ટ પ્રમાણે નંબરવાર કાર્ડ મેળવતાં રહે છે. બાળકો થાકે ત્યારે વાત અધૂરી રહે છે.

જ્યારે બાળકો આવી પ્રવૃત્તિથી થાકી જશે અને સહેજ મોટાં થશે ત્યારે રમકડાં બનાવનારી કંપનીઓ બીજી કોઈ નવી વસ્તુ દાખલ કરી બાળકોમાં એનું મોજું ઊભું કરશે અને નવાં બાળકોને પાછું એનું ઘેલું લગાડશે.

અમેરિકામાં ગ્રાહક સુરક્ષા ઘણી બધી છે. એ વાતનો ઈન્કાર નહિ થઈ શકે. ગ્રાહકોને છેતરવાની પ્રવૃત્તિ ત્યાં નથી. પણ ગ્રાહકો પાસેથી વધુ રકમ કાયદેસર વ્યવસ્થિત રીતે કેમ મેળવી લેવી એનું યુક્તિપૂર્વકનું વિજ્ઞાન ત્યાંની કંપનીઓએ વિકસાવ્યું છે. મોટા મોટા પગારવાળા બુદ્ધિશાળી નિષ્ણાત માણસો નવી નવી વસ્તુની યોજના કરે છે અને છાપાં, ટી.વી., ફ્લાયર વગેરે દ્વારા સમગ્ર દેશમાં એક સાથે પ્રચાર આરંભી દે છે અને નવી વસ્તુ એક સાથે બજારમાં ઠાલવીને અઢળક નફો મેળવી લે છે.

બાળકોને કોઈ એક વસ્તુ માટે ઘેલાં કરી દેવાં અને પછી એના ભોળપણનો લાભ ઉઠાવવો એ કાયદેસર હોય તો પણ નૈતિક નથી. આ વિશે અમેરિકામાં ઉહાપોહ ચાલુ થયો છે. કેટલાંયે વિચારકોએ રમકડાંની કંપનીઓની આવી ધૃષ્ટતાની નિંદા કરી છે, પણ બહેરા કાન પર તે અથડાય છે.

આંતરરાષ્ટ્રીય વ્યવહાર વધતાં દુનિયાનાં બજારોનો વિસ્તાર ઘણો થયો છે અને હજુ પણ થતો જશે. એક કંપનીનું ઉત્પાદન આખી દુનિયામાં પહોંચી જાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ વધવા લાગી છે. મનુષ્યની અર્થલાલસાને કોઈ સીમા નથી. ગ્રાહકને 'બિચારો' ન બનાવી દેવાય એ પ્રત્યે સમાજે, સરકારોએ જાગૃત થવું ઘટે.

☐ રમણલાલ ચી. શાહ

## વિશેષાંક

એક પણ જાહેરખબર લીધા વગર સતત પ્રકાશિત થતા રહેલા સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ને ડિસેમ્બર ૧૯૯૯માં ૬૦ વર્ષ પૂરાં થાય છે. એટલે ડિસેમ્બર ૧૯૯૯નો 'પ્રબુદ્ધ જીવન'નો અંક વિશેષાંક તરીકે પ્રકાશિત થશે.

☐ તંત્રી

# ગૂર્જર ફાગુ-વિષયક એક અનન્ય પ્રકાશન

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

તે વખતે મારી વય માંડ સાતેક વર્ષની. પ્રકૃતિએ હું વધુ પડતો રમતિયાળ. રમીને સંધ્યાકાળે મોડો ઘરે આવું એટલે દાદીમા પ્રેમથી ટોકેઃ 'મારા રોયા ! અત્યાર લગી ક્યાં 'ફાગ' ગાવા ગયો હતો ?' ૭૫ સાલ પૂર્વે મને આ 'ફાગ' શબ્દના સાચા અર્થની ક્યાં ખબર હતી ?...પણ કર્ણપટલ પર એ શબ્દના ધ્વનિ-સંસ્કાર પડેલા. તે કાળે તો દાદીમાના ઉપાલંભનો કેવળ વાચ્યાર્થ 'મોડે સુધી રખડવું-રમવું' એટલો જ હું સમજેલો પણ આજે તો સંસ્કૃત ફલ્ગુ, પ્રાકૃત ફગ્ગુ અથવા દેશ્ય ફગ્ગૂ ગુજરાતી ફાગુ-ફાગની વ્યુત્પત્તિ સાથે એ પ્રાચીન-મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપનાં છેલ્લાં પાંચસો-સાડી પાંચસો વર્ષોમાં રચાયેલાં સેંકડો ગૂર્જર ફાગુઓનો રસાસ્વાદ પણ માણતો થઇ ગયો છું. મારા આ સદ્ભાગ્યનું ચરમ ને પરમ શ્રેય ડૉ. રમણલાલ ચી. શાહને ફાળે જાય છે જેમણે 'ગૂર્જર ફાગુસાહિત્ય'ના તાજા જ પ્રકાશન દ્વારા (પ્રકાશકઃ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ) અત્યાર સુધીમાં ઉપલબ્ધ માહિતીના આધારે ગુજરાતી સાહિત્યમાં એક સાથે પ્રગટ થયેલાં આટલાં બધાં ખાસ્સાં ૧૫૦-ફાગુ કાવ્યોનો પરિચય પ્રથમ વાર જ કરાવ્યો--એ રીતે આ ગ્રંથને 'અનન્ય' ગણીએ તો પણ સત્યોક્તિ જ ગણાય.

'અનુક્રમ' પ્રમાણે પ્રથમ પ્રકરણમાં તેમણે ફાગુનો કાવ્ય પ્રકાર વિગતે સમજાવ્યો છે ને દ્વિતીય પ્રકરણમાં 'ફાગુકાવ્યની વિકાસ રેખા' આલેખી છે. એ પછી ત્રીજા અતિ દીર્ઘ પ્રકરણમાં (પૃ. ૪૧ થી પૃ. ૧૪૧) નેમિનાથ વિષયક પચાસ ફાગુ કાવ્યોની ચર્ચા કરી છે ને પછી પ્રકરણ ચારથી પ્રકરણ ચૌદ સુધીમાં અનુક્રમે સ્થૂલિભદ્ર વિષયક ચાર, વસંત શૃંગારનાં સાત, તીર્થ વિષયક તેર, અન્ય તીર્થંકરો વિષયક નવ, વ્યક્તિવિષયક છ, ગુરુ ભગવંત વિષયક એકવીસ, આધ્યાત્મિક-વિષયક સોળ, વૈષ્ણવ-વિષયક ચાર, લોકકથા વિષયક બે, પ્રકીર્ણ ચાર અને પાંચ સંસ્કૃત ફાગુકાવ્યોનો ખ્યાલ આપ્યો છે. એ પછી સંક્ષિપ્ત 'ઉપસંહાર' તથા સંદર્ભગ્રંથોની યાદી અને 'શબ્દસૂચિ' આપ્યાં છે. ગ્રંથનાં પ્રકરણો અને ફાગુકાવ્યોના આ વર્ગીકરણની યોજના જોતાં, લેખકની સંશોધક-સંપાદક અને સમીક્ષક-એમ ત્રિવિધ શક્તિનો યુગપદ્ ખ્યાલ આવે છે.

અત્યાર સુધીમાં ફાગુ વિષયક કેટલાંક નોંધપાત્ર પ્રકાશનો થયેલાં છે ને એ સાહિત્યપ્રકાર સંબંધે કેટલાક લેખો પણ લખાયા છે. નોંધપાત્ર પ્રકાશનોમાં પ્રો. કાંતિલાલ વ્યાસના, અજ્ઞાત જૈનેતર (બ્રાહ્મણ કવિ ?) કવિના 'વસંત વિલાસ' સમેત, સોનીરામનો 'વસંતવિલાસ', ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઇ પારેખ સંપાદિત 'પ્રાચીન ફાગુસંગ્રહ' અને આ જ ગ્રંથના સંપાદક ડૉ. રમણલાલ શાહની ફાગુ વિષયક 'પરિચય પુસ્તિકા' મુખ્ય છે. પણ આ બધાની તુલનાએ 'ગૂર્જર ફાગુ સાહિત્ય'નું આ પ્રકાશન તો 'અનન્ય' છે જ. પ્રકૃતિનું સ્તન્યપાન કરીને માનવનો ને માનવસભ્યતા-સંસ્કૃતિનો વિકાસ થયો છે. પ્રથમ પ્રકરણમાં લેખક જણાવે છે તે પ્રમાણે 'મનુષ્યની આંતરિક ચેતનાનો પ્રાદુર્ભાવ અને વિકાસ પણ કેટલેક અંશે પ્રકૃતિ પર રહે છે.' વિલ ડ્યૂરાંએ 'Our Eastern Heritage' નામના એમના ગ્રંથમાં 'The Conditions of Civilization' નામના પ્રથમ પ્રકરણમાં 'Geological Conditions'ને મહત્ત્વની ગણાવી છે. ગીતામાં ભગવાન કૃષ્ણે વસંતઋતુનું માહાત્મ્ય ગાતાં કહ્યું છે : 'ઋતુણાં કુસુમાકરઃ' । મધ્યકાળમાં, ગુજરાત અને રાજસ્થાનમાં, લગભગ પાંચસો વર્ષો સુધી રાસના સહોદર સમા, મુખ્યત્વે વસંતઋતુનાં વર્ણનવાળાં, ઊર્મિપ્રધાન, ગેય, પાંચ કડીથી ત્રણસો કડીઓ સુધીનાં, દૂહા, રોળા, 'ભાસ'માં રચાયેલાં ફાગુ કાવ્યોનો ખ્યાલ આપી લેખકે મોટે ભાગે એનું સર્જન જૈનેતર કવિઓ કરતાં જૈન કવિઓને હાથે વધુ થયું છે એની ચર્ચા કરી છે. ફાગુ-સાહિત્યપ્રકારમાં, વસંતઋતુના વર્ણનમાં, ઔચિત્ય ન જળવાય તો શૃંગારરસનો અતિરેક થતાં તે 'ગણપતિ ફાગુ'ની જેમ નરી અશ્લીલતામાં સરી પડાય એમ કહી જૈન કવિઓએ પોતાની અતૃપ્ત વાસનાને વ્યક્ત કરવા માટે તો ફાગુ કાવ્યની ઢાલ ધારણ કરી નથી ને ?-એવો શંકા-પ્રશ્ન ઉઠાવી જાતે જ એનું નિરાકરણ કરે છેઃ 'ફાગુકાવ્યમાં શૃંગારરસનું નિરૂપણ થાય છે. પરંતુ મધ્યકાળમાં સંયમના આરાધક, બ્રહ્મચર્ય વ્રતના ઉપાસક એવા જૈન સાધુઓએ આટલાબધાં ફાગુકાવ્યો લખ્યાં એથી આશ્ચર્ય નથી થતું ? પોતાની અતૃપ્ત વાસનાને વ્યક્ત કરવા માટે એમને ફાગુકાવ્યનું એક બહાનું મળ્યું એમ નથી લાગતું ? ના, જરા પણ નહિ; કારણ કે એમની ફાગુકૃતિઓમાં શૃંગારરસનું એવું નિરૂપણ જોવા મળતું નથી. એમની સંયમની આરાધનાને બાધક થાય એવી કોઇ વાત એમાં આવતી નથી. કેટલાંક ફાગુ કાવ્ય તો 'નારી નિરાસ'ના પ્રકારનાં છે.

વસ્તુતઃ જૈન સાધુ કવિઓ ફાગુકાવ્યો લખવા તરફ વળ્યા તેમાં કેટલાકમાં કાવ્યસર્જનની પ્રેરણા કરતાં સામાજિક અને ધાર્મિક કર્તવ્યની ભાવના વિશેષ રહેલી છે.' (પૃ. ૧૩)

બીજા પ્રકરણમાં 'ફાગુ કાવ્યની વિકાસરેખા' આલેખતાં, લેખક રાસ, આખ્યાન, પ્રબંધ કે પદ્યવાર્તાની તુલનાએ ફાગુનો કાવ્ય પ્રકાર ગૌણ હોવા છતાં તદ્દન ગૌણ નથી એમ કહી તત્કાલીન લોકજીવન ને ધર્મભાવનાને સમજવા માટે એનું ઐતિહાસિક મહત્ત્વ દર્શાવી, ચૌદમા શતકના અંત ભાગથી શરૂ થતા અને વિક્રમના અઢારમા શતકના ઉત્તરાર્ધમાં મંદ પડતા તેના પ્રવાહનું સૈકાવાર અને વિષયવાર કયા કયા જૈન-જૈનેતર કવિએ એના વિકાસમાં કેવો ફાળો આપ્યો છે તેનું વિગતવાર અને સમીક્ષાત્મક આલેખન કર્યું છે. લેખકના કહેવા પ્રમાણે વિક્રમના પંદરમાં સૈકામાં પ્રવાહરૂપે વહેતો થયેલો ફાગુનો પ્રવાહ સોળમા ને સત્તરમા સૈકામાં નદીના જેવો પુષ્ટ બને છે. એકલા સોળમા સૈકામાં જ ચાલીસથી વધુ ફાગુકાવ્યો લખાયાં છે. કદની દૃષ્ટિએ વિચારીએ તો આ સોળમા શતકમાં ફાગુકાવ્યની કડીઓનો સંખ્યાંક વધતો ચાલ્યો ને અઢીસો કે પાંચસો કડીનાં ફાગુકાવ્યો પણ લખાયાં ને ફાગુકાવ્યમાં બારમાસી દાખલ કરી 'ચુપઇ ફાગુ'ની રચના પણ થઇ. વિક્રમના સોળમા સૈકામાં સંખ્યા, કદ, વિષય વિસ્તાર ને ગુણવત્તાની દૃષ્ટિએ ફાગુકાવ્યે મહત્ત્વનો વિકાસ સાધ્યો. સોળમા સત્તરમાં શતકમાં સંવાદ, સ્વગતોક્તિ, ઉપાલંભ વગેરે લક્ષણો ફાગુકાવ્યની નિરૂપણ રીતિમાં જોવા મળે છે. શૃંગારરસના નિરૂપણ ઉપરાંત ધર્મોપદેશનું તત્ત્વ પણ આ બે સૈકામાં વૃદ્ધિ પામતું ગયું એટલે શાંતરસપર્યવસાયી ફાગુકાવ્યોનું પ્રાધાન્ય રહ્યા કર્યું. વિક્રમના અઢારમા શતકના ઉત્તરાર્ધમાં ફાગુ કાવ્યનો પ્રવાહ મંદ પડતો જણાય છે; છતાં પદબંધ અને કાવ્યના કદની દૃષ્ટિએ આગળના બે સૈકા જેવી લાક્ષણિકતા ચાલુ રહી છે. આરંભકાળથી તે અંતકાળ સુધી નેમિનાથ વિષે વધુમાં વધુ ફાગુકાવ્યો તેમજ રાસ, બારમાસી, છંદ, સ્તવન લખાયાં છે, કેટલાંક કવિઓએ તો બબ્બે ફાગુકાવ્યો લખ્યાં છે, પણ નવાઇની વાત એ છે કે શ્રી મહાવીર સ્વામીના જીવન વિશે ઘણી બધા વિગતો મળે છે છતાં તેમના વિષે એકપણ ફાગુકાવ્ય લખાયું નથી, તેવી જ રીતે જૈનોનું મહિમાવંતુ મોટું તીર્થ શત્રુંજય...પરંતુ આશ્ચર્યની વાત છે કે એ વિષે એક પણ ફાગુ કાવ્ય લખાયું નથી. એવી જ કથા ગિરનાર તીર્થ વિષે. મહાવીર સ્વામીના જીવનની ઘટનાઓ ફાગુકાવ્ય માટે અનુકૂળ નહીં હોય એમ કહી લેખક જણાવે છે કે એમને વિષે સ્તવનાદિ પ્રકારનાં અનેક કાવ્યો લખાયાં છે. નેમિનાથ વિષે લગભગ પચાસ ફાગુ કાવ્યો લખાયાં છે ને એનું સાતત્ય સૈકાવાર ચાલુ રહ્યું છે પણ

આશ્ચર્યની વાત એ છે કે જિનપદ્મસૂરિના અને હલરાજના સ્થૂલિભદ્ર વિષેના ફાગુકાવ્ય પછી, બે સૈકા સુધી સ્થૂલિભદ્ર સંબંધે કોઇ પણ ફાગુકાવ્ય લખાયું જાણ્યું નથી, સ્થૂલિભદ્રનું કથાનક ફાગુકાવ્યને અનુરૂપ ને વિશેષ અનુકૂળ હોવા છતાં.

'ગૂર્જર ફાગુકાવ્ય'ના ત્રીજા પ્રકરણમાં નેમિનાથ વિષે લખાયેલાં પચાસ ફાગુકાવ્યોનો લેખકે પરિચય કરાવ્યો છે. મારી દષ્ટિએ આ પ્રકરણ ગ્રંથના શિરમોર સમું છે. એક જ વિષય પર લખાયેલાં અનેક કવિઓનાં પચાસ કાવ્યોના ગુણદોષ પ્રદર્શનનો પ્રશ્ન કેટલો બધો વિકટ છે તે તો 'રામબાણ વાગ્યા હોય તે જાણે.' દરેક કવિની સમક્ષ ખ્યાત કથાનક છે ને કથાનક પણ એવું કે જૈન ધર્મના મૂળગામી મર્મગામી હાર્દ સમું. જૈન કવિઓને મન તો અમૃત સંજીવની સમું. એમની જીવનશૈલી અને જીવન અભિગમને પ્રેરક પોષક પણ...આવા ધાર્મિક રોમહર્ષણ, ખ્યાત કથાવસ્તુને ઉત્તમ, મધ્યમ ને સાધારણ કક્ષાના કવિઓએ કાવ્યનો વિષય બનાવ્યું છે. લેખકની આલોચનામાં પચાસમાંથી નીચેના અઢાર કવિઓએ નિજી શક્તિનો યથાયોગ્ય હિસાબ આપ્યો છે. (૧) રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ' (૨-૩) જયસિંહસૂરિકૃત નેમિનાથ ફાગુ-પ્રથમ, દ્વિતીય, (૪-૫) જયશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ-પ્રથમ-દ્વિતીય, (૬) રત્નમંડનગણિકૃત 'રંગસાગર ફાગ' 'નેમિનવરસફાગુ', (૭) રત્નમંડનગણિકૃત 'નારી નિરાસ ફાગ', (૮) માણિક્યસુંદરસૂરિકૃત 'નેમીશ્વરચરિત ફાગ', (૯) અજ્ઞાતકવિકૃત 'વસંતશૃંગાર ફાગુ', (૧૦) વીરચન્દ્રકૃત 'વીર વિલાસ ફાગ', (૧૧) હેમવિજયકૃત 'રંગતરંગફાગુ', (૧૨) ગુણવિજયકૃત 'નેમિજિન ફાગ', (૧૩) વિનયવિજયકૃત 'નેમિનાથ ભ્રમરગીતા', (૧૪-૧૫) સમયસુંદરકૃત 'નેમિનાથ ફાગુ'-પ્રથમ, દ્વિતીય, (૧૬) વિદ્યાભૂષણકૃત 'નેમીશ્વર ફાગ', (૧૭) ભટ્ટારક રત્નકીર્તિસૂરિકૃત 'નેમિનાથ ફાગ' અને કેશવકૃત 'નેમિનાથ ફાગ.'

ચોથા પ્રકરણમાં સ્થૂલિભદ્ર વિષે લખાયેલાં, 'જિનપદ્મસૂરિકૃત 'સ્થૂલિભદ્ર ફાગ', હલરાજકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ', જયવંતસૂરિકૃત 'સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ' અને માલદેવકૃત 'સ્થૂલિભદ્ર ફાગ'-આ ચાર ફાગુ કાવ્યોની નિરપેક્ષ દષ્ટિએ અને તુલનાત્મક દષ્ટિએ વિગતે આલોચના કરી છે ને દરેકની વિશેષતાઓ તથા મર્યાદાઓ દર્શાવી છે. નેમિનાથ પછી સ્થૂલિભદ્ર વિષે વધુ ફાગુકાવ્યો લખાયાં છે એના સંદર્ભમાં લેખક કહે છે: 'વિપ્રલંભ શૃંગારના નિરૂપણ માટે રહેલા અવકાશને કારણે તથા સ્થૂલિભદ્ર કામદેવ ઉપર જે વિજય મેળવે છે એ સંયમશીલતાના મહિમાને કારણે જૈન સાધુ કવિઓને સ્તૂલિભદ્રનું કથાનક ફાગુકાવ્ય માટે વિશેષ અનુકૂળ થાય તેવું છે.'

ગુજરાતી સાહિત્યમાં 'કાન્ત'ના ખંડકાવ્ય 'વસંતવિજય'નું જે સ્થાન છે તેવું જ સ્થાન અજ્ઞાત કવિકૃત સુપ્રસિદ્ધ ફાગુકાવ્ય 'વસંત વિલાસ'નું છે. 'વસંત-શૃંગારનાં ફાગુકાવ્યો' નામના પાંચમા પ્રકરણમાં લેખકે 'વસંતવિલાસ' ઉપરાંત અન્ય છ ફાગુકાવ્યોનો ઠીક ઠીક વિગતે પરિચય કરાવ્યો છે જે છમાં એક સંદિગ્ધ કૃતિ 'ગુણચંદ્રસૂરિકૃત 'વસંત ફાગુ' છે. બાકીની બધી જ જૈનેતર કવિઓની છે. 'વસંતવિલાસ' સંબંધે મન મૂકીને લખતાં લેખક કહે છેઃ 'આમ વિષયવસ્તુની પસંદગી, આંતરયમકવાળા દૂહાની રચના, પદલાલિત્ય, શબ્દસમૃદ્ધિ, કલ્પનાવૈભવ, માર્મિક રસનિરૂપણ, યથોચિત અલંકારોની વિપુલતા, સુશ્લિષ્ટ પદબંધ, ઉત્તમ રચનાકૌશલ, શૈલીની પ્રૌઢિ ઇત્યાદિ ગુણલક્ષણો વડે ઓપતી ફાગુકૃતિ 'વસંતવિલાસ' આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું એક અનેરું આભૂષણ છે.'

આ વિભાગનાં કાવ્યોમાં, જૈન સાધુ કવિઓના જેવી ઉપદેશયુક્ત ઉપશમની કે સંયમની વાત નિરૂપાઇ નથી, બલ્કે તેમાં તો ઉમંગ અને ઉલ્લાસનો અબીલગુલાલ ઊડતો અનુભવાય છે.

છઠ્ઠા પ્રકરણમાં નાનાં મોટાં તેરેક તીર્થ વિષયક ફાગુ કાવ્યોનો પરિચય લેખકે કરાવ્યો છે. લેખકના કહેવા પ્રમાણે મધ્યકાળમાં તીર્થો વિશે જે ફાગુકાવ્યો લખાયાં છે તે બહુધા રાજસ્થાનનાં તીર્થો વિશેનાં છે. સાધુ કવિઓ ત્યારે મુખ્યત્વે રાજસ્થાનમાં વિચરતા અને ત્યાંથી યાત્રાસંઘો નીકળતા. આ તીર્થ વિષયક ફાગુકાવ્યોમાંનું એક સરસ ફાગુકાવ્ય તે રાવણા પાર્શ્વનાથતીર્થ વિશેનું છે. ફાગુકાવ્યોમાં કોઇ કવિએ કુંડલિનીદેવીને પ્રાર્થના કરી હોય એવું આ એક જ કાવ્ય જોવા મળે છે. અજ્ઞાત કવિકૃત 'રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ' પણ કવિની મૌલિક કલ્પનાશક્તિના ઉન્મેષોને કારણે ઊંચી પરિપાટીનું બન્યું છે.

'અન્ય તીર્થંકરો વિશે ફાગુકાવ્યો' નામના સાતમા પ્રકરણમાં શ્રી ઋષભદેવ ભગવાન-આદિનાથ, શ્રી શાન્તિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામી વિશે છે. આ વિભાગનાં નવ ફાગુ કાવ્યો, ફાગુ કાવ્યો કરતાં ચરિત્ર- કાવ્યોનાં વિશેષ લક્ષણોવાળાં છે. લેખકના જણાવ્યા પ્રમાણે વિક્રમના સોળમા શતકમાં લખાયેલાં ફાગુકાવ્યો કરતાં સત્તરમા શતકમાં લખાયેલાં કેટલાંક ફાગુકાવ્યોમાં કલાસ્વરૂપની દષ્ટિએ કેટલીક વ્યાપકતા અને કેટલીક શિથિલતા જોવા મળે છે. આ વિભાગનાં નવ ફાગુકાવ્યોમાંથી 'લીંબોકૃત ઋષભદેવ ફાગ', ભટ્ટારક જ્ઞાનભૂષણકૃત 'આદીશ્વર ફાગ' સોમકીર્તિકૃત 'પાર્શ્વનાથ વસંતવિલાસ' અને કલ્યાણકૃત 'વાસુપૂજ્ય મનોરમ ફાગ' નોંધપાત્ર કૃતિઓ છે. બાકી શ્રી 'સુજાતપ્રભુ ફાગ' અને 'તીર્થંકર ફાગુ' નામનાં ફાગુકાવ્યો સામાન્ય કોટિનાં છે.

'વ્યક્તિ-વિષયક અન્ય ફાગુ કાવ્યો' નામના આઠમા પ્રકરણમાં છ ફાગુકાવ્યો છે જે જંબુસ્વામી, ભરતેશ્વર ચક્રવર્તી, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, શાલિભદ્ર અને રામચંદ્ર વિશેનાં છે. અજ્ઞાતકવિ-કૃત 'જંબુસ્વામી ફાગ' વિષયની દષ્ટિએ અને રચનાની દષ્ટિએ મહત્ત્વની કૃત છે. એ જ રીતે અજ્ઞાત કવિકૃત 'પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ' પણ. બાકીની બધી ફાગુકૃતિઓ મધ્યમ કોટિની છે. યશોવિજયજી કૃત 'જંબુસ્વામી બ્રહ્મગીતા, લોકભોગ્ય નહીં પણ વિદ્વદ્ભોગ્ય છે.

નવમા પ્રકરણમાં ગુરુભગવંત વિશે એકવીસ ફાગુકાવ્યો છે જેમાંના અગિયારના કર્તા અજ્ઞાત છે. ગુરુ ભગવંતના જીવનની કોઇ મહત્ત્વની ઘટનાઓ જેવી કે આચાર્યની પદવી કે કોઇ પ્રતિમાની પ્રતિષ્ઠા જેવા વિશિષ્ટ પ્રસંગોએ આ ફાગુ કાવ્યોની રચના તેમના શિષ્યો-પ્રશિષ્યોએ કરેલી છે. આ પ્રકારનાં મોટા ભાગનાં ફાગુકાવ્યોનું મૂલ્ય કાવ્ય કરતાં ઐતિહાસિક માહિતીને કારણે છે. જે તે ગુરુ ભગવંતની સંયમની દઢતા, તેમનાં સ્ફટિકશાં શીલ અને તેમના કામવિજયને આ પ્રકારનાં ફાગુકાવ્યોમાં બિરદાવ્યાં છે. કામદેવ સાથેના યુદ્ધમાં સંયમરૂપી હાથી પર સવાર થઇ, ઉપશમરૂપી ઘોડા સાથે યુદ્ધ ખેલતા ગુરુ ભગવંતને રૂપકશૈલીથી નવાજ્યા છે ને તપ-સ્વાધ્યાયરૂપી શસ્ત્રો વડે વિજયી થતા નિરૂપ્યા છે. ત્રણેક 'ગુર્વાવલી ફાગ'નું મહત્ત્વ માહિતીસભર ઐતિહાસિક દષ્ટિએ છે.

દશમા પ્રકરણમાં સોળેક આધ્યાત્મિક વિષયનાં ફાગુકાવ્યોનો પરિચય કરાવ્યો છે તેમાં અજ્ઞાતકવિકૃત 'વાહણનું ફાગ', રંગકુશલકૃત 'ભાવવૈરાગ્ય હોલી ફાગ', વૃદ્ધિવિજયકૃત 'જ્ઞાનગીતા, લક્ષ્મી-વલ્લભસૂરિકૃત 'અધ્યાત્મફાગ', બનારસીદાસકૃત 'અધ્યાત્મ ફાગ', લબ્ધિવિજયકૃત 'અધ્યાત્મ ફાગ' અને દેવચંદ્રજી કૃત 'દત્તપ્રભુ સ્તવન ફાગ' મુખ્ય છે. બાકીની કૃતિઓ સામાન્ય કક્ષાની છે. વિક્રમના સત્તરમા સૈકામાં ફાગુ કાવ્યની વિભાવના બદલાઇ જાય છે ને શૃંગારને રસ્તેથી સંયમ-ઉપશમને માર્ગે વાળવા માટે અધ્યાત્મની રૂપકશૈલીનાં કેટલાંક ફાગુ કાવ્યોનું સર્જન થયું છે. રૂપકશૈલીમાં જ્યાં કૃતકતાનો અભાવ હોય છે ત્યાં તે રોચક ને પ્રભાવક લાગે છે. રૂપકશૈલીનાં બે દષ્ટાંત જોઇએ. (૧) અજ્ઞાતકવિકૃત 'વાહણનું ફાગ'માં તે કહે છેઃ 'કાયા એ પ્રવહણ-વહાણ છે. તે દ્વારા સંસારરૂપી સમુદ્ર પાર કરી મુક્તિરૂપી પાટણ મુખ્યનગરી પહોંચવાનું છે. રસ્તામાં બાર દેવલોક, નવ ગ્રૈવેયકરૂપી નગરો આવશે. આ વહાણમાં તપરૂપી કૂવાસ્થંભ છે, દયારૂપી દસ્તુર

છે, શિયળરૂપી શઢ છે, ભાવરૂપી ભંડારી છે, ધર્મધ્યાનરૂપી બે હલેસાં છે, મનરૂપી વાયુ છે. વહાણની નીચે ક્રોધ, માન અને માયારૂપી જલ છે. તેમાંથી વહાણને હંકારવા માટે ઉપશમ, સંવર, વિવેક વગેરે મિત્રોનો જો સંગાથ ન કર્યો તો વહાણ ગમે ત્યારે ડૂબી જશે.' (પૃ. ૨૯૬-૨૯૭) (૨) લક્ષ્મીવલ્લભસૂરિકૃત 'અધ્યાત્મ ફાગ'માં હોળી ખેલવાના પ્રસંગને અધ્યાત્મ રૂપકશૈલી દ્વારા મૂર્તસ્વરૂપ આપ્યું છે. દા.ત.:-'શરીર તે વૃંદાવન છે. એમાં જ્ઞાનરૂપી વસંત ખીલી છે. પાંચ ઈંદ્રિયો તે પાંચ ગોપ છે. મતિ એ ગોપી છે. આત્મા એ હરિ છે. વસંત ઋતુમાં આત્મારૂપી હરિ સુમતિ રૂપી રાધા સાથે હોરી ખેલે છે. તેમાં પાંચેય ઇન્દ્રિયોરૂપી ગોપ અને મતિરૂપી ગોપી પણ જોડાય છે. ઈંદ્રિયો પોતાના બાહ્ય સ્થૂલ વિષયો છોડીને અંતર્મુખ થાય છે. અને ખેલાતી હોરીમાં ભાગ લેવા માટે આત્મારૂપી હરિ જ્યારે પ્રવૃત્ત થાય છે ત્યારે મોહરૂપી તુષારબિંદુ સરી પડે છે. તે સમયે મિષ્ટ હિતરૂપી ગુણો ગહગહવા લાગે છે અને સત્યરૂપી સમીર વહેવા લાગે છે. સમતારૂપી સૂર્યનું તેજ જેમ જેમ પ્રસરવા લાગે છે તેમ તેમ મમતારૂપી અંધારી રાત્રિની પીડા દૂર થવા લાગે છે.' (પૃ. ૩૦૮)

અગિયારમા પ્રકરણમાં લેખકે ચાર 'વૈષ્ણવ ફાગુકાવ્યો'ની ચર્ચા કરતાં લખ્યું છે. 'આ ચાર ફાગુકૃતિમાં 'નારાયણ ફાગુ'નું કર્તૃત્વ સંદિગ્ધ છે, 'હરિ વિલાસ ફાગુ' અપૂર્ણ છે, કેશવદાસકૃત 'વસંત વિલાસ' તે 'શ્રીકૃષ્ણલીલા કાવ્ય' નામની મોટી કૃતિનો એક ભાગ છે અને ચતુર્ભુજ કૃત 'ભ્રમરગીતા' એ ભ્રમરગીતાના પ્રકારનું કાવ્ય છે. 'નારાયણ ફાગુ'માં અજ્ઞાત કવિના 'વસંતવિલાસ'નો પ્રભાવ વરતાય છે તો 'હરિવિલાસ ફાગ' વાંચતાં પણ 'વસંત વિલાસ'નું સ્મરણ થાય છે. આ ફાગુકાવ્ય અપૂર્ણ છે, બાકી ગણતર ફાગુકાવ્યોમાં સ્થાન પામે તેવું છે. કેશવદાસ કૃત 'વસંતવિલાસ' ભાગવતના દશમ સ્કંધ અનુસાર લખાયો છે તો ચતુર્ભુજ કૃત 'ભ્રમરગીતા' 'નિર્ભેળ ફાગુકાવ્યોમાં ન ગણાય તો પણ ફાગુના સ્વરૂપની સરહદમાં આવેલા કાવ્ય તરીકે સ્થાન પામી શકે.' તેમાં ભાષાની પ્રૌઢિ તથા વિષયની અભિવ્યક્તિમાં વ્યવસ્થિતતા અને સુસંગતતા જણાય છે.'

બારમા પ્રકરણમાં, લોકકથા-વિષયક બે ફાગુ કાવ્યોની વિગતે ચર્ચા કરી છે જેમાંનું પ્રથમ અજ્ઞાતકવિકૃત 'મોહિની ફાગુ' તત્કાલીન અસંસ્કારી કે વિકૃત માનસનું પ્રતિબિંબ પાડતી સ્થૂળતામાં સરી પડતી, સ્થૂલ શૃંગારનું અમર્યાદ નિરૂપણ કરતી સુરુચિવિહીન કૃતિ છે જે વાંચતાં આપણને શામળની 'સુડાબહોતરી'નું સ્મરણ થાય. જ્યારે બીજી કૃતિ કનકસોમકૃત 'મંગલકલશ ફાગ'. 'શાન્તિનાથ ચરિત્ર'માં આવતી લોકકથાને 'પ્રબંધ', 'ચરિત્ર' ને 'ફાગુ' નામાભિધાને ઓળખાવી, જાણે કે લઘુ રાસકૃતિ ન હોય તેવી રીતે તેનું નિરૂપણ કર્યું છે. લોકવાર્તાનું તેમાં અદ્ભુત રસરસિત નિરૂપણ હોવા છતાં તેનો મુખ્ય ઉદ્દેશ તો કથાકાવ્ય નિમિત્તે, ફાગ નિમિત્તે ધર્મબોધ કરવાનો રહ્યો છે.'

તેરમા પ્રકરણમાં ચાર 'પ્રકીર્ણ ફાગુ કાવ્યો'ની વિગતો આપી છે જેમાંના પ્રથમ અજ્ઞાત કવિકૃત 'મૂર્ખ ફાગ'માં રસિક 'શિક્ષિત પત્ની' અને અરસિક મૂર્ખ પતિના કજોડાની વાત સચોટતા ને તાદશતાથી નિરૂપી છે, તો અજ્ઞાતકવિકૃત 'માતૃકા ફાગ' ફાગુબંધ અને યમકસાંકળી હોવાને કારણે ફાગુ નામને પાત્ર બનેલી બોધાત્મક કૃતિ છે. જીતચન્દ્રકૃત 'ભાસ ફાગુણી', પ્રભુ સ્તુતિ કરતી છ કડીની કૃતિ છે. તો અજ્ઞાત કવિકૃત 'ગણપતિ ફાગુ' એની વધુ પડતી અશ્લીલતાને કારણે પ્રસિદ્ધિક્ષમ નથી.

છેલ્લા ચોદમા પ્રકરમાં પાંચ સંસ્કૃત ફાગુ કાવ્યોની ચર્ચા કરી છે. મધ્યકાળમાં કવિઓ સંસ્કૃત ભાષામાં ફાગુકાવ્યો લખવા લાગ્યા તે ફાગુકાવ્યની લોકપ્રિયતા દર્શાવે છે. 'શ્રી નવખંડા પાર્શ્વનાથ ફાગુ' એ કવિ આનંદમાણિક્યની ભાવ-સભર, સમાસયુક્ત શિષ્ટ મધુર પદાવલિમાં લખાયેલી કૃતિ છે તો હીરવિજયજીસૂરિકૃત 'નાભેય સ્તવનફાગ' શ્રી ઋષભદેવ ભગવંતની સ્તુતિ કરતું સમાસપ્રચુર છતાં સરળ ફાગુકાવ્ય છે. સકચલચંદ્રગણિત રચિત 'શ્રી સીમંધરજિન સ્તવન ફાગ'માં અંત્યાનુપ્રાસની સરસ યોજના એ જ એની વિશિષ્ટતા છે. કાવ્ય પ્રાસાદિક ને સુગેય છે. 'નાભેયજિન સ્તવન ફાગ'માં શ્રી યશોવિજયજીએ શ્રી ઋષભદેવ ભગવંતની સ્તુતિ કરી છે. પ્રત્યેક શ્લોકની રચના આંતરયમક સાથે કરી છે એ દૃષ્ટિએ એને ફાગુના પ્રકારમાં ગણાવી શકાય. 'જય જય વિશ્વપતે...એ શ્લોકના ચોથા ચરણ પર 'જય જય દેવ હરે' એ જયદેવના 'ગીતગોવિંદ'ની અસર દર્શાવે છે. 'મહાવીર સ્તવન ફાગુબંધ'માં જયસુંદરસૂરિએ ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીની અઠ્ઠાવીસ શ્લોકમાં સ્તુતિ કરી છે. સંસ્કૃત ભાષામાં ફાગુકાવ્યોની રચના, ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની ગણાય.

આ 'ગૂર્જર ફાગુસાહિત્ય' વાંચતાં મારા મનમાં ત્રણ ચાર વિચારો ઝબકી ગયા. પ્રથમ તો મને મધ્યકાળમાં ફાગુસાહિત્યનો પ્રકાર ખેડનાર, વિકસાવનાર ને સાત્ત્વિક જીવન ઘડતર માટે એનો વિધેયાત્મક વિનિયોગ કરનાર જૈન કવિઓ માટે અહોભાવ જાગ્યો. બીજું, એમના સદોદિત ઉત્સાહ અને અનવરત સાતત્ય માટે આશ્ચર્ય થયું. સાચી 'જ્ઞાનવીરતા' સિવાય આવી સાધના અશક્ય. ત્રીજું, જૂની હસ્તપત્રોનું સંગોપન-સંશોધન-સંપાદન કરવાની એમની લગન માટે તો જેટલું કહીએ તેટલું ઓછું. જૈનેતર અજ્ઞાત બ્રાહ્મણ (?) કવિની અસાધારણ ફાગુકૃતિ 'વસંતવિલાસ' પણ જૈન ભંડારાને કારણે ઉપલબ્ધ થઇ એ જેવી તેવી વાત નથી. આ જૈન જ્ઞાનભંડારો ન હોત તો પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યની શી સ્થિતિ હોત ?

આ ગ્રંથના વિદ્વાન લેખક ડૉ. રમણલાલ શાહનાં ધૃતિ, નિષ્ઠા અને લગનનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં. એક તો પ્રાચીન હસ્તપ્રતો હાથમાં ઝાલવી અર્વાચીન-અદ્યતન વિદ્વાનોને ગમતી નથી. ખૂબ જ 'કડાકૂટિયું' કામ છે એ. બીજું, અર્વાચીન સાહિત્યની તુલનાએ પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યમાં ઓછાઓને રસ હોય છે. ત્રીજું, એના મૂલ્યાંકનની પણ વિશિષ્ટ રીતિ ને દૃષ્ટિ હોય છે. ડૉ. શાહમાં આ ત્રિ-વિધ પ્રકારની વ્યુત્પત્તિ છે, પૂરી સજ્જતા છે. આટલી બધી કૃતિઓની ઉપલબ્ધિ, એનું વિષયવાર વર્ગીકરણ, એના કર્તાઓ સંબંધે શક્ય બધી જ માહિતી આપવી, કૃતિઓનું રસદર્શન કરાવવું, પ્રત્યેક કૃતિમાંથી ઔચિત્યપૂર્વક અનેક અવતરણો ટાંકવાં, રસાલંકારની દૃષ્ટિએ એનો આસ્વાદ કરાવવો, ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિએ કર્તાઓ અને કૃતિઓની સમીક્ષા કરવી, માહિતી સંદિગ્ધ કે અપૂર્ણ હોય ત્યાં તર્કપ્રધાન અનુમાન કરવું...આખરી નિર્ણય પર આવતાં પહેલાં અન્વયવ્યતિરેક ન્યાયે તથ્યની પૂરી કસોટી કરવી, સત્યને જ દૃષ્ટિ સમક્ષ ને કેન્દ્રમાં રાખવું ને શક્ય હોય ત્યાં સુધી શ્રદ્ધેય વિદ્વાનોનો જ આગ્રહ રાખવો...આ બધાં ગુણલક્ષણો 'ગૂર્જર ફાગુસાહિત્ય' એક અનન્ય પ્રકાશન છે. મારા આ વિધાનના, સમર્થનમાં હું ડઝનબંધ અવતરણો ટાંકી શકું તેમ છું પણ લંબાણના ભયે એક બે ઉદાહરણોથી જ સંતોષ માનીશ.

અનુમાનનું એક દૃષ્ટાંત જોઇએ :-શ્રી જયસિંહસૂરિએ નેમિનાથ વિશે બે ફાગુ કાવ્યો લખ્યાં છે. એમાં આ ફાગુકાવ્યને (નેમિનાથ ફાગુને) દ્વિતીય ફાગુ તરીકે ઓળખાવવામાં આવે છે. (આ ફાગુકાવ્ય પ્રાચીન ફાગુ સંગ્રહમાં છપાયું છે). આ વ્યવસ્થા વ્યવહારદૃષ્ટિએ છે. કારણ કે આપણને નિશ્ચિતપણે જાણવા મળતું નથી કે કયું ફાગુકાવ્ય કવિએ પહેલું લખ્યું હશે. વળી એક જ વિષય પર બે ફાગુકાવ્ય લખવાનું પ્રયોજન પણ જાણવા મળતું નથી. બંનેની રચનાશૈલી ભિન્ન છે. એ પરથી એવું અનુમાન માત્ર થાય કે ફાગુકાવ્યની ભાસના

પ્રકારની રચનાશૈલી અને સળંગ દૂહાબંધની રચનાશૈલી એમ બંને શૈલીનાં ફાગુકાવ્યો આપવાનો એમને ભાવ થયો હશે.' (પૃ. ૪૮)

તુલનાત્મક દૃષ્ટિનું એક ઉદાહરણ જોઈએ :- 'નારી નિરાસ ફાગ' એ આપણા ફાગુ સાહિત્યમાં એક વિશિષ્ટ ભાત પાડતું ફાગુકાવ્ય છે. નિરાસ અથવા નિરસન એટલે કાઢી મૂકવું, દૂર કરવું. વસંત વિહાર અને શૃંગારરસનું નિરૂપણ એ ફાગુના કાવ્યપ્રકારનું એક મુખ્ય લક્ષણ છે. કામદેવનો પ્રભાવ એમાં વર્ણવાય છે. જૈન સાધુ કવિઓને હાથે લખાયેલાં ફાગુકાવ્યોમાં વસંતવિહાર અને નારીસૌંદર્યનું નિરૂપણ થયું હોય છે, પરન્તુ તેનો વિનિયોગ, ધર્મ પ્રભાવ અર્થે બહુધા થયો હોય છે. અને કાવ્યનું પર્યવસાન શાંતરસમાં થયેલું હોય છે. 'નારીનિરાસ ફાગ'માં વસંતઋતુનું અને નારીસૌંદર્યનું વર્ણન કવિએ કર્યું છે પરંતુ નારી નિરાસ જ ઉપકારક નીવડે છે એમ એમણે સૂચવ્યું છે. આખા કાવ્યનો આશય વાચકને સચોટ રીતે સમજાવીને નારીવિમુખ કરવાનો છે. 'વસંતવિલાસ' ફાગુકાવ્ય એક છેડે છે તો બીજા છેડે એવું જ સમર્થ આ નારી નિરાસનું કાવ્ય છે.'

ચોકસાઈના બે નાના નમૂના જોઈએ. (૧) સ્વ. કાન્તિલાલ વ્યાસે 'ચાર ફાગુ કાવ્યો'માં 'કેવડિ વંદન રેસિ'નો અર્થ કર્યો છે. 'કેવળજ્ઞાની હેમરત્નસૂરિને વંદન કરવાને માટે.'...પરંતુ આ અર્થ બરાબર નથી. 'કેવડિ'નો અર્થ કેવળી-કેવલી-કેવળજ્ઞાની એવો નહિ લઈ શકાય, કારણ કે હેમરત્નસૂરિને કેવળજ્ઞાની તરીકે ઓળખાવી ન શકાય. જૈન માન્યતા પ્રમાણે છેલ્લા કેવળજ્ઞાની જંબુસ્વામી હતા અને ત્યારપછી આ પાંચમા આરામાં કોઈને કેવળજ્ઞાન થયું નથી, થઈ શકે નહિ, માટે અહીં 'કેવડિ'નો 'કેવલી' એવો અર્થ નહિ થાય. 'કે વડી' એટલે-અથવા 'મોટી' સરખે સરખી અથવા 'મોટી' એવો અર્થ કદાચ હોઈ શકે.' (પૃ. ૨૭૫)

(૨) ડૉ. સાંડેસરાએ જિનહંસગણિનો 'આચાર્ય' તરીકે ઉલ્લેખ કર્યો છે. (પ્રાચીન ફાગુસંગ્રહ-પ્રસ્તાવના' પૃ. ૧૯) ડૉ. ગોવિંદ રજનીશે પણ તેવો ઉલ્લેખ કર્યો છે. (ફાગુકાવ્ય-સ્વરૂપ , વિકાસ અને મૂલ્યાંકન-પૃ. ૧૪૪) પરંતુ કવિએ પોતાના ગુરુનો કાવ્યમાં 'સૂરિ' કે 'આચાર્ય' તરીકે ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. જો તેઓ 'આચાર્ય' હોય તો કવિ તેમનો 'સૂરિ' તરીકે અવશ્ય ઉલ્લેખ કરે જ, કારણ કે તેવી પરંપરા છે. અન્ય સંદર્ભો જોતાં પણ જણાય છે કે જિનહંસ ગણિ હતા, સૂરિ નહિ.' (પૃ. ૨૭૬)

અત્યાર સુધી હું એવા ભ્રમમાં રાચતો હતો કે ડૉ. શાહ કરતાં કાવ્યની મારી સમજ ઝીણી છે, પણ 'પ્રકીર્ણ ફાગુ કાવ્યો'માંનું અજ્ઞાત કવિકૃત 'મૂર્ખફાગ' વાંચતાં મને મારી મૂર્ખાઈ સમજાઈ ! આ ફાગમાં રણછોડભાઈ ઉદયરામની લલિતા કે ગોવર્ધનરામની કુમુદને પનારે જેવા મૂર્ખ પતિઓ પડે છે તેવા એક ગમારનો અને શિક્ષિત રસિક પત્નીનો આ કજોડાનો ફાગ છે. આ ફાગુમાં કવિએ વાપરેલ 'ઇંસ' શબ્દનું પ્રતીક અદ્યતનકાળના પ્રતીકવાદી કવિઓને પણ ગમે તેવું છે. 'સુખે સૂઈ સમિસાંઝનો, વલગી તે એક જ ઇંસ;

ઊગા પછી રે ઉઠાડિયે, સાદ કરી દસવીસ'

પતિ, સમી સાંજનો સુખેથી સૂઈ જાય છે. વળી ખાટલામાં એક જ બાજુની ઇંસ પકડીને એ સૂતો તે સૂતો. સવાર પડ્યા પછી એને ઉઠાડવા માટે દસવીસ બૂમ મારવી પડે. આનું વિવરણ કરતાં ડૉ. શાહ લખે છે : 'અહીં પતિ અને પત્નીના અનુભવ વચ્ચેનો વિરોધ કેટલો સચોટ છે.' ઇંસ શબ્દ પતિની પત્ની પ્રત્યેની વિમુખતાનું અને એની અરસિકતાનું પ્રતીક છે. પતિ રાત પડતાં પહેલાં ખાટલામાં એક જ બાજુ પડખું ફરી સૂઈ જાય છે અને સવારે મોડો ઊઠે છે. એક જ ઊંઘે એને સવાર પડે છે. પરંતુ પત્નીને આખી રાત ઊંઘ આવતી નથી બલ્કે રાત્રિ કાળ જેવી લાગે છે. પતિ અને પત્ની વચ્ચે દેહસંબંધ નથી તેનું કેવી સૂચક રીતે કવિએ નિરૂપણ કર્યું છે ? મૂર્ખ પતિના ચિત્રમાં વાસ્તવિકતા રહેલી છે. એમાં કન્યાની મનોવેદનાની વ્યંજના છે, પણ સાથે આ ચિત્રમાં હાસ્યકટાક્ષ પણ રહેલાં છે.'

હવે પ્રસ્તાર ન કરતાં, તુલનાત્મક ને ઐતિહાસિક દૃષ્ટિએ, 'ભ્રમરગીતા'ના સાહિત્ય પ્રકારનું કરેલું એમનું વિવરણ જોઈએ : વિનયવિજયકૃત 'નેમિનાથ ભ્રમરગીતા'ના સંદર્ભમાં તેઓ લખે છે: 'આ કૃતિને હસ્તપ્રતોમાં 'ભ્રમરગીત' અથવા 'ભ્રમરગીતા સ્તવન' તરીકે ઓળખાવવામાં આવી છે. શ્રી વિનયવિજયજીએ પોતે પણ આરંભમાં આ કૃતિને 'ભ્રમરગીત' તરીકે જ ઓળખાવી છે.

'મુનિમનપંકજ ભમરલુ, ભવભયભેદણહાર;

ભમરગીત ટોડર કરી, પૂજા બંધુ મુરારિ.'

ભ્રમરગીત અથવા ભ્રમરગીતા નામના કાવ્ય પ્રકારનાં મૂળ ભાગવત પુરાણમાં જોવા મળે છે. શ્યામવર્ણવાળા, છ પગવાળા, એક પુષ્પ પરથી બીજા પુષ્પ પર ફરનારા, મકરંદ ચૂસનારા ભ્રમરનું પ્રતીક રસિક અને કવિઓને ગમી જાય એવું છે. સંદેશવાહક તરીકે પણ તે ઉપયોગી છે. વળી ભ્રમર દ્વારા અન્યને ઉપાલંભ અપાય છે. એ રીતે ભ્રમરગીતા અન્યોક્તિના પ્રકારનું કાવ્ય બની શકે છે.

ગોપીઓ પોતાની વિરહવ્યથા ભ્રમર આગળ વ્યક્ત કરતી હોવાથી એવા પ્રકારની રચના ભ્રમરગીત કે 'ભ્રમરગીતા' તરીકે ઓળખાય છે. આ રીતે ભ્રમરગીતમાં ઉપાલંભયુક્ત સંદેશ વ્યક્ત કરાય છે. શ્રીકૃષ્ણ શ્યામ છે, અને ઉદ્ધવ પણ શ્યામ છે. એમનો શ્યામ વર્ણ ભ્રમરને મળતો છે. એટલે ઉદ્ધવ-ગોપી સંવાદના પ્રકારની રચનાઓ પણ આ વર્ગમાં આવે છે. મધ્યકાલીન ગુજરાતી કવિતામાં બ્રેહદેવ, ચતુર્ભુજ, કેશવરામ, વિશ્વનાથ, પ્રેમાનંદ, પુરુષોત્તમ, સુંદરસુત વગેરે કવિઓએ 'ભ્રમરગીતા'ના પ્રકારની કૃતિઓની રચના કરી છે. ભ્રમરગીતા, આમ વૈષ્ણવ કવિઓનો વિષય રહ્યો છે. જૈન કવિઓ ભ્રમરગીતા લખી હોય એવી આ વિનયવિજયજીની કૃતિ છે, પરંતુ એમાં વિષય વસ્તુતઃ નેમિનાથનો લેવાયો છે. 'નેમિનાથ ભ્રમરગીતા' નામના આ ફાગુકાવ્યમાં નથી 'ભ્રમરગીતા'નાં બધાં લક્ષણો કે નથી ફાગુકાવ્યનાં બધાં લક્ષણો; એમ છતાં આ ભ્રમરગીતાને ફાગુકાવ્યના પ્રકાર તરીકે ગણાવી શકાય એમ છે, કારણ કે એની રચના દૂહા, ફાગ અને છંદની કડીઓમાં કરવામાં આવી છે. એમાં જે રીતે કથાનકના એક ખંડનું, પ્રકૃતિવર્ણન, છંદવૈવિધ્ય, ઇત્યાદિ સહિત નિરૂપણ કરવામાં આવ્યું છે તે જોતાં પંડિત યુગના ખંડકાવ્યની યાદ અપાવે એવું આ કાવ્ય છે.'

ટૂંકમાં, ન ભવિષ્યતિ તો નહીં પણ ન ભૂતો કહી શકાય એવું આ અદ્વિતીય પ્રકાશન છે

# નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે, ચિખોદરાની આંખની હોસ્પિટલ દ્વારા, સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે, સ્વ. તારાબહેન ચંદુલાલ ઝવેરીના આર્થિક સહયોગથી એક નેત્રયજ્ઞ શનિવાર, તા. ૨૮-૮-૯૯ના રોજ સેવાલિયા (જિ. પંચમહાલ)માં યોજવામાં આવ્યો હતો, જેમાં હોદ્દેદારો સહિત સંઘના સાત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

☐ મંત્રીઓ

# જૈન સાહિત્યની ગઝલો

□ ડૉ. કવિન શાહ

જૈન સાહિત્યમાં વિવિધ કાવ્યપ્રકારોનું ખેડાણ થયું છે. સાધુ કવિઓએ ગઝલપ્રકારની રચનાઓ કરીને કાવ્યસાહિત્યમાં વિવિધતાની સાથે નવીનતા દર્શાવી છે.

ગઝલ પરદેશી કાવ્યપ્રકાર છે. ગુજરાતી ભાષામાં ગઝલનો પ્રારંભ થયો ત્યાર પહેલાં જૈન કવિઓએ રાજકીય પ્રભાવ અને નવીનતાના પ્રયોગરૂપે ગઝલો રચી હતી.

ગઝલ અરબી સાહિત્યનો કાવ્યપ્રકાર છે. અરબસ્તાનથી ઇરાનની ફારસી ભાષામાં તેનો વિકાસ થયો. મુસ્લિમ શાસનકાળ દરમ્યાન રાજદરબારની ફારસી ભાષાના પ્રયોગથી પણ ગઝલનો પ્રચાર થયો. ગઝલ એટલે પ્રિયતમા સાથેની વાતચીત. તે દષ્ટિએ વિચારીએ તો ગઝલનો વિષય પ્રણયનો છે. ગઝલને ફારસી ભાષામાં એક રાગ તરીકે 'રેખતા' નામથી ઓળખવામાં આવે છે. ગઝલ માટે પ્રારંભમાં રેખતા શબ્દપ્રયોગ થતો હતો. ફારસી ભાષાની દષ્ટિએ ગઝલ એટલે પ્રેમ અને સૌન્દર્યનું કાવ્ય છે. તેમાં સૌન્દર્યનો અર્થ ભૌતિક નહિ પણ આધ્યાત્મિક સમજવાનો છે.

આ સ્વરૂપને સમજવા માટે કેટલાક પારિભાષિક શબ્દો સમજવા અનિવાર્ય છે. ગઝલની પ્રથમ પંક્તિ મત્લઅ કહેવાય છે. તેનો અર્થ સૂર્યોદય એટલે ગઝલનો પ્રારંભ એમ થાય છે. ગઝલની અંતિમ કડીમાં ગઝલકારનું નામ પ્રાપ્ત થાય છે. તેને મક્તઅ કહેવામાં આવે છે, તેનો અર્થ ડૂબતો સૂર્ય થાય છે. એટલે ગઝલ પૂર્ણ થઇ એમ સમજવાનું છે. મત્લઅ અને મક્તઅ એ બંન્ને વચ્ચેની કડીઓની સંખ્યાને 'શેર' કહેવામાં આવે છે. કડીનો અંતિમ શબ્દ અન્ય કડીમાં પુનરાવર્તન પામે છે તેને રદીફ કહેવાય છે. અને કાફિયા મેળવવામાં આવે છે. ગઝલમાં શેરની સંખ્યા ૫ થી ૧૯ સુધીની હોવી જોઇએ. તેમાં એકી સંખ્યા એટલે ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૯ એમ સંખ્યા જોઇએ. શેરમાં રદીફ મત્લઅથી નક્કી થાય છે. ગઝલના છંદને બહેર કહેવામાં આવે છે. ગઝલના છંદની સંખ્યા ૧૦૦૦ કરતાં પણ વધુ છે. પ્રથમ પંક્તિને ઉલા અને બીજી પંક્તિને સાની કહેવામાં આવે છે. તેના બાહ્ય દેહનો પરિચય સ્વરૂપ સમજવા ઉપયોગી છે. તેના આંતરદેહમાં કાવ્યત્વ અનિવાર્ય છે. તેમાં ગીત અને ઊર્મિકાવ્યનાં લક્ષણો હોવાં જોઇએ. અભિવ્યક્તિમાં રસિકતા અને લાગણીનો સમન્વય હોવો જોઇએ. જીવનની પ્રણયમીમાંસા અને મૃત્યુ પછીની પરિકલ્પના પણ સ્થાન ધરાવે છે.

સૂફીવાદની પ્રણયભાવનાનો ગઝલ પર વિશેષ પ્રભાવ પડ્યો છે. ગઝલમાં ઇશ્કેહકીકી અને ઇશ્કેમિજાજી એમ બે પ્રકારની પ્રણય-ભાવના રહેલી છે. પ્રણયની શાશ્વત ભાવના વિવિધ રીતે વ્યક્ત થાય છે. પછી આ પ્રણય ભૌતિક હોય કે આધ્યાત્મિક તે વિશે કોઇ વિવાદ નથી. ગઝલની લોકપ્રિયતામાં પ્રણયભાવના મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગઝલ માત્ર સીધીસાદી પદ્યરચના નથી. તેમાં પણ કાવ્યગત અલંકાર, રસ, ભાવ, પ્રતીક, કલ્પના વગેરે હોય છે. તેની ભાષા ક્લિષ્ટ અને તત્સમ શબ્દોથી ઉભરાતી હોય તો ગઝલ પ્રત્યાયનક્ષમ બનતી નથી. ગઝલ Perfofming Art તરીકે પણ વિશેષ પ્રચલિત છે. મુશાયરામાં તેમાં દર્શન થાય છે. ગઝલમાં સર્જકના વ્યક્તિત્વની સાથે સ્વવિચારોની અભિવ્યક્તિ હોવાથી કવિની મસ્તી અને મિજાજનો પરિચય થાય છે. કવિના વેધક શબ્દો અને શૈલી ધ્યાનપાત્ર બને છે.

સૂફીવાદના વિચારો પ્રમાણે પ્રભુભક્તિ વિષયક ગઝલો 'ઇલ્મ તસુવક' કહેવાય છે. તેમાં ભક્તહૃદયની ઇષ્ટદેવ પ્રત્યેની આરજૂ--તમન્ના, અનુરાગ અને ચિત્તમાં ઉદ્ભવતી પ્રણયની ભાવના વ્યક્ત થાય છે. ગઝલની અલગારી મસ્તીનો અનુભવ અવર્ણનીય છે. અલંકાર, વેધકતા, ભાવના, વર્ણનકૌશલ્ય, આધ્યાત્મિક વિચારો અને સંગીતમય ધ્વનિ જેવાં તત્ત્વોથી ગઝલ સ્વતંત્ર કાવ્યપ્રકાર તરીકે સ્થાન ધરાવે છે. ગુજરાતી ભાષામાં ગઝલનો વિકાસ થયો છે અને આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વિક્રમની ૧૮ સદીના કવિ જતિ ખેતાજીની સ્થળવર્ણનની 'ચિતોડરી ગઝલ' પ્રાપ્ત થાય છે. તે ઉપરથી અનુમાન કરવામાં આવે છે કે સ્થળવર્ણનની ગઝલો સૌ પ્રથમ સર્જાઇ છે. આ સમય દરમ્યાન કવિ આનંદઘનજીની અધ્યાત્મ વિશેની ગઝલો પણ મળી છે એટલે સ્થળવર્ણનની સાથે ભક્તિવિષયક ગઝલો રચાઇ છે. સ્થળવર્ણનની ગઝલો મધ્યકાલીન પરંપરાનુસાર દૂહા, ગઝલ અને કલશ એમ ત્રણ વિભાગમાં રચાઇ છે. ચિતોડરી ગઝલનો પ્રારંભ દૂહાથી થયો છે. પછી ગઝલમાં ચિતોડનું વર્ણન છે. ઉદાહરણ નીચે પ્રમાણે છે :

(દુહા)

'ચરણ ચતુર્ભુજ ધારિ, ચિત્ત અસ ઠીક કરી મન ઠોર
ચોરાશી ગઢ અક્કલે', ચાલો ગઢ ચિતોર. ॥૧॥[1]

(ગઝલ)

ગઢ ચિતોડ હૈ વંકાકિ, માનું સમંદમેં લંકા કિ
જૈસી દ્વારિકા હરિદ્વાર ગંગા ગોમતી ગિરનાર
બદરીનાથ તટ કેદાર ઇકલિંગ તેટલા અવતાર
કસબા તલહટી ઐસી કિ; દિલ્લી આગર જૈસી કિ,
ખરતર જતિ કવિ ખેતાકિ, 'આંખે મોજસું એતા કિ
સંવત સત્તરસેં અડતાલ, સાવણ માસ રિતુ વરસાલ.
વદિ પખવારઇ તેરી કિ કીની ગજલ પઢિયે ઢીકિ.'[2]

ખેતાજીની બીજી ઉદયપુરી ગઝલ છે. તે પણ ચિતોડરી ગઝલ સમાન છે. કવિ નિહાલની બંગાલ દેશકી ગઝલ સં. ૧૭૮૨થી ૧૮૯૫ના સમયમાં રચાઈ હોય એવો સંભવ છે. સ્થળવર્ણનની ગઝલમાં શહેરનું વર્ણન, સામાજિક, ધાર્મિક અને આચારવિચાર, ધંધા વગેરેની માહિતી પ્રાપ્ત થાય છે. ૧૯મી સદીના પ્રથમ તબક્કામાં કવિ બહાદુર દીપવિજયની સ્થળવર્ણનની ગઝલો વટપદ્ર, પાલનપુર, સુરત, ઉદયપુર, જંબુસર, સિનોર પ્રાપ્ત થાય છે. આ ગઝલો આરંભની ગઝલો સમાન છે. વડોદરાની ગઝલનું ઉદાહરણ નીચે મુજબ છે :

'વટપદ્ર ક્ષેત્ર હૈ વીરાક્ તટણી વહત હૈ નીરાક્
ફિરતી ગિરદ દોકોશા, (સા)ક કર્યો રહે શત્રુકિ હિંસાક્
આંગુરાવ દામાનીક્ જૈસા ન્યાઇ રામાજિક્
ગોલા નાલસે સંધ્યાક કિલ્લા તેમના વંધ્યાક્'[3]

ધાર્મિક એકતાનો પરિચય કશાવતી પંક્તિઓ જોઇએ તો.

'મનમોહન પ્રાસાદક્ મુરતિ રી રૂષભ અલ્હાદાક્
ભવિયાં ભાવસે વંદીક્ ભવકા પાપ નિકંદક્
શાંતિનાથ (ચંતામણ) ભગવાનક્ હેવે મુગેતિકા થાનાક્
અભયદાનકા દાતાક્ જગકું દેત સુખ શાતાક્
સાગર ગચ્છકા આલાક્ ગુરુસે નમત હે બાલાક્
વાચક રહે ચૌમાસાક્ કરતે ગ્રન્થ અભ્યાસક્'[4]

આ રીતે સ્થળવર્ણનની ગઝલો એક જ પ્રકારની પદ્ધતિથી રચાઇ છે. કવિ આનંદઘનજીનાં વિવિધ પદો છે તેમાં ગઝલના પદબંધનો

સ્વીકાર કરીને રચાયેલી પંક્તિઓ જોઇએ તો તેમાં ભક્તિ અને અધ્યાત્મવિષયક વિચારો રહેલા છે.

'દિનરાત જોઉં છું વાટડી, ઘેર આવજે મુજ નાથ છે
મુજ સરખા ત્હારે લાખો છે, પણ સત્ય તુજ મુજનાથ છે.'[૫]
'પોતે પ્રિયાને રીઝવશો વચ્ચે દલાલો શું કરે ?
રાજી ધણી ધણીયાણી ત્યાં, વચ્ચે દલાલો શું કરે ?[૬]
'ક્યારે મને મળશે કહો મન સાથ મળનારો પ્રભુ
મન મેળ વિણ મળીએ નહિ, કોણ રેતીકણ સાંધી શકે.'
અંતર વિશે વસનાર તે, ક્યારે મને મળશે કહો.[૭]
'દર્શન તણી લાલચ હવે આ દાસને લાગી રહી.
તીક્ષ્ણ કટારી નાથની, આ દાસીને લાગી રહી.'[૮]
'મુજ પ્રાણ આનન્દઘન સદા, મુજ તાત આનંદઘન તથા
મુજ માત આનંદઘન રૂડી, મુજ વાત આનન્દઘન વળી.'[૯]

૧૯મી સદીના અંતકાળના કવિ આત્મારામજીના પૂજાસાહિત્યમાં ગઝલનો પ્રયોગ થયો છે. એક રેખતાનું ઉદાહરણ જોઇએ તો--

'જિનવરપૂજ સુખકંદા નસે અડ કર્મકા ઘંઘ
સુંદર ભરી થાલ અનંદા, જિનાલયપૂજ જિનચંદા
ત્રિવિધ રસ થાલ રસચંગા, અપુનરાવૃત્તિ કલમંગા
અડદિતિ સંપદા રંગા બુદ્ધિ સિદ્ધિ શિવવધૂસંગા.'[૧૦]

કવિ આત્મારામજીના સમકાલીન શ્રાવક કવિ મનસુખલાલે શુદ્ધ જ્ઞાનમાર્ગની ગઝલો રચી છે, તેમાં આત્મસ્વરૂપ વિશેનો સંદર્ભ રહેલો છે.

'પ્રતક્ષ દક્ષ જ્ઞાન લક્ષ, ચેતના જાગી,
મમતા રાંડ મોહભાંડ સંગ લે ભાગી.
કષાય જાય પ્રગટ ન્યાય, સમ દયા વગી
જીણંદ વેલ લખત ચેન વીર્ય ઉમગી.'[૧૧]

ઉપા. વીર વિજયજીએ તીર્થંકર ભગવંતને કેન્દ્રમાં રાખીને પ્રભુભક્તિ વિશે ગઝલો રચી છે. ઉદા. નીચે મુજબ છે.

'ક્યું નહી સુનાઇ સ્વામી ઐસા ગુના ક્યા કીયા ?
ઔરો કી સુનાઇ જાવે, મેરી વારી નહિ આવે.
તુમ વિન કોન મેરા મુજે ક્યું ભૂલા દીયા. ॥૧॥
ભક્તજનોં તાર દીયા તારવેકા કામ કીયા
વિન ભક્તિવાલા મોપે પક્ષપાત ક્યું લીયા ? ॥૨॥[૧૨]

કવિએ ભક્ત હૃદયની આર્દ્ર ભાવના વ્યક્ત કરીને નિષ્પક્ષપણે ઉદ્ધાર કરવા માટે જણાવ્યું છે.

વીસમી સદીના પ્રારંભ કાળના કવિ હંસવિજયના પૂજા સાહિત્યમાં કવ્વાલી અને રેખતાનો પ્રયોગ થયો છે. એક દૃષ્ટાંત જોઇએ તો--

'પૂજન દ્રવ્ય ભાવસે હોવે, સાધુ સિદ્ધાંત દિખલાવે
દ્રવ્યસે ભાવ પૂજકા અનંતગુણા ફલ ફરમાવે.' ॥૧॥
સમજ કે નેમિ સ્વામી કે ઇંદ્ર ઉપેન્દ્ર ગુણ ગાવે
દયાલુ બાલ બ્રહ્મચારી, હમેં નમિયે પ્રભુ ભાવે. ॥૨॥[૧૩]

વીસમી સદીના મહાન કવિરાજ અને પૂજાસાહિત્યના વિકાસમાં અગ્રણી કવિ વલ્લભસૂરિની ગઝલો ભક્તિ રસસભર છે. ભક્તિની સાથે તાત્ત્વિક વિચારોને પણ વ્યક્ત કરવામાં આવ્યા છે. ઉદાહરણ જોઇએ તો--

અરજી તો કર રહા હું ચાહે માનો યા ન માનો
પ્રભુ નાભિજીકે નંદા, આદિ જિનંદ ચંદા
ચરણોંમેં આ પડા હું ચાહે માનો યા ન માનો. ॥૧॥
તુમ ધ્યેય મૈ હું ધ્યાતા, તુમ ધ્યાનમેં હો રાતા
પ્રભુ સામને ખડા હું ચાહે માનો યા ન માનો. ॥૨॥
તું હી જગનાથ જગદેવા કરૂં નિશદિન તુમ સેવા
પંચમ ગતિ દાન કર સ્વામી નિજાતમ રૂપ કો પામી ॥૩॥[૧૪]

કવિએ ગઝલના પદબંધનો સંસ્કૃત ભાષામાં પણ પ્રયોગ કરીને કવિ પ્રતિભા અને કલ્પનાશક્તિનો પરિચય કરાવ્યો છે.

'ન જાને કિં ગતં ભાવિ યદિમાં ત્રાસ્યસે સ્વામિન.'[૧૫]

કવિ મણિવિજયજીની ભક્તિ વિષેની ગઝલનું ઉદાહરણ જોઇએ તો--

'જિનોની દ્રવ્યથી કરવી ઘણી સંખ્યાને મન ધરવી
વચન તાત્પર્ય નહિ જાણે, ગુણોની વૃદ્ધિ નહિ માને,
અનુષ્ઠાનાદિ નહિ કરવું, સ્વગત ધ્યાને જ સુખ વરવું
ધરી અજ્ઞાનતા ભારી, છેતરે સર્વ નરનારી.'
ખરો જિનમાર્ગ નહિ ધારે, વસે નિત્ય દેહસુખ સારે
તપી જનની ધરી હાંસી, ધરે સુખ મોજ મઠવાસી.'[૧૬]

લબ્ધિસૂરિની ગઝલોમાં વિષય વૈવિધ્ય અને નવીનતા રહેલી છે. બાર અને ચાર ભાવના, તીર્થંકર ભગવંતો, ગુરુમહિમા, વ્યસન નિષેધ અને વૈરાગ્ય વિષયની ગઝલો છે. તદુપરાંત સંસ્કૃત ભાષામાં ગઝલ રચીને ભાષાપ્રભુત્વ ને પાંડિત્ય દર્શાવ્યું છે. જૈન સાહિત્યની ગઝલોમાં ગૌરવ અપાવે તેવી એમની ગઝલસૃષ્ટિ છે. આ ગઝલોનો બિનસાંપ્રદાયિક ધોરણે વિચાર કરવામાં આવે તો તેમાં માનવ જીવનની સાત્ત્વિકતા ને સંસ્કાર સંવર્ધક ભારતીય સંસ્કૃતિના વિચારોનું પ્રતિપાદન થયું છે. માનવ જીવનની કલ્યાણની અને ઊર્ધ્વગમનની ભાવનાને ગઝલોમાં સ્થાન મળ્યું છે.

બાર ભાવનાના સંદર્ભમાં ભાવનાનું સ્વરૂપ વિચારીએ તો આત્મામાં જે ભાવ આવે તે ભાવના છે. આત્માસાધનામાં ભાવના પોષક છે. વ્યક્તિના આંતરહૃદય સાથે તેનો સંબંધ છે. પ્રભુભક્તિ ને ઉપાસનામાં વ્યક્તિના મનના ભાવ-પરિણામ મહત્ત્વનાં ગણાય છે. શુભભાવના મનને શુભમાં જોડીને શુદ્ધ થવા માટે નિમિત્તરૂપ બને છે. પરિણામે આત્મશક્તિનો પરિચય થાય છે. કવિની વિવિધ વિષયોને સ્પર્શતી ગઝલની પંક્તિઓ ઉદા. તરીકે નીચે પ્રમાણે નોંધવામાં આવી છે-

**અનિત્ય ભાવના :**

'વિનાશી આ જગત જાણો નથી સ્થિરવાસ વસવાનું
નહીં કોઇ સાથમાં આવે, હૃદયમાં એ ભાવના ભાવો.'[૧૭]

**અશરણ ભાવના :**

'હિરણના ઝૂંડમાં કોઇ વરૂ આવીને જો પકડે,
બચાવી નહીં શકે કોઇ બીજી એ ભાવના ભવો.'[૧૮]

**મૈત્રીભાવના :**

ભજો ભવિ ભાવના મૈત્રી, મુક્તિનો માર્ગ દેનારી,
ભજકનો ભાર હરનારી, સુંદર એ ભાવના ભાવો.
માહાત્મ્ય મૈત્રીનું મોટું સકલ સંકલેશ હરનારું
પવિત્ર પ્રેમ ધરનારું સુંદર એ ભાવના ભાવો.[૧૯]

**દારૂનિષેધક :**

'પીએ છે દારૂને જ્યારે કાંતિ, નાશ સકલ ત્યારે
પડે બેહોશ રસ્તામાં, મુતરતો શ્વાન મ્હોડામાં.'[૨૦]

વેશ્યાનિષેધક :
'ન છોડે ઢેડ ને ભંગી, રાખે વૃત્તિ વિવિધરંગી
કોઢીના સંગમાં રાચે, સદા તે દ્રવ્યમાં માચે.'[૨૧]
વૈરાગ્યભાવ :
તનિક તું સોચ લે ચેતન નહીં દમકા ઠિકાના હૈ
ટુટત હૈ એક પલ બિચમેં જુડત વો નહીં કિસી સે હૈ.[૨૨]
ગુરુમહિમા :
ગુરુગુણ જ્ઞાન ગંગામાં સદા સ્નાને શુચિ થાજો
ગુરુપદ પૂજજો પ્રીતે, જીવનનું એજ સાર્થક છે. ૨૩
પ્રભુભક્તિ :
'જનારું જાય છે જીવન, જરા જીનવરને જપતો જા
હૃદયમાં રાખી જીનવરને પુરાણાં પાપ ધોતો જા.
શરણ લે પાર્શ્વ ચરણોંકા, ફિર ફિર નહીં મિલે મોકા
દેવન કે દેવ યે સોહે ઇન્હોં કો દેખ જો મોહે
હઠે તરી દુઃખ દુનિયા કા ફિર ફિર નહીં મિલે મોકા.'[૨૪]

ઉપરોક્ત ઉદાહરણોને આધારે કવિ પ્રતિભાનો પરિચય થાય છે.

ગઝલના વિકાસમાં આચાર્ય વલ્લભસૂરિ, આચાર્ય લબ્ધિસૂરિની માફક આચાર્ય બુદ્ધિસાગરસૂરિએ વિષય-વૈવિધ્યવાળી ગઝલો રચી છે. સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ આ ત્રણ કવિઓ પ્રથમ કક્ષાનું સ્થાન ધરાવે છે. બુદ્ધિસાગરની ગઝલોમાં સમકાલીન રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિનો પ્રભાવ પડ્યો છે. માનવ-જીવનમાં વ્યવહારશુદ્ધિ, કર્તવ્યપરાયણતા, રાષ્ટ્રીયભાવનાને પણ એમની ગઝલોમાં સ્થાન મળ્યું છે. કવિએ કવ્વાલી રૂપે ઘણી રચનાઓ કરી છે. એમની શીર્ષક-રચનાથી વિષયનો ખ્યાલ આવી જાય છે. કર્મવિપાક, ગુલામી તે ગણાવાની, નિવૃત્તિ માર્ગ છે પ્યારો, ખરો એ યોગ સાધુનો, પ્રતિપક્ષોની દૃષ્ટિ, અમારા આશયો જાણો, ઉઘાડી આંખને દેખો, વળ્યું શું વેશ પહેર્યાથી, કરો ઉત્સાહની વૃદ્ધિ, નમું એ પ્રેમીને ભાવે, ગુજરાત પ્યારા પ્રાણ છે, વાહ વાહ પ્યારાં પુસ્તકો, સ્વાતંત્ર્ય, પ્યારાં અમારાં પંખીડાં, થતી નિશ્ચય થકી સિદ્ધિ, બનો બળવંત બહાદુરો વગેરે શીર્ષકોથી કવિની વિચારસૃષ્ટિનો ખ્યાલ આવે છે. નમૂનારૂપે પંક્તિઓ જોઇએ તો--

'કરીને વીર્યની રક્ષા, બનો બ્રહ્મચારીઓ પૂર્વે
ત્રિધાશક્તિ ખીલાવીને, બનો બળવંત બહાદુરો.[૨૫]
'વળે શું બહુ વિચારોથી, વળે શું હાજી હા કરતાં
જિગરથી સત્ય સંકલ્પે, થતી નિશ્ચય થકી સિદ્ધિ.'[૨૬]
સ્વાતંત્ર્ય જગમાં સર્વનું, સંરક્ષવું એ ન્યાય છે
પરતંત્રતા પ્રસરાવવી, કુદરત તણો અન્યાય છે.'૨૭
'ગાનો મનોહર ગાવતાં, કુદરત તણાં વ્હાલાં ઘણાં
દિલ રંજતાં નરનારીનાં, પ્યારાં અમારાં પંખીડાં.'[૨૮]
'ભલે હોય શેઠ વા શાણો, ભલે હો રંક વા રાણો,
હૃદય વેચી બન્યા સ્વાર્થી, ખુશામતિયા ગુલામી છે.'[૨૯]
'થયો અવતાર માનવનો, ભણીને સર્વ વિદ્યાઓ
અનુક્રમ જ્ઞાન પામીને, મુસાફર સત્ય શોધી લે.'[૩૦]
'અભેદ પ્રેમનો પ્યાલો હૃદય પટમાં ઉતારી જા,
વિશુદ્ધ પ્રેમ રસયોગે, ભૂલી જા ભેદનો ભડકો.'[૩૧]

આચાર્ય અજિતસાગરસૂરિની ગઝલોમાં નવીનતા છે. નમૂનારૂપે પંક્તિઓ જોઇએ તો--

'અલક્ષદેશોમાં ગુરુજી લક્ષ રાખતા,
અપક્ષપાતમાં સદૈવ પક્ષ નાખતા;
અદક્ષ લોક અર્થ આ દક્ષતા હતી.
અમારી આ સ્વીકારજો સદા નમસ્કૃતિ.'[૩૨]
'ઉદ્યાનમાં ગુલાબની કોમલ કલિકા જોઇ છે,
મૃદુ કુન્દ સૌમ્ય શિરીષને મધુમાલિકા પણ જોઇ છે.'[૩૩]
મ્હારા સૂના મંદિર વિશે ભરપૂર વસ્તી આપની,
મ્હારા મૃદુલમંદિર વિશે મૃદુભક્તિ શરતી આપની જોજો.'[૩૪]

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ હમ્પીના સ્થાપક સહજાનંદ મહારાજે ગઝલો, પદો અને ગીતોની રચના કરી છે. તેમાં રાજચંદ્રની વિચારધારા અને ગુરુમહિમા કેન્દ્રસ્થાને છે. કવિની નમૂનારૂપ ગઝલની પંક્તિઓ નીચે પ્રમાણે છે--

'જે જે ઇચ્છેલું પૂર્વે તે તે મલે અત્યારે,
જે જે ઇચ્છયું ન પૂર્વે તે તો મલે ન ક્યારે.'[૩૫]
'હે જીવ તું ભમામત કરે, બાત તેરે હિતકી
આનંદ હૈ અંતરમેં સમ શ્રેણિખોજ ચિત્તકી.'[૩૬]
'ચેતન તુમ્હે સદા હો નૂતન નૂતનવર્ષાભિનંદન.
જયકાર હો તુમ્હારા સ્વસ્વાગતાભિનંદન.'[૩૭]
'અહો ! સત્ પુરુષનાં વચનો, અહો ! મુદ્રા, અહો ! સત્સંગ
અહો ! પરમ શાંત રસમય, શુદ્ધ ધર્મ વીતરાગી.'[૩૮]

કવિવર્ય મહારાજ નાનચંદ્રજી સંપાદિત પ્રાર્થનાપદ પુસ્તકમાંથી ઉપલબ્ધ ગઝલોમાં ભક્તિરસનું નિર્ઝર વહે છે.

કેટલીક પંક્તિઓ અત્રે નોંધવામાં આવી છે.

'ખપી જવું પ્રેમમાં તારા, સમર્પણ એ અમે કહીએ
દફન થવું શેરીમાં તારી, અમારું સ્વર્ગ એ કહીએ.'[૩૯]
'પ્રલાપો પ્રેમીના દિલના, પ્રેમી જાણે પ્રભુ જાણે,
હૃદયના એ અગમ ભાવો, હૃદય જાણે ઘણી જાણે.'[૪૦]
'જગતના નાથને જોયા વિના સહુ ધૂળધાણી છે,
પ્રભુ નિરખ્યા વિના નયને ઊભી ચોરાશી ખાણી છે.'[૪૧]
'અગર હૈ શૌક મિલને કા તો હર દમ લૌ લગાતા જા.'
જલાકર ખુદ નુમાઇ કો ભસમ તન પર લગાતા જા.'[૪૨]
'તમે છો શોધમાં જેની અનુભવીને ખબર એની
નથી તમને ખબર તેની, મઝા સમજ્યા વિના શેની.'[૪૩]
'અમારા માર્ગમાં ઊભા પહાડો સૌ ખસી જાશે
જગત આખું નમી જાશે, અમારી શુદ્ધ ભક્તિથી.'[૪૪]
'ચિદાનંદ સાહ્યબી તારી તેરી બિન કોન જાનત હૈ
પ્રભુ સર્વજ્ઞ દેખત હૈ મગર કહેતા ન પહોંચત હૈ.'[૪૫]
'બનો તૈયાર સહુ બહેનો, અરે ! નિજ ધર્મને માટે
ગણો ના પ્રાણની પરવા, અરે ! નિજ તીર્થને માટે.'[૪૬]
'જમાનાને ધરી આગળ અધર્મી ધર્મ ડોળે છે
બુઝાવી દીપ અંધારે, ગુમાવી ચીજ બાળે છે.'[૪૭]

આગમપ્રભાકર કવિ પુણ્યવિજયજીની ગુરુવિરહ અને શોક દર્શાવતી ગઝલની પંક્તિઓ જોઇએ તો-

'આખર બાજી સુધારીને, શાસન શોભા વધારીને
શિબિકામાં પધારીને, દાદાગુરુ અસ્ત શું થઇ ગયા.'
'હજારો મેદની જામી મલી ગુરુભક્તિની કાજે
વિરહ અમોને થયો આજે દાદાગુરુ અસ્ત શું થઇ ગયા.'[૪૮]

ગુણો જ્યાં આપના ગાવું સખેદિ સાંભળી થાવું
પરમ જન ક્યાં હવે પાવું, મહાત્મા ક્યાં હવે મલશે. ||૮||
મુનિ ગણમાં થયા મોટા જડે ન આપના ઝોટા
તમો વિણ આ તકે તોટા ગયા ક્યાં ગુણથી ગિરૂવા. ||૯||[૪૯]

આચાર્ય દક્ષસૂરિની પ્રભુભક્તિ વિષયક ગઝલો પ્રાપ્ત થઇ છે. પ્રભુ પ્રત્યેનો પૂજ્ય વિશેષયુક્ત શૈલીમાં પ્રગટ કર્યો છે.

'તું હિ ત્રાતા તું હિ ભ્રાતા, તું હિ શિવ શર્મના દાતા.'[૫૦]
તું હિ તીન કાલનો જ્ઞાતા, તું હિ શિરતાજ મોટા છે.

અર્વાચીન કાળના નવોદિત ગઝલકાર મુનિ ધુરંધરવિજયની ગઝલોમાં ભક્તિનો નશો ને ગઝલની મસ્તી છે.

'દિવાનો દિવાનો બન્યો હું તમારો દિવાનો
બીજા કોઇને ના કદી ચાહવાનો.'[૫૧]
'તમારી તો સોબત અમોને ગમે છે,
અમારી મહોબતની મંઝીલ તમે છો.
તમે તો અમારા અમે પણ તમારા
અમે બેસહારા સહારા તમે છો.'[૫૨]

આચાર્ય યશોભદ્રસૂરિની ગઝલોમાં ઉપદેશ અને વૈરાગ્યભાવ વિશેષ છે.

'ફોગટ ફુલણજી તું ફુલાય છે શાને
છે જુઠી જગની બાજી, હરખાય છે શાને.'[૫૩]
'ચાલી જશે પલકમાં મદમસ્ત આ યુવાની
એ તો જરા યુવાનો દિલમાં વિચાર આણી. ચાલી ||૧||[૫૪]

કેટલીક પ્રકીર્ણ ગઝલોમાં પ્રભુભક્તિ, ઉપદેશ અને વૈરાગ્યના વિચારો વ્યક્ત થયા છે. કવિ પંડિત વીરવિજયજીની 'સાંઇશું દિલ લગા પ્રાની' અને 'અરે ! કિસ્મત તું ઘેલું', કાંતિવિજયજીની 'જગત હૈ સ્વાર્થકા સાથી', વિનયમુનિની 'અરે ! ઓ ભાઇ જંજાલી', સકળચંદજીની 'જૈન વેન મુક્તિ દેન,' હંસસાગરજીની 'શાંતિજિન, શાંતિના દાતા', અમૃતચંદ્ર આચાર્યની 'રહે છે દૂર પરથી' વગેરે ગઝલો પણ ગઝલ સાહિત્યની વિવિધતામાં નવો રંગ જમાવે છે.

જૈન સાહિત્યની ગઝલોની સમૃદ્ધિનો પરિચય સૌ કોઇને ગૌરવ અપાવે તેમ છે અને સાંપ્રદાયિકતાનો વહેમ દૂર કરીને ભક્તિ માર્ગની અનેરી પ્રસાદી આપે છે. જૈન સાહિત્યની ગઝલોનો પરિચય મેળવ્યા પછી તેની વિશેષતાઓ અને મર્યાદાઓનો પણ ઉલ્લેખ જરૂરી છે. જૈન સાહિત્યની ગઝલોનો પ્રારંભ રાજકીય પ્રભાવથી, સ્થળવર્ણનની રચનાઓથી થયો છે. ક્રમશઃ આ ગઝલો આધ્યાત્મિક, ભક્તિ, ઉપદેશ અને વૈરાગ્યભાવનાને વ્યક્ત કરે છે. તદુપરાંત તત્ત્વજ્ઞાન જેવા કઠિન વિષયને પણ સ્પર્શીને વ્યવહારશુદ્ધિના વિચારો વ્યક્ત કરીને બિનસાંપ્રદાયિકતાને ચરિતાર્થ કરે છે. આચાર્ય જિનપ્રભસૂરિના વિવિધ તીર્થકલ્પ ગ્રંથમાં તીર્થસ્થળોની ઐતિહાસિક માહિતી છે તે ઉપરથી પણ સ્થળ વર્ણનની ગઝલો રચાઇ હોય તેવો સંભવ છે. આ ગઝલો વર્ણન દ્વારા માહિતીપ્રચુર છે. તેનો બાહ્યદેહ ગઝલનો છે પણ આંતરદેહમાં ગઝલનો ભાવ કે લાગણી નથી. ગઝલ નામ સાર્થક કરવા લયબદ્ધતા અનિવાર્ય હોઇ શબ્દોની તોડફોડ મોટા પ્રમાણમાં કરી છે અને અરબી-ફારસી ભાષાના શબ્દપ્રયોગો કર્યા છે. પરિણામે ગઝલની મસ્તી કે ભાવ પ્રગટ થઇ શક્યો નથી. જૈન સાહિત્યમાં સ્તવન, સજ્ઝાય, પૂજા અને પદ સ્વરૂપની કૃતિઓ વિપુલ પ્રમાણમાં સર્જાઇ છે. ભક્તિમાર્ગની પ્રસિદ્ધ રચનાઓમાં ગઝલનો પ્રયોગ કરીને નવીનતા લાવવાનો પ્રયત્ન થયો છે. કવિઓએ ગઝલને કોઇ રાગ કે પદબંધ તરીકે સ્વીકારીને અભિનવ રચના કરી છે. કવિ આત્મારામજી, હંસવિજય, વલ્લભસૂરિ, આચાર્ય લબ્ધિસૂરિ વગેરેના પૂજાસાહિત્યમાં ગઝલ, રેખતાનો પ્રયોગ થયો છે. શ્રાવક કવિ મનસુખલાલે આત્મસ્વરૂપ વિષયક ગઝલો રચીને શુદ્ધ ધર્મ સ્વરૂપની ઝાંખી કરાવી છે. ગઝલોના વિચારોની અભિવ્યક્તિમાં પ્રાચીન દષ્ટાંતોનો સંદર્ભ છે. સાંસ્કૃતિક મૂલ્યોનું સમર્થન કર્યું છે. સત્ત્વશીલ સાહિત્યમાં આવા વિચારોનું પ્રતિપાદન થાય તે ઇચ્છવા યોગ્ય છે. આ દષ્ટિએ વિચારીએ તો ધાર્મિક ગઝલો હોવાની સાથે સાથે વ્યવહાર- શુદ્ધિ અને માનવીય ગુણોની વૃદ્ધિને પોષણ મળે તેવા વિચારો પણ બિનસાંપ્રદાયિકતાની રીતે વ્યક્ત થયેલા છે.

સ્થળવર્ણન પછી ભક્તિવિષયક ગઝલો રચાઇ અને તેમાં પણ પ્રયોગશીલ લક્ષણ જોવા મળે છે. ગઝલનો લય સાધ્ય કરવા માટે સંગીતનું પ્રદાન મહત્ત્વનું છે. સ્વર અને તાલના સાતત્યને લીધે નિજાનંદે મસ્તીનો અનુભવ થાય છે. વળી તેનાથી પ્રારંભની ગઝલને અનુરૂપ વાતાવરણ જામે છે. ગઝલ તો છંદ પૂરતી જ મર્યાદિત હતી. બાળાશંકર કંથારિયા, મણિલાલ દ્વિવેદી, કવિ કલાપીની ગઝલો ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. ઉદાહરણ--

'ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.'
(બાલાશંકર)

'યારી ગુલામી શું કરું તારી સનમ
ગાલ ચૂમું કે પાનીએ તુને સનમ.'
(કવિ કલાપી)[૫૫]

શરૂઆતની ગઝલો ભૈરવી રાગમાં ગવાતી હતી એટલે ગઝલને શાસ્ત્રીય રાગ સાથે સંબંધ છે. ગઝલના છંદ માત્રા મેળ છે. આ છંદો એટલા બધા સ્થિતિસ્થાપક છે કે ચતુષ્કલ, પંચકલ, ષટ્કલ, સપ્તકલ, એમ ગમે તે રીતે વાંચી શકાય છે. અર્થાત્ કહરવા, ધુમાલી, ત્રિતાલ, પંજાબી, ઝપતાલ, દાદરા, એકતાલ, દીપચંદી. એમ જુદી જુદી માત્રાવાળા તાલમાં સહેલાઇથી ગાઇ શકાય છે. રાગોનું મિશ્રણ કાવ્યગત ભાવમાં અતિ સુંદર લાગે છે. ગઝલનું માધ્યમ સંગીતમાં વધુ લોકપ્રિય બન્યું છે. મુશાયરાઓ એનું જીવંત ઉદાહરણ છે.

જૈન સાહિત્યની ગઝલોમાં રદીફ અને કાફિયાનું અનુસરણ થયું છે. કેટલીક ગઝલોમાં શેરની ચોથી પંક્તિનું અનુસરણ ધ્રુવ પંક્તિ તરીકે થયું છે. પરિણામે આવી ગઝલો લયને લીધે પ્રભાવશાળી બની છે. જૈન કવિઓએ ગઝલનો પદબંધ તરીકે સ્વીકાર કર્યો છે. એટલે ગઝલનું છંદશાસ્ત્રની દષ્ટિએ મૂલ્યાંકન કરતાં ત્રુટિઓ નજરે પડે છે. માત્ર લય, તાલ, ગેયતાને લક્ષમાં રાખીને ગઝલો સર્જાઇ છે. ઉદાહરણ નીચે પ્રમાણે છે--

'લગી હૈ ચાહ દરશનકી મિટા દોગે તો ક્યા હોગા.'
અહીં રાગ ગઝલ, કવ્વાલી એવી નોંધ છે.
'ભજો મહાવીર કે ચરણોં, છુડા દેગા જનમ મરણોં.'
'કુંથુ જિન મેરી ભવ ભ્રમણા, મિટા દોગે તો ક્યા હોગા.'
'રૂષભ જિન થુણ લિયો ભગવાન, અરજ તુમસે ગુજારું હું.'
ઉપરોક્ત ત્રણ ઉદાહરણોમાં કવિએ રાગ-ગઝલ એમ લખ્યું છે.
મેં ભેટ્યા આદિનાથજી હર્ષ અપાર હર્ષ અપારી
આનંદ કારી રાગરોગ હરકરનાથજી હર્ષ અપાર.'
આ ગઝલમાં ભૈરવી રાગનો સમન્વય છે.
'ચંદા પ્રભુજી પ્યારા મુઝકો દીયો સહારા.'

અહીં કવ્વાલી શબ્દપ્રયોગ થયો છે. દેશી 'રાજા મેરા કિથે ની ગયા' સાથે સંબંધ છે.

'સુબોધ કે ઉદ્યોત હોત દુરિત તમ હરા.'
આ ગઝલમાં તાલ-દાદરા-અંગ્રેજી બાજોકી ચાલ લખ્યું છે.
'પૂજન તો કર રહા હું ચાહે તારો યા ન તારો.'

અહીં ગઝલ-કવ્વાલીની સાથે 'ચાહે બોલો યા ન બોલો', ચાલનો પ્રયોગ છે. 'ધન્ય ધન્ય વીર જિણંદ ભગવાન' ગઝલમાં 'ધન્ય ધન્ય વો ભગવાન' દેશીનો પ્રયોગ છે.

કવિ હંસવિજયની કવ્વાલીનું ઉદાહરણ જોઇએ તો--

'પૂજન દ્રવ્યભાવસે હોવે, સાધુ સિદ્ધાંત દિખલાવે.'

આચાર્ય વલ્લભસૂરિનું ઉદાહરણ જોઇએ તો--

'ગિરિરાજ દર્શ પાવે, જગ પુણ્યવંત, પ્રાની.'

કવિએ અહીં ગઝલ-કવ્વાલીની સાથે ચાલ 'આશક તો હો રહા હું'નો પ્રયોગ કર્યો છે. ઉપરોક્ત ઉદાહરણોને આધારે એવો નિષ્કર્ષ તારવવામાં આવે છે કે જૈન સાહિત્યની ગઝલોમાં ગઝલનો પદબંધ તરીકે સ્વીકાર થયો છે. ગઝલના છંદશાસ્ત્ર કરતાં ચાલ-દેશી અને શાસ્ત્રીય રાગ સાથે સુમેળ સધાયો છે.

છંદશાસ્ત્રના નિયમો સિવાય અન્ય ગઝલો રચાઇ છે. તે માટે ગઝલકાર જમિયત પંડ્યાના વિચારો નીચે મુજબ છે.

છંદશાસ્ત્રમાં ગઝલ અને તે સિવાય બંધારણપૂર્વકના અન્ય ઘણાં પ્રકારો છે. વર્તમાન સમયની ગઝલોમાં પ્રાસાનુપ્રાસને કારણે ભાવ સાતત્ય સાદ્યંત જળવાઇ રહે તે પ્રકારે રચાયેલી ઘણી ગઝલો પ્રસિદ્ધ થતી રહે છે. આ પદ્ધતિને નઝમ પદ્ધતિની ગઝલો તરીકે ઓળખવામાં આવે છે. જૈન કવિઓએ રેખતાનો પ્રયોગ કરીને આધ્યાત્મિક વિચારો પ્રગટ કર્યા છે. તેમાં રહેલું ઉપદેશનું તત્ત્વ સૂફીવાદની વિચારધારાની સાથે સામ્ય ધરાવે છે. તે દૃષ્ટિએ ઉપદેશનું તત્ત્વ દોષરૂપ નથી. કવિ આનંદઘનજીએ ગઝલ શબ્દ પ્રયોગ કર્યો છે. કવિ અજિતસાગર ગઝલ સોહની અંગ્રેજી બાજોંકી દેશી એમ લખે છે. આચાર્ય બુદ્ધિસાગરસૂરિની લગભગ બધી જ રચનાઓમાં કવ્વાલી શબ્દપ્રયોગ થયો છે. આ ગઝલોમાં કવિના નામનો પણ ઉલ્લેખ થયેલો છે. ઉદાહરણ જોઇએ તો--

'નાગરની અરજ ઉર ધરજો'

'વિનયમુનિ વદે ભાવે'

'બુદ્ધિ લબ્ધિ ધર્મ વ્યવહારે'

'આનન્દઘન રસરાજ છે.'

ગુજરાતી ભાષાની પ્રારંભ કાળની અને જૈન સાહિત્યની ગઝલોમાં લગાગાગા ચાર આવર્તતનોનો ૨૮ માત્રાનો 'હઝ્ઝ મુસમ્મન સાલેમ' છંદનો મોટા પ્રમાણમાં પ્રયોગ થયો છે. સાંપ્રદાયિક તત્ત્વ હોવા છતાં ગઝલનો મિજાજ પ્રગટ થયા વિના રહેતો નથી. સ્થળવર્ણનની ગઝલોમાં શબ્દોની તોડફોડનું વલણ છે તે ત્યારપછીની ગઝલોમાં જોવા મળતું નથી. ગઝલોમાં હિન્દી, ગુજરાતી અને ઉર્દૂ, ફારસી શબ્દ પ્રયોગ પણ થયા છે. આવા વિશિષ્ટ શબ્દ પ્રયોગો ગઝલ નામને સાર્થક કરે છે. દા. ત. જાલિમ, બંદા, મલાહ, ફંદા, મજલ, ગમાયા, મતવાલા મુબારક, બંદગી, સિફત, ઇલમ, જોરી, બસેરા, બેસહરા, રોજો, ગર, જખમ, વાસીફ, વેકરારી, ફનાહ, જીયા, બરનમ, ભારીક, પાતસાર, નવ્વાબ, ખાસાફ, બહોત, દલ્લાલ વગેરે દ્વારા ગઝલને અનુરૂપ લય અને દેહ ધારણ કરવામાં સમન્વય સાધે છે.

ફારસી ભાષામાં 'મસનવી'ને કથા કાવ્ય એટલે કે પ્રસંગ નિરૂપણ કરતી રચના કહેવામાં આવે છે. પ્રભુદાસની નેમનાથની ગઝલ તેના ઉદાહરણરૂપ છે.

'રાજુલ કહે નાથ ગએ સાથ પરહરી

નહીં અર્જ મોરી ગર્જ કછુ દિલમેં ધરી.'[૫૬]

કવિએ આ ગઝલમાં નેમ-રાજુલના ત્યાગ અને દીક્ષા દ્વારા મુક્તિ મેળવવાના પ્રસંગનો નિર્દેશ કર્યો છે.

કસીદા એટલે પ્રશસ્તિ કાવ્ય. જૈન સાહિત્યની પ્રભુભક્તિ વિષયક ગઝલોમાં પ્રભુનાં ગુણગાન ગાવામાં આવ્યાં છે. ભક્તની સમર્પણ ભાવના અને શરણાગતિ દ્વારા ઉદ્ધાર કરવાનો કેન્દ્રસ્થ વિચાર પ્રગટ થાય છે.

આચાર્ય કલાપૂર્ણસૂરિની ગઝલ જોઇએ તો--

'ભૂલો પડ્યો છું ભવ મહીં ભગવાન રાહ બતાવજે

જનમો જનમને મરણના સંતાપથી ઉગારજે.'

આચાર્ય દક્ષસૂરિની ગઝલની પંક્તિઓ જોઇએ તો--

'પતિત પાવન તરન તારન દુઃખી કે દુઃખ નિવારણ.'[૫૭]

'અનાથોં કે સદા પાલન, કરો ભવ પાર ઉતારન'

'પારસ પ્રભુ નાથ તું મેરા, રટું મૈં નામ નિત તેરા,

વિના તુમ નાથ જિનરાયા ભવોભવ દુઃખ બહુ પાયા.'[૫૮]

મરસિયા પ્રકારની રચનાઓમાં મૃત્યુથી ઉદ્‌ભવતા શોકનું નિરૂપણ હોય છે. જૈન સાહિત્યની ગઝલોમાં ગુરુના અવસાનથી વિરહ-શોકમાં ઉદ્‌ભવેલા વિચારો ગઝલ-કવ્વાલીમાં પ્રગટ થયા છે.

આચાર્ય વલ્લભસૂરિની ગઝલનું ઉદાહરણ--

'વિના ગુરુરાજ કે દેખે મેરે દિલ વેકરારી હૈ

મહા ઉપગાર જગ કરતા, તનુ ફનાહ સમંજ કરકે.'[૫૯]

પુણ્યવિજય કવિનું ઉદાહરણ--

'અમોને લાડમાં લાલી, પઢાવ્યા પુત્રવત્ પાળી,

અચાનક ક્યું ગયા ચાલી, અમોને છેક ગયા ભૂલી.'[૬૦]

'હજારો મેદની જામી મલી ગુરુભક્તિને કાજે

વિરહ અમને થયો આજે દાદાગુરુ અમારા યું

અમોને છેક ભૂલી ગયા.'

સાંપ્રદાયિક ગઝલોમાં ઉપદેશનું તત્ત્વ હોય તે સ્વાભાવિક છે. પણ આ ઉપદેશ મિત્ર કે કાંતાસંમિત કરતાં પણ અનેકગણો ચઢિયાતો એવો પ્રભુસંમિત છે એટલે તેમાં વિશ્વકલ્યાણની ઉદાત્ત ભાવના રહેલી એ વાત નિર્વિવાદપણે સ્વીકારવી જોઇએ. ધાર્મિક સાહિત્યને પ્રચાર- લક્ષી ગણીને ઉપેક્ષાવૃત્તિ દાખવવામાં આવે છે તે અયોગ્ય છે. તેમાં પણ કલાની માવજત થયેલી છે. સાહિત્ય અને જીવનના સંદર્ભમાં આ ગઝલો જૈન સાહિત્યની નવીનતા ને સમૃદ્ધિનું પ્રતીક છે. તેમાં પ્રણય અને વિરહની ભૌતિકવાદી અભિવ્યક્તિને બદલે આધ્યાત્મિક પ્રણય કેન્દ્રસ્થાને છે. પ્રેમના સર્વ પ્રકારોમાં પ્રભુપ્રેમ શ્રેષ્ઠ છે એવો વિચાર પ્રગટ થાય છે. આચાર્ય બુદ્ધિસાગરસૂરિ, આચાર્ય લબ્ધિસૂરિ અને વલ્લભસૂરિએ ગઝલના વિકાસમાં સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ મૂલ્યવાન પ્રદાન કર્યું છે. સંસ્કૃત ભાષામાં પણ ગઝલ રચીને ભાષાપ્રભુત્વનો પરિચય કરાવ્યો છે.

લબ્ધિસૂરિની--

'જિનચન્દ્રપ્રભં વંદે નિકૃત્તકર્માવલીકન્દમ્.'[૬૧]

આચાર્ય વલ્લભસૂરિની--

કરૂણા સુધાભિભિરિતં ચરિતં હિ તાવ કીનમ્

ગઝલની સમૃદ્ધિમાં નવો રંગ લાવે છે.

આ ગઝલોમાં ધાર્મિક વિચારોની સાથે માનવમૂલ્યોનું સંવર્ધન થાય તેવા વિચારો દર્શાવતી ગઝલો પણ છે. પરિણામે આપણાં સાંસ્કૃતિક વારસાનું ગૌરવ પ્રસ્થાપિત કરવામાં સફળતા મળી છે. સ્થળવર્ણન સિવાયની ગઝલો ગુજરાતી સાહિત્યની ગઝલો સાથે સમાન કક્ષાએ સ્થાન ધરાવે છે, કે જેમાં પ્રેમનું-અધ્યાત્મનું સૌન્દર્ય ઝળહળતું છે. ગઝલના નિયમાનુસર શેરની સંખ્યાનું પાલન થયું નથી. કવિઓએ સ્વતંત્ર રીતે શેરની સંખ્યા નક્કી કરી હોય તેમ લાગે છે. ગઝલસ્વરૂપનો પરિચય અને જૈન સાહિત્યની ગઝલો વિશેની માહિતી જૈન કાવ્યસાહિત્યની વિશિષ્ટતા અને નવીનતા દર્શાવે છે. જૈન સાહિત્ય કેટલું સમૃદ્ધ છે અને તેમાં પણ વિવિધતા રહેલી છે એ તો સંશોધન દ્વારા પ્રગટ થાય ત્યારે જ સાચો ખ્યાલ આવે અને સાંપ્રદાયિકતા પ્રત્યેનું વલણ બદલાય. સાહિત્ય- રસિક જનતાને માટે જૈન સાહિત્યની ગઝલો એક નવો માર્ગ દર્શાવીને ધાર્મિક સાહિત્યમાં ઊંડો રસ લેવાની ભૂમિકા પૂરી પાડે છે.

આ સાહિત્ય એટલું બધું સમૃદ્ધ છે કે હજી પણ કેટલાક કવિઓની ગઝલો મળી શકે તેમ છે.

❖ ❖ ❖

# ગુજરાત બાલસાહિત્ય ટ્રસ્ટ : એક કલ્પના

□ મહેન્દ્ર મેઘાણી

ભારતનાં બાળકો-કિશોરો માટે એક એકથી ચડિયાતાં બહુરંગી ચિત્રોથી ભરપૂર, સુંદર કાગળ, છપાઇવાળી અને છતાં ઘણી વાજબી કિંમતવાળી સારામાં સારી ને વધુમાં વધુ ચોપડીઓ બહાર પાડનારા નેશનલ બુક ટ્રસ્ટ (નબટ) અને ચિલ્ડ્રન્સ બુક ટ્રસ્ટ (ચબટ) દિલ્હીમાં છે. બાળકો જેમને બહુ વહાલાં હતાં એવા જવાહરલાલ નેહરુ પ્રધાનમંત્રી હતા, ત્યારે એમણે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ નબટની સ્થાપના કરાવેલી. સરકારી સહાયને કારણે તેનાં પ્રકાશનો તો માની શકાય નહીં એટલાં સસ્તાં મળે છે.

બાળકોના બીજા એક મોટા ચાહક આપણા વિખ્યાત કટાક્ષ ચિત્રકાર શંકરે ચબટની સ્થાપના કરેલી. તેનું પોતાનું મોટું અદ્યતન છાપખાનું છે. તેમાં બાલસાહિત્યની લાખો-કરોડો ચોપડીઓ અત્યાર સુધીમાં છપાઇને ભારતમાં તેમ વિદેશોમાં ફેલાવો પામી છે. બાલ સાહિત્યના નવા નવા લેખકો અને ચિત્રકારો તૈયાર કરવા માટે ચબટ તરફથી સતત પ્રયાસો થતા રહે છે.

આ બેય પ્રકાશન સંસ્થાઓ આખા દેશનાં બાળકો માટે ચોપડીઓ પ્રથમ અંગ્રેજીમાં પ્રગટ કરે છે. પછી તેમાંથી કેટલીકના જ અનુવાદો હિન્દીમાં ને બીજી પ્રાદેશિક ભાષાઓમાં બહાર પડે છે. પોતાની અંગ્રેજી ચોપડીઓ દેશભરમાં સુલભ બનાવનારી વિતરણ-વ્યવસ્થા આ બે પ્રકાશકો દિલ્હીમાં બેઠા બેઠા જ ગોઠવી શક્યા છે. પણ પ્રાદેશિક ભાષાના અનુવાદો વિશેની જાણકારી તે તે પ્રદેશના લોકો સુધી પહોંચાડવાનું અને તેમને એ પુસ્તકો સુલભ કરી આપવાનું કામ દિલ્હીમાં બેઠાં બેઠાં કરી શકાય તેવું નથી. તે માટેની વ્યવસ્થા દરેક પ્રદેશમાં હોય તો જ તેનું પરિણામ સારું આવે.

આ બે પ્રકાશનોનું અંગ્રેજી બાલસાહિત્ય જોઇને આપણને થાય કે આપણાં બાળકોને એ બધું વાંચવા મળે તો કેવું સારું ! એ કામ કરવા માટે ગુજરાતમાં એક બાલસાહિત્ય ટ્રસ્ટની રચના કરી શકાય. એવું ટ્રસ્ટ સહુથી પહેલાં તો એક બાલસાહિત્ય ભંડાર ખોલે અને તેમાં આ બે પ્રકાશકોનાં જે ગુજરાતી પ્રકાશનો અત્યારે મળે છે તેનું વેચાણ શરૂ કરે; સાથે ચૂંટેલાં અંગ્રેજી પ્રકાશનો તો રાખે જ. ભંડારમાં પ્રાપ્ય બાલસાહિત્ય વિશેની જાણકારી ગુજરાતભરમાં ફેલાવવાનું કામ ટ્રસ્ટ ઉપાડે, અને સંસ્થાઓ તથા કુટુંબો તેમાંથી મગાવે તે ચોપડીઓ ઝડપભેર તેને પહોંચાડવા માંડે.

તે પછીનો કાર્યક્રમ આવે તે બેય પ્રકાશકોની જે અંગ્રેજી ચોપડીઓના ગુજરાતી અનુવાદો હજી ગુજરાતીમાં થયા નથી, તે કરાવવાનું ને મૂળ ચિત્રો સહિત તે છપાવવાનું. દાખલા તરીકે, ચબટની એક ઉત્તમ અંગ્રેજી ચોપડી Mahagiri (૨૪x૧૮ સે.મિ.)માં સોળેય પાનાં પર બહુરંગી ચિત્રો છે અને દરેક પાને ૩-૪ લીટી જેટલું જ લખાણ છે. હેમલતા નામનાં લેખિકાએ તેમાં એક હાથીની નાનકડી વાત કહી છે અને કલાકાર પુલક બિશ્વાસે તેનાં એવાં અદ્ભુત ચિત્રો દોરેલાં છે, કે તે જોઇને ખુશખુશાલ બનેલાં બાળકોને હાથીની દોસ્તી કરવાનું મન થઇ જાય. ચબટની ૩૬૦ જેટલી અંગ્રેજી ચોપડીઓમાંથી ફક્ત ૧૦-૧૨ના ગુજરાતી અનુવાદ પ્રગટ થયેલા છે અને તે લગભગ બધા રમણલાલ સોનીની સમર્થ કલમે થયેલા છે. (એકનો અનુવાદ સ્વ. હંસાબેન મહેતાએ કરી આપેલો.) તો આ 'મહાગિરિ'નો અનુવાદ પણ શ્રી સોની પાસે કરાવીને આપણાં બાલસાહિત્ય ટ્રસ્ટના પ્રથમ પ્રકાશન તરીકે આપી શકાય.

નબટની બાળકો તથા નવશિક્ષિતો માટેની સોએક ચોપડીઓ ગુજરાતીમાં પ્રાપ્ય છે, તે બહુ આનંદની વાત છે. તેમાંથી ઘણી એવી છે કે જે આપણાં બાળકોને તથા માબાપોને જોવા મળે, તો એની હજારો નકલો ચપોચપ ઉપડી જાય. દાખલા તરીકે, 'મૃત્યુનાં સપના' નામની એક ચોપડી કામાક્ષી સુબ્રહ્મણ્યમે લખેલી છે અને તાપસ ગુહાએ તેનાં નયનરમ્ય ચિત્રો દોરેલાં છે. તેનાં સોળેય પાનાં પર મોટાં બહુરંગી ચિત્રોની સાથે ૩-૪ લીટીમાં વાર્તા આગળ ચાલતી જાય છે. એ ચિત્રો જોતાં બાળકો ધરાય નહીં, અને વાર્તા ફરી ફરીને વાંચવાનું મન થાય. તેનો અનુવાદ કરનારાં આપણાં વર્ષાબેન દાસ ઘણાં વર્ષોથી નબટમાં કામ કરે છે અને હવે તેના સહનિયામકપદે પહોંચ્યાં છે તે ગુજરાત માટે ગૌરવની વાત છે. 'મૃત્યુનાં સપનાં' ૧૯૯૩માં પ્રગટ થઇ છે, પણ ગુજરાતમાં કેટલાં બાળકોએ તે જોઇ હશે, કેટલાં માબાપોએ તેનું નામ પણ સાંભળ્યું હશે ? તેની તો એક લાખ નકલો આપણા બાલસાહિત્ય ભંડાર મારફત પ્રાથમિક શાળાનાં બાળકોને પહોંચાડી શકાય.

બાલસાહિત્ય ભંડારનું ત્રીજું કામ અન્ય પ્રકાશકોએ બહાર પાડેલા બાલસાહિત્યમાંથી કાળજીપૂર્વક વીણેલી ચોપડીઓનો ફેલાવો વધારવાનું છે. આપણા ટ્રસ્ટની પ્રતિષ્ઠા એવી થવી જોઇએ કે તે પોતે જે પ્રકાશિત કરે અથવા બીજાનાં જે પ્રકાશનોનો ફેલાવો કરે તે ઉત્તમ જ હોય અને તેને વસાવી લેવાં હજારો કુટુંબો આતુર રહે.

સાત-આઠ દાયકા પહેલાં ગિજુભાઇએ બાલસાહિત્યનો ધોધ ગુજરાતમાં વહાવવા માંડ્યો પછી બીજા લેખકો પાસેથી પણ આપણાં બાળકોને સુંદર ચોપડીઓ મળતી રહી છે. તેમાંની કેટલીકનાં નામ પણ આજે જાણીતાં નથી અને વરસોથી તે અપ્રાપ્ય છે. પરંતુ તેમાંથી વીણીવીણીને અમુકનાં પુનર્મુદ્રણ આ ટ્રસ્ટ કરે, તો પ્રજાનો આવકાર તેને મળે જ. દાખલા તરીકે, માનગોપાલ મુકરજીની કિશોરકથા 'કિરીટ'નો ગુજરાતી અનુવાદ. નાનપણથી પોતે માણેલી કેટલીક ચોપડીઓનો પરિચય મનુભાઈ પંચોળીએ પોતાના પુસ્તક 'મારી વાચકકથા'માં આપેલો છે, તેમાં એક છે 'કિરીટ'. શું કહે છે 'દર્શક' એને વિશે ?–

'કિરીટ હાથી છે, પણ ઘરમાંનો નાના ભાઇ કરતાંયે કિરીટ વધારે નિકટનો ને વાસ્તવિક લાગે છે. બહુ દિવસો સુધી 'કુમાર' ની ફાઇલો ઉથલાવીને એ વાર્તા વાંચી. કિરીટ જોડે જંગલોમાં આવ્યો, નદીમાં નાહ્યો, લાકડાંના ભારોઠ તેની પીઠ પર વહી લાંબી મુસાફરીઓ કરી. 'કિરીટ'ની લખાવટ, વસ્તુ-વાતાવરણ બધું એટલું નિર્દોષ છે કે તેના કરતાં ઉત્તમ પુસ્તક કિશોરો માટે મેં બીજું જોયું નથી.'

'કુમાર' માસિકમાં હપ્તે હપ્તે છપાયેલી 'કિરીટ'ની કથા પછી પુસ્તક રૂપે કુમાર કાર્યાલય તરફથી બહાર પડેલી. ઘણાં વરસોથી તે અપ્રાપ્ય છે. આજે તે ફરી છપાવીને 'દર્શક'ના અભિપ્રાય સાથે પ્રજા પાસે મૂકીએ, તો કેટલાં બધાં કુટુંબો હોંશે હોંશે તે ખરીદવાનાં !

એવી તો અનેક સુંદર ચોપડીઓ વિસ્મૃતિનાં પડ હેઠળ દટાઇ ગયેલી છે, તેને બહાર કાઢી સુઘડ સ્વરૂપે ગુજરાતનાં બાળકોને ભેટ ધરવાની જરૂર છે. એમનો એ હક છે, મોટેરાંઓની ફરજ છે.

આવી બધી પ્રવૃત્તિઓ ચલાવવા માટે ગુજરાત બાલસાહિત્ય ટ્રસ્ટ જેવી એક સંસ્થા આપણે શરૂ કરી શકીએ. તેનો પુસ્તક- ભંડાર અમદાવાદ કે વડોદરા જેવા મધ્યસ્થ શહેરો કે તેની નજીકનાં (ગાંધીનગર કે વલ્લભવિદ્યાનગર જેવાં) નાનાં સ્થળોમાં હોય તો આખા રાજ્યમાં ટપાલ, રેલ્વે, બસ વગેરે મારફત પુસ્તકો ઝડપથી પહોંચાડી શકાય. મોટાં નગરોમાં ભંડાર માટે મોકળાશવાળી જગ્યા બહુ મોંઘી મળે, પણ બાળકોની ચાહક કોઇ વ્યક્તિ કે સંસ્થા આ ટ્રસ્ટને પરવડે તેટલી રકમથી જગા ભાડે કે વેચાતી આપનાર નીકળી આવે એવું બને.

❖ ❖ ❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફબરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૧૦ ● ● તા. ૧૬-૧૦-૯૯ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## अट्ठजुत्ताणि सिक्खिज्जा, निरट्ठाणि उ वज्जिए ।

-ભગવાન મહાવીર

## [અર્થયુક્ત વાતો શીખવી, નિરર્થકને ત્યજી દેવી]

આ વાત તો સાવ સહેલી લાગે છે, પણ તેનો અમલ કરવાનું એટલું સહેલું નથી.

કામની વાત શીખવી અને નકામી વાતને છોડી દેવી એ સાચું, પણ કઇ વાત કામની છે અને કઇ નકામી છે એ કેમ ખબર પડે ? એ કોણ સમજાવે ?

જીવનમાં શીખવા જેવું ઘણું છે. વિકાસશીલ વ્યક્તિને તો હરહંમેશ નવી નવી વાતો શીખવા મળે છે. જેનું લક્ષ્ય પ્રગતિ પર છે તેની પાસે તો પોતાના પૂરતો એક માપદંડ આવી ગયો હોય છે. અલબત્ત એ જ સાચો છે એમ સર્વાર્થે ન કહી શકાય, તો પણ એની વિકાસોન્મુખતા અવશ્ય પ્રશંસાપાત્ર બને છે, કારણ કે જીવન સતત વિકાસશીલ છે.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રના વિનયશ્રુત નામના પહેલા અધ્યયનમાં કહ્યું છે :

निसन्ते सिया अमुहरी, बुद्धाणं अतिए सया ।

अट्ठजुत्ताणि सिक्खिज्जा, निरट्ठाणि उ वज्जिए ॥

[સાધકે અત્યંત શાન્ત રહેવું, અસંબદ્ધ બોલવું નહિ, જ્ઞાનીજનોની સમીપે રહેવું, તેમની પાસેથી પરમાર્થયુક્ત વાતો શીખવી અને નિરર્થક વાતોને છોડી દેવી.]

x x x

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રમાં શિષ્યને વિનયી બનવા માટે ભિન્નભિન્ન દૃષ્ટિકોણથી જે શિખામણ આપી છે તેમાં દસ મહત્ત્વના ગુણ કેળવવાનો નિર્દેશ કર્યો છે. એ દસ આ પ્રમાણે છે : (૧) ગુરુજનોની હાજરીમાં હંમેશાં શાન્ત રહેવું, (૨) વાચાળ ન બનવું, (૩) સાર્થક પદ શીખવાં અને નિરર્થક વાત છોડી દેવી, (૪) ગુરુ અનુશાસન કરે, શિક્ષા કરે ત્યારે ક્રોધ ન કરવો, (૫) ક્ષમાશીલ બનવું, (૬) હલકા માણસો સાથે સંબંધ ન રાખવો, તેમની સાથે મજાકમશ્કરી ન કરવાં, (૭) દુષ્ટ કાર્યો ન કરવાં, (૮) યોગ્ય સમયે સ્વાધ્યાય કર્યા પછી ધ્યાન કરવું, (૯) મિતભાષી થવું અને (૧૦) દુષ્ટ કાર્ય થઇ ગયું હોય તો ગુરુ સમક્ષ સ્વીકાર કરી લેવો.

આ દસ શિખામણમાંથી ઉપર કહેલી ફક્ત એકનો અહીં વિચાર કરીશું. સાર્થક વાત શીખવી અને નિરર્થક છોડી દેવી. માણસ નિરર્થક વાત છોડી દેવાનું શીખે તો આપોઆપ કામની વાત શીખવા લાગે. પરંતુ મનુષ્યનો સ્વભાવ એવો પ્રમાદી છે કે નિરર્થક વાત તે જલદી છોડી શકતો નથી.

ભગવાન મહાવીરે અધ્યાત્મમાર્ગના સાધક માટે જે વાત કરી છે તે વ્યવહારુ જીવનમાં પણ એટલી બધી ઉપયોગી છે. કોઇપણ સફળ માણસની સિદ્ધિનું રહસ્ય એ છે કે એણે નકામી વાતોમાં સમય વેડફી નાખ્યો નથી. જેઓને જીવનમાં ભૌતિક કે આધ્યાત્મિક સિદ્ધિ મેળવવી હોય તેઓએ સારાસાર વિવેક કરવો જ પડે.

કેટલાયે માણસોને સમય કેમ પસાર કરવો તેની સૂઝ પડતી નથી. તેમનો સમય પસાર થતો નથી એટલે તે આમ તેમ ફાંફાં મારતા હોય છે. તેમને ચેન પડતું નથી. જેમ તેમ કરીને વેઠપૂર્વક તેઓ દિવસ પૂરો કરે છે. એવા લોકોની જિંદગીનું કશું મૂલ્ય નથી.

કોઇપણ માણસને પૂછવામાં આવે કે 'તમને તમારી જિંદગી ફરી જીવવાની મળે તો તમે એમાં કેવા ફેરફાર કરશો ?' કોઇક જ માણસ એવા મળે કે જે કહે કે પોતાને જે જિંદગી મળી છે બરાબર તે જ પ્રમાણે પોતાને જીવવી છે. પોતાને એમાં કશા ફેરફાર કરવા નથી.

દરેક માણસે જીવનમાં કંઇક ભૂલો કરી હોય છે. એવી ભૂલો ફરીથી ન થાય એવું માણસ ઇચ્છે. કૌટુંબિક સંબંધો, પત્ની, સંતાનો વગેરેના પ્રશ્નો, નોકરી ધંધાની સમસ્યાઓ અને સફળતાઓ, આરોગ્યની બાબતો, સ્વભાવની વિચિત્રતાઓ, કેટલીક ટેવો ઇત્યાદિ વિશે માણસ જરૂર ફેરફાર ઇચ્છે કે જેથી પોતે જવું જીવન જીવ્યા તેના કરતાં વધુ સારું જીવન જીવવા મળે.

શાળા-કૉલેજની કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં દુનિયાભરમાં જેમ અસંખ્ય વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થાય છે તેમ લાખો વિદ્યાર્થીઓ નપાસ પણ થાય છે. નપાસ થનાર વિદ્યાર્થી પાસે નપાસ થવાનાં કારણો હોય છે, જેમાંનું એક કારણ તે પોતે જેટલો સમય અભ્યાસ માટે આપ્યો તેટલો ઓછો હતો. જે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હોય તેઓ બધાને પોતાના પરિણામથી સંતોષ હોતો નથી. મતબલ કે સરેરાશ દરેકને એમ લાગે છે કે પોતે જો આમ કર્યું હોત તો આમ ન થાત. એટલે કે દરેક વિદ્યાર્થીએ થોડોક સમય તો નિરર્થક વાતોમાં બગાડ્યો છે. સતત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પણ એવો ફરક રહેવાનો કે કેટલાકે જે મહત્ત્વનું હતું તે ઓછું વાંચ્યું હોય અને જે નિરર્થક હતું તે વાંચવામાં સમય વેડફી નાખ્યો હોય.

કુદરતનો ક્રમ એવો છે કે જૂની પેઢીના માણસો કાળક્રમે વિદાય લેતા જાય છે અને નવી પેઢીના યુવાનોના હાથમાં સમાજનાં સૂત્રો આવે છે. કોઇપણ એક વ્યક્તિએ પોતાના સમકાલીનો વચ્ચે જે મોટું કાર્ય કર્યું હોય તેની કદર કરનારા ત્યારે હયાત હોય છે ને ઠેરઠેર એની વાતો થાય

છે, પરંતુ થોડાક સમકાલીનો વિદાય થઇ જાય છે, પછી એવી વાતો સાંભળનાર કે પ્રશંસા કરનાર વર્ગ રહેતો નથી અને નવી પેઢીને જૂની પેઢીના એ પરાક્રમો કે સિદ્ધિ તુચ્છ અને નિરર્થક લાગે છે. ક્યારેક તો કોઈક બોલે છે, 'નાખી દેવા જેવી વાત માટે એ જમાનાના લોકોએ પોતાની જિંદગીનો કેટલો બધો સમય વેડફી નાંખ્યો.'

જે કોઇ એક વાત કે વિષય એક જમાના માટે અત્યંત મૂલ્યવાન હોય તે બીજા જમાના માટે સાવ નિરર્થક બને એવી જીવાતા જીવનની લાક્ષણિકતા છે.

કઇ વસ્તુ પોતાને માટે સાર્થક છે અને કઇ નિરર્થક છે એનો નિર્ણય કરવા માટે દરેક વ્યક્તિનો માપદંડ જુદો જુદો હોઇ શકે. એક વ્યક્તિને જે વાત, કાર્ય ઇત્યાદિ સાર્થક લાગતાં હોય તે બીજાને નિરર્થક લાગે. એકની એક વ્યક્તિને એક વસ્તુ એક કાળે સાર્થક લાગતી હોય તે સમય જતાં નિરર્થક લાગવાનો સંભવ છે.

મનુષ્યના જીવનમાં કંઇ ભૂલ ન થઇ હોય તો પણ વીતી ગયેલા વર્ષોનું વિહંગાવલોકન કરતાં એને જરૂર એમ લાગે છે કે અમુક કાર્યોમાં પોતાનો જે સમય પસાર થઇ ગયો તે કાર્યો ન કર્યાં હોત તો ચાલત; એટલો સમય જો વધુ સારી પ્રવૃત્તિમાં પસાર થયો હોત તો જીવનમાં વધુ પ્રગતિ થઈ શકી હોત. જીવનનું સ્વરૂપ એવું છે કે કેટલીક બાબતો વર્તમાન સમયમાં બહુ મહત્ત્વ ધરાવતી હોય, ક્યારેક તો જીવન-મરણના સવાલ જેવી હોય, પણ વર્ષો વીત્યાં પછી ભૂતકાળની એ ઘટનાઓ પર નજર નાખતાં તે ક્ષુદ્ર અને નિરર્થક લાગે છે. ક્યારેક પશ્ચાત્તાપ થાય છે કે કેવી મામૂલી વાતો માટે જિંદગીનો કેવો સોનેરી સમય આપણે વેડફી નાખ્યો. નાનાં બાળકો કેવી નાની નાની વાતો માટે માંહોમાંહે લડે ઝઘડે છે ? એ જ બાળકો મોટાં થતાં એ જ વાતો માટે લડતાં ઝઘડતાં શરમાશે. નાનું બાળક શેરીમાં કાંકરા વીણતું હોય કે સમુદ્ર કિનારે છીપલાં વીણતું હોય તો એને માટે અત્યંત રસનો વિષય બને છે, પરંતુ એ જ બાળક મોટું થાય છે ત્યારે છીપલાં વીણવાનું એને હાસ્યાસ્પદ લાગે છે. તેવી રીતે બાલ્યકાળમાં કે યુવાવસ્થામાં કરેલી કેટલીયે પ્રવૃત્તિઓ પાકટ વયે હાસ્યાસ્પદ લાગે છે.

જીવનની સાર્થકતા અને સફળતાને વિવિધ દૃષ્ટિકોણથી જોઇ શકાય. આ સંસારમાં અસંખ્ય એવા માણસો છે અને રહેવાના કે પોતે હતા તેના કરતાં કશુંક વધુ પામ્યા છે. એકંદરે સંસારના લોકો ભૌતિક સુખની અપેક્ષાએ જીવનનું માપ કાઢે છે. કોઇ ભિખારી હોય, ઘરે ઘરે ભીખ માગતો હોય, એમાંથી થોડું થોડું બચાવી એમાંથી નાની સરખી દુકાન કરવાની તક મળે અને પોતાનું ગુજરાન સારી રીતે ચલાવે તો એણે એમ લાગે કે 'ક્યાં મારા ભીખ માગવાના દિવસો અને ક્યાં આ વેપાર ? મેં જીવનમાં કેવી સિદ્ધિ મેળવી છે!' કેટલીય વેપારી પેઢીઓમાં અને સરકારી કચેરીઓમાં માણસ પટાવાળા તરીકે જોડાયો હોય એમાંથી પુરુષાર્થ કરીને આગળ વધતાં વધતાં તે ઓફિસર બન્યો હોય તો એને એમ લાગે કે મેં જીવનમાં કશું મેળવ્યું છે'. સૈનિકમાંથી સેનાપતિ બને તો એને પોતાનું જીવન સફળ લાગે. વસ્તુતઃ સમજપૂર્વક સમય પાસે કામ લેતાં જેને આવડે છે તે પોતાના જીવનને સફળ બનાવી શકે છે, સિવાય કે એનું નસીબ જ વાંકું હોય !

જન્મથી માંડીને જીવનના અંત સુધી પોતાની પ્રત્યેક ક્ષણ સદુપયોગમાં જ ગઇ છે અને નિરર્થક સમય ક્યારેય પસાર થયો નથી એવું તો કોઇક વિરલ વ્યક્તિ જ કહી શકે, જો તે પૂર્વજન્મનો આરાધક જીવ હોય તો. વર્તમાન કાળમાં તો એવી વ્યક્તિ મળવી તે લગભગ અસંભવિત છે કે જે દાવો કરી શકે કે પોતાના જીવનની એક પળ પણ પોતે નિરર્થક ગુમાવી નથી.

ભગવાન મહાવીરની આ શિખામણ વ્યવહારુ જીવનમાં જેમ ઉપયોગી છે તેથી વધુ મોક્ષમાર્ગના સાધક માટે ઉપયોગી છે. સાધકે જે શબ્દોનું પ્રયોજન ન હોય તેવા શબ્દો, નિરર્થક શબ્દો ઉચ્ચારવા ન જોઇએ. હાસ્ય-મજાકમાં બોલાતી વાણીને અથવા કેવળ વાણી-વિલાસને ત્યજવાં જોઇએ. સ્ત્રીકથા, રાજ્યકથા ઇત્યાદિ વિકથાનો ત્યાગ કરવો જોઇએ. સમાજમાં રહેવાને કારણે અને વર્તમાન સમયમાં તો પ્રચાર-માધ્યમો વધી ગયા હોવાથી, સાધક જો જાગૃત ન હોય તો નિરર્થક વાતોમાં તે રસ લેવા લાગી જાય છે અને એવી વાતોનો એક વખત ચટકો લાગે એટલે જિજ્ઞાસા ઉત્તરોત્તર સતેજ થતી રહે અને પછી એનો ક્યાંય અંત આવે નહિ. સાધકને એક વખત લૌકિક વિષયોમાં અને એવાં અધ્યયનોમાં રસ પડે પછી એ વ્યસનરૂપ બની જાય છે અને એમાંથી નિવૃત્ત થવાનું અઘરું બની જાય છે. અધ્યાત્મમાર્ગના સાધકને પોતાના કાર્ય અંગે ક્યારેક ઉપયોગી લાગ્યાં હોય એવા વિષયો જેવા કે જ્યોતિષશાસ્ત્ર, હસ્તરેખાવિજ્ઞાન, શિલ્પશાસ્ત્ર, ચિત્રકલા, વક્તૃત્વકલા, આયુર્વેદ, કાવ્યાલંકારશાસ્ત્ર, ભાષા-વ્યાકરણ વગેરેમાં રસ પડે છે. પણ પછી તેઓ એમાં એટલા બધા ખેંચાઇ જાય છે અને એમાં ડૂબી જાય છે કે મોક્ષમાર્ગની પોતાની સાધના ચૂકી જાય છે. વ્યવહારુ અપેક્ષાએ ઉપયોગી એવાં શાસ્ત્રો પણ મોક્ષાભિલાષી, આત્મજ્ઞાન તરફ આગળ વધતા મહાત્માઓ માટે નિરર્થક બનવા સંભવ છે.

સતત જાગૃત રહેવાનું સરળ નથી. પ્રમાદ તો એમાં કામ કરી જ જાય છે, પરંતુ ક્યારેક ગૃહસ્થો કે સાધુ ભગવંતોના જીવનમાં પૂર્વબદ્ધ કર્મના ઉદયે એવી ઘટનાઓ બને છે કે જે એમના હાથમાં રહેતી નથી. તેવે વખતે નિરર્થક વાતો-વિષયોમાં ઘણો સમય બરબાદ થઇ જાય છે. પરંતુ એવે વખતે પણ જાગૃત વ્યક્તિઓ, બાહ્ય ઘટનાઓ સાથે પ્રવાહપતિત બનવા છતાં એમનું જોડાણ તો આત્મભાવમાં જ રહે છે.

□ રમણલાલ ચી. શાહ

## અમરગઢ (જીંથરી)નો કાર્યક્રમ

સંઘના ઉપક્રમે અમરગઢ (જીંથરી)ની ટી.બી.ની હોસ્પિટલને સહાય કરવા માટે પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમિયાન જે રકમ એકત્ર કરવામાં આવી તે હોસ્પિટલને અર્પણ કરવાનો કાર્યક્રમ અમરગઢ (જીંથરી) મુકામે રવિવાર, તા. ૯મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ સવારે સાડા દસ વાગે દાનવીર શ્રેષ્ઠી શ્રી મફતલાલ મોહનલાલ મહેતા (દિવાળીબહેન મહેતા ચેરીટેબલ ટ્રસ્ટના સૂત્રધાર)ના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં સંઘના જે સભ્યો અને દાતાઓ ઉપસ્થિત રહેવા ઇચ્છતા હોય તેઓને માટે જીંથરી જવા આવવાની વ્યવસ્થા સંઘ તરફથી નીચે પ્રમાણે કરવામાં આવશે.

(૧) તા. ૭મી જાન્યુઆરીએ રાત્રે ટ્રેન દ્વારા સેકન્ડ કલાસ સ્લીપરમાં અમદાવાદ અથવા વડોદરા જવું. ત્યાંથી તા. ૮મીએ સવારે બસ દ્વારા જીંથરી (અથવા પાલીતાણા) પહોંચવું.

(૨) તા. ૯મીએ સવારે કાર્યક્રમમાં હાજર રહેવું.

(૩) તા. ૯મીએ બપોરે જીંથરીથી નીકળી રાત્રે વડોદરા અથવા અમદાવાદથી ટ્રેન પકડવી અને સોમવાર તા. ૧૦મીએ સવારે મુંબઇ આવવું.

(૪) જેઓને જીંથરીથી પાલીતાણા કે આસપાસ જવું હોય અને એક બે દિવસ વધુ રોકાવું હોય તેઓએ પાછા આવવાની પોતાની અલગ વ્યવસ્થા જાતે કરી લેવી.

જેઓ આ પ્રવાસમાં જોડાવા ઇચ્છતા હોય તેઓએ પોતાનાં નામ, સભ્યપદ નંબર અને ટેલિફોન નંબર કાર્યાલયમાં રૂપિયા બસો સાથે તા. ૩૧મી ઓક્ટોબર સુધીમાં નોંધાવી દેવાં. વિશેષ માહિતી કાર્યાલયમાંથી મળશે.

● મંત્રીઓ

# ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય અને જાતિભવ્ય

□ ડૉ. બિપીનચંદ્ર હીરાલાલ કાપડિયા

આ જગતમાં માત્ર બે પદાર્થો જ છે, જેવાં કે જીવ અને અજીવ અથવા જડ અને ચેતન. જડ કદાપિ ચેતન ન થાય તેમ ચેતન જડ ન થાય. કર્મ જડ છે. જડ એવાં કર્મના સંસર્ગમાં, સમાગમમાં, એટલે કે પકડમાં જ્યારે જીવ સપડાય ત્યારે તે જીવનો સંસાર શરૂ થાય છે. એવો જીવ જ્યારે તે જડ કર્મોના સકંજામાંથી, એટલે કે બંધનમાંથી મુક્ત થઇ જાય ત્યારે તે જીવ સંસારમાં સરકતી ચાર ગતિમાંથી સદાને માટે મુક્ત થઇ મુક્તિસુખ ભોગવે છે. તેવો જીવ આત્માના મુળભૂત ગુણો જેવા કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ અનંત સુખ, સમ્યક્ ચારિત્ર, અક્ષયસ્થિતિ, અરૂપી, અગુરુવધુ અને અનંતવીર્ય પ્રાપ્ત કરે છે.

જીવની ચાર ગતિ છેઃ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક. આ ચારેય ગતિના જીવો ક્યાં તો ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય કે જાતિભવ્ય હોય. સામાન્ય રીતે એવું કહેવાય છે કે જે જીવને શંકા થાય કે 'હું ભવ્ય કે અભવ્ય ?' તે જીવ ભવ્ય ગણાય છે. આ એક સામાન્ય વાત થઇ, પરંતુ જે જીવને મોક્ષની તડપ હોય, મોક્ષનો દ્વેષ ન હોય, મોક્ષનો રાગ હોય, મોક્ષાભિલાષી હોય, સંસારનો વિરાગી હોય, સંસારનો દ્વેષી હોય તે જીવને ભવ્ય કોટિમાં મૂકી શકાય, ગણી શકાય. મોક્ષાભિલાષી ભવ્ય જીવ સમ્યકત્વ પામી એટલે કે આયુષ્ય કર્મ સિવાયના સાતેય કર્મોની સ્થિતિ એક કોટાકોટિ સાગરોપમથી ન્યૂન કરી, મિથ્યાત્વ મોહનીયની સ્થિતિ મંદ, મંદતર, મંદતમ બનાવી છેલ્લા પુદ્ગલ-પરાવર્તન સુધી પહોંચી, તેથી પણ સંસારનો કાળ અર્ધપુદ્ગલ પરાવર્તનથી સહેજ ન્યૂન કરી નાંખે ત્યારે તે જીવ સમ્યકત્વ પામી મોક્ષપુરીના દ્વારે આવી ક્ષપકશ્રેણિ માંડી ભવિતવ્યતાના પરિપાકે કાયમ માટે સંસારની ગતિમાંથી મુક્ત થઇ સિદ્ધ, બુદ્ધ થઇ અવ્યાબાધ, અચળ, નિરૂપાધિક સુખનો સ્વામી બને છે.

સમ્યક્ત્વ શું છે તે સમજી લઇએ. સમ્યક્ત્વ એ સમ્યગ્દર્શન તરીકે પણ ઓળખાય છે. સમ્યક્ત્વ એટલે આત્માનો સમ્યગ્ભાવ. આત્માને લાગેલો મિથ્યાત્વરૂપી જે મળ ચોક્કસ રીતે દૂર થવાથી આત્માનો પરમ નિર્મળતારૂપી જે ભાવ તે સમ્યગ્ભાવ. ક્ષાયિક સમ્યકત્વમાં મિથ્યાત્વનો સત્તામાંથી પણ વિનાશ અથવા ક્ષય થવો જોઇએ.

જૈન શાસનમાં સમ્યકત્વ પાયાની વસ્તુ છે. મિથ્યાત્વના બે પ્રકારો છે :- વિપર્યાત્મક અને અનધિગમાત્મક. બીજી રીતે મિથ્યાત્વના પાંચ પ્રકારો છે જેવાં કે :- આભિગ્રાહિક, અનભિગ્રાહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક. જીવ ભવ્ય હોય, અભવ્ય હોય, દુર્ભવ્ય હોય, જાતિભવ્ય હોય, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, નારક, તિર્યંચ, મનુષ્ય કે દેવ હોય તે સર્વ જીવોનો મિથ્યાત્વના પાંચ પ્રકારોમાં કોઇપણ પ્રકારમાં સમાવેશ થઇ જાય છે. આ પાંચેય પ્રકારો સઘળા મિથ્યાત્વીમાં સંભવિત છે એમ માનવાનું નથી.

બધાં જ ભવ્ય જીવો સમ્યકત્વ પામે જ એવો નિયમ બનાવી ન શકાય કારણ કે તે ભવ્ય જીવો જ તે પામી શકે કે જેઓનું મિથ્યાત્વ મંદતમ થઇ ગયું છે, જેઓએ યથાપ્રવૃત્તિકરણ પછી શુદ્ધ યથા-પ્રવૃત્તિકરણ કરી કર્મગ્રંથિની ગાઢ ગાંઠને ભેદી નાંખી છે, રાગ-દ્વેષની આ તીવ્રકર્મગાંઠ ભેદ્યા પછી અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરે તે જ જીવ સમ્યક્તનો અધિકારી બને છે. તેથી બધાં ભવ્યો સમ્યક્ત્વ પામે એમ ન કહી શકાય.

જે કોઇ જીવને મિથ્યાત્વનો ઉદય હોય તો પણ તે જીવને પાંચ પ્રકારોમાંથી એક જ પ્રકારનો મિથ્યાત્વ હોઇ શકે. જેથી પાંચેય પ્રકારો એકી સાથે હોઇ ન શકે. બલ્કે સંભવિત છે કે એક મિથ્યાત્વ જાય અને બીજું આવે, બીજું જાય અને ત્રીજું આવે વગેરે.

સમ્યકત્વનું વમન કરનારા જીવોને આભિનિવેશિક મિથ્યાત્વનો ઉદય હોઇ શકે. આભિનિવેશિક મિથ્યાત્વ માત્ર ભવ્ય જીવોને જ સંભવિત છે. અને તે ભવ્ય જીવો કે જેઓનો સંસારકાળ અર્ધપુદ્ગલ-પરાવર્ત કાળ શેષ રહ્યો હોય. ચરમાવર્ત નહીં પામેલા ભવ્યો કે જેઓ દુર્ભવ્ય તરીકે ઓળખાય છે તેઓને, જાતિભવ્યોને, અને અભવ્યોને આભિનિવેશિક મિથ્યાત્વનો ઉદય સંભવિત જ નથી. માત્ર ભવ્ય જીવોને કોઇ ને કોઇ મિથ્યાત્વ પાંચ પ્રકારોમાંથી ગમે તે એકનો ઉદય સંભવી શકે.

ભવ્ય જીવોમાં જાતિભવ્ય જીવો માટે અનાભોગ એક જ સંભવિત છે. દુર્ભવ્ય તથા અભવ્ય માટે અનાભોગિક અને આભિગ્રહિક એમ બે પ્રકારના મિથ્યાત્વ સંભવિત છે.

અભવ્યો મોક્ષદ્વેષી, સંસારરાગી હોવા છતાં પણ મોઢામાં આંગળા નાંખી દઇએ એવું ચારિત્ર પાળે, તપાદિ કરે જેથી નવગ્રૈવેયક સુધી પહોંચી શકે; એવો ઉપદેશ આપે કે ગ્રહણ કરનારા અસંખ્ય જીવો મોક્ષ મેળવી શકે પણ પોતે માત્ર ગાઢ મિથ્યાત્વી હોવાને લીધે મોક્ષ પામી ન શકે ! ભવ્યોની જેમ અભવ્યોને આભિગ્રાહિક મિથ્યાત્વ સંભવે છે. અભવ્યો આત્માને કર્મનો કર્તા, ભોક્તા માને પણ મોક્ષને અને તેના ઉપાયોને ન માને. ઉપર જણાવેલા બે પ્રકારો સિવાયના પાંચમાંના ત્રણ પ્રકારો સંભવે નહીં.

અભવ્યોને 'હું ભવ્ય કે અભવ્ય ?' તેવી શંકા જ ન થાય !

જાતિભવ્યો તેવા જ જીવો છે કે જેઓને મોક્ષલક્ષી સામગ્રી જ કદી મળનાર નથી ! જેવી રીતે એક યુવતી વિધવા હોય કે જે ધર્મનિષ્ઠ હોય, પરપુરુષનું સેવન તથા તેની સાથેનો સંભોગ વર્જ્ય છે તેવી સ્ત્રીને ઉપર્યુક્ત સામગ્રીના અભાવમાં પુત્રોત્પત્તિ જેમ શક્ય નથી તેમ જાતિભવ્યોને મોક્ષદાયક સામગ્રી ન મળનાર હોવાથી મોક્ષ કદી મેળવે નહીં

ભવ્ય જીવોમાં પણ, જાતિભવ્ય જીવો માટે અનાભોગ નામનું એક જ મિથ્યાત્વ સંભવિત છે; જ્યારે દુર્ભવ્ય તથા અભવ્ય જીવો માટે અનાભોગિક અને આભિગ્રહિક એમ બે પ્રકારનાં મિથ્યાત્વ સંભવિત છે. ચરમ પુદ્ગલપરાવર્તના પહેલા અર્ધભાગથી અધિક વિશેષકાળ સુધી ભવ્ય જીવોને ચાર પ્રકારનાં અને તે પછીના કાળમાં ભવ્ય જીવોને પાંચેય પ્રકારના મિથ્યાત્વ સંભવે છે. ભવ્ય જીવોને આ રીતે પાંચેય પ્રકારનાં મિથ્યાત્વ હોવા છતાં પણ, મિથ્યાત્વનો ત્યાગ અને ક્ષય પણ ભવ્યાત્માઓના જ નસીબમાં છે !

તામલી તાપસ સુખી, ધનિક અને ધર્મી જીવ હતો. સંન્યાસ સ્વીકાર્યો અને ઉગ્ર તપ કરવા માંડ્યો. સાઠ હજાર વર્ષ ઉગ્ર તપ કર્યો. પારણાના દિવસે જે વાપરતો તેને ૨૧ વખત ધોઇને સત્ત્વહીન

કરી દેતો. મિથ્યાત્વી હોવાથી એના મહાતપના મૂલ્ય કરતાં સમ્યગ્દષ્ટિની એક નવકારશીનું મૂલ્ય વધી જાય !

માષતુષ મુનિને સમ્યક્ત્વી ગણ્યા કારણ કે ગીતાર્થનિશ્રિત હતા તથા જ્ઞાન-સંપાદનનો પ્રયત્ન જબરજસ્ત હતો, તેથી તત્ત્વાતત્ત્વનું વિશેષ જ્ઞાન ન હોવા છતાં પણ નિશ્રા સારી હોવાથી પરંપરાએ તત્ત્વની પ્રતિપત્તિ હતી જ એમ માનવું પડે.

આભિગ્રાહિક મિથ્યાત્વ ભવ્ય તથા અભવ્યોને સંભવે છે. આભિનિવેશિક મિથ્યાત્વ સમ્યગ્દષ્ટિ વિદ્વાનો માટેનું છે. જેવી રીતે ધનાઢ્ય માણસ કુલટા સ્ત્રીમાં આસક્ત થઈ બધું છોડે પણ એને છોડે નહીં; રાગાંધ થયેલો તેને છોડે નહીં તેના જેવું આભિનિવેશિક મિથ્યાત્વનું છે. જૈન શાસ્ત્રના અર્થથી ઉલટા અર્થનો આગ્રહી થઇ તે છોડે નહીં. પોતે વિદ્વાન છે, સમકિતી છે, સમજાવી શકે તેમ છે, સમજું છે છતાં પણ પોતાનો ખોટો આગ્રહ છોડે નહીં. આ મિથ્યાત્વ થાય તો તે સમ્યગ્દષ્ટિ આત્માઓને જ થાય. આમ થવાનું કારણ ઉપયોગશૂન્યતા કે સમજફેર છે.

જિનાગમોમાં વર્ણવેલા તત્ત્વોના સ્વરૂપ સંબંધી સંશય જેના યોગે ભગવાનના વચનની પ્રામાણિકતા સંબંધી સંશય પેદા થઇ જાય.

તત્ત્વની અપ્રતિપત્તિ સાક્ષાત્ પણ નહીં ને પરંપરાએ પણ તત્ત્વની અપ્રતિપત્તિને અનાભોગ મિથ્યાત્વ કહેવાય છે. એકેન્દ્રિયાદિ જીવોને જે મિથ્યાત્વ હોય છે તે અનાભોગ મિથ્યાત્વ છે. પંચેન્દ્રિયોમાં પણ જેઓ મુગ્ધ હોય એટલે કે શું તત્ત્વ અને શું અતત્ત્વ એવા પ્રકારના અધ્યવસાયોથી રહિત હોય તે જીવોનું મિથ્યાત્વ અનાભોગ મિથ્યાત્વ કહેવાય.

આટલા વિવેચન પછી આટલા નિષ્કર્ષ પર આવી શકાય કે મિથ્યાત્વ એ બધાં પાપોનો બાપ છે. તેને દૂર કર્યા વગર સમકિતી ગુણ પ્રાપ્ત ન થઈ શકે.

ચરમાવર્તકાળને પામેલા જીવો બે પ્રકારનાં હોય છે. એક પ્રકારમાં સમ્યગ્દર્શનને નહીં પામેલા જીવો અને બીજો પ્રકાર સમ્યગ્દર્શન પામેલાનો. ચરમાવર્તકાળ પામેલા ભવ્ય જીવોનો સંસારકાળ જ્યાંસુધી અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક બાકી હોય ત્યાં સુધી તેઓ પણ તે પામે નહીં. તે કાળને પામેલા બે પ્રકારના ભવ્યાત્માઓ જ યથાવિધિ ધર્મોપદેશને યોગ્ય છે એવું પ્રતિપાદન કરીએ ત્યારે એ પ્રશ્ન ઉપસ્થિત થાય કે તે જીવો મિથ્યાદષ્ટિ હોય કે સમ્યગ્દષ્ટિ આટલું ધ્યાનમાં રહે કે ભવ્ય જીવો ચરમાવર્તકાળને પામેલા છે, તેમાં પણ જેઓ અપુનર્બંધક અવસ્થામાં આવેલા છે તે જીવો જ ધર્મોપદેશને યોગ્ય છે. બંને પ્રકારના જીવો, મિથ્યાદષ્ટિ તેમજ સમ્યગ્દષ્ટિ, બંને ચરમાવર્તકાળ સુધી પહોંચી શકે તો પછી ભેદભાવ કેમ ? મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજે જયાનંદ કેવળી ચરિત્રમાં જણાવ્યું છે કે સિદ્ધિપદને પમાડનારી જે સામગ્રી છે તે પામ્યા વગર ભવ્ય જીવો પણ સિદ્ધિપદ પામી શકતા નથી. તે સઘળી સામગ્રી પામીને જ મોક્ષ પામે. તે માટે આગળ પર ચરિત્રકાર પરમર્ષિએ ફરમાવ્યું છે તે છે :- મનુષ્યપણું, આર્યદેશ, શ્રુતિ, શ્રદ્ધાદિ અને તેમાં પણ ધર્મશ્રદ્ધા વિશેષ કરીને સુદુષ્પ્રાપ્યા છે. મનુષ્યપણાથી લઈને ધર્મશ્રવણ સુધીની સામગ્રી અભવ્ય તેમજ દુર્ભવ્ય જીવોને પ્રાપ્ત થઇ શકે છે; પરંતુ ધર્મશ્રદ્ધાની પ્રાપ્તિ તો ફક્ત ભવ્યાત્માઓને જ છે અને તે પણ તેવાં ભવ્યાત્મા કે જેઓનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તન જેટલા કાળથી અધિક ન જ હોવો જોઇએ !

મોક્ષની ઇચ્છા માત્ર ભવ્ય જીવોમાં જ પ્રગટે છે અને તે પણ જેઓ એક પુદ્ગલપરાવર્ત કાળમાં મુક્તિ પામવાના હોય. જેઓનો સંસારવાસ તેથી વધુ હોય તેઓમાં મોક્ષ ઉત્તમોત્તમ સાધ્ય છે, ધર્મ તેનું સાધન છે અને તેના દ્વારા સાધ્ય સિદ્ધ કરવું છે; આવી દશા અભવ્ય તેમજ દુર્ભવ્યોમાં પણ સંભવી શકે જ નહીં. આ કાળસ્થિતિ પામેલામાં પણ મંદમિથ્યાત્વવાળા હોવા જોઇએ. તેનું કારણ એ છે કે તેઓમાં મોક્ષરુચિ હોય છતાં પણ મોક્ષનો જે માર્ગ છે તેની રુચિ હોતી જ નથી.

ચરમાવર્તને પામેલા અને મિથ્યાત્વની મંદતાના યોગે મોક્ષની અભિલાષાવાળા બનેલા આત્માઓ કુદેવાદિને તજનારા અને સુદેવાદિને સેવનારા, કુગુરુને તજનારા અને સુગુરુને સેવનારા, તથા કુધર્મને ત્યજનારા સુધર્મને સેવનારા હોતા જ નથી. આવી અનુપમ મનોદશા મિથ્યાત્વનો એટલે કે દર્શનમોહનાદિનો ક્ષયોપશમ થયા વિના પ્રગટી શકતી નથી. તેથી જેઓનો સંસારકાળ અર્ધપુદ્ગલ-પરાવર્તકાળથી વધુ હોતો નથી તેવા સમયમાં દર્શનમોહનીયનો ઉપશમ અને ક્ષયોપશમ થઈ શકે છે. આ ઉપરાંત મનુષ્ય જન્મ, આર્યદેશ, ધર્મશ્રદ્ધા વગેરે હોવાની સાથે મોક્ષ મેળવવા માટે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રની આરાધના પણ અતિ આવશ્યક છે.

મનુષ્યપણાદિ કારણોમાં ધર્મશ્રદ્ધા અત્યંત અગત્યની છે. તેનો પ્રયોગ સમ્યક્ત્વના કારણરૂપે તથા સમ્યક્ત્વના અર્થમાં થઈ શકે. સહસ્રાવધાની આચાર્ય મુનિસુંદરસૂરીશ્વરે જયાનંદ કેવળી ચરિત્રમાં કહ્યું છે કે ધર્મશ્રદ્ધા એ સમ્યક્ત્વનું બીજ છે. જે ભવ્યાત્માઓ થોડાક જ ભવોમાં મુક્તિ પ્રાપ્ત કરવાના હોય તેઓમાં જ પ્રાયશઃ ધર્મશ્રદ્ધા પ્રગટી શકે છે. પરંતુ સ્વભાવે ભવ્ય એવા જીવનો ભવ્યત્વનો પરિપાક થતાં તથાભવ્યત્વ આવે, ત્યારબાદ કાળ પણ પાકવો જોઇએ, તેની સાથે પુણ્યનો યોગ થવો જોઇએ. તેવી કેટલીક સામગ્રી મળે ત્યારે જ મિથ્યાત્વને છેલ્લી સલામ ભરી સમકિતી થઇ શકાય છે.

સંસાર કષાય અને ઇન્દ્રિય સુખ પર આધારિત છે. તે પરથી આંખ ઊઠવી જોઇએ. અભવી અને દુર્ભવીને પણ સદ્ગુરુનો ઉપદેશ મળે છે, તેમનો યોગ થાય છે; પરંતુ તે યોગ ફળતો નથી. કેમકે તેમની આંખ સંસાર કે સ્વર્ગના સુખ પર ચોંટેલી ને ચોંટેલી જ રહે છે. ગ્રંથિદેશે આવેલા જીવોની આંખ સંસાર પર ચોંટેલી રહે છે. અભવ્યો અને દુર્ભવ્યો પણ ત્યાં આવી શકે છે. સંસારસુખ પર ચોંટેલા રહે તો નિસ્તાર ન થાય ! સંસારસુખ નરક કે નિગોદ સુધી ઘસડી જાય ! તામલી તાપસ કે કુમારનંદી સોની તથા રત્નોજડિત બળદ બનાવનાર મમ્મણ શેઠ મિથ્યાત્વી જીવો હતા.

એક આશ્ચર્યકારી ઘટના જરા જોઇ લઇએ. કોઇ જીવવિશેષ માટે એવું બને કે અંતિમ ભવમાં અને અંતિમ કાળમાંએ જીવ અનાદિકાલીન મિથ્યાત્વને ઉપશમાવે, ઉપશમસમ્યક્ત્વ પામે, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે, ક્ષપકશ્રેણિ માંડે, ક્ષાયિકસમ્યક્ત્વ પામે. ચારિત્ર્યમોહનીયની એકવીસ પ્રકૃતિઓને પણ ક્ષીણ કરી નાંખે. બાકીનાં ત્રણ ઘાતી કર્મોનો પણ સર્વથા ક્ષય કરી નાંખે અને અંતે આયુષ્યના અંતે શેષ ચાર અઘાતી કર્મોનો પણ સર્વથા ક્ષય કરનારો બની મોક્ષ પામી જાય. આ સમગ્ર પ્રક્રિયા માત્ર અંતર્મુહૂર્તના કાળમાં બની શકે તેવું પણ બનવા જોગ છે. આ બીના એક અપવાદ સમાન છે.

ચરમાવર્તકાળ માત્ર ભવ્યજીવોને જ પ્રાપ્ત થઇ શકે છે. કર્મોની ચરમ ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય ભવ્ય જીવોને જ થાય એવો નિયમ નથી. આ સ્થિતિ અભવ્યો તેમજ દુર્ભવ્યો પણ પામી શકે છે. સાતેય કર્મોની સ્થિતિ એક કોટાકોટિસાગરોપમથી ન્યૂન થતાં જીવ ગ્રંથિદેશે પહોંચી

શકે છે. આ સ્થિતિ યથાપ્રવૃત્તિકરણ દ્વારા થઇ શકે છે. આ ગ્રંથિદેશ સુધી અભવ્ય અને દુર્ભવ્ય જીવો પણ પહોંચી શકે છે. ગ્રંથિદેશે પહોંચેલા જીવો કર્મસ્થિતિની ગુરુતાને પણ પામી શકે છે. અહીંથી આગળ વધવા શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ આવશ્યક છે. સંસાર માટે રાગ, આસક્તિ, મોક્ષ માટે દ્વેષ, આત્મિક શુભ પરિણામો તથા અધ્યવસાયોની ઉણપ; સંસાર અસાર છે, સાગરની જેમ તેમાં બધાં જ કષ્ટો છે, સંસાર દુઃખમય, દુઃખફલક અને દુઃખપરંપરક છે એમ જાણે પણ ત્યજવા વૃત્તિ ન થાય !

આમ અભવ્ય જીવોને ગ્રંથિદેશની પ્રાપ્તિ થાય, ઉત્કૃષ્ટ કોટિનો તપ તથા ચારિત્ર પાળી નવપૂર્વના જ્ઞાન પામે; નવ ગ્રૈવેયક સુધી પહોંચે, પરંતુ અપૂર્વકરણ માટેની યોગ્ય લાયકાત પ્રગટી શકતી જ નથી. જ્યારે દુર્ભવ્યોને કાળની અપરિપક્વતા નડે છે. તેઓને મુક્તિગમનની યોગ્યતા હોવા છતાં પણ આ સ્થિતિ નડે છે તેથી અભવ્ય અને દુર્ભવ્યો અપૂર્વકરણના અભાવમાં અનિવૃત્તિકરણ અને તે દ્વારા સમ્યક્ત્વ પામી ન શકનારા ભવાટવિમાં ભટક્યા કરે છે. અભવ્યો અને દુર્ભવ્યો શાસને ઉપદેશેલા શ્રુત-ચારિત્રાત્મક ધર્મનું આચરણ કરે છતાં પણ તેઓ પ્રગતિ સાધે જ એમ ન પણ બને.

મોક્ષની ઇચ્છા ન પ્રગટે તે બધા અભવ્ય છે એમ કહી શકાય નહીં કેમકે કેટલાક ભવ્યો અર્ધપુદ્ગલપરાવર્ત કાળને પામેલા હોય અને મોક્ષની ઈચ્છા ન હોય. જેમાં મોક્ષની ઇચ્છા પ્રગટી શકે એવી યોગ્યતા નથી તે જીવ અભવ્ય છે. જ્યાં સુધી જે જીવ કાળની પરિપક્વતાને પામતો નથી ત્યાં સુધી દુર્ભવ્ય કહેવાય.

ઉપર આપણે જોયું કે જેને શંકા થાય કે હું ભવ્ય કે અભવ્ય તે ભવ્ય અને આવી શંકા ન થાય તે અભવ્ય. બીજું મોક્ષની ઈચ્છા જન્મે તે જીવ ચરમાવર્તને પામેલો છે; જે જીવ ગ્રંથિભેદ કરી શકે એ જીવ ચરમાર્ધપુદ્ગલપરાવર્તથી ઓછા કાળમાં મોક્ષે સીધાવી શકે; પરંતુ એવા પણ ભવ્ય જીવો હોઇ શકે કે જેઓ ચરમાવર્તકાળ કે ચરમ અર્ધપુદ્ગલાવર્તને પામેલા છે છતાં પણ મોક્ષની ઈચ્છા જન્મી ન હોય. આવા જીવો છેવટે એ કાળમાં મોક્ષેચ્છા પામવાના, ગ્રંથિભેદ કરવાના, સમ્યગ્દર્શનાદિ આત્મગુણો પામવાના, ગુણોના બળે સર્વ કર્મો ક્ષીણ કરી મોક્ષ પામવાના.

તેથી જે જીવમાં મોક્ષેચ્છા પ્રગટી ન હોય તે અભવ્ય કે દુર્ભવ્ય એમ કહી ન શકાય. જેઓમાં ક્યારેય પણ મોક્ષની ઈચ્છા ન પ્રગટે તે જીવો અભવ્ય, જે જીવોની કાળ પરિપક્વતા પાકે નહીં તે દુર્ભવ્ય અને જે જીવોમાં કાળ પરિપક્વતા પામવાની યોગ્યતા છે પણ હજી પરિપક્વતા પામ્યા નથી તે દુર્ભવ્યો છે. જાતિભવ્યોની વાત જ નકામી છે કારણ કે તેઓમાં મોક્ષની ઇચ્છા પ્રગટી શકે એવી યોગ્યતા છે, પરંતુ કાળપરિપક્વતાને પરિણામે એવી સામગ્રી પામી શકે તેમ નથી તે જીવો જાતિભવ્યો છે.

જે ભવ્ય જીવો યથાપ્રવૃત્તિકરણ પામે છે તેઓમાં જ્યાં સુધી અપૂર્વકરણ પ્રગટે નહીં ત્યાં સુધી તેઓ યથાપ્રવૃત્તિકરણમાં જ હોય છે. સમ્યક્ત્વ રૂપ શુદ્ધ ધર્મના બીજની પ્રાપ્તિ યથાપ્રવૃત્તિકરણ દ્વારા જ થાય છે. જીવો યથાપ્રવૃત્તિકરણ દ્વારા જ ગ્રંથિદેશને પામે, તે પછી દ્રવ્યશ્રુત અને દ્રવ્યચારિત્ર પામે જે પણ યથાપ્રવૃત્તિકરણથી પામે. ચરમાવર્ત પામેલો આત્મા સમ્યક્ત્વરૂપ શુદ્ધ ધર્મના બીજાદિને યથાપ્રવૃત્તિકરણ દ્વારા જ પામે. આથી યથાપ્રવૃત્તિકરણ ચિત્ર વિચિત્ર પ્રકારનું કરણ છે. અભવ્યો, દુર્ભવ્યો અને અપૂર્વકરણ નહીં પામેલા ભવ્યોને યથાપ્રવૃત્તિકરણ હોય છે. માત્ર ભવ્યો જ યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે આવી ભવ્યતાદિતા સુયોગે પુરુષાર્થી બનીને અપૂર્વકરણ પામી શકે છે; તેથી અભવ્યો અને દુર્ભવ્યોને એક યથાપ્રવૃત્તિકરણ સિવાય કોઇપણ જાતનો પરિણામ હોઇ શકતો નથી. ભવ્યાત્માને ત્રણે પરિણામ સુપ્રાપ્ય છે; ત્રણેય પરિણામો ઉપલબ્ધ થઇ શકે છે; જે ભવ્યાત્માઓનો સંસારકાળ એક પુદ્ગલાવર્તથી વધારે બાકી નથી એવા આત્માઓને જ ભવ્યાત્માઓ તરીકે ઓળખીએ છીએ.

એવા આત્માઓ યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે પહોંચી ભવિતવ્યતાદિની અનુકૂળતાનો સુયોગ થતાં, બીજાદિના ક્રમે પ્રગતિશીલ બની અપૂર્વકરણ દ્વારા પોતાના રાગ અને દ્વેષના ગાઢ પરિણામ રૂપ ગ્રંથિને ભેદે છે. રાગ અને દ્વેષનાં ગાઢ પરિણામ રૂપ ગ્રંથિ ભેદ્યા પછી જ ભવ્યાત્માઓ અનિવૃત્તિકરણ દ્વારા સમ્યક્ત્વને પામે છે. તે સમયે ભવ્યાત્માઓનો સંસારકાળ વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તકાળથી કંઇક ન્યૂન જ હોય છે. ચરમાવર્તને પામેલા અને મિથ્યાત્વની મંદતાના યોગે મોક્ષની ઇચ્છાવાળા જીવો કુદેવોને તજનારા અને સુદેવાદિને સેવનાર નથી હોતા. આવા જીવો ધર્મને મોક્ષનું સાધન માનનારા હોવા છતાં કુધર્માદિને મોક્ષનું સાધન, કુગુરુને ગુરુ તરીકે, કુદેવોને દેવ તરીકે માનનારા સંભવી શકે છે. આવી દશા પણ સામાન્ય કોટિની નથી કેમકે અભવ્યો અને દુર્ભવ્યો તો આવી દશા પામી શકતા જ નથી. વળી, ચરમાવર્તને પામેલા ભવ્યાત્માઓ એવી દશાને ત્યારે જ પામી શકે કે જ્યારે તેમનું મિથ્યાત્વ મંદતાને પામ્યું હોય.

ટૂંકમાં જે ભવ્ય જીવોનો સંસારવાસ અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન હોય, તથા ભવ્યત્વનો પરિપાક થયો હોય, સંબોધી, સમ્યક્ત્વ, પામ્યા હોય, પ્રથમ સંઘયણ મેળવ્યું હોય, ક્ષપકશ્રેણિ મેળવી હોય, આર્યાવર્ત, મનુષ્યપણું, ધર્મશ્રુતિ, ધર્મશ્રદ્ધાથી વિભૂષિત થયેલ હોય, વળી સમ્યગ્દર્શનને શુદ્ધ તથા નિર્મળ બનાવ્યું હોય, તે બધાંને સુદઢ કરવા સમ્યગ્ચારિત્ર અને સમ્યગ્તપની રુચિ હોય તે જીવો અભવ્યો, દુર્ભવ્યો કે જાતિભવ્યોથી જુદા તરી આવે.

મિથ્યાત્વ એ ભયંકર કોટિનું પાપ છે. તેની હાજરીમાં પાપ સાથે પરિચય કેળવવો તે ઝેરવાળા સાપ સાથે રમવા જેવું છે. તેની ગેરહાજરીમાં પાપ સાથે રમવું તે નીચોવાઇ ગયેલા ઝેરી સાપ જેવું છે. અભવ્યો અને દુર્ભવ્યો હિંસાદિક પાપોથી હઠી શકે છે. અભવ્યો અને દુર્ભવ્યો માટે દ્રવ્યચારિત્રનો નિષેધ નથી. તે પણ અશક્ય નથી કે તેઓ સર્વવિરતિથી દીક્ષિત થઇ તેનું પાલન કરે અને ગજબનું પાલન કરે છે તેમ બીજાને લાગે. ઉપર જોયું તેમ અભવ્યો અને દુર્ભવ્યો માટે સંયમ અને ઘોર તપ અશક્ય નથી. આ મિથ્યાત્વ નામના મહાઘોર પાપનો ત્યાગ તો ભવ્યાત્મા જ કરી શકે છે. અભવ્યો અને દુર્ભવ્યો મિથ્યાત્વ ત્યજી શકતા નથી અને તેથી સમ્યગ્દર્શન રૂપ ધર્મને પામી શકતા નથી. મિથ્યાત્વ મૂઢતાને પેદા કરે છે. મિથ્યાત્વની હાજરીમાં દોષો ભયંકર પરિણામ નિપજાવી શકે છે તેમ તેની હાજરીમાં ગુણો સુંદર ફળ આપી શકતા નથી. ઘોર તપ ને સંયમ જે મોક્ષ મેળવી આપે તે તેમને માટે અશક્ય છે કેમકે મિથ્યાત્વની જંજીરથી તેઓ જકડાયેલા છે. મિથ્યાત્વને વશ બની પાંચે ઇન્દ્રિયોના વિષયોપભોગોને શ્રેષ્ઠ સુખ માની તેમાં જ રચ્યા રહી અનંત ભવોમાં અનંત દુઃખોના ભોક્તા બની પોતાની જાતને, આત્માને ઓળખવાનો ક્યારે પણ પ્રયત્ન કર્યો નથી તેથી સર્વ દુઃખોથી મુક્ત કરનાર દુર્લભ એવું બોધિરત્ન તે પામ્યો જ નથી.

❖ ❖ ❖

# અમરગઢ(જીંથરી)ની કે. જે. મહેતા હોસ્પિટલને આર્થિક સહાય કરવા માટે નોંધાવાયેલી રકમની યાદી

*(આ પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમિયાન દાતાઓને અપીલ કરીને અમરગઢ(જીંથરી)ની કે. જે. મહેતા હોસ્પિટલને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે રૂપિયા પંદર લાખ એકત્ર કરવાનું અમારું લક્ષ્યાંક પૂર્ણ થયું છે........મંત્રીઓ)*

૧,૦૦,૦૦૦ શ્રી પીયૂષ ડી. કોઠારી એન્ડ કું. હસ્તે-ચંદ્રાબહેન અને પીયૂષભાઇ કોઠારી

૧,૦૦,૦૦૦ શ્રી રમાબહેન નરેન્દ્રભાઇ કાપડિયા

૭૫,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ

૭૫,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ

૫૧,૦૦૦ શ્રી નવનીત પબ્લિકેશન (ઇન્ડીયા) લી.

૫૧,૦૦૦ શ્રી કોન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

૫૧,૦૦૦ શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ

૨૫,૦૦૧ શ્રી કાશીબહેન હરજીવનદાસ સંઘરાજકા

૨૫,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ

૨૫,૦૦૦ શ્રી શૈલાબહેન હરીશ મહેતા

૨૧,૦૦૦ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા અને શ્રી પુષ્પાબહેન બિપિનચંદ્ર કાપડિયા

૧૫,૦૦૦ શ્રી વકીલ ઉમેદચંદ બેચરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ, હસ્તે-શ્રી વિનુભાઇ ઉમેદચંદ શાહ

૧૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ HUF

૧૫,૦૦૦ શ્રી દીપિકા પંકજ દોશી

૧૫,૦૦૦ શ્રી ચતુરભાઇ ઇશ્વરભાઇ પટેલ

૧૫,૦૦૦ શ્રી ધીરજલાલ મોરારજી અજમેરા

૧૨,૦૦૦ શ્રી લક્ષ્મીચંદ વોરા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

૧૨,૦૦૦ ડૉ. રજ્જૂ એન. શાહ, શ્રી વર્ષા આર. શાહ, શ્રી હેતલ આર. શાહ, શ્રી અંકિતા આર. શાહ

૧૨,૦૦૦ શ્રી રમાબહેન કાંતિલાલ દેશાઇ, સ્વ. કેશવલાલ ચોકસી, ધનકુંવર કેશવલાલ, વિનોદ કેશવલાલ ચોકસીના સ્મરણાર્થે, હસ્તે વર્ષાબહેન આર. શાહ.

૧૨,૦૦૦ શ્રી સુરેશભાઇ ઉત્તમભાઇ પેથાણી

૧૧,૦૦૧ શ્રી રશ્મી રમેશભાઇ મહેતા, ચીમનભાઇ ભભૂતભાઈ મહેતાના સ્મરણાર્થે

૧૧,૦૦૦ શ્રી વનિતા જયંત શાહ-સ્વ. હીરાબહેન દલપતલાલ શાહના સ્મરણાર્થે

૧૧,૦૦૦ માતુશ્રી રતનબેન લખમશી ચેરિટી ટ્રસ્ટ-સ્વ. વસનજી લખમશીના સ્મરણાર્થે, હસ્તે મૂલચંદભાઇ

૧૧,૦૦૦ શ્રી કલાબહેન શાંતિલાલ મહેતા હસ્તે શ્રી શૈલેષભાઇ

૧૦,૦૦૦ શ્રી માંડવી મેડિકલ સ્ટોર્સ

૧૦,૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

૧૦,૦૦૦ ડૉ. ચંદ્રકાંત કેશવલાલ પરીખ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

૯,૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબહેન ર. શાહ

૯,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

૯,૦૦૦ માતુશ્રી કમળાબેન દીપચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ-હસ્તે શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ

૯,૦૦૦ શ્રી નીરૂબહેન તથા સુબોધભાઇ શાહ

૯,૦૦૦ શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઇ જવેરી

૯,૦૦૦ શ્રી નીતિન ચીમનલાલ શાહ

૯,૦૦૦ શ્રી રમાબહેન જયસુખલાલ વોરા

૯,૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઇ ભાઉ

૯,૦૦૦ શ્રી યશોમતિબહેન હીરાલાલ શાહ

૯,૦૦૦ શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ

૯,૦૦૦ શ્રી હર્ષાબહેન વિક્રમ શાહ

૯,૦૦૦ શ્રી શર્મીબહેન પ્રવિણભાઇ ભણશાલી (ગિરનાર એક્ષપોર્ટ)

૯,૦૦૦ શ્રી રમીલાબહેન રમેશભાઇ મહેતા

૯,૦૦૦ શ્રી રમણલાલ નગીનદાસ શાહ ચેરિટેબબલ ટ્રસ્ટ

૯,૦૦૦ શ્રી રજનીકાંત ઘડીયાળી તથા ચિ. પ્રવિણાબહેન ઘડીયાળી

૯,૦૦૦ શ્રી લલીતાબહેન નવલચંદ મોદી

૯,૦૦૦ શ્રી મંજૂબહેન રમણલાલ શાહ

૯,૦૦૦ શ્રી પંકજભાઇ વિસરીયા

૯,૦૦૦ શ્રી રજનીકાંત ચંદુલાલ ભણશાળી

૯,૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ

૯,૦૦૦ શ્રી ઉમેદભાઇ દોશી

૯,૦૦૦ શ્રી કમળાબહેન એસ. પત્રાવાળા

૬,૦૦૦ શ્રી સરલાબહેન રમેશભાઇ ઝવેરી

૬,૦૦૦ સ્વ. શ્રી કાંતિલાલ મણીલાલ સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ

૬,૦૦૦ શ્રી પ્રેમજી વીરમ ગડા

૬,૦૦૦ શ્રી રસીલાબહેન જયસુખલાલ પારેખ

૬,૦૦૦ શ્રી ચંપાબહેન રનતચંદ તથા સુમનબહેન વૃજલાલ મહેતા

૬,૦૦૦ શ્રી રતિલાલ ઓધવજી ગોહીલ ચેરિટેબલ ટ્રસ્ટ

૬,૦૦૦ શ્રી નિર્મળા આઇ. શેઠ તથા શેઠ એન્ડ સન્સ

૬,૦૦૦ શ્રી લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ

૬,૦૦૦ શ્રી ભૂપેન્દ્ર રસિકલાલ કોલસાવાલા

૬,૦૦૦ શ્રી શૈલેશ ઘડિયાળી તથા રૂપાબહેન ઘડિયાળી

૬,૦૦૦ શ્રીમતી ઈંદિરા જનક શાહ

૬,૦૦૦ શ્રી વિક્રમ રમણલાલ શાહ

૬,૦૦૦ શ્રી ઠાકોરલાલ કેશવલાલ મહેતા ટ્રસ્ટ-હસ્તે શ્રી મીરાબહેન આર. મહેતા

૬,૦૦૦ શાહ દેવરાજ નેણશી ટ્રસ્ટ, મદ્રાસ

૬,૦૦૦ શ્રી કેતન કાંતિલાલ ઝવેરી

૬,૦૦૦ શ્રી સુનીલ મહેન્દ્રભાઇ વોરા-હસ્તે શ્રી મહેન્દ્રભાઇ વોરા

૬,૦૦૦ શ્રી શાંતિલાલ એન્ડ બ્રધર્સ-સ્વ. તારાચંદ ટોકરશી શેઠ તથા સ્વ. ચંચળબહેન તારાચંદ શેઠના સ્મરણાર્થે

૬,૦૦૦ શ્રી શાંતિલાલ એમ. મહેતા

૬,૦૦૦ શ્રીમતી હીરાબહેન જયંતીલાલ મહેતા હસ્તે-દિલીપભાઇ મહેતા

૫,૦૦૦ શ્રી સંયુક્તાબહેન પ્રવીણભાઇ વડિલ બંધુ શ્રી ધુડાલાલ ખેમચંદભાઈ મહેતાની પુણ્ય સ્મૃતિમાં

૫,૦૦૦ શ્રી જયંત શામજી છેડા

૫,૦૦૦ શ્રી ડી. કે. શેઠ

૫,૦૦૦ શ્રી રમણિકલાલ એસ. ગોસલિયા

૫,૦૦૦ શ્રી પ્રભુદાસ હેમાણી ચેરિટી ટ્રસ્ટ

૫,૦૦૦ શ્રી સુશીલા જે. પારેખ

૫,૦૦૦ શ્રી ચંદુલાલ પી. સંઘવી

૫,૦૦૦ શ્રી આર. બી. શાહ

૩,૦૫૧ શ્રી બળવંતરાય હરીલાલ શાહ

૩,૦૫૧ શ્રી પ્રવીણચંદ્ર નેમચંદ શાહ

૩,૦૦૦ ડૉ. ધનવંત ટી. શાહ

૩,૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ

૩,૦૦૦ શ્રી નટુભાઇ પટેલ

૩,૦૦૦ શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી

૩,૦૦૦ શ્રી તારાબહેન મોહનલાલ ચેરિટેબલ ટ્રસ્ટ-હસ્તે પુષ્પાબહેન પરીખ

૩,૦૦૦ શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ હસ્તે-શ્રી ઉષાબહેન પ્રવીણભાઇ શાહ

૩,૦૦૦ શ્રી મીનાબહેન શાહ

૩,૦૦૦ શ્રી ઉષાબહેન જે. મહેતા

૩,૦૦૦ સવિતાબહેન કે. પી. શાહ

૩,૦૦૦ શ્રી પ્રમોદચંદ સોમચંદ શાહ

૩,૦૦૦ શ્રી નગીનદાસ ડી. શેઠ

૩,૦૦૦ શ્રી ખુશાલચંદ સોજપાર ગડા- સ્વ.. રાકેશ ખુશાલચંદ ગડાના સ્મરણાર્થે

૩,૦૦૦ શ્રી જયંતીલાલ ખાંડવાલા ચેરિટેબલ ટ્રસ્ટ

૩,૦૦૦ શ્રી નંદલાલ મગનલાલ વોરા તથા લીલાબહેન નંદલાલ વોરા

૩,૦૦૦ શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ

૩,૦૦૦ શ્રી અરવિંદ ધરમસિંહ લુખી

૩,૦૦૦ શ્રી કુસુમચંદ્ર મણીલાલ ઝવેરીની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે સુમિત્રાબહેન કે. ઝવેરી

૩,૦૦૦ શ્રી પુણ્ય યાત્રિકભાઇ ઝવેરી હસ્તે રસીલાબહેન ઝવેરી

૩,૦૦૦ શ્રી મીનલ કિરણભાઈ ગાંધી

૩,૦૦૦ શ્રી પ્રવીણાબહેન ચિનુભાઇ શાહ પાટણવાલા

૩,૦૦૦ શ્રી મધુસુદન એચ. શાહ

૩,૦૦૦ જે. કે. ફાઉન્ડેશન

૩,૦૦૦ શ્રી ભારતી જી. કપાસી

૩,૦૦૦ શ્રી ગજેન્દ્ર આર. કપાસી સ્વ. ચીમનલાલ જે. શાહની સ્મૃતિમાં

૩,૦૦૦ શ્રી હીરાલાલ ટી. ડગલી

૩,૦૦૦ શ્રી સુવર્ણાબેન જીતેન્દ્ર દલાલ

૩,૦૦૦ શ્રી પ્રકાશભાઇ શાહ

૩,૦૦૦ શ્રી ભગવતીબહેન સોનાવાલા

૩,૦૦૦ શ્રી મોદી ફાઉન્ડેશન ટ્રસ્ટ

૩,૦૦૦ શ્રી ગુણવંતબેન મહાસુખભાઈ દેવડાવાળા

૩,૦૦૦ શ્રી અશ્રુમતી શાહ

૩,૦૦૦ શ્રી ડૉ. કે. કે. શાહ

૩,૦૦૦ શ્રી નિરંજન આર. ધીયા

૩,૦૦૦ શ્રી રસિકલાલ એન. વોરા

૩,૦૦૦ શ્રી નિસર્ગકુમાર અશ્વિન દોશી (અઠ્ઠાઇ નિમિત્તે)

૩,૦૦૦ શ્રી ઇન્દુમતી એન. શેઠ

- ૩,૦૦૦ શ્રી ચીમનલાલ મુલચંદ દોશી ફાઉન્ડેશન
- ૩,૦૦૦ શ્રી બાબુલાલ એન. પટેલ તથા જતીન બી. પટેલ
- ૩,૦૦૦ શ્રી હેમંત હસમુખલાલ કુવાડિયા
- ૩,૦૦૦ શ્રી હસમુખલાલ ચીમનલાલ કુવાડીયા
- ૩,૦૦૦ શ્રી ઇન્દુબેન અને હરકીશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ
- ૩,૦૦૦ શ્રી અર્ચના કે. શાહ
- ૩,૦૦૦ શ્રી સુશીલાબહેન ચંદ્રકાંત મહેતા
- ૩,૦૦૦ શ્રી વિનોદ જે. મહેતા
- ૩,૦૦૦ શ્રી હેમંત અમૃતલાલ શાહ (જીમીતના જન્મદિન નિમિત્તે)
- ૩,૦૦૦ શ્રી સુરેખાબેન શાહ
- ૩,૦૦૦ શ્રી કુણાલ શ્રીપાલ દલાલ
- ૩,૦૦૦ શ્રી રસિકભાઇ શાહ
- ૩,૦૦૦ શ્રી સોહનરાજ મીશ્રીમલજી વર્ધન
- ૩,૦૦૦ શ્રી વિજય જ્વેલરી સ્ટોર્સ
- ૩,૦૦૦ શ્રી નિરંજનભાઇ હરગોવિંદદાસ ભણશાલી
- ૩,૦૦૦ શ્રી ડૉ. સ્નેહલ સંઘવી
- ૩,૦૦૦ શ્રી આનંદલાલ સંઘવી
- ૩,૦૦૦ શ્રી મહેન્દ્રભાઇ ચંપકલાલ શાહ
- ૩,૦૦૦ શ્રી સરોજીની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
- ૩,૦૦૦ શ્રી રસિલા ડી. કાકાબળીયા
- ૩,૦૦૦ શ્રી ભાનુબહેન રમેશચંદ્ર મહેતા-ઉદવાડા
- ૩,૦૦૦ શ્રી મધુબેન જમનાદાસ સુરૂ
- ૩,૦૦૦ શ્રી મણીબેન અને શ્રી દામજી મુલજી ફાઉન્ડેશન
- ૩,૦૦૦ શ્રી ભાઇચંદભાઇ ખુશાલ દોશી હસ્તે ભરત જયંતિલાલ શાહ
- ૩,૦૦૦ શ્રી હેમકુંવરબેન ભાઇચંદ દોશી હસ્તે ભરત જયંતિલાલ શાહ
- ૩,૦૦૦ શ્રી મહાસુખલાલ જેઠાલાલ દેસાઇ પરિવાર (સ્વ. એમ. જે. દેસાઇના સ્મરણાર્થે)
- ૩,૦૦૦ શ્રી હસમુખલાલ ગુલાબચંદ શાહ સ્વ. ગુલાબચંદ રામજીભાઈની તિથિ નિમિત્તે
- ૩,૦૦૦ શ્રી હસમુખલાલ ગુલાબચંદ શાહ (સ્વ. હિંમતલાલ ગુલાબચંદ શાહની તિથિ નિમિત્તે)
- ૩,૦૦૦ શ્રી હસમુખલાલ ગુલાબચંદ શાહ સ્વ. શાંતાબેન ગુલાબચંદની તિથિ નિમિત્તે
- ૩,૦૦૦ શ્રી હસમુખલાલ ગુલાબચંદ શાહ સ્વ. તરલીકાબેન કે. દોશીની તિથિ નિમિત્તે
- ૩,૦૦૦ શ્રી હસમુખલાલ ગુલાબચંદ શાહ સ્વ. ભગવાનદાસ ગુલાબચંદ શાહની તિથિ નિમિત્તે
- ૩,૦૦૦ શ્રી રાજેન્દ્ર અમૃતલાલ HUF
- ૩,૦૦૦ શ્રી ચંદ્રકાંત ડાહ્યાલાલ શાહ
- ૩,૦૦૦ શ્રી ચીમનલાલ ઠાકોરદાસ ઝવેરી
- ૩,૦૦૦ શ્રી અરૂણા ચોકસી
- ૩,૦૦૦ શ્રી હંસા સંઘવી
- ૩,૦૦૦ શ્રી કેતન જે. શાહ
- ૩,૦૦૦ શ્રી રમાબેન જયંતિલાલ શાહ
- ૩,૦૦૦ શ્રી ભાનુબેન વિમલભાઇ શાહ
- ૩,૦૦૦ શ્રી કુસુમબેન ભાવસાર
- ૩,૦૦૦ શ્રી લીના વી. શાહ-અમદાવાદ
- ૩,૦૦૦ શ્રી વેન્ગાર્ડ સ્ટુડિયો-જયંતિભાઈ સંઘવી
- ૩,૦૦૦ પોલીથીન પ્રિન્ટીંગ એન્ડ સીલીંગ વર્કર્સ
- ૩,૦૦૦ શ્રી વિક્રમ રમણલાલ શાહ
- ૩,૦૦૦ શ્રી પ્રભાવતી અને રમણલાલ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ
- ૩,૦૦૦ શ્રી અલકા કિરણ શાહ
- ૩,૦૦૦ શ્રી શશિકાંત મણીલાલ મહેતા
- ૩,૦૦૦ શ્રી સુરેશભાઇ મિસ્ત્રી
- ૩,૦૦૦ શ્રી ચંદ્રકુમાર ગણપતભાઇ ઝવેરી
- ૩,૦૦૦ શ્રી વનલીલા નટવરલાલ મહેતા
- ૩,૦૦૦ શ્રી હિંમતલાલ સી. તુનારા
- ૩,૦૦૦ શ્રી શોભના લક્ષ્મીચંદ વીસરીયા
- ૩,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
- ૩,૦૦૦ શ્રી સતીષભાઇ જયંતિલાલ દોશી
- ૩,૦૦૦ શ્રી પ્રતિભાબેન ભરતભાઈ શાહ
- ૩,૦૦૦ શ્રી ચીમનલાલ જેચંદભાઈ અજમેરાના સ્મરણાર્થે હસ્તે શ્રી મહેશભાઈ
- ૩,૦૦૦ શ્રી વિનોદ મહેતા
- ૩,૦૦૦ શ્રી મહેન્દ્ર રસિકલાલ કોલસાવાલાના સ્મરણાર્થે હસ્તે સુરેખાબેન
- ૩,૦૦૦ શ્રી શાંતિભાઇ શ્રોફ
- ૩,૦૦૦ શ્રી માનબાઇ ડુંગરશી
- ૩,૦૦૦ શ્રી યતીન શાહ
- ૩,૦૦૦ શ્રી જયંતીલાલ જેરામ સ્વ. દેવકુંવરબેન જેસંગના સ્મરણાર્થે
- ૩,૦૦૦ શ્રી શૈલેશ મોદી
- ૩,૦૦૦ શ્રી કુંદનલાલ આર. શાહ
- ૩,૦૦૦ શ્રી વર્ષાબેન કે. શાહ
- ૩,૦૦૦ શ્રી નેમીચંદ ચીમનલાલ કુવાડિયા
- ૩,૦૦૦ શ્રી પ્રભાવતી નેમીચંદ કુવાડિયા
- ૩,૦૦૦ શ્રી સમરથબેન કાલીદાસ હસ્તે અનોપચંદ કાલીદાસ
- ૩,૦૦૦ શ્રી શાંતાબેન લલીતકુમાર હસ્તે લલીતકુમાર ચિ. કોઠારી
- ૩,૦૦૦ ડૉ. મિસ સ્મૃતિ એસ. શાહ
- ૩,૦૦૦ શ્રી એસ. એલ. શાહ
- ૩,૦૦૦ ડૉ. મીસેસ ગુણવંતી એસ. શાહ
- ૩,૦૦૦ શ્રી ઊર્મિ શેઠ
- ૩,૦૦૦ શ્રી નંદિતા શેઠ
- ૩,૦૦૦ શ્રી સંજના શેઠ
- ૩,૦૦૦ શ્રી પ્રેમચંદ મોહનલાલ (બાવીસી)
- ૩,૦૦૦ શ્રી અરૂણા જે. તુરખીયા
- ૩,૦૦૦ શ્રી ચંદ્રેશ પી. ગુહીયા
- ૩,૦૦૦ શ્રી એમ. માર્ટ-મદુરાઇ
- ૩,૦૦૦ શ્રી વિજયા લક્ષ્મીચંદ નાગડા
- ૩,૦૦૦ શ્રી શ્રેણિક રમણલાલ શાહ
- ૩,૦૦૦ શ્રી હર્ષદકુમાર બી. દોશી
- ૩,૦૦૦ શ્રી મધુરીબેન એ. શાહ
- ૩,૦૦૦ શ્રી પ્રદીપ એ. શાહ
- ૩,૦૦૦ શ્રી પ્રિન્ટ આકાર પ્રા. લિ.
- ૩,૦૦૦ શ્રી ત્રિશલા ઇલેકટ્રોનિક્સ
- ૩,૦૦૦ શ્રી જુગલ દિવ્યેશ હેમાણી
- ૩,૦૦૦ શ્રી બી. સી. તોલાટ
- ૩,૦૦૦ શ્રી સુરેસ એન. પરીખ હસ્તે કુસુમબહેન
- ૩,૦૦૦ શ્રી રમેશભાઇ જે. શાહ
- ૩,૦૦૦ શ્રી પ્રવિણાબેન એ. મહેતા
- ૩,૦૦૦ શ્રી એલ. જી. મહેતા
- ૩,૦૦૦ શ્રી મંજુલાબેન શાહ
- ૩,૦૦૦ શ્રી શકુન્તલાબેન અરવિંદભાઇ દલાલ
- ૩,૦૦૦ શ્રી ચંપકલાલ સી. ચોકસી
- ૩,૦૦૦ શ્રી પ્રબોધભાઇ કોઠારી
- ૩,૦૦૦ શ્રી રતનબેન જેઠાભાઇ માલદે
- ૩,૦૦૦ શ્રી વિપુલભાઇ નવિન શાહ
- ૩,૦૦૦ ડૉ. ધીરેનકુમાર વી. શાહ અને પ્રવીણાબેન
- ૩,૦૦૦ શ્રી કમલેશ મોદી
- ૩,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
- ૩,૦૦૦ શ્રી આર. વી. ગડા
- ૩,૦૦૦ શ્રી ભારતી ભૂપેન્દ્ર શાહ
- ૩,૦૦૦ શ્રી મધુમતી અરવિંદકુમાર કપાસી વિમળાબહેનના સ્મરણાર્થે
- ૩,૦૦૦ શ્રી મધુરીબેન શાહ-કુસુમબહેન ઇન્દ્રપ્રસાદ મહેતાના સ્મરણાર્થે
- ૩,૦૦૦ શ્રી એચ. ડી. ઇન્ડસ્ટ્રીઝ
- ૩,૦૦૦ શ્રી ભાઇચંદ એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
- ૩,૦૦૦ શ્રી મહેતા ફાઉન્ડેશન
- ૩,૦૦૦ શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર ચેરિટેબલ ટ્રસ્ટ
- ૩,૦૦૦ શ્રી અજમેરા બ્રધર્સ
- ૩,૦૦૦ શ્રી ધીરેન્દ્ર હરિભાઇ શાહ
- ૩,૦૦૦ શ્રી ધીરૂભાઇ નાથાલાલ પારેખ
- ૩,૦૦૦ શ્રી આર. પ્રકાશ એન્ડ કું. હસ્તે-શ્રી પ્રકાશ ડી. શાહ
- ૩,૦૦૦ શ્રી નવીનભાઇ ફુલચંદ શાહ
- ૩,૦૦૦ શ્રી મોહનલાલ જી. ઝવેરી
- ૩,૦૦૦ શ્રી વિમળાબહેન પ્રમોદરાય શાહ
- ૩,૦૦૦ શ્રી મીના એમ. શાહ
- ૩,૦૦૦ શ્રી સી. એ. દોશી
- ૩,૦૦૦ શ્રી સી. સી. દોશી
- ૩,૦૦૦ શ્રી અભા જે. ભાઉ
- ૩,૦૦૦ શેઠ શંભુદયાલ ચેરિટેબલ મીલ મારકેટ ટ્રસ્ટ
- ૩,૦૦૦ શ્રી વિજય ઓટોમોબાઈલ્સ (ઇન્ડિયા)
- ૩,૦૦૦ શ્રી પ્રતિભાબેન ભરતભાઈ શાહ
- ૩,૦૦૦ શ્રી ચીમનલાલ જેચંદભાઈ અજમેરાના સ્મરણાર્થે હસ્તે શ્રી મહેશભાઈ
- ૩,૦૦૦ શ્રી વિનોદ મહેતા
- ૩,૦૦૦ શ્રી મહેન્દ્ર રસિકલાલ કોલસાવાલાના સ્મરણાર્થે હસ્તે સુરેખાબેન
- ૩,૦૦૦ શ્રી નિર્મળા ત્રિલોકચંદ શાહ
- ૩,૦૦૦ શ્રી ધનેશભાઈ રસિકલાલ કોલસાવાલા
- ૩,૦૦૦ શ્રી ઉષા એચ. શાહ ટ્રસ્ટ હસ્તે ડૉ. એચ. એ. શાહ
- ૨,૫૦૦ શ્રી અપૂર્વા સંઘવી
- ૨,૦૦૦ શ્રી ડૉ. એલિસ
- ૧,૫૦૦ શ્રી હિમાંશુ ચોકસી
- ૧,૫૦૦ શ્રી બિના ચોકસી
- ૧,૧૦૦ શ્રી ચંચળબેન જગજીવનદાસ તલસાણીયા
- ૧,૦૦૧ શ્રી પ્રકાશ એસ. દોશી
- ૧,૦૦૦ શ્રી રેહાન આશના શાહ
- ૧,૦૦૦ શ્રી વી. સી. ગાંધી
- ૧,૦૦૦ શ્રી નીતિન ડી. શાહ
- ૧,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
- ૧,૦૦૦ શ્રી મૃદુલા કે. શાહ
- ૧,૦૦૦ શ્રી વિનોદભાઇ હરીલાલ મહેતા
- ૧,૦૦૧ શ્રી ઉષાબેન રમેશભાઇ ઝવેરી
- ૧,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
- ૧,૦૦૦ શ્રી દેવચંદ ધુલ્લા
- ૧,૦૦૦ શ્રી સવિતાબેન પન્નાલાલ કોઠારી
- ૧,૦૦૦ શ્રી કેસરીચંદ શાહ
- ૧,૦૦૦ શ્રી સુમેધ શાહ
- ૧,૦૦૦ શ્રી રસિકલાલ મણીલાલ દોશી
- ૧,૦૦૦ શ્રી રતિલાલ મણીલાલ દોશી
- ૧,૦૦૧ શ્રી જયાબેન જી. કલ્યાણજીભાઈ
- ૧,૦૦૦ શ્રી મીનાક્ષીબેન વિજય મહેતા
- ૧,૦૦૦ શ્રી ઉષાબેન નાથાલાલ પરીખ
- ૧,૦૦૦ શ્રી હર્ષદભાઇ શાહ
- ૧,૦૦૦ શ્રી મોંઘીબેન પરમાનંદદાસ વોરા
- ૧,૦૦૦ શ્રી પ્રવિણચંદ્ર છોટાલાલ શાહ

# હું સર્વનો સમાસ છું

□ ડૉ. ગુલાબ દેઢિયા

મુંબઈમાં કેળાં ડઝનના હિસાબે વેચાય છે તે જાણી મને પહેલાં નવાઈ લાગી હતી કારણ કે ગામમાં તો હજી કેળાં વજનના ભાવે વેચાતાં જોયાં છે.

શેરીમાં સવારે શાકવાળી અને ગ્રાહિકા (ગૃહિણી ગ્રાહકને શું કહેવું!) વચ્ચે સંવાદ ચાલે છે વિવાદની નજીકનો.

ગ્રાહિકા ઇચ્છે છે કે કેળાંની લૂમમાં સાથે આવતો હાથાનો ભાગ વધારાનો અને નકામો છે. એને બની શકે એટલો વધુ કાપી નાખવાનો. એ શાકવાળી પાસે આગ્રહ રાખે છે. શાકવાળી કંઈ એમ જ માની જાય એવી મૃદુબાલા નથી. એણે વાડીનું પાણી પીધું છે. એ લૂમનું વજન હાથા સાથે જ કરતાં કહે છે : 'ભાભી, તારા શરીરમાં હાડકાં છે ને ! હાડકાં વગર તું ઊભી રહી શકે ખરી ? બસ, આ કઠણ નકામા હાથા વગર લૂમ કેમ ટકે ? તું તો કહેશે કે છાલ પણ નકામી છે. બોલ, છાલ ઉતારીને કેળાંનાં ગરનું વજન કરું !' 'ઝટ કર બાઈ ! મને મોડું થાય છે. હું મુઈ ક્યાં સવારના પહોરમાં તારી સાથે વાતે વળગી ?'

કેળાંની લૂમ સાથે હાથો તેમ ભાષા સાથે વ્યાકરણ જોડાયેલું છે, બન્ને એકમેકને આધારે છે. આપણને ગમે કે ન ગમે તોય. વ્યાકરણ કઠણ તો છે. કામનુંય નથી વાગતું. ભાષાના લાલિત્યમાં રમમાણ રહેનાર કવિએ કહ્યું હતુંઃ 'ભાષાને શું જાણે વ્યાકરણી ?' ત્યારે વ્યાકરણી નિયમસર કાતરેલી મૂછમાં હસ્યો હશે. વ્યાકરણી તો ભાષાને જાણે, નાણે અને માણે છે.

મને વ્યારકણમાં રસ પૂરો. સમજ ઓછી. વ્યાકરણમાં જે સહેલું સીધું છે તે મને ગમે છે. સંધિ, સમાસ, અલંકાર, છંદ વ્યાકરણલક્ષી નહિ જીવનલક્ષી લાગે છે. એ બધું જીવનમાંથી ત્યાં ગયું છે. માટે ગમે છે.

જ્યારે મધ્યમપદ લોપી સમાસ સર્જાયો હશે તે વખતે ઓછો પણ આજે વધુ સાચો લાગે છે. બહારથી સરળ દેખાતા આ સમાસમાં ઊંડાણ છે. 'દહીવડું' એ મધ્યમપદલોપી સમાસ થયો. દહીંમાં મેળવેલું વડું એ એનો વિગ્રહ. મેળવેલું પદ અધ્યાહાર એટલે અધ્ધર રાખેલ છે. આપણે સમજી જવાનું. આ સમાસમાં મધ્યમ પદનો લોપ થાય છે.

આજે માણસોનું પણ એવું જ છે. માણસ અન્યના પદનો લોપ કરવામાં મંડ્યો રહે છે. બીજાને ભૂંસી શકાય એટલો ભૂંસવો. વેતરી શકાય એટલો વેતરવો. બીજાની લીટી નાની કરનાર આ સમાસ છે ને જીવનલક્ષી!

દ્વિગુ સમાસ મને ભણવામાં સહેલો લાગેલો. દ્વિગુ સંખ્યા પ્રિય માણસોનું પ્રતિનિધિત્વ કરે છે. દ્વિ એટલે બે અને ગુ એટલે ગાય. બે ગાયોનો સમૂહ. ગાય ભારતીય સંસ્કૃતિ સાથે કેટલી ઓતપ્રોત છે તેનું આ એક વધુ ઉદાહરણ. સમાસમાં પણ એનો સમાસ થયો છે. નવરાત્રી, પંચવટી, ત્રિકોણ વગેરે દ્વિગુ સમાસ છે. આ સમાસમાં હમેશાં પહેલું પદ સંખ્યા આવે. ઘણાની બોલછા જ એવી હોય છે જીભને ટેરવે આંકડો. મારી પાસે ચાર ગાડી છે. સત્તરમે માળે રહું છું. છ સંસ્થાઓમાં મેનેજિંગ ટ્રસ્ટી છું. સાત વખત યુરોપ જઈ આવ્યો છું. આંકડાનો અંકોડો ભેરવીને જ વાત કરે. બાળકને માતાનો અંક ગમે છે. મોટાઓને મોટાઈના અંક ગમે છે.

દ્વન્દ્વ એ કુટુંબકબીલાવાળો સમાસ છે. કોઈ એકલું નથી. કોઈને કોઈ સાથે છે જ. રામલક્ષ્મણજાનકી કહો કે સાહેબબીબીગુલામ કહો. રામ અને લક્ષ્મણ અને જાનકી એ એનો વિગ્રહ. કુટુંબમાં તો સંપની સાથે વિકલ્પ પણ ખુલ્લા રાખવા પડે. રામરાવણ રામ કે રાવણ, દિવસરાત દિવસ કે રાત. આ સમાસ સમાજ જેવો છે. જડતા નથી. ચોરસિપાહી આ સમાસમાં સાથે બેસી શકે. લોકશાહીના ગુણ-અવગુણ આ સમાસમાં સમાવેશ થયેલા છે. દ્વન્દ્વ શબ્દ સાંભળતાં મને દ્વન્દ્વ યુદ્ધ યાદ આવતું હતું. બે જણ લડે દ્વન્દ્વ યુદ્ધ. સાસુવહુ અને પતિપત્ની યોગ્ય રીતે જ દ્વન્દ્વ સમાસ છે. છેને પરિવારલક્ષી વાસ્તવિક સમાસ ! આ સમાસ કહે છે સાથે રહો ફાવે તો અને ન ફાવે તો પણ. બધા જ પદ મહત્ત્વનાં તે દ્વન્દ્વ સમાસ. સમાન ભાવ રાખવાનો.

વ્યાકરણના રચયિતા પાણિનિ જેવા ધુરંધરો કેવા પાણીવાળા હશે કે આવનાર જમાનાને પારખી ગયા હશે. દૂરંદેશી બહુ. તેનું રમણીય ઉદાહરણ આ વ્યાખ્યામાં છે. જે સમાસમાં પહેલું પદ ગૌણ (બિચારું) હોય અને એનો આધાર ઉત્તર પદ પર હોય તે તત્પુરુષ સમાસ. તે વખતે વ્યાકરણીઓ પુરુષો હશે માટે આવો વિચાર બેધડક કર્યો હશે. આ વ્યાખ્યાને આધારે 'વહુવર' સમાસને દ્વન્દ્વ ન ગણતાં તત્પુરુષ કહ્યો હશે. તે જમાના પ્રમાણે જેમાં પુરુષનું ચાલે તે.

આજે ધણીધણીયાણી સમાસને તત્સ્ત્રી સમાસ કહેવો રહ્યો. એમાં બીજા પદ પર બધું નિર્ભર છે.

સમાસ એટલે ભાષાનો ભાષક પરનો ભરોસો. થોડું લખ્યું ઝાઝું સમજી જશે. સમાસ એટલે લાઘવ, સગવડ, ઘનતા. અક્ષરોની કરકસર. પદોનો સીધો વ્યવહાર. જોડનાર પ્રત્યય, અન્વયને દૂર રાખવાના. વચેટિયા વગરનો સીધો સોદો. રામલક્ષ્મણ એટલે વચ્ચે 'અને'ની દલાલી નહિ. સમાસથી ભાષા દઢબંધ પકડે છે અને અઘરી પણ બને છે.

દશાનન એટલે દશ માથા નહિ પણ દશ માથાંવાળો-રાવણ. બોલનાર-સાંભળનારને એ ખબર છે ભાષાની એવી અપેક્ષા. વ્યાકરણ એટલે આપણી નજરે હાઉ. અરે એ તો રમત છે ! આપણે ભાષા પાસેથી કેવી કેવી અપેક્ષાઓ રાખીએ છીએ; તો બદલામાં ભાષા આટલુંય ન માગે ! સજ્જતા, સમજણ અને સતર્કતા તો ભાષાય માગેને !

આપણા દેવોને પણ સમાસ પ્રિય છે. તેથી તો ભક્તોએ પોતાના ઇષ્ટદેવોને એક જ નામે ન સંબોધતાં નવા નવા સમાસ યોજીને સંબોધ્યા. ઇષ્ટદેવ કોઈક નામે તો દાદ દે ને ! આ સમાસમાં વધુમાં વધુ તો શ્રીકૃષ્ણ ભગવાન માટે જ યોજાય એ સ્વાભાવિક છે. પીતાંબર-પીળું છે વસ્ત્ર જેનું તે. બહુવ્રીહિ સમાસ. ગિરિધારી-ગિરિને ધારણ કરનાર ઉપપદ સમાસ. મુરારિ-મુરના અરિ. મુર નામના રાક્ષસના દુશ્મન. મહાદેવ, નીલકંઠ, ચક્રપાણિ, દીનાનાથ, રણછોડ, કરુણનિધાન, કમલાપતિ વગેરે અગણિત સમાસ.

ઉપપદ વ્યાકરણની દૃષ્ટિએ મને સહેલો સમાસ લાગે છે. 'કરનાર' આવે તે ઉપપદ. કુંભકાર-કુંભને કરનાર. સુવર્ણકાર, લોહકાર, ગ્રંથકાર. આ બધાં કામ તો અઘરાં છે પણ સમાસ સહેલો છે ઓળખવો. પ્રિય વદનાર પ્રિયંવદા, પ્રેમને આપનાર પ્રેમદા, નર્મ એટલે આનંદ આપનાર નર્મદા, સર્વને જાણનાર સર્વજ્ઞ. જહાંને જીતનાર જહાંગીર અને વ્યાજને ખાનાર વ્યાજખાઉ બન્ને ઉપપદ સમાસ છે. સમાજભાવનાનું પ્રતિબિંબ તો અહીં પણ પડે છે. સમાજમાં કંઈક કર્મ કરનાર છે એને મુખ્ય પદ નથી મળતું ઉપપદ મળે છે. કુંભકાર, લોહકાર, સુવર્ણકાર અને ગ્રંથકાર તો ખરો જ. એક આ સમાસવાળાને મુખ્ય પદ મળ્યું છે. 'પયગંબર' ઈશ્વર તરફ સંદેશો લઈ જનારને.

પહેલું પદ વિશેષણ અને બીજું પદ નામ પણ અર્થ તો ત્રીજો જ મળે તે બહુવ્રીહિ સમાસ. આ સમાસ રાજકારણી લાગે છે. બતાવે એક ને કરે બીજું. વ્રીહિ શબ્દનો અર્થ તો ચોખા થાય છે. તેથી શું ! ચોખા અર્થની ના છે.

પીતાંબર એટલે પીળું વસ્ત્ર એ થયો કર્મધારય સમાસ. પણ પીળું છે વસ્ત્ર જેનું તે કૃષ્ણ તો એ થયો બહુવ્રીહિ.

પીતાંબર પીતાંબર પહેરી પીતાંબરની પૂજા કરે છે. આમ કહીએ ત્યારે ત્રણે પીતાંબર જુદાં. ગજાનન-ગજ જેવું જેનું આનન છે તે ગણપતિ. અહીં હાથી પણ નથી મુખ પણ નથી, છે ગણપતિ. બહુવ્રીહિ શબ્દ પોતે બહુવ્રીહિ સમાસ છે. છે ને મજા ! બહુ છે વ્રીહિ (ડાંગર) જેની પાસે તે માણસ. ધાન્યમાં ચોખા ઊંચા સ્થાને બિરાજે છે. તેથી વધુ ડાંગરવાળો ધનવાન. જુઓ અહીં કૃષિસંબંધ આવ્યો ને સમાસમાં.

હજી તો ઘણા સમાસ બાકી છે. પરંતુ ગભરાતા નહિ. બીજા મને પણ નથી સમજાતા. જે માણસ ચા, કોફી, દૂધ, છાશ, શરબત કંઈ પણ ન પીએ તે સૂપ પીએ અને સૂપ પીએ તે સૌથી જુદો. તેમ સંસ્કૃતમાં કોઈ વર્ગમાં ન બેસે એને માટે સુપ્સુપસમાસ કહ્યો છે. જોયું ને સમાસમાં ખાવાપીવા બધાનો સમાવેશ છે.

રાવબહાદુર કમળાશંકર ત્રિવેદીએ સમાસની કેટલી સુંદર વ્યાખ્યા કરી છે. ઘણાં પદ એકઠાં થઈ એક પદ બને તેનું નામ સમાસ. સરદાર વલ્લભભાઈ પટેલે દેશી રજવાડાંઓનું વિલીનીકરણ કર્યું હતું ને એવું જ.

પ્રિય કવિ રાજેન્દ્ર શુકલની એક પંક્તિ યાદ આવે છે :

નિષેધ કોઈનો નહિ, વિદાય કોઈને નહિ,
હું શુદ્ધ આવકાર છું, હું સર્વનો સમાસ છું.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૧૧ ● ● તા. ૧૬-૧૧-૯૯ ●
Licence to post without prepayment No. 37
● Regd. No. MH / MBI-South / 54 / 99
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પુત્રભીતિ

હમણાં હમણાં પાશ્ચાત્ય દેશોમાં, વિશેષતઃ અમેરિકામાં કિશોર વયના દીકરાએ માતાપિતાની કે બેમાંથી કોઈ એકની હત્યા કરી હોય એવા કિસ્સાઓનું પ્રમાણ વધતું જાય છે. અજ્ઞાન, ઉશ્કેરાટ, શાળા-કૉલેજમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે વેર, માદક દ્રવ્યોનું વ્યસન, જુગાર, નાણાંની જરૂર, ઈચ્છા ન સંતોષાવી, ખોટી ચડવણી કરનાર મિત્રોની સોબત અથવા એકલવાયાપણું વગેરે કારણો ઉપરાંત ગન-રિવોલ્વરની સુલભતા એ પણ એક મહત્ત્વનું કારણ આવા કિસ્સામાં કાર્ય કરી જાય છે. કિશોરો ઉપરાંત યુવાન કે તેથી મોટી વયના પુત્રે પિતાનું ખૂન કર્યું હોય એવા બનાવો ત્યાં તથા અન્ય દેશોમાં પણ બનતા રહે છે. પુત્રે પોતાનાં માતા કે પિતાનો વધ કર્યો હોય એવા બનાવો ઈતિહાસમાં પણ જોવા મળે છે. નાનાંમોટાં રાજકુટુંબોમાં ગાદી માટે અથવા ગરાસ માટે આવી કેટલીયે ઘટનાઓ બની હશે જેની નોંધ ઈતિહાસના પાને ન લેવાઈ હોય એ સ્વાભાવિક છે.

દીકરા તરફથી પોતાની હત્યા થવાનો ડર બિલકુલ ન હોય, પણ એ સામે બોલશે, અપમાન કરશે, ધમકી આપશે, વઢ વઢ કરશે. સગાં સંબંધીઓમાં વગોવણી કરશે, પોતાની સંપત્તિ પચાવી પાડશે, ઉડાવી દેશે, મિલકતના ભાગ માટે કોર્ટે ચડશે, માનસિક ત્રાસ આપશે, ક્યાંક જતાં આવતાં કે દાનાદિમાં નાણાં આપતાં અટકાવશે, ભૂખે મારશે ઈત્યાદિ વિવિધ પ્રકારની ચિંતા કેટલાંયે માતાપિતાને વૃદ્ધાવસ્થામાં રહે છે. એમાં પણ શારીરિક માંદગી કે પરાધીનતા પછી એવી ચિંતા વધી જાય છે. પુત્રની (તથા પુત્રવધૂની પણ) સતામણીથી ત્રાસીને કોઈ માતાપિતાએ ઝેર ખાઈને, બારીમાંથી પડતું મૂકીને, ગળે ફાંસો ખાઈને, બળી મરીને પોતાના જીવનનો અંત આણ્યો હોય એવા સમાચાર અવારનવાર છાપાંઓમાં વાંચવા મળે છે. કેટલાક પોતાની વેદના પોતાના મનમાં જ સમાવીને બેસી રહે છે, હવે પોતાનો ખરાબ વખત આવ્યો છે એવું સમાધાન કેળવે છે, મૌન જાળવીને ધર્મધ્યાન તરફ વળી જાય છે અથવા માનસિક વેદનાની અભિવ્યક્તિના અભાવે ડિપ્રેશનને કારણે સૂનમૂન બની જાય છે અથવા ગાંડા થઈ જાય છે.

જે પુત્રના જન્મ માટે આતુરતાપૂર્વક રાહ જોવાતી હોય, જન્મ વખતે ઉત્સવ થતો હોય, લાડકોડથી એને ઉછેરવામાં આવતો હોય, ભણાવીગણાવી વેપારધંધે લાગડવામાં અથવા અન્ય કોઈ પ્રકારની તેજસ્વી કારકિર્દીવાળો બનાવવાનાં સ્વપ્નાં સેવ્યાં હોય, જેની પાછળ પોતાની જાત નિચોવી નાખવામાં આવી હોય એવા પુત્ર કે પુત્રો જ્યારે કૃતઘ્ન બને છે, માનસિક સંતાપ કરાવે છે કે હત્યા કરવાની હદ સુધી પહોંચી જાય છે ત્યારે સંસારની વિષમતા કેવી ભયંકર છે તે સમજાય છે.

વસ્તુતઃ વૃદ્ધાવસ્થામાં તો પુત્ર માતાપિતાનો સહારો બનવો જોઈએ. નીતિશાસ્ત્રકારો કહે છે :

पूर्वे वयसि पुत्राः पितरमुपजीवन्ति ।

अन्तिमे वयसि पुत्रान् पितोपजीवती ॥

[ પૂર્વ વયમાં એટલે બાલ્યકાળમાં પુત્ર પિતાના સહારે જીવે છે અને અંતિમ વયમાં પિતા પુત્રોને સહારે જીવે છે. ]

સંસારમાં માતાપિતા અને સંતાનો વચ્ચેનું ઉગ્ર કોટિનું વૈમનસ્ય પ્રમાણમાં તો નહિ જેવું જ છે. આમ છતાં એ સંબંધોમાં વિવિધ પ્રકારની તરતમતા રહે છે. સ્નેહભર્યા, વાત્સલ્યભર્યા ગાઢ સંબંધો જીવન પર્યંત ટકી રહેતા હોય એવાં સદ્‌ભાગી માતાપિતા અનેક જોવા મળશે. શ્રવણની પિતૃભક્તિ તો અજોડ છે. આમ છતાં બે પેઢી વચ્ચેનો વેરભાવ પણ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. સોહરાબ અને રૂસ્તમ જેવી દશા ઘણે ઠેકાણે પ્રવર્તે છે. એ માટેનાં શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક એવાં ઘણાં કારણો છે. પુત્ર ગમે તેટલો મોટો થયો હોય છતાં માતાપિતાને તે નાનો જ લાગે છે અને એવા વ્યવહારનો અતિરેક થતાં પુત્રનું સ્વમાન ઘવાય છે. એક કરતાં વધુ સંતાનો હોય તો સંપત્તિની વહેંચણીનો પ્રશ્ન ઊભો થાય છે. માતાપિતા વહાલા પુત્રના પક્ષપાતી બને છે. પુત્રવધૂઓ ઘરમાં આવતાં દીકરાઓ માતાપિતા સાથે મન મૂકીને વાત નથી કરી શકતા. બેય પક્ષ સાચવવા જતાં પુત્ર કફોડી સ્થિતિમાં મૂકાય છે. માતાપિતા અશક્ત છે, એમની માનસિક ગ્રંથિઓ અને વહેમો બંધાઈ ગયા છે. હવે તેઓ ઝાઝું જીવવાના નથી. તેઓ બોજારૂપ બને છે. પત્ની સાથે આખી જિંદગી કાઢવાની છે. આવા આવા વિચારે બે પેઢી વચ્ચેનું અંતર વધતું જાય છે, વિનય અને લજ્જા લોપાતાં જાય છે. એમાં પણ મોટો સંઘર્ષ થતાં હત્યા કે આપઘાતની ઘટનાઓ બને છે. ક્યારેક પુત્રે પિતાની કે પિતાએ પુત્રની હત્યા કરી હોય એવી ઘટનાઓ પણ બને છે. પોતાનાં કર્મનો ઉદય અને ઋણાનુબંધ અનુસાર બધું બને છે એવું સમાધાન કેટલાક કેળવે છે.

બદલાતા જમાનામાં આપણને લાગે છે કે આપણાં માતાપિતા કરતાં આપણે વધુ ડાહ્યા, સમજદાર છીએ, પરંતુ થોડાં વર્ષોમાં જ આપણાં સંતાનો પણ આપણા માટે એવા જ વિચાર કરતા થઈ જાય છે. કહ્યું છે :

We think our fathers fool
so wise we grow;
Our wiser sons,
no doubt will think us so.

માણસને પોતાના દીકરાઓ તરફથી જેટલો ડર હોય છે તેટલો દીકરી તરફથી નથી હોતો. વસ્તુતઃ પોતાને દીકરીનો ડર લાગે એવા કિસ્સા જવલ્લે જ બને છે. માતા-પિતાને દીકરી માટે પ્રેમભરી લાગણી એકંદરે વધુ રહે છે અને જે સમાજમાં દીકરી માતાપિતાનું ઘર છોડી સાસરે જાય છે એ સમાજમાં દીકરીને માતાપિતા માટે ઉષ્માભરી સાચી લાગણી, ઝંખના, ઉમળકો, દરકાર વગેરે વધુ રહે છે. જમાઈના ચડાવ્યાથી કે ભાભીઓના મહેણાં-ટોણાંથી ત્રાસેલી દીકરી માતાપિતાથી વિપરીત થઈ ગઈ હોય એવી ઘટનાઓ નથી બનતી એવું નથી, પરંતુ એમાં પણ અપ્રીતિ સવિશેષ હોય છે, ડર નહિ.

પિતા અને પુત્રનો ઉછેર એટલે જૂની પેઢી અને નવી પેઢીનો ઉછેર. બંને વચ્ચે તફાવત હંમેશાં રહેવાનો. દુનિયા સતત પરિવર્તનશીલ છે. નવી પેઢીને એની જીવનશૈલી હોય છે. યુવાનો પોતાની રીતે આગળ ચાલવા ઇચ્છે છે. વૃદ્ધો હવે અશક્ત બન્યા હોય છે. તેઓ સ્થિરતા ઝંખે છે. તેમનામાંથી સાહસિકતા ચાલી જાય છે. સંતાનો જુવાન છે, તરવરાટવાળાં છે, સાહસિક છે, સ્વપ્નશીલ છે. એમની આગળ લાંબો ભવિષ્યકાળ છે. આથી બે પેઢી વચ્ચેના અંતરમાં જ્યારે પરસ્પર વૈમનસ્યની ગ્રંથિઓ પાકી થઈ ગઈ હોય છે ત્યારે સંઘર્ષ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. પુત્ર પચીસ-પાંત્રીસની ઉંમરનો થાય એ પછી એને પોતાના પિતા તરફ સંપૂર્ણ આદર જ રહ્યો હોય એવા પ્રસંગોનું પ્રમાણ ઘણું ઘટી જાય છે. ઓસ્કર વાઈલ્ડે કહ્યું છે, 'Children begin by loving their parents. After a time they judge them. Rarely, if ever, do they forgive them.'

બાલ્યકાળમાં અને કિશોરકાળમાં બાળકોને પોતાનાં માતાપિતાનો વિશેષતઃ પિતાનો ડર રહે છે. કંઈક ભૂલ કરી હોય, ખોટું બોલ્યા હોય કે ખોટું કર્યું હોય તો મેથીપાક મળશે એવી મનમાં ભીતિ રહે છે. નાનું બાળક ગભરાય છે. આકુળવ્યાકુળ બની જાય છે. એમાં પણ પિતાનો સ્વભાવ જો કડક અને ક્રોધી હોય, હાથનો છૂટો હોય તો બાળકને વધુ ડર લાગે છે. બાપના એક ઘાંટાથી બાળક ચૂપ થઈ જાય છે. પણ પછી બાળકના મનમાં પિતા માટે એક પ્રકારની ગ્રંથિ બંધાઈ જાય છે.

યૌવનમાં આવેલા દીકરાઓ પિતાની સાથે વિચારવિનિમય કરે છે. ક્યારેય દલીલબાજી પણ થાય છે. પણ ઘણાખરા પોતે સાચા હોય તો પણ પિતાની સામે બોલતા નથી. એમનું અપમાન કરતા નથી. પરંતુ પિતા જ્યારે અતિશય કડક બને છે ત્યારે દીકરા ઉદ્ધત જવાબ આપતા થઈ જાય છે. એમાંથી જ પછી સંઘર્ષ થાય છે અને છૂટા પડવાનું બને છે.

વૃદ્ધાવસ્થા આવે, શારીરિક નિર્બળતા વધે, કામ ન થાય, પરાવલંબી જીવન બની જાય ત્યારે સશક્ત, યૌવનના તરવરાટવાળા દીકરાઓને એમ લાગે કે બધી વાતે બાપા આડા આવે છે. ત્યારે નિકટના મિત્રવર્તુળમાં તે પોતાના પિતાને માટે પણ 'ડોસલો', 'બુઢ્ઢો' જેવા તોછડાઈભર્યા શબ્દો વાપરવા લાગે છે. ક્યારેક તો એમ બોલતાં પણ અચકાતા નથી કે 'હવે આ બુઢ્ઢો મરે તો અમે છૂટીએ.' અથવા 'ડોસાના મરવાની રાહ જોઉં છું. તે પહેલાં મને સંપત્તિ મળશે નહિ.' વૃદ્ધ પિતાએ બધી જ લગામ પોતાના હાથમાં રાખી હોય ત્યાં દીકરાઓની લાગણી બુઠ્ઠી થઈ જાય છે.

પુત્રના પ્રકારો જુદી જુદી રીતે દર્શાવવામાં આવે છે. એમાંનો એક પ્રકાર 'વૈરાનુબંધી પુત્ર'નો છે. આવો પુત્ર નાનો હોય ત્યારે લાડકોડમાં પણ માતાપિતાને મારતો હોય છે અને પછી મોટો થતાં માતાપિતાને જાનથી મારી નાખે છે. જાણે પૂર્વ ભવનું વેર લેવા માટે જ પુત્રનો જન્મ ન થયો હોય ! એમ કહેવાય છે કે There are times when parenthood seems nothing but feeding the mouth that bites you.

પોતાના પુત્રનો જ જેમને ભય લાગતો હોય એવા લોકોને જીવનમાં સુખશાન્તિ મળતાં નથી. કહ્યું છે :

पुत्रादपि भयं यत्र तत्र सौख्यं हि किदृशम् ।
(જ્યાં પુત્ર તરફથી ભય હોય ત્યાં સુખ કેવું ?)

મિલકત અને એની વહેંચણી એ સંતાનો સાથેના વૈમનસ્યનું મોટું કારણ બને છે. માબાપને બેચાર દીકરાઓ હોય ત્યારે તે દરેકને સરખે ભાગે મિલકત વહેંચી આપવામાં ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. માબાપનો એકાદ દીકરા પ્રત્યેનો પક્ષપાત એમાં ભાગ ભજવી જાય છે. મિલકતના વિભાજનથી સંતાનોને સર્વથા સાચો સંતોષ થયો હોય એવું જવલ્લે જ બને છે. ભાઈભાઈ વચ્ચેનો સ્નેહ ઓસરે છે. દેરાણી-જેઠાણી વચ્ચે કે સાસુવહુ વચ્ચે માનસિક તનાવ ચાલુ થઈ જાય છે. મહેણાં-ટોણાં દ્વારા અભિપ્રાયો છતા થાય છે. પોતાને અન્યાય થયો છે એવું લાગે ત્યારે દીકરાઓ પિતાની સામે થાય છે. ઉગ્ર કે અયોગ્ય વચનો બોલે છે, મર્યાદા તૂટે છે. પછી માબાપને સંતાનો સાથે ડરીને, સાચવીને બોલવાનો, કશુંક છુપાવવાનો વખત આવે છે.

માણસની મિલકત બધી જ રોકડ રકમરૂપે નથી હોતી. એમ હોય તો ભાગાકાર સહેલા બને છે. પણ ઘર, જમીન, ઘરેણાં, દુકાન, વેપાર-ઉદ્યોગ વગેરેના રૂપમાં રહેલી મિલકતના મૂલ્યાંકનમાં મતભેદ ઊભા થાય છે. પોતે એવો ભાગ લેવો કે ન લેવો એના પ્રશ્નો ઊભા થાય છે. એમાંથી ઉગ્ર અસંતોષ પ્રગટ થાય છે, પોતાના ભાગની અમુક મિલકત માટે પોતાનો આગ્રહ રખાય છે. પછી કુટુંબકલેશ ચાલુ થાય છે. હસતા વૃંદાવનમાં બાવળિયા ઊગવા લાગે છે. માતાપિતાની પ્રસન્નતા હણાઈ જાય છે. વાણી વ્યવહારમાં ફરજિયાત સંયમ લાવવો પડે છે.

પુત્ર માતાપિતાને કેવો ત્રાસ આપે તેની સાચી બનેલી એક ઘટનાનો હું સાક્ષી છું. માબાપને ચાર દીકરા હતા અને ચારે પરણ્યા ત્યાં સુધી આનંદ-કલ્લોલમાં તેઓનું જીવન એક જ ઘરમાં વીત્યું. પણ પછી તેઓને સંતાનો થતાં, કુટુંબનો વિસ્તાર થતાં ઘર નાનું પડ્યું એટલે છૂટા થવાની વાત આવી. મિલકતની વહેંચણીમાં ભાઈઓના મન ઊંચાં થયાં. માતાપિતાએ પોતાના સૌથી નાના લાડકા દીકરાને પોતાના ઘરમાં સાથે રાખવાનું ઠરાવ્યું અને મોટા દીકરાઓ બીજે રહેવા ગયા. એક વખત માએ પોતાના ઘરેણાંમાંથી એક ઘરેણું મોટી વહુને લગ્ન પ્રસંગે પહેરવા આપ્યું અને એ પાછું ન આવ્યું. એમાંથી ઝઘડા ચાલુ થયા અને વધ્યા. નાના દીકરાએ માના ઘરેણાંના કબાટ પર કબજો જમાવી દીધો. રોજ સાથે મંદિરે દર્શન કરવા જતાં માતાપિતાને એક દિવસ નાના દીકરાએ ત્યાં મોટી વહુ સાથે ખાનગી વાત કરતાં જોયાં અને એનો વહેમ વધી ગયો. રખેને માતાપિતા કોઈને ઘર લખી આપે તો પોતાને ફૂટપાથ પર રખડવાનો વારો આવે. એણે માતાપિતા પર કબજો જમાવી દીધો. ઘરની બહાર જવાની મનાઈ ફરમાવી દીધી. માબાપ બહુ કરગર્યા ત્યારે માતાપિતા વારાફરતી મંદિરે જાય અને તે પણ નોકર સાથે જાય એવી છૂટ મળી. એક દિવસ દીકરાને કહ્યા વિના પિતા બહાર ગયા. તે દિવસે સાંજે ધમાલ મચી ગઈ. ઉશ્કેરાયેલા દીકરાએ ધમકી ઉચ્ચારી દીધી કે 'હવેથી ઘરમાંથી જો બહાર પગ મૂકશો તો જાનથી મારી નાખીશ.' પછી મંદિરે જવાનું પણ બંધ કરાવ્યું. માતાપિતાનો સૌથી લાડકો દીકરો હોય અને તેના તરફથી આવી ગંભીર ધમકી મળે તો કેટલું

વસમું લાગે ! માતાપિતા સૂનમૂન બની ગયાં. પોતાના પાપનો ઉદય છે એમ મન મનાવી વૃદ્ધાવસ્થામાં શાન્તિથી દિવસો પસાર કરવા લાગ્યાં. પણ પછી બન્યું એવું કે એ નાના દીકરાને એક દિવસ કમળો થયો. એમાંથી કમળી થઇ અને ભરયુવાનીમાં જ અકાળે એનું અવસાન થયું. સતત ભયમાં રહેતા કૃશકાય બની ગયેલાં માતાપિતાએ એ દિવસે આંસું ન સાર્યાં, પણ ભયમાંથી મુક્ત થયાની રાહત અનુભવી.

પાશ્ચાત્ય દેશોમાં યુવાન કે કિશોર દીકરા સાથે અણબનાવ કે ઝઘડો થતાં માતાપિતાને મૃત્યુનો ડર લાગે છે. ઉશ્કેરાયેલો દીકરો ક્યારે અચાનક ગન લઇને ધસી આવશે એ કહેવાય નહિ. જ્યાં ઘાતક શસ્ત્રો સુલભ છે ત્યાં આવો ડર વિશેષ રહે છે. આવી ઘટનાઓ પોતાના દેશ-પ્રદેશમાં વારંવાર બનતી હોવાથી પણ મનમાં ડર પેસી જાય છે. અમેરિકા અને બીજા ધનાઢ્ય દેશોમાં માતાપિતાનું ખૂન કરનાર દીકરાઓ ઘણુંખરું કિશોરાવસ્થાના હોય છે. એમને સાચી સલાહ કે સાંત્વન આપનાર કોઇ હોતું નથી. તેઓ માનસિક સમતુલા ગુમાવી દે છે. એટલે જ્યારે અચાનક ઝનૂન ચડી આવે ત્યારે હત્યાની દુર્ઘટના બની જાય છે. પાશ્ચાત્ય દેશોમાં છૂટાછેડા અને પુનર્લગ્નનું પ્રમાણ વધતું જાય છે. એટલે માતાપિતા અને સંતાનો વચ્ચે લાગણી રહેતી નથી. સાવકો દીકરો કે સાવકી મા અથવા સાવકા બાપને એકબીજા પ્રત્યે મનમાં જ ધૃણા હોય છે. વેર લેવાની વૃત્તિ જોર પકડે છે. દોસ્તારોનો ટેકો મળી જાય છે અને કાવતરું રચાય છે. મોટાં ઘરો, એકાંત અને શસ્ત્રની સુલભતાને લીધે હત્યાની ઘટના બનતાં વાર નથી લાગતી.

વર્તમાન સમયમાં વિડિયો ગેમના પ્રકારના જુગારનું વ્યસન વધતું જાય છે. જુગારમાં મોટી રકમ હારેલા કિશોરો પૈસા કઢાવવા માતાપિતાને મારી નાંખવાની ધમકી આપે છે. દારૂ અથવા માદક પદાર્થોના વ્યસનને લીધે ઉન્માદી બનેલો દીકરો પણ ઘેનમાં ભાન ભૂલી પિતાનું કાસળ કાઢી નાખે છે. આવી ઘટનાઓનું પ્રમાણ પાશ્ચાત્ય દેશોમાં વધુ બને છે. એમાં ટી.વી. પર વાસ્તવિકતાના નામે બતાવાતી આવી ઘટનાઓની અસર પણ થાય છે.

વૃદ્ધાવસ્થામાં માણસને એકની એક વાત વારંવાર કહેવી કે વાગોળવી ગમે છે. વૃદ્ધાવસ્થાની આ એક માનસિક નબળાઇ છે. પરંતુ તે પ્રત્યે સહાનુભૂતિભર્યું સહનશીલતાનું વલણ અપનાવવું જોઇએ. એક વડીલ જૂના વખતનું દૃષ્ટાન્ત આપે છે. એક બાપા પોતાને ત્યાં હિસાબના ચોપડામાં ઘરની બીજી વિગતો પણ લખતા. એમનો દોઢેક વર્ષનો દીકરો જ્યારે બોલતાં શીખ્યો ત્યારે એક વખત બારીએ, કાગડો આવીને બેઠો. નાના બાળકે પૂછ્યું, 'બાપા, આ શું છે ?' બાપાએ કહ્યું, 'કાગડો'. થોડીવાર પછી છોકરાએ ફરીથી પૂછ્યું અને ફરીથી બાપાએ કહ્યું, 'કાગડો'. એમ નાના બાળકે આઠદસ વાર પૂછ્યું અને જેટલી વાર પૂછ્યું એટલી વાર બાપાએ ચોપડામાં નોંધી લીધું. આમ રોજ કાગડો આવે અને રોજ બાળક આઠદસ વખત પૂછે અને જેટલી વાર બાળકે પૂછ્યું હોય એટલી વાર બાપા ચોપડામાં લખી લે.

પછી તો બાળક મોટું થયું અને પૂછવાનું બંધ થયું. દીકરો મોટો થયો અને લગ્ન થયાં. હવે વૃદ્ધ પિતાની વાતો એને અળખામણી લાગવા માંડી. કોઇ વખત સમજ ન પડે કે યાદ ન રહે તો બાપા બીજી વાર પૂછતા, પરંતુ ત્યારે દીકરો અપમાનજનક અવાજે કહેતો, 'એકની એક વાત કેટલી વાર પૂછો છો ?' એક વખત બાપાએ જૂનો ચોપડો મંગાવી દીકરાને વંચાવ્યું અને કહ્યું કે 'તું નાનો હતો ત્યારે કાગડા માટે 'બાપા આ શું છે ?' એમ રોજ કેટલી વાર પૂછતો હતો? એની સરખામણીમાં હું તો કંઇ જ પૂછતો નથી. માટે મારી સાથે આવી ઉદ્ધત રીતે વર્તતાં તને શરમ આવવી જોઇએ'. દીકરો ચૂપ થઇ ગયો.

કેટલાક વખત પહેલાં ગુજરાતના એક શહેરમાં એક ભાઇની સાથે એમના એક મિત્રને ત્યાં મારે જવાનું થયું હતું. મિત્ર બહાર ગયા હતા. દરમિયાન મિત્રના વયોવૃદ્ધ પિતાશ્રી અમને મળવા પોતાના રૂમમાંથી બેઠકના ખંડમાં આવ્યા. તેઓ વિધુર થયા હતા એટલે પોતાના ગામમાંથી શહેરમાં દીકરાને ત્યાં રહેવા આવવું પડ્યું હતું. પોતે એક કૉલેજમાં આચાર્ય હતા અને નિવૃત્ત થયા ત્યાં સુધીમાં પોતાની યશસ્વી કારકિર્દીને લીધે ઘણું માનપાન પામ્યા હતા. પોતાના એ સુખી દિવસો વાગોળતાં તેઓ બેત્રણ વાર બોલ્યા કે 'Those were the golden days of my life.' આ વાતચીત ચાલતી હતી તેવામાં એમના દીકરા આવી પહોંચ્યા. આવતાંની સાથે પોતાના વૃદ્ધ પિતા ઉપર તૂટી પડ્યા, 'ગોલ્ડન, ગોલ્ડન, ગોલ્ડન...જે આવે તેની આગળ બસ ગોલ્ડન, ગોલ્ડન કર્યા કરો છો ? બીજું કંઇ સૂઝે છે નહિ ? જાવ તમારા રૂમમાં બેસો.' આ સાંભળી અમે તો ડઘાઇ ગયા. વયોવૃદ્ધ પિતા ચૂપચાપ પોતના રૂમમાં ચાલ્યા ગયા. મેં પિતાશ્રીનો બચાવ કરવા પ્રયત્ન કર્યો, પણ એ મિત્રને મારી વાત રુચિ નહિ.

વૃદ્ધ માતાપિતાની આવી ટેવની ઘટના ઘેર ઘેર બનતી હશે !

માતા અને પિતા બેમાંથી એકની વિદાય થાય તે પછી પરિસ્થિતિ વધુ કરુણ બને છે. હવે દીકરો કે દીકરાઓ જોરમાં આવી જાય છે. પુત્રવધૂઓ તેમાં સાથ આપે છે. સાચી ખોટી ભંભેરણી થાય છે. અસત્યનો આશ્રય લેવાય છે. વડીલની હવે ગરજ રહેતી નથી. ભૂતકાળ ભુલાઇ જાય છે. એમાં પણ વડીલ વ્યક્તિ માંદી પડે છે ત્યારે તેમની લાચારી વધી જાય છે.

એકવાર ગુજરાતના એક નાના ગામમાં અમારે એક સંસ્થાની મુલાકાત પછી ગામના મુખ્ય વેપારીને ત્યાં જમવા જવાનું હતું. પરસ્પર ઓળખાણ નહોતી, પણ સંસ્થાના તેઓ હોદ્દેદાર હોવાને નાતે એમને ત્યાં જમવાનું હતું. અમે એમને ત્યાં ગયા. મકાનમાં નીચે વિશાળ મોટી દુકાન હતી. ખાસ્સી ઘરાકી હતી. વેપાર ધમધોકાર લાગ્યો. ઉપરના માળે એમનું વિશાળ ઘર હતું. દાદર ચડી ઉપર ગયા ત્યાં બહાર પરસાળમાં બાથરૂમ-સંડાસ પાસે એક મેલી ગોદડી પર એક વયોવૃદ્ધ સજ્જન બેઠા હતા. અમે જમવા બેઠા ત્યારે એક થાળી એમને પણ પહોંચાડવામાં આવી. મારાથી સહજ પૂછાઇ ગયું, 'વડીલ કોણ છે ?' યજમાને શરમાઇ જતાં ધીમા અવાજે મને કહ્યું, 'મારા ફાધર છે. ખાંસીને લીધે આખો દિવસ ખોં ખોં કરે છે. છોકરાંઓનું ભણવાનું બગડે છે અને ઘરમાં હોય તો કટકટ કરે છે. વાઇફથી એ સહન થતું નથી. એટલે બહાર જગ્યા કરી આપી છે. એમને ય શાન્તિ અને અમને ય શાન્તિ.'

જમીને અમે બધાં નીચે ઊતરતાં હતાં. હું છેલ્લે હતો. મેં વડીલને ભાવપૂર્વક નમસ્કાર કર્યા. તેઓ કોઇ સાંભળતું નથી એની ખાતરી કરી ધીમેથી ગળગળા અવાજે એટલું જ બોલ્યા, 'કાઠિયાવાડથી હાથેપગે અહીં પંચમહાલમાં આવી આખી દુકાન મેં એકલે હાથે જમાવી. દીકરાને તો તૈયાર ભાણે બેસવા મળ્યું છે. હવે હું લાચાર છું. ડરીને જીવું છું. દિવસો ઝટ પૂરા થાય એની રાહ જોઉં છું. આજે મારો વારો છે. કાલે એનો વારોય આવશે.'

પિતાપુત્ર વચ્ચે પરસ્પર પ્રેમની કોઇ લાગણી રહી નહોતી; બલકે લાગણી હવે ધિક્કારની હતી.

પોતાનાં સંતાનોમાં દીકરો હોય કે દીકરી, એ વચ્ચેનો ભેદ હવે ઘણા દેશોમાં ઓછો થતો જાય છે. જેમને સંતાનોમાં ફક્ત એક જ દીકરી હોય તેને પુત્ર ન હોવાથી કેટલોક ડર રહેતો નથી. એક અથવા વધારે દીકરા ધરાવનારને વૃદ્ધાવસ્થામાં જે સમસ્યાઓનો ભોગ થવું પડે છે તેનો ખ્યાલ અપુત્ર માણસોને ઓછો આવે છે. જેમ નિઃસંતાન રહેવાથી કેટલીક ઉપાધિઓમાંથી બચી જવાય છે તેમ કેટલાક આનંદથી વંચિત પણ રહેવાય છે. દીકરાએ ખૂનની ધમકી આપી હોય, ઝનૂની સ્વભાવનો હોય અને ઘાતક હથિયાર સુલભ હોય એવાં માતાપિતાએ સતત ચિંતા કે ધ્રુજારી જે અનુભવી હોય તેનો ખ્યાલ નિઃસંતાન માતાપિતાને હોતો નથી. તે તો અનુભવે જ સમજી શકાય એવી વાત છે.

ભારતીય સાંસ્કૃતિક પરંપરા પ્રમાણે તો પુત્ર સોળ વર્ષની ઉંમરનો થતાં પિતાના મિત્ર જેવો ગણાય છે. કહ્યું છે :

लालयेत पंच वर्षाणि दशवर्षाणि ताडयेत् ।

प्राप्ते तु षोडशे वर्षे पुत्रे मित्रवदाचरेत् ॥

બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી એનું લાલનપાલન કરવું; એને લાડ લડાવવા, પછીનાં દસ વર્ષ એને રીતભાત વગેરે શીખવવા, જોખમમાંથી બચાવવા ધાક રાખવી જોઇએ, જરૂર પડે તો મારવું પણ જોઇએ જ. પરંતુ દીકરો સોળ વર્ષનો થાય ત્યારે સમજણો થાય છે. સ્વતંત્ર રીતે વિચારતો થાય છે. કેટકેટલી બાબતમાં એનાં સલાહ-સૂચન કામ લાગે છે. સોળ વર્ષ પછી દીકરાને મારવાથી તે સામે થઇ જાય છે. હવે એનામાં શારીરિક તાકાત પણ આવી હોય છે. એટલે માબાપે મારવાનું છોડી દેવું જોઇએ. બહુ શિખામણ આપવાનું પણ છોડી દેવું જોઇએ. એની પાસેથી સારામાં સારું કામ લેવું હોય તો એને મિત્ર જેવો ગણવો જોઇએ.

વૃદ્ધાવસ્થામાં માતાપિતાએ પોતાની શારીરિક અને સ્વભાવગત મર્યાદા સમજી લેવી જોઇએ. જીવન સતત પરિવર્તનશીલ છે. નવી પેઢીને પોતાના જમાનાની ફૂટપટ્ટીથી માપવી ન જોઇએ. 'અમે આવા હતા અને તમે આવા થઇ ગયા' એમ કહી નવી પેઢીને ઉતારી પાડવાની વૃત્તિને સંયમમાં રાખવી જોઇએ. જૂની આંખે નવા તમાશા ઉદારતાપૂર્વક જોવા જોઇએ. અનિવાર્ય લાગે તો જ સૂચન કરવું, પણ આગ્રહી ન બનવું જોઇએ. નવી પેઢીના વિકાસમાં ઇરાદાપૂર્વક આડખીલીરૂપ ન થવું જોઇએ. સંઘર્ષના વિષયો ટાળતાં શીખવું જોઇએ અને વાત્સલ્ય અને ઉષ્માથી જીવનને સુસંવાદી બનાવવાની કલા હસ્તગત કરવી જોઇએ. 'આજના જુવાનિયાઓ બગડી ગયા છે' એવા ભ્રામક ખ્યાલોમાંથી મુક્ત બનવું જોઇએ. જ્યાં આવું થાય છે ત્યાં પુત્રનો ડર રહેતો નથી. એવા ઘરોમાં પુત્ર ઘડપણમાં લાકડીરૂપ બને છે.

પિતાના બધા જ વિચારો સાથે પોતે સંમત ન હોવા છતાં એમને એમનું જીવન એમની રીતે જીવવા દેવું જોઇએ એમ સાચી રીતે માનીને એમને સર્વ પ્રકારની અનુકૂળતાઓ કરી આપનાર સંતાનો પણ અનેક સ્થળે જોવા મળે છે. માતૃભક્તિ અને પિતૃભક્તિનાં જવલંત ઉદાહરણો પણ કેટકેટલાં જોવા મળે છે.

જેમને ડર જોઇતો નથી એમણે બીજાને ડરાવવાનું પહેલાં બંધ કરવું જોઇએ.

☐ રમણલાલ ચી. શાહ

---

# કરણ

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈનદર્શન તેના આગવા પારિભાષિક શબ્દોથી મશહુર છે. તેમાંનો એક શબ્દ છે 'કરણ'. કરણો ત્રણ છે. તેનાં નામ આ પ્રમાણે છેઃ યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ.

આ જગત અનાદિ અને અનંત છે એટલે કે તેનો આદિ નથી તેમજ તેનો અંત પણ નથી. તેને કોઇએ સર્જ્યું નથી. તેનો કોઇ અંત કરનાર નથી. પ્રવાહની જેમ તે ગતિશીલ છે. તેમાં બે મુખ્ય તત્ત્વો તે જીવ કે ચેતન અને જડ. ચેતન અને જડના સંયોગથી સંસાર છે. જડ એવા કર્મ કે કર્મવર્ગણાથી સંસાર છે. તે બંને છૂટા થઇ જાય અથવા તો જડ એવા કર્મના સંપર્કમાંથી, સમાગમમાંથી, સંયોજનમાંથી ચેતન એવો આત્મા મુક્ત થતાં તે ચેતન તત્ત્વ કર્મ બંધનમાંથી છૂટો થઇ મોક્ષપદે પહોંચે છે.

જૈનદર્શનમાં કર્મોના મુખ્ય આઠ ભેદો બતાવ્યા છે. તેમાંના ચાર ઘાતી કર્મો છે અને ચાર અઘાતી કર્મો છે. આત્માના મૂળ ગુણ-ધર્મોનો નાશ કરનાર, હ્રાસ કરનાર, ઘાત કરનાર હોવાથી તે ઘાતી તરીકે ગણાય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય ઘાતી કર્મો છે અને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર અઘાતી કર્મો છે. કર્મસંતાનવેષ્ટિત થવામાં તેના માટે પાંચ નિમિત્તો છે; જેવાં કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સરખી નથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોટાકોટિ સાગરોપમ પ્રમાણની છે, મોહનીયની સિત્તેર કોટાકોટિ સાગરોપમની છે, નામ અને ગોત્ર વીસ કોટાકોટિ સાગરોપમની સ્થિતિનું હોઇ શકે છે, જ્યારે આયુષ્યની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ પ્રમાણે હોઇ શકે છે. તેઓની જઘન્યમાં જઘન્ય સ્થિતિ આ પ્રમાણે છેઃ વેદનીયની બાર મુહૂર્ત માત્રની છે. નામ અને ગોત્ર આઠ મુહૂર્તની સ્થિતિવાળું છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, આયુષ્ય અને અંતરાય આ પાંચની સ્થિતિ અંતરમુહૂર્ત માત્રની હોય છે. સાતેય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૩૦ કોટાકોટિ સાગરોપમ વત્તા આયુષ્યની ૩૩ સાગરોપમની સ્થિતિ હોઇ શકે. શુભાશુભ ભાવ કે અધ્યવસાયાદિથી તેમાં સતત વધઘટ થતી જ રહે છે.

પાણીમાં કેટલાંક બહુ લીસા, ગોળ, ચળકતા નાના મોટાં પથ્થરો જોવા મળે છે. કોણે તેને આવા બનાવ્યાં ? કોઇએ નહીં. આપોઆપ ઘણાં વર્ષોથી અથડાતાં કુટાતાં, ઘસાતાં તે આવાં બન્યાં છે.

આત્માની સાતેય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૨૩૦ કોટાકોટિ સાગરોપમ વત્તા ૩૩ સાગરોપમની આપણે ઉપર જોઇ ગયાં તે આત્માને અનાદિકાલીન જડ કર્મોના સંયોગથી સર્વથા મુક્ત કરવા સૌથી પ્રથમ જરૂરિયાત છે ભવિતવ્યતાની, પછી કાળની, ત્યારબાદ કર્મ અને પુરુષાર્થની છે. જો ભવ્યત્વ સ્વભાવ ન હોય તો તે ભવિતવ્યતાવશથી જીવ વ્યવહારરાશિમાં આવે કાળની અનુકૂળતા ન પામે અને ભવ્યત્વ સ્વભાવ હોય છતાં પણ ભવિતવ્યતાની અનુકૂળતા વગર તો વ્યવહારરાશિમાં પણ આવી ન શકે. તો કાળ સાનુકૂળ થાય જ કેવી રીતે ? જો ભવ્યત્વ સ્વભાવ અને ભવિતવ્યતા અનુકૂળ

હોય તો વ્યવહાર-રાશિમાં તેને ગમે ત્યારે કાળની સાનુકૂળતા થવાની. જ્યાંસુધી કાળની અનુકૂળતા ન મળે ત્યાંસુધી કર્મોની કંઇક અનુકૂળતા મળવા છતાં પણ તે નિરર્થક નીવડવાની. કેમક કર્મની સાનુકૂળતા કોઇપણ રીતે અનાદિકાલીન જડ કર્મોને સર્વથા દૂર કરવાની ઇચ્છા પણ સમર્થ ન નીવડે.

જીવ જ્યારે ચરમાવર્તને પામે તે પછી જ કર્મની અનુકૂળતા ભવિતવ્યાદિ અનુકૂળ હોય તો તે કાર્યસાધક નીવડે. ચરમાવર્તમાં પણ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્ષય થયે શુદ્ધ ધર્મસ્વરૂપ સમ્યક્ત્વ જે કલ્પવૃક્ષ જેવું છે તેના બીજની જ પ્રાપ્તિ થાય. ચરમાવર્તકાળ માત્ર ભવ્યાત્માઓને જ પ્રાપ્ત થાય. પરંતુ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો હ્રાસ ભવ્યાત્માઓને જ થાય તેવું નથી; અભવ્યો તેમજ દુર્ભવ્યોને પણ પ્રાપ્ત થઇ શકે છે. ચરમાવર્તકાળમાં આવ્યા પછી જીવ અચરમાવર્તમાં જતો નથી ! કર્મોની વધઘટ થયા જ કરે તે ઉપર જોયું.

જીવ જ્યારે આઠેય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિમાં હોય ત્યારે તે દુષ્ટ આશયવાળો હોય છે. તેથી તે ધર્મ પામી શકતો નથી. પરંતુ આયુષ્યકર્મ સિવાયના કર્મોની સ્થિતિ એક કોટાકોટિ સાગરોપમની થાય ત્યારે જ તે સમ્યક્ત્વનું બીજ પામે. તે માટે અશુભ પરિણામ પ્રગટે નહીં, પ્રગટે તો તીવ્ર ન બને. શુભ પરિણામ થતું રહે, તીવ્ર બનતું રહે ત્યારે આત્મા ગુણસંપન્ન બની વધુ ને વધુ કર્મ નિર્જરા કરે છે.

અનાદિકાલીન કર્મસંતાનસંવેષ્ટિત જીવે દુર્લભ સમ્યક્ત્વને પામવા માટે સૌ પ્રથમ કર્મસ્થિતિ ઘટાડવી પડે. જ્યારે કર્મોની સ્થિતિ એક કોટાકોટિ સાગરોપમ જેટલી ઘટી જાય અને તેમાં પણ એક પલ્યોપમના અસંખ્ય ભાગ જેટલી ખપે ત્યારે કર્મલાઘવ પામેલો જીવ ગ્રંથિદેશે પહોંચેલો કહેવાય. તેથી વધારે સ્થિતિવાળો જીવ ગ્રંથિદેશે પણ પહોંચી શકતો નથી.

ગ્રંથિદેશે આવવા માટે યોગ્ય કર્મસ્થિતિની લઘુતા પોતાના ઇરાદાપૂર્વકના પ્રયત્નથી પ્રાપ્ત થતી નથી. નદીઘોળપાષાણ ન્યાયે તે પ્રાપ્ત થાય છે. આ સ્થિતિ યથાપ્રવૃત્તિકરણ દ્વારા એ કર્મ ખપતાં થઇ શકે છે. કેમકે અભવ્યો અને દુર્ભવ્યો ગ્રંથિદેશે આવી શકે છે. ભવ્ય જીવો ગ્રંથિભેદવાનો પુરુષાર્થ કર્મલઘુતા વગર કરી શકતા નથી. જિનેશ્વરોએ પ્રતિપાદિત શ્રુત-ચારિત્રાત્મક ધર્મ દ્રવ્યથી તે જીવો જ પામી શકે છે કે જે જીવો ગ્રંથિદેશે પહોંચવા જેટલી કર્મલઘુતા પામેલા હોય. જે જીવોની ભવિતવ્યતા સાનુકૂળ હોય, યથાપ્રવૃત્તિકરણ સુધી પહોંચેલા હોય તેઓ મોક્ષના અદ્વેષના યોગે દ્રવ્યથી ઉત્કટ ગણાતા સાધુપણું કેળવી નવગ્રૈવેયક સુધી આવી શકે છે, તથા નવપૂર્વના શ્રુતજ્ઞાનને પણ મેળવી શકે છે. અહીં શુદ્ધ ભાવની ખામીના લીધે વાસ્તવિક ફળ મળતું નથી. આવાં જીવો રાગદ્વેષના પરિણામે ત્યાં પણ અશુભ કર્મો ઉપાર્જે છે જે તેમને સંસારમાં ભટકાવનારા બને છે. તેથી ગ્રંથિદેશે આવ્યા પછી અપૂર્વકરણ પામવા જેટલી લાયકાત પ્રગટે તો ગ્રંથિદેશની અને તે પછીની પ્રાપ્તિ સફળ થાય. અભવ્યો સ્વભાવે જ એવા હોય છે કે ગ્રંથિદેશે આવ્યા પછી અપૂર્વકરણ પામવાની તેમની લાયકાત હોતી નથી. દુર્ભવ્યોને કાળની અપરિપક્વતા નડે છે. તેઓ સ્વભાવે મુક્તિગમનની યોગ્યતા હોવા છતાં પણ ગ્રંથિદેશાદિની પ્રાપ્તિ અપૂર્વકરણ પ્રગટાવવા જેટલી લાયકાત પ્રગટાવવા સફળ બનતી નથી. ભવ્યો પણ ત્યારે જ સફળ બની શકે કે જ્યારે ભવિતવ્યતાદિની અનુકૂળતા પ્રાપ્ત થઇ હોય.

ગ્રંથિદેશે પહોંચી જીવ આગળ વધી શકે તેમ પાછો પણ પડી શકે. અસંખ્યકાળે અહીં આવેલો જીવ આગળ વધી સમ્યક્ત્વાદિ ગુણો ઉપાર્જે અથવા પાછો હઠી જાય. અહીં આવેલો જીવ પુરુષાર્થ ન કરે, પ્રગતિ ન સાધે તો અસંખ્યાત કાળે તે પાછો જ પડે.

આગળ ઊહાપોહ કરીએ તે પહેલાં ગ્રંથિ શું છે તે સમજી લઇએ. ગ્રંથિ એટલે કર્મગ્રંથિ. કર્મગ્રંથિ શેની બનેલી હોય છે. જીવને સંસારમાં ભટકવાનું, રખડવાનું, એક યોનિમાંથી બીજી યોનિમાં જવાનું કારણ રાગદ્વેષની બનેલી ગ્રંથિ છે. આ ગ્રંથિ અત્યંત કઠોર, ગૂઢ, દુર્ભેદ્ય હોય છે. દ્વેષ કરતાં રાગ વધુ તીવ્ર હોય છે તેથી તીર્થંકરોને વીતરાગ કહ્યા છે નહીં કે વીતદ્વેષ. આ રાગ તે પાપોના બાપ મિથ્યાત્વ-મોહનીયનું પરિણામ છે, ફરજંદ છે. રાગદ્વેષની બનેલી આ કર્મગ્રંથિ ઉત્પન્ન થતી નથી પણ પ્રગટે છે, જે જીવ માત્રને અનાદિકાળથી હોય છે. આ ગ્રંથિ અપૂર્વકરણ દ્વારા ભેદાય છે. તેથી ગ્રંથિદેશે આવ્યા પછી તે ભેદવાનો પુરુષાર્થ કરવાનો છે.

જે ભવ્યાત્માઓ યથાપ્રવૃત્તિકરણ પામે છે તેઓમાં જ્યાંસુધી અપૂર્વકરણ પ્રગટે નહીં ત્યાંસુધી તેમાં જ વર્તતા હોય છે. સમ્યક્ત્વરૂપ શુદ્ધ ધર્મના બીજાદિની પ્રાપ્તિ પણ તેના દ્વારા જ થાય છે. જીવ ગ્રંથિદેશને યથાપ્રવૃત્તિકરણ દ્વારા પામે છે. ત્યારબાદ દ્રવ્યશ્રુત કે દ્રવ્યચરિત્ર પણ યથાપ્રવૃત્તિકરણ દ્વારા પ્રાપ્ત કરે છે. ચરમાવર્તકાળને પામેલો જીવ સમ્યક્ત્વના બીજાદિને યથાપ્રવૃત્તિકરણ દ્વારા જ પામે છે. આથી સમજી શકાય છે કે યથાપ્રવૃત્તિકરણ ચિત્રવિચિત્ર પ્રકારનું કરણ છે. અભવ્યોને, દુર્ભવ્યોને અને અપૂર્વકરણને નહીં પામેલા ભવ્યોને પણ યથાપ્રવૃત્તિકરણ હોય છે. ભવ્યાત્માઓ જ યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે આવ્યા પછી ભવિતવ્યતાદિના સુયોગે પુરુષાર્થ કરી અપૂર્વકરણ પામી શકે છે. અભવ્યો તથા દુર્ભવ્યોને એકમાત્ર યથાપ્રવૃત્તિકરણ સિવાય કોઇ પરિણામ હોતો નથી. ભવ્યાત્માઓને ત્રણે પરિણામો ઉપલબ્ધ થઇ શકે છે. ભવ્યાત્માઓ તે છે કે જેઓનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તથી અધિક નથી. આવા આત્માઓને ભવ્યાત્મા કહી શકાય. તેઓ ગ્રંથિદેશે આવ્યા પછી ભવિતવ્યાદિની સાનુકૂળતાએ પ્રગતિશીલ થઇ અપૂર્વકરણ દ્વારા રાગદ્વેષના ગાઢ પરિણામો રૂપી ગ્રંથિ ભેદી નાંખે છે. તેઓ ત્યારપછી જ અનિવૃત્તિકરણ દ્વારા સમ્યક્ત્વને પામે છે. ત્યારે તેઓનો સંસારકાળ વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તથી કંઇક ન્યૂન હોય છે.

યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે આવ્યા પછી જીવ અપૂર્વકરણ પામે તેવો નિયમ નથી. જીવ તે દ્વારા અનેકવાર ગ્રંથિદેશે આવે અને અપૂર્વકરણ ન પામ્યો હોય. અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ માટે તેમ નથી. ગ્રંથિદેશે આવ્યા વિના અપૂર્વકરણ ન પામી શકાય. જે જીવ ગ્રંથિદેશે આવ્યા પછી અપૂર્વકરણ પામે તેવો જીવ તે કરણ દ્વારા નિયમા ગ્રંથિને ભેદે અને તે ભેદી અનિવૃત્તિકરણ પણ પામે. તેવો જીવ સમ્યક્ત્વને પણ પામે જ. આ બે કરણો વગર કોઇ જીવ સમકિતી થઇ ન શકે. આથી શુદ્ધ ધર્મરૂપ સમ્યક્ત્વ પામવા અપૂર્વકરણ માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ.

અપૂર્વકરણ એટલે શું ? કરણ એટલે અધ્યવસાય કે પરિણામ. અપૂર્વ એટલે પૂર્વે પ્રાપ્ત નહીં થયેલો. અનાદિ મિથ્યાદષ્ટિ જીવને પૂર્વના અનંતકાળમાં આવો સુંદર પરિણામ પ્રાપ્ત થયો નથી. આવા વિશિષ્ટ કોટિના સુંદર પરિણામને અપૂર્વકરણ કહેવાય છે. રાગ-દ્વેષની ગૂઢ ગાંઠને ભેદવા આ પરિણામ સમર્થ નીવડે છે. અપૂર્વકરણ પ્રગટાવવા સહેલો ઉપાય શ્રી જિનેશ્વર દેવોએ પ્રતિપાદિત ધર્મક્રિયાઓનું બહુમાનપૂર્વક ગદ્ગદ્ દિલે એકાકાર, તન્મય, તદ્રૂપ થઇ યથાશક્ય સેવન કરવું જોઇએ. સમ્યક્ત્વ તેથી અપૂર્વકરણથી જ સાધ્ય છે. રાગ-દ્વેષ હોય છે. તેથી જીવે ધર્મને વિષે રાગને અને

પાપને વિષે દ્વેષને યોજવાનો પ્રયત્ન કરવાનો પુરુષાર્થ કરવો જોઇએ. કર્મોદયે વિષયકષાયની અનુકૂળતા પર રાગ અને પ્રતિકૂળતા પર દ્વેષ થઇ જાય. તેને પાતળા પાડવા તથા ઉખેડી નાંખવા પ્રયત્નશીલ થવું હિતાવહ છે. અપૂર્વકરણ પામેલો જીવ અનિવૃત્તિકરણ તરત જ પામે છે. અનિવૃત્તિકરણ પરિણામ આત્માના સમ્યક્ત્વ રૂપ પરિણામને ઉત્પન્ન કર્યા વગર રહી શકતો નથી.

સમ્યગ્દર્શન ગુણને પ્રગટ કરનારો જીવ યથા-પ્રવૃત્તિકરણ દ્વારા કર્મલાઘવ પ્રાપ્ત કરી ગ્રંથિદેશે આવે છે. પુરુષાર્થ કરી અપૂર્વકરણ પામી ઘન-રાગદ્વેષના પરિણામ સ્વરૂપ કર્મગ્રંથિ ભેદી જીવમાં જે પરિણામ પેદા થાય તે પરિણામ અનિવૃત્તિકરણ નામે ઓળખાય છે. આવો જીવ સમ્યક્ત્વના પરિણામને પામ્યા વિના પીછેહઠ કરતો નથી તેને અનિવૃત્તિકરણ કહે છે. અપૂર્વકરણ પછી સમ્યક્ત્વ મેળવ્યા વિના પાછો હઠતો નથી; પરંતુ તે તરત જ સમ્યક્ત્વના પરિણામને પામે તેવું ન પણ બને. અપૂર્વકરણ દ્વારા જીવે રાગદ્વેષની ગાંઠ ભેદી પરંતુ મિથ્યાત્વ મોહનીયનો વિપાકોદય ચાલુ છે તેથી તે ચાલુ હોય ત્યાં સુધી સમ્યક્ત્વનો પરિણામ પ્રગટી શકતો નથી.

અપૂર્વકરણ દ્વારા રાગદ્વેષની તીવ્ર ગાંઠ ભેદનારો જીવ અનિવૃત્તિકરણ દ્વારા એવી અવસ્થા પેદા કરે જેમાં મિથ્યાત્વ મોહનીયનો સર્વથા ઉદય જ ન હોય કે તેનો વિપાકોદય ન હોય. આ અવસ્થા અપૂર્વકરણ ન કરી શકે જ્યારે શુભ પરિણામ માત્ર અનિવૃત્તિકરણ જ કરી શકે છે.

અત્રે બે વિભિન્ન મતો પ્રવર્તે છે. એક મતમાં આ કાર્ય અપૂર્વકરણ કરે છે, બીજા મત પ્રમાણે તે અનિવૃત્તિકરણ કરે છે. મિથ્યાત્વ મોહનીયના જેટલાં દળિયા ઉદયમાં આવે તેને ખપાવી નાંખે છે, જે ઉદયમાં આવનારા હોય તેની સ્થિતિ ઘટાડી નાંખે છે. તે કાળમાં જ ઉદયમાં લાવી દે છે અથવા તો તેની સ્થિતિ વધારી દે છે કે જેથી તે કાળમાં ઉદયમાં જ ન આવે. વધારે સ્થિતિ કરેલા દળિયા ઉપશમ સમ્યક્ત્વના અંતમુહૂર્ત કાળમાં ઉદયમાં ન આવે. તેનો વિપાકોદય ન હોય કે પ્રદેશોદય ન હોય. બીજા મત પ્રમાણે આ કાર્ય અનિવૃત્તિકરણથી નહીં પણ અપૂર્વકરણથી સંપન્ન થાય છે. ફરી જોઇએ તો ત્રણ રીતનું કાર્ય થાય છે. મિથ્યાત્વમોહનીયના દળિયા ઉદયમાં જ ન આવે, અથવા તેની સ્થિતિ ઘટાડી નંખાય અને તેમ ન થાય તો તે સ્થિતિ વધારી દેવાય.

ત્રણ પ્રકારના દળિયા વિષે જોઇએ. મિથ્યાત્વ મોહનીયના દળિયાના ત્રણ પુંજ કરાય છે. મિથ્યાત્વ મોહનીયના સત્તાગત દળિયાં પૈકીના જેટલાંને શુદ્ધ કરાય એટલે કે મિથ્યાત્વરૂપી મળથી મુક્ત બનાવી શકાય તેને શુદ્ધ બનાવી દે. બાકીના દળિયાને અર્ધશુદ્ધ બનાવી શકાય તો અર્ધશુદ્ધ બનાવી દે. તે કર્યા પછીના અવશિષ્ટ દળિયાં અશુદ્ધ જ રહે.

આ રીતે ત્રણ પુંજના દળિયાને એક જે શુદ્ધ થયા તે સમ્યક્ત્વ મોહનીય તરીકે ઓળખાય, બીજો મિશ્ર કે અર્ધશુદ્ધને મિશ્રમોહનીય તરીકે અને ત્રીજો અશુદ્ધ પુંજ તે મિથ્યાત્વ મોહનીયનો પુંજ તરીકે ઓળખાય છે. મુહપત્તિના પડિલેહણમાં આમ બોલીએ છીએ કે સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું.

બે પ્રકારના મતાંતરો આ પ્રમાણે છે : એક મત પ્રમાણે અપૂર્વકરણ વેળાં જ મિથ્યાત્વ મોહનીયના ત્રણ પુંજ કરાય છે. જ્યારે બીજા મત પ્રમાણે તે અનિવૃત્તિકરણમાં થાય છે. અન્ય મતાંતરો આ પ્રમાણે છે; સમ્યક્ત્વના પરિણામને પામનારાં અનાદિ મિથ્યાદષ્ટિ દરેકે દરેક જીવ સૌ પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ જ પામે જ્યારે બીજા મત પ્રમાણે બધાં જ જીવો અનાદિ મિથ્યાત્વી પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ જ પામે એવો નિયમ નથી. આવાં જીવો ઔપશમિક સમ્યક્ત્વ પામ્યા વગર ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પામે. આવાં જીવો અનિવૃત્તિકરણ દ્વારા ક્ષાયોપશમિક સમ્યક્ત્વને જ પામે છે. બંને મતો એ વિશે સંમત છે કે ક્ષાયિક સમ્યક્ત્વ પામવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જ કાર્યરત થઇ શકે છે.

સંસારમાં અથડાતાં, કૂટાતાં ચાર ગતિના જીવો ઘણી વાર યથાપ્રવૃત્તિકરણ કરી પાછા પડી પણ જાય. જે જીવો આ પ્રયત્ન પોતાના પુરુષાર્થથી કરે છે, પેલો પ્રયત્ન નદીઘોળપાષાણ ન્યાય પ્રમાણે હતો. સ્વપુરુષાર્થના આ પ્રયત્નને શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કહેવાય. તેમાં સંસાર પ્રત્યે અણગમો, મોક્ષની રુચિ, મોક્ષની તાલાવેલી, પુદ્‌ગલાનંદી કે ભવાભિનંદીપણાને રામરામ, ધર્મ જાણવાની ઇચ્છા, ધર્મદાતા ગુરુ પાસે જઇ ધર્મશ્રવણેચ્છા, સાંભળેલા ધર્મનું ચિંતન અને મનન, જેમાં પુરુષાર્થ તો છે જ અને તેથી તેને શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કહેવાય. શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ પછી અપૂર્વકરણ, ત્યારબાદ અનિવૃત્તિકરણ પછી સમ્યક્ત્વ. સમ્યક્ત્વ પ્રગટ થયા પછી એક પુદ્‌ગલ પરાવર્તમાં મુક્તિ. જો તે જીવ સમ્યક્ત્વને વમી ન નાંખે તો અર્ધપુદ્‌ગલ-પરાવર્ત કરતાં અસંખ્યાત પલ્યોપમથી ન્યૂન એવા સમયમાં તેની મુક્તિ નિશ્ચિત.

જૈનદર્શને બે પ્રકારના ધર્મની વ્યવસ્થા કરી છે. ગૃહિધર્મ અને સાધુધર્મ. બંનેનું મૂળ સમ્યક્ત્વ છે. તે સહિત બંને પ્રકારના ધર્મનું વ્યક્તિ આરાધન કરે તેને સાચા સ્વરૂપમાં ધર્મારાધના કહી શકાય. આવું આરાધન જ આરાધક જીવને વાસ્તવિક ફળ આપનારું થઇ શકે છે. તેથી ધર્મારાધન કરવાની ઇચ્છાવાળા ભાગ્યશાળીઓએ સમ્યક્ત્વના પ્રગટીકરણનો પુરુષાર્થ કર્યા કરતા રહેવું જોઇએ. અને આ પુરુષાર્થ કર્મગ્રંથિને ભેદવાની દિશા તરફનો જ હોવો જોઇએ. જેઓ આ પ્રમાણે સમ્યક્ત્વ ગુણને પામ્યા હોય તેમણે સમ્યક્ત્વને દિન પ્રતિદિન વિશેષ ને વિશેષ નિર્મળ બનાવ્યા કરવાનો પ્રયત્ન અને પુરુષાર્થ કર્યા કરવો જોઇએ.

અહીં એક ચમત્કારિક ઘટના જોઇ લઇએ. અનાદિ મહામિથ્યાત્વી કોઈ જીવ જીવનના છેલ્લા અંતમુહૂર્તમાં યથાપ્રવૃત્તિકરણ કરે. શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કરે, અપૂર્વકરણ કરે, કર્મગ્રંથને ભેદે, અનિવૃત્તિકરણ પણ કરે, સમ્યક્ત્વ પામી વમી ન નાંખતા તેને શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમ કરી મોક્ષલક્ષ્મીને વરી પણ શકે. આ એક ચમત્કારિક ઘટનાની સંભાવના માત્ર છે.

❖❖❖

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના આજીવન સભ્ય કવિ શ્રી શૈલ પાલનપુરી (શ્રી શૈલશભાઈ હિંમતલાલ કોઠારી) ના ગઝલસંગ્રહ 'ઝૂરતો ઉલ્લાસ'ના વિમોચનનો કાર્યક્રમ શ્રી નવીનચંદ્ર દલપતલાલ મહેતાના સૌજન્યથી ગુરુવાર, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ તેજપાલ ઓડિટોરિયમ (ગોવાલિયા ટેંક, મુંબઈ) માં સાંજે ૭-૦૦ કલાકે યોજવામાં આવ્યો છે.**

**સંઘના સર્વ સભ્યોને પધારવા નિમંત્રણ છે.**

**નિરુબહેન એસ. શાહ**
**ધનવંતરાય ટી. શાહ**
મંત્રીઓ

# આચાર્યશ્રી આનંદશંકર-ધ્રુવની અર્થઘટનશક્તિ

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

સાલ ૧૯૩૮. સાક્ષરસત્તમ પ્રો. બ. ક. ઠાકોર અમદાવાદમાં એમના પરમ મિત્ર શ્રી રતિલાલ લાખિયાને બંગલે ઊતરેલા. પ્રો. અનંતરાય મ. રાવળ સાહેબના આદેશથી મારે મારો પ્રથમ કાવ્યસંગ્રહ નામે 'કાવ્યસંહિતા' પ્રો. ઠાકોરને ભેટ આપવા માટે જવાનું હતું. હું શ્રી લાખિયાને બંગલે ગયો. પ્રો. ઠાકોરની દેહયષ્ટિ જોઇ પ્રથમ તો હું ડઘાઇ ગયો ! બધો વિધિ પતી ગયા બાદ, મેં બંનેય મહાનુભાવોની જવાની અનુમતિ માગી એટલે પ્રો. ઠાકોર કહે :

'હવે જવાન ! તું ક્યાં જવાનો ?'

મેં કહ્યું : 'મારી હૉસ્ટેલ પર.'

એ કહે : 'મારે મારા મિત્ર આણંદશંકર ધ્રુવને બંગલે જવું છે. તું તારો ખભો ધીરીશ ?'

મેં કહ્યું : 'એક નહીં બે'...અને વાતો કરતા, ધીમે ધીમે અમો પ્રો. ધ્રુવ સાહેબના 'વસન્ત' બંગલે પહોંચ્યા. પાઘડિયાળી વિદ્વત્તા ને ગંભીરતાવાળા પ્રો. ધ્રુવની તુલનાએ મને પ્રો. ઠાકોર વાતોડિયા, ટીખળી ને રસિક લાગ્યા. માંડ પાંચેક મિનિટ હું બેઠો હોઇશ એ દરમિયાન, મેટ્રીક પછી કૉલજમાં જવાને બદલે નોકરીમાં બગાડેલાં મારા ત્રણ વર્ષનો કચવાટ સાંભળી પ્રો. ધ્રુવ સાહેબ કહે : 'Mr. Patel, Don't take life so seriouly. Take it as a huge joke.' પ્રો. ઠાકોરના મુખમાં શોભે એવા આ શબ્દો પ્રો. ધ્રુવ સાહેબના મુખેથી સાંભળી મને ખરેખર આશ્ચર્ય થયું !

કૉલેજકાળ દરમિયાન હું 'વસન્ત', 'પ્રસ્થાન', 'કુમાર', 'કૌમુદી' વગેરે માસિકો નિયમિત વાંચતો. કેટલોક કાળ 'સુદર્શન' અને 'વસન્ત'માં લગભગ અર્ધી સદી સુધી પ્રગટ થયેલા, ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષયક અભ્યાસપૂર્ણ નિબંધો 'આપણો ધર્મ'માં ગ્રંથસ્થ થયા છે. લગભગ આઠસો પાનાંવાળા આ દળદાર ગ્રંથની પ્રથમ આવૃત્તિ ઇ. સ. ૧૯૧૬, દ્વિતીય આવૃત્તિ ૧૯૨૦ અને તૃતીય આવૃત્તિ ૧૯૪૨માં થયેલી. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં તેમણે પુસ્તકના શીર્ષક અંગે લખેલું : 'આ પુસ્તકને મેં 'આપણો ધર્મ' એવું નામ આપ્યું છે તે એવા હેતુથી કે એ ધર્મમાં જેમને આપણાપણાનો ભાવ છે...અર્થાત્ જેઓનાં બુદ્ધિ-હૃદય એ ધર્મને બહારથી નહીં પણ અંતરમાં રહીને નીરખવા તત્પર છે-તેમને જ આ પુસ્તક કાંઇક ઉપયોગી થશે.' 'આપણો ધર્મ'ની ત્રીજી આવૃત્તિના 'ઊપોદ્ઘાત'માં પ્રો. રા. વિ. પાઠકે લખ્યું છે : 'આ ગ્રંથ વાંચતાં આનંદશંકરના ચિંતનનાં ચાર મુખ્ય લક્ષણો ધ્યાનમાં આવ્યા વિના નહિ રહે; વિશાલતા, સૂક્ષ્મતા, વિશદતા અને સમતા. આ ચારેય ગુણો બધા શાસ્ત્રીય ચિંતન અને નિરૂપણમાં આવશ્યક છે, પણ એ બધાનો આવો સુયોગ ક્યાંક જ જોવામાં આવે.'

મારી અંગત વાત કરું તો, 'આપણો ધર્મ' વાંચતાં મને, પ્રો. ધ્રુવની અર્થઘટનની આગવી શક્તિ-પ્રતિભાની ઊંડી પ્રતીતિ થઇ છે. કેટલાંક દૃષ્ટાંતોથી મારી વાત સ્પષ્ટ કરું. મહાભારતના યુદ્ધમાં આચાર્ય દ્રોણે કાળો કેર વર્તાવ્યો છે. સાચા બ્રાહ્મણ ધર્મને ભૂલી એ પરમ વીર ક્ષત્રિયને છાજે તેવું પરાક્રમ કરી રહ્યા છે. અર્જુન સિવાય કોઇપણ એમનો મુકાબલો કરી શકે તેમ નથી. કપટનીતિ આચર્યા વિના આચાર્યનો યુદ્ધપ્રકોપ શમે તેમ નથી. એટલે માલવરાજના કુંજર અશ્વત્થામાને ભીમે મારી નાખ્યો અને આ વાત જો દ્રોણને કાને પડે તો પોતાનો પ્રિય પુત્ર અશ્વત્થામા મરાયો છે સમજી તે ઢીલા પડે કે શસ્ત્રત્યાગ કરે. પણ ભીમ જો કહે કે અશ્વત્થામા મરાયો...તો ભીમનું કોઇ સાચું માને નહીં. આ વાત જો ધર્માવતાર યુધિષ્ઠિર કહે તો ૧૦૦% શ્રદ્ધેય ગણાય...એટલે યુધિષ્ઠિર બોલ્યા તો ખરા પણ 'નરો વા કુંજરોવા'ના દ્વૈધીભાવ સાથે. આ પ્રસંગનું અર્થઘટન કરતાં આચાર્યશ્રી ધ્રુવ કહે છે : 'અશ્વત્થામા મરાયો' એમ અસત્ય બોલતાં ભીમને જરા પણ સંકોચ આવતો નથી, યુધિષ્ઠિરને સંકોચ આવ્યો, પણ આખરે એ પણ બોલ્યો. ન બોલ્યો એક અર્જુન. આ ભેદનું શું કારણ ? આમાં મનુષ્ય સ્વભાવનું એક ગૂઢ તત્ત્વ કવિ તારવી આપે છે. આ પ્રમાણે ભીમ વૃત્તિના વેગને ઉપનિષદ જેને શ્રેય વિરુદ્ધ પ્રેય કહે છે તેને-જલદી તાબે થઇ જાય એ સ્વાભાવિક છે. યુધિષ્ઠિર ધર્મ (Law)નો અવતાર છે, પગલે પગલે કાર્યાકાર્યનો વિચાર કરીને ચાલનાર છે, પણ એને આ ધર્મબુદ્ધિ સિવાય વધારે ઊંચું અવલંબન નથી, અને તેથી એ આખરે ધર્મમાંથી ચ્યુત થાય છે. અર્જુન પરમાત્માનો સખા છે, ભક્ત છે. એની ભાવના ધર્મ (Law)ની નથી, પ્રેમ (Love)ની છે...અર્જુને નીતિની દરકાર કરી નથી, પણ ધીરત્વ કેળવ્યું છે અને પ્રભુ સાથે પ્રેમ બાંધ્યો છે-એ આ ક્ષણે યુધિષ્ઠિરના 'અધર્મભીરુત્વ' કરતાં પણ એને વધારે કામ આવે છે. મનુષ્ય મનુષ્યત્વ કેળવતાં જેવું દેવત્વ પ્રાપ્ત કરે છે, તેવું બુદ્ધિપૂર્વક દેવત્વ કેળવવા જતાં તે પ્રાપ્ત કરી શકતો નથી, બલ્કે એનો પાત થાય છે. પ્રભુ ! મને મનુષ્ય જ રાખો. પણ તમારો રાખો-એ કરતાં હું અધિક માગતો નથી'.

એવો પણ એક સમય હતો, જ્યારે કહેવાતું : 'કાના બિન ગાના નહીં'. મહાભારત, હરિવંશ, ભાગવત અને મધ્યકાલીન કવિઓના સાહિત્યમાંથી કૃષ્ણની બાદબાકી કરી નાખીએ તો શેષ શું રહે ?...પણ પુરાણ અંતર્ગત કૃષ્ણના નિરૂપણને નિશાન બનાવીને ખ્રિસ્તી પાદરીઓ અને પાશ્ચાત્ય કેળવણી પામેલા આપણા કેટલાક ઉત્સાહી સમાજ-ધર્મ-સુધારકો, એના જીવનની આકરી ને કઠોર ટીકા કરતા હતા. કૃષ્ણજીવનની લીલાના આવા કેટલાક પ્રસંગોનું આચાર્ય શ્રી ધ્રુવે આધ્યાત્મિક અર્થઘટન કરી બતાવ્યું છે જે વધુ કાવ્યાત્મક છતાંય પ્રતીતિકર લાગે છે. ભાગવતમાં કૃષ્ણ અને ગોપીઓના રાસની વાત આવે છે. એનું અર્થઘટન આચાર્યશ્રી આ રીતે કરે છે: 'સૂર્યરૂપ વિષ્ણુને મધ્યબિન્દુ રાખી એની આસપાસ જ્યોતિઓના રાસનો ઉલ્લેખ છે...કોઇ રાસમાં મધ્યસ્થાને એકલા કૃષ્ણને નહિ પણ કૃષ્ણ અને રાધાને રાખે છે. એનો અર્થ એ કે વિશ્વનું મધ્યબિન્દુ કેવળ બ્રહ્મ નહિ પણ શક્તિસમેત બ્રહ્મ છે. વળી રાસમાં કૃષ્ણ કેવળ મધ્યસ્થાને જ નહિ, પણ આસપાસ ફરતી, પ્રત્યેક ગોપી સાથે એક એક કૃષ્ણ, એવી કલ્પના પણ જોવામાં આવે છે. એનું તાત્પર્ય એ છે કે બ્રહ્મ એ વિશ્વનું કેવળ મધ્યબિન્દુ જ નહિ, પણ એનું પરિઘ પણ છે. અંગ્રેજીમાં કહે છે તેમ ઇશ્વર આ વિશ્વનું-'Both the Centre and the Circumference' છે. આનો હેતુ પરમાત્માના નિર્ગુણ અને સગુણ-પર અને અન્તર્યામી-ઉભય સ્વરૂપ નિર્દેશવાનો છે. વળી સૂર્યને એટલે કે-વિષ્ણુના પ્રતીકને-ઋગ્વેદ સંહિતાનાં 'સૂર્ય આત્મા જગત-સ્તસ્થુષશ્ચ'-આમ સૂર્યને સ્થિર અને જંગમ વસ્તુમાત્રનો આત્મા કહ્યો છે-એ જ કૃષ્ણના રાસની કલ્પના છે.'

કવિ પિટ્સની પ્રખ્યાત ઉક્તિ છે : 'Whatever of Philosophy has been made Poetry is alone

permanent'-કવિતાના સ્વાંગમાં અભિવ્યક્તિ પામેલું તત્ત્વજ્ઞાન જ ચિરંતન બને છે' અને ડીન ઈન્જ પણ કહે છે : 'Have not the profoundest intuitions of faith been often wrapped up in poetical myths and symbols...?' આના સમર્થનમાં આચાર્યશ્રીનું કવિતાના ગૌરીશંકરે આરોહણ કરતું અર્થઘટન જુઓ. 'મહાભારત પુરાણ આદિ ગ્રંથોમાં ઐતિહાસિક વૃત્તાન્તો નોંધાએલાં છે, પણ તે સાથે એ ગ્રંથોના કર્તાઓનો ઉદ્દેશ ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં સત્યોને સાહિત્ય સ્થાપત્ય આદિ કલા (Art)ની આકૃતિ આપીને ઉપદેશવાનો હતો. થોડાંક ઉદાહરણો જોઈએ. નટરાજની નૃત્ય અને સ્થિરતાની મૂર્તિમાં આ વિશ્વમાં જે સ્થિતિગતિનો-વેગ અને શાંતિનો-જે અદ્‌ભુત સમન્વય છે એ મૂર્તિમંત કરવાનો યત્ન છે. શ્વેત હંસ (ક્ષીર-નીર છૂટાં પાડતી વિવેકદૃષ્ટિ) ઉપર વિરાજતી સુંદર વીણા વગાડતી સરસ્વતીની કલ્પના થોડી જ્ઞાનવાહિની છે? પરમાત્મા નારાયણ (સર્વ જીવોનું જેમાં સ્થાન છે) એ સમુદ્ર ઉપર શેષ (પરમાત્માનો શેષ ભાગ, જે 'શેષ' હોઈને પણ અનન્ત-Infinite છે) ની શય્યા ઉપર સૂતા છે, લક્ષ્મીજી (God's Glory) એમના પગ આગળ શોભી રહ્યાં છે, એમની નાભિમાંથી બ્રહ્માંડરૂપ કમળ ઊગ્યું છે. એ ઉપર એ બ્રહ્માંડના મહાજીવરૂપ બ્રહ્મા બેઠા છે, અને ચૌદિશ 'વેદ' અર્થાત્ જ્ઞાન પ્રસારે છે-એ કલ્પના પણ થોડી ભવ્ય અને બોધક નથી. ધર્મ કે તત્ત્વજ્ઞાન કેવળ બુદ્ધિના વિષય નથી, હૃદય અને કલ્પનાશક્તિ જગાડી એ ધારા અનુભવમાં ઉતારવાની એ વસ્તુ છે, એ ગંભીર સત્યના નિદર્શનરૂપે આપણાં પૂર્વજ મહર્ષિઓએ પુરાણોની રચના કરી છે.

'આપણો ધર્મ'માં, સિદ્ધાંત નિરૂપણ કરતાં ચૌદ વાર્તિકોમાં અર્થઘટનશક્તિનાં સુપેરે દર્શન થાય છે.

દૃષ્ટાંતો આપવાં હોય તો પ્રત્યેક વાર્તિકમાંથી મળી શકે તેમ છે પણ 'દેવાસુર-સંગ્રામ'માંથી નમૂના રૂપે એક જોઈએ. અત્રે 'દેવ અને અસુર' એ આપણી શુભ અને અશુભ વૃત્તિઓનાં રૂપક છે-એ તો સર્વવિદિત છે; પણ એ દેવાસુર સંગ્રામની વિશેષ હકીકતમાં ઊતરતાં, કેટલોક વધારે ઝીણો બોધ મળી શકે છે, જે વિચારવા જેવો છે. વૃત્ત અને ઈન્દ્ર વચ્ચેનું યુદ્ધ એ આવરણરૂપ અજ્ઞાન અને જીવાત્મા વચ્ચેનું યુદ્ધ છે. સ્વાર્થત્યાગ (દધીચઋષિ) વિના પાપ (વૃત્ર)નો નાશ સંભવતો નથી એટલું જ નહિ પણ વિશેષમાં, 'ઈન્દ્ર' (જીવાત્મા-સ્યન્દ્ इन्द ઉપરથી જેના ઉપરથી, વળી ઈન્દ્રિય શબ્દ પણ થયો છે) 'વિષ્ણુ' (સર્વવ્યાપક પરમાત્મા, વિશ્ ધાતુ ઉપરથી)ના સામર્થ્ય થકી જ 'વૃત્ર દૈત્ય' (દો ખંડ-કકડો કરવો, અને વૃ-આચ્છાદન કરવું ઉપરથી ખંડ-દૈતબુદ્ધિજન્ય આવરણરૂપ અજ્ઞાન પાપવૃત્તિનો) સંહાર કરવા શક્તિમાન થાય છે. કારણ સ્પષ્ટ છે. આત્મામાં કાંઈપણ બ્રહ્મભાવ પ્રગટે ત્યારે જ એ અજ્ઞાન-પાપ ઉપર જય મેળવી શકે છે. જીવાત્મા ક્ષણવાર પાપ સામે ઊભો રહે પણ જ્યાં સુધી એમાં જીવભાવ-અહંભાવ કાયમ છે અને સર્વાત્મભાવ આવ્યો નથી, ત્યાંસુધી પાપને સંહારવા એ અશક્ત છે. અદ્વૈતભાવના એ જ એક એવો મંત્ર છે, કે જે વડે પાપવૃત્તિ ઉપર ખરેખર જય મેળવાય, અને એને મૂળમાંથી ઉચ્છિન્ન કરી શકાય. ટૂંકામાં, 'ઈન્દ્ર'માં 'વિષ્ણુ' પ્રગટાવવા, પાપ સામે યુદ્ધમાં ઊતરનાર આત્મબળવાળા જીવમાં સર્વાત્મભાવ ઉપજાવવો એ જ, 'આસુરી સંપત્'ના વિનાશનું ખરું સાધન છે.'

અર્થઘટનમાં આવાં કેટલાંક દૃષ્ટાંતો, એમના કેટલાંક લેખો અને પ્રવચનો જેવાં કે 'યુધિષ્ઠિરનું અસત્યકથન', પશ્ચિમના Sermons પ્રકારના વાર્તિકો, 'શ્રી મહાભારતનું ઉપદેશ-રહસ્ય', 'સૂત્રકૃતાંગ'-'મહાવીર સ્વામીનો સંયમ ધર્મ' એ શ્રીયુત ગોપાળદાસ જીવાભાઈના પુસ્તકની પ્રસ્તાવના, 'જૈન અને બ્રાહ્મણ' જૈન ધર્મ પ્રસારક સભાના સુવર્ણ મહોત્સવમાં પ્રમુખપદેથી આપેલું ભાષણ અને બનારસ તથા મદ્રાસમાં અનુક્રમે આપેલાં Second Indian Philosophycal Congress અને fourth Indian Philosophycal Congressમાં પ્રમુખપદેથી આપેલાં અંગ્રેજી પ્રવચનોમાં પણ જોઈ શકાય છે.

આચાર્યશ્રીમાં આ અદ્‌ભુત શક્તિ આવી ક્યાંથી ? એક તો કુટુંબના પરંપરાગત સંસ્કાર, 'આપણો ધર્મ' અર્પણ કરતાં પિતાજીના સંસ્કારોનું ઋણ સ્વીકારતાં લખે છે : 'જેમના જૂની રીતિના પણ સાચા અને વિશાળ મનના ધર્માચારમાં મને વેદ, સ્મૃતિ અને પુરાણ, જ્ઞાન ભક્તિ અને કર્મ-એ ત્રિપુટીઓમાં અખંડાકારે બંધાતું 'આપણો ધર્મ'નું સમગ્ર સ્વરૂપ પ્રથમ અનુભવમાં આવ્યું:

આ તો થયો કૌટુંબિક સંસ્કારવારસો પણ જૂની રીતિના સાચા ને વિશાળ મનના ધર્માચારમાં, પાશ્ચાત્ય કેળવણીને પ્રતાપે અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના પ્રગટ પરિશીલનના સંસ્કાર પણ ભળ્યા...! 'આપણો ધર્મ'ની પ્રથમ આવૃત્તિની 'પ્રસ્તાવના'માં આ વાતનો એકરાર કરતાં તેઓ લખે છે : 'હું જે પ્રાચીન ધર્મમાં ઊછર્યો છું તેમાં જ મારા ઘણાખરા વાચક ભાઈઓ પણ ઊછર્યા છે, અને હું જે કેળવણી-સંસ્કૃત અને અંગ્રેજી-પામ્યો છું તે જ એ ભાઈઓ પણ પામ્યા છે. અને તેથી સ્વ. ગોવર્ધનભાઈ 'સરસ્વતીચંદ્ર'ના ૪થા ભાગના 'ઉપોદ્ઘાત' માં જે વિચારની ત્રિવેણી (૧. પ્રાચીન પૂર્વ, ૨. અર્વાચીન પૂર્વ, ૩. પશ્ચિમ) બતાવે છે તે ઉભયને સમાન છે. એવી સ્થિતિમાં, જેમ મને આપણા ધર્મ ઉપર ચિંતન કરતાં અનેક વિચારો આવે છે-ગૂંચવણો પડે છે, સમાધાનો થાય છે, મૂંઝવણો રહે છે તેમ એમને પણ થતું હશે. અને એવા 'સમાનધર્મી' વાચકો ઘણા હશે એમ ધારી આ સંગ્રહ સુલભરૂપે પ્રસિદ્ધ કરવાનું મેં યોગ્ય ધાર્યું છે.'

❖ ❖ ❖


## સંઘનાં નવાં પ્રકાશનો

**ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત**

(૧) પાસપોર્ટની પાંખે રૂા. ૧૫૦

(૨) પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન રૂા. ૧૫૦

(૩) ગૂર્જર ફાગુસાહિત્ય રૂા. ૧૦૦

(૪) સાંપ્રત સહચિંતન-ભાગ ૧૧ રૂા. ૩૦

**પ્રો. તારાબહેન શાહ લિખિત**

(૧) આપણા તીર્થંકરો (ત્રીજી આવૃત્તિ) રૂા. ૧૦૦

(૨) આર્ય વજ્રસ્વામી રૂા. ૧૦


માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

# પ્રબુદ્ધ જીવન

તંત્રી : રમણલાલ ચી. શાહ

ષષ્ટિપૂર્તિ
વિશેષાંક
ડિસેમ્બર
૧૯૯૯

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જૈન

તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર




પ્રબુદ્ધ જૈન.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
## સંઘના મુખપત્રના વિકાસની તવારીખ

☐ મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

વ્યવસ્થાપક : જમનાદાસ અમરચંદ ગાંધી

(તા. ૩૧-૮-૨૯ થી તા. ૨૮-૯-૨૯)

☐ મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી

(તા. ૫-૧૦-૧૯૨૯ થી તા. ૨૨-૧૦-૧૯૩૨)

☐ પ્રબુદ્ધ જૈન

તંત્રી : ચંદ્રકાન્ત વી. સુતરીઆ

(તા. ૨૯-૧૦-૧૯૩૨ થી તા. ૧૧-૩-૧૯૩૩)

☐ પ્રબુદ્ધ જૈન

તંત્રી : રતિલાલ સી. કોઠારી

સહતંત્રી : કેશવલાલ મંગળચંદ શાહ

(તા. ૨૫-૩-૧૯૩૩ થી તા. ૯-૯-૧૯૩૩)

નોંધ : બ્રિટિશ સરકારે જામનગીરી માંગી. સંઘે તે ન આપી અને મુખપત્રનું પ્રકાશન બંધ કર્યું.

☐ તરુણ જૈન

તંત્રી : ચંદ્રકાન્ત સુતરીઆ

(તા. ૧-૧-૧૯૩૪ થી તા. ૧૬-૭-૧૯૩૪)

☐ તરુણ જૈન

તંત્રી : મણિલાલ મોહોકમચંદ શાહ

(તા. ૧-૮-૧૯૩૪ થી તા. ૧-૫-૧૯૩૫)

☐ તરુણ જૈન

તંત્રી : તારાચંદ કોઠારી

(તા. ૧૫-૫-૧૯૩૫ થી તા. ૧૫-૭-૧૯૩૬)

☐ તરુણ જૈન

તંત્રી : ચંદ્રકાન્ત સુતરીઆ

(તા. ૧-૮-૧૯૩૬ થી તા. ૧-૮-૧૯૩૭)

☐ પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોહોકમચંદ શાહ

(તા. ૧-૫-૧૯૩૯ થી તા. ૧૫-૪-૧૯૫૧)

(મણિલાલ મોહોકમચંદ શાહના તંત્રીપદ દરમિયાન 'પ્રબુદ્ધ જૈન' ના સંપાદનની જવાબદારી પરમાનંદ કુંવરજી કાપડિયાને, ત્યાર પછી જટુભાઈ મહેતાને અને ત્યાર પછી ધીરજલાલ ધનજીભાઈ શાહને અનુક્રમે સોંપાઇ હતી.)

☐ પ્રબુદ્ધ જૈન

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

(તા. ૧-૫-૧૯૫૧ થી તા. ૧૫-૪-૧૯૫૩)

☐ પ્રબુદ્ધ જીવન

('પ્રબુદ્ધ જૈન' વર્ષ-૧૪, અંક-૧, તા. ૧લી મે, ૧૯૫૩)

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

(તા. ૧-૫-૧૯૫૩ થી તા. ૧૬-૪-૧૯૭૧)

☐ પ્રબુદ્ધ જીવન

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

(તા. ૧-૫-૧૯૭૧ થી તા. ૧-૪-૧૯૮૧)

☐ પ્રબુદ્ધ જીવન

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

સહતંત્રી : રમણલાલ ચી. શાહ

(તા. ૧૬-૪-૧૯૮૧ થી તા. ૧૬-૧૧-૧૯૮૨)

☐ પ્રબુદ્ધ જીવન (પાક્ષિક અને પછી માસિક)

તંત્રી : રમણલાલ ચી. શાહ

(તા. ૧૬-૧૨-૧૯૮૨ થી તા. ૧૬-૧૨-૧૯૮૮ સુધી પાક્ષિક. તા. ૧-૧-૧૯૮૯ થી માસિક)

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૧૦ ● અંક : ૧૨ ● ● તા. ૧૬-૧૨-૯૯ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## 'પ્રબુદ્ધ જીવન'ની છ દાયકાની યાત્રા

શ્રી મંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' (પૂર્વ નામ 'પ્રબુદ્ધ જૈન')નાં પ્રકાશનને આ ડિસેમ્બર ૧૯૯૯ના અંક સાથે સાઠ વર્ષ પૂરાં થાય છે. સંસ્થાના એક વૈચારિક મુખપત્રનું, જાહેરખબર ન લેવાની નીતિ સહિત સતત છ દાયકા સુધી પ્રકાશિત થવું એ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસની એક વિરલ નોંધનીય ઘટના ગણાય. એના પાયામાં સમર્થ, સંનિષ્ઠ, દૃષ્ટિસંપન્ન પુરોગામીઓનું તપ રહેલું છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના માટે ઇ. સ. ૧૯૨૮ના નવેમ્બરમાં મુંબઈમાં કેટલાક યુવકોની એક બેઠક થઈ હતી. તે સમયના કાર્યકર્તાઓએ સંસ્થાની સ્થાપના માટે યોજેલી પહેલી બેઠકમાં સંસ્થાનું નામ 'ધી જૈન યુથ લીગ-મુંબઈ'એ પ્રમાણે રાખ્યું હતું. પરંતુ ત્યારપછી થોડાક મહિનામાં, ૧૯૨૯માં સંસ્થાનું બંધારણ જ્યારે ઘડવામાં આવ્યું ત્યારે એ ઈંગ્લિશ નામને બદલે ગુજરાતી નામ 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' એવું રાખવામાં આવ્યું.

ત્યારપછી સંસ્થાના કાર્યકર્તાઓને સંસ્થાનું એક મુખપત્ર શરૂ કરવાની આવશ્યકતા જણાઈ. એટલે તેઓએ તે પ્રમાણે નિર્ણય કર્યો. તે અનુસાર ઇ. સ. ૧૯૨૯માં 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' નામનું એક સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું હતું. એ લગભગ બે વર્ષ સુધી પ્રગટ થતું રહ્યું હતું. આરંભમાં તેના વ્યવસ્થાપક તરીકે અને ત્યારપછી તેના તંત્રી તરીકેની જવાબદારી સ્વ. જમનાદાસ અમરચંદ ગાંધીએ બજાવી હતી. એટલે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રના આદ્યતંત્રી સ્વ. જમનાદાસ અમરચંદ ગાંધી હતા એ વાતની બહુ ઓછાને ખબર હશે !

આ સાપ્તાહિક પત્રિકા બે વર્ષ ચાલી હતી. એ બંધ થયા પછી ઇ. સ. ૧૯૩૩માં થોડાક સમય માટે સંસ્થાના મુખપત્ર તરીકે 'પ્રબુદ્ધ જૈન'ના નામથી એક સાપ્તાહિક શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીના તંત્રીપણા હેઠળ શરૂ કરવામાં આવેલું; દેશની આઝાદીની લડતના એ દિવસો હતા. ત્યારે સાહિત્ય પણ સ્વતંત્રતાની ભાવનાવાળું પ્રગટ થતું. 'પ્રબુદ્ધ જૈન'માં 'અમર અરવિંદ' નામની એક વાર્તા પ્રગટ થયેલી. એમાં બ્રિટિશ શાસનની વિરુદ્ધ વિચારો વ્યક્ત થયેલા. આઝાદીની લડતના એ દિવસોમાં બ્રિટિશ સરકારની દૃષ્ટિએ એ વાર્તા વાંધાજનક જણાઈ હતી. સરકારે એ વખતે ચેતવણી આપવા સંઘ પાસે જામીનગીરી માંગી. પરંતુ જામીનગીરી ભરવા કરતાં સંઘે સાપ્તાહિકનું પ્રકાશન બંધ કરવાનું નક્કી કર્યું. હવે 'પ્રબુદ્ધ જૈન'ના નામથી પ્રકાશન થઈ શકે એમ નહોતું એટલે ઇ. સ. ૧૯૩૪માં 'તરુણ જૈન' નામથી સંસ્થાનું એક મુખપત્ર ફરીથી શરૂ કરવામાં આવ્યું હતું. તેના સંપાદક તરીકે શ્રી ચંદ્રકાન્ત સુતરિયા, શ્રી મણિલાલ મોકમચંદ શાહ અને શ્રી તારાચંદ કોઠારીએ સેવા આપી હતી. ત્રણેક વર્ષ 'તરુણ જૈન'નું પ્રકાશન ચાલ્યું હતું.

આમ, લગભગ એક દાયકા સુધી સંઘની પ્રવૃત્તિઓમાં અને તેના મુખપત્રમાં કેટલાક ફેરફારો થતા રહ્યા. ઇ. સ. ૧૯૩૯માં સંઘની નવરચના થઈ. હવે સંજોગો બદલાયા હતા. એટલે તા. ૧-૫- ૧૯૩૯થી સંસ્થાના મુખપત્ર તરીકે ફરીથી 'પ્રબુદ્ધ જૈન' નામનું પાક્ષિક શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ મુખપત્રનું પ્રકાશન ત્યારથી સળંગ છ દાયકાથી વધુ સમય માટે એકધારું ચાલુ રહ્યું છે. (ઇ. સ. ૧૯૪૨ના ઑગસ્ટમાં Quit Indiaના આંદોલન વખતે સંઘના કેટલાક કાર્યકર્તાઓ જેલમાં હોવાને કારણે 'પ્રબુદ્ધ જૈન'નું પ્રકાશન ચારેક મહિના માટે સંજોગવશાત્ બંધ રહ્યું હતું.)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આરંભકાળથી જ મુખપત્ર તો પ્રગટ થતું રહ્યું હતું, પરંતુ આરંભનાં દસ વર્ષ અનિયમિતતાનાં, મુખપત્રના ફેરફારોનાં, સાપ્તાહિકમાંથી પાક્ષિક કરવાનાં અને તંત્રીઓની વારંવાર બદલીનાં વર્ષો હતાં. સંઘની સ્થાપના ઇ. સ. ૧૯૨૯માં થઈ એ સમયે એના યુવાન કાર્યકર્તાને પોતાનો બુલંદ અવાજ લોકો સુધી પહોંચાડવો હોય તો એક મુખપત્રની આવશ્યકતા રહે છે એમ સાચી રીતે સમજાયું હતું. મુખપત્રથી જ સભ્યોનો સંપર્ક, લોકોનો સંપર્ક અને વિચારોનો પ્રચાર વધુ થઈ શકે છે. એટલે આ શક્તિશાળી અને ઉપયોગી માધ્યમને એના આરંભકાળથી જ બિનવ્યાવસાયિક ધોરણે સ્વીકારવામાં આવ્યું હતું. સંઘને માટે એ સર્વથા યોગ્ય, ઉચિત અને સમયાનુરૂપ હતું. પડકારરૂપ આ ઘટનાને સંઘે ઝીલી લીધી અને પોતાની સંઘશક્તિ વડે એ પત્રને જે રીતે ગૌરવભેર ચલાવ્યું છે એમાં એની સત્ત્વશીલતા, નિષ્ઠા અને દીર્ઘદર્શિતા નિહાળી શકાય છે.

ઇ. સ. ૧૯૩૯માં 'પ્રબુદ્ધ જૈન' ફરીથી પ્રગટ થયું ત્યારે તેના તંત્રી તરીકેની જવાબદારી શ્રી મણિલાલ મોકમચંદ શાહે સ્વીકારી હતી અને શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેના સમગ્ર સંપાદનની જવાબદારી ઉઠાવી હતી. સ્વ. મણિભાઈના અવસાન પછી ઇ. સ. ૧૯૫૧થી શ્રી પરમાનંદ કાપડિયાએ 'પ્રબુદ્ધ જૈન'ના તંત્રી તરીકે જવાબદારી સ્વીકારી હતી, જે એમણે જીવનના અંત સુધી સારી રીતે વહન કરી હતી.

ભારતને સ્વતંત્રતા મળ્યા પછી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ફક્ત જૈનોની સંસ્થા ન રહેતાં સાર્વજનિક સંસ્કારલક્ષી સંસ્થા બની ગઈ. જૈનેતર વ્યક્તિઓ પણ સંસ્થાની સભ્ય બનવા લાગી. એથી ઇ. સ. ૧૯૫૩માં સુપ્રસિદ્ધ ગાંધીવાદી લેખક અને ચિંતક કાકા કાલેલકરની ભલામણથી 'પ્રબુદ્ધ જૈન'નું 'પ્રબુદ્ધ જીવન' એવું નવું નામાભિધાન રાખવામાં આવ્યું હતું. ' જૈન' અને 'જીવન' શબ્દમાં વર્ણાક્ષરની દૃષ્ટિએ પણ સામ્ય રહેલું છે. એથી જ 'પ્રબુદ્ધ જીવન' નામ સાડા ચાર દાયકાથી પ્રચલિત બની ગયું હોવા છતાં સંઘના જૂના સભ્યો

પોતાના એ સમયના સંસ્કારોને કારણે હજુ પણ ક્યારેક 'પ્રબુદ્ધ જીવન'ને બદલે 'પ્રબુદ્ધ જૈન' બોલતા સાંભળવા મળે છે.)

સંસ્થાના એક પાક્ષિક મુખપત્ર તરીકે અર્ધી સદી કરતાં વધુ સમય સુધી, છ દાયકા સુધી ચાલુ રહેવું એ એની જેવીતેવી સિદ્ધિ ન ગણાય. આ મુખપત્રમાં પહેલેથી જ કોઈપણ પ્રકારની જાહેરખબર ન લેવાનો ઠરાવ થયેલો હતો એટલે જાહેરખબર વિના પાક્ષિક પત્રે દીર્ઘ કાળ સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું એ જ એના માટે ઘણો વિકટ પ્રશ્ન ગણાય. અર્ધા સૈકાથી વધુ સમયથી નિયમિત પ્રકાશિત થતાં રહીને 'પ્રબુદ્ધ જીવને' જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે એને ગૌરવ અપાવનારી છે. વર્તમાન સમયમાં કોઈપણ સામયિક માટે જાહેરખબર એની જીવાદોરી ગણાય છે. જાહેરખબરો વગર, માત્ર સભ્યોના લવાજમમાંથી સામયિક ચલાવવું એ સરળ નથી. વળી, જૈન યુવક સંઘે જ્યારે નીતિ અપનાવી ત્યારે એની સભ્યસંખ્યા પણ સો-દોઢસોથી વધુ નહોતી. એ સંજોગોમાં, જાહેરખબર ન લેવી, પણ જે ખોટ આવે તે સંસ્થાએ અને સભ્યોએ ભોગવી લેવી અને એ માટે સંસ્થાના કાર્યકર્તાઓએ સભ્યો, મિત્રો, ચાહકોમાંથી આર્થિક સહાય મેળવવી એવી એણે એ જમાનામાં અપનાવેલી નીતિ આદર પ્રેરે એવી છે.

સામયિકોમાં જાહેરખબર લેવામાં કશું અયોગ્ય નથી એવો પણ એક મત છે. દૈનિક પત્રો તો જાહેરખબર વગર વધુ સમય જીવી ન શકે. અલબત્ત જાહેરખબર દ્વારા બીજેથી આર્થિક સહકાર લેવા જતાં સામયિકની સ્વતંત્રતા, તટસ્થતા, નિર્ભયતા અને કક્ષા ક્યારેક જોખમાય છે. સામયિકને જાહેરખબર આપનાર કોઈક શ્રીમંતની, કંપનીની કે સંસ્થાની શેહમાં તણાવું પડે અને આત્મશ્લાઘાયુક્ત કે સસ્તી પ્રસિદ્ધિવાળું અથવા વિવાદાસ્પદ કે અન્યત્ર છપાઈ ગયેલું કે નિઃસત્ત્વ, જાહેરખબરિયા જેવું લખાણ કે એવી કોઈ સામગ્રી દબાણને વશ થઈ છાપવી પડે કે અયોગ્ય પક્ષ લેવો પડે કે મત વ્યક્ત કરવો પડે એવો સંભવ રહે છે. એટલા માટે સામયિકમાં જાહેરખબર ન લેવાનો આદર્શ ગાંધીજીએ 'નવજીવન', 'યંગ ઈન્ડિયા', 'હરિજન બંધુ' વગેરે પત્રો દ્વારા સિદ્ધ કરી બતાવ્યો. ગાંધીજીની એ ભાવના અનુસાર અને ગાંધીજીએ ઉપાડેલી રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનારા જૈન યુવક સંઘના તે સમયના સભ્યોએ 'પ્રબુદ્ધ જીવન'ને પ્રકાશિત કરવામાં જે નીતિ ઘડી તેમના પાયામાં તેમની સ્વતંત્રતાની, તટસ્થતાની, નીડરતાની અને સ્વાર્પણની ભાવના રહેલી હતી. એના તપના પ્રભાવે 'પ્રબુદ્ધ જીવન' છ દાયકા સુધી ટકી શક્યું છે. વળી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીઓએ એના આરંભકાળથી આજ દિવસ સુધી કશું પણ વેતન કે પુરસ્કાર લીધા વગર માનાર્હ સેવાઓ આપી છે. સામાજિક, રાજકીય, ધાર્મિક ઈત્યાદિ ક્ષેત્રોના સંવેદનશીલ પ્રશ્નો પરત્વે પોતાના મુક્ત અને પ્રામાણિક વિચારો વ્યક્ત કરવાની બાબતમાં કેટલાક સવેતન તંત્રીઓને કંઈક અંશે જે નૈતિક અને વ્યવહારિક મર્યાદાઓ રહે છે તે માનાર્હ તંત્રીને રહેતી નથી. માટે જ 'પ્રબુદ્ધ જીવન' પોતાનું અસ્તિત્વ આજ દિવસ સુધી, ક્યારેક વિષમ સંજોગો હતા તો પણ, ખુમારીથી ટકાવી શક્યું છે. ગુજરાતી સામયિકોના ઈતિહાસમાં આ એક સીમાચિહ્નરૂપ બની રહે એવી ઘટના છે.

'પ્રબુદ્ધ જીવન' સૌ પ્રથમ એક સંસ્થાનું મુખપત્ર છે અને ત્યારપછી એક સાર્વજનિક સામયિક છે. આ મુખપત્રના આરંભકાળમાં સંઘની પ્રવૃત્તિઓના સમાચાર કે અહેવાલોને મુખ્ય સ્થાન રહેતું. અન્ય જૈન સંસ્થાઓના સમાચારો અને અહેવાલો પણ એમાં પ્રગટ કરવામાં આવતા અને સાથે સાથે જૈન સમાજના કેટલાક મહત્ત્વના પ્રશ્નો પરત્વે વિચારપ્રેરક લખાણ પ્રગટ થતું. ક્રમે ક્રમે ચિંતનાત્મક લેખોનું પ્રમાણ વધતું ગયું. સંસ્થાકીય સમાચારો અને અહેવાલોનું પ્રમાણ ઓછું થતું ગયું. આ રીતે જૈન સમાજમાં એક ઉચ્ચ સ્તરના વિચારપત્ર તરીકે 'પ્રબુદ્ધ જીવને' મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું. આથી જૈન સમાજની અન્ય સંસ્થાઓના મુખપત્ર કરતાં 'પ્રબુદ્ધ જીવન'નું સ્થાન સામયિકોના ક્ષેત્રે અને સાહિત્યના ક્ષેત્રે વિશિષ્ટ કોટિનું બની રહ્યું.

જૈન યુવક સંઘના મુખપત્રના પ્રથમ અંકથી તે વર્તમાન સમય સુધીની ફાઈલો ઉપર નજર ફેરવતાં એના મુખપત્રની વિકાસની ગતિનો એક ગ્રાફ જોવા મળે છે. સાઠ-સિત્તેર વર્ષના સમયમાં સમાજ, દેશ અને દુનિયામાં કેવાં કેવાં પરિવર્તનો થતાં ગયાં અને તેમાં કેવાં કેવાં પરિબળોએ કામ કર્યું, તેનો પડઘો સંઘના આ મુખપત્રમાં પડતો રહ્યો છે. એથી આ મુખપત્રનું એક ઐતિહાસિક દસ્તાવેજી મૂલ્ય પણ રહે છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના (અને તેમાં પણ તપગચ્છના) થોડાક યુવાનોએ ભેગા મળીને તે સમયે બાળદીક્ષા, અયોગ્ય દીક્ષા, સાધુઓના શિથિલાચાર વગેરે સામે જેહાદ ઉપાડી હતી. એમનું બળ ઘણું મોટું હતું, પણ કાર્યક્ષેત્ર મર્યાદિત સ્વીકારવું પડ્યું હતું. સમય જતાં, એકાદ દાયકા પછી શ્વેતામ્બર સમાજના સ્થાનકવાસી યુવાનો સંઘના સભ્યો બન્યા. તદુપરાંત કેટલાક દિગમ્બરો અને તેરાપંથીઓ પણ તેમાં જોડાયા. બે દાયકા પછીથી તો સંઘનું સભ્યપદ સંઘની નીતિરીતિ અને પ્રવૃત્તિઓ પ્રત્યે આદર ધરાવનાર જૈનેતરો માટે પણ ખુલ્લું મુકાયું. સંઘમાં જૈનો ઉપરાંત હિન્દુઓની સભ્યસંખ્યા પણ વધતી રહી, તદુપરાંત પારસી, ખ્રિસ્તી અને મુસલમાન સભ્યો નોંધાતાં-સંઘનું સ્વરૂપ અને માળખું જૈન રહેવાની સાથે સાથે સાર્વજનિક પણ બનતું ગયું છે. એથી જ સંઘની ઉગ્ર આંદોલનકારી પ્રવૃત્તિઓમાં સમતુલા આવવા લાગી. સમાજમાં જો જૈનોના કોઈ એક ફિરકાના એક નાના વર્તુળના પ્રશ્નો પરત્વે સંઘ તરફથી 'પ્રબુદ્ધ જીવન' દ્વારા ઉગ્ર આંદોલનો ઉઠાવવામાં આવે તો બીજા ફિરકાનાં વર્તુળોમાં બનતી એવી ઘટનાઓ અને અન્ય ધર્મમાં ચાલતા વિખવાદોના પ્રશ્નો હાથ ધરાવા જોઈએ કે કેમ અને તેમાં સમતુલા કેવી રીતે જાળવવી એની સમસ્યા ઊભી થતી ગઈ. એટલે સ્વ. પરમાનંદભાઈના વખતમાં જ જૈન યુવક સંઘનું એક ઉગ્રવાદી સુધારક સંસ્થામાંથી એક સંસ્કારલક્ષી સંસ્થામાં રૂપાંતર થઈ ગયું. જૈન-જૈનેતરના ભેદભાવ વિના વ્યાખ્યાનો, વ્યાખ્યાનમાળાઓ, સન્માનો, સંસ્કારલક્ષી પર્યટનો, વિચારગોષ્ઠીઓ, સંસ્થાઓની મુલાકાતો ઈત્યાદિ પ્રવૃત્તિઓ એની મુખ્ય પ્રવૃત્તિઓ થઈ ગઈ. ૧૯૫૦ પછીના 'પ્રબુદ્ધ જૈન'ની અને 'પ્રબુદ્ધ જીવન'ની ફાઈલોનો અને સંઘના વાર્ષિક અહેવાલોનો અભ્યાસ કરતાં આ વાત સ્પષ્ટ જણાય છે.

સંઘની સ્થાપનાના સમયે દેશ ગુલામ હતો. ત્યારપછી બીજા વિશ્વયુદ્ધની પરિસ્થિતિની અસર ભારતના લોકજીવન પર પણ પડી હતી. ભારત આઝાદ થતાં અનાજ, કાપડ અને રહેઠાણની સમસ્યાઓ ઊભી થઈ હતી. ભાષાવાર પ્રાંતરચના, વસ્તીવધારો, સરકારી તુમારશાહી, ભ્રષ્ટાચાર વગેરેની સમસ્યાઓ પણ ઊભી થઈ હતી. આમ સંસ્થાની સ્થાપનાનાં આ સિત્તેર વર્ષના ગાળામાં ભારતીય ભાતીગળ જનજીવન અને તેમાં પણ મુંબઈનું જનજીવન વિવિધ તબક્કાઓમાંથી પસાર થયું. આ સિત્તેર વર્ષના ગાળામાં એક બાજુ ગાંધીજી જેવી વર્તમાન સમયની સર્વોચ્ચ પ્રતિભા જોવા મળી, તો બીજી બાજુ બીજા વિશ્વયુદ્ધ સહિત દેશ અને દુનિયામાં અધોગતિનાં અનેક પ્રકરણો પણ જોવા મળ્યાં. આ બધાંના પડઘા 'પ્રબુદ્ધ જીવન'માં સમયે સમયે કેવા કેવા ઝીલાયા છે એ એના ભૂતકાળના અંકો ઉપર નજર નાખતાં જોવા મળે છે. આ બધા જૂના અંકો જોઈએ છીએ ત્યારે કાળની ગતિ કેવી વિચિત્ર અને વિલક્ષણ હોય છે તેની પ્રતીતિ થાય છે. પોતપોતાના સમયમાં અત્યંત ગંભીર, મહત્ત્વની કે ક્યારેક પ્રાણસમી લેખાતી બાબતો બે-ત્રણ દાયકા પછી કેટલી નાની, ગૌણ અને ક્યારેક તો ક્ષુદ્ર જેવી બની જાય છે તે એમાંથી જોવા મળે છે. ક્યારેક એમ થાય છે કે કેવી નજીવી બાબતો માટે સમાજના ધુરંધરોને પોતાની શક્તિ વેડફી નાખવાની કાળે ફરજ પાડી હતી. વર્તમાન પેઢીને જે કેટલીક બાબતો સિદ્ધ સ્વરૂપે સહજ રીતે મળે છે તે સિદ્ધ

કરવા ભૂતકાળની પેઢીઓને સામાજિક રૂઢિઓની સામે કેટલો મોટો પુરુષાર્થ કરવો પડ્યો હતો !

'પ્રબુદ્ધ જીવન'ને માટે સુદીર્ઘ સેવાઓ સ્વ. પરમાનંદ કંવરજી કાપડિયાએ આપી હતી. 'પ્રબુદ્ધ જીવન'ની સાથે તેઓ એકરૂપ બની ગયા હતા. પ્રત્યેક અંકમાં તેઓ જુદા જુદા સામાજિક વિષયો ઉપર પોતાની તંત્રીનોંધ લખતા. કેટલીક વાર તેઓ મુખપત્રના અગ્રલેખ તરીકે પોતાનો મૌલિક ચિંતનાત્મક લેખ પ્રગટ કરતા, તો ઘણી વાર મુખ્ય લેખ તરીકે અન્ય કોઇ સમર્થ લેખકનો લેખ મૂકીને, અંદરના પાને તેઓ તંત્રીસ્થાનેથી જુદા જુદા વિષયો ઉપર નાની કે મોટી નોંધ મૂકતા. સાહિત્ય, શિક્ષણ, ધર્મ, સમાજ અને રાજકારણ એમ જુદા જુદા ક્ષેત્રમાં બનતી તત્કાલીન ઘટનાઓ ઉપર તેઓ પોતાના પ્રતિભાવો, વિચારો નિર્ભયપણે વ્યક્ત કરતા. એમાં પણ જૈન સમાજના પ્રશ્નો ઉપર તેમની કલમ વેધકપણે ચાલતી. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનું તા. ૧૭-૪-'૭૧ના રોજ અવસાન થયા પછી 'પ્રબુદ્ધ જીવન'નું સુકાન સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે સંભાળ્યું. સ્વ. ચીમનભાઇ આંતરરાષ્ટ્રીય ખ્યાતિના એક સમર્થ રાજકીય પુરુષ અને તત્ત્વચિંતક હતા. એમણે તત્કાલીન બનતી ઘટનાઓ ઉપર નાની તંત્રીનોંધ લખવાને બદલે પ્રત્યેક અંકમાં ધર્મ, તત્ત્વજ્ઞાન, રાજકારણ, શિક્ષણ, સાહિત્ય ઇત્યાદિ કોઇ એક વિષય પર સ્વતંત્ર લેખ લખવા ચાલુ કર્યા. સ્વ. ચીમનભાઇ વ્યવસાયે સોલિસિટર હતા, રાજકારણમાં સક્રિય રસ અને ભાગ લેતા અને પાર્લામેન્ટના સદસ્ય હતા. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકારણનો એમનો અભ્યાસ ઘણો ઊંડો હતો. એટલે એવા તત્કાલીન રાજકીય વિષયો ઉપર એમના લેખો વધુ પ્રગટ થતા. કેટકેટલી ગંભીર સમસ્યાઓ ઉપર સ્વ. ચીમનભાઇનું મંતવ્ય શું છે તે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જાણવા ઘણા વાચકો ઉત્સુક રહેતા. ઇન્દિરા ગાંધીએ જાહેર કરેલી કટોકટીના સમય દરમ્યાન એમણે નિર્ભયપણે પોતાની કલમ ચલાવી હતી. સ્વ. ચીમનભાઇનો ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ ઘણો ઊંડો હતો અને એવા વિષયો ઉપર પણ તેમણે પોતાની સમર્થ કલમ ચલાવી હતી. શ્રી ચીમનલાલ ચકુભાઇના તંત્રીપદ હેઠળ 'પ્રબુદ્ધ જીવન'ની લેખ-સામગ્રી વધુ સઘન બની.

ઇ. સ. ૧૯૮૨ના નવેમ્બરમાં ચીમનલાલ ચકુભાઇનું અવસાન થતાં 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે જવાબદારી મારે શિરે આવી. સાહિત્યના અધ્યાપક તરીકે, મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે કાર્ય કરનાર અને ધર્મચિંતનમાં વિશેષ રસ ધરાવનાર મારા જેવા માટે 'પ્રબુદ્ધ જીવન'ના જૈન ધર્મના પારિભાષિક વિષયો ઉપર ગ્રંથસ્થ કરી શકાય એવા લેખો લખવાનું વિશેષ બન્યું. સાથે સાથે સાહિત્ય, પત્રકારત્વ, ઇતિહાસ, વિજ્ઞાન, રમતગમત તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકારણના વિવિધ વિષયો ઉપર પ્રસંગાનુસાર લખવાનું પ્રાપ્ત થયું. (એમાંના ઘણા લેખો 'સાંપ્રત સહચિંતન'ના અગિયાર ભાગ રૂપે ગ્રંથસ્થ થયા છે.)

ભારતમાં જેમ જેમ જીવનનિર્વાહનું ધોરણ ઊંચું થતું ગયું તેમ તેમ 'પ્રબુદ્ધ જીવન'ના પ્રકાશનનું ખર્ચ વધતું ગયું. એટલે ૧૯૯૦ થી 'પ્રબુદ્ધ જીવન'ને પાક્ષિકમાંથી માસિકમાં ફેરવવામાં આવ્યું. લેખકોને પુરસ્કાર આપવાની નીતિ પણ અપનાવવામાં આવી છે, સમયે સમયે વિભિન્ન પ્રતિષ્ઠિત લેખકોનો સુંદર સહકાર મળતો રહ્યો છે એથી જ આજ દિવસ સુધી 'પ્રબુદ્ધ જીવન' પ્રકાશિત થતું રહ્યું છે અને પોતાના ઉચ્ચ સ્તરને જાળવી રાખવાનો પ્રયાસ પણ થયા કર્યો છે. એ માટે લેખકો, મુદ્રકો, વ્યવસ્થાપકો, સભ્યો, ગ્રાહકો વગેરેનો ઋણસ્વીકાર અવશ્ય કરવો રહ્યો.

'પ્રબુદ્ધ જીવન'માં આરંભકાળથી પ્રગટ થતી લેખ-સામગ્રીનું સ્વરૂપ સમયે સમયે બદલાયા કર્યું છે. એમાં વાચકોની અભિરુચિ ઉપરાંત તંત્રીની પોતાની દૃષ્ટિ, રુચિ અને શક્તિએ પણ કાર્ય કર્યું છે. વસ્તુતઃ તંત્રીની જવાબદારી વાચકોની રુચિને ઘડવાની પણ હોય છે. એમાં વાર લાગે છે. માત્ર સામાન્ય વાચકોને જ લક્ષમાં ન રાખતાં અધિકારી વાચકોને માટે ગહનગંભીર, અભ્યાસનિષ્ઠ, ગ્રંથસ્થ કરી શકાય એવી અપ્રકાશિત લેખસામગ્રી આપવાનો પ્રયાસ તેમાં થયો છે. એ દૃષ્ટિએ 'પ્રબુદ્ધ જીવન'નું ગુજરાતી ચિંતનાત્મક સાહિત્યમાં યોગદાન ઠીક ઠીક રહ્યું છે.

વર્તમાન સમયમાં ભારતમાં ટી.વી.ના માધ્યમનો ફેલાવો દિનપ્રતિદિન વધતો ચાલ્યો છે. એટલે લોકોનો ફાજલ સમય વાચવામાં જે વપરાતો હતો તેમાંથી ઘણો સમય હવે ટી.વી. જોવામાં વપરાવા લાગ્યો છે. વળી મુદ્રણકલાનો વિકાસ થતાં પ્રાસંગિક વાચનસામગ્રીની દૃષ્ટિએ દૈનિકો અને તેના વિવિધ વિભાગો તથા સચિત્ર સાપ્તાહિકો ઘણો પ્રચાર પામ્યાં છે. સામાન્ય જનતાને તત્કાલીન બનતી જતી ઘટનાઓની તસ્વીરો સહિતની વિગતોમાં વિશેષ રસ હોય એ દેખીતું છે. ખૂન, બળાત્કાર, ચોરી, આપઘાત, અકસ્માત, કાવતરાં, મારામારી, લડાઇ, દુર્ઘટના, દુકાળ, આતંકવાદ, આંતરવિગ્રહ, રેલસંકટ ઇત્યાદિ પ્રકારની ઘટનાઓ વિષે રંગીન ફોટાઓ સહિત જેમાં સભર માહિતી આપવામાં આવી હોય તેવા પ્રકારના લખાણોમાં સામાન્ય વાચકોને રસ વધુ પડે છે. સારી કમાણી કરતાં એવાં કેટલાક સામયિકો, સુસજ્જ લેખક કે ફોટોગ્રાફર દ્વારા ઘણી સારી માહિતી એકત્ર કરીને પ્રગટ કરે છે. એવા વિવિધભાષી સાપ્તાહિકોના ફેલાવાની વચ્ચે વૈચારિક પત્રને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનો પ્રશ્ન પણ ઘણો ગંભીર હોય છે. તો પણ આપણું સદ્ભાગ્ય છે કે ગુજરાતના કેટલાંક એવાં ચિંતનાત્મક સામયિકો પ્રકાશિત થતાં રહ્યાં છે. સામાન્ય દૈનિકો અને સાપ્તાહિકો કરતાં, માત્ર ચિંતનાત્મક લેખસામગ્રી પ્રગટ કરતાં વૈચારિક પત્રોનું કાર્ય, કાર્યક્ષેત્ર, ધ્યેય અને કર્તવ્ય જુદાં જુદાં હોય છે અને તેની અસર પણ લાંબા ગાળાની હોય છે. અલબત્ત આવાં સામયિકોનો સૌથી મોટો પ્રશ્ન તે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનો હોય છે. વળી દૈનિક કે સાપ્તાહિક કરતાં પાક્ષિક કે માસિકને પોતાની વાચન-સામગ્રી વાસી ન આવી જાય તે જોવાનો પ્રશ્ન પણ મહત્ત્વનો હોય છે. અને એટલો જ મહત્ત્વનો પ્રશ્ન તેને પોતાની સામગ્રીનું સ્તર જાળવી રાખવાનો હોય છે. વાર્તા-કવિતા લખનારા કરતાં ચિંતનાત્મક લેખો-નિબંધો લખનારા લેખકોનો વર્ગ ઘણો નાનો હોય છે, એટલે વૈચારિક પત્રને પોતાની સામગ્રી મેળવવાનો પ્રશ્ન પણ એટલો જ મહત્ત્વનો રહે છે.

'પ્રબુદ્ધ જીવન'ના છ દાયકાના પ્રકાશનકાળ દરમિયાન જોવા મળ્યું છે કે જાહેરખબર લેતાં એવાં કેટલાંયે વૈચારિક પત્રો આર્થિક મુશ્કેલીઓને કારણે બંધ પડી ગયાં છે, તો પછી જાહેરખબર ન લેવાની નીતિ ધરાવનાર 'પ્રબુદ્ધ જીવન'ની વાત શી કરવી ? સંસ્થાના આર્થિક પીઠબળને કારણે જ 'પ્રબુદ્ધ જીવન' છ દાયકાથી અધિક સમય સુધી પોતાનું પ્રકાશન ચાલુ રાખી શક્યું છે.

વૈચારિક પત્રોનું કામ વાચકને માહિતી આપવા સાથે એની દૃષ્ટિ ઘડવાનું પણ રહે છે. 'પ્રબુદ્ધ જીવન' દ્વારા થોડાક વાચકોનો પણ જીવન પ્રત્યેનો અભિગમ વધુ ઉચ્ચ, ઉદાત્ત અને દૃષ્ટિસંપન્ન બન્યો હશે તો તેનું પ્રકાશન કૃતાર્થ ગણાશે !

'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ મેં સ્વીકાર્યું એ વાતને સત્તર વર્ષ પૂરાં થઇ ગયાં. પ્રત્યેક અંકે એક નવા વિષય પર તંત્રીલેખ લખવાનો ઉપક્રમ આજ દિવસ સુધી સતત ચાલુ રહ્યો છે. એ દ્વારા અનેક વિષયો ઉપર મને મારા વિચારો વ્યક્ત કરવાની સુંદર તક સાંપડી છે. સંસ્થા તરફથી અને સાથી કાર્યકર્તાઓ તરફથી મારા પુરોગામી તંત્રીઓની જેમ મને પણ પૂરી સ્વતંત્રતા આપવામાં આવી છે. એ બદલ તેઓ સર્વે ધન્યવાદને પાત્ર છે.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીપદ દરમિયાન એના ઘડતરમાં મેં જે યોગદાન આપ્યું છે તેના કરતાં મારા જીવન-ઘડતરમાં 'પ્રબુદ્ધ જીવને' મોટું યોગદાન આપ્યું છે એમ કહેવું વધુ ઉચિત છે.

☐ રમણલાલ ચી. શાહ

# સ્વરૂપ-વિજ્ઞાન અથવા જૈન પદાર્થ-વિજ્ઞાન

□ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

જીવન વ્યવહારમાં પદાર્થ વિજ્ઞાન (Physics)-ભૌતિકશાસ્ત્ર એ જેમ અઘરો વિષય ગણાય છે અને એનાં ભણનારા અને જાણનારા ઓછા હોય છે તેમ જૈન દર્શન વિષે દ્રવ્ય, ગુણ, પર્યાય એ કઠિન વિષય ગણાય છે. એને દ્રવ્યાનુયોગ તરીકે ઓળખાવવામાં આવેલ છે, કારણ કે એમાં મૂળભૂત એવાં દ્રવ્યની, તત્ત્વની Matterની વિચારણા વિગતે કરવામાં આવેલી છે. આ વિષયને શુષ્ક અને અઘરો ગણી ભલભલા વિદ્વાનો, પંડિતો તથા જ્ઞાન અને ધ્યાન જ જેમનું જીવન છે એવા સાધુ મહાત્માઓ, સાધકાત્માઓ પણ એ વિષયનો સ્પર્શ કરવાથી પાછા પડે છે. કોઇક વિરલા જ એ વિષયને સ્પર્શે છે અને એમાં ઊંડા ઊતરી જ્ઞાનાનંદ અનુભવે છે. એટલે જ તો શાસ્ત્રમાં એટલે સુધીનું વિધાન કરેલ છે કે જેને દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન નથી એ નિશ્ચયથી સાધુ નથી. દ્રવ્યાનુયોગનો જાણનારો તત્ત્વનો જિજ્ઞાસુ છે, તત્ત્વાર્થી છે, આત્માર્થી છે. વળી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ જણાવ્યું છે તેમ પૂર્વ મહર્ષિ સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજીએ તો ત્યાં સુધી કહ્યું કે...

એ બે વિણ, ત્રીજો નહિ સાધુ, ભાખ્યું સંમતિતર્કે અગાધ,

એ યોગે જો લાગે રંગ તો આધાકર્માદિક નહિ ભંગ

દ્ર.ગુ.પ.ઢાળ ૧લી

જૈન દર્શનની જેમ ભૂગોળ છે, જે બૃહત્સંગ્રહણી ક્ષેત્રસમાસ છે તેમ જૈન દર્શનનું સ્વરૂપ વિજ્ઞાન છે જે જૈન પદાર્થ વિજ્ઞાન છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાયની વિશદ વિચારણા દ્રવ્યાનુયોગમાં કરવામાં આવેલી છે. દ્રવ્યાનુયોગ એ જૈન દર્શનના ચાર મહત્ત્વના અનુયોગો પૈકીનો એક અત્યંત મહત્ત્વનો અનુયોગ છે. એ ચાર અનુયોગનાં નામ છેઃ (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) કથાનુયોગ અને (૪) ગણિતાનુયોગ.

આ ચાર અનુયોગમાં બધુંય આગમ સાહિત્ય આવી જાય. આ ચાર અનુયોગ ક્રમાનુસાર નિશ્ચિત ક્રમમાં મૂકવામાં આવેલ છે, જે રચનાકારની અદભુત વિશિષ્ટતાનાં અર્થાત્ સર્વાંગિતા-સર્વજ્ઞતાનાં દર્શન કરાવે છે.

ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગને પ્રથમ ક્રમાંકે મૂકેલ છે, કારણ કે પ્રથમ વિચારણા દ્રવ્ય એટલે કે પદાર્થની કરવાની હોય છે. વિશ્વમાં જો દ્રવ્ય જ નહિ હોત તો પછી કશાની વિચારણા રહેત જ નહિ. વિશ્વમાં જો કોઇ દ્રવ્ય હોય તો તેની કોઇ ક્રિયા, પ્રક્રિયા હોઇ શકે અને તેની ઉપર કંઇક ને કંઇક પ્રયોગ થઇ શકે.

દ્રવ્યાનુયોગમાં દ્રવ્યની વિચારણા છે. એમાં દ્રવ્ય કેટલાં છે, તે દ્રવ્ય કયાં કયાં છે, તે દ્રવ્યો કેવાં કેવાં છે ? અને તે દ્રવ્યો કેવાં કેવાં હોવાં જોઇએ ? તે દ્રવ્યોના ગુણધર્મ શું છે ? તે દ્રવ્યોનું સ્વરૂપ શું છે ? તે દ્રવ્યોનું વિરૂપ શું છે ? તે દ્રવ્યોનો સ્વભાવ શું છે ? તે દ્રવ્યોનો વિભાવ શું છે ? વગેરેની વિસ્તૃત વિચારણા કરવામાં આવેલ છે.

ત્યારબાદ બીજા ક્રમે ચરણકરણાનુયોગને સ્થાન આપ્યું છે. દ્રવ્યાનુયોગમાં દ્રવ્યની હકીકત આપી દીધા પછી ચરણકરણાનુયોગની જરૂર શા માટે પડી ? ચરણ એટલે રોજબરોજની આચરણ-વર્તન-ચારિત્રની ક્રિયાઓ જે સીત્તેર છે અને કરણ એટલે કે જરૂર પડે ત્યારે આચરવાની ક્રિયાઓ જે પણ સીત્તેર છે. ટૂંકમાં કહીએ તો ચરણ એટલે ચારિત્ર અર્થાત્ સંયમ અને કરમ એટલે તપ અર્થાત્ ઇન્દ્રિયદમન. દ્રવ્યાનુયોગમાં દ્રવ્યની વિચારણા દ્વારા સમજાવવામાં આવ્યું છે કે આ વિશ્વમાં જો કોઇ દ્રવ્યની દુર્દશા થઇ હોય તો તે જીવદળ-જીવદ્રવ્યની જ થઇ છે, કારણ કે જીવદ્રવ્ય (સંસારી જીવ) એના નિયમમાં-સ્વરૂપમાં નથી. બાકી બીજા બધાંય દ્રવ્યો એના નિયમાનુસાર સ્વભાવગત વર્તી રહ્યાં છે. પણ એટલું યાદ રહે કે જીવ સિવાયના બીજાં દ્રવ્યો જડ છે અને જડ હોવાના કારણે તેમને વેદન નથી. વેદન નથી એટલે એ દ્રવ્યોને માટે સુખદુઃખનો પ્રશ્ન નથી. વેદન માત્ર જીવ દ્રવ્યને છે અને તેથી જ જો સુખ દુઃખનો પ્રશ્ન કોઇએ ઉકેલવાનો હોય તો તે માત્ર જીવદ્રવ્યે જ ઉકેલવાનો છે, કેમકે જીવ ક્યાંક સુખી છે કે ક્યાંક દુઃખી છે. સંસારી જીવદ્રવ્યની આવી દશાનું કારણ એ છે કે તે તેના પોતાના સાચા રૂપમાં અર્થાત્ સ્વરૂપદશામાં નથી.

જીવદ્રવ્યના મૂળ શુદ્ધ સ્વરૂપને અને તેની વર્તમાન અવસ્થા (દશા)ને દ્રવ્યાનુયોગમાં સમજાવ્યા બાદ ચરણકરણાનુયોગમાં જીવને તેની વિભાવ દશામાંથી સ્વભાવદશામાં કેમ જવું, વર્તમાન અશુદ્ધ વિરૂપદશામાંથી સ્વરૂપને કેમ પામવું તેની આખીય પ્રક્રિયા અર્થાત્ આત્મામાંથી પરમાત્મા બનવાની, આત્માના અમરત્વની પ્રાપ્તિની પ્રક્રિયા-સાધના બતાડી છે અને તેથી જ ચાર અનુયોગના ક્રમમાં તેને બીજા સ્થાને મૂકેલ છે.

ચરણ એટલે ચારિત્ર કે સંયમ જે કાયપ્રધાન છે અને કરણ એટલે તપ જે ઇન્દ્રિય પ્રધાન છે. અર્થાત્ ઇન્દ્રિયદમન તે તપ. નિયમમાં નથી તેને નિયમમાં લાવવા માટે સંયમની અને તપની જરૂર છે. જ્ઞાન અને દર્શન જે જીવના નિજગુણ છે, એ જીવના જ્ઞાન-દર્શનનું સ્વરૂપ કેવું છે એ દ્રવ્યાનુયોગમાં સમજાવવામાં આવેલ છે. જ્ઞાન-દર્શનનું સાચું સ્વરૂપ અનંત રસરૂપ છે. અનંત દર્શન અને અનંત જ્ઞાનમાં જે સહજ સ્વાભાવિક આનંદવેદન છે તે અનંત રસરૂપ સહજાનંદ વેદન છે જે સ્વાધીન છે, સંપૂર્ણ છે, સર્વોચ્ચ છે અને શાશ્વત છે. બગડેલાં, વિકૃત થયેલાં, એ વિકારી જ્ઞાન-દર્શનને સુધારવા માટે જ ચરણકરણાનુયોગ છે. જ્ઞાન-દર્શનના શુદ્ધિકરણની પ્રક્રિયા અથવા સાધના તે જ ચરમકરણાનુયોગ. દ્રવ્યાનુયોગમાં દર્દ અને દર્દીની વાત થઇ. પણ તે દર્દીના દર્દને કાઢવાની દવા, ઉપાય, ઇલાજ ચરણકરણાનુયોગમાં બતાડેલ છે.

દ્રવ્યાનુયોગમાં જીવાત્માનું સ્વરૂપ વર્ણવ્યું અને ચરણકરણાનુયોગમાં તે જીવાત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા બતાવી તો ખરી, પરંતુ જો કોઇ જીવાત્મા એ પ્રમાણેની પ્રક્રિયા દ્વારા સર્વજ્ઞ, સર્વદર્શી પરમાત્મા-શુદ્ધાત્મા-સિદ્ધાત્મા થયો જ ન હોય તો પછી દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગના પદાર્થો પ્રમાણભૂત ઠરે કેમ ? કોઇ દૃષ્ટાંત, દાખલા, ઉદાહરણ વિના દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગની વાતો સત્ય છે એમ કેમ કરી મનાય ?

દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગની વાતો પ્રમાણભૂત છે એ દર્શાવવા ત્રીજા ક્રમે ધર્મકથાનુયોગ આપ્યો છે. એ અનુયોગમાં જે જે જીવો શુદ્ધ થઇ કેવળી ભગવંત-પરમાત્મભગવંત બની વર્તમાનમાં વિચરી રહ્યાં છે, શુદ્ધાત્મા સિદ્ધાત્મા થઇ લોકાગ્ર શિખરે સિદ્ધશિલારૂઢ થયાં છે અને ભવિષ્યમાં થનાર છે એ બધાંય જીવાત્માની કથા આવે છે.

અંતે ચોથા ક્રમે ગણિતાનુયોગ મૂક્યો. દ્રવ્ય છે તો દ્રવ્ય કેટલા છે ? જીવની સંખ્યા કેટલી ? કેટલાં જીવાત્મા પરમાત્મા થયાં ? જે જે દ્રવ્યો છે એ દ્રવ્યોની પોતાની કેટલી સંખ્યા છે. વગેરે જે કાંઇ છે તેનું નિશ્ચિત ગણિત ગણિતાનુયોગમાં આપેલ છે. આ વિશ્વમાં જે કાંઇ બધું છે એનું ગણિત જોઇએ. એ માટે જ ગણિતાનુયોગ મૂક્યો. આમ જૈન દર્શને જૈન પદાર્થ વિજ્ઞાનની સાથે સાથે જૈન ઇતિહાસ, જૈન ભૂગોળ, જૈન સાહિત્ય, જૈન તત્ત્વજ્ઞાન આપવાની સાથે જૈન ગણિત (Mathematics) પણ આપેલ છે જે, એ દર્શનની સર્વાંગીણતા સૂચવે છે.

કેવળજ્ઞાન વિષેની વાતો જે છે એ દ્રવ્યાનુયોગ છે. કેવળજ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયા-સાધનાની વાતો છે તે ચરણકરણાનુયોગ છે. કેવળજ્ઞાની ભગવંત અર્થાત્ કેવળીના જીવન વૃત્તાંત જેમાં છે એ કથાનુયોગ છે અને એ બધાંયની ગણતરી જે કરી આપે છે તે ગણિતાનુયોગ છે.

દ્રવ્યાનુયોગથી આત્મા, આત્માને ઓળખે, આત્માને ઓળખ્યા (જાણ્યા) બાદ આત્મામાં રહેલાં દોષોનું નિરાકરણ, નિવારણ ચરણકરણાનુયોગ દ્વારા થાય અને એ માર્ગે આગળ વધવા આદર્શ, આલંબન પૂરું પાડે ધર્મકથાનુયોગ. આમ દ્રવ્યાનુયોગથી આત્મા, પરમાત્માની ઓળખ થાય, ચરણકરણાનુયોગથી આત્મા પવિત્ર બને, કથાનુયોગથી આદર્શ-લક્ષ્ય બંધાય, ભાવના સુધરે, ભાવિક થવાય અને ગણિતાનુયોગથી બુદ્ધિ સૂક્ષ્મ બને, લક્ષવેધી એકાગ્ર થવાય.

દ્રવ્યાનુયોગથી મન લીન થાય છે, ચરણકરણાનુયોગથી મન શુદ્ધ થાય છે, ધર્મકથાનુયોગથી મન નમ્ર થાય છે, અને ગણિતાનુયોગથી મન વિશાળ થાય છે.

દ્રવ્યાનુયોગ કે જે મૂળ પદાર્થશોધન છે તેનાથી સહજ ધ્યાન થાય છે, જેના પરિણામરૂપ સહજજ્ઞાન-બ્રહ્મજ્ઞાન-કેવળજ્ઞાનનું પ્રગટીકરણ થાય છે. દ્રવ્યાનુયોગ એટલે પ્રત્યેક પદાર્થનું મૂળ શોધવું. આમ દ્રવ્યાનુયોગ એટલે પદાર્થશોધન દ્વારા સ્વરૂપશોધન. દ્રવ્યાનુયોગથી વિશ્વના પાંચ મૂળભૂત અનાદિ-અનંત, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ તત્ત્વો (પદાર્થો) છે તેના શુદ્ધાશુદ્ધ સ્વરૂપ સમજણથી આત્માના સ્વરૂપનું યથાવત્ જ્ઞાન, ભાન થાય તો સહજ ધ્યાની થવાય કે જે સહજ ધ્યાનથી સહજજ્ઞાની-કેવળજ્ઞાની બનાય.

સહજજ્ઞાન સાધ્ય છે, ધ્યેય છે જ્યારે સહજધ્યાન એ સાધન છે. સહજધ્યાન દ્રવ્યાનુયોગથી સુલભ બને છે. દ્રવ્યાનુયોગથી આત્મતત્ત્વની જાણ થાય છે અને જે આત્માને જાણે છે તેને બીજું કાંઇ જાણવાની જરૂર નથી.

॥ 'एगम् जाणइ ते सव्वं जाणइ' ॥

વળી કહ્યું છે :-

जब जाण्यो निजरुपको तब जाण्यो सबलोक;

नहीं जाण्यो निजरुपको, सब जाण्यो सो फोक.

આત્મા સિવાયનું બીજું બધું ય જાણવું હેય એટલે ત્યાજ્ય છે. એ છોડવાનું છે. સર્વ વિકલ્પોને છોડી નિર્વિકલ્પ થવાનું છે. જેણે આત્માને જાણ્યો છે તેણે બીજાં શાસ્ત્રોને જાણવાની જરૂર નથી. દ્રવ્યાનુયોગનું આટલું મહાત્મ્ય સ્વીકાર્યા બાદ હવે આપણે દ્રવ્ય-ગુણ-પર્યાયની વિચારણા તરફ વળીએ.

દ્રવ્ય : પદાર્થવિજ્ઞાન જેમ જગતનાં મૂળભૂત ભૌતિક તત્ત્વો-ભૌતિક-પદાર્થની વાત કરે છે તેમ દ્રવ્યાનુયોગ જગત કહેતાં વિશ્વ-બ્રહ્માંડ-Cosmos-Universe જે મૂળભૂત તત્ત્વના આધારે ચાલે છે તે તત્ત્વોની વાત કરે છે. આ મૂળભૂત તત્ત્વો ફક્ત પાંચ દ્રવ્યો છે. આ પાંચેય તત્ત્વોને અસ્તિકાય તરીકે ઓળખવામાં આવે છે. અસ્તિ એટલે પ્રદેશ. એ એનો દાર્શનિક પારિભાષિક અર્થ છે. આ તો અસ્તિનો અર્થ હોવું Being થાય છે. આ પાંચે અસ્તિકાય સર્વકાળ હોય છે. તે સર્વદા હોય છે. એટલે અસ્તિ કહેવાય છે. કાય એટલે સમૂહ અથવા પિંડ. પ્રદેશોનો પિંડ એટલે અસ્તિકાય. આ પાંચ મૂળભૂત અસ્તિકાયોના-પ્રદેશપિંડનાં નામ છે...

(૧) આકાશાસ્તિકાય (૨) ધર્માસ્તિકાય (૩) અધર્માસ્તિકાય (૪) પુદ્‌ગલાસ્તિકાય અને (૫) જીવાસ્તિકાય.

આ પાંચ અસ્તિકાય પૈકીના પ્રથમ ચાર અસ્તિકાય જડ છે. જીવ નથી એટલે અજીવ છે. જ્યારે પાંચમું જીવાસ્તિકાય ચેતક છે એટલે ચેતન છે અને જીવવા ઇચ્છે એટલે જીવ છે. વળી આમાંના પ્રથમ ત્રણ તત્ત્વોનું કેવળ અસ્તિત્વ છે અને ત્રણેય પોતપોતાના સ્વભાવ અર્થાત્ સ્વ-ગુણ પ્રમાણેનું કાર્ય પોતપોતાના સ્વસ્થાને રહીને બાકીના બીજાં કોઇપણ દ્રવ્યનાં ગુણને લેશમાત્ર ક્ષતિ (બાધા) પહોંચાડ્યા વિના કરે છે. ટૂંકમાં કોઇપણ જાતની અસર એટલે કે બાધા પહોંચાડ્યા વિના કે બાધા પામ્યા વિના અવ્યાબાધ રહીને સ્વ ગુણ કાર્ય કરે છે. તેથી જ પાંચ પૈકીના આ ત્રણ મૂળભૂત તત્ત્વો-દ્રવ્યો શુદ્ધ છે. એથી જ તે ત્રણેય અરૂપી છે અને શુદ્ધ છે. રૂપી શું ? અને અરૂપી શું ? એ વિષે વિચારણા આગળ ઉપર કરીશું.

ચોથું મૂળભૂત તત્ત્વ-દ્રવ્ય પુદ્‌ગલાસ્તિકાય છે તે પણ જડ છે. પરંતુ એ દ્રવ્ય રૂપી છે. જ્યારે પાંચમું મૂળભૂત તત્ત્વ-દ્રવ્ય જીવાસ્તિકાય એના મૂળ શુદ્ધ સ્વરૂપમાં અર્થાત્ એના પરમ સ્વરૂપમાં અરૂપી છે અને જ્ઞાયક, વેદક, ચેતક હોવાથી ચેતન છે. જીવાસ્તિકાયનું જે શુદ્ધ સ્વરૂપ છે તે પરમાત્મસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ તરીકે ઓળખાય છે. એ આત્યંતિક શુદ્ધાવસ્થા, સ્વરૂપાવસ્થા, સહજાવસ્થા છે. પરંતુ એજ જીવાસ્તિકાય એના અનાદિના અશુદ્ધ સ્વરૂપમાં પોતે ચેતન હોવા છતાં પુદ્‌ગલાસ્તિકાયના સંયોગે રૂપી છે. એ એનું સાંયોગિક સ્વરૂપ છે અને તે જીવનું સાંસારિક સ્વરૂપ હોવાથી એવાં જીવાસ્તિકાયને સંસારી જીવ કહેવાય છે. જીવને એનું એ સંસારીપણું, રૂપીપણું રૂપી એવાં પુદ્‌લાસ્તિકાયને કારણે પ્રાપ્ત થયું છે તેથી સાંયોગિક છે.

જગત આખામાં, જગત આખાની જે કાંઇ રમત ચાલી રહી છે, જે કાંઇ દુન્યવી-જાગતિક નાટક જગત રંગમંચ ઉપર ભજવાઇ રહ્યું છે, જે કાંઇ ઘટનાઓ ઘટી રહી છે, જે કાંઇ બનાવો બની રહ્યાં છે, જે કાંઇ ખેલ ખેલાઇ રહ્યાં છે તે સર્વ બીજું કાંઇ નહિ પણ આ જીવ કહેતાં જીવાસ્તિકાય અને પુદ્‌ગલ કહેતાં પુદગલાસ્તિકાયની રમત જ છે.

પ્રથમ ત્રણ તત્ત્વો અગાઉ જણાવ્યા મુજબ અવ્યાબાધ છે એટલે કે એમનામાં બાધ્ય-બાધક ભાવ નથી અર્થાત્ અરસપરસ અસરઅભાવ છે. અર્થાત્ શૂન્ય તત્ત્વ છે. આ ત્રણેય તત્ત્વો નિર્દોષ તત્ત્વો છે. અન્ય તત્ત્વો સાથેનો, આ ત્રણેય તત્ત્વોનો સંબંધ સર્વથા નિર્દોષ સંબંધ છે.

જ્યારે આથી વિપરીત પુદ્‌ગલ અને જીવાસ્તિકાય (સંસારી-અશુદ્ધજીવ)માં બાધ્ય બાધકતા છે. અર્થાત્ ઉભય અરસપરસ એકબીજાને અસર (બાધા) પહોંચાડે છે અને એકબીજાથી બાધા (અસર) પામે છે. આ ઉભય અસ્તિકાયનો સંબંધ સદોષ સંબંધ છે. સંસારી જીવે, પુદ્‌ગલની આ બાધામાંથી મુક્ત થવાનું છે. સદોષમાંથી નિર્દોષ બનવાનું છે. માટેજ વર્તમાનમાં યમ, નિયમ, સંયમમાં રહી નિર્દોષ વ્યવહાર કરવાનો છે. આ માટેજ થઇને દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભ્યાસ કરવાનો છે. જીવ પુદ્‌ગલ સાથે સદોષ સંબંધથી ક્ષીરનીર જેમ બુદ્ધ થવાં છતાં જીવ પોતાનું જીવત્ત્વ-ચેતનત્વ અકબંધ અખંડ

જાળવી રાખે છે ભલે તેણે અનાદિથી પુદ્ગલસંગે પોતાનું પૂર્ણત્વ-શુદ્ધત્વ ગુમાવી દીધું છે. ચેતન, ચેતન રહે છે-જીવ, જીવ જ રહે છે અને અજીવ જડ થઇ જતો નથી માટે તે પુરુષાર્થ કરે તો પોતાના પુરુષ (આત્મા)ના પૂર્ણત્વને-શુદ્ધત્વને પામી શકે છે. ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ છે ! ખંડિયેર તો પણ તે મહેલનું છે ! અશુદ્ધ તો ય આત્મા છે ! પૂર્ણ નહિ તો ય પૂર્ણનો જીવંત અંશ છે ! એથી જ તો જ્ઞાનીએ કહ્યું છે કે...

પૂર્ણ ન હોવા છતાંય પુર્ણનો અંશ છે. પૂર્ણની બરોબરી કરી શકે નહિ. A Part cannot be equal to whole અંશ (વિકલ) અખંડ (સકલ) બરોબર-સમ નહિ હોઈ શકે. શરીરના અવયવો શરીરની સાથે જ શોભે. અવયવ કપાયા બાદ શરીર પણ સારું નહિ લાગે. એવો શરીરી, અપંગ-વિકલાંગ કહેવાય જે પૂર્ણાંગ-સર્વાંગની બરોબરી કરી શકે નહિ.

પાંચ મૂળભૂત દ્રવ્યો વિષે આટલી પૂર્વભૂમિકા બાંધ્યા બાદ હવે આગળ દ્રવ્ય શું છે ? એ વિષે વિચારીશું.

જે અનાદિ-અનંત નિષ્પન્ન, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ, સ્વતંત્ર, સ્વાધીન હોય તે મૂળભૂત દ્રવ્ય છે. બ્રહ્માંડમાં આવાં દ્રવ્યો કેવળ અગાઉ જણાવ્યા મુજબના પાંચ દ્રવ્યો છે. વળી જે ધ્રુવ છે, નિત્ય છે, સત્ છે, સદા સર્વદા છે તે મૂળભૂત દ્રવ્ય છે.

જૈન દર્શને ચાર સૂત્રાત્મક વાક્યોથી દ્રવ્યની વ્યાખ્યા બાંધી છે.

(૧) ॥ गुण पर्यायवत् द्रव्यम् ॥

જે ગુણ અને પર્યાયથી યુક્ત છે તે દ્રવ્ય છે. ગુણ એ દ્રવ્ય ભેદક છે. અને પર્યાય એ ગુણ ભેદક છે. દ્રવ્યની ઓળખ એના ગુણથી છે અને ગુણની ઓળખ એના પર્યાયથી છે.

(૨) ॥ सत् द्रव्य लक्षणम् ॥

જેનું લક્ષણ, સત્ કહેતાં અવિનાશી છે, નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે, તે સત્ છે. અને સત્ છે તે દ્રવ્ય છે.

(૩) ॥ उत्पाद व्यय ध्रुवयुवक्त सत् ॥

જે ઉત્પાદ, વ્યય, ધ્રુવ, યુક્ત સત્ છે તે દ્રવ્ય છે. આ વ્યાખ્યા પાંચે અસ્તિકાયમાં અને વિશેષે કરીને પુદ્ગલાસ્તિકાયમાં ઘટે છે. બાકીના ચાર અસ્તિકાયમાં આ વ્યાખ્યા તે અસ્તિકાયો વિષે એના અગુરૂલઘુ ગુણમાં જે ષડગુણ હાનિ-વૃદ્ધિ ભાવ છે તેને અનુલક્ષીને કરાયેલ છે.

(૪) ॥ अर्थक्रियाकारी सत् ॥

જે નિજગુણ અનુસાર કાર્ય કરે છે તે સત્ છે અને તે દ્રવ્ય. સ્વગુણ અનુસાર સ્વાભાવિક થતું કાર્ય સહજ જ હોય છે. એટલે કે એ પ્રયત્નપૂર્વક થતું સપ્રયત્ન, સંકલ્પપૂર્વકનું કે સહેતુક કાર્ય હોતું નથી. જેમકે પુષ્પનો પમરાટ, જલની શીતળતા, જળાશયનું જલ પ્રદાનત્વ, વૃક્ષનું ફલ પ્રદાનત્વ ઈત્યાદિ.

જે ઉપરોક્ત ચારેય સૂત્રાત્મક વ્યાખ્યામાં બંધબેસે છે તે દ્રવ્ય છે. આવાં આ દ્રવ્યના પાછા ત્રણ વિભાગ પડે છે.

(૧) દ્રવ્યના પ્રદેશોની સંખ્યા (૨) દ્રવ્યના ગુણ અર્થાત્ જાતિત્વ-જાતિપણું (૩) દ્રવ્યના ગુણના પર્યાય અર્થાત્ ગુણ કાર્ય.

પાંચેય દ્રવ્યમાં પોતપોતાના નિજગુણ અને પર્યાય રહેલાં હોય છે. દ્રવ્ય એ આધાર છે-અધિષ્ઠાતા છે. એ અધિષ્ઠાતા દ્રવ્યના આધારે રહેલાં ગુણ અને પર્યાય છે તે આધારે છે. સ્થૂલ ઉદાહરણથી સ્પષ્ટ કરીએ તો...

સાકર એ દ્રવ્ય છે અને સાકરને સાકર તરીકે ઓળખાવનાર સાકરનો ગુણ મીઠાશ એ સાકરના આધારે સાકરમાં વ્યાપીને રહેલ છે. સાકર આધાર દ્રવ્ય છે અને સાકરની મીઠાશ એ સાકરનો ગુણ આધારે છે. સાકર મીઠાશ વિનાની નહિ હોય અને સાકરની મીઠાશ સાકર વિના સ્વતંત્ર નહિ હોય.

પાંચેય દ્રવ્યો સપ્રદેશી છે. પરંતુ પ્રદેશની સંખ્યા જુદી જુદી છે. આકાશાસ્તિકાય દ્રવ્ય એક અને અખંડ હોવા છતાં લોકાલોક વ્યાપીને રહેલ છે જેના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના વિસ્તારથી લોકાકાશ (જ્યાં પાંચેય અસ્તિકાય વ્યાપી રહેલ છે) અને અલોકાકાશ (જ્યાં માત્ર આકાકાશાસ્તિકાય છે) એવાં બે વિભાગ પડે છે.

પાંચ દ્રવ્યોમાં માત્ર જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યો બદ્ધ સંબંધથી પરિણામી છે. બાકીના ત્રણ દ્રવ્યો અપરિણામી હોવા છતાં સ્વભાવે સ્વગુણ-પર્યાયમાં પરિણામી છે. તે જ પ્રમાણે જીવ અને પુદ્ગલ પણ પાછા સ્વ ગુણ-પર્યાયમાં તો પરિણામી છે જ.

પાંચે દ્રવ્યોમાં એકમાત્ર પુદ્ગલદ્રવ્ય મૂર્ત અને રૂપી છે. સંસારીજીવ અર્થાત્ અશુદ્ધાત્મા પણ અનાદિથી પુદ્ગલસંગે મૂર્ત અને રૂપી છે. બાકી જીવ એના શુદ્ધ સ્વરૂપમાં-સિદ્ધ સ્વરૂપમાં-બ્રહ્મસ્વરૂપમાં તો અમૂર્ત, અરૂપી છે.

મૂર્ત એટલે આકાર યુક્ત. મૂર્ત એટલે સંસ્થાન, આકાર. જૈને આકાર છે, જે આકાર સહિત સાકાર છે તે મૂર્ત છે. વાસ્તવિક પાંચે દ્રવ્યોને પોતપોતાનો આકાર તો છે જ અને તે દષ્ટિએ પાંચે દ્રવ્યો મૂર્ત છે, પરંતુ પુદ્ગલ દ્રવ્યના આકારો બદલાયા કરે છે તેથી તેને મૂર્ત કહેલ છે. બાકીના ચાર દ્રવ્યો આકાશ, ધર્મ અને અધર્માસ્તિકાય તથા પરમાત્મ સ્વરૂપે જીવ એકજ આકારમાં ત્રણે કાળ હોવાથી અર્થાત્ એકાકાર હોવાથી અમૂર્ત છે.

અરૂપી દ્રવ્ય ચર્મચક્ષુથી દશ્ય નથી. અરૂપી દ્રવ્યને વર્ણ નથી. પુદ્ગલદ્રવ્ય સિવાયના ચારેય દ્રવ્યો અરૂપી છે. જ્યારે પુદ્ગલદ્રવ્ય અને પુદ્ગલસંગે જીવ-સંસારી જીવ રૂપી છે અને મૂર્ત છે. એ પરિવર્તનશીલ અને પરિભ્રમણશીલ છે. જેનાં રૂપમાં રૂપરૂપાંતરતા છે, મૂર્ત મૂર્તાંતરતા છે તે રૂપી અને મૂર્ત પદાર્થોનું બનવાનું, બગડવાનું ચાલુ જ રહે છે અને ક્ષેત્રાંતર થયા કરે છે. જેનું નિરંતર પરિવર્તન અને પરિભ્રમણ થયા જ કરે છે. ચૌદે રાજલોકમાં સતત એનો રઝળપાટ ચાલુ રહે છે. અમુક સમય સુધી જો પુદ્ગલ કોઇ એક ક્ષેત્રે સ્થિર રહે તો પણ તેનું રૂપાંતર-પરિવર્તન તો નિરંતર ચાલુ જ રહે છે. પુરણ અને ગલન સતત ચાલુ હોવાથી તે દ્રવ્ય પુદ્ગલ કહેવાય છે. પુદ્ગલદ્રવ્યનું રૂપ બદલાતાં નામ બદલાય છે. ખેતરના 'ઘઉં' ઘરે 'લોટ' રૂપે પરિણમે છે. અને રસોડામાં રોટલી, ભાખરી, પૂરી, લાડવો બને છે ત્યારે તે તે નામે ઓળખાય છે.

જે સદા સર્વદા એક જ આકારમાં હોય છે તે અરૂપી છે, અમૂર્ત છે. એ અનામી હોય છે, અવિનાશી હોય છે, નિત્ય હોય છે, અક્રિય હોય છે, અખંડ હોય છે, પૂર્ણ હોય છે. સર્વ શબ્દોનો લક્ષ્યાર્થ એક જ છે.

પાંચ દ્રવ્યોમાં આકાશ ક્ષેત્ર છે અને બાકીના ચાર દ્રવ્યો આકાશમાં અવગાહના લઇને રહે છે તેથી તે ચારેય દ્રવ્યો ક્ષેત્રી છે.

જીવાસ્તિકાય જ્ઞાતા છે અને બાકીના ચારેય દ્રવ્યોને જીવાસ્તિકાય ખ્યાતિ આપે છે તેથી તે જ્ઞેય છે. જીવ જ્ઞાનથી સર્વગત છે. આકાશ ક્ષેત્રથી સર્વગત છે. બાકીના દ્રવ્યો અસર્વગત છે.

(ક્રમશઃ)

# કર્મોની લઘુતાનું મહત્ત્વ

□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈનદર્શનમાં કર્મોના મુખ્ય આઠ પ્રકારો છે. તે કર્મોનાં નામ છે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય.

આ આઠ કર્મોમાંથી પહેલાં બે, ચોથું અને છેલ્લું આ ચાર કર્મો ઘાતી તરીકે ઓળખાય છે અને તે સિવાયનાં અઘાતી તરીકે ઓળખાય છે. તેમની કાળમર્યાદા એક સરખી નથી. ઉદયમાં આવ્યા પછી તે વધુમાં વધુ કેટલા સમય સુધી રહી શકે, એ તે કેવાં બંધાયેલાં છે તેના પર આધારિત છે. બધાં જ કર્મો ઉત્કૃષ્ટ સ્થિતિનાં જ બંધાયેલાં છે અથવા બંધાય છે તેવો નિયમ નથી. છતાં પણ પહેલાં ત્રણ અને છેલ્લું અંતરાય-એ ચાર કર્મોની વધુ સ્થિતિ ત્રીસ કોટાકોટિ સાગરોપમની છે. મોહનીયનની સ્થિતિ સીત્તેર કોટાકોટિ સાગરોપમની છે; જ્યારે નામ અને ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટિ સાગરોપમની છે. આયુષ્ય કર્મની સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

જીવ સંસાર-સાગરમાં ચતુર્વિધ ગતિમાં ભટકતાં ભટકતાં જ્યારે તેની આઠેય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિમાં હોય ત્યારે તે ધર્મ પામી શકતો જ નથી. તે જ્યારે કિલષ્ટ આશયમાંથી મુક્ત બને છે, ત્યારે સદ્ધર્મને પામવા યોગ્ય સ્થિતિ તૌ કર્મોની ચરમ ઉત્કૃષ્ટ સ્થિતિનો હ્રાસ થયા પછી જ પામે છે. આ સ્થિતિ કઇ ?

આયુષ્ય કર્મ સિવાય સાતેય કર્મોની ચરમ ઉત્કૃષ્ટ સ્થિતિ એક કોટાકોટી સાગરોપમની થાય તેને સાતેય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ગણાવી શકાય. મોહનીય કર્મ ૭૦માંથી ૬૯ કોટાકોટિ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય ૩૦માંથી ૨૯ કોટાકોટિનો ક્ષય કરી, નામ તથા ગોત્ર ૨૦માંથી ૧૯ની બને નહીં ત્યાંસુધી સમ્યકિતનાં બીજને જીવ પામી શકે નહીં. આ સ્થિતિ સાતેય કર્મો એક કોટાકોટિ સાગરોપમથી ન્યૂન થાય ત્યારે બને.

ઉત્કૃષ્ટ સ્થિતિની જેમ જઘન્ય સ્થિતિ આ પ્રમાણે છેઃ મોહનીય અંતર-મુહૂર્તનું બંધાઇ શકે, વેદનીય સ્થિતિ બાર મુહૂર્તની, નામ અને ગોત્ર આઠ મુહૂર્ત; જ્યારે બાકીનાં પાંચ અંતમુહૂર્ત માત્ર હોય છે.

કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય ક્યારે થાય ? જીવને અનાદિકાલીન જડકર્મોના યોગથી મુક્ત થવા પહેલી આવશ્યકતા ભવ્યત્વ સ્વભાવની છે. પછી ભવિતવ્યતાની, પછી કાળની, પછી કર્મ અને પુરુષાર્થની છે. જો ભવ્યત્વ સ્વભાવ ન હોય તો ભવિતવ્યતાથી જીવ વ્યવહારરાશિમાં આવે તો પણ તે ક્યારે પણ કાળની અનુકૂળતા પામી શકે નહીં. જીવનો ભવ્યત્વ સ્વભાવ હોવા છતાં પણ જો ભવિતવ્યતાની અનુકૂળતા ન મળે તો જીવ વ્યવહાર-રાશિમાં પણ આવી શકે નહીં. તો પછી કાળની અનુકૂળતા મળે જ નહીં. પરંતુ જો જીવનો ભવ્યત્વ સ્વભાવ હોય, ભવિતવ્યતા એને અનુકૂળ થઇ તેને વ્યવહારરાશિમાં મૂક્યો હોય તો તેને ગમે ત્યારે કાળની અનુકૂળતા થવાની જ. પરંતુ જ્યાં સુધી કાળની અનુકૂળતા મળે નહીં ત્યાં સુધી ર્મોની અનુકૂળતા મળે તો પણ તે નિરર્થક નીવડે.

જીવ જ્યારે ચરમાવર્તને પામે તે પછી જ કર્મ સંબંધી અનુકૂળતા કાર્યરત નીવડવાની. અને તે પણ ભવિતવ્યતા અનુકૂળ હોવી જોઇએ. હવે જોઇએ તો સૌ પ્રથમ ચરમાવર્તકાળ, કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય, ત્યારબાદ જ શુદ્ધ ધર્મસ્વરૂપ સમ્યક્ત્વ જે સર્વ ઇષ્ટની પૂર્તિ માટે કલ્પવૃક્ષ જેવું છે તેના બીજની પ્રાપ્તિ થાય છે. આ ચરમાવર્તકાળ ભવ્યાત્માને જ થાય તેવો નિયમ નથી. આ સ્થિતિ અભવ્યો તથા દુર્ભવ્યોને પણ થઇ શકે. બીજું ચરમાવર્તને પામ્યા પછી જીવ અચરમાવર્તમાં સરી શકતો નથી. કેમકે જીવને કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ વારંવાર, અનંતી વાર થઇ શકે છે. તેથી મિથ્યાત્વાદિના નિમિત્તે આત્માના પરિણામ દ્વારા અશુભ કર્મોનો સંચય ન થાય તે માટે જાગરૂકતા રાખવી અતિ આવશ્યક છે. કર્મલઘુતા માટે અશુભ પરિણામ પ્રગટે નહીં, પ્રગટે તો તે વધુ તીવ્ર ન બને; શુભ પરિણામ બન્યા રહે તે ખૂબ ખૂબ તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ બન્યા રહે તે માટે સતત કાળજી તથા પ્રયત્નશીલ રહેવું જોઇએ. આવી રીતે જીવ જ્યારે ગુણસંપન્ન બનતો જાય તેમ તેમ કર્મોનો શુભબંધ વધતો જાય, અશુભ બંધ ઘટતો જાય અને તેથી નિર્જરાનું પ્રમાણ વધ્યા કરે.

અનાદિ કર્મસંતાન/સંવેષ્ટિત આ રીતે શુભ કર્મોની વૃદ્ધિ કરતાં કરતાં યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ પહોંચે છે. નદી ઘોળપાષાણ ન્યાયે ભવ્યાદિ જીવો અનંતીવાર યથાપ્રવૃત્તિકરણ સુધી તો પહોંચી શકે, પરંતુ તથાભવ્યત્વાદિના અભાવે આગળ ન વધી શકે ! કર્મસ્થિતિની લઘુતા યથાપ્રવૃત્તિકરણ દ્વારા તો થઇ ગઇ. બધાં જ જીવો શ્રુત અને ચારિત્રધર્મની આંશિક આચરણા કરી શકે. તે દ્વારા દ્રવ્યશ્રુત અને દ્રવ્યચારિત્ર પણ પામે તે કોઇ અભવ્યાદિ જીવો દ્રવ્યથી ઉત્કટ લઘુપણું પાળી નવગ્રૈવેયક સુધી અને નવપૂર્વના જ્ઞાનને પણ પામી શકે છે. અહીં શુદ્ધ ભાવના અભાવે તથા મિથ્યાત્વના પ્રાબલ્યથી યથાપ્રવૃત્તિકરણથી આગળ વધી શકતા નથી. રાગદ્વેષના ગાઢ પરિણામોના પ્રતાપે અશુભ કર્મોપાર્જન કરી આગળ વધતા નથી. આથી અભવ્યાદિ ત્રણે પ્રકારના જીવો ગ્રંથિદેશની પ્રાપ્તિ, દ્રવ્યશ્રુત તથા દ્રવ્યચારિત્રની પ્રાપ્તિ થવા છતાં પણ તેઓ સંસાર-ભ્રમણનો નાશ કરવા માટે સમર્થ બની શકતા નથી. ગ્રંથિદેશે આવ્યા પછી જો અપૂર્વકરણ પામવા યોગ્ય લાયકાત પ્રગટે તો જ ગ્રંથિદેશની અને તે પછીની બીજી પ્રાપ્તિની સફળતા છે. અભવ્ય જીવો સ્વભાવે એવા છે કે તેઓ ગ્રંથિદેશાદિ પામે છે પણ અપૂર્વકરણ પામવા યોગ્ય લાયકાત પ્રગટતી નથી. દુર્ભવ્યોને કાળની અપરિપક્વતા નડે છે. તેઓ સ્વભાવે મુક્તિગમનની યોગ્યતા ધરનારા હોવા છતાં પણ તેઓ અપૂર્વકરણ પામવા યોગ્ય લાયકાત પ્રગટાવવા સમર્થ નીવડતા નથી. ભવ્યાત્માઓની ગ્રંથિદેશ સુધીની પ્રાપ્તિ ત્યારે જ સફળ નીવડે જ્યારે ભવિતવ્યતાદિ અનુકૂળ હોય. જાતિભવ્યોમાં મોક્ષની ઇચ્છા પ્રગટે એવી યોગ્યતા જરૂર છે; છતાં પણ તે યોગ્યતા પ્રગટે તેવી સામગ્રી જ પામતા નથી !

અભવ્યાદિ જીવો મોક્ષદ્વેષી તથા સંસારરાગી હોવાથી ઉત્કૃષ્ટ તપ, શ્રુત તથા ચારિત્રના ધારક એવાં હોય કે આપણે મોંમાં આંગળાં નાંખી દઇએ, તેઓ નવપૂર્વનું જ્ઞાન ધરાવનારા હોઇ શકે છે, નવગ્રૈવેયક સુધી જઇ શકે, પરંતુ ઉપર ગણાવેલાં લક્ષણો તથા પુદ્ગલાનંદી, સંસારરાગી, ભવાભિનંદી હોઇ શુભભાવના અભાવમાં અપૂર્વકરણાદિ કરી સમ્યકતા ન પામતા હોવાથી સંસાર-સાગરમાં રખડપટ્ટી કરતા રહે છે.

ભવ્યો ચરમાવર્તકાળને પામે પછી અચરમાવર્તને પામે નહીં; પરંતુ કર્મોની પરમ ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય થયે થકી જીવોને ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ વારંવાર, અનંતીવાર થઇ શકે. તેથી કર્મસ્થિતિ ઘટ્યા વિના ગ્રંથિદેશે પહોંચી શકાય જ નહીં. દ્રવ્યશ્રુત અને ચારિત્ર ઊંચી કક્ષાનું હોવા છતાં પણ મિથ્યાત્વી જીવો જેવાં કે તામલી તપાસ કે જેણે ૬૦,૦૦૦ વર્ષ સુધી તીવ્ર તપશ્ચર્યા કરી ૨૧ વાર ધોઇ નિઃસત્વ ખોરાક ખાતો પણ તે બધું એક સમકિતીની નવકારશી કરતાં પણ

ન ગણ્ય બન્યું ! નરકગામી મમ્મણ શેઠનું તપ પણ નિરર્થક નીવડ્યું એટલું જ નહીં પણ તે નરકગામી બન્યો. નિહ્નવો પણ એક દોષને લીધે મિથ્યાત્વી ગણાયા.

ગ્રંથિદેશે આવ્યા પછીની અવસ્થા એવી નથી કે તેની સમય મર્યાદા સુધી જીવ ત્યાં ટકી રહે. જો ટકી રહે તો પ્રગતિ કરે. પણ જીવ પ્રગતિ જ કરે તેવો નિયમ નથી. ગ્રંથિદેશે પહોંચી જીવ અસંખ્યાત કાળ સુધી ગ્રંથિદેશે ટકી રહે. ગ્રંથિદેશે ટક્યા પછી તે જીવ પાછો પડે અને ગ્રંથિદેશ યોગ્ય કર્મસ્થિતિ કરતાં વધુ કર્મસ્થિતિ ઉપાર્જે એ પણ શક્ય છે. બીજી રીતે વિચારીએ તો તેવો જીવ ગ્રંથિદેશે આવી પુરુષાર્થ કરે નહીં, યોગ્ય પ્રગતિ કરે નહીં, તો તેવો જીવ છેવટમાં છેવટે અસંખ્યાત કાળે પાછો પડી જ જાય. સંસારમાં લટાર મારે !

આથી એવું માલમ પડે છે કે ચરમાવર્તને પહોંચેલો, અપુનર્બંધક જીવ પુરુષાર્થ યોગ્ય પ્રમાણનો કરે તો એક કોટાકોટિ સાગરોપમથી પલ્યોપમ ન્યૂન સમયમાં, અર્ધપુદ્‌ગલપરાવર્તથી ન્યૂન સમયમાં મુક્તિધામ સીધાવે જ અને તેથી એવા જીવોએ જીવનમાં યોગ્ય સુપુરુષાર્થનું ધ્યેય રાખવું આવશ્યક છે. ગ્રંથિદેશ સુધી પહોંચવું તે અનન્ય ભાગ્યશાળીતા છે. તે નિરર્થક ન નીવડે, તેને સફળ કરવા પ્રયત્નશીલ રહ્યા કરો, એવો સદુપયોગ કરતા રહેવું જોઇએ કે જેથી ભાગ્યશાલિતા ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે. તે દ્વારા પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન આત્મગુણને પ્રગટાવવા સમર્થ બની શકે. તેઓ માટે આ યોગ્ય અવસર છે. ત્યારપછી તે જીવ કદાપિ પ્રાપ્ત ન કરી હોય તેવી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

ગ્રંથિદેશે આવી જીવ ટકી ન શકે, પાછો પડી પણ જાય. યોગ્ય સ્થિતિ કરતા વધુ સ્થિતિ ઉપાર્જે. ગ્રંથિદેશે આવેલો જીવ જિનશાસને ઉપદેશેલા શ્રુત-ચારિત્રાત્મક ધર્મના દ્રવ્યાચરણને પામે જ એવો નિયમ કરી ન શકાય. ગ્રંથિદેશે આવેલો જીવ જ દ્રવ્યથી પણ થોડું આચરણ કરી શકે છે. અભવ્યો તથા દુર્ભવ્યો જિનશાસને ઉપદેશેલા શ્રુતચારિત્રાત્મક ધર્મના દ્રવ્યાચરણને પામી શકે છે છતાં તે પ્રગતિ સાધનારો બને જ નહીં અને પાછો પડે. શ્રુતચારિત્રાત્મક ધર્મને દ્રવ્યાચરણથી વિભૂષિત કરનારાઓએ તેથી સાવધ બનવું જોઇએ. પ્રગતિ સાધવાની આ તક જતી રહી તો તે ક્યારે પ્રાપ્ત થાય તે કહી ન શકાય. આવી તક ઘણા લાંબા વખતે પણ મળે !

ગ્રંથિદેશ સુધી આવ્યા પછી સૌપ્રથમ પ્રયત્ન પુરુષાર્થ ગ્રંથિ ભેદવાનો કરવાનો છે-કેમકે ત્યાં સુધી ઉત્તરોત્તર પ્રગતિ સધાતી નથી. ચરમાવર્ત કાળ પામેલાને એટલે કે એક પુદ્‌ગલપરાવર્તની અંદર તેને મોક્ષેચ્છા થઇ શકે છે. તેથી વધુ કાળવાળાને તેવી ઇચ્છા થતી નથી. ઇચ્છા પછી પણ તરત જ ગ્રંથિભેદ ન થઇ શકે, સમ્યક્ત્વ ન મળી શકે. સંસારપરિભ્રમણનો સમય અર્ધપુદ્‌ગલપરાવર્તથી થોડો ઓછો રહે ત્યારે જ ગ્રંથિભેદ થાય. ગ્રંથિભેદ બાદ ચરમાર્ધપુદ્‌ગલપરાવર્તથી ઓછા સમયમાં મુક્તિગામી થશે એમ નિશ્ચિતપણે કહી શકાય. એવા કેટલાક ભવ્ય જીવો હોય કે જેઓએ આ સ્થિતિએ પહોંચ્યા પછી પણ મોક્ષેચ્છા પ્રગટાવી ન હોય. ઇચ્છા આવા પ્રકારની પ્રગટી ન હોય તેથી જીવને અભવ્ય કે દુર્ભવ્ય ન કહી દેવાય. જેને ક્યારે પણ મોક્ષેચ્છા ન પ્રગટે તેને અભવ્ય કહી શકાય. જ્યાંસુધી જીવ કાળની પરિપક્વતા પામતો નથી ત્યાં સુધી એ દુર્ભવ્ય કહેવાય કેમકે કાળની પરિપક્વતાની યોગ્યતા છે પરંતુ હજી તે પામેલ નથી તે દુર્ભવ્ય. જાતિભવ્યમાં મોક્ષની ઇચ્છા પ્રગટી શકે તેવી યોગ્યતા જરૂર છે પણ તે પ્રગટાવનારી સામગ્રી પામવાના જ નથી.

ભવ્યાદિ ચારેય પ્રકારના જીવો વિષયક ચર્ચા પછી ભવ્ય જીવોને સત્પુરુષાર્થની પ્રેરણામાં ગજબની તાકાત છે એ તેમની ભવિતવ્યતાની સાનુકૂળતા સૂચવે છે તેથી હવે પુરુષાર્થની જ વાર છે.

આવો ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરી નવગ્રૈવેયક તથા નવપૂર્વના જ્ઞાનને પણ પ્રાપ્ત કરી શકે છે.

અભવ્યોમાં મોક્ષની ઇચ્છા ન જ પ્રગટે તે નાનીસૂની વાત નથી. આવું બનવાનું મુખ્ય કારણ મિથ્યાત્વમોહનીયના ગાઢપણાનો પ્રતાપ છે.

આટલી ચર્ચાવિચારણા પછી સમજાયું હશે કે કર્મની લઘુતા માટે કોણે કેવો પ્રબળ પુરુષાર્થ કરવાનો છે. ગ્રંથિદેશે આવેલાં જીવોમાંથી જે આગળ પ્રગતિના પંથે પ્રયાણ કરનારા હોય છે તેમણે સમ્યગ્દર્શન પામવા માટે ગ્રંથિ ભેદવી પડે છે. જે જીવ યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે પહોંચાડનારી કર્મલઘુતા પામે છે. અહીં સુધી આવી પહોંચેલો જીવ જ્યારે અપૂર્વકરણ કરનારો બને છે ત્યારે આ અપૂર્વકરણ દ્વારા ગ્રંથિ ભેદીને આગળ ને આગળ સત્ પુરુષાર્થ દ્વારા જીવનને સફળ બનાવે છે. ટૂંકમાં સારભૂત વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે. ભવ્ય જીવો માટે આગળ પુરુષાર્થ માટે શુભ ભાવના કેળવવાની જરૂર છે, તે દ્વારા અણુ જેટલું સુકૃત મેરુ જેટલું થઇ જાય છે ! ભાવના માટે સુપ્રસિદ્ધ પંક્તિઓ આ પ્રમાણે છે-

ભાવે ભાવના ભાવીએ ભાવે દીજે દાન;
ભાવે જિનવર પૂજીએ ભાવે કેવળજ્ઞાન.

ભાવના દ્વારા આત્મામાં સારા પરિણામો પ્રગટે, પ્રગટેલાં સારા પરિણામો ક્રમે ક્રમે વધે અને આ પરિણામો ટકી રહે તે માટે ખૂબ ખૂબ કાળજી રાખવી જોઇએ. સત્પરિણામોનો નાશ કરે અને અસત્પરિણામો પ્રગટે તેવા નિમિત્તોથી સુદૂર રહેવું જોઇએ. સત્પરિણામોને પ્રગટ કરવામાં નિમિત્તભૂત સહાયક નિમિત્તોથી વિંટળાયેલા રહેવું. ધર્મક્રિયાકલાપો, અનુષ્ઠાનો બહુમાનપૂર્વક સેવવાં જોઇએ તથા ભાવપ્રચુર રીતે શ્રદ્ધાદિ ગુણો દ્વારા દ્વિગુણિત કરવા જોઇએ. યથાપ્રવૃત્તિકરણ દ્વારા કર્મની લઘુતા પામી શકાય છે.

આ સચરાચર વિશ્વમાં ચાર પ્રકારના જીવો છે, જેવાં કે ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય અને જાતિભવ્ય. ભવ્ય સિવાયના ત્રણ પ્રકારના જીવો મિથ્યાત્વાદિ દોષોથી દુષિત હોવાથી ક્યારે પણ મોક્ષ મેળવનાર નથી. અભવ્યો અને દુર્ભવ્યો યથાપ્રવૃત્તિકરણ સુધી જઇ શકે છે. કર્મગ્રંથિ ભેદી શકતા ન હોવાથી આગળની પ્રગતિ જેવી અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સમ્યગ્દર્શન પામી ન શકતા હોવાથી મિથ્યાત્વ તથા ભવાભિનંદીપણાથી સંસારમાં રઝળવાનું મુનાશિબ છે.

ભવ્યો પણ એક કોટાકોટિ સાગરોપમની કર્મલઘુતા મેળવી આગળ ન વધે તો અનંતીવાર આ સમય મર્યાદામાં વધઘટ થતી રહે. યથાપ્રવૃત્તિકરણ પછી શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કરી કર્મબદ્ધતા પ્રાપ્ત કરી ગ્રંથિભેદી આગળ આગળના પગથિયા ચડ્યા કરે તો જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થઇ શકે અને ત્યારપછી અર્ધપુદ્‌ગલપરાવર્ત સમયમાં મોક્ષપુરી પહોંચી મુક્તિ મેળવી શકે. શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ પછી પ્રમાદી ન બનતાં સુયોગ્ય પુરુષાર્થ કરવો કે જેથી કર્મલઘુતા થતી જ રહે અને અંતિમ ધ્યેય હાંસલ કરી શકે.

જ્ઞાન પણ મિથ્યાત્વ મોહનીયનો નાશ કરવામાં સહાયક બની જાય તો અલ્પજ્ઞ હોવા છતાં સમ્યગ્દર્શન ગુણને પામી શકે છે. થોડા જ્ઞાનવાળા આત્માના મિથ્યાત્વ મોહનીય કર્મનો નાશ થવામાં કર્મના મંદતા થવામાં હરકત નથી આવતી. જીવનો સંસાર તરફનો ઢાળ છે તે મોક્ષ તરફ ઢળવા માંડે, સંસાર તરફનો ઢાળ ઘટે તે પછી કર્મમંદતાના યોગે સમ્યકતા પમાય. કર્મના પ્રાબલ્ય હેઠે મિથ્યાત્વવાદી ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહીં. સમ્યગ્દષ્ટિ આત્મા જ ક્ષપકશ્રેણિ માંડી શકે. તે અવિરતિધર હોય, દેશવિરતિધર હોય, પ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો હોય કે અપ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો હોય તેથી મિથ્યાદષ્ટિ

ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહીં. કેવું છે કર્મનું પ્રાબલ્ય ! મિથ્યાદષ્ટિ આત્મા સમ્યકત્વ પામ્યા વિના ક્ષપકશ્રેણિ માંડી શકતો જ નથી.

પરિત્તસંસારી તે જ થઇ શકે છે કે જેઓ અમલા-અસંકલિષ્ટ હોય. નવસ્મરણના કલ્યાણમંદિર સ્મરણના છેલ્લા પદમાં પણ લખ્યું છે કે તે વિગલિતમલ નિચયા અચિરાન્મોક્ષં પ્રપદ્યન્તે' કર્મની લઘુતા માટે વંદિત્તા સુત્રમાં ૩૬મી ગાથામાં આવે છે કે :-

સમ્મદિટ્ઠી જીવો જઇવિહુ પાવંસમાયરે કિંચિત્
અપ્પોસિ હોઇ બંધો જેણન નિદ્ધંધસં કુણઇ

સમ્યગ્દષ્ટિ જીવ જો નાનું સરખું પણ પાપ કરે તો તે નિર્દયતાપૂર્વક, કઠોરતાથી, સખતાઇથી કરતો ન હોવાથી તેનું બંધન અલ્પ હોય છે. કર્મલાઘવ કેવી રીતે નિષ્પન્ન થઇ શકે તે અહીં સૂચવ્યું છે. દાંત કચકચાવીને કર્મોપાર્જન ન કર્યું હોય તો તેનું ફળ સ્વલ્પ મળે છે. અજિતશાન્તિસ્મરણની ૩૫મી ગાથામાં 'વવગયકમ્મરયમલં ગઇ ગયં સાસયં વિઉલં' લઘુકર્મી થવા માટે કર્મના મલ અને રજ એટલે કે નિકાચિત કર્મો તે મલ અને અનિકાચિત કર્મો તે રજ. અથવા બદ્ધ અને નિધત્ત કર્મો રહિત થવું જોઇએ. કર્મનની લઘુતા માટે ભાવ આવશ્યક છે. કલ્યાણમંદિર સ્મરણની ૩૮મી ગાથા કહે છે કે-

ક્રિયાઃ પ્રતિફલન્તિ ન ભાવશૂન્યાઃ

ભાવવિહીન ક્રિયાઓ ફલદાયી નથી બનતી. તેથી શુભ, શુભતર, શુભતમ ભાવથી અણુ જેટલું સુકૃત મેરૂ જેટલું બને છે અને અશુભ ભાવ તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ હોવાથી અણુ જેટલું દુષ્કૃત મેરૂ જેટલું ફળદાયી નિષ્પન્નન થઇ શકે છે. તેથી યથાપ્રવૃત્તિકરણ, શુદ્ધયથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સલ્પકત્વાદિ મેળવવા માટે સુયોગ્ય, દીર્ઘ, સતત, એકસરખો પુરુષાર્થ કરવો જેથી તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ શુભભાવાધિકય જળવાઇ રહે અને તીવ્ર, તીવ્રતર,તીવ્રતર અશુભધ્યાન, દુર્ધ્યાન દૂર ને દૂર હડસેલી મોક્ષલક્ષ્મી વરવા તૈયાર થવાય.

અતિદુર્લભ સમસ્ત માનવકાળ ધર્મારાધનાનો મહા કિમતી કાળ છે. તે લેશ પણ વેડફી નાંખવો ન જોઇએ.

બાહ્ય કાયિક, વાચિક કે માનસિક પુરુષાર્થ હોય તે સર્વે માટે ધર્મારાધના માટે જ કરવો છે. એટલે કે દરેકે દરેક વિચાર, વચન કે કાય-ગાત્રોનો વર્તાવ ધર્મારાધના માટે જ રાખવો છે. આ ભાર મન પર રખાતો નથી તેથી ધર્મક્રિયા કે ધર્મારાધના ચાલતી હોય એ વખતે સાંસારિક જંજાળોમાં તો પાપ પુરુષાર્થની લોથ ચાલુ જ છે. જયારે અથાગ પુણ્યોદયે ધર્મક્રિયા, ધર્મારાધના મળી તો ત્યાં એ ચાલતી હોય ત્યારે પણ ફજુલ વિચારો પાપપુરુષાર્થના જ ચાલતા હોય તો પછી કર્મલાઘવ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ?

યથાપ્રવૃત્તિકરણ, શુદ્ધયથાપ્રવૃત્તિકરણથી આગળ વધતાં સમ્યકત્વ પામનારે ધર્મયૌવનકાળમાં પ્રવેશ કર્યો છે તેથી કર્મલાઘવ માટે ધર્મસંન્યાસ સં-ન્યાસ, યોગસંન્યાસ કરવો હિતાવહ છે. (આ બંને જૈન પારિભાષિક શબ્દો છે.)

કર્મલાઘવતા માટે ફરી શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીને યાદ કરીએ. તેઓએ ફરમાવ્યું છે :

સંસારસાગરાઓ ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા ।
ચરણકરમવિપાહીણો બુડ્ડઇ સુબહુંપિ જાણંતો ॥

કર્મલાઘવ માટે ધર્મલેશ્યા વધારી પુણ્યાનુબંપુણ્ય શુભાશયથી મેળવવું જોઇએ. તે માટે (૧) પાપનો પ્રબળ-તીવ્ર સંતાપ, (૨) બહુ ગદ્ગદ દિલે ધર્મસાધના, (૩) ધર્મસાધનામાં તદ્દન નિરાશંસભાવ, (૪) અપૂર્વ હર્ષોલ્લાસ અને (૫) રોમાંચ. એના પુષ્ટિકરણ માટે કલ્યાણમંદિર સ્તોત્રનો ૩૪મો અને ૪૩મો શ્લોક જોઇએ.

ધન્યાસ્ત એવ ભુવનાધિપ ! યે ત્રિસન્ધ્યામા-
રાધયન્તિ વિધિવદ્ વિધુતાન્યકૃત્યાઃ ।
ભકત્યોલ્લસત્પુલકપક્ષ્મલ દેહદેશાઃ
પાદદ્વયં તવ વિભો ભુવિજન્મભાજઃ ॥
સાન્દ્રોલ્લસત્પુલકકંચિતાગ ભાગાઃ
ત્વદ્બિમ્બનિર્મલમુખાંબુજબદ્ધલક્ષાઃ ॥

આ ત્યારે જ શક્ય બને કે જ્યારે તદ્ગતચિત્ત, તલ્લેશ્યા, તન્મયતા, તદ્રૂપતા સહિત ક્રિયા કે ધાર્મિક અનુષ્ઠાનો કરતા હોવા જોઇએ. આ ક્યારે બની શકે ? જેમ એક ભૂખ્યા ભિખારીને અચાનક રત્નનો ચરૂ મળી જાય અને તે ત્યારે આનંદની પરાકાષ્ઠા અનુભવે તેવી રીતે અનુષ્ઠાનાદિમાં પરાકાષ્ઠા આવવી જોઇએ.

ભયંકર તીવ્ર પાપ કરનારાઓએ જેમ પાપ કરવામાં પાછું વાળી જોયું નથી, તેમ આવી પરિસ્થિતિ પ્રાપ્ત કરી ધર્મ કરવામાં પણ પાછું વળી જોયું નથી ત્યારે તેઓએ તેજ જન્મમાં મોક્ષપુરી પહોંચી શક્યા છે. આ રહી તેવી વ્યક્તિઓ:-વંકચૂલ, દઢ-પ્રહારી, અંગુલિમાલ, શિવકુમાર, સુવ્રતમુનિ, ચિલાતીપુત્ર, વગેરે તથા પાછા ફરી પશ્ચાત્તાપના અગ્નિથી શેકાઇને શુદ્ધ થઇ નીકળેલા મહાનુભાવો જેવાં કે ચંદનબાળા, મૃગાવતી, નાગકેતૂ, અરણિકમુનિ , આષાઢાચાર્ય, ઇલાચીપુત્ર, શ્રેણિકના પુત્ર નંદિષેણ, નાસ્તિક અસંતમ, પુંડરિકે એકજ દિવસની દીક્ષા લીધા પછી આત્મકલ્યાણ સાધ્યું. પ્રદેશી રાજા, રાજા કુમારપાળ, મેઘકુમાર, સ્થૂલિભદ્ર, વૈયાવચ્ચી નંદિષેણ પરિવર્તન કરી ઉપર આવી ગયા. કષાયોથી અભિભૂત ન થનારા ખંદકમુનિ, સુદર્શન શેઠ, સુલસા, જેવા ઘણાંને ગણાવી શકાય. ઉપર જણાવેલાં મહાપુરુષો તથા સન્નારીના જીવનમાં જે જાતનું પરિવર્તન આવ્યું તથા દઢતાપૂર્વક તન્મયતા તથા તદ્રૂપતાથી જેમ સાધના કરી તે દ્વારા તેઓએ પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરી કર્મલાઘવમય જીવન જીવી જાણ્યું. ટુંકમાં પાપ કરવામાં જેમ અહોભાવ તથા પાછું વળી જોયું નથી તેમ ધર્મ કરવામાં અહોભાવ તથા પાછું વળી ન જોવાય તો પુણ્યાનુબંધી પુણ્ય મેળવી કર્મ-લાઘવ બની જીવનસાફલ્ય થઇ શકે. હવે ઉપરના લખાણના સાર સંક્ષેપમાં આમ કહી શકાય. કર્મલાઘવ માટે પુણ્યાનુબંધી પુણ્ય મેળવવા આટલું આવશ્યક છે :-(૧) ધર્મહીન પૂર્વજીવનની ધર્મહીન પાપી દશા તથા પાપો પ્રત્યે તીવ્ર સંતાપ અને પશ્ચાતાપ, (૨) અનુષ્ઠાનાદિ અર્થે અત્યંત અહોભાવ, ગદ્ગદ્ભાવ, રોમાંચ, હર્ષાશ્રુ, (૩) સાધનામાં તન્મયતા, તદ્રૂપતા, તલ્લેશ્યા, (૪) સાધનામાં શુદ્ધ નીતરતો નિરાશંસભાવ, નીરિહપણું, (૫) જેટલા જોસથી પાપાચરણો કર્યા તેટલા કે તેથી વધુ જોસ અને ખંતથી સાધના, (૬) ધર્મલેશ્યાની નિરંતર સતત વૃદ્ધિ, (૭) આહારદિ દશ પાપસંજ્ઞા જેવી કે ચાર કષાયો, ભય, નિદ્રા, વિષયસંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, આલસ્યાદિનો ત્યાગ કરવાથી કર્મલાઘવ અને તેના ફલ સ્વરૂપઃ

સંસાર સાગરાઓ ઉબ્બુડો મા પુણો નિવુડિજ્જા ।
ચરણકરણ વિપ્પહીણો બુડ્ડઇ સુબહુંપુજાણંતો ॥

❖ ❖ ❖

## સંઘ સમાચાર

● સંઘના ઉપક્રમે અમરગઢ (જીંથરી)ની હોસ્પિટલની મુલાકાતનો કાર્યક્રમ જે ૯મી જાન્યુઆરીના રોજ રાખ્યો હતો તે હવે ગુરુવાર, તા. ૨૦મી જાન્યુઆરીએ સાંજે ૪-૩૦ વાગે રાખવામાં આવ્યો છે તેની નોંધ લેવા વિનંતી.

● સંઘની વાર્ષિક સામાન્ય સભા બુધવાર તા. ૫મી જાન્યઆરી ૨૦૦૦ ના રોજ સાંજે ૬-૦૦ વાગે સંઘના કાર્યાલયમાં યોજવામાં આવી છે.

☐ મંત્રીઓ

# સરદાર વલ્લભભાઇ પટેલ

□ નારાયણ દેસાઈ

સરદાર વલ્લભભાઇને લોખંડી પુરુષ કહેવામાં આવે છે. મને એમની સરખામણી શ્રીફળ જોડે કરવાનું મન થાય. એમને ચાણક્ય કે મેકિએવેલી જોડે સરખાવવામાં આવે છે. મને એમને જનક વિદેહી જોડે મૂકવાનું મન થાય. એમને હિંદના બિસ્માર્ક કહેવામાં આવે છે, પણ એમ કહેનારાને બિસ્માર્ક કોણ હતો એનું ભાન જ નથી. મારી બા કહેતી કે નાનપણમાં સરદારના પેટ પર માથું રાખીને પોઢી જવાનું મને ગમતું. નાનપણની મારી પહેલી યાદમાં એમનાં પૌત્ર બિપિન જોડે મળી સરદાર સાથે તકિયાની મારામારી કરતા હતા તે છે. ત્યારથી માંડીને એમની સ્મશાનયાત્રા સુધી એમને જે જોયા-જાણ્યા છે, તેમાં તેમના વજ્રથીયે કઠોર કાળજા જોડે એમનું કુસુમથીય કોમળ હૈયું દેખાયા વિના રહ્યું નથી.

સરદાર જો કેવળ લોખંડી પુરુષ હોત તો રશિયામાં જેમ ક્રાંતિ પછી સત્તાની સાઠમારીને લીધે સ્તાલિને ટ્રોટસ્કીને પહેલા વિદેશ તગેડ્યો અને પછી હજારો માઇલ દૂર જઇ કોઇ મારાને હાથે એની હત્યા કરાવી, એવી રાજનીતિ આપણા દેશમાં પણ ૧૯૪૭ પછી થઇ શકી હોત. સરદાર અને પંડિત નહેરુ વચ્ચેના મતભેદો જાણીતા હતા. પરંતુ આપણા દેશને સદભાગ્યે અહીં રશિયા જેવી રાજરમત ન રમાઇ. અહીં તો વધુ શક્તિશાળી, વધુ અનુભવી, વધુ કાર્યકુશળ માણસ, વધુ ઉદાર અને વધુ સમજુ પણ હતો. તેથી તેણે વડાપ્રધાન થવાને બદલે નાયબ વડાપ્રધાન થવાનું સ્વીકાર્યું અને અનેક મતભેદો છતાંય દેશના હિત આગળ પોતાની મહત્ત્વાકાંક્ષાને નજીક પણ ન આવવા દીધી. સરદારનું સાગર જેવું હૈયું બારડોલીના સત્યાગ્રહ વખતે ગુજરાતની પ્રજાને કહેતું હતું કે તમે ભલે દુબળા હો, પણ કાળજું વાઘ સિંહનું રાખો, સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો, કોઇ તમને અંદર અંદર લડાવી ન શકે એટલી સમજણ રાખો' આ ત્રણેય ગુણો-સિંહ જેવું કાળજું, સ્વમાન ખાતર મરી ફીટવાની આત્મશક્તિ અને મતભેદોથી ઉપર ઊઠવાની સમજણના ગુણો-સરદારે પોતાના જીવનમાં ભરપૂર ખીલવ્યા હતા તેથી જ તેઓ સ્વરાજની લડતના લડવૈયા અને રાષ્ટ્રીય એકતાના અદ્વિતીય ઘડવૈયા બની શક્યા.

૧૯૪૪-૪૫માં બાપુએ એક નાજુક કામગીરી મને સોંપેલી. મારો એ તારુણ્ય પ્રવેશનો કાળ. એમને વિચાર આવ્યો કે બાપુએ બાબલાને આવી કામગીરી સોંપી એથી એ મનમાં ક્યાંક મુંઝાતો તો નહીં હોય? મને પોતાની પાસે બોલાવીને કહે, તને આવા વાતાવરણથી મુંઝવણ તો નથી થતી ને? મેં ના પાડી એટલે કહે, તો તો ઠીક. બાકી તને એટલું કહી રાખું છું કે બાપુ પાસે હવે મહાદેવ નથી. એ હતા ત્યારે હું તારે વિશે નિશ્ચિંત હતો. પરંતુ હવે કોઇ પ્રસંગે કાંઇ પણ કારણસર તને મુંઝવણ થાય તો તું નિઃસંકોચ મારી પાસે આવી પહોંચજે. એમના આ એક વાક્યે મને પિતાના ગયા પછીનું મોટામાં મોટું આશ્વાસન આપી દીધું.

સરદાર મિતભાષી, સ્વતંત્ર દેશની સરકારના માહિતી અને પ્રસારણ ખાતાના મંત્રી હતા, ત્યારે એક વાર બારડોલી આવેલા. અમે એનાથી થોડા મહિના પૂર્વે જ વેડછીમાં ગ્રામશાળાનું કામકાજ શરૂ કરેલું. મોહન પરીખને અને મને પાસે બેસાડીને એમણે એક જ પ્રશ્ન પૂછ્યો, 'તમારા કામથી તમને સંતોષ છે?' મેં એક જ શબ્દમાં જવાબ આપ્યો, 'સંપૂર્ણ.' બસ પછી કોઇ વિગત પૂછી નથી. પરિપ્રશ્ન કર્યા નથી. માત્ર અમે વેડછી પહોંચીએ ત્યાં સુધીમાં તો માહિતી ખાતાના ફોટોગ્રાફરો ત્યાં આવી પૂગ્યા, સરદારનો આદેશ હતો કે એ શાળાના ફોટાઓ લો અને ફિલ્મ ઉતરી લો. ઘણાખરા રજવાડાઓએ ભારતના સંઘ રાજ્યમાં જોડવાનો નિર્ણય કરી દીધો હતો. જે રડ્યા ખડ્યા બાકી હતા, તેમાં એક જોધપુરના રાજા હતા. સરદાર પાસે માહિતી આવી હતી કે જોધપુર નરેશ પાકિસ્તાન અને ભારત બંને જોડે વાટાઘાટો કરી જેમાં વધારે લાભ થાય એમ હોય એની જોડે ભળવાની પેરવીમાં હતા. એમના સચિવ શંકરે પૂછ્યું, 'આમને શું લખવું?' એક ક્ષણના પણ વિલંબ વિના સરદારે કહ્યું: 'એમને જરા કડક ભાષામાં લખજો, કહેજો કે તમારા પૂર્વજોએ અકબર જોડે સંબંધ બાંધેલો એ વાત જાણીતી છે. પણ આજે એમ કરવા જશો તો તમે જ નુકસાનમાં જશો. અઠવાડિયા દસ દિવસમાં તો સમાચાર વાંચ્યા કે જોધપુર ભારતમાં જોડાઇ ગયું.

મહાદેવભાઇ અને નરહરિભાઇ પરીખ પહેલી વાર 'ગાંધી સાહેબ'ને મળવા નીકળ્યા ત્યારે ગુજરાત ક્લબમાં બેસીને પત્તાં રમતાં રમતાં વલ્લભભાઇએ ટીખળ ઉડાડીને પૂછ્યું કે ત્યાં વળી શું જોવા જવાનું છે? આ જ વલ્લભભાઇ થોડા વખત પછી ગાંધીજીના ભક્ત શી રીતે થઇ ગયા? એવું તે કેવું તત્ત્વ હતું જેને લીધે એ બે વચ્ચેનો સંબંધ અનેક મતભેદો છતાંય આખી જિંદગી અખંડ રહ્યો? એમાં મને બે મુખ્ય કારણો લાગે છે. પ્રથમ કારણ ગાંધીજીનો વ્યવહારના પાયા પર ઊભતો આદર્શવાદ અને સરદારનો આદર્શોન્મુખ વાસ્તવવાદ. સરદારે જોયું કે આ માણસ તો જે કહે તે કરી બતાવે છે. આનાથી વધુ વાસ્તવવાદી બીજો કોણ હોઇ શકે? વળી સરદારને એવા વાસ્તવવાદની ખપ હતી જે આદર્શ તરફ લઇ જતો હોય. આદર્શવિહીન વાસ્તવવાદમાં તેમને કદીય રસ નહોતો.

ગાંધીજી અને સરદારનો મેળ ખાવાનું બીજું કારણ એ હતું કે બંને જણ મુખ્યત્વે બે સ્તરો પર કામ કરતા હતા. ગાંધીજી નૈતિક અને આધ્યાત્મિક સ્તરે કામ કરતા તો સરદાર રાજનૈતિક અને નૈતિકસ્તરે કામ કરતા. બંને વચ્ચે સાધારણ સ્તર નૈતિકતાનું હતું, તેથી તે સ્તર પર બંને એક થઇ જતા.

બીજા વિશ્વયુદ્ધમાં ભારતે સામેલ થવું કે નહીં એ પ્રશ્ને ગાંધીજી અને સરદાર વચ્ચે મતભેદ થયેલો. એક કાળ એવો પણ આવેલો કે સરદાર અને રાજાજી બે એક બાજુએ અને ગાંધીજી બીજી બાજુ. એ કાળમાં પણ રોજ ગાંધીજીની ખબર કાઢ્યા વિના સરદારને ચેન ન પડે. રોજ સવારે સાંજે મુંબઇથી મહાદેવભાઇ માટે સરદારનો ટ્રંકકોલ આવે જ. પહેલો જ પ્રશ્ન હોય-'ડોસા શું વિચારે છે?' અને સરદારનો ફોન ન આવે તો 'ડોસા'ને નવાઇ પામતા કે બેચેન બનતા જોય છે.

અભયનો ગુણ અને કટોકટી વખતે માનસિક સ્થિરતા જાળવવાનો ગુણ સરદાર અને ગાંધીજીમાં સમાન હતા. બંને વિભૂતિઓના આ સમાન ગુણે દેશને ઘણીવાર ગંભીર પરિસ્થિતિમાંથી ઉગાર્યો હતો.

સત્તા વિષે સરદારને પણ લગભગ ગાંધીજી જેટલી જ અનાસક્તિ હતી. સ્વરાજ મળ્યું ત્યારે સરદારે સત્તાસ્થાન સ્વીકાર્યું પરંતુ ગમે તે ક્ષણે સાપ કાંચળી ઉતારે તેમ તેઓ સત્તાની કાંચળી ઉતારી કોરે મૂકવા તૈયાર હતા. સત્તા વિષેની અનાસક્તિની કસોટી એક રીતે જોતાં ગાંધીજી કરતાં યે સરદારની વધુ થઇ હતી, કારણ ગાંધીજીએ પોતે સત્તા કદી ગ્રહણ જ નહોતી કરી. જ્યારે સરદાર તો સત્તા ગ્રહણ કરીને તેમાં જળકમળવત્ રહ્યા હતા.

સરદારનું હાજરજવાબીપણું જગજાહેર છે. એમના એ હાજરજવાબીપણાની પાછળનું મૂળ કારણ છે, એમની ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા. એ શ્રદ્ધામાંથી જ એમનો આત્મવિશ્વાસ પેદા થતો. સરદારનો વિનોદ એમની આંતરિક પ્રસન્નતામાંથી સ્ફૂરતો. અલબત્ત એ કોઇ વા" સામાને દઝાડે એવો આકરો પણ થઇ જતો. પણ કઠોર ગણાતા સરદારના હૃદયમાં જો વિનોદ અને હાસ્યરસના ઝરણાં ન હોત તો તેઓ જીવનની આકરી કસોટીઓમાંથી પાર ન ઉતર્યા હોત.

માણસ પારખવાનો સરદારનો ગુણ એમને વહીવટ અને સંગઠન બાબતમાં સરદાર બનાવતો હતો. સામાન્ય રીતે તેઓ સાથીઓની નબળાઇ પારખતા, પણ એની ફજેતી ન કરતા. ગૃહપ્રધાન બન્યા ત્યારબાદ રોજ સેંકડો લોકો આવીને તેમની આગળ અલગ અલગ પ્રદેશ

અંગે માહિતી આપતા. પણ સામાન્ય રીતે બનતું એમ કે માહિતી આપનાર કરતાં સરદાર પાસે જ વધુ માહિતી હોય.

સરદારના જીવનનું એક પાસું બહુ જગજાહેર નથી. સરદારે સેંકડો રજવાડાંને એક કર્યા એની પાછળ એમની કુનેહ અને મુત્સદ્દીગીરી તો હતી જ. પણ એટલી જ કુશળ એમની રચનાત્મક દૃષ્ટિ પણ હતી. તેથી તેમણે રજવાડાંઓમાંથી પણ રચનાત્મક શક્તિનું સંયોજન દેશના નવનિર્માણમાં કરી લીધું. આ સંયોજન પાછળ વર્ષો સુધીના રચનાત્મક કામના સંગઠનનો તેમનો અનુભવ હતો. અમદાવાદની નગરપાલિકામાં હોય કે વડોદરાના રેલસંકટમાં હોય, બિહારના ભૂકંપમાં હોય કે બારડોલીના સત્યાગ્રહની તૈયારીમાં હોય, ગુજરાત વિદ્યાપીઠમાં હોય કે નવજીવનમાં હોય, તમામ ક્ષેત્રોમાં સરદારની રચનાત્મક દૃષ્ટિ દેખાઈ આવતી. દૃષ્ટિ પાછળ એમની સૌથી મોટી ખૂબી હતી કાર્યકર્તાઓના પ્રશ્નોમાં રસ લઈ એમને સાચવી લેવાની.

કોઈપણ દેશની આઝાદીની લડાઈ લડવા સારું અને તેમાં જીત્યા બાદ એ આઝાદીને એકતા અને આબાદીમાં ફેરવવા સારું કાર્યકર્તાઓની એક મોટી તાલીમ પામેલી ફોજની જરૂર પડે છે. ગાંધીજીની સફળતાનું એક મોટું કારણ એ હતું કે એમને એવી ફોજ તૈયાર કરી શકે એવા સરદાર મળી ગયા હતા.

સરદારના મૃત્યુ પછી એમની સ્મૃતિને ઝાંખી પાડવાના વ્યવસ્થિત પ્રયાસો આપણા દેશમાં થતા હોય એમ લાગે છે. તમોગુણમાં સૂતેલા ગુજરાતને આળસ ખંખેરીને બેઠું કરનાર ગાંધીના સત્યાગ્રહ આંદોલનને નક્કર સંગઠનનો ટેકો પૂરો પાડનાર., વિખરાયેલા અને વિખરાતા ભારતને એક તાંતણે બાંધનાર, વજ્ર શી શક્તિ ધરાવવા છતાં અંતરને કુસુમ શું કોમળ રાખનાર સરદારની સ્મૃતિને કોઈ ઝાંખી પાડી શકે એમ નથી.

(સૌજન્ય : સર્વોદય પ્રેસ સર્વિસ) ❖❖❖

# ગાંધારીનું આવેદન

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

કોણ જાણે કેમ, પણ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનાં બધાં પદ્ય-રૂપકોમાં મને વધુમાં વધુ ગમે છે. 'ગાંધારીનું આવેદન'. વિચાર કરતાં મને એમાં ત્રણ ચાર કારણો સમજાયાં છે.

એનું કથાવસ્તુ અતિ ખ્યાત છે એ તો ખરું પણ એમાં જે ચિરંતન જીવનસત્યોનું નિરૂપણ થયું છે અને તેય લગભગ નાટ્યાત્મક પદ્ય-રૂપકની રીતિએ-તે અતિ રોચક, પ્રભાવક અને હૃદયસ્પર્શી છે.

ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, ગાંધારી...આ પદ્યરૂપકનાં પ્રધાનપાત્રો છે, જ્યારે દુર્યોધનની પત્ની ભાનુમતી, યુધિષ્ઠિર અને દ્રૌપદી ગૌણ પાત્રો છે. ચર અને પ્રતિહારી તો માંડ અક્કેકવાર પ્રવેશ કરી બે ત્રણ વાક્યો જ બોલે છે.

પદ્યરૂપકના ઉદ્‌ઘાટનમાં જ દુર્યોધનના જીવનનો પ્રધાન અભિગમ છતો થાય છે.

દુર્યોધન : હે તાત, આપને ચરણે પ્રણામ કરું છું.

ધૃતરાષ્ટ્ર : અરે દુરાશય, તારું અભીષ્ટ સિદ્ધ થયું કે ?

દુર્યોધન : હું જય પામ્યો છું.

ધૃતરાષ્ટ્ર : હવે સુખી થયો ને ?

દુર્યોધન : હું વિજયી થયો છું.

ધૃતરાષ્ટ્ર : હે દુર્મતિ, અખંડ રાજ્ય જીત્યા છતાં પણ તને સુખ ક્યાં છે ?

દુર્યોધન : મહારાજ, મેં સુખ ઇચ્છયું નહોતું, જય, જય ઇચ્છયો હતો અને આજે જયી થયો છું.

ધૃતરાષ્ટ્ર : કપટ દ્યૂતથી જીતીને તું તેને જય કહે છે ? લજ્જાહીન અહંકારી ?

દુર્યોધન : પિતા, જેનું જે બળ તે તેનું અસ્ત્ર, યુદ્ધમાં તે તેનો આધાર...યુદ્ધનું તો એકમાત્ર લક્ષ્ય જયલાભ હોય છે. પિતા, આજે જયી થયો છું એટલે મને અહંકાર છે.

પુત્ર દુર્યોધન માટે વપરાયેલાં વિશેષણો પિતા ધૃતરાષ્ટ્રની અસલિયત વ્યક્ત કરે છે...દુરાશય, દુર્મતિ, લજ્જાહીન, અહંકારી, કપટી વગેરે વિશેષણો ધૃતરાષ્ટ્ર વાપરે છે તો ખરો, અને છતાંયે ઠેઠ વિનાશને આરે આવેલા પુત્રનો સાથ છોડતો નથી બલકે પુત્રના દુરાશયોમાં સક્રિય સહકાર આપે છે...એ એની જીવન-પ્રતારણા એના જીવની ચરમ કરુણા છે.

દુર્યોધન જાણે છે કે કૌરવ-પાંડવોના પિતામહ એક છે, પણ પાંડવોનો ઉત્કર્ષ તે સહન કરી શકતો નથી એટલે કહે છે : 'શર્વરીનો શશધર મધ્યાહ્‌ન સૂર્યનો દ્વેષ નથી કરતો. પરંતુ પ્રભાતે એક પૂર્વ ઉદયશિખર ઉપર બે ભ્રાતૃસૂર્ય કેમે કર્યા સમાતા નથી. આજે દ્વન્દ્વ મટી ગયું છે. આજે હું જયી છું, આજે હું એકલો છું.'

દુર્યોધનને લોકનિંદાની કશી જ પડી નથી. તે સિંહાસનની પાસેથી તેના માનેલા નિંદકોના દળને સંજય, વિદુર, ભીષ્મ પિતામહને-દૂર કરવા ઇચ્છે છે. એ માને છે કે આ બધા ડાહ્યાડમરા બનીને હિતકથા, ધર્મકથા, સદુપદેશ, નિંદા, ધિક્કાર, તર્ક વગેરેથી ક્ષણે ક્ષણે સજ્યકર્મના સૂત્રને તોડી નાખ્યા કરે છે...રાજદંડને ભારે બનાવી મૂકે છે, રાજ-શક્તિમાં ડગલે ડગલે દ્વિધા જગાડે છે... અપમાન અને લજ્જાથી મુકુટને મલિન કરે છે...એની સિંહાસનરૂપી પથારીના આ બધા કંટકો છે...એમને તો દૂર કરવા સારા. દુર્યોધનનો આજીવન અભિગમ એના વ્યક્તિત્વને અનુરૂપ લાગે છે.

બીજી બાજુ, ધર્મ-અધર્મ જાણવા છતાંય પુત્રપ્રેમમાં અંધ બનેલા ...અંતરથી અને બહારથી અંધ બનેલા-પિતા ધૃતરાષ્ટ્રની લાચારી જુઓ :

ધૃતરાષ્ટ્ર : હાય, અભિમાની વત્સ ! મિત્રોનાં સુકઠોર નિંદા-વચનો સાંભળીને મારો પિતૃસ્નેહ લગારે ઓછો થતો હોત તો તો કલ્યાણ થાત. મારામાં એટલો બધો સ્નેહ છે કે મેં અધર્મમાં સાથ આપ્યો છે. હું જ્ઞાન ખોઈ બેઠો છું. તારો સર્વનાશ કરવા બેઠો છું. મારામાં એટલો બધો સ્નેહ છે કે પુરાતન કુરુવંશરૂપી મહારણ્યમાં ઘોર કાલાગ્નિ સળગાવવા બેઠો છું...છતાં હે પુત્ર ! તું મને સ્નેહ નથી એમ કહીને દોષ દે છે ?

પુત્રના અનુચિત ઉપાલંભથી વિવશ બનેલો પિતા આખરી ફેંસલો કરી નાખે છે : 'વિધાતાની ગદા માથા ઉપર પડે તે પહેલાં...ત્યાં સુધીમાં ઉતાવળે હાથે સર્વ સ્વાર્થ-ધન લૂટી લે, જયી થા, સુખી થા, એકેશ્વર રાજા થા, અરે, તમે જયડંકા બજાવો, આકાશમાં જયધ્વજા ફરકાવો. આજે વિજયોત્સવમાં ન્યાય, ધર્મ, બંધુ, ભ્રાતા કોઈ નહિ રહે, વિદુર કે ભીષ્મ નહિ રહે, સંજય પણ નહિ રહે, લોકનિંદા કે લોકલજ્જાનો ભય નહિ રહે, કુરુવંશની રાજલક્ષ્મી પણ હવે નહિ રહે. માત્ર અંધ પિતા અને અંધ પુત્ર તથા કાલાન્તક યમ રહેશે, માત્ર પિતૃસ્નેહ અને વિધાતાનો શાપ રહેશે, બીજું કોઈ નહિ હોય.'

અહંકારી પુત્ર અને પુત્ર-મોહમાં અંધ પિતાના જીવન અભિગમ પછી સતી ગાંધારીના અંતરમાં ઉગેલા નૈસર્ગિક ધર્મની વાત વિચારીએ.

ગાંધારી : આપના શ્રીચરણમાં મારે નિવેદન કરવાનું છે. આટલી વિનંતી રાખો, નાથ !

ધૃતરાષ્ટ્ર : પ્રિયાની પ્રાર્થના કદી અપૂર્ણ રહે ખરી ?

ગાંધારી : અબઘડી ત્યાગ કરો.

ધૃતરાષ્ટ્ર : મહારાણી, કોનો ?

ગાંધારી : જેના પાપના સંઘર્ષથી ધર્મની તલવારને ભીષણ ધાર દેવાઇ રહી છે, તે મૂઢનો.

ધૃતરાષ્ટ્ર : કોણ છે એ, ક્યાં છે એ, ફક્ત એનું નામ કહો એટલે થયું.

ગાંધારી : પુત્ર દુર્યોધન

ધૃતરાષ્ટ્ર : તેનો હું ત્યાગ કરું ?

ગાંધારી : એ જ મારી આપને ચરણે વિનંતી છે.

ધૃતરાષ્ટ્ર : હે ગાંધારી ! હે રાજમાતા ! આ પ્રાર્થના દારુણ છે.

ગાંધારી : હે કૌરવ, એ પ્રાર્થના શું મારી એકલીની છે ?

ધૃતરાષ્ટ્ર : તેનો ત્યાગ કરું તો પછી રાખું શું ?

ગાંધારી : તમારો ધર્મ.

ધૃતરાષ્ટ્ર : ધર્મ તને શું આપવાનો છે ?

ગાંધારી : નવાં નવાં દુઃખ. અધર્મથી મૂલવેલાં પુત્રસુખને અને રાજસુખને બબ્બે કાંટાની પેઠે છાતીએ દાબીને મારે શી રીતે સદા ઉપાડ્યા કરવા ?...મહારાજ ! ધર્મ કંઇ સંપદનો હેતુ નથી, એ કંઇ સુખનો ક્ષુદ્ર સેતુ નથી. ધર્મમાં જ ધર્મનો અંત છે. હું મૂઢ નારી, સ્વામી ! આપને ધર્મની વાત શું સમજાવવાની હતી ? બધું આપ સમજો છો.'

ધૃતરાષ્ટ્ર : હાય મહારાણી ! તમારો ઉપદેશ સાચો છે, તમારી વાણી તીવ્ર છે.

ગાંધારી : અધર્મનું મધ ચોપડ્યું વિષફળ ઉપાડી લઇને પુત્ર આનંદથી નાચે છે, સ્નેહના મોહમાં ભૂલીને તેને તે ફળ ખાવા ન દેશો. છીનવી લો, ફેંકી દો, રડવા દો તેને. છલલબ્ધ, પાપસ્ફીત રાજ્યને, ધનને અને જનને પડ્યાં મૂકી તે પણ ભલે દેશવટે ચાલ્યો જતો, ભલે વંચિત પાંડવોનો સમદુઃખ ભાર વહેતો ?

વિધિની વિચિત્રતા તો એ છે કે પુત્ર પ્રત્યે પિતા કરતાં માતાનો સ્નેહ અધિક હોય પણ અહીં વાત એથી વિપરીત છે ! સતી ગાંધારીના માતૃત્વના ચૂરા તો ત્યારે થઇ ગયા જ્યારે અનાથ પાંચાલીના આર્ત કંઠસ્વરે લજ્જા, ઘૃણા અને કરુણાના તાપથી પ્રાસાદની ભીંતોને પિગાળી નાખી; એટલે જ એ વારંવાર નિવેદન-આવેદન કરે છે કે 'મહારાજ ! મહારાજ ! સાંભળો આટલી વિનંતી. જનનીની લાજ દૂર કરો, વીરધર્મનો ઉદ્ધાર કરો, પદાહત સતીત્વનું ક્રંદન થંભાવો, અવનત ન્યાયધર્મનું સન્માન કરો, દુર્યોધનનો ત્યાગ કરો.'

'મમ'ની માયા-મમતામાં અંધ બનેલ વિવેકભ્રષ્ટ કુરુરાજ ધૃતરાષ્ટ્ર સતી ગાંધારીને આખરી નિર્ણય જણાવી દે છે :

ધૃતરાષ્ટ્ર : પ્રિયે ! મોહપાશને હું તોડી શકતો નથી. પાપી પુત્ર વિધાતાને ત્યાજ્ય છે, એટલે હું તેને નહિ ત્યજી શકું...એની સાથે એક પાપમાં ઝંપલાવીને પડું. એક જ વિનાશને તળિયે ડૂબીને બેધડક મરું, એની દુર્ગતિમાં ભાગ પડાવું, એની દુર્ગતિનાં અર્ધાં ફળ ભોગવું એજ મારું સાંત્વન છે. હવે કંઇ ન્યાય તોળવાનો વખત નથી; નથી કશો ઉપાય, નથી કશો માર્ગ; બનવાનું હતું તે બની ગયું, જે પરિણામ આવવાનું હશે તે આવશે.'

નવ નવ માસ સુધી ગર્ભાશયમાં ધારણ કરનાર ગર્ભભાર જર્જરિતા માતાને પ્રતીતિ થઇ ગઇ છે કે પુત્ર દુર્યોધન 'न शास्त्रं शास्तिदुर्बुद्धि ।' શાસ્ત્રના ઉપદેશથી સુધરી શકે તેમ નથી જ ત્યારે તેનો ત્યાગ કરવાની વિનંતી કરે છે. ત્યારે ધૃતરાષ્ટ્ર કહે છે : अन्तः कामं कुलस्यातु न शक्नो निवारितुम् । ભલે કુલનો નાશ થાઓ, હું એને અટકાવી શકતો નથી. મૂળ મહાભારતમાંથી આટલી વસ્તુનો આધાર લઇ કવિવર ઠાકુરે એમની આગવી કવિપ્રતિભાથી આવા સુંદર પદ્યરૂપકનું સર્જન કર્યું છે.

ધૃતરાષ્ટ્ર સ્વભાવદુષ્ટ નથી પણ એનાં કાર્મણ્યદોષ અને વિવેકન્યૂનતાને કારણે યોગ્ય કાળે યોગ્ય નિર્ણય લઇ શકતો નથી અને બધો જ દોષ અદષ્ટને, નિયતિને દે છે. પતિના સ્વભાવથી વિપરીત સતી ગાંધારી સહજ ધર્મમાં નિષ્ઠાવાળી વિવેકભૂત, કાર્યાકાર્યનો નિર્ણય કરનારી છે. મૂળ મહાભારતમાં તો ધૃતરાષ્ટ્ર અનેક પ્રસંગે અનેકવાર આવી વાણી ઉચ્ચારે છે :-

दिष्टमेव परमन्ये पौरुषंचाप्यनर्थकम् ।

મતલબ કે નસીબ, અદષ્ટ જ મોટી વાત છે, પુરુષાર્થ કશા જ કામનો નથી. સંજય એને અનેકવાર એની મર્યાદાઓનું, એની વિવેકશૂન્યતાનું ભાન કરાવે છે ત્યારે પણ એ એક જ ધ્રુવપદ લલકારે છે :-

पुरा धात्रा यथासृष्टं तत्तथा नैतदन्यथा ।

'નથી ત્હારુ કાંઇ સકલ રચના છે કુદરતી' જેવું आत्मनेव कृतंकर्म आत्मनैवोपभुज्ते । એ સનાતન સત્યમાં એને શ્રદ્ધા નથી એ એના જીવનની મોટામાં મોટી 'ટ્રેજેડી' છે.

દુર્યોધનની મહારાણી ભાનુમતી વિજય-શણગાર સજી ગર્વોન્મત્ત બને છે તેને ગાંધારી શીખ દે છે :-'વત્સે, બાંધેલો સેતુ તોડીશ નહીં, રમતને બહાને ઘરમાં વિપ્લવનો કેતુ ખડો કરીશ નહિ. આજે આનંદનો દિવસ નથી, સ્વજનના દુર્ભાગ્ય ઉપર અંગે અંગે શણગાર સજીને ગર્વ કરીશ નહિ.'

સતી દ્રૌપદી-સમેત પાંચેય પાંડવો ગાંધારી પાસે વિદાય લેવા આવે છે ત્યારે ગાંધારી કહે છે : 'હે મારા દુઃખવ્રતી પુત્રો ! તમે વાયુમાંથી બળ, સૂર્યમાંથી તેજ, પૃથ્વીમાંથી ધૈર્ય અને ક્ષમા પામજો...આ મહાદુઃખ જ તમને મહાન સહાયરૂપ થશે... પુત્રથી યે વધુ એવા હે પુત્રો ! મારા પુત્રે જે કંઇ અપરાધ કર્યો છે તે બધા મારા આશીર્વાદથી ફોક થઇ જાઓ. અન્યાય, પીડન, ગંભીર કલ્યાણ-સિંધુનું મંથન કરો.' એ પછી દ્રૌપદીને આલિંગન કરીને સતી ગાંધારી કહે છે: 'ધૂળમાં રોળાયેલી સુવર્ણ લતા ! ઓ મારી દીકરી ! ઓ મારી રાહુગ્રસ્ત ચંદ્રલેખા ! એકવાર માથું ઊંચું કર, મારા બોલ સાંભળ. **જેણે તારી અવમાનતા કરી છે તેનું અપમાન જગતમાં કાયમ રહેશે. તેનું કલંક અક્ષય બનશે.** વનમાં તું એકલી...કલાંતિમાં આરામ અને શાંતિ, વ્યાધિમાં શુશ્રૂષા, દુર્દિનમાં શુભલક્ષ્મી, તમોમયી રાત્રિના આભૂષણરૂપ મૂર્તિમતી ઉષા બ-' રહેશે. તું એકલી સર્વપ્રીતિ અને સર્વ સેવારૂપ જનની, ગૃહિણી બનીને સતીત્વના શ્વેત પદ્મ સમી સંપૂર્ણ સૌરભથી શત પાંખડીએ પ્રફુલ્લીને ગૌરવપૂર્વક જાગતી રહેશે.'

આમ, જયપરાજય, સુખ, એકેશ્વર રાજસત્તા, દ્યુત-કપટ, પ્રલોભન, અંધ પુત્રપ્રેમ, માતૃત્વનું ખંડન, ધર્મ-અધર્મ અને કાર્યાકાર્ય વિવેક જેવા જીવનસ્પર્શી જીવનલક્ષી અનેક મૂળગામી પ્રશ્નોનું પદ્યરૂપકની રીતિએ થયેલું દક્ષ નિરૂપણ એટલે 'ગાંધારીનું આવેદન.'

❖❖❖

# લક્ષ્મીદેવીની પાંચ સખીઓ

□ આચાર્ય વિજયપૂર્ણચન્દ્રસૂરિજી

લક્ષ્મીદેવી દેવીના રૂપમાં તો કોક પુણ્યશાળીના ગૃહાંગણે જ પગલાં પાડતી હોય છે. ઘણાખરાના ઘરમાં તો લક્ષ્મીના પગલાં એક પનોતીના રૂપમાં જ થતાં હોય છે. એથી લક્ષ્મીના આગમનની પાછળ પાછળ પાંચ એવા તત્ત્વો એ ઘરમાં પ્રવેશી જતા હોય છે કે, જેથી દેવી તરીકેનું લક્ષ્મીનું સ્વરૂપ ઢંકાઇ જાય અને બીજા જ કોઇ વરવા રૂપનાં જ એમાં દર્શન થાય.

લક્ષ્મીની જેની ઉપર કૃપા ઊતરતી હોય છે, એની પર લક્ષ્મીની જે પાંચ સખીઓની પણ કૃપા ઊતરતી હોય છે, એનાં નામો રજૂ કરતું એક સુભાષિત છે. એ કહે છે કે, નિર્દયત્વ, અહંકાર, તૃષ્ણા, કઠોર વાણી અને હલકી જાતિ સાથે પ્રીતિઃ આ પાંચ દૂષણો તે લક્ષ્મીની પાંચ સખીઓ કે સહચરીઓ છે. જ્યાં જ્યાં લક્ષ્મીનાં પગલાં પડે, ત્યાં ત્યાં લગભગ આ પાંચ સહચરી પણ લક્ષ્મીની આસપાસ પ્રદક્ષિણા મારતી ફરતી જ હોય છે. આ પાંચેનો પરિચય જરા વિગતવાર મેળવી લઇએ.

લક્ષ્મીનું આગમન થતાં જ માણસમાં પ્રાયઃ નિર્દયત્વ આવી જતું હોય છે. ગરીબમાં જેટલી દયા માયા જોવા મળે, એટલી દયા માયાનો પણ સદ્ભાવ શ્રીમંતોમાં એકંદરે જોવા મળતો નથી. ગરીબ હજી મળેલા રોટલામાં અડધો રોટલો બીજાને આપવાની સહૃદયતા દાખવતો જોવા મળે, પણ લક્ષ્મીનો ઢગલો ખડકાયો હોવા છતાં ઘણામાંથી થોડું આપવાની સહૃદયતાનાં દર્શન શ્રીમંતના જીવનમાં થવાં દુર્લભ ગણાય.

લક્ષ્મીનું બીજું દૂષણ છેઃ અહંકાર ! લક્ષ્મી આવતાં જ માણસ અહંકારી થઇ જતો હોય છે. ગરીબીમાં ગાય જેવું દીનહીન મોં લઇને ફરતો માણસ પૈસો આવતાં જ સિંહ જેવો ગર્જના કરતો થઈ જાય છે. અહંકાર એ આરપાર-દર્શી કાચ જેવો નહિ, પણ દર્પણના કાચ જેવો છે. અહંકારીને બીજી વ્યક્તિના દર્શન જ થતાં નથી. એને તો દર્પણના કાચની જેમ બધે જ પોતાની જાત જ દેખાયા કરતી હોય છે. સંપત્તિના આગમન પૂર્વેની પોતાની દીનહીન દશા સાવ જ ભૂલી જઇને એ એવો અહંકારી બની જતો હોય છે કે, એની અક્કડતા મા-બાપ જેવા વડીલોની સાથે પણ ટકરાતી હોય છે.

તૃષ્ણા એ લક્ષ્મીનું ત્રીજું દૂષણ છે. લક્ષ્મીના આગમન પૂર્વે માણસની આશા હજાર બે હજારની જ હોય છે. પણ લાખની પ્રાપ્તિ થઇ જાય તોય એ આશા સંતોષાતી નથી. લાખ મળ્યા પછી તો એની તૃષ્ણા અનંત બની જતી હોય છે. સોની પ્રાપ્તિ હજારની તૃષ્ણા જગાડે. હજારની પ્રાપ્તિ લાખની તૃષ્ણા જગાવે, લાખ મળી જતા કરોડની તૃષ્ણા જાગી ઊઠે, કરોડ પણ મળી જાય તો આ બન્નેની તૃષ્ણા પોતાનું ચપ્પલિયું લંબાવીને ખડી થઈ જાય. આમ, લક્ષ્મી મળતી જતી જાય, એમ તૃષ્ણાના ચપ્પલિયાની ભૂખ પણ વધતી જાય. અગ્નિમાં નાખવામાં આવતી ઘીની આહુતિ જેમ અગ્નિને શાંત કરનારી ન બનતા ઉપરથી વધુ ને વધુ પ્રદીપ્ત કરવાનું કામ કરી જાય, આવી જ રામાયણ તૃષ્ણાની છે. આ દૂષણ લક્ષ્મીનું નહિ તો કોનું છે ?

લક્ષ્મી આવતાં માણસની ભાષા પણ ફરી જતી હોય છે. વધુ લક્ષ્મીવાન સાથેની વાતચીતમાં ગોળ જેવો ગળ્યો જણાતો એ શ્રીમંત ગરીબો સાથે તો ગાળની જ ભાષા વાપરતો જોવા મળતો હોય છે, એ પ્રાયઃ તો ગરીબની સાથે વાતચીત જ કરે નહિ. અને કદાચ કરે, તો એની ભાષાની કર્કશતા અનુભવી ચૂકેલો ગરીબ બીજી વાર એની પાસે એવી કર્કશતા માણવા ભાગ્યે જ પાછો ફરકે.

લક્ષ્મીવાનને પ્રાયઃ સારાની સોબત ગમે જ નહિ. કેમકે એના જીવનની ચાદર પર પડેલા ડાઘ તરફ વાત્સલ્યભાવે આંગળી ચીંધાય, એય એને રુચે નહિ. એથી સારાની સોબતની જ એ માંડવાળ કરે અને જે હલકી જાતિના હોય, એની સાથે જ એની પ્રીતિ જામે. કેમકે તો જ 'તેરી બી ચૂપ મેરી બી ચૂપ' જેવી છાવરવાની વૃત્તિ પોષાય.

આમ, લક્ષ્મીની જેના ઘરમાં છોળો ઉછળતી હોય, એના ઘરમાં મોટે ભાગે નિર્દયત્વ નાચતું હોય, અહંકાર છાતી કાઢીને ઘૂમતો હોય, તૃષ્ણા આગ બનીને ભડભડતી હોય, કર્કશવાણીના ત્યાં કડાકા ભડાકા બોલાતા હોય અને હલકી જાતિ સાથેની પ્રીતિની તો ત્યાં બોલબાલા હોય. કેમકે આ પાંચે દૂષણો લક્ષ્મીની સહચરી છે. લક્ષ્મી જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં આ પાંચેના પગલાંઓ પડે, પડે ને પડે જ. લક્ષ્મીની સાથે પડછાયાની જેમ ફરનારી આ પાંચે સહચરી એવી તો અવળચંડી છે, કે જે લક્ષ્મીને 'દેવી' તરીકે પૂજાવા ન દેતાં, 'ડાકણ' તરીકેની વગોવણી જાતે ઊભી રહીને કરાવે.

જ્યાં લક્ષ્મીના પનોતીના રૂપે પગલાં પડે, ત્યાં આ પાંચ મુખ્ય દૂષણો મુક્તમને મહાલતા હોય છે, પણ કોક એવા મહાભાગ્યશાળીઓ પણ હોય છે કે, ત્યાં દેવી રૂપે લક્ષ્મીના પગલાં પડતાં હોય છે. અને એના મહેલમાં દયા, નમ્રતા, સંતોષ, પ્રિય વાણી અને સજ્જન સાથેની પ્રીતિઃ આટલા પાંચ ગુણો માનસરોવરમાં મહાલતા રાજહંસોની જેમ વિલાસ કરતા હોય છે.

લક્ષ્મીની પ્રાપ્તિ બે રીતના પુણ્યોદયથી શક્ય બનતી હોય છે. એક પાપાનુબંધી પુણ્યોદય, બીજો પુણ્યાનુબંધી પુણ્યોદય. ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત, આ પાપાનુબંધી પુણ્યોદયની કરમ કથા છે. ચાર દિન કી ચાંદની ફિર સૂરજ કી ભાત, આ પુણ્યાનુબંધી પુણ્યોદયની ભવ્યકથા છે. પાપાનુબંધી પુણ્યોદયથી જે લક્ષ્મીની પ્રાપ્તિ થાય, એ લક્ષ્મીની સાથે સાથે નિર્દયતા, અહંકાર, તૃષ્ણા, કર્કશવાણી, હલકી જાતિથી પ્રીતિ—આ પાંચે દૂષણો પણ પેસી જતા હોય છે અને પુણ્યાનુબંધી પુણ્યોદયથી જે લક્ષ્મીની પ્રાપ્તિ થતી હોય છે, એ લક્ષ્મીની સાથે દયા, વિનમ્રતા, સંતોષ, પ્રિયવાણી, અને સજ્જન સંગતિઃ આ પાંચેનો પરિવાર ભૂષણ બનીને પ્રવેશતો હોય છે. અને એ લક્ષ્મીને દેવી તરીકેની શોભા બક્ષતો હોય છે.

લક્ષ્મી તો લગભગ હર કોઇને ઓછાવત્તા પ્રમાણમાં મળી જ હોય છે. એ લક્ષ્મીની પ્રાપ્તિ કઇ જાતના પુણ્યોદયથી થવા પામી છે? એ પુણ્યોદય પુણ્યનો જ અનુબંધ ધરાવે છે કે પાપનો અનુબંધ ધરાવે છે ? આ તો લક્ષ્મીની સહચરી બનીને આવેલાં તત્ત્વોના પરીક્ષણ પરથી જ નક્કી કરી શકાય ! લક્ષ્મીની આસપાસ જો એ સુભાષિતમાં દર્શાવેલા પાંચ દૂષણો જ આંટાફેરા મારતા હોય, તો સમજી લેવું કે, એવા પુણ્યોદયથી આપણને લક્ષ્મી મળી છે કે, ચાર દિવસની ચાંદની વીતી જતાં જેનું ભાવિ ફિર અંધેરી રાત જ હોવાનું હોય છે અને એ લક્ષ્મીને પાંચ ભૂષણો શોભાવતાં હોય, તો સમજી લેવું કે, એવા પુણ્યોદયથી આ લક્ષ્મી પ્રાપ્ત થઇ છે કે, ચાર દિવસની ચાંદની પછીનું જેનું ભાવિ વધુ ને વધુ પ્રકાશમય છે.

❖❖❖

# બાલસાહિત્યમાં નિબંધ

□ ડૉ. પ્રવીણ દરજી

વીસમી સદી લગભગ પૂરી થવામાં છે અને એકવીસમી સદી બારણે ટકોરા મારી રહી છે. ત્યારે આપણી નજર સામે ઘણાં પરિવર્તન થઇ ચૂક્યાં છે. એકવીસમી સદી કેવી હશે એના સંકેતો પણ આપણને આ વર્ષમાં જ મળ્યા છે. માનવીની જીવનશૈલી, જીવન વિશેનો તેનો વિભાવ, માનવીય સંબધો, સમાજ, શિક્ષણ, સાહિત્ય, ધર્મ, સંસ્કૃતિ-સભ્યતા-આ બધાં વિશે હવે કંઇક ફેરવિચાર કરવો પડે એવી સ્થિતિએ આવીને પહોંચ્યા છીએ. યંત્રયુગમાંથી ઇલેકટ્રોનિક યુગમાં જે પ્રવેશ થયો તેણે ઘણું બધું ઝડપથી બદલી નાખ્યું છે. સમૂહ માધ્યમોએ જે રીતે ગજું કાઢ્યું છે એ રીતે સવારે જાણેલું બપોરે વાસી થઇ જાઇ છે અને બપોરે જાણેલું સાંજે જૂનું થઇ જાય છે. સમગ્ર વિશ્વ એક-સાથે ધબકી રહ્યાનો અનુભવ થઇ રહે છે. વિશ્વના એક ખૂણામાં બનતી ઘટના તેજ ક્ષણે વિશ્વના બીજા ખૂણામાં વસતો માણસ જાણી જોઇ શકે છે. ઇચ્છે ત્યારે જોજનો દૂર રહેલા માણસ સાથે વાત કરી શકે છે. ઇન્ટરનેટ ઉપર તે ઇચ્છે એવી સામગ્રી તરત મેળવી શકે છે. એક નાની ડીશ ઉપર એન્સાયક્લોપીડિયાનાં બધાં વોલ્યૂમ્સને સંચિત કરી શકે છે. કોમ્પ્યુટર આપણા યુગનો ચમત્કાર છે. એકવીસી સદીમાં કદાચ તેના રૂપ-રંગ કંઇક ઓર ખીલ્યાં હશે. માધ્યમોના આ પ્રભાવે માણસને ચાલતો નહિ, દોડતો કરી મૂક્યો છે. એવી ભાગ-દોડમાં એની સ્વકીય ઓળખના પ્રશ્નો પણ ઊભા થયા છે. ટી.વી.ના નાના પડદા વિશે કલાકો નહિ, દિવસ સુધી વાતો થઇ શકે તેવું તેનું સૌને આકર્ષણ રહ્યું છે. તેના લાભ-અલાભનું સરવૈયું અહીં માંડવું નથી પણ એક શબ્દમાં કહીએ તો તેણે આપણા રંજન અને મંજનની દિશા બદલી નાખી છે. આપણી સંસ્કૃતિ, આપણું સાહિત્ય, આપણી જીવનપદ્ધતિ એ બધામાં કંઇક ન કલ્પી શકાય તેવાં પરિવર્તનો અને પરિણામો આપણી સામે આવીને ઊભાં છે. એક અનિવાર્ય અનિષ્ટરૂપે જોનારાઓએ તેનાં જે ભયસ્થાનો બતાવ્યાં છે તે ધ્રૂજાવી મૂકે તેવાં છે. આપણું આજનું બાળક આવા પરિવેશ વચ્ચે ઊછરી રહ્યું છે. આવા નવા પરિવેશ વચ્ચે જીવતા બાળકનું રસજગત ભિન્ન હોય, તેની કલ્પનાશક્તિ અને જિજ્ઞાસા પણ જુદાં હોય, તેના પ્રશ્નો અને માન્યતાઓમાં પણ ફેર હોય એ સ્વાભાવિક છે. આવા બાળક માટેનું બાળસાહિત્ય પણ તેથી પૃથક્ પ્રકારનું જ હોવાનું બાળસાહિત્ય લખનારાઓ માટે આ એક મોટો પડકાર છે. બાલસાહિત્ય લખવું અઘરું તો હતું જ, પણ આ નવા પરિવેશમાં તે સવિશેષ અઘરું બને છે. એ સર્જકનો મુકાબલો 'બાળક'ના નવા જગતને શબ્દરૂપે અવતારવા સામે તો હોય, પણ સાથે પેલાં માધ્યમો સામે પણ રહેવાનો. માધ્યમોથી કંઇક વધુ ઉમદા, ઊંચી ભૂમિકાનું, સહજગમ્ય બને તેવું, સાથે તેને જ્ઞાન-ગમ્મત પણ મળે-એ પ્રકારનું પીરસવાનું રહે છે. આમ કરવા જતાં પરંપરાગત સાહિત્ય સ્વરૂપોમાં શુદ્ધિ-વૃદ્ધિ કરવાનું બને, નવા સ્વરૂપોની ખોજ પણ જરૂરી બને...ટૂંકમાં જૂની મૂડીથી જ હવે આગળ વધી શકાય તેમ નથી. નવા આયામો અનિવાર્ય બન્યા છે. શબ્દ અને સંવેદના-જે રીતે ક્ષીણ થતાં જાય છે તેને ઉગારી લેવાનાં છે. બાળકને તેની મહત્તા સમજાઇ રહે એ દિશામાં ડગ ભરવાનાં છે. માત્ર ડાબા હાથે લખી નખાય તે બાળસાહિત્ય એવી સમજને ભૂલીને નવા પરિવેશ વચ્ચે બાળકનું બાળજગત નંદવાઇ ન જાય અને ગળથૂથીમાંથી જ વિધાયક જીવનનો સૂર તે પામે એ રીતે પૂરા ઉત્તરદાયિત્વ સાથે હવે લખવાનું રહેશે. ઓસરી કે બહુમાં બહુ પાદર સુધીના સીમિત વિશ્વમાં જીવ્યા કરતું બાળક હવે ટી.વી.ને કારણે વિશ્વ આંગણમાં મૂકાયું છે. તે તેનાં માતા-પિતાને, તેના મિત્રોને, તેના ભણતરને હવે જુદા પરિપ્રેક્ષ્યમાં જુએ છે. તેની જરૂરિયાતો અને પ્રશ્નો હવે બદલાયાં છે. માધ્યમોના પ્રભાવે તેને બીજું ઘણું અંકે કરી લીધું છે એ પણ ધ્યાનમાં રાખવું પડશે. નકારાત્મક અને હકારાત્મક બળો વચ્ચે ભેળસેળ થઇ ગઇ છે. જે ચેનલો ઉપર એ સિરિયલો જોઇ ઊંઘી જાય છે એમાં બહુધા મારફાડ હોય છે, મિલ્કતના ઝઘડા હોય છે, સ્ત્રી પુરુષના આડા સંબધોની કથાઓ હોય છે. કેટલુંક એ સામે સારું પણ હોય છે. સવારે ઊઠે છે ત્યારે પણ ચેનલો ઉપર સિરિયલ ચાલુ જ હોય છે. કથક નૃત્યની સાથે ડિસ્કો ડાન્સ પણ.

આવા 'બાળક'ની સામે નિબંધ મૂકવો હોય તો એ નિબંધ કેવો હોય ? એના વિષયો કેવા હોય ? એ શાલેય નિબંધનું સ્વરૂપ કેવું હોય ? પરંપરાગત નિબંધથી એ નિબંધ જુદો હોવાનો ? સામાન્ય રીતે 'નિબંધ' શબ્દનું અર્થઘટન 'એક પ્રયત્ન' એટલો થાય છે. સંસ્કૃતમાં જે બાંધે છે, જોડે છે એ નિબંધ એમ કહેવાયું છે. શાલેય નિબંધના સંદર્ભે એક મત આવો પણ છે : વિષયની મહત્તા, તેનાં અંગોપાંગોનું વર્ણન, વચ્ચે વિષયગત મુશ્કેલીઓ આવતી હોય તો તે વિષયને પોષક અન્ય સામગ્રી, તેનું વર્ણન, દૃષ્ટાંતસભર શૈલી, કહો કે વર્ણ્યવિષય જ અહીં આગળ રહેતો હોય છે. એને તંતોતંત ઉઘાડી આપવામાં જ લેખક પોતાનું કર્તવ્ય સમજે છે. માધ્યમિક કક્ષાએ, બાળક મોટું થાય ત્યારે, જે નિબંધના સંપર્કમાં મુકાય છે એ નિબંધમાં પણ સામગ્રીનું, સાજનમાજનથી શોભતા વરની જેમ વધુ મહત્ત્વ અંકાયું છે. એકવીસમી સદીમાં બાળસાહિત્યનો નિબંધ અહીં નોંધ્યું છે એ પ્રકારનો હશે કે કંઇક ભિન્ન ?

'નિબંધ'ના સ્વરૂપનો વિચાર કરીએ છીએ ત્યારે એક બીજું વ્યવધાન પણ નજરમાં આવે છે. બાળગીત, બાળનાટ્ય કે બાળવાર્તામાં બાળકને ભરપૂર રસ પડે તેવું વાર્તાતત્ત્વ હોય છે. પાત્રાદિ પણ ત્યાં હોય છે. ગીતનું ગેયતત્ત્વ અને બાળનાટ્યનું સંવાદતત્ત્વ પણ બાળકને આનંદ આપનારું નીવડતું હોય છે. આવાં સ્વરૂપોની સરખામણીમાં, પાત્ર, સીધી કથા આદિની ઊણપવાળા નિબંધનું આકર્ષણ બાળકને ઓછું રહે એ સમજી શકાય તેમ છે. એમાં વિષયની વ્યવસ્થિત માહિતી, એને પોષક ઉદાહરણો કે વર્ણનોથી લગભગ કામ ચાલી જતું હોય છે. શાલેય નિબંધનો એ એકંદરે માન્ય ઢાંચો રહ્યો છે. આવા સંજોગોમાં બાળસાહિત્યના લેખક માટે નિબંધ લખવો, માહિતી સાથે તેને રસાળ બનાવવો અને ભાષાને સરળ, સહજગમ્ય રાખી બાળમાનસને અંદર રસાનંદ લેતું કરવું એ બાબત કંઇક કપરી બની રહે છે. કદાચ બાળસાહિત્યમાં તેથી અન્ય સ્વરૂપોના મુકાબલે નિબંધનું સ્વરૂપ ઓછું ખેડાયેલું જણાશે.

બાળસાહિત્યમાં આમ નિબંધલેખન અનેકરીતે પડકાર રૂપ બન્યું છે. છતાં આ સ્વરૂપને બાળસાહિત્યના લેખકોએ ધીરજથી અજમા-વવા જેવું છે. શાળામાં શિક્ષકે તેનો જે ઢાંચો બાંધી આપ્યો છે એમાં લેખક પોતાની રીતે ઘણાં પરિવર્તનો લાવી શકે તેમ છે. જૂના કે નવા વિષયોને તે સંક્ષેપમાં, બાળકને રસ પડે તેવી અભિવ્યક્તિની વિવિધ રાહો દ્વારા જીવંત રૂપ આપી શકે તો નિબંધ તરફ બાળક વળે. શિક્ષણ પદ્ધતિના એક ભાગ રૂપે જે ગીત, નાટક કે વાર્તા, નિબંધનું અસ્તિત્વ જણાય છે તેને તે વધુ વ્યાપક ભૂમિકાએ લઇ જઇ શકે. ભાષાશિક્ષણ ઉપરાંત આવા સ્વરૂપો દ્વારા બાળકના ચિત્તને સંકોરવાનું

પણ બની શકે. એ તો સ્પષ્ટ છે કે બાળસાહિત્યનો નિબંધ લલિતનિબંધની રગમાં લખવાનો નથી, તેને છેક જ સાહિત્યિક બનાવી મૂકવાનો નથી. માહિતી, કલ્પકતા, વિચાર વગેરેનું અહીં અમુક અંશે Testing થતું હોય છે. એ સર્વનું સામંજસ્ય સધાય, સાથે બાળકને 'રસ પડે' એ રૂપે એનો આવિષ્કાર થવો રહે.

આપણે અગાઉ જોયું કે જે 'બાળક'ની સામે આ 'નિબંધ' મૂકવાનો છે એ બાળક કંઇક ભિન્ન છે, એનું પર્યાવરણ પણ કંઇક જુદું છે, તેમ એ બાળમાનસ જે વિચારે છે એ પણ કંઇક અલગ છે. આવી સ્થિતિમાં આ બાળક સમક્ષ જે 'નિબંધ' રજૂ કરવા માગીએ છીએ તેની ઘાટી તેથી કંઇક જુદી હોય એ જરૂરી છે. સાથે સાથે રવીન્દ્રનાથ ટાગોરે કહેલી એક બાબતને પણ અહીં યાદ રાખવાની રહે છે. કોઇ પણ યુગનો 'બાળક' છેવટે 'બાળક'જ છે. એ બાળક અને એનું જગત અમુક રીતે બદલાયાં હોવા છતાં આ 'બાળક' પણ એવું જ વિસ્મય ધરાવે છે. એનો જિજ્ઞાસારસ જેવો ને તેવો જ રહ્યો છે. તેનું વલણ પણ હજી એવું ને એવું ભાતભાતના પ્રશ્નો કરવાનું રહ્યું છે. કદાચ પ્રશ્નો બદલાયા છે. આમ 'બાળક' તો અહીં છે જ. એટલે આ નિબંધો જુદી ઘાટીએ લખાય ત્યારે પણ તેનાં કુતૂહલ, વિસ્મય, સાહસ, પ્રશ્નો, તેના વિચારો વગેરેનો બરોબરનો ખ્યાલ રાખવાનો રહશે. તેનું સામાન્ય જ્ઞાન અને રસના ક્ષેત્રો વિસ્તર્યાં છે એ મુદ્દાને પણ લક્ષમાં લેવો પડશે. વળી નિબંધ લખનાર લેખકે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે પોતે એ 'બાળક' માટે લખી રહ્યો છે ને તે એક લેખક તરીકે લખી રહ્યો છે. બાળકને બદલે પુખ્ત માણસને અનુકૂળ પડે અને લેખકને બદલે શિક્ષક કે ધર્મગુરુને શોભે એવી રીતે તે લખવા જાય, પોતાના વિચારો કે ભાવનાઓનું આરોહણ કરવા જાય તો એવી રચના બાળકના જિજ્ઞાસારસને દ્રવતો રાખવાને બદલે સૂકવી નાખે. અમુક વિચારની કંઠીથી તેનો મનોવિકાસ રૂંધાઇ જાય. ખલિલ જિબ્રાને બહુ સાચું કહ્યું હતું કે આ બાળકને પોતાનું જગત છે, પોતાની રીતની કશીક મથામણ છે, શોધ છે. નિબંધલેખકે માત્ર એવા જગતને વધુ ખોલી આપવાનું છે, પેલી મથામણના નવા નવા માર્ગ પાસે તે મુકાય તે જોવાનું છે. તેનું વિસ્મય ઠીંગરાઇ ન જાય તેની પૂરતી કાળજી રાખવાની છે. નિબંધમાં લેખક પોતે જ assertive રહેતો હોય તો એવો નિબંધ 'બાળક'ને માથે મારવા જેવો થાય. બીજી રીતે કહીએ તો નિબંધલેખકે માળીનું કામ કરવાનું છે. છોડનો વિકાસ, એનું પ્રફુલ્લન, એનું ડોલન અને એનાં સુગંધાદિ સર્વ એની રીતનાં હોય, માળી જરાતરા એને સંકોરતો રહે બસ, એટલું. કક્ષાભેદે અને વયભેદે નિબંધના વિષયો અને નિરૂપણ રીતિમાં ખાસ્સો ફેર રહેવાનો, છતાં એકવીસમી સદીના બાળસાહિત્યમાં નિબંધના સ્થાન-સ્વરૂપનો વિચાર કરીએ છીએ ત્યારે તેનું સર્વસામાન્ય રૂપ કંઇક આ પ્રકારનું હશે એમ કલ્પી શકાય.

(૧) આવા નિબંધનું રૂપ સાવ શાલેય કે સપાટ નહિ હોય. માહિતીનો તો આ યુગમાં મોટો વિસ્ફોટ જોઇ શકાય છે. તેથી માહિતી ઉપરાંત બાળકના નવ્ય અનુભવોની અહીં અવળસવળ પણ વર્ણનનો વિષય બનશે. જેમકે ૧૮૫૭ના બળવાની વિગતો તો કમ્પ્યુટર આપશે પણ તે પાછળની ભૂમિકાના સંકેત લેખકે બાળકના અનુભવમાં એવી કોઇ આવેલી-જાણેલી-સાંભળેલી ઘટના દ્વારા કરવાના રહેશે. સ્વાતંત્ર્ય શું છે, ખુવારી છતાં તેનો આનંદ કેવો છે-તેનાં હાથવગાં દષ્ટાંતો પણ તેમાં આવી શકે. સ્વાતંત્ર્ય મનુષ્યની મૂળ વૃત્તિ છે એવું પણ કોઇક રૂપે દર્શાવી શકાય.

(૨) એકવીસમી સદીમાં જૂના વિષયોની સાથે અનેક નવા વિષયો લઇને નિબંધ રચાતો જોઇ શકાશે. જૂના વિષયોને જોવાનો દષ્ટિકોણ બદલવો પડશે. મા, પિતા, ગાય, કીડી, પ્રવાસ, પુસ્તક, બાળસ્મરણો, વર્ષા કે વસંત જેવી ઋતુઓ, તહેવારો, પંખી વગેરે પરંપરાગત વિષયો સાવ નિબંધમાં નહિ જ આવે એવું નથી પણ બાળકનાં આ માતા-પિતા હવે ધંધામાં વ્યસ્ત છે, બાળક સાથે નિરાંતે વાત કરવાનો તેઓને સમય નથી. એટલે હવે બાળક ડાઇનિંગ ટેબલ ઉપર, શાળાના ઉત્સવ વખતે કે રજાના દિવસે અથવા તો કોઇ ઉત્સવમાં તેમની સાથે તે બહાર જાય છે ત્યારે-જેટલું અને જેવું મળે છે એ રેખાઓથી એના માતા-પિતાની છબી તે રચશે. નિબંધલેખકે એવા અનુભવોને આગળ કરતાં કરતાં માતા-પિતા, તેમની લાગણી છેવટે કુટુંબનાં કેવાં મૂળ બની રહે છે અને ઉત્તમ માતા-પિતા કેવાં હોય છે વગેરે પણ કોઇક રૂપે નિબંધમાં બતાવવું પડશે. કીડી, સૂર્ય, ચંદ્ર વિશેના ભાવનાત્મક જગતની સાથે વૈજ્ઞાનિક રીતે તે શું છે એ પણ તર્કથી હવે કહેવું પડશે. સૂર્ય-ચંદ્ર બાળકથાઓમાં આવે છે, કવિસૃષ્ટિમાં આવે છે પણ તે ખરેખર શું છે તે પણ દર્શાવવાનું રહે છે. કોમ્પ્યુટર, ટી.વી. ઉપર આવતી સિરિયલો, કોમ્પ્યુટરના ઉપયોગો, અણુવિસ્ફોટ, રસાયણિક શસ્ત્રો, અજાણ્યા ગ્રહો અને દરિયાઇ પેટાળમાં ડૂબેલી નગરીઓ અથવા તો દરિયાઇ પ્રાણીઓ, હવેના યુદ્ધનું સ્વરૂપ, ટી.વી. ઉપર આ બાળકે જોયેલી વ્યક્તિઓની સાથે વિવિધ ક્ષેત્રની શ્રેષ્ઠ વ્યક્તિઓનાં ચરિત્રો, તેમનાં સાહસ-શૌર્ય વગેરેની સૃષ્ટિ પણ હવે વિષય રૂપે આવતી જણાશે.

(૩) હિંસા, બળાત્કાર, મારામારી, અનૈતિક સંબંધો, શાણપણ કે સમજનો અભાવ-વગેરે અનેક પ્રસંગો ટી.વી. ઉપર આ બાળક જુએ છે. વહેમ, ભૂતપ્રેતાદિના પ્રસંગો પણ એ નાના પડદા ઉપર તેણે અનેકવાર નિહાળ્યા છે. નિબંધકારે આવી કોઇ ઘટના કે પ્રસંગને વિષય તરીકે ખપમાં લેવાં પડશે પણ વિજ્ઞાનનાં સત્યોને આધારે, બાળકના ગળે ઊતરે એવી તર્ક-દલીલવાળી ભાષામાં કહેવું પડશે કે જીવન ઇશ્વરની ભેટ છે. તેને વેડફી ન નખાય. હિંસા, મારામારી છેવટે માણસનો વિનાશ નોતરે છે વગેરે ઉદાહરણો સમેત કહેવું પડશે. ભૂતપ્રેત કે વહેમના પ્રસંગો ભલે ને ટાંકે પણ તેની નિરર્થકતા લેખકે બતાવવી પડશે. ચમત્કારો કે સામ્પ્રદાયિક તત્ત્વોની અસરોથી પણ તેના માનસને મુક્ત કરવાનું રહેશે. આમ કરવા માટે પુરાણો, પંચતંત્ર, હિતોપદેશ કે બાઇબલ, કુરાનની વાર્તાઓનો પણ ઉપયોગ કરી શકાય. ટૂંકમાં નિબંધવાચનના અંતે એની સામે તાર્કિક-વૈજ્ઞાનિક સમર્પિત જીવનઅંશો કે અનુભવો ઊપસી રહેવા જોઇએ. ટૂંકમાં રસ પડે અને જીવનરસ ખૂટે કે તૂટે નહિ તે એના લેખકે જોવાનું રહેશે. વૃક્ષો, પંખીઓ વગેરેનું પર્યાવરણગત મહત્ત્વ પણ એવા વિષયોના રોમાંચની સાથે સાથે સિદ્ધ કરવું જોઇએ.

(૪) આ નિબંધ માત્ર શાલેય નિબંધની ફૌજી શિસ્તવાળો નહિ હોય. તેમાં ભલે માહિતી હોય, આરંભ-મધ્ય-અંત પણ ભલે હોય પણ, તેમાં સાથે બાળમાનસની અપેક્ષાઓનું પ્રતિબિંબ પણ ઊપસતું હોવું જોઇએ. વિષયને પ્રકટ કરવાની સાથે એ વિષયનાં બહુલ રૂપો જ એ રીતે ઊપસી રહેવાં જોઇએ કે તેની સમગ્ર ભાત બાળકની સામે તરવરી રહે. વિવેકશક્તિથી તે અમુક અંશનું જ ગ્રહણ કરવા લલચાય. સાથે લેખકનું મનોગત પણ સહજરૂપે તેમાં પ્રસંગોપાત્ત પ્રકટ થઈ વિષયને પુષ્ટ કરે અને સંકોરે. એવો નિબંધ સાવ વસ્તુનિષ્ઠ કે માહિતીપ્રદ હોય એ હવે ચાલી શકે નહિ. પેલાં માધ્યમોથી કંઇક જુદું તે અહીં પામે, મૂલ્યવાન પામે એમ બનવું જોઇએ. ટૂંકમાં આ નિબંધ લેખનના નિયમોનું જડ ચોકઠું બની રહેવાને બદલે બાળમાનસની લીલાઓને પ્રકટ કરે, તેમને કશુંક પામ્યાનો ને કોઇક આપ્તજનને મળ્યાનો અનુભવ કરાવે, તેમના આનંદને દઢાવનારો બને તેવો સહજસ્ફૂર્ત હશે.

(૫) આ 'બાળક'ની સામે જે માધ્યમો રહ્યાં છે એ જોતાં તે હવે લાંબુ કશું જોવા ને એમ વાંચવા તૈયાર નથી. જે કંઇ નિબંધમાં પ્રકટ થાય તે નર્યું લાઘવથી પ્રકટ થવું જોઇએ. વળી માધ્યમોને કારણે તેની ભાષામાં અંગ્રેજી, હિન્દી ને ઇતરભાષાઓની છાંટ પણ ઘણી જોવા મળે છે. તત્સમ કે તળપદા શબ્દોથી તે ઓછો પરિચિત છે. પરિણામે આ નિબંધકારની ભાષા પણ નૂતન અભિગમને અનુરૂપ, વાંચવા પ્રેરે તેવી હળવી, કંઇક રમૂજી દૃષ્ટાંતોથી ઓપતી, સહજ વાતચીતના લય-લહેકા સાથે આવતી હોય એ જરૂરી બને છે. કહો કે એ બાળકને ગમતી ભાષા હોય. લેખકનાં પોતાના વ્યક્તિત્વનો રંગ પણ એને બેઠેલો હોય. માત્ર વસ્તુનિષ્ઠ નિરૂપણ નહિ. આવો નિબંધ સાહિત્યકૃતિ બને છે કે કેમ તેનું ધ્યાન રાખવાને બદલે આ રચના બાળકને વાંચવા પ્રેરે, લલચાવે તેવી બની આવી છે કે કેમ તેનું મહત્ત્વ વધુ હશે. વિડિયોગેઇમ રમવાને બદલે તેને આવા કોઇ નિબંધોનું નાનું પુસ્તક વાંચવું વધુ ગમે-તેવી તેની અંદરની શ્રીમત્તા હોવી જોઇએ.

(૬) ટૂંકમાં એકવીસમી સદીના બાળસાહિત્યમાં, અન્યસ્વરૂપોની જેમ, નિબંધ પણ બાળકને એની નિર્દોષતાનું જગત રચી આપે, માધ્યમોનાં દૂષણો પરત્વે તેને સજાગ બનાવે, તેની સંવેદનાઓને ઠરી-ઠબી જતી અટકાવે, તેને વિસ્મયથી ભર્યોભર્યો રાખે, સાથે નવા જગતને, તેની દરેક વસ્તુને, તેને વૈજ્ઞાનિક અભિગમથી નિહાળતો કરે એવી આપણી અપેક્ષા રહી છે.

એકવીસમી સદીના નિબંધનો આ એક પૂર્વાભાસ છે. સંભવ છે કે એની કેટલીક રેખાઓ જુદી પણ બની આવે. છતાં અપેક્ષા એ રહી છે કે બાળસાહિત્યમાં ઓછામાં ઓછો લખાતો આ નિબંધ અનેક સર્જકોને હાથે અનેકરૂપે લખતો થાય, તેના સ્વરૂપની આજના નૂતન પરિપ્રેક્ષ્યમાં વધુ ને વધુ ચર્ચાઓ થતી રહો. આખરે તો બાળસાહિત્યનું આ કે તે સ્વરૂપ, એનો શબ્દ 'બાળક' માટે છે. એ શબ્દ બાળકના ખભે કે માથે મૂકીને એનો ભાર વધારવાનો નથી. એ શબ્દ એની બાળક્રીડામાં ભળી જઇને એની આંખને વધુ ચમકીલી ને સ્વચ્છ કરી મૂકે તો સમજો ભયો ભયો !

એકવીસમી સદીના બાળસાહિત્ય લેખક સાવધાન ! 'બાળક' ખોવાઇ જવાની ભૂમિકાએ તારો શબ્દ જ એને 'બાળક' તરીકે ટકાવી રાખવામાં ઉપકારક નીવડશે.

❖❖❖

# 'મુદ્રારાક્ષસ'

## (એક અલ્પખ્યાત સંસ્કૃત નાટક)

□ પ્રો. અરુણ જોષી

સાત અંકના સંસ્કૃત નાટક 'મુદ્રારાક્ષસ' દ્વારા તેના લેખક કવિશ્રી વિશાખદત્તને અમરતા પ્રાપ્ત થઇ છે. આ નાટક સંસ્કૃતમાં લખાયેલ અન્ય નાટ્યકૃતિઓમાં નિરાળું લાગે છે તેનું એક કારણ તો એ છે કે તેમાં નટીનો અભાવ છે. પરિણામે 'શાકુન્તલ' વગેરે નાટકોમાં જોવા મળતા વિલાસયુક્ત ઉદ્દીપન વિભાવોનો તેમાં સર્વથા અભાવ છે. ભટ્ટનારાયણ રચિત 'વેણીસંહાર' નામના સંસ્કૃત નાટકમાં લેખકે પ્રણયચિત્રણનો પ્રસંગ ગૂંથી લીધો છે તેવું કંઇ આ નાટકમાં જોવા મળતું નથી. 'મૃચ્છકટિક' નામની સંસ્કૃત નાટ્યકૃતિમાં શૂદ્રકે રાજકીય ખટપટો વણી લીધી છે પણ તેમાં ચારુદત્ત અને વસંતસેનાનો પ્રણય મુખ્ય છે. જ્યારે 'મુદ્રારાક્ષસ' નાટકમાં તો ચાણક્ય અને તેના હરીફ રાક્ષસ વચ્ચે મંત્રશક્તિઓની લડાઇ જોવા મળે છે. કૈશિકીવૃત્તિ વિહોણું આ નાટક કુટિલ રાજનીતિના દાવપેચ અને આટાપાટાને કારણે આરભટીવૃત્તિવાળું બન્યું છે. વીરરસથી ઓપતા આ નાટકનું આકર્ષણ બૌદ્ધિકોને માટે જેટલું હોય તેટલું સામાન્ય પ્રેક્ષક કે વાચક માટે ન હોય એ સ્વાભાવિક છે. આ નાટકમાં વિદૂષકના અભાવે હાસ્યરસનો પણ અસંભવ તેની ગંભીરતામાં વધારો કરનારો બન્યો છે. ગૌડી શૈલીને કારણે પણ નાટક સમજવામાં કઠિન છે. પરિણામે આ કૃતિ 'પ્રસન્નરાઘવ', 'ઉન્મત્તરાઘવ' જેવાં સંસ્કૃત નાટકોની જેમ બહુ પ્રખ્યાત બનેલ નથી. બલ્કે અલ્પખ્યાત રહેલ છે. આંગ્લ વિવેચક કીથે પણ જણાવ્યું છે કે ચીલો ચાતરવાને કારણે મહાન ગણી શકાય એવા આ નાટકની અવહેલના થઇ છે.

નાટકમાં જ આપવામાં આવેલ વિગત પ્રમાણે કવિશ્રી વિશાખદત્તના પિતાનું નામ મહારાજ પૃથુ હતું અને પિતામહનું નામ સામંત વટેશ્વરદત્ત હતું. લેખકના સમય વિશે અનેક મતભેદો છે. ભરતવાક્યમાં રન્તિવર્મા, દંતિવર્મા કે અવન્તિવર્મા જેવા પાઠભેદો મળે છે જે લહીયાઓની બેદરકારીનો ખ્યાલ આપે છે. પરિણામે સમયનો પ્રશ્ન હલ કરવામાં નાટકનું ભરતવાક્ય મદદરૂપ બનતું નથી. નાટકમાં આવતા ચંદ્રગ્રહણના ઉલ્લેખથી યાકોબી નામનાં વિદેશી વિદ્વાન નાટકના કર્તાનો સમય નવમી સદીનો ઉત્તરાર્ધ માને છે. લેખકનું વતન દક્ષિણમાં હતું કે બંગાળમાં હતું તે પણ નક્કી થઇ શકતું નથી. લેખકના પૂર્વજોને મહારાજ અને સામંત ગણવામાં આવ્યા છે તે પરથી લાગે છે કે શતરંજના ખેલ ખેલાતા હોય એવા રાજકીય વાતાવરણમાં લેખકનો ઉછેર થયેલો હોય અને આ વાતાવરણની અસર તેથી જ કૃતિમાં ઉપસી આવી હોય !

ઐતિહાસિક વાતાવરણવાળા આ નાટકનનું કથાવસ્તુ બરાબર સમજાય તે માટે કેટલીક હકીકતોથી વાકેફ થવું જરૂરી છે : મહાપદ્મ નામનો મગધનો રાજા મોસાળપક્ષે નંદ નામે ઓળખાતા કુળનો હતો તેથી તેણે સ્થાપેલો રાજવંશ નંદવંશ કહેવાયો. આ ઘટના ઇ. સ. પૂર્વે ચતુર્થ સૈકાની ગણાય. મહાપદ્મને અંતઃપુરમાં અનેક રાણીઓ હતી. તેમાં ક્ષત્રિય કુળની રાણી દ્વારા તેને સુકલ્પ વગેરે આઠ પુત્રો થયા. જે બધા મહાપદ્મ સાથે નવનંદ તરીકે પ્રખ્યાત થયા. રાજાને શૂદ્ર રાણી દ્વારા જે પુત્ર થયો તેનું નામ ચંદ્રગુપ્ત હતું અને તેને માટે રોકવામાં આવેલ વિદ્યાગુરુનું નામ ચાણક્ય હતું. સુકલ્પ વગેરે રાજકુમારો માટે રોકવામાં આવેલ ગુરુએ ભરસભામાં ચાણક્યનું અપમાન કર્યું તેથી નંદોનું નિકંદન કાઢવાની ચાણક્યે પ્રતિજ્ઞા લીધી અને તેનું સતત સ્મરણ રહે તે માટે તેણે પોતાની શિખા છૂટી મૂકી દીધી. પોતાના શિષ્ય ચંદ્રગુપ્તને રાજગાદી મળે તે માટે ચાણક્યે પોતાના બુદ્ધિકૌશલનો ઉપયોગ કર્યો. પોતાને સત્તાનો જરાય શોખ ન હતો તેથી રાજગાદી પ્રાપ્ત થયા પછી ચંદ્રગુપ્તને નંદનો અત્યંત વફાદાર અમાત્ય રાક્ષસ પ્રાપ્ત થાય એવો ચાણક્યનો ઉપક્રમ હતો કારણ કે એક વખત રાક્ષસ ચંદ્રગુપ્તનો અમાત્ય બની જાય તો તેને પણ તે પૂર્વવત આજ્ઞાંકિત અને વફાદાર જ રહે એવી ચાણક્યને શ્રદ્ધા હતી.

આ નાટકમાં ચાણક્ય અને રાક્ષસ વચ્ચે રાજકીય ખટપટ જોવા મળે છે. બંનેએ પોતાના કાર્યની સિદ્ધિ માટે જાસૂસો રોક્યા છે. ચાણક્યની કુનેહ તો એટલી બધી હતી કે તેણે જે જાસૂસો રોક્યા હતા તેઓ અંદરોઅંદર પણ એકબીજાને ઓળખતા ન હતા. જીવસિદ્ધિ, ભાગુરાયણ, સિદ્ધાર્થક, સમૃદ્ધાર્થક, નિપુણક, શારંગરવ, ભાસુરક વગેરે ચાણક્યને વફાદાર છે જ્યારે શકટદાસ, ચંદનદાસ, મદારીવિરાધગુપ્ત, પ્રિયંવદક, કરભક, જાજલિ વગેરે રાક્ષસને વફાદાર છે.

હવે આપણે નાટકના કથાવસ્તુથી પરિચિત થઇએ. પોતાની પ્રતિજ્ઞા અનુસાર નંદવંશનો નાશ કરી ચાણક્ય ચંદ્રગુપ્તને રાજગાદીએ બેસાડે છે. પણ રાક્ષસ જેવો વફાદાર અમાત્ય ચંદ્રગુપ્તને પ્રાપ્ત થાય તે માટે હજી સંઘર્ષ કરવો પડશે એમ તે જણાવે છે. ચાણક્યને પોતાના જાસૂસો દ્વારા જાણવા મળે છે કે પાટનગર કુસુમપુરમાં ક્ષપણકજીવસિદ્ધિ, કાયસ્થ શકટદાસ અને શેઠ ચંદનદાસ એ ત્રણ એવી વ્યક્તિઓ છે કે જે નંદોના નાશ પ્રસંગે નાસી છૂટેલા રાક્ષસને વફાદાર છે. ચંદનદાસ જ્યાં રહેતો હતો ત્યાંથી ચાણક્યના જાસૂસને રાક્ષસની મુદ્રા એટલે કે સીલ મળે છે. ચાણક્ય શકટદાસ દ્વારા એક કપટલેખ લખાવી પેલી મુદ્રાથી તેને અંકિત કરાવે છે. આ મુદ્રાંકિત લેખ દ્વારા પછીથી રાક્ષસને પોતાના પક્ષમાં લેવાનું શક્ય બને છે. આમ मुद्रया जितः राक्षसः यस्मिन् नाटके તે નાટકને 'મુદ્રારાક્ષસ' એવું આપવામાં આવેલ શીર્ષક સાર્થક કરે છે.

રાજ્યપ્રાપ્તિ બાદ ચંદ્રગુપ્ત જ્યારે કુસુમપુરમાં પ્રવેશે છે ત્યારે પોતાના સ્વામીનું વેર વાળવા તેને મારી નાખવાની યોજના રાક્ષસે ઘડી કાઢી હતી પણ ચાણક્યની અગમચેતીથી રાક્ષસની બધી જ યોજનાઓ પર પાણી ફરી વળે છે. ત્યારબાદ પાટનગરમાં કૌમુદીમહોત્સવ ઉજવવા બાબત ચંદ્રગુપ્ત અને ચાણક્ય વચ્ચે મતભેદ ઊભો થાય છે. ચંદ્રગુપ્ત ઉત્સવની તરફેણમાં છે અને ચાણક્ય ઉત્સવ ન થાય એમ ઇચ્છે છે. બંને વચ્ચે શાબ્દિક ટપાટપી થાય છે. ખરેખર તો આ કલહ સાચો નથી પણ રાક્ષસને અવળે પાટે દોરવા માટે ચાણક્યે ઊભું કરેલ તરકટ જ છે.

ચંદ્રગુપ્તનો એક વખતનો આશ્રયદાતા અને નેપાળનો રાજા પર્વતેશ્વર જેનો વિષકન્યાના પ્રયોગથી ચાણક્યે નાશ કરાવેલો તેનો પુત્ર મલયકેતુ રાક્ષસની નાદુરસ્ત તબિયત અંગે સાંભળી તેને મળવા જાય છે. ચાણક્ય અને ચંદ્રગુપ્ત વચ્ચેના કલહને રાક્ષસ સાચો માની લે છે અને મલયકેતુને જણાવે છે કે હવે ચાણક્ય અને ચંદ્રગુપ્ત વચ્ચે ફાટફૂટ પડી છે તેથી ચંદ્રગુપ્તનો પરાજય નક્કી સમજવો.

પહેલાં જણાવેલ મુદ્રાંકિત લેખ અને ઘરેણાં સાથે સિદ્ધાર્થક પકડાઇ જાય છે અને મલયકેતુને ખાતરી થઇ જાય છે કે રાક્ષસ પોતાની સાથે દગો કરી રહ્યો છે. તેથી તે રાક્ષસ સાથે વિરોધ કરવા જતાં તેના મળતીયાઓ સાથે પકડાઇ જાય છે અને ચાણક્યની યોજના સફળતાપૂર્વક પાર પડતી જાય છે.

મલયકેતુના સાથ વગરનો રાક્ષસ પાટનગરમાં પહોંચે છે. ત્યાં પોતાના કુટુંબને આશ્રય આપ્યો એ અપરાધને કારણે ચંદનદાસને ફાંસી મળવાની છે એમ તે સાંભળે છે. ચંદનદાસને તેના પરિવાર સાથે ફાંસીના માંચડા તરફ લઇ જવામાં આવે છે. ચંદનદાસની પત્ની અને પુત્રની ઉક્તિઓ કરુણરસથી ભરપૂર છે. (અહીં ઊરુભંગ નામના સંસ્કૃત નાટકમાં આવતો દુર્યોધન અને તેના પુત્ર દુર્જય વચ્ચેનો કરુણ વાર્તાલાપ આપણને યાદ આવે છે). ફાંસીના માંચડા પાસે રહેલ ચાંડાલો ખરેખર તો ચાણક્યે ગોઠવેલા જાસૂસો જ હોય છે. ચંદનદાસને ફાંસીની સજામાંથી બચાવવા રાક્ષસ આત્મસમર્પણ કરે અને ચાણક્યની કૂટનીતિનો વિજય થાય છે. પરિણામે ચંદનદાસને જીવતો રાખવા માટે રાક્ષસ ચંદ્રગુપ્તનું અમાત્યપદ સ્વીકારે છે. મલયકેતુને રાજ્ય પાછું મળે છે અને પ્રતિજ્ઞા પૂર્ણ થતાં ચાણક્ય પોતાની શિખાને બાંધે છે અને આમ નાટક પૂરું થાય છે.

કૂટનીતિથી ધબકતા આ નાટકના બે નાંદીશ્લોકોમાંના એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે :

धन्या केयं स्थिता ते शिरसि शशिकला किंनु नामैतदस्याः
नामैवास्यास्तदेतत्परिचितमपि तै विस्मृतं कस्य नेतोः ।
नारं पृच्छामिः नेन्दुं कथयतु विजया न प्रमाणं यदीन्दु
र्देव्या निह्नोतुमिच्छोरिति सुरसरितं शाठ्यमव्याद्विभोर्वः ॥

અર્થાત્ પાર્વતી શંકરના મસ્તક ઉપર વિરાજમાન ગંગાને જોઇને શંકરને પ્રશ્નો પૂછે છે તેનો કપટરીતિથી શંકર જવાબ આપે છે. આ નાંદીશ્લોક નાટકના ભાવી વાતાવરણની આગાહી કરી આપે છે.

પ્રસ્તાવનામાં ચંદ્રગ્રહણનો ઉલ્લેખ સાંભળી ચંદ એટલે ચંદ્રગુપ્ત એમ સમજી આઃ क एष मयि स्थिते चन्द्रगुप्तमभिभवितुमिच्छति એમ કહેતા ચાણક્યનો પ્રવેશ રંગભૂમિ ઉપર ખૂબ જ પ્રભાવોત્પાદક બને છે. આ ચાણક્યનો પરિચય આપતાં સૂત્રધાર યોગ્ય જ રીતે કહે છે કે :

कौटिल्यः कुटिलमतिः स एष येन क्रोधाग्नौ प्रसभमदाहि नन्दवंशः।
चन्द्रस्य ग्रहणमिति श्रुतेः सनाम्नो मौर्येन्दोर्द्विषदभियोग इत्युपैति ॥

એટલે કે આ કુટિલબુદ્ધિવાળો ચાણક્ય છે. તેણે ક્રોધાગ્નિમાં નંદવંશને બાળી નાખ્યો છે. ચંદ્રનું ગ્રહણ એમ સાંભળી સરખા નામવાળા ચંદ્રગુપ્ત ઉપર કોઇ આક્રમણ કરનાર છે એમ માની તે આવી રહેલ છે.

ચાણક્ય પ્રવેશ કરતાં જ જણાવે છે કે अथ वा अगृहीते राक्षसे किमुत्खातं नंदवंशस्य किं वा स्थैर्यमुत्पादितं चन्द्रगुप्तलक्ष्म्याः। એટલે કે જ્યાં સુધી રાક્ષસને પકડી લેવામાં નથી આવ્યો ત્યાં સુધી નંદવંશનું નિકંદન કાઢ્યું એમ કેમ કહેવાય ? ત્યાં સુધી ચંદ્રગુપ્તની લક્ષ્મીને સ્થિર કરી એમ કેમ કહેવાય ?

રાક્ષસે ચંદ્રગુપ્તને મારી નાખવા અનેક યોજનાઓ ઘડેલી પરંતુ ચાણક્યની અગમચેતીથી બધી જ નિષ્ફળ ગઇ. ઉદાહરણ તરીકે, રાજ્યાભિષેક વખતે ચંદ્રગુપ્તનો નગરમાં પ્રવેશ થાય ત્યારે તેના ઉપર દરવાજાનું તોરણ પાડી તેનો નાશ કરવો એવી એક યોજના હતી. પરંતુ ચાણક્યે અડધું રાજ્ય પર્વતેશ્વરના ભાઇ વૈરોચકને આપવાનું છે એમ જાહેર કરી ચંદ્રગુપ્તના સ્થાને વૈરોચકને બેસાડી તોરણ તેના ઉપર પડે એવી ગોઠવણ કરી. પરિણામે અડધું રાજ્ય માગનાર વૈરોચકનો કાંટો દૂર કર્યો. અભયદત્ત નામના વૈદ્યરાજ દ્વારા ચંદ્રગુપ્તને મારી નાખવાની રાક્ષસની બીજી યોજના હતી, પણ અભયદત્તે આપેલી દવા ચાણક્યે ચંદ્રગુપ્તને બદલે અભયદત્તને જ પીવડાવી પરિણામે વૈદ્યરાજનો નાશ થયો અને ચંદ્રગુપ્ત ઊગરી ગયો. ચંદ્રગુપ્તનો શયનખંડ—રક્ષક પ્રમોદક ખૂબ જ પૈસા ઉડાડતો હતો તેથી શંકિત થઇ આને રાક્ષસે સોપારી આપી લાગે છે એમ માની ચાણક્યે તેનો નાશ કરાવ્યો અને ચંદ્રગુપ્તને બચાવી લીધો. શયનખંડ નીચેના ભોંયરામાં રહેલા બીભત્સક અને તેના સાથીઓને પણ ચાણક્યે પોતાની આગવી સૂઝથી પકડી પાડી મારી નંખાવ્યા અને આમ રાક્ષસની બધી જ બાજી ઊંધી વાળવામાં ચાણક્યને સફળતા મળી.

ચંદ્રગુપ્તને એક વખત આશ્રય આપનાર પર્વતેશ્વરને વિષકન્યાનો પ્રયોગ કરી ચાણક્યે મારી નંખાવ્યો. જેથી તેનો પુત્ર મલયકેતુ રાક્ષસ પાસે ભાગી જઇને રહેવા લાગ્યો. ત્યાં મુદ્રાંકિત પત્ર અને પર્વતેશ્વરનાં ઘરેણાંની યોજના થકી ચાણક્યે પોતે રોકેલા માણસો દ્વારા મલયકેતુના મનમાં એવું ઠસાવી દીધું કે તેના પિતાનો ઘાતક ચાણક્ય નહીં પણ રાક્ષસ છે. આમ રાક્ષસને ઘોર નિરાશા સાંપડતાં તે બોલી ઊઠે છે કે मम चित्रकर्मरचना भित्तिं विना वर्तते । એટલે કે મારી ચિત્રકર્મ રચનાને કોઇ આધાર નથી. ચંદનદાસને ફાંસી આપવાનો પ્રસંગ યોજી, રાક્ષસને શ્રૃંગાપત્તિમાં મૂકી ચાણક્યે ધાર્યું કામ કરાવ્યું. પોતાની યોજનાઓનો ખ્યાલ આપતાં ચાણક્ય જ સંક્ષેપમાં જણાવે છે કે :

भृत्या भद्रभटादयः स च लेखः स सिद्धार्थक–

स्तच्चालंकरणत्रयं स भवतो मित्रं भदन्तः किल ।

जीर्णोध्यानगतः स चार्तपुरुषः कलेशः स च श्रेष्ठिन्:

सर्वं मे वृषलस्य वीर भवता संयोगमिच्छोर्नयः ॥

એટલે કે હે વીર રાક્ષસ, મારી આ બધી યોજનાઓ ચંદ્રગુપ્તને તારો સાથ મળી રહે તે માટે હતી.

પરસ્પર વિરોધીગુણ ધરાવતાં પાત્રયુગલો સર્જવામાં લેખકને ધારી સફળતા મળી છે. રાક્ષસ અને ચાણક્ય, ચંદ્રગુપ્ત અને મલયકેતુ, આવાં પાત્રયુગલો છે. મૈત્રીનો આદર્શ રજૂ કરતું ચંદનદાસનું પાત્ર ખરેખર આપણી સહાનુભૂતિ જીતી લે તેવું છે. ચાણક્ય ખુદ તેનાં વખાણ કરતાં કહે છે કે

साधु चन्दनदास साधु, सुलभेषार्थलाभेषु परसंवेदने जने ।

क इदं दुष्करं कुर्यादिदानीं शिबिना विना ॥

એટલે કે બીજાને દગો દેવાથી પૈસા મળતા હોય ત્યારે શિબિ વગર કયો માણસ આ કાળમાં આવું મુશ્કેલ કામ કરે ?

લેખકે अत्यादरः शङ्कनीयः दैवमविद्वांसः प्रमाणयन्ति । प्रारब्धमपरित्याज्यम् एव । જેવાં સંક્ષિપ્ત વાક્યોનો પ્રયોગ કર્યો છે જે સુભાષિતની ગરજ સારે છે.

'મુદ્રારાક્ષસ'ના લેખક વિશાખદત્ત રાજનીતિ ઉપરાંત ન્યાયશાસ્ત્રના પણ ઊંડા અભ્યાસી હતા. આ બાબતનો પરિચય આપતા શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે:

साध्ये निश्चितमन्वयेन घटितं बिभ्रत्सपक्षे स्थितिं

व्यावृतं च विपक्षतो भवति यत्तत्साधनं सिद्धये ।

यत्साध्यं स्वयमेव तुल्यमुभयोः पक्षे विरुद्ध च य–

त्तस्याङ्कीकरणेन वादिन इव स्यात्स्वामिनो निग्रहः ॥

આ શ્લોકનું સ્વ. શ્રી કેશવ હર્ષદરાય ધ્રુવે કરેલ ભાષાંતર આ પ્રમાણે છે :

સાધ્યે નિશ્ચિત પક્ષમાં સ્થિત વળી સબ્બૂં સપક્ષે અને

વાંધાહીન વિપક્ષથી તદ્દન જે સિદ્ધિ જ તે સાધને,

સાધ્યે નક્કી ન, પક્ષમાં સ્થિત નહીં સબ્બૂં સપક્ષે નહીં

તે નિર્બાધ વિપક્ષથી પણ નહી લેખું ખુવારી નહીં.

આ શ્લોકમાં કઇ વસ્તુ સિદ્ધ હોય તો જીત થાય અને ક્યારે હાર મળે તેની વાત ન્યાયશાસ્ત્રના પારિભાષિક શબ્દો જેવા કે પક્ષ, વિપક્ષ, અન્વય વગેરેનો પ્રયોગ કરીને વ્યક્ત કરવામાં આવેલ છે.

આ નાટકમાં જોવા મળતી શૈલી ગંભીર અને પ્રવાહમય છે. કીથને આ નાટકની શૈલીની સ્પષ્ટતા અને પ્રસંગોની વેગવત્તા પસંદ પડેલ છે. આ નાટકની ક્રિયાન્વિતની પ્રશંસા વિદેશી વિદ્વાન વેબરે કરેલી છે.

આ નાટકની અન્ય એક લાક્ષણિકતા એ છે કે તેમાં નાયકનું પદ કોને આપવામાં આવ્યું છે તે બાબત મતભેદ ઊભા થયેલ છે. માત્ર શાસ્ત્રીય રીતે વિચાર કરનારા વિદ્વાનો માને છે કે નાટકનું ભરતવાક્ય રાક્ષસ દ્વારા બોલાયેલ છે. શાસ્ત્રીય રીતે ભરતવાક્યનું ઉચ્ચારણ નાયક દ્વારા કરવાનું હોય છે તેથી રાક્ષસ નાટકનો નાયક ગણાય. પરંતુ અવારનવાર નિરાશ થઇ, ભાગ્યને દોષ દેતો રાક્ષસ કોઇ રીતે નાયકના પદ માટે લાયક લાગતો નથી. કોઇક વળી ચંદ્રગુપ્તને ફળપ્રાપ્તિ થતી હોવાથી તેને નાયક ગણે છે. પણ તે તો નાટકના અમુક જ અંકોમાં રંગભૂમિ ઉપર જોવા મળે છે. તેથી ખરેખર નાયકનું સ્થાન ચાણક્યને જ આપી શકાય. તેનું દર્શન બધા જ અંકોમાં થયા કરે છે અને વળી શીર્ષક જ જુઓ ને ! મુદ્રાથી જેમાં રાક્ષસને જીતી લેવામાં આવ્યો તે નાટક મુદ્રારાક્ષસ. અહીં કોણે જીત્યો? એવો પ્રશ્ન કરશો તો ચાણક્યનું જ નામ આગળ આવશે. જે જીતનાર હોય તે જ નાયક ગણાય. વળી, ફળપ્રાપ્તિની બાબતમાં વિચારીએ તો ચંદ્રગુપ્તને જે ફળપ્રાપ્તિ થઇ છે તે ખરેખર ચાણક્યને જ અભિપ્સિત હતી. તેથી નિર્વિવાદ રીતે ચાણક્યને જ નાયકનું પદ આપી શકાય.

ભટ્ટ નારાયણ રચિત સંસ્કૃત નાટક વેણીસંહારમાં જેમ કાકુના પ્રયોગો ધ્યાનપાત્ર બન્યા છે તેમ આ નાટકમાં પતાકાસ્થાનકના અનેક પ્રયોગો યોજાયા છે. બે પાત્રો વચ્ચેની વાતચીત એવી રીતે ઘટાવવામાં આવે કે જેથી પ્રેક્ષકોને ભાવિ પ્રસંગનું ચિત્ર ઉકેલવામાં મદદ મળી જાય. આવી યોજનાને પતાકાસ્થાનક કહેવામાં આવે છે. એક ઉદાહરણ જોઇએ. ચાણક્ય એક લેખની બાબતમાં બોલે છે કે अनेन खलु लेखेन साक्षसः जेतव्यः । અર્થાત્ આ લેખ શકી રાક્ષસને જીતી લેવાનો છે. એવામાં પ્રતીહારી આવીને બોલે છે કે जयतु आर्यः । અર્થાત આર્યનો જય થાવ. આ સાંભળી પ્રેક્ષકોને ચાણક્યના ભાવિ વિજયનું સૂચન મળી જાય છે.

એકંદરે જોઇએ તો આ નાટક કથાવસ્તુ, શૈલી, નાટ્યયોજના વગેરેને કારણે લેખકની મૌલિકતાનું પરિચાયક છે. આ મૌલિકતાને કારણે આ નાટકને અદ્વિતીય ગણવું પડે તેમ છે. અલબત્ત, કથાનકની જટિલતા, શૈલીની દુર્બોધતા અને અટપટા પ્રસંગોથી આ નાટક સર્વસામાન્યને રંજિત કરે તેવું નથી. અને તેથી જ આ નાટક લોકપ્રિય બન્યું નથી. તેથી જ તેની ગણના અલ્પખ્યાત નાટકોમાં થાય છે. પ્રણયચિત્રોનો સમૂળગો અભાવ, નટી તથા વિદૂષકની ગેરહાજરી વગેરે વિશિષ્ટતાઓ સાથેનું આવું નાટક રજૂ કરનાર કવિ ખરેખર સામાન્ય અભિભાવકોને રાજી રાખવાના મતના નથી. આ અલ્પખ્યાત નાટકની પ્રશંસા કરનારા વિદ્વાનોએ તેની ગત્યાત્મકતા, પાત્રોની યોજના અને રાજકીય દાવપેચને માણ્યા છે, વખાણ્યા છે અને પ્રમાણ્યા છે.

આવું અપૂર્વ નાટક ક્યારે રચાયું તે સર્વથા નક્કી થઇ શકતું નથી. છતાં, ઇ.સ.ની સાતમીથી નવમી સદી દરમ્યાન તેનો સમય ગણીએ તો તે વખતની સામાજિક સ્થિતિનો ખ્યાલ આપણને નાટકમાંથી મળે તેમ છે. સાહિત્ય સમાજનું દર્પણ હોવાથી 'મુદ્રારાક્ષસ'ની કેટલીક વિગતોને આધારે આપણે તે વખતના સમાજનો ખ્યાલ મેળવીએ. બ્રાહ્મણનું વર્ચસ્વ ધરાવતા સમાજમાં જ્ઞાતિપ્રથાનો વિકાસ થઇ ચૂક્યો હતો. તે વખતે મૃત્યુ પામનાર વ્યક્તિનાં ઘરેણાં બ્રાહ્મણોને આપવામાં આવતાં. કાયસ્થ નામની જાતિની વ્યક્તિઓ પોતાના મરોડદાર અને સુંદર અક્ષરોને કારણે લહિયા તરીકેનું કામ કરતી. ચંદ્રગ્રહણ જેવા પ્રસંગોએ ખાસ વિધિવિધાન કરવામાં આવતાં. તે વખતે અનુમરણની પ્રથા પ્રચલિત હતી. પણ આ બાબતમાં સખ્તાઇ ન હતી. બધા જ ધર્મો પ્રત્યે પ્રજામાં સહિષ્ણુતા પ્રવર્તતી હતી, સર્પ કે ક્ષપણકનું દર્શન અમંગળ ગણાતું. શુકન અપશુકન અંગેની માન્યતાઓ પ્રચલિત હતી. રાજાનું સ્થાન સર્વોપરિ હતું. જાસૂસોને રાજાની આંખ ગણવામાં આવતા.

સ્વ. શ્રી કેશવ હર્ષદરાય ધ્રુવે 'મેળની મુદ્રિકા' નામે આ નાટકનો આદર્શ અનુવાદ કરેલો છે. તેમણે જણાવ્યું છે કે વિશાળ સંસ્કૃત સાહિત્ય શોધી વળનારને કેવળ રાજખટપટનું નાટક એક જ જડે છે અને તે છે 'મુદ્રારાક્ષસ'. પહેલાં જણાવ્યું તેમ આ નાટક તેની મૌલિકતા અને ચીલો ચાતરવાની ખાસિયતથી અમુક વર્ગ પૂરતું જ આકર્ષક બન્યું છે. મહદ અંશે આ નાટક અલ્પખ્યાત રહ્યું છે.

# અપભ્રંશ દૂહાનું સાહિત્ય

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ પામેલા વિક્રમના બારમા શતકના મહાન જૈનાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યે કવિતા અને વ્યાકરણ, છંદ અને અલંકાર, ઇતિહાસ અને પુરાણ, કોશ અને ચરિત્ર, યોગ અને અધ્યાત્મ, ત્યાગ અને તપશ્ચર્યા, જપ અને ધ્યાન, સંયમ અને સદાચાર, રાજકલ્યાણ, લોકકલ્યાણ અને આત્મકલ્યાણ-એમ જીવન અને સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં એક સાથે સાત દાયકા જેટલા દીર્ઘકાળ સુધી જેવું અને જેટલું ભગીરથ અને ચિરંજીવી કાર્ય કર્યું છે તેવું અને તેટલું કાર્ય ત્યાર પછી અન્ય કોઇને અદ્યાપિ પર્યંત કર્યું નથી.

કહેવાય છે કે હેમચંદ્રાચાર્ય એટલે બીજા પાણિનિ; હેમચંદ્રાચાર્ય એટલે બીજા પતંજલિ; હેમચંદ્રાચાર્ય એટલે બીજા મમ્મટ; હેમચંદ્રાચાર્ય એટલે બીજા પિંગલાચાર્ય; હેમચંદ્રાચાર્ય એટલે બીજા કોશકાર અમરસિંહ; હેમચંદ્રાચાર્ય એટલે કાલિદાસ જેવા બીજા મહાકવિ. આમ હેમચંદ્રાચાર્યમાં કેટલા બધા સમર્થ મહાપુરુષોનો સમન્વય જોવા મળે છે !

હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ શબ્દાનુશાસન', 'કાવ્યાનુશાસન', 'અભિધાનચિંતામણિ', 'અનેકાર્થ-શબ્દસંગ્રહ', 'દેશી નામમાલા', 'યોગશાસ્ત્ર', 'વીતરાગ સ્તોત્ર', 'દ્વાત્રિંશિકા' ઇત્યાદિ વિવિધ પ્રકારના સમર્થ, પ્રમાણભૂત ગ્રંથોની રચના કરીને સાહિત્યના ક્ષેત્રે અનેરું પ્રદાન કર્યું છે.

આમાંથી અહીં આપણે ફક્ત અપભ્રંશ વ્યાકરણના દૂહાસાહિત્યનો થોડો પરિચય કરીશું.

હેમચંદ્રાચાર્યે સોલંકી મહારાજા સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી એક વર્ષ જેટલા સમયમાં 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન' નામના વ્યાકરણની રચના કરી આપી હતી. એમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ આપવા ઉપરાંત પ્રાકૃત ભાષાનું વ્યાકરણ પણ છેલ્લે આપવામાં આવ્યું છે. એમાં આઠમા અધ્યાયના ચોથા પાદમાં સવાસોથી અધિક સૂત્રમાં તત્કાલીન અપભ્રંશ ભાષાનું વ્યાકરણ પણ આપવામાં આવ્યું છે. અપભ્રંશ ભાષાનું આટલું સવિસ્તર, સોદાહરણ વ્યાકરણ આ પ્રથમ જ છે. હેમચંદ્રાચાર્યે જો આ વ્યાકરણ ન આપ્યું હોત તો એમના સમયમાં ભાષા કેવી બોલાતી હતી અને કેવી કેવી રચનાઓ થતી હતી એનો આપણને ખ્યાલ ન આવત.

આ વ્યાકરણની એક વિશિષ્ટતા એ છે કે એનાં સૂત્રો સમજાવવા માટે હેમચંદ્રાચાર્યે પોતાના કાળમાં લોકોમાં અને સાહિત્યરસિકોમાં પ્રચલિત એવા સુંદર દૂહાઓ ઉદાહરણરૂપે આપ્યા છે. એમણે જો આ દૂહાઓ ન આપ્યા હોત તો કાળના પ્રવાહમાં એ વિલીન થઇ ગયા હોત. હેમચંદ્રાચાર્યે વ્યાકરણના નિયમો સમજાવવા માટે ફક્ત શબ્દો આપ્યા હોત તો ચાલત. આખા દૂહા આપવાની કોઇ આવશ્યકતા નહોતી, પરંતુ શૃંગાર, વીર, કરુણ, હાસ્ય વગેરે રસથી સભર એવા દૂહાઓ આપીને એમણે પોતાના વ્યાકરણને વધુ રસિક બનાવ્યું છે. એમણે તત્કાલીન લોકજીવનમાં પ્રચલિત એવા લોકપ્રિય દૂહાઓ પસંદ કરીને આપ્યા છે. એ કોઇ એક અથવા વધુ ગ્રંથમાંથી આપવામાં નથી આવ્યા, પરંતુ લોકમુખે ગવાતા, લોકસાહિત્યના પ્રકાર જેવા દૂહા આપ્યા છે. પ્રત્યેક દૂહો સ્વતંત્ર અને સ્વયંપર્યાપ્ત મુક્તક જેવો છે. આવા દૂહાઓમાંથી નમૂનારૂપ થોડાક દૂહા આપણે અહીં જોઇશું, જેથી એના સ્વરૂપનો ખ્યાલ આવે. દા. ત.

ઢોલ્લા સામલા, ધણ ચંપા-વણ્ણી;
ણાઇ સુવણ્ણરેહ, કસવટ્ટઇ દિણ્ણી.

[નાયક શ્યામ વર્ણનો છે અને નાયિકા ચંપકવર્ણી છે. એટલે જાણે કસોટીના કાળા પથ્થર ઉપર સોનાની લીટી દોરી હોય એવા તેઓ બંને લાગે છે.]

x x x

વાયસુ ઉડ્ડાવંતિઅએ, પિઉ દિટ્ઠઉ સહસત્તિ;
અદ્ધા વલયા મહિહિ ગય, અદ્ધા ફુટ્ટ તડ ત્તિ.

[પતિના વિરહમાં દૂબળી થઇ ગયેલી નાયિકા પતિના આવવાના શુકન આપતા કાગડાને, તે ખોટા શુકન આપે છે એમ માનીને ઉડાડવા માટે કાંકરો લેવા હાથ નીચો કરે છે ત્યાં એનાં થોડાંક બલોયાં જમીન પર પડીને ફૂટી જાય છે. એવામાં દૂરથી પતિને આવતો તે જુએ છે અને અત્યંત હર્ષવિભોર થઇ જતાં એના હાથ એવા ભરાય છે, પુષ્ટ થાય છે કે બાકીનાં બલોયાં તરત ટૂંકાં પડતાં હાથ પર ફૂટી જાય છે. અહીં કવિની અતિશયોક્તિ ભરેલી મનોહર કલ્પના છે.]

x x x

જઇ સસનેહી તો મુઇઅ, અહ જીવઇ ણિણ્ણેહ;
બિહિ વિ પઆરહિ ગઇઅ ધણ કિં ગજ્જહિ ખલ મેહ !

[ વિરહી નાયક પાછો ફરી રહ્યો હોય છે ત્યારે આકાશમાં ગર્જના કરતા મેઘને સંબોધીને તે કહે છે કે વિરહનો એટલો બધો કાળ વીતી ગયો છે કે જો તે મારી પ્રિયતમા સ્નેહવાળી હોય તો મારે માટે ઝૂરી ઝૂરીને મૃત્યુ પામી હશે અને જો તે જીવતી રહી હશે તો મારે માટે હવે એનામાં સ્નેહ રહ્યો નહિ. હે ખલ મેઘ ! મેં તો આમ બંને રીતે મારી પ્રિયતમા ગુમાવી છે ! ]

x x x

અમ્હે થોવા રિઉ બહુઅ, કાયર એવ ભણન્તિ;
મુદ્ધિ ! ણિહાલહિ ગઅણઅલુ, કઇ જણ જોણ્હ કરન્તિ.

[અમે થોડા છીએ અને દુશ્મનો ઘણા બધા છે એવું તો કાયર લોકો બોલે. હે સખી ! આકાશમાં જો. ત્યાં જ્યોત્સના કેટલા જણ કરે છે ! ઘણાં બધા તારાઓ નહિ, પણ ફક્ત એક ચંદ્ર જ ચાંદની કરે છે.]

x x x

જઇ ભગ્ગા પારક્કડા, તો સહિ મજ્જુ પ્રિએણ;
અહ ભગ્ગા અમ્હહં તણા, તો તે મારિઅડેણ.

[હે સખી ! યુદ્ધભૂમિ ઉપર જો દુશ્મનો ભાગી જવા લાગ્યા હશે તો મારા પ્રિયતમને લીધે જ, કારણ કે તે એવો શૂરવીર છે. પણ જો આપણા સૈનિકો ભાગવા લાગ્યા હશે તો સમજવું કે મારો પ્રિયતમ મરાયો હશે.]

x x x

બિટ્ટીએ ! મઇ ભણિય તુહુ મા કરુ વંકી દિટ્ઠી;
પુત્તિ ! સકણ્ણી ભલ્લિ જિવં મારઇ હિઅઇ પઇટ્ઠિ.

[હે બેટી ! મેં તને કહ્યું છે કે વાંકી દૃષ્ટિથી જો નહિ. હે પુત્રી! એવી વાંકી નજર અણીદાર બાણની જેમ હૃદયમાં ભોંકાય છે અને મારી નાખે છે.]

x x x

જે મહુ દિણ્ણા દિઅહડા દઇએ પવસંતેણ;
તાણ ગણંતિએ અંગુલિઉ જજ્જરિઆઉ નહેણ.

[પ્રવાસે ગયેલા પ્રિયતમે મને જેટલા દિવસનો વાયદો આપ્યો છે એટલા દિવસો આંગળીના વેઢે ગણતાં ગણતાં મારી આંગળીઓ નખ સાથે જર્જરિત થઇ ગઇ છે.]

x x x

સાયઉ ઉપ્પરિ તણ ધરઇ, તલિ ઘલ્લઇ રયણાઈં;
સામિ સુભિચ્ચુ વિ પરિહરઇ, સંમાણેઇ ખલાઈં.

[સાગર પણ કેવો છે ! રત્નોને નીચે દબાવીને રાખે છે અને તણખલાને ઉપર તરતું રાખે છે. મારા શેઠ પણ સારા નોકરને તરછોડે છે અને આઘા રાખે છે અને લુચ્ચા નોકરને માનથી રાખે છે.]

x x x

ગિરિહે સિલાયલુ તરુહે ફલુ ઘેપ્પઇ ણીસાવણ્ણુ;
ઘરુ મેલ્લેપ્પિણુ માણુસહં તો વિ ણ રુચ્ચઇ રણ્ણુ.

[ઘર છોડીને માણસ જંગલમાં ચાલ્યો જાય તો એણે સૂવા માટે પર્વત પાસેથી પથ્થરની શિલા અને ખાવા માટે વૃક્ષનાં ફળો કશી રોકટોક વિના મળી શકે છે અને સુખચેનથી જીવી શકે છે તો પણ માણસને ઘર છોડીને અરણ્યમાં જવું ગમતું નથી.]

x x x

જિમ જિમ બંકિમ લોઅણહં ણિરૂ સાંવલિ સિકખેઇ;
તિવ તિવ વંમહુ ણિઅય સર ખરપત્થરિ તિકખેઇ.

[જેમ જેમ શ્યામલ સુંદર કન્યા વાંકી નજરે જોવાનું શીખે છે તેમ તેમ મન્મથ એટલે કે કામદેવ પોતાના બાણને કઠોર પત્થર (સરાણ) પર તીક્ષ્ણ કરે છે.]

x x x

ભલ્લા હુઆ જુ મારિઆ, બહિણિ મહારા કન્તુ;
લજ્જેજં તુ વયંસિઅહુ, જઇ ભગ્ગા ઘરુ એંતુ.

[હે બહેન ! સારું થયું કે મારો પતિ યુદ્ધમાં મરાયો, કારણ કે જો ભાગીને ઘરે આવી ગયો હોત તો મારી સખીઓ આગળ હું લાજી મરત.]

x x x

જો ગુણ ગોવઇ અપ્પણા, પયડા કરઇ પરસ્સુ;
તસુ હઉં કલિજુગિં દુલ્લહહો, બલિ કિજ્જઉ સુઅણસ્સુ.

[જે પોતાના ગુણોને ગોપવે છે એટલે કે ઢાંકી રાખે છે અને બીજાના ગુણોને પ્રગટ કરે છે તેવા દુર્લભ સુજન ઉપર આ કલિયુગમાં હું વારી જાઉં છું.]

x x x

ધવલુ વિસૂરઇ સામિઅહો, ગરુઆ ભરુ પેકખેવિ;
હઉં કિં ણ જુત્તઉ દુહું દિસિહિં ખંડઇં દોણ્ણિ કરેવિ.

[ધવલ એટલે ધોળિયો બળદ પોતાના ગાડામાં માલિકે ભરેલા ઘણા બધા ભારને જોઇને વિષાદ પામે છે અને વિચારે છે કે આના કરતાં મારા બે ટુકડા કરીને માલિકે મને બેય બાજુ કેમ ન જોતર્યો? ગાડાના માલિકની નિર્દયતા પર અહીં કટાક્ષયુક્ત પ્રહાર છે.]

x x x

તિલહં તિલતણુ તાઉં પર, જાઉં ણ ણેહ ગલન્તિ;
ણેહિ પણટ્ઠઇ તે જિ તિલ, ફિટ્ટવિ ખલ હોન્તિ.

[તલનું તલપણું ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી એમાંથી તેલ (સ્નેહ) નીકળી ગયું નથી. તેલ (સ્નેહ) નીકળી જતાં તલ તલ ન રહેતાં ખળ (ખોળ) બની જાય છે. અહીં 'સ્નેહ' અને 'ખલ' શબ્દમાં શ્લેષ રહેલો છે. સ્નેહ વગરનો માણસ ખલ બની જાય છે.]

x x x

દિઅહા જન્તિ ઝડપ્પડહિ, પડહિ મણોરહ પચ્છિ;
જં અચ્છઇ તં માણિઅઇ, હોસઇ કરતુ મ અચ્છિ.

[દિવસો ઝડપથી ચાલ્યા જાય છે અને મનોરથો પાછળ પડી જાય છે. માટે જે મળે તેને માણી લો. પછીથી થશે અથવા ભવિષ્યમાં કરીશું એમ માનીને બેસી ન રહો. આજનો લ્હાવો લઇ લો, કાલ કોણે દીઠી છે ?]

અહીં ઉદાહરણરૂપે થોડાક દૂહા આપ્યા છે. બીજા પણ ઘણા સરસ દૂહાઓ છે. આ દૂહાઓમાં રસિકતા છે, વેધકતા છે; જનમાનસનું તેમાં અચ્છું પ્રતિબિમ્બ પડેલું છે. વળી તત્કાલીન ભાષા કે જે ગુજરાતીની તરતની પૂર્વેની ભાષા છે તે કેવી હતી તેનો પણ આપણને ખ્યાલ મળે છે.

પોતાના સમયમાં પ્રચલિત દૂહાઓને વ્યાકરણના ઉદાહરણરૂપે ગૂંથી લઇને હેમચંદ્રાચાર્યે આપણને રસિક દૂહાસંગ્રહ આપીને ઉપકૃત કર્યા છે અને આપણા એક ઉત્તમ સાહિત્યધનને નષ્ટ થતાં બચાવ્યું છે.

❖ ❖ ❖

# જૈન સાહિત્યમાં ગીતા-કાવ્યો

□ ડૉ. કવિન શાહ

જૈન સાહિત્યના પાયામાં આગમ ગ્રંથો સ્થાન ધરાવે છે. તેમ છતાં ભગવદ્‌ગીતા જેવા હિન્દુ ધર્મના પવિત્ર ગ્રંથના શીર્ષકથી જૈન સાહિત્યમાં ગીતા કાવ્યોની રચના થઇ છે તે વિશેની કેટલીક માહિતી જૈન તત્ત્વજ્ઞાનના સંદર્ભમાં નોંધપાત્ર બની રહે છે.

ગીતાનો અર્થ ગુણગાન ગાવા સાથે સંબંધ ધરાવે છે. અંગ્રેજી ભાષામાં તેને માટે The Lord's Song Sung by the Lord.

ભગવદ્‌ગીતા એ વિવિધ ઉપનિષદોની વિચારધારાનો પ્રભાવ દર્શાવે છે તે દૃષ્ટિએ એને ઉપનિષદ નામથી પણ ઓળખવામાં આવે છે. ભગવદ્‌ગીતાનો વિષય બ્રહ્મવિદ્યા છે. તેમાં અન્ય વિષયો જ્ઞાન, ભક્તિ અને કર્મયોગનો પણ સમન્વય સધાયો છે.

બ્રહ્મસ્વરૂપના સંદર્ભમાં વ્યક્તિએ શું કરવું ? ન કરવું ? કેવી દૃષ્ટિથી કરવું ? વગેરેની તાત્ત્વિક માહિતીનો સંચય છે.

ગીતા યોગ વિષયક વિચારોની સાથે જ્ઞાન અને કર્મનો સંબંધ દર્શાવતો શાસ્ત્રીય ગ્રંથ છે. જગતના લોકોને શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપે ભગવદ્‌ગીતાની અમૂલ્ય ભેટ પ્રાપ્ત થઇ છે. બન્ને વચ્ચેની જ્ઞાનચર્ચાનું નિરૂપણ ગીતાનો મુખ્ય વિષય છે. આવી રચના ગીતા નામથી પ્રચલિત બની છે. એટલે 'ગીતાકાવ્ય'વાળી રચનાઓ પણ તત્ત્વજ્ઞાનને સ્પર્શીને ભારતીય સંસ્કૃતિના જ્ઞાનવૈભવને જીવંત રાખવામાં ઐતિહાસિક ઘટના બની છે. સંસ્કૃત ભાષામાં રચાયેલી ગીતાનો પ્રભાવ ગુજરાતી ભાષા પર પડ્યો છે અને ગુજરાતી ભાષામાં જૈન અને જૈનેત્તર કવિઓએ કેટલીક ગીતાઓનું સર્જન કર્યું છે. તેમાં બે પ્રકારની ગીતાઓ ઉપલબ્ધ થાય છે: એક શુદ્ધ બ્રહ્મ વિષયક ગીતા અને બીજી જ્ઞાન-વૈરાગ્ય અને પ્રેમલક્ષણા ભક્તિની છે.

'ગીતા' નામથી સર્જાયેલી સંસ્કૃતમાં ૧૪ અન્ય કૃતિઓ પ્રાપ્ત થાય છે, જેમકે રામગીતા, ગણેશગીતા, શિવગીતા, દેવીગીતા, શક્તિગીતા, કપિલગીતા, અષ્ટાવક્રગીતા, અવધૂતગીતા, હંસગીતા, યમગીતા, પાંડવગીતા, સૂર્યગીતા, બ્રહ્મગીતા, વગેરે.

અન્ય ગીતા-સાહિત્ય જોઇએ તો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં બ્રહ્મદેવ કૃત 'ભ્રમરગીતા', ચર્તુભુજકૃત શ્રી કૃષ્ણગીતા, કવિ ભીમકૃત રસિક-રસ-ઉદ્ધવ અને ભીમગીતા એ ચાર નામથી જાણીતી. મુક્તાનંદની ઉદ્ધવગીતા, અને સતીગીતા, કવિ નરહરિની જ્ઞાન‌ઞ કવિ પૂજાસુતની પાંડવગીતા, જ્ઞાની કવિ અખાની અખેગીતા, કવિ ગોપાળની ગોપાળગીતા, કવિ ધનદાસની અર્જુનગીતા. અનુભવાનંદજીની શિવગીતા, હરિહરની ગામઠીગીતા, અને દયારામની પ્રેમરસગીતા કૃતિઓ ઉપલબ્ધ છે. તે ઉપરથી ગીતાનો સાહિત્ય પર એટલો ઊંડો પ્રભવ પડ્યો છે તે જણાય છે.

જૈન ગીતાકાવ્યોમાં મહોપાધ્યાય શ્રી મેઘવિજયજીએ શ્રી અર્હદ્‌ગીતાની રચના કરી છે. તેમાં ૩૬ અધ્યાયો છે. ભગવદ્‌ગીતામાં 'ભગવાન ઉવાચ' 'અર્જુન ઉવાચ' એવા શબ્દપ્રયોગો છે તેવી રીતે

કવિએ 'શ્રી ભગવાન ઉવાચ' અને 'ગૌતમ ઉવાચ' એમ લખેલું દરેક અધ્યયનના પ્રારંભમાં જોવા મળે છે. કવિએ જ્ઞાન, સાધના, ક્રિયા અને અન્ય અધ્યાત્મ વિષયક વિચારો વ્યક્ત કર્યા છે. ૨૭મા અધ્યયનમાં ૧૫મા શ્લોકમાં જિન અને શિવની વ્યાખ્યા કરી છે જે શ્લોક અર્થસહિત અત્રે દષ્ટાંત રૂપે નોંધવામાં આવ્યો છે.

एवं जिनः शिवो नान्यो नाम्नि तुभ्येऽत्र मात्रया ।

स्थानादि योगाज्जरायो, नर्क्याश्चैक्यमजायते ॥ १५ ॥

જિનનો 'જ' અને 'ઇ' તથા 'શિવ'નો 'શ' અને 'ઇ' બન્નેનું તાલુ સ્થાન છે. જિનનો 'ન' અને શિવનો 'વ' બન્નેનું દંતસ્થાન છે. એમ જિન અને શિવ શબ્દમાં અર્થનું સરખાપણું બતાવ્યું છે. અધ્યાત્મરસિક દેવચંદ્રજીની અધ્યાત્મગીતા ગુજરાતી ભાષામાં ૪૯ ચોપાઇમાં રચેલી પ્રાપ્ત થાય છે. આ ગીતા દુર્બોધ હોવાથી તેના બાલાવબોધ સાથે પ્રગટ થયેલી છે. ગ્રંથના નામ વિશે ઉલ્લેખ કરતાં કવિ જણાવે છે કે-

'જિણે આત્મા શુદ્ધતાએ પિછાણ્યો
તિણે લોકઅલોકનો ભાવ જાણ્યો
આતમ રમણી મુનિ જગવદીતા
ઉપદિશ્યું તેને અધ્યાત્મ ગીતા. ॥ ૩ ॥

આ ગ્રંથમાં આત્માના સ્વરૂપ વિશેની ઊંડી સમજણ આપવામાં આવી છે . એમાં નય, નિક્ષેપ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ષડ્દ્રવ્ય વગેરેની તાત્ત્વિક માહિતી છે. પ્રત્યેક શબ્દ તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. શુદ્ધ જ્ઞાન માર્ગનું પ્રતિપાદન કરતી આ ગીતા આત્માર્થીજનોને માટે અમૃતનો આસ્વાદ કરાવે તેમ છે.

ચિદાનંદજી કૃત પુદ્ગલગીતા, અન્ય ગીતાકાવ્યોની સરખામણીમાં વિષયવસ્તુની દૃષ્ટિએ જુદી ભાત પાડે છે. કવિએ પુદગલ પદાર્થ તેનું સ્વરૂપ, રાગથી કર્મબંધ, પૌદ્ગલિક સુખની લાલસાનો ત્યાગ, અનિત્ય ભાવના વગેરેનો છપ્પયમાં પરિચય કરાવ્યો છે. દાર્શનિક વિચારધારામાં પુદ્ગલ પદાર્થની માયા ત્યાગ કરવાનો કેન્દ્રવર્તી વિચાર રહેલો છે. કવિએ ગીતા કાવ્યના પ્રારંભમાં પુદ્ગલની માયા વિશે જણાવ્યું છે કે-

'સંતો દેખીયે એ પરગટ પુદ્ગલ ખેલ તમાસા
પુદ્ગલ ખાણો પુદ્ગલ પીણો, પુદ્ગલ હુંથી કાયા
વર્ણગંધ રસ ફરસ સહુએ, પુદ્ગલહુંકી માયા.'

ભવભ્રમણનું ચરણ પુદ્ગલનો રાગ છે' એમ જાણીને તેની માયા છોડવાનો ઉપદેશાત્મક વિચાર કાવ્યમાં પ્રગટ થાય છે.

અર્વાચીન જૈન સાહિત્યના મહાન કવિ સંત અને યોગીશ્વર શ્રી બુદ્ધિસાગરસૂરિની કવિતા સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ ઊંચી કક્ષાની છે. કવિએ અધ્યાત્મ ગીતા, ગુરુ ગીતા, આગમસાર અને અધ્યાત્મગીતા, આત્મદર્શનગીતા, જૈન ગીતા, જૈનોપનિષદ, કૃષ્ણગીતા વગેરે ગીતાકાવ્યોની રચના કરીને આ કાવ્ય પ્રકારને સમૃદ્ધ કરવામાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે. એમનાં ગીતાકાવ્યો આત્મસ્વરૂપ પામવાનો માર્ગ દર્શાવવાની સાથે યૌગિક અનુભૂતિને પણ ચરિતાર્થ કરે છે. અધ્યાત્મગીતાની રચના વિશે કવિ જણાવે છે કે આયુષ્યપૂર્ણ થવા આવ્યું છે ત્યારે આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરવા ગીતા રચી છે. સંસ્કૃત ભાષામાં રચાયેલા આ ગ્રંથમાં ૫૨૯ શ્લોકો છે. સરળ સંસ્કૃત ભાષાના ...નથી કૃતિનો આસ્વાદ પણ દુર્બોધ થતો નથી. તેમાં આત્મસ્વરૂપ, કર્મબંધમુક્તિ, સત્સંગ, ગુરુમહિમા, મિથ્યાત્વ, ધ્યાન, વિષયવિકાર જેવા વિષયો સ્થાન પામ્યા છે. કવિ ગ્રંથના આરંભમાં જણાવે છે કે-પોતાના અને અન્યના કલ્યાણ માટે ગીતાની રચના કરી છે. કવિની બીજી કૃતિ આત્મદર્શનગીતા સંસ્કૃત ભાષામાં ૧૮૨ શ્લોકમાં રચાઇ છે. આત્મા વિશે અન્ય દર્શનોમાં પણ ગૂઢ ચિંતન થયું છે. જૈન દર્શનમાં આત્માની શાશ્વતતા કર્મનો કર્તા અને ભોક્તા કર્મરહિત થવાથી સિદ્ધ, બુદ્ધ થવાય તે વિશે વિચારો પ્રગટ કર્યા છે. કવિના શબ્દો છે.

आत्मना दर्शनं श्रेष्ठं सर्वपाप प्रणाशकम्

दश्यते येन सत्तत्त्वं दर्शनं तद्धि कथ्यते ॥ २ ॥

વિવેચન સહિતની આ ગીતા તાત્ત્વિક વિચારોનું પ્રત્યાયન કરાવવામાં સફળ નીવડે તેવી છે.

કવિની ત્રીજી 'પ્રેમગીતા' છે. સંસ્કૃત ભાષામાં ૬૮૧ શ્લોકબદ્ધ ગીતકાવ્ય પ્રેમનું વૈવિધ્યપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરે છે. યોગથી આત્મ સાક્ષાત્કાર થાય છે તેવી રીતે ગીતા દ્વારા આત્મચિંતન થાય છે. ગીતા એ આત્મ ચિંતનનો પર્યાય છે એમ કવિ જણાવે છે. પ્રેમનું સ્વરૂપ, પ્રેમનું ફળ, પ્રકાર, પ્રેમ અને ધર્મની એકતા, જેવા વિષયોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાં આત્મદર્શન ગીતા સમાન ભાષાંતર અને વિવેચન હોવાથી વાચકવર્ગને આનંદદાયક બને તેવી છે. શુદ્ધ પ્રેમની અભિવ્યક્તિ કરતો શ્લોક જોઇએ તો-

यत्रात्मा दृश्यते शुद्ध सच्चिदानंद लक्षण : ।

आसक्ति यत्र नैवास्ति, शुद्धप्रेमोऽस्ति तत्रहि ॥

કવિએ શિષ્યોપનિષદની રચના સંસ્કૃત ભાષાની સૂત્રાત્મક શૈલીમાં રચના કરી છે નાનાં-મોટાં સૂત્રો દ્વારા શિષ્યની યોગ્યતા, કુશિષ્યનાં લક્ષણો, શિષ્યધર્મ વગેરે વિષયો પર સૂત્રો રચ્યાં છે. સૂત્રાત્મક શૈલીની લાઘવતા અર્થગાંભીર્યપૂર્ણ છે. દરેક વ્યક્તિએ શિષ્ય કોટીમાંથી પસાર થવું પડે છે માટે પુરુષો અને સ્ત્રીઓએ શિષ્યોપનિષદ્ વાંચીને શિષ્યધર્મ પાળવાનો અનુરોધ કર્યો છે.

ઇશ્વરલાલજી મહારાજની શ્રી જૈન જ્ઞાનગીતાની રચના સંસ્કૃત ભાષામાં ૨૫૦ શ્લોકમાં થયેલી છે. કવિ જણાવે છે કે સત્ ધર્મનું વિશિષ્ટ જ્ઞાન આપવાના ઉદ્દેશથી ગીતાની રચના કરી છે. જિનવાણી વીરમુખેથી શ્રવણ કરીને ગણધર ભગવંતોએ ગાયેલી છે. એટલે 'ગીતા' નામ આપવામાં આવ્યું છે. ૨૪ પ્રકરણોમાં વિભાજિત આ ગીતામાં જૈન દર્શનના જ્ઞાનમાર્ગના વિવિધ વિષયોનો (મૂળભૂત) સમાવેશ થયો છે. નવતત્ત્વ, બાર ભાવના, બ્રહ્મચર્ય, સમકિત, ચારિત્ર, આત્મા, કષાય, મિથ્યાત્વ વગેરે કેન્દ્રમાં રાખીને શ્લોકો રચ્યા છે. શુદ્ધ જ્ઞાન માર્ગનું પ્રતિપાદન કરતી આ ગીતા જૈન દર્શનનો પરિચય કરાવે છે. જૈન સાહિત્યનાં ગીતા કાવ્યો સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ થાય છે તેમાં સર્વ સામાન્ય રીતે અનુષ્ટુપ છંદનો પ્રયોગ વિશેષરૂપે થયો છે. સંસ્કૃત ભાષાની દુર્બોધતાને બદલે સરળ સંસ્કૃત શૈલીનો પરિચય થાય છે. ગુજરાતી ભાષાની ગીતા કૃતિઓ દાર્શનિક વિચારધારાને વ્યક્ત કરે છે. ભાષાંતર અને વિવેચનને કારણે આ ગીતાકાવ્યોની કઠિનતા દૂર થઇ જાય છે અને જ્ઞાનમાર્ગની ઝળહળતી જ્યોતિમાં આત્મસ્વરૂપાનુસંધાનનો શાશ્વત માર્ગ દર્શાવે છે. 'જ્ઞાનામૃતંરસાસ્વાદ' એ તો અનુભવની વાત છે. યૌગિક અનુભૂતિ પણ સ્વાનુભવ સિદ્ધ છે તેવી જ સ્થિતિ ગીતા કાવ્યોની સૃષ્ટિની છે. જૈન સાહિત્યની સમૃદ્ધિને અભિનવતાના પ્રતીક સમાન ગીતા કાવ્યોની સૃષ્ટિમાં પણ જ્ઞાનમાર્ગના રસિકોને માટે અમૂલ્ય ભેટ છે.

જૈન સાહિત્યમાં ગીતા કાવ્યો ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં પ્રાપ્ત થાય છે. તેમાં આત્માને કેન્દ્રમાં રાખીને તેની સાથે સંબંધ ધરાવતા કર્મવાદ, ભક્તિ, જ્ઞાનોપાસના, સમકિત, મિથ્યાત્વ અને મોક્ષ વિશેના વિચારો વ્યક્ત થયેલા છે. સર્વસામાન્ય રીતે વિચારતાં ગીતા કાવ્યોનો કેન્દ્રમાં ઉપરોક્ત વિધાન યથાર્થ લાગે છે. હિંદુ ધર્મમાં ગીતાના પ્રભાવથી કે સ્વયં સ્ફુરણાથી આવાં ગીતા કાવ્યો જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના વારસાનું પ્રતિનિધિત્વ કરે છે ઉપા. યશોવિજયજી, ઉપા. વિનયવિજયજી અને આ. બુદ્ધિસાગરજીની પણ અન્ય ગીતાઓ રચાયેલી છે. ગીતા કાવ્યોના પરિચય રૂપેની માહિતી જૈન સાહિત્યની નવીનતા અને સમૃદ્ધિનું પ્રતીક છે.

❖❖❖

# અધ્યાત્મયોગી આચાર્ય મહાપ્રજ્ઞ

□ રશ્મિભાઇ ઝવેરી

ટમકોર (રાજસ્થાન)માં જન્મેલા એક ૧૧ વર્ષના અબુધ સરળ અને ભોળા બાળકે માતાના સંસ્કાર અને સત્સંગથી ઉત્પન્ન આત્મસ્ફૂરણાથી સંસારનો ત્યાગ કરી આજથી ૬૯ વર્ષ પૂર્વે જૈન મુનિની દીક્ષા ગ્રહણ કરી. તેરાપંથના અષ્ટમાચાર્ય કાલુગણિએ આ બાળક મુનિ નથમલને સદ્ભાગ્યે મુનિ તુલસી જેવા પ્રતિભાસંપન્ન શિક્ષાગુરુને સોંપી દીધા. એમણે નિષ્ણાત ઝવેરીની જેમ બાળમુનિના જીવનમાં અનેક પાસાઓને પ્રમાર્જિત કરી નથમલમાંથી મહાપ્રજ્ઞ બનાવી દીધા. એક બાજુ શિષ્યનું સંપૂર્ણ સમર્પણ અને નિષ્ઠા અને બીજી બાજુ મહાજ્ઞાની શિક્ષાગુરુની પરમ કૃપાદષ્ટિ. નજીકના ઇતિહાસમાં આવા ગુરુ-શિષ્યની જોડી જડવી મુશ્કેલ છે. માધ્યમિક શાળા કે કોલેજના અભ્યાસથી વંચિત રહેલ મુનિ નથમલે 'તુલસી વિશ્વ વિદ્યાલય'માં રહી નિષ્ઠા અને શ્રમથી હિંદી, સંસ્કૃત, પ્રાકૃત, રાજસ્થાની આદિ ભાષાઓ, જૈન તત્ત્વ, આગમ, ઇતિહાસ, દર્શન, સિદ્ધાંત, ન્યાય, વ્યાકરણ વગેરેનો નક્કર અભ્યાસ કર્યો. સૈદ્ધાંતિક પરિચર્યા, પ્રવચન, લેખન અને આગમ-સંપાદનના ક્ષેત્રમાં ઊતર્યા પછી પોતાના અધ્યયન ક્ષેત્રને તેમણે વ્યાપક બનાવ્યું. આધુનિક વિજ્ઞાન, આયુર્વેદ, રાજનીતિ, અર્થશાસ્ત્ર, સામ્યવાદ અને સમાજવાદ આદિનું ગહન અધ્યયન કર્યું અને થોડા જ સમયમાં માત્ર તેરાપંથી સંપ્રદાયમાં જ નહીં પણ સમગ્ર જૈન સમાજમાં તેઓ એક વિરલ, વરિષ્ઠ અને વિદ્વાન મુનિ બની ગયા.

ગુરુદેવ આચાર્ય તુલસી સાથે કચ્છથી કલકત્તા અને કન્યાકુમારીથી પંજાબ સુધી ઐતિહાસિક પદયાત્રાઓ કરીને ધર્મના ક્ષેત્રમાં પ્રસરેલી ખોટી ધારણાઓ, દંભી ધાર્મિક કર્મકાંડો વગેરે ઉપર જાહેર સભાઓમાં એમણે વેધક પ્રહારો કર્યા. એ કહે છે કે જે ધર્મ માનવીના જીવનમાં પરિવર્તન લાવે અને શાંતિ પ્રદાન કરે એજ સાચો ધર્મ છે. તામસિક અને પાશવિક વૃત્તિઓના પરિમાર્જન માટે એમણે પ્રાયોગિક ધર્મનું સ્વરૂપ પ્રેક્ષાધ્યાનના રૂપમાં પ્રસ્તુત કર્યું છે. આગમ સાહિત્યમાં ઊંડું અનુસંધાન કરી ધ્યાન-પ્રક્રિયાના સૂત્રોનું ગહન અન્વેષણ કરી અને આજના મનોવૈજ્ઞાનિક શાસ્ત્રનો આધાર લઇ એમણે ધર્મ અને વિજ્ઞાનનો સુંદર સુમેળ રચ્યો છે. પોતાના શરીરને પ્રયોગશાળા (લેબોરેટરી) બનાવી ધ્યાન-સાધનાના અનેક પ્રયોગો કર્યા. મહિનાઓ સુધી એકાંતમાં રહીને એમણે આ સંપૂર્ણ દાર્શનિક-વૈજ્ઞાનિક પદ્ધતિ સર્વાંગીણ વિકાસ યોગ્ય બનાવી જગત સામે રજૂ કરી છે. આજે આ પ્રેક્ષાધ્યાનની પ્રાયોગિક સાધના દેશ-વિદેશમાં સફળતાથી થઇ રહી છે. આજ સુધીમાં ૫૦૦થી વધુ પ્રેક્ષાધ્યાન શિબિરો દ્વારા હજારો લોકોએ પોતાના જીવનમાંથી શારીરિક, માનસિક અને ભાવનાત્મક તણાવો દૂર કરી શાંતિ અને આનંદનો અનુભવ કર્યો છે. આંતઃસ્ત્રાવી ગ્રંથીઓ (endocrine glands)ના પ્રવાહો અને ચૈતન્ય કેન્દ્રો પર પ્રેક્ષા અને અનુપ્રેક્ષાના પ્રયોગથી સેંકડો સાધકો નિષેધાત્મક (Negative) ભાવોને વિધેયાત્મક (Positive) ભાવોમાં પરિવર્તિત કરવામાં સફળ રહ્યા છે.

આ મહાપ્રજ્ઞ ઉચ્ચ કોટિના ચિંતક અને મનીષી છે. એમણે વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સમસ્યાઓનું ચિંતન કરી, એને માટે સમાધાન પણ આપ્યું છે. આરોગ્ય માટે 'મહાવીરનું આરોગ્ય શાસ્ત્ર', ઇકોનોમિક્સ પર 'મહાવીરનું અર્થશાસ્ત્ર', રાજકીય તંત્ર માટે 'લોકતંત્ર : નવી વ્યક્તિ -- નવો સમાજ' અને જૈનતત્ત્વ માટે 'જૈન દર્શન-મનન અને મીમાંસા' જેવા વિવિધ વિષયો પર ચિંતનશીલ પુસ્તકો લખ્યાં છે. મનની અશાંતિ અને ચિત્તની ચંચળતા દૂર કરવા તો પચાસેક ગ્રંથોની રચના કરી છે. સાહિત્યના ક્ષેત્રમાં આગમ સાહિત્ય પર અનુસંધાનનું કામ આજે પણ ચાલુ છે. જૈન આગમોમાં સૌથી પ્રાચીન તેમજ ગૂઢ મનાતા આચારાંગ સૂત્ર પર એમણે સંસ્કૃતમાં પ્રથમ 'આચારાંગ ભાષ્ય' લખ્યું છે, જેમાં એમણે સ્વપ્રજ્ઞાથી કેટલાંય ગૂઢ રહસ્યોને ઉદ્ઘાટિત કર્યા છે. અને મહાવીરના દર્શનની સાંપ્રત સંદર્ભોમાં-અહિંસા, પર્યાવરણ, સૃષ્ટિ, વિજ્ઞાન આદિની નવી પ્રસ્થાપનાઓ કરી છે. કુશળ સાહિત્યકાર મહાપ્રજ્ઞ એક સંવેદનશીલ કવિ પણ છે. સંસ્કૃતના તો આશુકવિ છે. 'સંબોધિ' એમની કાવ્યધારાનું વિરલ સર્જન છે જેમાં મહાવીર અને મેઘકુમારના સંવાદથી સંસ્કૃત ભાષામાં જૈનદર્શનના ઊંડા સિદ્ધાંતો એમણે સમજાવ્યા છે. આ રચનાને જૈન ધર્મની ગીતા કહી શકાય. આ ઉપરાંત સંસ્કૃતમાં રચાયેલું 'ઋષભાયણ' પ્રથમ તીર્થંકરના જીવનનું સચોટ દર્શન કરાવે છે.

આવા મહાન દાર્શનિક, ચિંતક, વૈજ્ઞાનિક, ત્યાગી યોગીની અંતર્દષ્ટિ અને પ્રજ્ઞાનું મૂલ્યાંકન કરી ૧૯૬૮માં આચાર્ય તુલસીએ એમને 'મહાપ્રજ્ઞ'નું અલંકરણ આપ્યું હતું. આ પ્રસંગે 'મહાપ્રજ્ઞ' શબ્દની મીમાંસા કરતાં એમણે કહ્યું હતું કે ફક્ત વિદ્વાન અથવા ભાષ્યકાર અથવા ધ્યાન-સાધના કરનારને જ હું મહાપ્રજ્ઞ નથી માનતો. મારી દષ્ટિમાં મહાપ્રજ્ઞ એને કહી શકાય જેનામાં વિદ્યાનો પૂરો સમાવેશ થયો હોય અને સાથે સાધનાનો સમાગમ હોય. મુનિ નથમલજીમાં જ્ઞાન, ધ્યાન અને સાધનાનું ત્રિવેણીસંગમ છે.

૧૯૭૯માં એમને યુવાચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. 'યુવાચાર્ય મહાપ્રજ્ઞ'નું સાહિત્ય ગુજરાતી ભાષામાં, 'અનેકાન્ત ભારતી પ્રકાશન' (અમદાવાદ) દ્વારા શુભકરણ સુરાણાએ પ્રકાશિત કર્યું છે, જેમાં ૧૦૦ જેટલા પુસ્તકો પ્રકાશિત થઇ ચૂક્યાં છે.

૧૯૮૯થી મહાપ્રજ્ઞજી આંતરરાષ્ટ્રીય ભારતીય દર્શન કોંગ્રેસની કાર્યકારિણીના સન્માનિત સભ્ય છે. જૈન યોગના ક્ષેત્રમાં કરવામાં આવેલા ઉલ્લેખનીય કાર્યથી ૧૨ સપ્ટેમ્બર ૧૯૮૯માં તેમને 'જૈન યોગના પુનરુદ્ધારક' સમ્માનથી વિભૂષિત કરવામાં આવ્યા. ૧૯૯૪માં એક અજબ ઘટનામાં નવમાચાર્ય તુલસીએ પોતાના આચાર્યપદનો સ્વેચ્છાએ ત્યાગ કરી મહાપ્રજ્ઞજીનો તેરાપંથ સંપ્રદાયના દશમા આચાર્ય તરીકેનો પદાભિષેક કર્યો.

આ પ્રસંગે જૈન વિદ્વાન પંડિત દલસુખભાઇ માલવણિયા લખે છે-' મુનિ શ્રી નથમલજી (આચાર્ય મહાપ્રજ્ઞ)ની સાથે મારો પરિચય બહુ જૂનો છે. અમે આપસમાં વાદ-વિવાદ પણ કર્યો છે. આ પ્રસંગોમાં એમનો વર્તાવ વિદ્વાન-જનોચિત અને અદ્વિતીય હતો. મેં એમને હંમેશ પ્રસન્ન જ જોયા છે. વિનમ્રતા અને ગુરુ પ્રતિ સમર્પણ ભાવ એ એમની બે વિશેષતા છે. આચાર્ય તુલસીએ જૈન સમાજને આપ્યું છે. પણ મુનિ નથમલજી આચાર્ય મહાપ્રજ્ઞ બનીને એનાથી પણ વધારે કેવલ જૈન સમાજને જ નહીં પણ સમગ્ર ભારતીય સમાજને આપશે એમાં કોઇ સંદેહ નથી.'

આ પ્રસંગે શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ પોતાની અભિવંદના વ્યક્ત કરતાં કહેલું કે 'મને એ જાણી પ્રસન્નતા થઇ છે કે આચાર્ય તુલસી મહારાજે મહાપ્રજ્ઞજીને પોતાના ઉત્તરાધિકારી ઘોષિત કર્યા છે. મારી હજારો વંદના.'

આચાર્યપદ ગ્રહણ કરતી વખતે મહાપ્રજ્ઞજીએ કહ્યું હતું કે- 'સમર્પણ, કૃતજ્ઞતા, સહિષ્ણુતા અને સંતુલનને મારા જીવનનો આધાર બનાવી હું અનુશાસિત, વ્યવસ્થિત અને મર્યાદિત ધર્મસંઘનો યોગક્ષેમ કરીશ. મારી ભાવના છે કે-

(૧) હું શૈક્ષને શ્રમણ બનાવી શકું.

(૨) હું શ્રમણને નિર્ગ્રન્થ બનાવી શકું.

(૩) હું નિર્ગ્રન્થને અર્હન્તની ભૂમિકા પર આરોહણ કરતા જોઇ શકું.'

બધાના યોગક્ષેમ અને સર્વજનકલ્યાણની ભાવના એજ કરી શકે જેનામાં યુગપ્રધાન બનવાની ક્ષમતા હોય.

આવા અધ્યાત્મયોગી, વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ આચાર્ય મહાપ્રજ્ઞ કોઇ વ્યક્તિ નથી, વિચાર છે, એવો વિચાર છે કે જે ક્ષેત્ર અને કાળની સીમાઓમાં ક્યારેય બંધાતો નથી. એ જ્ઞાનના જળાશય નથી, સ્રોત છે, એમાં ઊંડાણ છે. જળાશયમાં દરેક વખતે સ્વચ્છ પાણીની પ્રાપ્તિ શક્ય નથી હોતી. એ શક્તિ તો ગહન સ્રોતમાં જ હોય છે. આચાર્ય મહાપ્રજ્ઞ એક એવા સ્રોત છે જે અસંખ્ય લોકોની તરસ ઉત્પન્ન પણ કરે છે અને બુઝાવે પણ છે.

પ્રસિદ્ધ સાહિત્યકાર જૈનેન્દ્રકુમારે એમને એક 'અનૂઠા અનાગ્રહી ચિંતક' તરીકે બિરદાવ્યા છે. ગુજરાતી જૈન અગ્રણી ડૉ. કુમારપાળ દેસાઇ એમને 'જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રિવેણી સંગમ' માને છે. અને કહે છે કે 'મહાપ્રજ્ઞ એક એવા મહાન યોગી છે જે પોતાના કર્મથી મહાન બન્યા છે. એમની પ્રત્યેક પ્રવૃત્તિમાં એમના કાર્યની મહાનતા બોલતી હોય છે. મેં એમને નિકટથી જોયા છે. એમાં પણ સાહિત્યિક નિકટતા અધિક છે. મને લાગે છે કે એમની વાણી બોલતી વાણી છે. એમના સાહિત્યમાં દર્શનનું ઊંડાણ અને ભાવોનું ગાંભીર્ય છે. એમના સાહિત્યમાં બધી જગાએ સ્યાદ્વાદનું દર્શન થાય છે. મહાપ્રજ્ઞજી એમની પ્રજ્ઞાની સાધનામાં સતત જાગૃત રહીને આપણી પ્રજ્ઞાને જાગૃત કરે એજ મારી કામના છે.' જાણીતા ચિંતક શ્રી ગુણવંત શાહ એમના ચિંતનને વૈશ્વિક અને અર્થઘટનને મૌલિક, માર્મિક અને માંગલિક ગણાવે છે.

એકવાર ગુરુદેવ તુલસીના સાન્નિધ્યમાં મહાપ્રજ્ઞ તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અધ્યાપન કરાવી રહ્યા હતા. અનેક સાધુ-સાધ્વીઓ અને સમણિઓ આનો લાભ લઇ રહ્યા હતા. તત્ત્વાર્થસૂત્રનો અંગ્રેજી અનુવાદ કરનાર જૈન વિદ્વાન ડૉ. નથમલ ટાટિયા પણ રોજ એમાં ભાગ લેતા. એકવાર નયવાદનું પ્રકરણ ચાલી રહ્યું હતું. મહાપ્રજ્ઞ આ અઘરા વિષયની અનેક સમસ્યાઓનો સરલ ભાષામાં બોધ આપી રહ્યા હતા. ડૉ. ટાટિયાજી એમની પ્રજ્ઞાથી એટલા બધા પ્રભાવિત થઇને કહ્યું-'મહાપ્રજ્ઞશ્રી, હું તમને જૈન પરંપરાના આચાર્ય સિદ્ધસેન માનું છું.' અને ગુરુદેવ તુલસીને ઉદ્દેશીને કહ્યું 'ગુરુદેવ ! પ્રશાસક બહુ મળશે પણ મહાપ્રજ્ઞ જેવા વિદ્વાન, પ્રજ્ઞાવાન અને વિલક્ષણ બુદ્ધિમાન નહીં મળે.'

આ વાતનો નિષ્કર્ષ એ છે કે મહાપ્રજ્ઞમાં અનેક સંભાવનાઓ .. જૈન જગતને એમની પાસે બહુ આશા છે-અપેક્ષાઓ છે. જૈન ધર્મમાં વિશ્વધર્મ બનવાની ક્ષમતા છે. આ ધર્મને વર્તમાનયુગની સમસ્યાઓના સમાધાન રૂપે પ્રસ્તુત કરવા મહાપ્રજ્ઞ અથાગ પ્રયત્ન કરી રહ્યા છે. અહિંસાનું પ્રાયોગિક પ્રશિક્ષણ, અનેકાન્તની વ્યાવહારિક વ્યાખ્યા અને પરિગ્રહના સીમાકરણની જીવનશૈલી માટે તેઓ નિતનવા અનુષ્ઠાનો કરી રહ્યા છે.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દીના નિમિત્તે સાહૂ શાંતિપ્રસાદ જૈનના નિવાસસ્થાન પર ગુરુદેવ તુલસી અને મહાપ્રજ્ઞજીના સાન્નિધ્યમાં સાહિત્યકારોની ગોષ્ઠી ચાલતી હતી. જેમાં રાષ્ટ્રકવિ દિનકર, જૈનેન્દ્રકુમાર, ડૉ. વિજયેન્દ્ર સ્નાતક, યશપાલ જૈન, કનૈયાલાલ મિશ્ર 'પ્રભાકર' વગેરે વિદ્વાનો ઉપસ્થિત હતા. આ વખતે ગહન વિચારનું સંસ્કારી સાહિત્ય આપવા માટે 'પ્રભાકરજી' એ મહાપ્રજ્ઞજીને આધુનિક યુગના વિવેકાનંદ કહ્યા હતા.

આજે ૮૦ વર્ષની વયે પણ પોતાના નિર્મળ ચારિત્ર્યસાધના સાથે તેઓ અનેક વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. જેમકે, એક વિશાળ જૈન સંપ્રદાયના આચાર્ય, વિશ્વનું એકમાત્ર જૈન વિશ્વ વિદ્યાલય 'જૈન વિશ્વભારતી સંસ્થાન'ના સર્વોચ્ચ માર્ગદર્શક, નૈતિક ચારિત્રના ઘડતર માટેના વિશ્વવ્યાપી અણુવ્રત આંદોલનના અનુશાસ્તા, જૈન આગમ સાહિત્યના સંશોધક-સંપાદક આદિ વિભિન્ન રૂપોમાં એમની પ્રતિભા એક સૂર્યની જેમ પ્રકાશી રહી છે.

એમનામાં અનેક વિશેષતાઓ છે જેમાં સૌથી મોટી છે એમની સંતતા જેમાં સમાયેલા છે-અહિંસા, સત્ય, અભય, અનેકાન્ત, મૈત્રી અને મમત્વમુક્તિ. એ વિશાળ ધર્મસંઘના અનુશાસ્તા છે. પણ એમનું ચિંતન-કર્મ-સંકલ્પ અને સાધના સંપ્રદાયની સીમાથી પ્રતિબદ્ધ નથી. એ ગ્રંથોથી દોરાયેલા નિર્ગ્રન્થ ગુરુ છે. એમનામાં બૌદ્ધિકતાની સાથે વિનમ્રતા અને વિનયશીલતા છે. અધ્યાત્મ યોગી હોવા છતાં વૈજ્ઞાનિકતાના પક્ષધર છે.

એમના પ્રત્યેક પ્રવચનમાં અને લેખનમાં પવિત્રતા અને નિર્મલતાનો બોધ હોય છે. એ હંમેશા કહે છે-સ્વયં સત્યને શોધો. વૈજ્ઞાનિક પુરુષ આધુનિક યંત્રો દ્વારા સત્ય શોધે છે જ્યારે આવા આધ્યાત્મિક પુરુષ પોતાની અતીન્દ્રિય ચેતના દ્વારા સત્યને શોધે છે. એમના સ્વભાવમાં ચિરકાળ માટે વસંતઋતુ જ રહે છે. એ ઘણીવાર કહે છે કે 'નિઃશેષ'-કાર્યભારથી મુક્ત-હળવા-બનતા શીખો. માથે નકામો ભાર ન રાખો. એ મહાવીરની આજ્ઞાની આરાધના કરવામાં માને છે. એમની લોકપ્રિયતાનું એક કારણ છે. એમનું મૌલિક ચિંતન અને એની સુંદર પ્રસ્તુતિ. એમની વાણીમાં જાદૂ છે. અને કંઠમાં વિદ્યાદેવી સરસ્વતી સાક્ષાત્ વિરાજમાન છે. એમનામાં વિચાર અને નિર્વિચાર, ક્રિયા અને અક્રિયા તથા પ્રવૃત્તિ અને નિવૃત્તિનું અદ્ભુત સંતુલન છે.

એમના સંઘમાં એમની આજ્ઞામાં ૭૫૦ સાધુ-સાધ્વીઓ તથા ૧૦૦ સમણ-સમણીઓ સ્વપરનું કલ્યાણ કરવા દેશ-વિદેશમાં આંદોલન, પ્રેક્ષાધ્યાનજીવન વિજ્ઞાન દ્વારા અથાગ પ્રયાસ કરી રહ્યા છે. આવા પ્રજ્ઞાપુરુષને સમગ્ર જૈન સમાજે દિલ્હીમાં 'યુગપ્રધાન' પદથી અલંકૃત કર્યા છે. આ પ્રસંગે આવા મહાન અધ્યાત્મ યોગીના દીર્ઘ-આયુષ્યની મંગલકામના.

❖❖❖


## સંઘનાં નવાં પ્રકાશનો

### ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત

| | |
|---|---|
| (૧) પાસપોર્ટની પાંખે | રૂા. ૧૫૦ |
| (૨) પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન | રૂા. ૧૫૦ |
| (૩) ગૂર્જર ફાગુસાહિત્ય | રૂા. ૧૦૦ |
| (૪) સાંપ્રત સહચિંતન-ભાગ ૧૧ | રૂા. ૩૦ |

### પ્રો. તારાબહેન શાહ લિખિત

| | |
|---|---|
| (૧) આપણા તીર્થંકરો (ત્રીજી આવૃત્તિ) | રૂા. ૧૦૦ |
| (૨) આર્ય વજ્રસ્વામી | રૂા. ૧૦ |

# આપણાં ગામનામો પર વનસંસ્કૃતિનો પ્રભાવ

☐ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

**ગામનામોઃ**

આપણા વ્યક્તિનામોની જેમ આપણાં ગામનામો પર પણ ધર્મ અને સંસ્કૃતિના પ્રભાવની સાથે સાથે વનસંસ્કૃતિનો ય પ્રભાવ પડેલો દૃષ્ટિગોચર થાય છે. તક્ષે જે નગરી વસાવી તે તક્ષશિલા તથા પુષ્કલે જે વસાવી તે પુષ્કલાવત એટલે આજનું પેશાવર. કર્ણાટક રાજ્યમાં સત્તર અક્ષરોનું 'હગરી બોમોન હલ્લી (Hagari Bommon Halli) જેવું ગામનું નામ મળે છે અને થાઈલેંડની રાજધાની બેંગકોકનું સાચું ને લાંબું નામ 'મહાનાખોન વોદોર્ન રત્ન કોસિન મહિનાધાર્યું ધામહાદિલોક પાપકોયા રાટ્રાયધાની વારેમી અદોપાત્ર ચનીવેટ મહાસ્થાન અભોર પીમાન અવતાર નાચિટસકા કાથિમ વિષ્ણુકર્મ' છે.

ભગવાન રામચંદ્રના સુપુત્ર કુશનું નામ વનસંસ્કૃતિના પ્રતીકરૂપ 'કુશ' નામની વનસ્પતિ પરથી પડેલું છે. કુશ એ અણીવાળી ધારદાર તીક્ષ્ણ ઘાસ-વનસ્પતિ છે અને એવી ધારદાર બુદ્ધિ ધરાવનાર વ્યક્તિને કુશાગ્ર બુદ્ધિવાળી કહેવાય છે તથા નિપુણતાથી ઈજા થયા વિના ને લોહી નીકળ્યા વગર કુશ ઘાસ કાપી શકનારને ચતુરના અર્થમાં વપરાતા 'કુશળ' વિશેષણથી નવાજવામાં આવે છે. પશ્ચિમ બંગાળમાં 'કુશમંડી' ગામનામ પણ છે. કચ્છમાં મુંદ્રા પાસે દ્રલ નામના આવેલા ગામ પર 'દર્ભ'નો પ્રભાવ છે. એજ રીતે કચ્છના માંડવી પાસે દરિયા કિનારે વસેલ 'દરભડી' નામનું સ્થળ પણ એની અસર સૂચવી જાય છે. ત્યાં આવેલ 'ચીપોસર' ગામ પર ચીપો નામના ઘાસની અસર છે. સૌરાષ્ટ્રના ઉના ગામનું નામ ત્યાં થતા ઉન નામના ઘાસ પરથી ને ખેડા જિલ્લામાં આવેલા લાંભવેલ ગામનું નામ ત્યાં થતા સાવરણી જેવા લાંબા ઘાસના નામ 'લાંભ' પરથી પડેલું છે.

આમ, આપણાં ગામનામો પર ગ્રામસંસ્કૃતિ અર્થાત્ કૃષિ (વન) સંસ્કૃતિનો પ્રભાવ સારો એવો વરતાય છે. ગ્રામસંસ્કૃતિમાં ગોચર જમીન જે હોય છે તે સંયમવૃત્તિનું સૂચન કરે છે અને તે રીતે ગાયની જેમ થોડુંક લેવાની સાધુવૃત્તિ ધરાવનાર સાધુઓની ભિક્ષા માટે 'ગોચરી' શબ્દ પ્રચલિત થયો છે. ભાદરવા સુદ આઠમ ધરો આઠમ કહેવાય છે. ધરો એટલે દુર્વા પરથી એ પડેલું નામ કૃષિજીવનનું સૂચન કરે છે. શ્રીગણેશજી પણ દુર્વા પૂજાથી તુષ્ટ થાય છે. એ દુર્વાની ત્રણ પાંદડીમાં બ્રહ્મા, વિષ્ણુ ને મહેશની કલ્પના કરાય છે. બિહારમાં દુર્વા નામનું ગામ પણ છે.

**વનસંસ્કૃતિની અસર :**

આમ, ધાન્ય, વનસ્પતિ તથા વિવિધ તરુઓ યુક્ત કૃષિ યા વનસંસ્કૃતિની અસર આપણાં ગામનામો પર સૌથી વિશેષ પડેલી નજરે પડે છે. પવિત્ર તુલસીનો પ્રભાવ ધરાવતું ગુજરાતમાં જેમ 'તુલસીગ્રામ' ગામ છે તેમ ઉત્તર પ્રદેશમાં 'તુલસીપુર', મહારાષ્ટ્રમાં 'તુલસ', 'તુલસીવાડી' અને ઓરિસ્સામાં તુલસીપુર તથા તરુમંગલમ્ જેવાં ગામો પણ છે. ડાંગર ધાન્યની અસરવાળું ગુજરાતમાં 'ડાંગરવા' ગામ છે તો આંધ્રપ્રદેશમાં ડાંગેરુ ને ડાંગપલ્લી, મહારાષ્ટ્રમાં ડોંગરસાવલી, ડોંગરકડી ને જમ્મુકાશ્મીરમાં ડાંગ્રા ગામ છે. ધાન્ય-દાણ નામની અસર પામેલું ગુજરાતમાં ધાનેરા ને ધાનક ગામ છે તો આંધ્ર પ્રદેશમાં ધાનવાડા ને દારપલ્લી, ઓરિસ્સામાં ધાનમંડઈ, ધાનુપલ્લી, દાણાગંજીને દાણપુર, રાજસ્થાનમાં ધાનકોલી, ધાનસા, હિમાચલ પ્રદેશમાં ધાનેરા, ઉત્તર પ્રદેશમાં ધનૌરા, ધાનાપુર, ધાનઘાટ, ધાનપુર ને ધાની, મધ્ય પ્રદેશમાં ધાનપુરી અને ધાના, પશ્ચિમ બંગાળમાં ધાનિયામલી તથા બિહારમાં ધાનસર અને ધાનસોઈ ગામ અને વળી ધુલિ નામનું ગામ છે, જેમ મહારાષ્ટ્રમાં ધુલિયા ગામ અસ્તિત્વ ધરાવે છે. આંધ્ર પ્રદેશમાં 'તાંદુર' નામવાળાં બે ગામ મળી આવે છે.

**સાગ, ખેર, વાંસ આદિ લાકડાનો પ્રભાવ :**

'સાગ' પ્રકારના લાકડાની બહુલતાની અસરવાળું ગુજરાતમાં સાગબારા સ્થળ છે તો રાજસ્થાનમાં સાગવાડા, ઉત્તર પ્રદેશમાં સાગપલી, સાગરા ને સાગરી ગામો છે. એજ રીતે 'વાંસ'ની પ્રધાનતાના પ્રભાવવાળા ગુજરાતમાં વાસદ ને વાસદા સ્થળો છે. તો રાજસ્થાનમાં વાંસવાડા ને વાંસવા, કર્ણાટકમાં બાસવનગુડી, બાસવન બાગેવાડી, બાસવાન કલયમ્, બાસવનપટન ને બાસવનપટન-હલમ, પશ્ચિમ બંગાળમાં બાસબેરિયા, બાંસદ્રોની, બાંસવા, બિહારમાં બાંસિયા, બાસોપટ્ટી, બાસદેવપુર, આંધ્રમાં બાસવાડા ને મહારાષ્ટ્રમાં વાસડી ગામ છે. ખેર નામના લાકડાની પ્રચુરતાની અસરથી અંકિત હરિયાણામાં ખંડખેરી, ખેરપુર ને પીલખેરા ગામ છે તો મહારાષ્ટ્રમાં ખેરડી, ઉત્તર પ્રદેશમાં ખૈરાબાદ, ખૈરાગઢ, ખૈરનગર, ખરેલા, ખેરી, ખેરીઘાટ, પંજાબમાં ખૈરા, ખરાર, ખેરાબાદ (ખિજરાબાદ), ટપ્પાખેરા, હિમાચલ પ્રદેશમાં ખેરા, મધ્ય પ્રદેશમાં ખૈરગઢ, ખૈરિયાજી, ગુજરાતમાં ખેરાલુ, ખેરગામ, પશ્ચિમ બંગાળમાં ખૈરગામ, ખેરીદા, આસામમાં ખેરગુલી ને ખેરીકટિયા, ઓરિસ્સામાં ખૈરા, ખેરિયાગુડી, ખેરડા, ખેરિયાર નામનાં બે ગામ, બિહારમાં ખૈરગઢ, ખેરગઢ, ખેરગઢિયા, ખેરસવાગઢ અને ખેરિસબજાર અને રાજસ્થાનમાં ખેરવા અને ખેરવાડા જેવા કુલ ૭૪ ગામનામો મળે છે. ગુજરાતમાં સર્વસામાન્ય હ્રબના બાંધકામના લાકડાની અસરવાળા લક્કડપુરા અને લકડિયા જેવા ગામનામો પણ છે. આંધ્ર પ્રદેશમાં 'ઓક'ની સરવાળું 'ઓક' ગામ છે તો ગુજરાતમાં દેવદારની અસર ધરાવતું દેવદાર ગામ તથા આસામમાં ટીકની અસરવાળું ટીક ગામ અસ્તિત્વ ધરાવે છે. કેરળમાં લક્કિડી જેવું ગામનામ પણ છે. ડાંગની અસરવાળો ગુજરાતમાં આહવા ડાંગ નામનો વિસ્તાર મળે છે.

**નારિયેળ, બીલી, ખજૂરી, રાઇ વગેરેનો પ્રભાવ :**

નારિયેળની અધિકતા સૂચવતા ગામનામ કર્ણાટકમાં નારગેલ ને નારિગુંડ છે તો કેરળમાં નારકેલ ને નારિયાપુરમ્ તથા તામિલનાડુમાં નારિકેલપટ્ટી ને નારિકુડી મળે છે. નેતરની અસર દર્શાવતાં ગુજરાતમાં નેત્રંગ ને નેત્રા ગામનામ મળે છે. આવળ- બાવળની અસર સૂચવાતા મધ્યપ્રદેશમાં બાબલ તથા હરિયાણામાં આવળ ને બાવળ એ બે ગામનામ છે ને કર્ણાટકમાં બાબલે-વર છે તો ગુજરાતમાં બાવળા જેવું ગામનામ છે. 'બીલી' તરુનો પ્રભાવ સૂચવતું ગુજરાતમાં 'બીલીમોરા'ગામ છે તો તામિલનાડુમાં બિલિયાનુર અને કર્ણાટકમાં બીલીકેર, બીલીગેર અને બીલીચોડુ જેવા ગામનામો મળી આવે છે. ખજુરીના પ્રભાવવાળું ઓરિસ્સામાં ખજુરીયાળા ગામ છે તો ઉત્તર પ્રદેશમાં ખજૂરી ને ખજૂરહાટ ગામનામો છે.

'રાઈ'ની અસર દર્શાવતાં ગામ રાજસ્થાનમાં રાઈલાગાંવ, રાઈપુરા નામના ત્રણ ગામ, ને રાઈસંગનગર, હરિયાણામાં રાઈપુરરાની, પંજાબમાં કિલારાઈ ને રાઈપુર પીરબક્ષવાતા, હિમાચલ પ્રદેશમાં રાઈગઢ, રાઈસન ને રાઈપુર જમ્મુ-કાશ્મીર રાજ્યમાં રાઈનાવાડા, ઉત્તર પ્રદેશમાં રાઈપુર, મધ્ય પ્રદેશમાં રાઈઆમલા, રાઈપુરા વગેરે આંધ્ર પ્રદેશમાં રાઈગા, રાઈકલ, રાઈપાર્થી, રાઈનિલપાર, રાઈપોલ, રાઈલપલ્લી, રાઈદુર્ગ, રાઈચોરી, રાઈવરળ, રાઈક્કુર ને રાઈપેરવું, કર્ણાટકમાં રાઈબાગ ને રાઈપુર, ગુજરાતમાં રાઈગઢ, પશ્ચિમ બંગાળમાં રાઈગંજ, ઓરિસ્સામાં રાઈઘર, રાઈડિયા, રાઈસુઆન, રાઈરાખોલ, રાઈરંગપુર ને રાઈગડા તથા બિહારમાં રાઈગિર અને રાઈપુર આદિ મળીને કુલ ૪૬ મળે છે.

**વન, પર્ણ, લતા, વેલનો પ્રભાવ :**

વન-રાન પ્રદેશ સૂચક ગામનામોમાં ગુજરાતમાં રાનોલી (રનોલી), રાનપુર (રાણપુર), રાનકૂવા, આમરાન, આંબલિયારાન, રાજસ્થાન... રનોલી ને નીમરાન, હરિયાણામાં રાનીયાને મધુવન, આંધ્રપ્રદે... વનગુણપલ્લી, બિહારમાં ચંપારણ્ય, અષ્ટવન, મધુબની, ઓરિસ્સામાં ફૂલબની, તામિલનાડુમાં કામવનપટ્ટઈ, કર્ણાટકમાં બડવનહલ્લી, બનવર, બનકપુર, બનનૂર બેન-કિ-કોડલા બાંસવનગુડી, બાસવન કલયમ્, બાસવનપટન, બાસવન બાગેવાડી ને બાસેવન પટન સિમોગા તો પશ્ચિમ બંગાળમાં પ્રફુલ્લ કાનન ને બનપુર જેવા ૨૭ ગામ છે.

વેલ-લતા-પર્ણની ભરપૂરતા દર્શાવતા ગામનામોમાં પશ્ચિમ બંગાળમાં પાનચેટ ઘર, પાનચાકેરરાજ, પાનચુરલ, પાનહુઆ, પાનદવેશ્વર વગેરે, આંધ્ર પ્રદેશમાં બેલમપલ્લી, બેલમકોન્ડા, બેલકિસ્તા,પડપલ્લી, બેલુગુપ્પા,

કર્ણાટકમાં બેલવાડી, બેલગુર, બેલન્નૂર, બેલાગુલા, બેલગામ, બેલગલી, બેલકવડી, બેલગુટ્ટી વગેરે, તામિલનાડુમાં પલ્લીકોંડા, પંજાપટ્ટી પંજાપલ્લી પન્નાપટ્ટી, પપનસપટ્ટી, પરિવલ્લીકોટ્ટાઈ, પર્ણબટકોટ્ટાઈ, પપ્પાસપટ્ટી, પલ્લીપડી, પલ્લીપેટ, કેરળમાં પાંપમ્, પાનૂર, પાનગોડ, પાનદલમ્, ઉત્તર પ્રદેશમાં પત્તાંગ, પાનખુ, પાનવાડી, મધ્યપ્રદેશમાં પાનદરિયા, પાનસેમલા, પાનગર અને ગુજરાતમાં પાનોલી (પર્ણવલ્લી) જેવાં ૬૯ જેટલાં મળી આવે છે.

**આંબળા-આંબલી-આમ્રવૃક્ષનો પ્રભાવ :**

આંબલી, આંબળા ને આંબાની અસર ધરાવતાં ગામનામોમાં ગુજરાતમાં રાનીઆંબા, આંબલી, આંબલા, તકિયા આંબળા, આંબા, ખોડા આંબા, મોટા આંબા, આંબલિયારાન, મોર આમલા, ચોર આંબલા, ઉત્તર પ્રદેશમાં આમરિયા, મહારાષ્ટ્રમાં આમગાંવ, આમબાદ, આમબેટ, આમ્રપુર, આંબળા તાંડા, આંબાચોંડી, મધ્ય પ્રદેશમાં આમલા, આમગાંવ, આમલેરા, આમલાહા, આંધ્ર પ્રદેશમાં આમબામ, આમબરબેટા, તામિલનાડુમાં આંબુર, આમપલચમ્ આંબાપુર, આમનપુરમ્, આમાંથુર આંબાગરથુર, આંબાપુરઈ વગેરે, કર્ણાટકમાં આંબીગેરી, આમભન્દ્રા, આમ્રથુર, આમાથી, કેરળમાં આમ્રવિલા, આમડદામ, આમગુરી, આંબગામ, ઓરિસ્સામાં આમરડા, આંબાબોના, આંબાગુડા, આંબાગેલા, બિહારમાં આંબા, આમદા, આમબોર, આમ્રપારા, આમમમેર, પશ્ચિમ બંગાળમાં મટા, આમ્ટાલા, આમલાગોર, મેન્ગો (Mango) અને આમતલા આદિ જેવાં કુલ ૬૨ મળે છે.

**વિવિધ ફલ, શાકભાજી, વગેરેનો પ્રભાવ :**

વિવિધ ફલ, તથા શાકભાજી વગેરેની અસર ધરાવતાં પ્રકીર્ણ ગ્રામનામોમાં પશ્ચિમ બંગાળમાં ચંપાહટ્ટી, સોનામુખી, ચંપાડંગા, મોગરા, મોગરાહટ, કદંબતલા, હરિયા, હરિયાલ, વિરતિ, નટગઢ, રોહિણી, ઉષાગ્રામ, મહારાષ્ટ્રમાં જવખેડાં, દુધલોહગાંવ, ચાંપાનેર, દ્રોજલગાંવ, દાદેગાંવ, નંદગાંવ, નાંદેડ, કાપસી, કાંદીવલી, કરમલા, સારસા, મસુર, ફૂલંબી, ચિંચોલીવિંબાસી, લિંગાંવ, લિબેજલગાંવ, હિમાચલપ્રદેશમાં ચંબા, ચંબાઘાટ, આંદામાન નિકોબારમાં બકુલતલા, ગુજરાતમાં ગોપુરી, લીંબોદર, લીંબાસી, રાજકોટ પાસે ચીભડા, જીરા, ચાંપાનેર, લુણવા, લુણીધર, લુણાવાડા, મૂળી મીઠાપુર, મોગર, મોગરી, ટીંબી, ટીંબા, સારસા, વલસાડ પાસે ફૂલવાડી ને મોગરાવાડી, તામિલનાડુમાં કેદાર, તાડગામ, કદંબુર, ફર્નહીલ, ફ્લાવર્સ રોડ, શાલિગ્રામ, કદંબચુર, કદંબલિચુર, કદંબુઆ, કદંબપુર, મિઝોરમમાં ચંપાઈ, મેઘાલયમાં ફુલબટી, ફુદમવટી, હેપીવેલી, જમ્મુ-કાશ્મીરમાં કરણનગર, ઓરિસ્સામાં બીજતાલા, નારિયા, બીજલપુરા, ફુલવાણણી, કહેનજિયા, મિત્રપુર, હલદીપાડા, ફૂલબની, ફૂલનાખર, ચંડોલ, બિહારમાં ફૂલવિયા, તાજપુર, ચૈનપુર, બહુન, ઓલિવચેરા, ઓરિંગ, ફુલની બારી, આંધ્ર પ્રદેશમાં મછલી પટનમ્, મેડક કારેલપલ્લી, બીજનપલ્લી, બોએનપલ્લી, પાંરિકાપલ્લી, પેડપલ્લી, પેડપુરમ્, પેડપુર, પંજાબમાં ફૂલ, મચ્છીવાડા, મધ્ય પ્રદેશમાં ગુના, બીજુરી, સરસેવા, સમરિયા, હરાઈ, હારડા, કર્ણાટકમાં ડાંડેલી, ડાંડીનસિવરા, ફુલનગર, ડોડાકોટીકુર્કે, ડોંડાબનાસવાડીણા, ગુલબર્ગા, મમસુર, હલીખેડ, ઉત્તર પ્રદેશમાં બરુ, હલ્દી, દૂધી, દૂધઈ, પુષ્પનગર, શામલી, મછલીશહર, રાજસ્થાનમાં લુણાવા, લૂણી, લુણકરસાર, કપાસન, કેરળમાં કેલઈ, કદંબનાડ, કદંબૂર વગેરે જેવા મળીને કુલ ૧૩૦ મળે છે.

**કોઠા-કોઠી, જામફળ, જાંબુ તથા લીમડાવૃક્ષોનો પ્રભાવ :-**

કોઠા-કોઠી સૂચવનારાં ગામનામોમાં ગુજરાતમાં કોક, કોઠારા, કોઠી, આંધ્ર પ્રદેશમાં કોઠા કોટ, કોઠાગુડેમ, કોઠાપલ્લી, કોઠાપેટ, કોઠાપલ, કોઠાપટનમ્, કોઠાવાલાસા, કેરળમાં કોઠામંગલમ્, કોઠાપરબ, ઓરિસ્સામાં કોઠાર, બિહારમાં બર્હટા કોઠી ને મધ્ય પ્રદેશમાં પીલીકોઠી વગેરે મળે છે. જાંબુફલ નામ દર્શાવતાં ગામનામોમાં ગુજરાતમાં જાંબુગામ, જંબુસર, જાંબુઘોડા, તામિલનાડુમાં જાંબુનાથપુરમ્, આસામમાં જામુનામુખ, પશ્ચિમ બંગાળમાં જામુઈ પાહાર, મહારાષ્ટ્રમાં જાંબ ને બિહારમાં જામુઈ મળી આવે છે. જામફળ સૂચક ગામનામોમાં પંજાબમાં જામશેર, આસામમાં જામગુરીહાટ, ત્રિપુરામાં જામપુઅ, કર્ણાટકમાં જામખેડા, તામિલનાડુમાં જામ્બાઈ, આંધ્ર પ્રદેશમાં જામી, જામીકુંટા, ગુજરાતમાં જામવાડી ને જામસાહેબેનાદ નામવાળું જામનગર, મહારાષ્ટ્રમાં જામગાંવ, જામખેડ, જામનેર, જામખંડે, મધ્ય પ્રદેશમાં જામનેર, જામુનિયા, ઓરિસ્સામાં જામુદા, જામકિરા, બિહારમાં જામદોબા, જામહોર, જામેબજાર, જામતારા વગેરે....મળે છે. લીમડા વૃક્ષની અસરવાળાં ગામનામોમાં ગુજરાતમાં લીમડી, લીમખેડા, ભાવનગર જિલ્લામાં લીંબડા, લીંબડિયાપરા (બાપુપરા), રાજસ્થાનમાં નીમજ નીમકા થાણા, નીમબહેરા, નીમ્બીજોધાન, મહારાષ્ટ્રમાં નીમગાંવ, મધ્યપ્રદેશમાં નીમ બહેરા, નીમ્બી-નીમેઝ, ઓરિસ્સામાં નીમખેડા, નીમપાહા, નીમીના, મધ્ય પ્રદેશમાં નીમચ, નીમવાર, ઉત્તર પ્રદેશમાં નીમસર, નીમકરારી, પશ્ચિમ બંગાળમાં નીમપુરા, નીમટા, નીમટીટા આદિ જેવાં ૨૧ મળે છે.

**બદરી-બોર વૃક્ષનો પ્રભાવ :**

બદરી-બર વૃક્ષની અસરવાળાં ગામનામોમાં ગુજરાતમાં બોરડી, બોરીઆ, બોરસદ, બોરીઆવી, બોરીકળિયા, રાજસ્થાનમાં બોરંદા, દિલ્હી વિસ્તારમાં બદરપુર, હરિયાણામાં બદલી, બેરી, હિમાચલ પ્રદેશમાં બદરીનગર, ઉત્તર પ્રદેશમાં બદરીયા, બદ્રીનાથ, બેરુ, બોરખેડા, મહારાષ્ટ્રમાં બોરી, બોરગાંવ બે, બોરીઅરબ, બોરીવલી, બુટીબોટી, બાંડવડ, બોર દહેગાંવ, ગઙ્ખેબોરગાંવ, બોરવટી, બરદ્રા, બોરખંડ, બોરુડી, મધ્ય પ્રદેશમાં બેરછા, બેરસિયા, બોરદેહી, ઓરિસ્સામાં બોરડા, બોરીગુમા, બોરીકીના વગેરે મળીને કુલ ૩૭ મળે છે.

**પીપળ વૃક્ષનો પ્રભાવ :**

પવિત્ર પીપળ વૃક્ષનો પ્રભાવ સૂચવતાં ગામનામોમાં ગુજરાતમાં પીપળવા, પીપળાવ, પીપળજ, પીપોદરા, પીપલગ, પીપરાળા, રાજપીપળા વગેરે, મહારાષ્ટ્રમાં ચિત્તેપિપળગાંવ, કાટેપીપળગાંવ, કાહનપીંપરી, પીંપળવાડી, નાસિક પાસે પીંપળગાંવ-૩, તાડપીંપળગાંવ, પીંપરી વગેરે, રાજસ્થાનમાં પીપર, પીપલાઈ, પીપલીંબગા, પીપલિયાકલાન, પીપરાલી, પીપલુક્કાન, પીપલુંદ, પીપલપોકરાણ, હરિયાણામાં પીપલી, પંજાબમાં પીપલાનવાલા, ઓરિસ્સામાં પીપલી, હિમાચલ પ્રદેશમાં સજાઉ પીપ્લુ, પીપરોલા, મધ્ય પ્રદેશમાં પીપલાની, પીપળિયા, પીપલિયા-નારાયણવર, પીપરિયા, પીપલિયા કલમી, પીપલોદા, પીપરઈ, ઉત્તર પ્રદેશમાં પીંપલરાણા, પીંપળેશ્વર, બિહારમાં પીપરા, પીપરાબજાર, આંધ્રમાં પીપરાપેડપલ્લી, તામિલનાડુમાં પિપ્પીરેડીપટ્ટી, વગેરે મળીને કુલ ૬૯ મળે છે.

**વટવૃક્ષની વ્યાપક અસર :**

વટ વૃક્ષની અધિકતા દર્શાવનારા ગામનામમોમાં પશ્ચિમ બંગાળમાં બડફુલ્લા, બરતલા, બડુ, બહુરલા, બહુરિશ, બહુકલા, ગુજરાતમાં વડવા, વડનગર, વડોદરા, મમહુવડ, ચાસવડ, વડોદ, ભાણવડ, ઘાટપડ, બંધવડ, વડસર, વડિયા, વડતાલ, વડગામ બે, વડાલી, વડાલ, મચ્છીવડ, મહારાષ્ટ્રમાં વડખા, વડોદ બે, સાસવડ, ચીંચવડ વગેરે, દિલ્હી વિસ્તારમાં બડલી, બડરપુર, ઓરિસ્સામાં બડમપહાર, બડકાં ડોડા, કર્ણાટકમાં બડ, વડી, બડમી, વડરપટ્ટી, વાડીગે, બડવર, બડલપુર, બડમુર, બડ્ડી રેડીપટ્ટી, આસામમાં નડરપુર, આંધ્ર પ્રદેશમાં વડચરેલા, વડપલ્લી, વડેકોઠા પેલ, બડવેલ, વડાડી, વડીરાલા, તામિલનાડુમાં વડાસૂર, વડચેન્નીમલાઈ, વડકાન ફુલમ્, વડમદુરાઈ, વદમડી મંગલમ્ વગેરે, મધ્ય પ્રદેશમાં બડનાવર, બડગાંવ, બડની, બડનગર, માંદવડ, કેરલમાં બડગરા, વડકકુકારા, વડકકુમુરી, વડસ્સેરી-કારા, વડસ્સેરીકોનમ્ વડન્નુર, વડવુકોડ, આદિ મળીને કુલ ૧૦૫ મળે છે.

**સમાપન :**

આમ, ભારતનાં ગામ નામો પર ધર્મ, રાજસત્તા, કે મુસ્લિમ સંસ્કૃતિના પ્રભાવ કરતાં સૌથી મોટો પ્રભાવ વનકૃષિ સંસ્કૃતિનો પડ્યો છે. તેમાં લીમડા, બાવળ, બોર, પીપળ, આમ્ર, જામફળ આદિ વિવિધ વૃક્ષો કરતાં ય સૌથી વધુ પ્રભાવ પવિત્ર વટવૃક્ષનો પડેલો નજરે પડે છે. ભલે આપણે આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રવાહમાં ઘસડાતા હોઈએ, પણ સ્વભાવતઃ તો આપણે વનસંસ્કૃતિના જ સંતાન હોવાની વાત આ ગામનામોના અધ્યયનથી ફલિત થાય છે.

❖❖❖

# ભૂલો ભલે બીજું બધું

☐ ડૉ. ગુલાબ દેઢિયા

તમે જેટલું જાણતા હો એનાથી વધુ જાણતલ હોવાનો દેખાવ કરી શકો તે તમારા હિતમાં છે. પરીક્ષામાં પૂછ્યું હોય એનાથી વધુ લખીને વિદ્યાર્થી પરીક્ષક પર પ્રભાવ પાડે છે.

પાઠ્ય પુસ્તક 'ગાંધીજીની આત્મકથા'ના સીધેસીધા જવાબ લખવાને બદલે જવાબને આરંભે આત્મકથાની વ્યાખ્યા લખવાની ભલામણ અમે વિદ્યાર્થીઓને કરતા હોઇએ છીએ.

પોતે લખેલી પોતાની કથા એટલે આત્મકથા. આટલું લખીએને તોય પરીક્ષક રાજી થઇ જાય. એક વિદ્યાર્થીએ લખ્યું : પોતે લખેલી પોતાની ખતા એટલે આત્મકથા. આ શું ? આ તો પહાડ જેવી ભૂલ. કથાને બદલે ખતા શબ્દથી કેવો અનર્થ થઇ જાય. ખતા એટલે તો ઠોકર, ચૂક, નુકશાન વગેરે.

વિદ્યાર્થીની ભૂલ પર મોટું લાલ ચકરડું કર્યું ત્યારે મન જરાક ઠર્યું. ભૂલોને લાલ રંગથી બતાવવી. પછી પેલી વ્યાખ્યા ફરી વાંચી ત્યારે થયું અરે ! આ અબુધ વિદ્યાર્થીએ તો આત્મકથાની મૌલિક અને સચોટ વ્યાખ્યા ભૂલ ભૂલમાં જ આપી દીધી છે. આવી અર્થસભર વ્યાખ્યા વિદ્વતાના ડોળ કે ભાન વગર.

માણસ પોતે પોતાની કથા લખે એ તો જાણે ઠીક, સમજ્યા. પરંતુ આત્મકથાનો, શ્રેષ્ઠ આત્મકથાનો પ્રાણ તો છે કથાનાયકની ખતાઓ. એણે ખાધેલી ઠોકરો. નર્મદ, ગાંધીજી, મણિલાલ નભુભાઇ કે અન્ય કોઇની ઉત્તમ આત્મકથાઓ આત્મવૃત્તાંત જ નથી. માત્ર કથા નથી. ભરપૂર ખતાઓ છે. ઠોકર ખાવી, પડવું, પાછા ઊભા થવું, ભૂલો કરવી, સ્વીકારવી, સુધારવી-ગાંધીજીને તો એ ક્રમ રહ્યો છે.

આટલી પીંજણ કરવાનો અર્થ એટલો જ કે ભૂલને ભૂલવા જેવી નથી. ભૂલ નવા અર્થ લાવે છે. ભૂલ એટલે સ્થિર જળમાં સ્પંદન જગવતી નાજુક કાંકરી. ભૂલ એટલે અનાયાસ ખૂલતી સહજ સૌન્દર્યની બારી. ભૂલો આપણી હિતેચ્છુ છે. એમનાથી અળગા ન રહેવાય. આત્મીયતા કેળવવી રહી. આપણાં સૂત્રો કહે છે : માણસ ભૂલોમાંથી શીખે છે. એનો તર્કબોધ એ થયો કે કંઇક શીખવું હોય તો ભૂલો કરવી. જ્ઞાન પ્રાપ્તિની અભીપ્સા (સાદા શબ્દોમાં ઇચ્છા) હોય તો ભૂલો સહાયક થઇ શકે છે. ભૂલો કરવી એમ બોલવામાં થોડો અહંકાર છે. ભૂલો થવા દેવી. એમાં દૈવીભાવ છે. આપણે ભૂલો કરનાર કોણ ? ભૂલો તો પોતાની મેળે જ થાય છે. આપણને નિમિત્ત બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે એટલું જ. એટલે ભૂલો અને નમ્રતાનો સંબંધ પણ તપાસવા જેવો ખરો.

માણસ માત્ર ભૂલને પાત્ર. આમ કહેવામાં કેટલી મોટી ગરવાઇ છે ! તમે માણસ છો, મનુષ્ય છો, સૃષ્ટિનું શ્રેષ્ઠ સર્જન છો એ સિદ્ધ કઇ રીતે કરશો ? ભૂલો કરીને. પાત્ર બનવું અઘરું છે. પાત્ર એટલે નાટકની ભૂમિકા, પાત્ર એટલે યોગ્ય અને પાત્ર એટલે વાસણ. નાટકનું પાત્ર બનવા જાતને ઓગાળવી પડે. યોગ્ય બનવા નક્કી માપદંડ સુધી પહોંચવું પડે. અને વાસણ બનવા ઘડાવું પડે. એટલે જ ભૂલને પાત્ર એવો માણસ અક્ષયપાત્ર જેવો લાગે છે. અક્ષયપાત્રમાંથી અન્ન નથી ખૂટતું. માણસમાંથી ભૂલો નથી ખૂટતી. અક્ષય ભૂલો એ આપણી નિયતિ અને એ જ આપણો અધિકાર.

'ફૂલ' શબ્દમાં 'ફૂ' હ્રસ્વ (ફુલ) લખનારા છે. ફૂલ આમેય અલ્પાયું છે. પણ ભૂલમાં તો સૌ ભૂની પૂંછડી દીર્ઘ જ તાણે છે. કોણે કહ્યું હ્રસ્વ-દીર્ઘમાં અર્થ અભિપ્રેત નથી ? સૌ સમજે છે કે ભૂલમાં ભૂ દીર્ઘ જ થાય. કારણ કે ભૂલો દીર્ઘ હોય છે. ફૂલો અલ્પ હોય છે. ભૂલો બીજા જ કરે છે. બીજાની ભૂલો દર્શાવવી, સુધારવી, એ માટે ઠપકો દેવો, ગાંઠનાં ગોપીચંદન કરવાં, એ બધું મનુષ્યની આંતરિક ઉદારતા દર્શાવે છે, પરોપકારવત્તિ દર્શાવે છે.

જે માણસ અજાણ્યા વટેમાર્ગુને વાટ નથી દેખાડતો, પોતાની ઉંમર અને પગાર નથી દેખાડતો, ઘણી ખાનગી વાતો ખાનગી માણસોને ય નથી કહેતો એ જ માણસ દ્રવિત હૃદયે બીજાની ભૂલો ચીંધી બતાવે છે. સામી વ્યક્તિ પૂછે તો જ કહેવી એવી સહદેવવૃત્તિ રાખ્યા વગર સામે ચડીને તેઓ કહી દે છે; બેધડક કહે છે. હોય તેને સવાયું કરીને કહે છે; કોઇ પણ બદલાની અપેક્ષા વગર આ વર્તન કરવું એ જ એની મહાનતા બતાવે છે.

થોડાક મનુષ્યો આત્મલક્ષી હોય છે. તેઓ પોતાની જાત વિશે વિચારે છે. પોતાની જ ભૂલો જુએ છે. પોતે ક્યાં ચૂક્યા એ જોવાનું ચૂકતા નથી. એવા લોકો અલ્પ સંખ્યામાં જ રહ્યા છે અને રહેશે.

ખરા પરગજુ લોકો પરલક્ષી હોય છે. પોતાની જ ભૂલો સુધારવા જેવા સ્વકેન્દ્રી કે સ્વાર્થી તેઓ નથી. તેઓ દીર્ઘદષ્ટા છે. પારકાનું હિત પહેલાં જુએ છે. એમનું પરહિતચિંતન વંદનને પાત્ર છે. શાસ્ત્રોએ જેને 'છિદ્રાન્વેષણ' કહ્યું એ શબ્દ મને પસંદ નથી. ખરેખર તો આપણા મગજમાં એક એવું રસકેન્દ્ર હશે જે બીજાની ભૂલો પરખી લે છે.

કોઇકે માર્મિક રીતે કહેલું : વિદ્યાર્થી અને શિક્ષક બન્ને લાલ પેન્સિલનો ઉપયોગ કરે છે. વિદ્યાર્થી અગત્યના સારા સુવાક્ય નીચે લીટી દોરે છે. શિક્ષક ક્ષુલ્લક ભૂલો નીચે લાલ લીટી કરે છે. પરિણામ સ્પષ્ટ છે. જે સારું જુએ છે તે પાસ થઈ ઉપલા વર્ગમાં જાય છે અને ભૂલો શોધનાર એ જ વર્ગમાં રહે છે.

પૂલ કિનારાઓને જોડે છે. ભૂલ પ્રજાઓને જોડે છે. તમને જો કોઇની ભૂલ જ ન દાખવવી હોય તો તમે બીજા લોકો સાથે ગાઢ સંબંધ ક્યાં રાખવાના ? એની ફિકર ક્યાં કરવાના ? બીજા માટે ક્રોધ કરવો, મગજ ગુમાવવું, બ્લડ પ્રેશરને ઉછળકૂદ કરાવવું એ કંઇ નાની અમથી તો વાત નથી ! તેથી તો સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છેઃ વૃક્ષો પરોપકારથી ફળ આપે છે, નદીઓ પરોપકારથી વહે છે. પરોપકારાર્થે વાદળ વરસે છે. તે જ રીતે કાળા માથાનો માનવી પરોપકારાર્થે જ, પારકાના ભલા માટે જ એની ભૂલો દર્શાવે છે. આ શ્લોકાર્થમાં તમારી ક્યાંય ભૂલ થતી હોય તો સુધારી લેજો.

મા-બાપને ઘરાર ભૂલી જનારા પેલી જાણીતી ઉપદેશ કવિતા મોંઘી ફ્રેમમાં મઢાવીને દીવાનખાનામાં લટકાવે છે. 'ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહિ.'

એક વધારાની ફ્રેમની જરૂર છે : 'ભૂલો ભલે બીજું બધું; ભૂલોને (બીજાની જ તો !) ભૂલશો નહિં.'

ભારતીય પ્રજાને લોકશાહી પ્રિય છે, કારણ કે અહીં તમને કોઇની પણ ખામી દેખાડવાનો અબાધિત અધિકાર મળે છે. પીવાનું ચોખ્ખું પાણી ન મળે તે ચાલે પણ આ અધિકાર ન હોય તો ન ચાલે. ઊણપ તો દેખાડવા માટે જ હોય છે. કોઇ સુધરતું નથી. એ પણ યાદ રાખજો કે જો તમે મહા કોશિશ કરીને ભૂલો નહિ તો બીજાઓને તમારામાં શા માટે રસ પડશે ?

ભૂલ મહાન કાર્યોની જનેતા છે. કોલંબસે ભૂલ ભૂલમાં જ અમેરિકા શોધી કાઢ્યો. વૈજ્ઞાનિકો નમ્રપણે કહે છે, અમે પ્રયોગ-પ્રયોગ રમીએ છીએ. એ ભૂલોમાંથી જ નવી શોધ ક્યારેક પ્રગટી આવે છે. ખોડ છે ત્યાં ખોળ છે.

ઉત્તમ કે સંપૂર્ણ વસ્તુની મર્યાદા હોય છે. એમાં તમે વધુ સારું કંઇ ઉમેરી શકતા નથી. તેમ જ જરાક કંઇ કાઢી લેતાં એ વસ્તુ

ખંડિત થઇ જાય છે. મોના લીસાના ચિત્રમાં ઉમેરવાની જગા નથી, પણ જો એના હોઠ કે આંખ કોઇ ભૂંસી દે તો ! ચિત્ર ખંડિત થઇ જાય. પણ લીટોળા જ કર્યા હોય તેને આવા બન્ને પ્રકારના ભય નથી. એમાં બીજા ડાઘ ઉમેરી પણ શકાય છે. અને થોડા લીટોળા ભૂંસતાં કંઇ ઘટતું પણ નથી. ભૂલોમાં એટલે તો પૂર્ણ ઇદમ્ જેવું છે. ભૂલો વધુ સર્જનાત્મક છે. એમનું કહું જ નોખું છે. જે વિષય તમે ન જાણતા હો તેમાં પણ ખામીઓ બતાવી શકો અને ખરી મજા તો એ છે કે ભૂલો શોધનારની પણ ભૂલો શોધી કાઢનારા પણ મળી આવે છે ખરા ! એટલે જ ભૂલો એટલે લીલા, ક્રીડા.

તમે કદી તમારી પહેલી આંગળીને ધારી ધારીને નીરખી છે ? તો નીરખો. એને તર્જની કહે છે તે જ. એને અંગ્રેજીમાં પોઇન્ટર ફીંગર કહે છે. તે કશું દેખાડે છે. ચીંધે છે. તર્જની સંકેત કરે છે. બીજાની અધૂરપ જ વળી ! કદી કોઇ દિ' કોઇએ તમને તર્જનીથી શરદ પૂર્ણિમાનો ચંદ્રોદય દેખાડ્યો ? નીલપદ્મ સરોવર દેખાડ્યું ? એણે તો તમારા નાક પરનું શાહીનું ટપકું દેખાડ્યું. તમારા શ્વેત કેશનું દર્શન કરાવ્યું. તમારા અવ્યવસ્થિત પગરખાં ચીંધ્યાં. મેઘધનુષ છોડીને ખમીસ પરનો ડાઘ દેખાડ્યો.

તર્જનીને ધ્યાનપૂર્વક જોતાં મને જ્ઞાન થઇ ગયું છે કે તે અતિ પ્રાચીન સમયમાં મધ્યમાથી લાંબી હશે. મધ્યમા એટલે બીજી આંગળી, પછી ત્રીજી તે અનામિકા અને આપણી ચોથી આંગળી તે ટચલી એ બરોબર ઊતરતા ક્રમમાં છે. પહેલીએ પોતાની લંબાઇ ગુમાવી પર માટે ઘસાઇ ઘસાઇને. બીજાની ભૂલો તરફ સંકેત કરવામાં એણે જાત ઘસી નાખી. મિયાં દુબલે કયું તે આ.

ભૂલો હંમેશાં અનાયાસ હોય છે. આયાસથી જેમ હસી ન શકાય તેમ ભૂલો પણ ન થઇ શકે. તે કુદરતી છે. સહજ છે. અકૃત્રિમ છે. એટલે જ પ્રત્યેક ભૂલને પોતાની કુદરતી સોડમ હોય છે. પ્રત્યેક ભૂલ પોતાની રીતે મૌલિક હોય છે. પત્તાંની દરેક રમતની જેમ. એ જ પાનાં ફરી આવતાં નથી. દરેક બાજી એક જ વાર રમાય છે.

ભૂલો અમીબા જેવી છે. જુદી પડતી જાય તેમ સ્વતંત્ર રીતે વર્તી શકે. સ્વતંત્ર આકાર ધારણ કરી શકે છે. આપણા મનને ભૂલો માફક આવે છે. કારણ કે એમાં સ્વાધીનતા છે, મોકળાશ છે અને નવું કરવાનો અવકાશ છે. ભૂલો એટલે તાજગીભર્યો પરિમલ.

આજના જમાનામાં કંઇ પણ જાતે કરી શકવું ક્યાં પરવડે છે ? બધું જ પરાવલંબી છે. મૌલિક સર્જન કરવું તો અસંભવ જ. હા, આપણે ધારીએ તો અનન્ય, અપૂર્વ, અદ્દભુત, અકલ્પ્ય ભૂલો કરી શકીએ છીએ.

જો માણસને ભૂલોમાં સંપૂર્ણ શ્રદ્ધા ન હોત તો તે પેન્સિલ શોધીને અટકી જાત. એણે રબ્બરની શોધ કરી એ જ દર્શાવે છે કે ભૂલો સર્વમાન્ય છે, સર્વ સુલભ છે અને સર્વગ્રાહ્ય છે.

પ્રવાસે ગયા હો અને તમે એક પણ ભૂલ કર્યા વગર પ્રવાસ પૂરો કરી પાછા આવો તો કેવું લાગે ? બહુ અળવું લાગે. કંઇક ઊણપ વર્તાય. ભૂલોને પૂરો અવકાશ છે, પ્રવાસ ગમે તે હોય—સ્થળ વિશેષનો કે જીવનનો.

ભૂલો આપણી સહચરી છે. વેપારીઓ બિલ પર છપાવે છે : ભૂલચૂક લેવી-દેવી, લેવી શબ્દ આગળ મૂકીને કમાલ કરી છે. ભૂલને લેતાં આવડે, લેવી ગમે તો પાછળ દેવી ઊભી જ છે.

✤✤✤

## હૃદયરોગનો બીજો હુમલો કેમ અટકાવવો ?

□ ડૉ. જયશેખર ઝવેરી

વારુ, ત્યારે તમને હૃદયરોગનો પહેલો હુમલો આવ્યો હતો તે વખતે તમે ગભરાઇ ગયા હતા તેની મને ખાતરી છે. તમને જેવો હૃદયરોગનો હુમલો થયો તેવો હૃદયરોગનો હુમલો હજારો માણસોને થતો રહે છે. એમાંના મોટા ભાગના લોકો ઉગરી જતા હોય છે અને પાછા પ્રવૃત્તિમાં પડી જાય છે. તમે પણ એ રીતે જ વર્તશો એવી મને ખાતરી અને આશા છે. આમ છતાં હૃદયરોગનો એક વખત હુમલો થઇ ગયા પછી તમારે તમારી જીવનપદ્ધતિમાં એવી રીતનો ફેરફાર કરવો જોઇએ કે જેથી તમે બીજીવાર હૃદયરોગના હુમલાના ભોગ થઇ ન પડો. કારણ બીજીવારનો હુમલો કદાચ જીવલેણ પણ નીવડે. આ તમારા માટે ખાસ મહત્ત્વની બાબત છે. આ માટે નીચેનાં સૂચનો તમને સહાયરૂપ થઇ પડશે. જો નિષ્ઠાપૂર્વક એનો અમલ કરવામાં આવે તો સૂચનો કોઇપણ વ્યક્તિને હૃદયરોગના પહેલા હુમલાથી પણ બચાવી લે તેમ છે.

### આવેશ અને ચિંતા

ઉગ્ર આવેશ હૃદયના રક્તવાહનને સંકોચે છે અને હૃદયના સ્નાયુઓને મળતા રક્તના પુરવઠાને ઘડાટે છે અને એ રીતે હૃદયની એકધારી ચાલી રહેલી ગતિ પર તેની અસર થાય છે. ભય અને રોષથી ...યનું કાર્ય ઝડપી અને શ્રમદાયક બને છે. જ્યારે ચિંતા અને તાણ ... હૃદયને ડુંગર પર ચઢવાના પરિશ્રમ કરતાં પણ વધુ દબાણરૂપ બને છે. તમને હતાશ કરતી કે ઉશ્કેરાટ કરાવતી આવી પરિસ્થિતિ અને તમને રોષ કે ચીડ પેદા કરે એવી વ્યક્તિઓને ટાળવાનો પ્રયાસ કરો. અને સમગ્ર દિવસના કામકાજનું સમયપત્રક એવી રીતે ગોઠવો કે કાર્યની સમાન વહેંચણી થાય અને તેમાં કોઇ કટોકટી ઊભી થવા ન પામે. તમારા ખભા ઉપર બધી જ જવાબદારીઓ લેવાનું ન રાખશો. પણ તમારા કુટુંબના સભ્યો, પડોશીઓ, સહકાર્યકર્તાઓ, વેપારી ભાગીદારીઓ કે મિત્રો તથા સાથીઓ જોડે વહેંચી લેજો.

જીવન સમાધાન છે એટલે સમન્વય સાધી શકાય તેવી પ્રકૃતિ વિકસાવવાની અને તડજોડ કરવાની વૃત્તિ ખીલવવી એ પણ એટલી જ જરૂરની છે. તમારામાં જો આગ્રહીપણું હોય તો તે ઢીલું મૂકવું જોઇએ.

### નિદ્રા અને આરામ

તમારા હૃદયની વપરાયેલી શક્તિ ફરી મેળવવા તમને ગાઢ નિદ્રાની જરૂર છે. તમારી ઊંઘવાની કે ઉજાગરા કરવાની ટેવમાં અતિરેક ટાળવાનો પ્રયાસ કરજો. એક રીતે મોડે સુધી ઉજાગરો કરીને અને બીજી રાતે ગુમાવેલી ઊંઘ પાછી મેળવવાનો પ્રયાસ ના કરશો. તેને બદલે દરરોજ રાતે તમારા માટે જે રાબેતા મુજબની ઊંઘ છે તે મેળવવા ગોઠવણ કરશો. સુસ્ત બન્યા વગર સવારે તમારે ઊઠી જવા શક્તિમાન બનવું જોઇએ. જો તમારે મોડે સુધી જાગવું હોય તો એ પહેલાં થોડી નિદ્રા લઇ લેવાનો પ્રયાસ કરો. તમારા દૈનિક કાર્યક્રમની એવી ગોઠવણ કરવી જોઇએ કે તમને થોડા થોડા સમયના અંતરે આરામ મળતો રહે. અઢેલીને બેસીને અને હળવાશ અનુભવીને, રસ પડે એવું વાંચીને, ટી. વી. જોઇને અથવા કોઇક આનંદદાયક પ્રવૃત્તિ અપનાવીને આરામ લઇ શકાય છે. તમે જ્યારે વિશ્રાંતિ લેતા હો ત્યારે તમારું હૃદય પણ આરામ લે છે.

### વ્યાયામની આવશ્યકતા

નિયમિત વ્યાયામ રક્તવાહનને વિકસાવવામાં સહાય રૂપ થઇ પડે છે અને એ રીતે લોહીનો પુરવઠો પૂરો પાડે છે અને તે તમને ફરીથી આરોગ્યપ્રદ સ્થિતિમાં આણવા મહત્ત્વનો ભાગ ભજવે છે. સાદી કસરતો રોજ કરો અને તમારા ડૉક્ટરની સલાહ લો અને તે બતાવે તેવી કસરત નિયમિત કરવાનો નિર્ણય કરો. પરંતુ કસરત પણ વધુ પડતી ન જોઇએ. તરત જ વધુ પડતી કસરત કરવા મંડી ન પડતા. તેને બદલે ધીમેથી શરૂઆત કરો અને ક્રમશઃ તેને વધારતા રહો. કસરત સવારના સમયમાં કરવી હિતકર છે. ભારે નાસ્તો કર્યા બાદ તરત જ કામ કરવા ન માંડો.

શરૂઆત ધીમેથી અને આખા દિવસની કરવાની પ્રવૃત્તિને થોડા થોડા સમયને અંતરે વધારતા રહો. સાંજના ભોજન બાદ કદીપણ ચાલવાનું રાખશો નહિ. તેને બદલે અઢેલીને બેસો અને વિશ્રાંતિ અનુભવો. પહેલા હુમલા પછી ડૉક્ટર તરફથી તમને ચોક્કસ પરવાનગી આપવામાં નહિ આવી હોય ત્યાં સુધી ટેનિસ, સ્કવોશ, બેડમિંગ્ટન અને દોડ જેવી શ્રમ માગી લેતી રમતગમતો અને પ્રવૃત્તિઓ ટાળવાની જરૂર છે. જેમાં સ્પર્ધા સમાયેલી હોય એવી સ્પર્ધાત્મક રમતો ટાળવાની ખાસ જરૂર છે. ઘણી વેળા એવું બને છે કે સ્પર્ધાથી ઊભી થતી તાણ અને તંગદિલી ખુદ રમતગમત કરતાં પણ વધુ શ્રમિત થઇ પડે છે. ચાલવું તે સૌથી ઉત્તમ કસરત છે. ધીમે ટૂંકું અંતર કાપવું સલાહભરેલું છે. ક્રમશઃ ચાલવાનું અંતર વધારતા જાઓ અને પછી એક અથવા બે માઇલનું અંતર રાબેતા મુજબ ચાલીને કાપો. જો તમને તમારી છાતીમાં દુખાવો થતો હોય, અંગ શિથિલ બનતું લાગે તો તમે જે કંઇ પ્રવૃત્તિ કરતા હો તે તરત જ બંધ કરો. બનવાજોગ છે કે તમારા હૃદયની કામ કરવાની જે શક્તિ છે તેના કરતાં તમે તેની પાસેથી વધુ કામ લો છો. તમે જેવો આરામ લેશો કે થોડીક જ મિનિટોમાં તમારો છાતીનો દુખાવો દૂર થશે અને તમે ધીમી ગતિએ પ્રવૃત્તિ ચાલુ રાખી શકશો. જો આવું કંઇક બને તો તે માટે તમારા ડૉક્ટરની સલાહ લેજો.

### પોશાક અને આબોહવા

વધુમાં વધુ ગરમી અને વધુમાં વધુ ઠંડી ટાળવાનો પ્રયાસ કરજો. આ બન્ને ચીજો તમારા હૃદય પર બિનજરૂરી બોજો મૂકે છે. જો તમે ખૂબ જ ઠંડીના કે પવનના દિવસે બહાર જતા હો, ત્યારે તમારા ચહેરાને મફલરથી રક્ષણ આપવાની જરૂર છે અને ઠંડી હવાના ઊંડા શ્વાસો ન લેશો અને વધુ પડતી મહેનત બાદ ઠંડીમાં ઊભા રહેશો નહિ. આને લઇને હૃદયના સ્નાયુ પર વધારાનો બોજ લદાશે. ગરમ આબોહવામાં કપડાં ઢીલાં પહેરવાની જરૂર છે. ગરમ અને ભેજવાળા દિવસો વધારે થકવી નાખે તેવા છે. બને ત્યાં સુધી ઉનાળાની ગરમીના દિવસોમાં ઠંડકમાં રહેજો.

### શરીરનું વજન અને આહાર

તમારા આહાર અંગે પણ કેટલાક સામાન્ય સિદ્ધાંતો ધ્યાનમાં રાખવાના છે.

(અ) તમારા ડૉક્ટરોની સલાહ લો અને તમારી ઊંચાઇ, શરીરના કદ અને વય માટે જરૂર તેટલું વજન મેળવવા અને જાળવવા પ્રયાસ કરો. વધારાના વજનનો પ્રત્યેક રતલ તમારા હૃદય પર બિનજરૂરી અને વધારાનો બોજો લાદે છે.

(બ) નિયમ તરીકે હૃદયરોગના દરદીએ સૂર્યાસ્ત સમયે ભોજન લઇ લેવું જોઇએ જેથી ભોજન અને સૂવાના સમય વચ્ચે લગભગ ત્રણ કલાકનો ગાળો રહે. દારૂનાં પીણાંઓ સાથે મોડી રાતે ભારે ભોજન લેનારાઓ અને ત્યારબાદ, રાતે શય્યાનું સુખ (જાતીય વ્યવહાર) માણનારાઓ તંદુરસ્ત હૃદય ઉપર પણ ભારે બોજો આમંત્રે છે. વધુ પડતાં આહાર કરશો નહિ. આખા દિવસમાં ત્રણથી ચાર વખત અલ્પાહાર લેવાની જરૂર છે અને પ્રત્યેક ભોજનમાં ખોરાકનું પ્રમાણ એક સરખું રહેવું જોઇએ. ભોજન બાદ, ૨૦ થી ૩૦ મિનિટ સુધી વિશ્રાંતિ લેજો. ભોજન કર્યા બાદ ચાલવા જેવી સહિતની બીજી ભારે મહેનત માગી લે તેવી પ્રવૃત્તિમાં પડશો નહિ. આનું કારણ એ છે કે મોટા ભોજનને પચાવવામાં હૃદયને વધુ પડતો પરિશ્રમ કરવો પડે છે.

(ક) તમારા આહારમાં કોફી ન લેવી હિતકર છે. કેફીન-મુક્ત કોફીઓ જે બજારમાં મળતી હોય તેમાંથી કોઇપણ કોફીનો તમે ઉપયોગ કરી શકો છો.

(ડ) ચરબીવાળા આહારથી મુક્ત રહેજો. ચરબીવાળા અને તળેલા પદાર્થો તમારી રક્તવાહિનીને નુકસાન કરે છે. સંકડાઇ ગયેલી રક્તવાહિનીઓ હૃદયરોગનો બીજો હુમલો લાવે છે.

### રાબેતા મુજબનો જાતીય વ્યવહાર

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ રાબેતા મુજબનો જાતીયવ્યવહાર (સંસારનું સુખ) ફરીથી શરૂ કરવો ખૂબ જ મહત્ત્વનો છે. મોટા ભાગના લોકો જેમને હૃદયરોગના હુમલાઓ થયા છે તેઓ રાબેતા મુજબનો જાતીયવ્યવહાર કરે છે. એક વખત હૃદયને નુકસાન થયાની શરૂઆત બાદ લગભગ ત્રણ મહિના સુધી આવા દરદીએ જાતીય વ્યવહારથી તદ્દન અળગા રહેવું જોઇએ. ત્યારબાદ, વ્યક્તિગત દરદીના હૃદયની પૂરી તપાસ બાદ અને ડૉક્ટરની સલાહ અનુસાર જાતીય વ્યવહારની શરૂઆત અને સપ્તાહમાં કેટલી વાર એ વ્યવહાર ચાલુ રાખવો એ ઉપયોગી થઇ પડશે. આમ છતાં એક સાધારણ માગરિખા પ્રમાણે હૃદયરોગના હુમલામાંથી સાજો થયેલો દરદી જો છાતીમાં વેદના થયા વગર કે શ્વાસની તકલીફ ભોગવ્યા વગર કલાકના ચાર માઇલની ઝડપે ચાલી શકતો હોય તો આવો દરદી સલામત રીતે ફરીથી જાતીયવ્યવહાર શરૂ કરી શકે છે પણ તેમાં અતિરેક થવો ન જોઇએ અને તેની નિયમિતતામાં ચોક્કસ ગાળો રાખવાની જરૂર છે.

વધુમાં તમારે ભરેલા પેટે અથવા તમે થાકી ગયા હો અથવા કોઇ આવેશભર્યા તાણ હેઠળ તમે હો ત્યારે સંભોગ કરવાનું ટાળજો. અહીં પાચનક્રિયા, સ્નાયુ અને જાતીય અંગોને વધારાનું લોહી આપવામાં હૃદયને તેના પોતાના ઉપયોગ માટે ઓછું મળે છે. આવી પરિસ્થિતિ હૃદયમાં તીવ્ર દુખાવો સર્જે છે, અને હૃદયરોગનો હુમલો પણ લાવે છે. ઉપરાંત જાતીય વ્યવહાર બાદ જરૂરી એવા પૂરતા આરામ કરવાની જોગવાઇ વિના હૃદયરોગના દરદીઓએ બપોરે સંભોગ કરવો નહિ જ. પોતાની પત્ની કે પતિ સિવાયના બહારનાઓ સાથેનો જાતીય વહેવાર જો સતત ચાલુ રહે તો તેમાં દરદીના મનમાં ભારે તંગદીલી ઊભી થાય છે અને બગડેલા હૃદય માટે વધુ પડતો બોજો લાવે છે. આમ છતાં તમારા ડૉક્ટર સાથે ખાનગીમાં તમારે તમારા જાતીયવ્યવહાર વિશે મુક્તપણે ચર્ચા કરવી જોઇએ અને તેની સલાહ માનવી જોઇએ.

### ધૂમ્રપાન નિષેધ

તમાકુમાં નિકોટન દ્રવ્ય એક શક્તિશાળી દ્રવ્ય છે જે હૃદયના કાર્યને વધારે છે. ઉપરાંત આજે પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે ધૂમ્રપાન નહિ કરનારાઓ કરતાં ધૂમ્રપાન કરનારાઓને વધુ પ્રમાણમાં હૃદયરોગના હુમલા થાય છે.

### આલ્કોહોલ (દારૂ) બિનજરૂરી

પ્રત્યેક વ્યક્તિને દારૂના સેવનથી જુદી જુદી અસર થાય છે તેથી કરીને પ્રત્યેક દરદીને લાગુ પડે તેવું વિધાન કરવું અશક્ય છે. તમારે દારૂનું સેવન કરવું કે નહિ કરવું એ અંગે તમને તમારા ડૉક્ટર સલાહ આપશે.

### તમારા ડૉક્ટરની સૂચના પાળો

તમારે તમારી જાતનું પોતે નિદાન કરવાથી દૂર રહેવું, એમ તેની સાથે વિલંબ કરવાનું પણ ટાળવું જરૂરી છે. બીજી કોઇ વ્યક્તિને થયેલા હૃદયરોગની સાથે તમારા મિત્રો અને વેપારી સાથીદારો જેમને અગાઉ હૃદયરોગના હુમલાઓ આવી ગયા હોય તેમની સલાહ માનશો નહિ. તેઓ ચોક્કસ ઔષધ માટે વિશ્વાસ સાથે મફત સલાહ આપશે. આહાર અંગે કંઇક જણાવશે અને જીવનપદ્ધતિ પર પ્રવચન આપશે પરંતુ તમે જરા સાવચેત રહેજો. તેમનાથી દોરાઇ જશો નહિ. નહિ તો તમે ગૂંચવણમાં અને મૂંઝવણમાં પડી જશો. યાદ રાખો કે દરેક દરદી અને અલગ છે અને તમને આપવામાં આવેલી સલાહ અને મ.. તમારા ડૉક્ટરે આપેલી સલાહ સાથે અસંગત હોય તો તેની તમારે જો કાંઇ આશંકાઓ હોય તો હંમેશાં તમારા ડૉક્ટરને પૂછો. તે તમારા વિશે સૌથી વધુ જાણે છે. તેની આજ્ઞા માનો કે જેથી તમને હૃદયરોગનો બીજો હુમલો આવશે નહિ.

✣ ✣ ✣

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્કસ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

## કાર્યવાહક સમિતિ ૧૯૯૯-૨૦૦૦

પ્રમુખ : શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

ઉપપ્રમુખ : શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ

મંત્રીઓ : શ્રીમતી નિરૂબેન સુબોધભાઇ શાહ

ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ

સહમંત્રી : શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઇ શાહ

કોષાધ્યક્ષ : શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ ઝવેરી

ડૉ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ

પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ

કુ. વસુબહેન ભણશાલી

શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઇ શાહ

શ્રી સુબોધભાઇ મોહનલાલ શાહ

કુ. મીનાબહેન શાહ

શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ

શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ

શ્રી નેમચંદ મેઘજીભાઇ ગાલા

શ્રી ગાંગજીભાઇ શેઠીયા

શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઇ ભાઉ

શ્રી વી. આર. ઘેલાણી

શ્રી નટુભાઇ પટેલ

શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા

કૉ-ઑપ્ટ સભ્યો : શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ

શ્રીમતી રમાબેન જયસુખભાઇ વોરા

શ્રી શૈલેશભાઇ હિંમતલાલ કોઠારી

શ્રીમતી રમાબેન વિનોદભાઇ મહેતા

કુ. યશોમતીબેન શાહ

નિમંત્રિત સભ્યો : શ્રી વિનુભાઇ ઉમેદચંદ શાહ

શ્રી ચંદ્રાબહેન હરસુખલાલ શાહ

શ્રી પ્રદીપ ડાહ્યાભાઈ કોઠારી

શ્રી હરિભાઇ ગુલાબચંદ શાહ

શ્રી જેવતલાલ સુખલાલ શાહ

શ્રી દેવચંદ શામજી ગાલા

શ્રી રમણીકલાલ સલોત

શ્રી રશ્મિભાઇ ભગવાનદાસ શાહ

શ્રી રજ્જુભાઇ એન. શાહ

Licence to post without prepayment No. 37
Prabuddh Jeevan 16-12-99 Regd. No. MH / MBI-South / 54 / 99

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં
# પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | સત્યં, શિવં, સુંદરમ્ | પરમાનંદ કુંવરજી કાપડિયા |
| ૨. | બોધિસત્ત્વ | અનુ. કાન્તિલાલ બરોડિયા |
| ૩. | ચિંતનયાત્રા | પરમાનંદ કુંવરજી કાપડિયા |
| ૪. | અવગાહન | ચીમનલાલ ચકુભાઇ શાહ |
| ૫. | સમયચિંતન | ચીમનલાલ ચકુભાઇ શાહ |
| ૬. | તત્ત્વવિચાર અને અભિવંદના | ચીમનલાલ ચકુભાઇ શાહ |
| ૭. | નિહ્નવવાદ | રમણલાલ ચી. શાહ |
| ૮. | અર્ધી સદીને આરે | પનાલાલ ર. શાહ |
| ૯. | સાંપ્રત સહચિંતન ભાગ ૧ થી ૧૧ | રમણલાલ ચી. શાહ |
| ૧૦. | વંદનીય હૃદયસ્પર્શ ભાગ ૧-૨ | રમણલાલ ચી. શાહ |
| ૧૧. | તિવિહેણ વંદામિ | રમણલાલ ચી. શાહ |
| ૧૨. | મહાવીર વાણી | ડૉ. ભગવાનદાસ તિવારી |
| ૧૩. | જિનતત્ત્વ ભાગ ૧ થી ૬ | રમણલાલ ચી. શાહ |
| ૧૪. | પ્રભાવક સ્થવિરો ભાગ ૧ થી ૫ | રમણલાલ ચી. શાહ |
| ૧૫. | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ |
| ૧૬. | ભાતીગળ જીવનનો આનંદ | જે. એમ. રાઇ |
| ૧૭. | નેમિનાથ રાજીમતી બારમાસા | ડૉ. શિવલાલ જેસલપુરા |
| ૧૮. | વિજયશેખરકૃત નલદવદંતી પ્રબંધ | રમણલાલ ચી. શાહ |
| ૧૯. | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ |
| ૨૦. | પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ |
| ૨૧. | ગૂર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ |
| ૨૨. | અભિચિંતના | રમણલાલ ચી. શાહ |
| ૨૩. | શેઠ મોતીશાહ | રમણલાલ ચી. શાહ |
| ૨૪. | આર્ય વજ્રસ્વામી | તારાબહેન ર. શાહ |
| ૨૫. | ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) |
| ૨૬ | વીરપ્રભુનાં વચનો | રમણલાલ ચી. શાહ |